શેઠ
આણંદજી કલ્યાણજીની
પેઢીનો
ઈતિહાસ

ભાગ-૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ नमो तित्थस्स ॥

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ

ભાગ ૨

卐

લેખક

રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રકાશક

શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ–૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક

બાપાલાલ મગનલાલ ઠાકર

જનરલ મેનેજર

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી

પટણીની ખડકી; ઝવેરીવાડ

અમદાવાદ - ૩૮૦૦૦૧

(ગુજરાત)

卐

વિ. સં. ૨૦૪૩ માહ; ઓકટોબર, ૧૯૮૬

વીરનિર્વાણ સંવત ૨૫૧૨

કિંમત પચાસ રૂપિયા

★

—મુદ્રક—

અંધના—

શ્રી જસવંતલાલ ગિરધરલાલ શાહ

શ્રી પાર્શ્વ પ્રિન્ટરી

૧૪૭, ત'બોળીનો ખાંચો,

દોશીવાડાની પોળ,

અમદાવાદ-૩૮૦૦૦૧

છબીઓના—

શ્રી હરેન્દ્ર જે. શાહ

નંદન આર્ટિકસ

૧૪૭. ત'બોળીનો ખાંચો,

દોશીવાડાની પોળ;

અમદાવાદ—૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્પણ

શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીને—

જેઓશ્રીએ પોતાની પાછલી જિંદગીનાં
વર્ષો અમદાવાદ પાંજરાપોળની
તથા
શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની
નિઃસ્વાર્થ ભાવે,
નિષ્ઠાભરી
અનેકવિધ સેવામાં વિતાવીને પોતાના જીવનને
અનુમોદનીય અને અનુકરણીય બનાવ્યું હતું
તથા જેમની વાચનરુચિ દાખલારૂપ
બની રહે એવી વિશાળ હતી,
એમને આદરભાવે

—સમર્પણ

—રતિલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું

નવું ટ્રસ્ટી મંડળ

(વહીવટદાર પ્રતિનિધિઓ)

૧. શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, પ્રમુખ
૨. વકીલશ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી
૩. શેઠશ્રી ચંદ્રકાન્ત બકુભાઈ
૪. શેઠશ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા
૫. શેઠશ્રી મનુભાઈ લલ્લુભાઈ
૬. શેઠશ્રી રસિકલાલ મોહનલાલ
૭. શેઠશ્રી ગૌરવભાઈ અનુભાઈ
૮. શેઠશ્રી કલ્યાણભાઈ પુરુષોત્તમભાઈ ફડિયા
૯. શેઠશ્રી ચારુચંદ્ર ભોગીલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય નિવેદન

શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો બીજો ભાગ શ્રીસંઘના કરકમલમાં મૂકતાં અમે અપાર ધન્યતા અનુભવીએ છીએ. આશરે પંદરેક વર્ષ અગાઉ, પેઢીના તે સમયના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય સ્વ. કસ્તૂરભાઈ લાલભાઈની દૃષ્ટિસંપન્ન પ્રેરણાથી જૈન સમાજના જાણીતા લેખક શ્રીયુત રતિલાલ દીપચંદ દેસાઈએ ઇતિહાસ તૈયાર કરવાનું ભગીરથ કહી શકાય તેવું કાર્ય આરંભ્યું હતું, અને તેમના એ પુરુષાર્થના ફળસ્વરૂપે, ઇતિહાસનો પહેલો ગ્રંથ ઇ. સ. ૧૯૮૩ ના ફેબ્રુઆરીમાં અત્રે શ્રીસંઘના હાથમાં મૂક્યો હતો. તેમાં ૧ થી ૧૦ પ્રકરણોમાં શ્રી શેત્રુંજય તીર્થના વહીવટ અને વ્યવસ્થાને લગતી અધિકૃત ઐતિહાસિક હકીકતો રજૂ થઈ છે. તેના અનુસંધાનમાં જ, આ બીજા ગ્રંથમાં પણ શેત્રુંજય તીર્થને લગતી શેષ વિગતો તથા પેઢી સાથે સંકળાયેલી બીજી અનેક બાબતોની માહિતી રજૂ કરવામાં આવી છે.

આ બન્ને ગ્રન્થો તૈયાર કરવામાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે, એટલું જ નહિ, પણ પાછળના મહિનાઓમાં તો તેઓશ્રીની લકવા, ડાયાબીટીસ, બ્લડપ્રેશર વગેરે રોગોને કારણે સતત નાદુરસ્ત તબિયત રહેતી અને અતિ કથળેલી શારીરિક પ્રકૃતિ હોવા છતાં પેઢી પ્રત્યેની પોતાની મમતાને કારણે જ, ઇતિહાસનો આ બીજો ભાગ પોતાના હાથે જ વેળાસર પૂરો કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ તેમણે સેવી હતી, અને તે અનુસાર તેમણે આ ગ્રંથનું સંપૂર્ણ લેખનકાર્ય પાર પાડ્યું હતું.

કમભાગ્યે, આ લખાણ સંપૂર્ણ કર્યા પછી થોડા જ વખતમાં તેમની તબિયત લથડી, અને વિધિના અકળ વિધાન અનુસાર તેઓએ આપણી વચ્ચેથી વિદાય પણ લઈ લીધી, તેની નોંધ લેતાં ઘણો ખેદ થાય છે.

પેઢીનો ઇતિહાસ સાંગોપાગ તૈયાર કરી આપવા બદલ પેઢી તથા શ્રીસંઘ તેમનાં સદૈવ ઋણી રહેશે. તેઓના સ્વર્ગવાસ પછી, આ ગ્રંથના છાપકામ વિગેરેની જવાબદારી આ કામમાં તેઓની મદદનીશ તરીકે ફરજ બજાવનાર, તેઓની પૌત્રી બહેન શિલ્પાએ સારી રીતે ઉઠાવી છે અને આ કામ પાર પાડ્યું છે તે બદલ તેને પણ ધન્યવાદ ઘટે છે. આ ઉપરાંત પરમ પૂજ્ય પંન્યાસશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ સાહેબનું માર્ગદર્શન પણ અમને અવારનવાર મળતું રહ્યું છે જે માટે અમે તેઓશ્રીના ખાસ ઋણી છીએ.

આ ગ્રંથના મુદ્રણની વ્યવસ્થા શ્રી હેમેન્દ્ર જસવંતલાલ શાહે (શ્રી પાર્શ્વ પ્રિન્ટરી, અમદાવાદ) તેમજ છબીઓના મુદ્રણની વ્યવસ્થા શ્રી હરેન્દ્ર જસવંતલાલ શાહે ખૂબ પ્રેમપૂર્વક કરી આપી છે તે બદલ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

ટ્રસ્ટીમંડળ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પુસ્તક—પરમાત્માની કૃપાનું ફળ

(લેખકનું કથન)

આ પુસ્તકનું લખાણ લગભગ પૂરું થવા આવ્યું છે ત્યારે ત્રણ વાતનો નિર્દેશ કરવો જરૂરી છે: (૧) પરમાત્માની અસીમ કૃપા વગર આ કામ થઈ શકયું ન હોત એટલે એનો પહેલો યશ પરમાત્માની કૃપાદૃષ્ટિને ઘટે છે. (૨) બીજો ઉપકાર મારે માતા સરસ્વતીદેવીનો માનવાનો રહે છે. એણે જે બુદ્ધિ-શક્તિ પૂરી પાડી તેથી જ આ કામ થઈ શકયું છે. ઉપરાંત લગભગ જીવનનિર્વાહનો રાહ ઓછા દોષ-સેવનથી આગળ વધતો રહ્યો છે તે એની કૃપાનું જ ફળ છે. (૩) ત્રીજી વાતનો નિર્દેશ મારે એ બાબતનો કરવાનો છે કે શેઠ આણંદજી કલ્યાણજીનાં સંચાલક મહાનુભાવોએ મને ઘેર રહીને સહાયક વ્યક્તિની સહાયથી આ કામ કરવા દેવાની ઉદારતા ન દાખવી હોત તો હું આ કામ હાથ ધરી શકત નહીં, એટલે આ ત્રણે પ્રત્યે મારો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરું છું.

મારી મૂંઝવણ અને કંઈક ઉકેલ

તા. ૫–૧૦–૧૯૮૩ના રોજ મારા ડાબા અંગે લકવાનો હળવો હુમલો થયો ત્યારે મને લાગ્યું કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો બીજો ભાગ હવે મારાથી લખી શકાશે નહીં. એટલે મેં મારું રાજીનામું પેઢી ઉપર લખી મોકલ્યું. આ રાજીનામાના જવાબમાં મને પેઢીના પ્રમુખ શેઠશ્રી મોતિકભાઈ કસ્તૂરભાઈ તરફથી એ મતલબનું કહેવામાં આવ્યું કે, અમે તમને કર્મચારીની કક્ષામાં ગણતા જ નથી તો રાજીનામાનો સ્વીકાર કરવાની વાત જ ઊભી થતી નથી. પેઢીનો આ જવાબ પેઢીના પ્રમુખશ્રી તથા સંચાલકોની મારા પ્રત્યેની લાગણી દર્શાવતો હતો એટલે એ જવાબ વાંચીને મારું અંતર લાગણીભીનું બની ગયું અને મારે હવે શું કરવું એની વિમાસણમાં હું પડી ગયો.

પેઢીના કર્મચારી તરીકે ચાલુ રહેવું હોય તો મારે મારી શક્તિ અને બુદ્ધિ મુજબ પેઢીનો ઇતિ-હાસ લખવાનું કામ આગળ વધારવું જ જોઈએ એમ મને લાગ્યા કરતું હતું. આ કામ હું પાર પાડી શકું એ માટે મેં બે રાહ અપનાવ્યા.

(૧) જો મારી હયાતી દરમ્યાન આ પુસ્તકને છપાયેલું હું જોઈ શકું તો મારો સ્વભાવ જવલ્લે જ બાધા-માનતા માનવાનો હોવા છતાં મેં એમ નક્કી કર્યું કે મારે દેવાધિદેવ શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રા કરવી. (૨) આ દિશામાં મેં મને સહાયભૂત થાય એવી વ્યક્તિની શોધ કરી.

આ શોધના પરિણામે અમદાવાદ પાસેના કુળડથલ મુકામે રહેતા ભાઈશ્રી નરેશભાઈ પુરુષોત્તમદાસ શાહનો પેઢીની અનુમતિથી મારા કામમાં સહકાર લેવાનું મેં નક્કી કર્યું અને એમની સહાયથી મેં ૧૪ મા અને ૧૫ મા એ બે પ્રકરણનું લખાણ પૂરું પણ કર્યું. આ કામ મેં ૧૯૮૪ના જાન્યુઆરીની ૧૭મી તારીખથી શરુ કર્યું હતું. આ માટે હું શ્રી નરેશભાઈનો આભાર માનું છું.

પણ પછી હું ફરી માંદો પડયો અને એ વાત ત્યાં જ અટકી ગઈ. આમ છતાં પેઢીના ઇતિહાસ લેખનનું કાર્ય મારા મગજમાં ઘુમરાઈ રહ્યું હતું. ઉપરાંત સને ૧૯૮૪ના સપ્ટેમ્બર માસ દરમ્યાન મારી બન્ને આંખે મોતિયો આગળ વધવાને લીધે વાંચવાનું લગભગ બંધ થઈ ગયું હતું એટલે મારા વાચક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને લેખક તરીકેની બેવડી જવાબદારી નિભાવી શકે અને એ કામ કોઈ પણ રીતે આગળ વધારી શકે એવા બીજા સહાયકની મેં તપાસ કરવા માંડી.

આ તપાસ કરતાં કરતાં મારું ધ્યાન એમ. એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી મારી પૌત્રી ચિ. શિલ્પા નિરુભાઈ દેસાઈ તરફ ગયું, એને પોતાના અભ્યાસના સમય ઉપરાંત દરરોજ સવાર-સાંજનો ત્રણ ચાર કલાકનો સમય આપવાની અનુકૂળતા હતી એટલે પેઢીના સંચાલકોની અનુમતિથી મેં એને મારા સહાયક તરીકે લેવાનું નક્કી કર્યું અને સને ૧૯૮૪ના સપ્ટેમ્બર માસથી ઇતિહાસ લેખનનું કામ ફરી શરુ કર્યું જે લગભગ પૂરું થવા આવ્યું છે. આમાં ચિ. શિલ્પાની કાર્યવાહીની નોંધ લેતાં મને ઘણો આનંદ થાય છે.

અપવાદ-સેવન માટે ક્ષમાયાચના :—કાર્યાલયમાં જઈને કામ કરવું તે એક વાત છે અને ઘેર રહીને કામ કરવું તે સાવ જુદી વાત છે. ઘેર રહીને કામ કરવામાં વચ્ચે વચ્ચે એક યા બીજા કારણે વિક્ષેપો આવતા જ રહે છે એમ મારો અનુભવ કહે છે. કોઈ મળવા આવે અથવા કોઈ જનતનું ઘરકામ નીકળી આવે વગેરે કારણે લેખનકાર્યમાં વિક્ષેપ આવતો જ રહે છે; અને આવો વિક્ષેપ આવવાથી કાર્ય પ્રત્યેની તથા આર્થિક પ્રામાણિકતામાં ખામી આવ્યા જ કરે છે. કાર્ય પ્રત્યેના આવા અપવાદ-સેવનથી કાર્ય પ્રત્યેની પ્રામાણિકતામાં જે કાંઈ ખામી આવવા પામી હોય તે માટે હું અંતઃકરણથી ક્ષમાયાચના કરું છું, પણ સાથે સાથે બહુ જ નમ્રતાપૂર્વક એટલું જણાવવાની રજા લઉં છું કે આવા અપવાદ-સેવનની મને અનુકૂળતા ન હોત તો આ કામ ન તો હું હાથ ધરી શકત કે ન તો હું પૂરું કરી શકત. આ માટે પણ હું પેઢીના સંચાલક મહાનુભાવોનો હાર્દિક આભાર માનું છું.

એક ખામી માટે દિલગીરી :—ઐતિહાસિક વિષયના તથા બીજા પણ કેટલાક વિષયનાં પુસ્તકોને અંતે શબ્દસૂચિ આપવાની પ્રથા લગભગ સર્વમાન્ય થઈ ગઈ છે આમ છતાં આ પુસ્તકને અંતે હું શબ્દસૂચિ આપી શકતો નથી અને હવે એ તૈયાર કરીને આપી શકું એવી મારી શારીરિક સ્થિતિ નથી એ માટે મને ઊંડું દર્દ છે અને એ માટે હું દિલગીરી દર્શાવું છું.

આભાર નિવેદન અને કૃતજ્ઞતા

આ પેઢીના ઇતિહાસના બીજા ભાગના લેખન કાર્યમાં મારા એક સમયના સાથી કાર્યકર ડૉ. કનુભાઈ બી. શેઠે તૈયાર કરી રાખેલ કાર્ડ ઈન્ડેક્સ રૂપ નોંધો મને ઠીક ઠીક ઉપયોગી થઈ પડી છે. તેની આ સ્થાને કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું અને એ માટે એમનો આભાર માનું છું. આ ઉપરાંત મારી પુત્રી ચિ. માલતીએ પેઢીનું વિશાળ દફ્તર તપાસીને કરી રાખેલ કેટલીક નોંધોના આધારે આ ઇતિહાસ લેખનનું કાર્ય મારા માટે સરળ થઈ પડ્યું છે એ વાતની નોંધ લેતાં આનંદ અનુભવું છું.

વળી પ. પૂ શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ. પૂ. મુનિ મહારાજશ્રી શીલચંદ્રવિજયજી મહારાજે મારા પ્રત્યેના ધર્મસ્નેહથી તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પ્રત્યેના પરંપરાગત અનુરાગથી પ્રેરાઈને ઇતિહાસના બીજા ભાગની ૧૧ મા પ્રકરણથી અંત સુધીની હસ્તપ્રત વાંચી જઈને કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં છે તે માટે હું તેમનો હાર્દિક ઉપકાર માનું છું આ સૂચનોમાંથી કેટલાકનો હું ઉપયોગ કરી શકયો છું અને કેટલાકનો હું નથી કરી શકયો તો તે માટે હું તેમની ક્ષમા માંગું છું તેઓ મારા માટે ભીડભંજક વ્યક્તિ છે એમ કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારે આ કામ ઘેર રહીને કરવાનું હતું અને પેઢીનું વિશાળકાય દફ્તર પેઢીમાં હતું એટલે વાર-વાર કેટલીક સામગ્રીની અથવા તો કેટલીક માહિતીની મને જરૂર સમયે સમયે પડ્યા જ કરતી હતી. આ સામગ્રી અને માહિતી મને મોકલવા માટે હું વારંવાર પેઢીના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી જે. કે. પંડ્યા સાહેબને તથા પેઢીના રેકર્ડ ખાતાના કાર્યકર શ્રી વાડીભાઈ શાહને પજવ્યા જ કરતો હતો અને તેઓ મને જોઈતી સામગ્રી અને માહિતી પ્રેમપૂર્વક પૂરી પાડ્યા કરતા હતા. આવી લાગણી બતાવવા માટે હું એ બન્ને મહાનુભાવોનો હાર્દિક આભાર માનું છું. આ પુસ્તકના ૧૩ મા પ્રકરણની પૂરવણીને અંતે સૂચવ્યા મુજબ નવ બાદશાહી ફારસી ફરમાનોનો ગુજરાતી અનુવાદ કરી આપવા બદલ તથા પૂરવણીમાં આપવામાં આવેલ વીસેક જેટલાં ફરમાનોનો સાર લખી આપવા બદલ અમદાવાદની એચ. કે. આર્ટસ કોલેજના ફારસી ભાષાના પ્રાધ્યાપક શ્રી મહમ્મદ ઝુબેર કુરેશીનો હું આભાર માનું છું.

આ ઉપરાંત મારા પ્રત્યેની આત્મીયતાની લાગણી ધરાવતા અને અમદાવાદના જાણીતા જૈન એડ-વોકેટ પ્રેસના એક માલિક ભાઈશ્રી સુરેશભાઈ મનુભાઈ કાપડીયાનો ઉપયોગ પણ અવારનવાર હું મારા કામ માટે કરતો રહ્યો છું. એમ કહેવું જોઈએ કે તેઓએ મારા એક સંદેશવાહક તરીકેનું કામ ખૂબ પ્રેમ અને લાગણીપૂર્વક કર્યું છે અને એમની લાગણી જોઈને હું એમને વિના સંકોચે પજવતો રહ્યો છું. એમની આવી લાગણી મેળવવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું અને એમની આ સેવાઓની હું કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું.

બીજા ભાગના લેખન કાર્ય અંગે

અહીં એ વાતનો નિર્દેશ કરવો જરૂરી છે કે આ બીજા ભાગનું લેખન કાર્ય મેં ઘેર રહીને કર્યું છે એ વાત ઉપર આવી ગઈ છે. પેઢીનું જંગી દફ્તર પેઢીમાં જ હોય અને મને એની અવારનવાર જરૂર લાગ્યા કરતી હોય આવી સ્થિતિમાં આ લખાણની ચકાસણી કરવામાં કંઈ શિથિલતા રહી જવા પામી હોય એ બનવાજોગ છે. એટલે આમાં પહેલા ભાગ જેટલી ચોકસાઈનો વાચકોને અભાવ જણાય તો તે સ્વાભાવિક છે. આ અંગે મારે તો એટલું જ કહેવાનું છે કે આ બીજા ભાગના લખાણમાં શિથિ-લતા રહી જવા ન પામે, અથવા ઓછામાં ઓછી શિથિલતા રહે એ માટે મારાથી બનતી ચોકસાઈ કરવામાં મેં ઉપેક્ષા ભાગ્યે જ સેવી છે આમ છતાં કોઈને આ બીજા ભાગના લખાણ અંગે કંઈ કહેવા-પણું લાગે તો મારી માંદગીવાળી પરિસ્થિતિનો વિચાર કરીને મને ક્ષમા કરે અને મને એ બાબતની જાણ કરવા કૃપા કરે.

આ પુસ્તકનું છાપકામ પહેલા ભાગની જેમ, શ્રી પાર્શ્વ પ્રિન્ટરીએ કરી આપ્યું છે તેની સાભાર નોંધ લઉં છું. એનું બાઇન્ડીંગ શ્રી ભગવતી બાઈન્ડીંગ વર્કસ કરી આપ્યું છે અને એના પ્રૂફરિડિંગમાં શ્રી રોહિત શાહે મને સહાય કરી છે એની સાભાર નોંધ લઉં છું અને આટલા પ્રાસંગિક નિવેદન સાથે આ પુસ્તક શ્રીસંઘના કરકમલમાં ભેટ ધરી કૃતાર્થ થાઉં છું.

—રતિલાલ દીપચંદ દેસાઈ

તા. ૨૬-૯-૧૯૮૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠશ્રી હેમાભાઈ વખતચંદ

શેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈ

શેઠશ્રી મયાભાઈ પ્રેમાભાઈ

શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ



શેઠશ્રી કસ્તૂરભાઈ મણિભાઈ
પ્રેમાભાઈ

શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ



વર્તમાન પ્રમુખ
શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખકના કથનની પૂરવણી

મારા પૂ. દાદા (શ્રી રતિભાઈ) સાથે આ પુસ્તક તૈયાર કરવામાં મેં મદદનીશ તરીકે કાર્ય કર્યું હોવાથી તેમણે છેલ્લે કેવા શારીરિક સંજોગોમાં આ પુસ્તક તૈયાર કર્યું છે તેનો ઉલ્લેખ કરવો અત્રે યોગ્ય લાગે છે.

તા. ૫-૧૦-૧૯૮૩ના રોજ લકવાનો હુમલો થયા પછી મારા દાદા લગભગ પથારીવશ બની ગયા હતા. હાથની ધ્રુજારીના કારણે લખવાની તકલીફ તો છેલ્લાં થોડાં વર્ષોથી હતી જ. તે ઉપરાંત તા. ૭-૫-૮૫ના રોજ મોતિયાનું ઓપરેશન કરાવ્યું હોવાથી છેલ્લાં ઘણાં મહિનાઓ દરમ્યાન વાંચવાની પણ પૂરેપૂરી તકલીફ હતી. એક લેખક તરીકે આંખ અને હાથ અટકી પડે અને લગભગ પથારીવશ અવસ્થામાં બીજા પાસે કામ કરાવવું પડે ત્યારે સામા પૂરે તરવા જેવી સ્થિતિ થઈ જાય. તા. ૭-૧૨-૮૫ના રોજ મૃત્યુ પામ્યા ત્યાં સુધી પૂ. દાદાની છેલ્લાં બે વર્ષની બીમારી દરમ્યાનની એક માત્ર મહેચ્છા આ પુસ્તકને પૂરું કરવાની જ હતી. પોતાની જિંદગીનો કોઈ ભરોસો ન લાગવાથી લેખક તરીકેનું પોતાનું કથન પણ તેમણે અગાઉથી તૈયાર કરાવી રાખ્યું હતું. જે કોઈ સાધુ-ભગવંતોના સમાગમમાં તેઓ આવતા તેમની પાસે ઇતિહાસનું આ કામ પૂરું કરવા માટેના આશીર્વાદ જ માગતા. આ આશીર્વાદ અને 'ઈશ્વરને મારી પાસે કામ કરાવવું હશે તો જીવાડશે' એ શ્રદ્ધાના બળે જ તેઓ આ કામ યથા-શક્તિ પૂરું કરી શક્યા, કારણ કે જ્યારે કામ ન હોય ત્યારે દેહની પીડા તેમને સતાવતી પણ કામ લઈને બેસે ત્યારે આ પીડાથી પણ કંઈક અંશે પર થઈ જતા.

તેમના અવસાન પછી તેમના કથનમાં આટલો ઉમેરો કંઈક તેમના અવસાનના શોક સાથે અને કંઈક આ પુસ્તકને પૂરું કરવાની તેમની મહેચ્છાને પૂર્ણ કરવાના સંતોષ સાથે કરવો પડે છે, જે ક્ષમ્ય ગણશો.

શિલ્પા દેસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનમાં સત્ય અને કવનમાં શીલના ઉપાસક

સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ

લેખક : કુમારપાળ દેસાઈ

પોતાના સાત્ત્વિક જીવનથી અને અવિરત સાહિત્ય-સાધનાથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ જૈન-સાહિત્યના લેખક તરીકે આગળની પંક્તિમાં સ્થાન મેળવ્યું હતું. એમના વિચારોમાં સ્પષ્ટતા અને વ્યવહારમાં સાચકલાઈ હતી. આજના સમયમાં વિરલ ગણાય એવી સંશોધનની ચીવટ હતી. નિઃસ્પૃહતા તો એવી હતી કે તેમને પોતાની યોગ્યતાથી સહેજપણ વધુ ન ખપે.

આજના સમયમાં ઉપદેશો અને ઉપદેશકો વધતા જાય છે. શબ્દો કેવળ બાહ્ય રૂપે પ્રયોજાય છે. પરિણામે તેનું નૈતિક બળ અને શ્રદ્ધેયપણું ઘટતાં જાય છે. જીવનનાં મૂલ્યો નવેસરથી આંકવાં એ આજના સાહિત્યકારની સાચી ફરજ છે. જીવનના ઘબકારને સાહિત્યમાં ઝીલવો, તેને વાચા આપવી, અંતરના અજ્ઞાનના અંધકારને ઉલેચી જીવનની પગદંડી પર આત્માનાં ઓજસ પાથરી જનસમૂહને પ્રેરવો અને ચેતનના પંથ પર પ્રગતિશીલ બનાવવો એ જ જીવનની સાચી સાધના છે, એ કરનાર જ સાચો સર્જક અને સાધક છે. શ્રી રતિલાલ દેસાઈ આ મૂલ્યને જીવ્યા અને કવનમાં પૂર્ણ રીતે પ્રતિબિંબિત કરતા હતા. એમણે જીવનની પ્રત્યેક પળ સંસ્કાર, શિક્ષણ અને સાહિત્યસાધનામાં જ ગાળી. એવા કર્મનિષ્ઠ અને કર્તવ્યપરાયણ સાધકનો જન્મ વિ. સં. ૧૯૬૩ના ભાદ્રપદ સુદિ ૫, ગુરુવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ખેરાળી ગામે તેમના મોસાળે થયો હતો. માતાનું નામ શિવકોરબેન. તેમનું મૂળ વતન સાયલા.

ભક્તિના સંસ્કાર તો એમના પિતાશ્રી દીપચંદભાઈ પાસેથી સાંપડ્યા હતા. તેમના પિતાશ્રી એટલા ભક્તિપરાયણ હતા કે સૌ કોઈ એમને 'દીપચંદ ભગત' કહીને બોલાવતા. તેઓ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના યેવલા ગામે નોકરી કરતા હોઈ શ્રી રતિભાઈનો શિક્ષણપ્રારંભ પણ મહારાષ્ટ્રમાં જ થયો. માનવજીવનની ભવાટવી જેમ શ્રી રતિભાઈની વિદ્યાર્થી અવસ્થા પણ એક અર્થમાં ભવાટવી સમી જ બની રહેલી લેખી શકાય એવી એમના જીવનની પરિસ્થિતિ હતી. આ કસોટીસમા શિક્ષણકાળે પણ એમના સાધકજીવનમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વિદ્યાભ્યાસની પરિસ્થિતિ વારંવાર બદલાતી હોવાથી જુદા જુદા સ્થળે સ્થળાંતર કરવાના કારણે તેઓશ્રીના અભ્યાસમાં સાતત્ય જળવાઈ શકયું ન હતું. જીવનસંઘર્ષનો પ્રારંભ એમના અભ્યાસકાળથી થયેલ. વિદ્યાર્થીજીવનના આદ્યાક્ષર તેઓશ્રીએ યેવલામાં ઘૂંટ્યા અને બાળપોથીથી પ્રથમ ધોરણ યેવલામાં પૂરું કર્યું અને તે પછી મહારાષ્ટ્રના ખાનદેશ જિલ્લાના ધૂળિયામાં પણ પાછું નવેસરથી બાળપોથીમાં જ પ્રવેશવું પડ્યું. આમ જીવનના સાધનાકાળનો પ્રારંભ આ શિક્ષણથી જ થયો. અને ધૂળિયામાં મરાઠીમાં પહેલું અને બીજું એમ બે ધોરણ પૂરાં કર્યાં ત્યાં ફરીને 'ચલ મુસાફિર બાંધ ગઠરિયાં' જેમ મહારાષ્ટ્ર છોડી ગુજરાતના વઢવાણમાં આવવું પડ્યું અને અહીં ઘોળીપોળમાં આવેલ શાળામાં દાખલ થયા, પરંતુ ત્યાં તેઓને બીજા ધોરણમાં પ્રવેશ ન મળતાં પ્રથમ ધોરણની જ પરીક્ષા આપવી પડી.

આમ વિદ્યાભ્યાસના ઉષઃકાળે બે વખત મરાઠી અને એક વખત ગુજરાતી ધોરણ પહેલું પસાર કર્યું અને પછી પોતાના વતન સાયલામાં બીજું ધોરણ પસાર કર્યું. ફરી પાછા શિક્ષણભવાટવીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂમરીએ એમને ધૂળિયામાં લાવી મૂકતાં, ત્યાં ત્રીજા અને ચોથા ધોરણનો અભ્યાસ કર્યો. ફરીને ગુજરાતી પાંચમા એટલે અંગ્રેજી પહેલા ધોરણ માટે સુરેન્દ્રનગર ગયા; પણ માતુશ્રીની માંદગીને કારણે પરીક્ષા આપ્યા વગર ધૂળિયા દોડી આવ્યા, પણ વિધિને માતા-પુત્રનું મિલન મંજૂર ન હતું. એમનાં માતુશ્રી શિવકોરબેનનું વિ. સં. ૧૯૭૭ને ચૈત્ર સુદિ ૪ને દિવસે અવસાન થયું. તે સમયે રતિભાઈની ઉંમર ૧૪ વર્ષની હતી.

બાળપણનો એક પ્રસંગ રતિભાઈ વારંવાર યાદ કરતા હતા. આ એક લગ્નપ્રસંગની ઘટના છે. એમની ઉંમર પાંચેક વર્ષની હતી અને એ યેવલામાં રહેતા હતા. એમના પિતાના શેઠને ત્યાં લગ્નપ્રસંગ હતો. જાન યેવલાથી પૂના પાસે આવેલા તળેગામ-ઢમઢેકેરા જવાની હતી. આમાં રતિભાઈ, એમનાં માતા-પિતા અને એમની નાની બહેન ચંપા પણ સામેલ હતાં. જાન પૂના સુધી ટ્રેનમાં ગઈ અને પૂનાથી તળેગામ ગાડીમાર્ગે જવાનું હતું. વચમાં ઉરુપી નદી આવતી હતી, ચોમાસું નજીક હતું. નદીમાં નવું પાણી આવવા લાગ્યું હતું છતાં ગાડાવાળાઓએ ગાડાં નદીમાં ઉતાર્યાં. કેટલાક જાનૈયાઓ સાથે આગળનાં ત્રણ-ચાર ગાડાં સામે કિનારે પહોંચી ગયાં. એમાં રતિલાલનાં માતા-પિતા પણ હતાં. બીજાં ગાડાંઓ નદી પાર કરવા રવાના થયાં, એમાં એક ગાડામાં રતિભાઈ, એમની બહેન ચંપા અને બીજાં થોડાં બાળકો બેઠાં હતાં. ગાડું નદીની વચ્ચે પહોંચ્યું અને નદીના પૂરનો વેગ વધી ગયો એટલે બળદ એવા તણાવા લાગ્યા કે ગાડું ગાડીવાનના હાથમાં રહે જ નહિ. ગાડામાં પાણી ભરાઈ ગયાં. સામાન બધો પલળી ગયો અને બન્ને કિનારે કાગારોળ મચી ગઈ કે હમણાં ગાડું કચાંનું કચાં તણાઈ જશે! સામે કિનારે વલોપાત કરતાં માતા-પિતા અને પોતાની સામે સાક્ષાત્ મોત ખડું હતું. પણ ખરે વખતે એક હોડી મદદે આવી પહોંચી અને બધાં મોતના મુખમાંથી ઊગરી ગયાં.

શ્રી રતિભાઈનાં માતુશ્રીના મૃત્યુટાણે, વિયોગને સતત ઘૂંટ્યા કરવાને બદલે તેઓશ્રીના ધર્મપરાયણ પિતાએ પત્નીની પુનિત અને પ્રેમાળ સ્મૃતિને સતત જાળવી રાખવા બીજા જ દિવસે કાશીવાળા આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પાસે જઈ ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લીધી.

શ્રી રતિભાઈના સાધકજીવન માટેનો આ એક પ્રારંભકાળ લેખી શકાય, કેમ કે તેઓશ્રીના પિતાશ્રીએ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી અને કોઈ પણ પ્રલોભનમાં લપેટાયા વિના પોતાનાં બાળકોને માની ખોટ ન સાલે તે માટેની સારસંભાળ લેવાની અને વિકાસની ભેવડી જવાબદારી ઉપાડી લીધી. એમાં તેમના કાકા અમૃતલાલ સુંદરજીનો ફાળો પણ મહત્ત્વનો હતો. કાશીવાળા આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની સલાહથી શ્રી રતિભાઈને મુંબઈમાં વિલેપારલામાં આવેલ શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ નામક પાઠશાળામાં અભ્યાસ માટે મૂકચા. આ પાઠશાળામાં ગૃહપતિ શ્રી નાગરદાસ કસ્તૂરચંદ શાહના ચારિત્ર અને પંડિતવર્ય શ્રી જગજીવનદાસની જ્ઞાનસાધનાથી શ્રી રતિભાઈએ પોતાના જીવનને સંસ્કૃત બનાવ્યું અને આ રીતે સાધકજીવનની પગદંડી પર એમના જીવને એક નવા વળાંકવાળી યાત્રાનો પ્રારંભ કર્યો.

પરંતુ રતિભાઈના જીવનમાં પ્રારંભથી જ – ખાસ કરીને તેમના અભ્યાસકાળ દરમિયાન – આવેલાં એક પછી એક સ્થળાંતરોની પરંપરા જ જાણે ચરિતાર્થ થવાની હોય તેમ તેઓ વિલેપારલાની પાઠશાળામાં સ્થાયી થયા ન થયા ત્યાં જ આ આખી પાઠશાળાનું જ વિ. સં. ૧૯૭૮ના અંતમાં બનારસ ખાતે સ્થળાંતર થયું અને બનારસની જાણીતી અંગ્રેજી કોઠીમાં તેની શરૂઆત કરવામાં આવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અરસામાં શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) પણ આ પાઠશાળામાં જોડાયા. બન્ને પિતરાઈ ભાઈઓએ સાથે રહીને અભ્યાસ કર્યો. તેઓ કુટુંબી ભાઈ હતા એટલું જ નહિ, પણ શ્રી રતિભાઈના પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ શ્રી વીરચંદભાઈના વાલીપણા નીચે સૌનો સારો ઉછેર થયો. તે બન્નેનો ગાઢ આત્મીયભાવ છેવટ સુધી રહ્યો હતો.

બે-અઢી વર્ષ સુધી પાઠશાળાને બનારસ અને આગ્રામાં ચાલુ રાખ્યા પછી આખરે વિ. સં. ૧૯૮૦-૮૧ના અરસામાં શિવપુરીમાં પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સમાધિમંદિરની સાથેનાં મકાનોમાં આ પાઠશાળા સ્થિર થઈ. અહીં શ્રી રતિભાઈને સ્થિરતાપૂર્વક અભ્યાસ કરવાની તક મળી.

આ સમયગાળામાં શ્રી રતિભાઈના ધર્મપરાયણ પિતાશ્રી શ્રી દીપચંદભાઈએ શેઠ નગીનદાસ કરમ. ચંદના છ'રી પાળતા સંઘમાં ભદ્રેશ્વર તીર્થની યાત્રા કરી, શેષજીવન ધર્મધ્યાનમાં ગાળવાનું નક્કી કરી, પં૦ શ્રી ક્રાંતિવિજયજી અનુયોગાચાર્ય પાસે મુનિશ્રી દીપવિજયના નામે દીક્ષા અંગીકાર કરી. અને શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીના સંઘમાં શત્રુંજય તીર્થની યાત્રાએ ગયા. ત્યાં સ્થિરતા કરી અને વિ. સં. ૧૯૮૫ ના ફાગણ સુદિ બીજના રોજ કાળધર્મ પામ્યા.

શિવપુરીની પાઠશાળામાં શ્રી રતિભાઈએ અભ્યાસની આરાધના ખૂબ ખંતપૂર્વક કરી. અહીં તેઓ નિયમિત સ્વાધ્યાય, ચિંતન, મનન કરતા. અહીં સતત પરિશ્રમ કરીને તેઓશ્રીએ ઈ. સ. ૧૯૨૮માં કલકત્તા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી સંપાદન કરી. શિવપુરી પાઠશાળા તરફથી આવી પદવી મેળવનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હોવાથી પાઠશાળાએ એમને 'તાર્કિકશિરોમણિ'ની પદવી આપવાનું નક્કી કર્યું. પણ શ્રી રતિભાઈને આવી પદવી માટેની પાત્રતા પૂર્ણરૂપે ન લાગતાં તેઓ આર્દ્રભાવે ગુરુદેવ પૂ. આચાર્યશ્રી વિદ્યાવિજયજી પાસે જઈ રડી પડયા અને આ પદવી સ્વીકારવાની ના પાડી! પાઠશાળા પોતાનો આનંદ સમાવી શકે તેમ ન હોવાથી છેવટે પાઠશાળાએ શ્રી રતિભાઈને 'તર્કભૂષણ'ની પદવી આપી હતી.

આ સફળતા શ્રી રતિભાઈની જ્ઞાનસાધના અને સાધકજીવનના યાત્રાપંથના ચઢાણનો પ્રારંભ ગણાય.

આ પછી તો મૅટ્રિકની પરીક્ષા માટે શ્રી રતિભાઈએ Work is worship એ પોતાના જીવનસૂત્રને અભિવ્યક્ત કરતો અવિરત પુરુષાર્થ આદર્યો. આ સમયે મૅટ્રિકના અભ્યાસક્રમમાં ભૂમિતિ, વિશ્વનો ઇતિહાસ, ભૂગોળ જેવા વિષયો શીખવવામાં આવતા, જેનો શ્રી રતિભાઈને પાઠશાળાના અભ્યાસ દરમિયાન પરિચય નહોતો! આમ છતાં સખત મહેનત કરી ઈ. સ. ૧૯૩૦માં મૅટ્રિકની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી. એ જ વર્ષમાં વિ. સં. ૧૯૮૬ના વૈશાખ સુદિ ૧૨ ના દિવસે ટીકરપરમાર ગામે શ્રી મૃગાવતીબેન સાથે એમનાં લગ્ન થયાં.

એ પછી તા. ૧-૧૨-૧૯૩૦ના રોજ શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરમાં એના ક્યુરેટર તરીકે પ્રથમ નોકરી સ્વીકારી; ત્યાં તેઓને પૂજ્ય શ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટી મહારાજનો પરિચય થયો. લગભગ અઢી વર્ષ સુધી ત્યાં નોકરી કર્યા પછી એમને સંસ્કૃત સાથે એમ. એ. ની ડિગ્રી મેળવવાની ભાવના થઈ એટલે આગ્રા છોડીને ૨૬ વર્ષની ઉંમરે અમદાવાદની ગુજરાત કૉલેજમાં 'પ્રિવિયસ' વર્ગમાં પ્રવેશ મેળવ્યો; પરંતુ એમના પ્રયત્નમાં સફળતા ન મળી. વળી આર્થિક સંજોગોએ સાથ ન આપ્યો, અને મહત્ત્વાકાંક્ષા મનમાં જ રહી ગઈ.

વિ. સં. ૧૯૯૧માં 'સુભાષિત પદ્યરત્નાકાર'ના મુદ્રણકાર્ય અંગે ભાવનગર જવાનું થયું. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગે તીર્થંકર ભગવાન મહાવીરના કલ્યાણક દિવસે વયોવૃદ્ધ ધર્મપુરુષ શ્રી કુંવરજીભાઈ આણંદજીના પ્રમુખપદે એમણે 'ભગવાન મહાવીર' વિષે ભાષણ કર્યું. એમના વિચારો અને વક્તવ્યની વ્યાપક અસરે તેઓ ભાવનગરના માનવંતા મહેમાન બની ગયા. એની સાથોસાથ શ્રી બેચરભાઈ શાહ અને શ્રી ભાઈચંદભાઈ શાહ જેવા મિત્રો મળ્યા.

આ પછી તેઓશ્રી મુનિસંમેલનના માસિક મુખપત્ર 'જૈન સત્યપ્રકાશ'ના સંપાદનમંડળમાં જોડાયા અને તેર વર્ષ સુધી તેનું સંપાદનકાર્ય કર્યું. તે દરમિયાન પૂ. આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તેમજ તેઓના શિષ્યોનો ગાઢ સંપર્ક થયો અને તેઓ દરેક શ્રી રતિભાઈની તટસ્થતા અને કાર્યનિષ્ઠા માટે માન ધરાવતા થયા.

વિ. સં. ૨૦૦૦માં તેઓ માસિક સો રૂપિયાના પગારથી અમદાવાદ સીડ્ઝ ટ્રેડર્સ એસોસિએશન નામની વાયદાના વેપારની સંસ્થાની ઑફિસમાં જોડાયા. અહીં તેઓ પ્રામાણિકતા અને કાર્યનિષ્ઠાથી બોર્ડ ઑફ ડિરેક્ટર્સના પણ વિશ્વાસપાત્ર બન્યા હતા. આ સમય એમના માટે આર્થિક મુશ્કેલીનો હતો છતાં ય તેઓએ સટ્ટો કરવાનો વિચાર પણ ન કર્યો. મૃગજળની દુનિયા તરફ સહેજે લોભાયા નહિ. આ ભાવના અંગે તેઓ ઈશ્વરની કૃપા સમજતા. અહીં ચૌદ વર્ષ અને બે મહિના સુધી પૂરી પ્રામાણિકતાથી કામ કર્યું. વિ. સં. ૨૦૧૪માં જ્ઞાનોદય ટ્રસ્ટના સેક્રેટરી તરીકે જોડાયા. અહીં એમનો માસિક પગાર ત્રણસો નક્કી કરવામાં આવ્યો. પરંતુ એમણે સામે ચાલીને કહ્યું કે હું ત્રણસો રૂપિયા નહિ, અઢીસો રૂપિયા લઈશ. ટ્રસ્ટના સંચાલકોએ કહ્યું કે, "આજે તો વધારે પગાર માગનારા ઘણા મળે છે પણ ઓછા પગાર માગનારા તો તમે એક જ મળ્યા!" એવી જ રીતે જ્યારે મહાવીર જૈન વિદ્યાલયના આગમ સંશોધન પ્રકાશન વિભાગના સહમંત્રી તરીકે શ્રી રતિભાઈ જોડાયા ત્યારે પણ એમણે સાડાત્રણસો રૂપિયાને બદલે ત્રણસો લેવાનું સ્વીકાર્યું હતું.

સંપત્તિ અંગેની નિઃસ્પૃહતા શ્રી રતિભાઈ દેસાઈના જીવનમાં સતત પ્રગટ થાય છે. પૂ. જંબૂવિજયજી મહારાજે તેઓના કામના મહેનતાણા ઉપરાંત વિશેષ એકસો રૂપિયા બક્ષિસરૂપે આપવાનું સૂચન કર્યું પણ તેઓએ પળના ય વિલંબ વિના આજથી ચાલીસ વર્ષ પહેલાં બક્ષિસરૂપે અપાયેલા એ સો રૂપિયા પાછા આપ્યા.

દસેક વર્ષ અગાઉ પૂ. દેવેન્દ્રસાગરજી મહારાજે એમની સંઘની પેઢીમાંથી 'જૈન' સાપ્તાહિકના માર્મિક અને નિર્ભીક અગ્રલેખો માટે પાંચસો રૂ. મોકલાવ્યા ત્યારે શ્રી રતિભાઈએ એ પૈસા પાછા મોકલાવ્યા અને ઉત્તરમાં લખ્યું કે પેઢીને મારે મદદ કરવી જોઈએ; એની પાસેથી કોઈ રકમ લેવાની ન હોય. શ્રી રતિભાઈના જીવનમાં સતત આવી નિઃસ્પૃહતા પ્રગટ થતી.

વિ. સં. ૨૦૦૩માં પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી સુખલાલજીને શ્રી વિજયધર્મસૂરિ જૈન સાહિત્યચંદ્રક એનાયત કરવાના અવસર પર ભાવનગર ગયા હતા. અહીં સુપ્રસિદ્ધ લેખક શ્રી 'સુશીલ'ના સહવાસમાં આવ્યા. શ્રી 'સુશીલ' સુપ્રસિદ્ધ 'જૈન' સાપ્તાહિકમાં અગ્રલેખો લખતા અને સાહિત્યસાધના પણ કરતા; પરંતુ પોતાની નાદુરસ્ત તબિયત અને હાથના દુખાવાને લીધે લખી શકવા અશક્ત બન્યા હતા. તબીબોએ છ મહિના સુધી લેખન–વાંચન પ્રવૃત્તિથી દૂર રહેવા જણાવ્યું હતું. સાચો પત્રકાર આંગળી ખરી પડે કે આંખો બિડાઈ જાય તોપણ તે પોતાની લેખનપ્રવૃત્તિને વળગી જ રહે! શ્રી 'સુશીલ'ને પણ આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ ચિંતા હતી કે પોતે લખવાનું છોડી દે તો 'જૈન'નું શું થાય? પરંતુ શ્રી 'સુશીલ' પ્રત્યેના અગાધ આદરને કારણે હોય, કોઈ અંતઃપ્રેરણા હોય કે ભાવિતવ્યતા હોય એમ શ્રી રતિભાઈ બોલી ગયા કે છ મહિના સુધી 'જૈન'માં અગ્રલેખો લખવાનું કામ સંભાળી લઈશ. શ્રી રતિભાઈએ ચાર વર્ષ અગાઉ કહેલું કે આજે અઠ્ઠાવીસ–ઓગણત્રીસ વર્ષ થઈ જવા છતાં પણ એ છ મહિના હજી પૂરા થયા નથી, કેમ કે શ્રી સુશીલભાઈની તબિયત ઉત્તરોત્તર બગડતી ગઈ. શ્રી રતિભાઈને કલમ સોંપી તે સોંપી અને તેઓ કયારે ય કલમ ઉપાડી શકયા જ નહિ. અને શ્રી રતિભાઈની કલમ આજથી ચારેક વર્ષ પહેલાં જ અટકી. શરૂઆતમાં તો ઘણી મથામણ કરવી પડતી. કયારેક રાત્રે બે વાગ્યે ઊંઘ ઊડી જતી અને કયા વિષય પર લખવું એની ભારે ગડમથલ ચાલતી. પણ ધીરે ધીરે વિચારોની સ્પષ્ટતા અને રજૂઆતની કુનેહ સાંપડતાં એ કામ આસાન બની ગયું.

શ્રી રતિભાઈના સાધકજીવનનાં અનેકવિધ પાસાં છે. એમનું વ્યકિતત્વ, એમની પ્રતિભા અને એમની કર્તવ્યપરાયણતામાં એક કર્તવ્યનિષ્ઠ કર્મયોગીના જીવનની સૌરભ છે. તેઓ પત્રકાર હતા, સાહિત્યકાર હતા, સંશોધક હતા. પત્રકાર તરીકે એમની કલમમાં સમાજજીવનના સંવેદનનું દર્શન થાય છે. સર્જક અને સાહિત્યકાર તરીકે તેઓની કલમમાં સર્જકની અનુભૂતિ અને પ્રાચીનતા પ્રત્યેના ઊંડા આદરનો સ્પર્શ થાય છે,

શ્રી રતિભાઈના જીવન પર શિવપુરીના ન્યાયના અધ્યાપક શ્રી રામગોપાલાચાર્ય, પંડિત શ્રી જગજીવનદાસભ ઈ, મુનિરાજ શ્રી જયંતવિજયજી, શ્રી નાગરદાસ કસ્તૂરચંદ શાહ, પંડિતવર્ય શ્રી સુખલાલજી, પં. શ્રી બેચરદાસજી, પ્રોફે. ફિરોજ કાવસજી દાવર, પં. શ્રી દલસુખભાઈ, કાશીવાળા વિજયધર્મસૂરીશ્વરજી, પૂ. શ્રી દર્શનવિજયજી મહારાજ ઉપરાંત પૂ. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજનાં સંસ્કાર, શિક્ષણ અને સાધના સિંચાયેલ છે. તેમાં ય પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ પ્રત્યેની તેમની ભક્તિ અને શ્રદ્ધાનું આલેખન શકય નથી. તેની પ્રતીતિ તો વિ. સં. ૧૯૭૪માં ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ પ્રગટ કરેલ મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંકમાં 'જ્ઞાનજ્યોતિની જીવનરેખા'ના વાચન પરથી સાંપડી રહે છે. શ્રી રતિભાઈનું જીવન સમસ્ત એક સાધના છે. તેઓ સત્યના આગ્રહી હોવા ઉપરાંત સ્પષ્ટવકતા પણ હતા. તેઓશ્રીએ પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજની દીક્ષાપર્યાય ષષ્ટિપૂર્તિ નિમિત્તે અર્પેલ અભિવાદન પ્રસંગે કહેલું :

"અંતરમાં સત્યની ચાહના જાગે તો જીવનવિકાસનું પહેલું પગથિયું સાંપડે. સાચું વિચારવું, સાચું બોલવું અને સાચું આચરવું એ જ ધર્મનો માર્ગ અને એ માર્ગે ચાલવું એ જ માનવજીવનનો મહિમા. સત્યને માર્ગે ચાલવા માટે જે છળપ્રપંચ, દંભ અને અહંકારથી અળગો રહે અને સરળતા, નિખાલસતા અને નમ્રતાને અપનાવે, એ સાચી ધાર્મિકતાના અમૃતનું પાન કરીને જીવનને અમૃતમય બનાવી શકે...

...પોતાની જાતનું અને વિશ્વનું સત્યદર્શન પામવાનો મુખ્ય ઉપાય છે નિષ્ઠાભરી, નિઃસ્વાર્થ, નિર્ભય અને નિર્મળ જ્ઞાનસાધના. એટલે જીવનસાધનાના ધ્યેયને વરેલ સાધકના જીવનમાં કોઈક ભૂમિકા એવી પણ આવી પહોંચે છે કે જ્યારે સત્યસાધના અને જ્ઞાનસાધના એકરૂપ બની જઈને સાધકને અવૈર, અદ્વેષ, અભય, અહિંસા અને કરુણા જેવા દૈવી ગુણોથી સમૃદ્ધ બનાવી દે છે."

આ એમના શબ્દોનું પ્રતિબિંબ એમના જીવનમાં કાર્યાન્વિત રૂપમાં તાદશ જોવા મળે છે. સંસારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં તેઓ આજીવન સાધક રહ્યા. એમના પ્રત્યેક સર્જનમાં સત્યદર્શન અને જ્ઞાનદર્શનનો સુમેળ સધાયેલો છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આગમસંશોધન પ્રકાશન, ધાર્મિક શિક્ષણપ્રવૃત્તિ સાથે બાર વર્ષ સંકળાઈ સને ૧૯૭૨માં નિવૃત્તિ લીધી ત્યારે તેઓએ જણાવ્યું કે "મને સોંપવામાં આવેલાં કામોને માટે જે રીતે ન્યાય આપવો જોઈએ અને એનો વખતસર સારી રીતે નિકાલ કરવો જોઈએ એ મારાથી થઈ શકેલ નથી, તેથી સંસ્થાની નોકરીમાં વધુ વખત રહેવું એ મારે માટે ઉચિત નથી" કેટલી નમ્રતા, નિષ્ઠા અને સત્યપ્રિયતા!

આ રાજીનામાનો શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સખેદ સ્વીકાર કરતાં ઠરાવ કર્યો હતો કે :

"(તેઓ) જિનાગમ અને સાહિત્ય-પ્રકાશન, ધાર્મિક શિક્ષણની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઈ ગયા હતા. તે ઉપરાંત વિદ્યાલય તરફથી અન્ય જે કાર્ય તેઓશ્રીને સોંપવામાં આવતું તે ઉલ્લાસપૂર્વક કરી, પૂરો ન્યાય આપી, સંસ્થાની પ્રતિભા સમાજમાં વધારવામાં સારો એવો ફાળો આપેલ છે. સંસ્થા સાથેના સંબંધ દરમિયાન તેઓએ સતત પ્રયત્નશીલ રહી સંસ્થા પ્રત્યેની ભક્તિનાં દર્શન કરાવ્યાં છે."

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી નિવૃત્ત થયા બાદ વિદ્યાલય હસ્તકના શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથ-માળામાં યોગસાધનાને સક્રિય રાખવા માટે ઉપયોગી એવા 'જૈન દૃષ્ટિએ યોગ'ની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં સહાયરૂપ બન્યા હતા. તેઓ હસ્તક પૂ. શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયના 'શાંતસુધારસ'ના ભાષાંતરની ત્રીજી આવૃત્તિ છપાઈ છે.

શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રી સંઘ સંમેલન (અમદાવાદ), ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શ્રી જૈન આત્માનંદ સભા વગેરે અનેક સંસ્થા સાથે વિના વેતને સંકળાયેલ રહી મહત્ત્વની કામગીરી બજાવેલ છે.

શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલ 'ગુરુ ગૌતમસ્વામી' (ચરિત્રકથા) અત્યાર સુધીમાં એમનાં પ્રગટ થયેલ સાહિત્યસર્જનમાં સૌથી શ્રેષ્ઠ કીર્તિપ્રેરક સર્જન બની રહ્યું છે. આ સંશોધનાત્મક કથાએ સમગ્ર ગુજરાતી જીવનચરિત્રસાહિત્યને વધુ ઉજ્જવલ બનાવ્યું છે. શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ (મુંબઈ) આ પ્રકાશનથી પ્રભાવિત થઈ કર્મયોગી સાહિત્યકાર અને સેવાભાવી શ્રી રતિભાઈને સુવર્ણચંદ્રક આપીને બહુમાન કર્યું હતું.

શ્રી રતિભાઈની આ અને અન્ય સાહિત્યિક કૃતિઓમાં ભાષાની સરળતા, શૈલીની પ્રાસાદિકતા અને વસ્તુ-નિરૂપણની કલાત્મકતા માણવા મળે છે; તે તેમના જીવનનું જ પ્રતિબિંબ છે. એમનું જીવન સાદું અને સરળ હતું. ન કોઈ બાહ્ય ઠાઠ કે દમામ. ઝભ્ભો, ધોતિયું અને ટોપી, તે પણ ખાદીનાં જાડાં અને બરછટ – આ તેમનું નિત્ય પરિધાન. તદ્દન નિર્વ્યસની જીવન અને સંગ હંમેશાં પુસ્તકોનો. વધુ પરિચય સંતો અને સાહિત્યકારોનો. ટૂંકમાં કહી શકાય કે શ્રી રતિભાઈનું જીવન એક સંશોધક, સાધક અને કર્મનિષ્ઠ યોગીનું જીવન હતું. એમની સાહિત્યસાધનાએ જૈન સાહિત્યની વિપુલતામાં મૂળ મહત્ત્વનો ફાળો આપ્યો. તેઓશ્રીની કલમ કોઈ એક ક્ષેત્ર પૂરતી મર્યાદિત ન રહેતાં, સાહિત્યનાં બધાં જ ક્ષેત્રને આવરી લેતી હતી. તેમણે ચરિત્રો લખ્યાં, વાર્તાઓના સંપાદનનું ક્ષેત્ર ખેડ્યું, વળી પત્રકાર, સંશોધન-કાર, વાર્તાકાર તરીકે સારી નામના મેળવી હતી.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ લખવા માટે શેઠ શ્રી કસ્તૂરભાઈએ શ્રી રતિભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેસાઈને આ ભગીરથ કાર્ય કરવાનું કહ્યું. આશરે છએક મહિને સંકોચ સાથે એમણે આ કાર્ય સંભાળવાની સંમતિ આપી. આ માટે કોઈ નાની સરખી હકીકત પણ લક્ષ બહાર જવા ન પામે તેની ભારે ચીવટ સાથે પેઢીના ઇતિહાસનો પ્રથમ ભાગ તૈયાર કર્યો. વિશાળ પાયા પરના જૂના રેકર્ડ (દફ્તર), તેનાં જીર્ણ થયેલાં પાનાંઓ, ચોપડાઓ, ચુકાદાઓ, પરવાનાઓ વગેરેમાં પડેલી મહત્ત્વની વિગતો, લેખો અને ઉપલબ્ધ તમામ સામગ્રીઓનો એમણે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. ખૂબ વિસ્તૃત અને સંખ્યાબંધ પાદનોંધ સાથે આ ઐતિહાસિક ગ્રંથ તૈયાર થયો. એના પ્રથમ ભાગમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને અન્ય પ્રભાવશાળી મહાનુભાવોએ કરેલી ધર્મરક્ષા, તીર્થરક્ષા અને શાસનપ્રભાવનાની કામગીરીનો વેધક ચિતાર આપવામાં આવ્યો છે.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસના બીજા ભાગના લેખનનું કાર્ય એ શ્રી રતિભાઈને માટે કોઈ તપસ્વીના આકરા તપ જેવું કાર્ય બન્યું. એક બાજુ સ્વાસ્થ્ય ક્ષીણ થતું હતું અને બીજી બાજુ બીજો ભાગ પૂર્ણ કરવાની મનોકામના વધુ ને વધુ દૃઢ થતી હતી. એવામાં ૧૯૮૩ની પાંચમી ઑક્ટોબરે ડાબા અંગે લકવાનો હુમલો થયો. બીજો ભાગ લખી શકાશે નહીં તે માટે પેઢીને રાજીનામું લખી મોકલ્યું. પેઢીએ ઊંડી સૂઝ અને ઉદાર સૌજન્ય દાખવીને કહ્યું કે તમે કંઈ પેઢીના કર્મચારી નથી, તેથી રાજીનામાનો કોઈ સવાલ છે જ નહીં. આ કામ તમારી અનુકૂળતાએ તમે જ પૂરું કરશો. આ ભાવનાએ ફરી રતિભાઈને કાર્યરત કર્યા. પાછળનાં વર્ષોમાં એમનું માત્ર એક જ લક્ષ નજરે ચઢતું કે કયારે બીજો ભાગ પૂરો કરું, કયારે જવાબદારીથી સુપેરે મુક્ત થાઉં! ૧૯૮૫ના મેમાં મોતિયાનું ઑપરેશન થયું. ડાયાબિટિસ અને બ્લડપ્રેસર કાબૂમાં રાખવા પડતા હતા. કોઈ વૃદ્ધ યાત્રી જીવનની તમામ શક્તિ એકઠી કરીને જેમ ગિરિરાજ પર યાત્રા કરતો હોય તેવી જ યાત્રા રતિભાઈએ આના લેખનની પાછળ કરી. આમાં એમનાં પુત્રો માલતી અને પૌત્રી શિલ્પાનો સાથ મળ્યો, આખરે એમણે બીજા ભાગનું લેખનકાર્ય પૂર્ણ કર્યું અને એની સાથોસાથ જીવનલીલા પણ સંકેલી લીધી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો બીજો ભાગ એ ક્ષીણ અને જીર્ણ શરીર પર મનની મક્કમતા અને પેઢી તેમજ શ્રીસંઘ તરફની અગાધ મમતાના વિજયનો કીર્તિસ્થંભ ગણાય.

જીવનને ધન્ય કરનારી આવી વ્યક્તિ મૃત્યુને પણ ધન્ય કરી જાય છે. પોતાની અંતિમ ઇચ્છા રૂપે એમણે ચક્ષુદાન કર્યું અને એથી ય આગળ વધી તબીબી સંશોધનને માટે દેહદાન કર્યું. જીવન અને કવનમાં પ્રામાણિકતા, ધર્મ અને સત્યની ઉપાસના કરનાર રતિભાઈ જેવા શ્રેયાર્થી આજના જમાનામાં તો વિરલ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પેઢીનું વર્તમાન ટ્રસ્ટીમંડળ

ડાબીથી જમણી તરફ.

શેઠશ્રી ચારુચંદ્ર ભોગીલાલ, શેઠશ્રી ગૌરવભાઈ અનુભાઈ, શેઠશ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા, શેઠશ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી, શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, શેઠશ્રી ચંદ્રકાન્ત બકુભાઈ, શેઠશ્રી મનુભાઈ લલ્લુભાઈ, શેઠશ્રી રસિકલાલ મોહનલાલ શાહ, શેઠશ્રી કલ્યાણભાઈ પુરુષોત્તમભાઈ ફડિયા.

ઊભી રહેલ વ્યક્તિઓ. ડાબી તરફથી ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી જે. કે. પંડ્યા, જનરલ મેનેજર શ્રી બાપાલાલ મગનલાલ ઠાકર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ શ્રી વખતશા શેઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમ

પેઢી અને તેનો ઇતિહાસ ૨-૩

૧૧. પાલિતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા ૫-૧૧૬

જમીનના હક માટેની તકરારો ૮; જુબાની ૧૮; ઊલટતપાસ ૨૧; આ ફેંસલાની સામે પ્રિવી કાઉન્સિલમાં અરજી ૩૦; કેશવજી નાયકનું પ્રકરણ ૩૧; દરબાર પાસેથી ચોરીનું વળતર મેળવ્યું ૩૫; વળતર ૩૮; પાલીતાણા રાજ્ય પ્રેમાભાઈ શેઠને દિલગીરી દર્શાવે છે ૪૦; નજરાણાની રકમ મજરે લેવા બાબત ૪૩; પાલીતાણા રાજ્યને કરવામાં આવેલી એક જાણવા જેવી તાકીદ ૪૫; ધર્મની લાગણી દુભવતા મેળાઓ ૪૬; બીજા બે મેળા ૪૮; જૂનાં પગલાંની ચોરી અને નવાં પગલાંની સ્થાપના ૪૯; પગરખાં પ્રકરણ ૫૬; શેરો ૬૨, ચામડાના પટ્ટાનું પ્રકરણ ૭૩; પેઢીના સિપાઈ આલમ બેલીમનું મરણ એ અકસ્માત હતો કે ખૂન ? ૭૭; આ પ્રકરણમાંથી જાગેલા કેટલાક ફણગા ૮૪; શ્રી વીરચંદ રાઘવજી ગાંધી મારફત કરવામાં આવેલ પ્રયત્ન ૮૭; અંગારશા પીરના સમારકામ અંગે વિવાદ ૯૩; રાજ્ય સામે એજન્સીમાં ફરિયાદ કરવાની પદ્ધતિ અંગે વિવાદ ૧૦૧; સમાધાનનો કરાર જ વિવાદનું નિમિત્ત બન્યો ૧૦૪; ઉપસંહાર ૧૦૬.

પાદનોંધો : (૨૬) કર્તવ્યનિષ્ઠા સેવક ૧૧૨.

૧૨. શ્રી શત્રુંજય મહાતીર્થને લગતાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો ૧૧૭-૧૪૩

પાલીતાણાની બારોટ જ્ઞાતિએ લખી આપેલ જાણવા જેવી એક બાંહેધારી ૧૧૭; બારોટોના હક્ક બાબત સમાધાન ૧૧૮; જાહેરખબર ૧૨૩; સ્ટેમ્પની રકમમાં વધારો અને દંડ ૧૩૧; દાદાની ટૂકમાં જીર્ણોદ્ધાર જેવો ફેરફાર ૧૩૨; ગિરિરાજના મુખ્ય માર્ગ ઉપર તથા ઘેટીની પાજે પગથિયાં ૧૩૭; ચાની દુકાનનો પરવાનો રદ કરાવ્યો ૧૩૭; મ્યુઝિયમ ૧૩૭; નવું ભાતાઘર ૧૩૮.

પાદનોંધો : (૩) પાંચ પરબનો ઝોળ ૧૩૯.

પૂરવણી : જુનાગઢ (ગિરનાર)ના બારોટો સાથે થયેલ સમાધાનનો દસ્તાવેજ ૧૪૧.

૧૩. કેટલાંક બાદશાહી ફરમાનો ૧૪૪-૧૬૮

(અ) પેઢી હસ્તકનાં સાત ફરમાનોનો અનુવાદ—સનદ-૧ : જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહે ગાઝીનો ફરમાન ૧૪૫. સનદ-૨ : નુરુદ્દીન મોહમ્મદ જહાંગીર બાદશાહ ગાઝીનું ફરમાન ૧૪૭; સનદ-૩ : અબુલ મુઝફ્ફર મોહમ્મદ શાહબુદ્દીન બાદશાહ ગાઝી સાહેબ કિરાનેસાનીનું ફરમાન ૧૪૮; સનદ-૪ : અબુલ મુઝફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીનું ફરમાન ૧૪૯; સનદ-૫ : અબુલ મુઝફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીના હુકમથી ૧૫૦; સનદ-૬ : અબુલ મુઝફ્ફર મોહમ્મદ મુરાદબક્ષ બાદશાહ ગાજીનો ફરમાન ૧૫૧; સનદ-૭ : ઔરંગઝેબ બાદશાહનું ફરમાન ૧૫૨.

(બ) સનદ-૮ : અબુલ મુઝફ્ફર સુલતાન શાહ સલીમ (શાહજંહા)નું ફરમાન ૧૫૨.

(ક) સનદ-૯ : બાદશાહ ઔરંગઝેબનું ફરમાન ૧૫૩.

પૂરવણી : નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી વગેરેને મળેલ મુગલ બાદશાહોનાં ફરમાનોનો સાર—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરમાન–૧ : જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ગાઝીનું ફરમાન ૧૫૪; ફરમાન–૨ : અકબર બાદશાહનું ફરમાન ૧૫૫; ફરમાન–૩ : જહાંગીર બાદશાહનું ફરમાન ૧૫૫; ફરમાન–૫ : જહાંગીર બાદશાહે વિજયદેવસૂરિ ઉપર લખેલો પત્ર ૧૫૬.

પ્રો. કૉમિસરીએટનાં પુસ્તકોમાંનાં ફરમાનો—

ફરમાન–૧ : ધર્મની આરાધના અંગે નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહે ગાઝીનું ફરમાન ૧૫૭; ફરમાન–૨ : શાંતિદાસ શેઠ સંબંધી નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહનું ફરમાન ૧૫૮; ફરમાન–૩ : શાંતિદાસ શેઠની સ્થાવર-જંગમ મિલકતની સાચવણી અંગેનું બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૫૯; ફરમાન–૪ : નગરશેઠ શાંતિદાસ ઝવેરીને ઝવેરાતના વેપાર અંગે મળેલું બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૫૯; ફરમાન–૫ : ફરમાન નં. ૩ ના ભાવવાળું નગરશેઠ શાંતિદાસ ઝવેરીને મળેલું બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૬૦; ફરમાન–૬ : શાહજંહાનું ઝવેરાત અંગેનું ફરમાન ૧૬૦; ફરમાન–૭ : સ્થાનકવાસી ફિરકાની ફરિયાદ અંગે બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૬૨; ફરમાન–૮ : જમીન અંગેનું બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૬૨; ફરમાન–૮ A : જમીન અંગેનું બાદશાહ શાહજંહાનું બીજું ફરમાન ૧૬૨; ફરમાન–૯ : ઔરંગઝેબે તોડેલ ચિંતામણિનું દેરું પાછું સોંપવા અંગે બાદશાહ શાહજંહાએ કરેલ ફરમાન ૧૬૩; ફરમાન–૧૦ : પાટવીકુંવર દારા શુકોહનું ફરમાન ૧૬૩; ફરમાન–૧૧ : ઔરંગઝેબનું ફરમાન ૧૬૪; ફરમાન–૧૨ : નગરશેઠ શાંતિદાસને બોલાવવા અંગે બાદશાહ શાહજંહાનું ફરમાન ૧૬૪; ફરમાન–૧૩ : શ્રી શંખેશ્વર તીર્થના ઈજારા અંગેનું બાદશાહી ફરમાન ૧૬૪; ફરમાન–૧૪ : ૧૬૫; ફરમાન–૧૫ : નગરશેઠ શાંતિદાસની લેણી રકમ ચૂકવી આપવા અંગેનું બાદશાહ મુરાદબખ્શનું ફરમાન ૧૬૫; ફરમાન–૧૬ : ૧૬૫; ફરમાન–૧૬ A : રૂ. ૫,૫૦,૦૦૦ કેવી રીતે ચૂકવવા તે અંગેનું બાદશાહી ફરમાન ૧૬૫; ફરમાન–૧૭ : શાંતિદાસને પૈસાની ચૂકવણી અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન ૧૬૬; ફરમાન–૧૮ : શાંતિથી રાજ્ય કરવાની બાતરી આપતું બાદશાહ ઔરંગઝેબનું ફરમાન ૧૬૬; ફરમાન–૧૯ : ગુમાસ્તા વગેરે પાસે લેણી પડતી શાંતિદાસની રકમ અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન ૧૬૭; ફરમાન–૨૧ : બે ઝવેરીઓની લેણી પડતી રકમ અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન ૧૬૭; આભાર અને એક નમ્ર સૂચન ૧૬૭.

૧૪. નાણાંની સાચવણીની કપરી કાર્યવાહી ૧૬૯-૧૮૩

અર્થવ્યવસ્થા ૧૬૯; દાખલારૂપ તટસ્થતા ૧૬૯; રખોપાની રકમની સર્વસંમતિથી ફેરબદલી ૧૭૦; રખોપાની રકમની માફી ૧૭૦; ગોહેલ ભગવતસિંહજી પાસે લેણી નીકળતી રકમ બાબત ૧૭૧; ભાવનગર સંઘ પાસે લેણું ૧૭૧; નજરાણું લેવાનો ઇન્કાર ૧૭૧; એક જાણવા જેવો ઠરાવ ૧૭૨; સમાધાન ૧૭૨; વધુ રકમ ધીરવા બાબત ૧૭૩; મૂડીરોકાણમાં સાવચેતી ૧૭૩; ઑમીસરી નોટો ઑમીયમથી ખંડી વાળવા બાબત ૧૭૪; મુદત વધારી આપવા બાબત ૧૭૪; ગામ ઈજારે રાખવા બાબત ૧૭૪; રોહીશાળાની જમીન ખરીદવા બાબત ૧૭૪; લહેણું વસૂલ કરવા બાબત ૧૭૫; ભાવનગર રાજ્યને રૂપિયા ધીરવા બાબત ૧૭૫; વળાના દરબારશ્રીને પૈસા ધીરવાની ના ૧૭૫; રખોપાની રકમની અગાઉથી ચૂકવણી ૧૭૫; પાલીતાણા રાજ્યને રખોપાની રકમ અગાઉ આપવા બાબત ૧૭૬; ભાવનગર દરબારને પૈસા આપવાનો ઇન્કાર ૧૭૬; રખોપાના પૈસા અગાઉથી આપવાનો ઇન્કાર ૧૭૬; લીમડા તાલુકદાર પાસે લહેણી પડેલી રકમ માંડી વાળવા બાબત ૧૭૭; જોંડલ રાજ્યની માંગણીનો ઇન્કાર ૧૭૭; રખોપાની રકમ વસૂલ કરવા બાબત ૧૭૭; રખોપાના રૂપિયા અગાઉથી આપવાની ના ૧૭૭;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૈસા ધીરવાનો ઇન્કાર ૧૭૮; લોટરીમાં ભાગીદારી કરવાની ના ૧૭૮; હુકમનામા બાબત વિચારણા ૧૭૮; લહેણું વસુલ કરવા બાબત ૧૭૯; દાતાની ઇચ્છા મુજબ નાણાં વાપરવાની પ્રથા ૧૭૯; પેપર મંગાવવાની ટીકા ૧૮૦; કેટલાક જાણવા જેવા ઠરાવોનો સાર ૧૮૦; પાલનપુરના દિવાનની માંગણી અંગે ૧૮૦; લેણાની પતાવટ ૧૮૦; ખાતું સરભર કર્યું ૧૮૧; દેવાદાર ઉપર દાવો કરવા બાબત ૧૮૧; લેણા અંગે સમજૂતિ ૧૮૧; રકમ રોકવા બાબત; લેણા અંગે સમાધાન ૧૮૧; રોકાણ અંગે નિર્ણય ૧૮૧; વકીલ ઉપર દાવો કરવાનો ઠરાવ ૧૮૨; લેણા અંગેની સમજૂતિ ૧૮૨; રૂપિયાનું ધીરાણ ૧૮૨. રકમ ટ્રાન્સફર કરવા બાબત ૧૮૨; લેણાની માંડવાળ ૧૮૨; લેણું માંડી વાળ્યું ૧૮૨; શેરો કમી કરવા બાબત ૧૮૩; રકમ માંડી વાળવા બાબત ૧૮૩; લેણું માંડી વાળવા બાબત ૧૮૩; કીમતી વસ્તુઓની સાચવણી ૧૮૩; અંતે ૧૮૩.

૧૫. ચતુર્વિધ સંઘની ભક્તિ તથા અનુકંપાદાન **૧૮૪–૧૯૫**

સાધુ-સાધ્વીઓની સેવાભક્તિ ૧૮૪; શ્રાવક-શ્રાવિકાને સહાય ૧૮૬; વિદ્યાવૃદ્ધિ માટે સ્કોલરશીપ તથા સહાય ૧૯૦; અનુકંપાદાન ૧૯૨.

૧૬. પેઢીએ કરાવેલ જીર્ણોદ્ધારો **૧૯૬–૨૧૪**

શ્રી રાણકપુર તીર્થ ૧૯૬; શ્રી આબુ તીર્થ ૧૯૭; દેલવાડાનાં મંદિરો ૧૯૭; શ્રી કુંભારિયાજી તીર્થ ૧૯૯; શ્રી મૂછાળા મહાવીર તીર્થ ૧૯૯; શ્રી તારંગા તીર્થ ૨૦૦; શ્રી શત્રુંજય તીર્થમાં થયેલ જીર્ણોદ્ધાર ૨૦૦; શ્રી ગિરનાર તીર્થ ૨૦૧; જીર્ણોદ્ધાર માટે સહાય આપવામાં પેઢીએ અપનાવેલ વ્યાપક દૃષ્ટિ ૨૦૧; જીર્ણોદ્ધારમાં થયેલ ખર્ચ સંબંધી વિશેષ માહિતી ૨૦૮.

પાદનોંધો : (૨) રાણકપુર તીર્થના જીર્ણોદ્ધારને લગતી માહિતી ૨૦૬; (૪) નવા જિનમંદિર માટેની સહાય ૨૧૨.

પૂરવણી : શ્રી અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટીની કામગીરી ૨૧૩; (૧) સ્થળ ૨૧૩; (૨) ઉદ્દેશ ૨૧૩; (૩) કમિટી યા સામાન્ય કમિટીના સભ્યો ૨૧૩; નોટ ૨૧૩; કામગીરી ૨૧૪.

૧૭. છાપરિયાળી ગામ અને પેઢીની જીવદયાની કામગીરી **૨૧૫–૨૪૩**

ક્ષેત્રફળ ૨૧૬; શ્રી કૃષ્ણકુમારસિંહજીનો નિયમ ૨૧૬; દેરાસર ૨૧૭; વિશાળ વડલો ૨૧૭; કૂવો ૨૧૭; વિશાળ કારોબાર ૨૧૭; કેટલીક જાણવા જેવી કામગીરી ૨૧૮; ભામના ઇજારાની વાત ૨૨૨; વધારાના ખર્ચને પહોંચી વળવાના ઉપાયો ૨૨૪; જૈન સંઘ જોગ કરવામાં આવેલી એક અપીલ ૨૨૫; છાપરિયાળામાં સાંઢડા રાખવા બાબત ૨૨૭; નાના બોકડાને બચાવવાની કામગીરી ૨૨૭, ખીડ ભાડે રાખવા સંબંધી ૨૨૯; ઘાસના સ્ટોક સંબંધી ૨૨૯; જીવદયા માટે મળેલું દાન ૨૩૦; પરચૂરણ બાબત ૨૩૧; ઢોરોને રાખવાનું આ પાંજરાપોળનું સંખ્યાબળ ૨૩૨; કાયમી તિથિની યોજના ૨૩૫; ચોટિલાની નેસના માથાભારે ચારણો ૨૩૬; શિંગડાવેરો અને તેની નાબુદી ૨૩૭.

પાદનોંધો : (૬) દુધિયા બોકડા ૨૩૮; (૭) ચૂલાવેરો ૨૩૮; (૮) શ્રી છાપરિયાળી પાંજરાપોળ માટે થયેલ નિધિ ૨૩૮; શેઠશ્રી ઓણિકભાઈ કસ્તૂરભાઈની છાપરિયાળી પાંજરાપોળ માટે અપીલ ૨૩૯.

પૂરવણી : શરૂઆત ૨૪૩; નવું ટ્રસ્ટડીડ ૨૪૩.

૧૮. પેઢીના કાર્યક્ષેત્રનો થયેલો વિસ્તાર **૨૪૬–૨૭૦**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) શ્રી રાણકપુર તીર્થ–રાજસ્થાન ૨૪૫: પહેલો પત્ર ૨૪૫; બીજો પત્ર ૨૪૬; (૨) ગિરનાર તીર્થ ૨૪૭; ખાસ અપવાદ ૨૪૮; (૩) શ્રી કુંભારિયાજી તીર્થ ૨૪૮; (૪) શ્રી તારંગા તીર્થ ૨૫૦; દિગંબરો સાથે સમાધાન ૨૫૧; (૫) શ્રી મક્ષીજી તીર્થ ૨૫૨; શેઠશ્રી ત્રિકમભાઈની સેવાઓ ૨૫૨; (૬) શ્રી શેરિસા તીર્થ ૨૫૩; (૭) શ્રી મૂછાળા મહાવીર તીર્થ ૨૫૬; (૮) શ્રી ચિત્તોડગઢ ઉપરનાં જિનમંદિરો ૨૫૮; (૯) શ્રી વામજ તીર્થ ૨૫૯; (૧૦) સમ્મેતશિખરના પહાડનો માલિકી હક્ક ખરીદી લેવા સંબંધી ૨૫૯; પહાડનો માલિકી હક્ક ૨૬૦; (૧૧) મગનલાલ કરમચંદનાં સાત ટ્રસ્ટો ૨૬૧; આ સાત ટ્રસ્ટોની નાણાંકીય સ્થિતિ ૨૭૨; (૧૨) બનારસની અંગ્રેજી કોઠી નામે પ્રસિદ્ધ ઇમારતને લગતું શેઠ વીરચંદ દીપચંદ અને શેઠ ગોકળદાસ મૂળચંદ ટ્રસ્ટ ૨૬૩; ઠરાવ ૬૭ ૨૬૩; (૧૩) એક નાની સરખી દેરી છે કે જેમાં ભગવાન ઋષભદેવનાં પગલાં છે તેની વિગત તથા તેનો શિલાલેખ ૨૬૫; લેખનો સાર ૨૬૫; (૧૪) પેઢી હસ્તક અમદાવાદનાં દેરાસરો ૨૬૫; (૧૫) શ્રી શાન્તિસાગરજીનો ઉપાશ્રય ૨૬૬; દુરંદેશીભર્યો નિર્ણય ૨૬૮; તીર્થોના પરિચય બાબત ૨૬૮; વિશેષ નોંધ ૨૭૩.

૧૯. કેટલીક જાણવા જેવી બાબતો **૨૭૧–૨૮૩**

શ્રી શત્રુંજય સાધારણ ખાતાની કાયમી તિથિની યોજના ૨૭૫; માધુપુરાની સ્થાપનાનો ઇતિહાસ ૨૭૬; શત્રુંજયનો પહાડ ખરીદી લેવા સંબંધી અસફળ વાતચીત ૨૭૭; જ્ઞાનવૃદ્ધિની કાર્યવાહી ૨૭૭; (અ) પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકો ૨૭૮; (બ) તીર્થોનો નકશો ૨૭૯; (ક) ચિત્ર સંપુટો ૨૭૯; (ડ) પુસ્તકો વગેરે માટે સંપૂર્ણ અથવા પૂરક સહાય ૨૮૦; (ઇ) પ્રોત્સાહન માટે પુસ્તકોની ખરીદી ૨૮૧.

૨૦. પેઢીના પ્રમુખશ્રીઓ, વહીવટદાર પ્રતિનિધિઓ તથા પ્રાદેશિક પ્રતિનિધિઓ **૨૮૪–૩૫૪**

પેઢીના પ્રમુખશ્રીઓ ૨૮૪; કેટલાક પ્રમુખશ્રીઓની વિશિષ્ટ કામગીરી ૨૮૪; વહીવટદાર પ્રતિનિધિઓ ૨૮૬; સ્થાનિક અર્થાત્ પ્રાદેશિક પ્રતિનિધિઓની યાદી ૨૮૯; યાદી અ ૨૯૦; યાદી બ ૨૯૨; સને ૧૯૧૨ના બંધારણના પહેલા સુધારા મુજબ નિમાયેલ સ્થાનિક પ્રતિનિધિઓ ૨૯૨, સ્થાનિક પ્રતિનિધિઓની સંખ્યાની ફાળવણી ૨૯૩; સ્થાનિક પ્રતિનિધિઓ ૨૯૬; યાદી (ક) ૩૩૭; નિયમાવલીની કલમ–૮ મુજબ નિમાયેલ સ્થાનિક (પ્રાદેશિક) પ્રતિનિધિઓની યાદી ૩૩૯.

૨૧. ઉપસંહાર **૩૫૫–૩૫૬**

શુદ્ધિપત્રક **૩૫૯**

૭મીઓની યાદી **૩૬૦**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ जयउ सव्वण्णुसासणं ॥

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો

ઇતિહાસ

ભાગ

૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઢી અને તેનો ઇતિહાસ

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એટલે ભારતનો જૈન સંઘ. ભારતભરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું/જૈન સંઘોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એટલે અમદાવાદ કલ્યાણજીની પેઢી. વિ. સં. ૨૦૩૨માં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર નવી બંધાયેલી ટૂકની પ્રતિષ્ઠા થઈ ત્યારે, તેની સ્મૃતિમાં લખવામાં આવેલા સંસ્કૃત શિલાલેખમાં આ૦ ક૦ પેઢીને 'આણંદજી કલ્યાણજી સંઘ' તરીકે ઉલ્લેખવામાં આવેલી. એ સામે વાંધો લેતાં કેટલાક લોકોએ કહેલું : "આ૦ ક૦ પેઢી એક વહીવટી સંસ્થા છે; એને સંઘ કેમ કહેવાય?" એમના એ વિરોધના જવાબમાં કહી શકાય કે, જેમ ભારતની લોકસભા એ ભારતદેશની સમગ્ર પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે અને એટલે જ 'લોકસભા=ભારત' એવું સમીકરણ કરી શકાય, તેમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એ ભારતના જૈનોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા હોવાથી 'આ૦ ક૦ પેઢી=જૈન સંઘ' એવું સમીકરણ કરવામાં કશું જ અજુગતું નથી. વસ્તુતઃ આ૦ ક૦ પેઢી એ એકમાત્ર એવી સંસ્થા છે કે જેની 'જનરલ બૉડી'માં ભારતના કોઈ પણ પ્રદેશના, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની ચોક્કસ સંખ્યાની વસ્તી ધરાવતા કોઈ પણ ગામ કે શહેરના જૈન ગૃહસ્થ/ગૃહસ્થોને સ્થાન છે/મળે છે. એ જૈન ગૃહસ્થો પછી ગમે તે ગચ્છના હોય કે ગમે તે તિથિના હોય, પણ પેઢી તો તેમનું પ્રતિનિધિત્વ સ્વીકારવાની જ. પેઢીની મુખ્ય શરતો માત્ર બે જ હોય છે: એ ગૃહસ્થ/ગૃહસ્થો શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન હોવા જોઈએ અને જે તે ગામની જૈન વસ્તી/સંઘ દ્વારા નિયુક્તિ પામેલા હોવા જોઈએ. પછી એ વ્યક્તિ કયા ગચ્છને કે કઈ તિથિને માનનારી છે, એ સાથે પેઢીને કશી જ નિસબત હોતી નથી.

વળી, આપણે ત્યાં જ્યારે પણ, સમગ્ર જૈન સંઘને સ્પર્શતી સમસ્યાઓ — દા. ત. સિદ્ધાચલજીની યાત્રાના બહિષ્કારની સમસ્યા કે તીર્થો અંગેના વિવાદની સમસ્યાઓ—ઊભી થઈ છે, ત્યારે તેને હલ કરવાની જવાબદારી પેઢીએ જ વહી છે, એટલું જ નહિ, પણ તે વખતે, ગચ્છાદિકના ભેદભાવ રાખ્યા વિના, જે ગચ્છમાં જે મુનિભગવંતો વિદ્યમાન હોય તે તમામ પાસે, જે તે સમસ્યાઓ પરત્વે, જરૂર પ્રમાણે, પેઢી માર્ગદર્શન મેળવતી આવી છે.

જૈન સમાજ એ એક એવો સમાજ છે કે જેને ઇતિહાસનું સર્જન કરવામાં જેટલો રસ છે, એટલો ઇતિહાસનું રક્ષણ કરવામાં નથી. આ સમાજને નવાં દેરાસરો બાંધવાની જેટલી ધગશ છે, તેટલી ચીવટ જૂનાં મંદિરોના રક્ષણ માટે નથી. જૂની પ્રતિમાઓની પૂજા થાય કે ન થાય; ગમે તે થાય; તેની ફિકર કર્યા વગર નવી પ્રતિમાઓનું સર્જન કરીને પોતાને અમર બનાવવામાં માનનારો આ સમાજ છે, એમ આજની પરિસ્થિતિ જોતાં કહી શકાય. અને આવા સમાજને 'આણંદજી કલ્યાણજી કોણ હતા? આ નામની પેઢી કોણે સ્થાપી? આ પેઢી કયારે-કેટલાં વર્ષ પહેલાં સ્થપાઈ? આ પેઢીએ કેટલાં વર્ષોમાં શું કામ કર્યું?' આવી બધી બાબતોની પતીજ તો હોય જ શેની? આવું ઝીણું કાંતવાની નવરાશ કોને હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ રહો, આખા સમાજને કે સમાજમાંના બીજા કોઈને કદાચ આવી વાતની પતીજ ભલે હોય યા ન હોય, પણ એક વ્યક્તિને આ બધી બાબતોની પતીજ જરૂર હતી. એ વ્યક્તિનું નામ હતું શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ. કસ્તૂરભાઈ એટલે ભારતની–ગૂજરાતની સૈકાઓ જૂની મહાજન–પરંપરાના અંતિમ અવશેષ. કસ્તૂરભાઈ એટલે નગરશેઠ શાંતદાસ શેષકિરણે સ્થાપેલી શ્રેષ્ઠિપરંપરાનો ઝળહળતો છેલ્લો ઝબકારો. આણંદજી કલ્યાણજી પેઢીના ઇતિહાસમાં કદાચ સૌથી વધુ વર્ષો સુધી પેઢીનું પ્રમુખપદ ભોગવનાર શેઠ કસ્તૂરભાઈને મન, પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલા સમૃદ્ધ ઐતિહાસિક વારસાનું મૂલ્ય ઘણું બધું હતું. એ વારસાનું જતન કરવાની એમની તમન્ના અને કુશળતાનો પ્રતિધ્વનિ, આબુ-દેલવાડા અને રાણકપુરનાં ઐતિહાસિક સ્થાપત્યોના જીર્ણોદ્ધારોમાં અને શત્રુંજય ઉપર બંધાયેલી નવી ટૂંકના મંદિરમાં આજે પણ સંભળાય છે.

આવા આ શ્રેષ્ઠિ મહાજનના મનમાં કોઈક ધન્ય પળે સ્ફુરણા થઈ હશે, 'કે જે પેઢીનું પ્રમુખપદ હું પચાસ પચાસ વર્ષોથી ભોગવું છું, એ પેઢીનું મૂળ શું? એ પેઢીની તવારીખ શી? એની સ્થાપના કયારે થઈ? કોણે કરી? શા માટે અને કેવા સંજોગોમાં કરી? આ નામ કોણે સ્થાપ્યું?' ને એ સાથે જ પેઢીનો ઇતિહાસ તૈયાર કરાવવાની એમને પ્રેરણા થઈ હોવી જોઈએ, અને એમને થયેલી એ અંતઃપ્રેરણાનું પ્રશસ્ય પરિણામ એટલે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલો ગ્રંથ "શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ".

શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, જૈન સમાજના ઊંચા ગજાના સાહિત્યસર્જક છે. ગૂજરાતી ભાષામાં જૈન કથા સાહિત્યને રજૂ કરવાના કસબી હોવા ઉપરાંત, તેઓ શ્રેષ્ઠ સંપાદક અને સારા વિચારક પણ છે. 'ગુરુ ગૌતમસ્વામી' નામનું પુસ્તક લખીને તેમણે 'જીવનચરિત્ર લેખક' તરીકે પણ યશ મેળવ્યો છે, અને છેલ્લે છેલ્લે 'ભદ્રેશ્વર–વસઈ–મહાતીર્થ' નામનો ઇતિહાસ–સંશોધનનો દળદાર અને પ્રમાણભૂત ગ્રંથ લખીને તેમણે પોતાની ઇતિહાસ–સંશોધકની હેસિયત પણ સાબિત કરી બતાવી છે.

એમની આ સાહિત્યિક કારકિર્દી શેઠ કસ્તૂરભાઈના ધ્યાન બહાર હોય એ કેમ બને? આણંદજી કલ્યાણજીની પેઢીનો સાંગોપાંગ અને અધિકૃત–પ્રામાણિક ઇતિહાસ તૈયાર કરાવવાની અભિલાષા મનમાં સંઘરીને બેઠેલા શેઠ કસ્તૂરભાઈની નજર શ્રી રતિભાઈ ઉપર ઠરી, અને એક શુભ ચોઘડિયે એમણે આ જવાબદારી શ્રી રતિભાઈને સોંપી પણ દીધી.

—પ. પૂ. મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મહારાજ

(ભાવનગરથી પ્રગટ થતાં જૈન પત્રના તા. ૨–૭–૮૩ના અંકમાં છપાયેલ પૂ. મુનિશ્રીના 'આપણા સૌનું ગૌરવ' નામે લેખમાંથી કેટલોક ભાગ સાભાર ઉધૃત)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

પાલિતાણા રાજ્ય સાથેના કેટલાક ઝઘડા

નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીએ વિ. સં. ૧૭૦૭ (ઇ. સ. ૧૬૫૦)માં પાલિતાણાના દરબાર કાંધાજી સાથે શ્રી શત્રુંજય તીર્થના રખોપાનો સૌથી પહેલો કરાર કરીને તીર્થ-ભૂમિનું તેમજ યાત્રિકોના જાનમાલનું રક્ષણ કરવાની જે જોગવાઈ કરી હતી તે, મળતા નિર્દેશો પ્રમાણે, સને ૧૭૮૮ એટલે કે વિ. સં. ૧૮૪૪ સુધી અર્થાત્ ૧૩૭ વર્ષ સુધી ચાલુ રહી હતી.

૧૩૭ વર્ષ જેટલા લાંબા ગાળા દરમિયાન ગારિયાધાર–પાલિતાણાના ગાદીવારસો બદલાતા રહ્યા હતા અને રાજગાદી પણ ગારીયાધારથી પાલિતાણામાં બદલાઈ ગઈ હતી. ઉપરાંત તીર્થનો વહીવટ પણ ક્રમે ક્રમે અમદાવાદના સંઘના હાથમાં વ્યવસ્થિત થતો જતો હતો અને સમય જતાં અમદાવાદ સંઘની પેઢી તથા શત્રુંજય તીર્થનો વહીવટ સંભાળતી પેઢીનો બધો કારોબાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નામથી ચાલવા લાગ્યો હતો. અર્થાત્ પેઢી તીર્થના તેમજ યાત્રિકોના દરેક પ્રકારના હિતની સાચવણી માટે હંમેશાં સજાગ અને પ્રયત્નશીલ રહેતી હતી.

આ બધું છતાં, આટલા લાંબા સમય દરમિયાન, પાલિતાણા રાજ્ય અને શ્રાવક કોમ કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે ખટરાગનો નાનો–મોટો કોઈપણ જાતનો પ્રસંગ ઊભો થવા પામ્યો હોય એમ નિશ્ચિત રીતે કહી શકાય એવી કોઇ જાતની સામગ્રી ઉપલબ્ધ થઈ શકી નથી. સાથે સાથે આ સમય દરમિયાન રાજ્ય અને જૈનો વચ્ચે કોઈ પણ જાતની અથડામણના પ્રસંગો ઊભા થયા હોય અને એની સામે શ્રાવક કોમે રાજ્યને ફરિયાદ કરવાની ફરજ પડી હોય અથવા પોતાની દુઃખની લાગણી દર્શાવવા માટે કોઈ પણ જાતનાં પગલાં ભરવાં પડ્યાં હોય એવી પણ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી. એટલે સામાન્ય રીતે એમ માનવું રહ્યું કે, આ ૧૩૭ વર્ષ જેટલા લાંબા ગાળા દરમિયાન રાજ્ય અને જૈનો વચ્ચે એકંદર અનુકૂળતાવાળું વાતાવરણ પ્રવર્તતું હશે. એટલે કે યાત્રિકો ખાસ કોઈ કનડગત વગર યાત્રા કરી શકતાં હશે. અહીં એ કબૂલ કરવું જોઈએ કે, આમ માનવું એ મોટે ભાગે કલ્પના કે અનુમાન ઉપર વિશેષ આધાર રાખે છે, નહીં કે ઉપલબ્ધ થતી નક્કર હકીકત ઉપર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૮૪૪ એટલે કે સને ૧૭૮૮ પછી જૈનો અને રાજ્ય વચ્ચે મુખ્યત્વે યાત્રિકો પાસેથી વધારે પૈસા મેળવવાની રાજ્યની દાનતને કારણે કંઈક ને કંઈક નાના મોટા ખટરાગ ઊભા થવા લાગ્યા હશે. પણ આ અરસામાં પાલીતાણાના રાજવી પોતાને સર્વેસર્વા ગણીને અને શત્રુંજય તીર્થ ઉપર પોતાનો પૂરેપૂરો અધિકાર હોવાનું માનીને પોતાને ફાવે તે રીતે યાત્રિકો સાથે વર્તાવ કરતા હશે અને એમને એમ કરતાં રોકી કે ટોકી શકે એવી અથવા એમની સામેની ફરિયાદ સાંભળે એવી કોઈ સત્તા તે વખતે અસ્તિત્વમાં ન હતી; એટલે સરવાળે જૈનોને પાલિતાણા રાજ્યની આવી બધી કનડગત મૂંગે મોઢે અને લાચાર બનીને બરદાસ્ત કરી લેવી પડતી હશે. પરિસ્થિતિ એવી હતી કે આની સામે કુદરતી સહાય મળવા જેવા અનુકૂળ સંયોગો જૈનોને માટે ઊભા થવા પામ્યા હતા.

આ સમય ભારતમાં અંગ્રેજી રાજસત્તાની શરૂઆતનો સમય હતો. અને ધીરે ધીરે એ વિદેશી રાજસત્તાનો પગપેસારો દેશની ચારે દિશામાં વધતો જતો હતો અને ભારતવાસીઓના હાથમાંની રાજસત્તા ક્રમેક્રમે આથમતી જતી હતી. આ સત્તાપલટાના એક આનુષંગિક પરિણામરૂપે કાઠિયાવાડમાં પણ નવી રાજકીય પરિસ્થિતિ સર્જાવા પામી હતી. આનું સ્પષ્ટ અને નિશ્ચયાત્મક પરિણામ સને ૧૮૦૮ માં થયેલ કર્નલ વૉકરના સેટલમેન્ટ રૂપ આવ્યું હતું. જેના અનુસંધાનમાં સને ૧૮૨૦ ની સાલમાં કાઠિયાવાડમાં બ્રિટિશ અમલની એજન્સીનું થાણું સ્થપાયું હતું. અને કાઠિયાવાડનાં બધાંય રજવાડાંઓ એક યા બીજા રૂપમાં, એજન્સી સરકાર (બ્રિટિશ સલ્તનત) સાથે સંકળાઇ ગયાં હતાં.

આ વખતે પાલીતાણા રાજ્ય, જો કે વડોદરા રાજ્ય સાથે તેના ખંડિયા તરીકે સંકળાયેલું હતું, એ માટે એણે વડોદરા રાજ્યને વાર્ષિક રૂ. ૮૦૦૦/- ની ખંડણી પણ ચૂકવવી પડતી હતી. અને છતાં પાલીતાણા રાજ્ય એજન્સી દ્વારા રક્ષિત રાજ્ય તરીકેનો દરજ્જો પણ ભોગવતું હતું. આના લીધે પાલીતાણા રાજ્યનો બ્રિટિશ રાજ્ય સાથેનો સંબંધ કાયદેસર રીતે ગાયકવાડ રાજ્ય સાથેના સંબંધ કરતાં કંઈક વધારે ઘનિષ્ઠ થવા પામ્યો હતો.

જૈનોની દૃષ્ટિએ પાલિતાણા રાજ્યની આ પરિસ્થિતિ તદ્દન નવા પ્રકારની તેમજ પાલિતાણા રાજ્ય સાથેના જૈનોના ઝઘડાના નિકાલમાં વિશેષ ઉપકારક કે અસરકારક થઈ શકે એવી સર્જાઈ હતી, એટલે સને ૧૮૨૦ પછી પાલિતાણા રાજ્ય અને પેઢી વચ્ચે અથવા જૈનો વચ્ચે જ્યારે જ્યારે ઝઘડાના પ્રસંગો ઊભા થવા પામ્યા ત્યારે ત્યારે પાલિતાણા રાજ્યને નામપૂરતી ફરિયાદ કરીને એ ફરિયાદનો ફેંસલો જ્યારે પણ પોતાને પ્રતિકૂળ લાગે ત્યારે એજન્સીને ફરિયાદ કરીને દાદ માગવાનું જૈનોને માટે અથવા પેઢીને માટે ઘણું સુગમ થઈ પડ્યું હતું. સને ૧૯૨૦ પછીના લગભગ બધા ઝઘડાઓ સંબંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરિયાદ એજન્સીમાં કરવામાં આવી હતી અને એજન્સી મારફત જ એના ફેંસલા મેળવવામાં આવ્યા હતા, આ ફેંસલામાં કચારેક જૈનોની માગણીનો સ્વીકાર થયેલો જોવા મળે છે, તો કયારેક જૈનોની માગણી નકારી કાઢવાના પ્રસંગો પણ બન્યા છે. અને છતાં એજન્સીની દરમિયાનગીરીથી જૈનોને એકંદર વધુ લાભ જ થતો રહ્યો હતો અને તીર્થની અને યાત્રિકોની રક્ષા કરવાનું કામ વધારે સુગમ પણ થઈ પડયું હતું. એમાં શક નથી. આમાં સૌથી મોટી વાત તો એ હતી કે પાલિતાણા રાજ્ય વિરુદ્ધની એજન્સીમાં કરેલી ફરિયાદો વખતે પાલિતાણા રાજ્ય જેવી સત્તાને પણ વાદી કે પ્રતિવાદી રૂપે ઊભા રહેવાનો પ્રસંગ આવતો હતો. આ પરિસ્થિતિ જૈન સંઘ અને પેઢીને માટે જેમ આવકારદાયક હતી તેમ પાલિતાણાની રાજસત્તાના મનમાં ખૂબ નારાજી ઉત્પન્ન કરે અને ખટકે એવી પણ હતી.

સને ૧૭૮૮ પછી શત્રુંજયના યાત્રિકોની, રાજ્ય તરફથી મનસ્વી રીતે ગમે તે રકમનો મુંડકાવેરો ઉઘરાવવા રૂપે કે બીજી રીતે, જે કંઈ કનડગત થયા કરતી હતી એની સામે જૈન સંઘનો અવાજ ઊઠાવી શકાય એવી તકની જૈન સંઘ રાહ જ જોતો હતો. અને સને ૧૯૨૦ની સાલમાં કાઠિયાવાડમાં એજન્સીનું થાણું શરૂ થવાને કારણે આવી તક જૈન સંઘને મળી જવા પામી હતી. આ તકનો સૌથી પહેલવહેલો લાભ, એજન્સીનું થાણું સ્થપાયું એ જ અરસામાં, મુંબઈના શાહસોદાગર શેઠ મોતીચંદ અમીચંદ તથા અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વંશજ શેઠ શ્રી હેમચંદ વખતચંદ તેમજ બીજાઓની સહીથી મુંબઈના ગવર્નર માનનીય માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનને તા. ૩૦-૮-૧૮૨૦ના રોજ કરવામાં આવેલી અરજીરૂપે લેવામાં આવ્યો હતો. આ અરજીમાં પાલિતાણા રાજ્ય સામેની જે જે ફરિયાદો માટે દાદ માગવામાં આવી હતી તેની વિગતો આગલા રખોપાના પ્રકરણમાં[૧] આપવામાં આવી જ છે એટલે એને અહીં બેવડાવવાની જરૂર નથી. સાથે સાથે એ કહેવાની પણ જરૂર નથી કે સને ૧૮૨૧ની સાલમાં કેપ્ટન બર્નવેલની દરમિયાનગીરીથી, વાર્ષિક રૂ. ૪૫૦૦/-[૨] ની રકમનો રખોપાને લગતો બીજો કરાર થયો તે પણ આ અરજીને કારણે જ. અહીં તો ખાસ સૂચવવાનો મુદ્દો એટલો જ છે કે, એજન્સીની સ્થાપના થયા પછી પાલિતાણા રાજ્ય તરફથી થતી જાતજાતની કનડગતને દૂર કરવાનો તેમજ પાલિતાણા રાજ્યની સામે દાદ માગવાનો માર્ગ ઠીક ઠીક પ્રમાણમાં સરળ થઈ ગયો હતો. અને છતાં આવી કનડગતો સદંતર બંધ જ થઈ ગઈ હતી અથવા સારા પ્રમાણમાં ઘટી જવા પામી હતી એમ કહી શકાય એવી આવકારદાયક સ્થિતિ સર્જાવા પામી ન હતી. એટલે સાચાં-ખોટાં કે નાનાં-નજીવાં કારણોસર પણ પાલિતાણા રાજ્ય સાથે જૈન સંઘને અવારનવાર ઝઘડામાણમાં ઊતરવાનો પ્રસંગ આવતો જ રહેતો હતો, જેની કેટલીક વિગતો અહીં નીચે આપવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમીનના હક માટેની તકરારો :—

ગિરિરાજ ઉપર ગઢની અંદર કે ગઢની બહાર અવારનવાર દેરાસર કે દેરી જૈન સંઘ તરફથી બાંધવામાં આવતાં હતાં. આ માટે જમીન મેળવવાની બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પાલિતાણા રાજ્ય પાસે માગણી મૂકવી પડતી ન હતી. અને આવી જમીન પોતાને માટે વાપરવાનો તેમજ બીજા ભાવિકજનોને દેરું કે દેરી બંધાવવા માટે જમીન આપવાનો અધિકાર વગર કહ્યે જ પેઢી ભોગવતી હતી. આમાં તો એવા પણ દાખલા નોંધાયેલા છે કે જ્યારે દેરું કે દેરી બંધાવનાર વ્યક્તિએ જમીનના નકરા તરીકે અમુક રકમ પેઢીને આપી હોય. આવી સ્થિતિ હોવાને કારણે જમીન મેળવવાની બાબતમાં પાલિતાણા રાજ્ય પાસેથી જમીન મેળવવાનો સવાલ લગભગ સવાસો-દોઢસો વર્ષથી ઊભો થયો હોય એવો કોઈ દાખલો પેઢીના દફ્તરમાંથી જાણવા કે જોવા મળતો નથી. પેઢીના દફ્તરમાં પેઢી હસ્તકના કાગળો, દસ્તાવેજો કે કરારો ઉપરાંત પાલિતાણા રાજ્યના કાગળોનો પણ સમાવેશ થાય જ છે.

પેઢીનું દફ્તર તપાસતાં પાલિતાણા રાજ્યે આવી, નવાં દેરાં-દેરી માટે ગિરિરાજ ઉપર ગઢમાં કે ગઢની બહાર ઉપયોગમાં લેવામાં આવતી, જમીનની માલિકી પોતાની છે અને પોતાની મંજુરી વગર તેમજ જરૂરી કિંમત ચૂકવ્યા વગર પેઢીથી કે કોઈપણ જૈન વ્યક્તિથી વાપરી શકાય નહિ એવી પાલિતાણા રાજ્ય તરફથી સૌથી પહેલી માગણી સને ૧૮૩૬ ની સાલમાં એ વખતના દરબાર ગોહેલ નોંધણજી તથા કુંવર પ્રતાપસંગજીના નામથી કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ સમક્ષ તા. ૨૭-૧-૧૮૩૬ (વિ. સં. ૧૮૯૨ મહા સુદ ૯)ના રોજ કરવામાં આવી હતી.

આ અરજીની નકલ તો મળી શકી નથી, પણ સને ૧૮૭૫ ના એક સરકારી અહેવાલમાં આનો એક ફકરો નોંધાયેલો મળે છે તે ઉપરથી દરબાર તરફથી આવી માગણી થયાનો ખ્યાલ આવે છે.

આ સરકારી અહેવાલ એટલે જમીનની માલિકીના મુદ્દાને લગતી પાલિતાણા રાજ્ય તથા જૈન કોમ (પેઢી) વચ્ચે ઊભી થયેલી તકરારની વિગતવાર તપાસને અંતે મુંબઈ સરકારે તૈયાર કરેલ અહેવાલ. મુંબઈ સરકારે તા. ૨૪-૨-૧૮૭૫ ના ઠરાવથી આ બાબતમાં પૂરતી તપાસ કરીને પોતાનો અહેવાલ મોકલવાનો આદેશ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. પીલને કર્યો હતો. અને મિ. પીલે આ કામ પોતાના એકિટંગ જ્યુડિશિયલ આસિસ્ટન્ટ મિ. કેન્ડીને સોંપ્યું હતું.

મિ. કેન્ડીએ આ તપાસ દરમિયાન જે કંઈ માહિતી મેળવી હતી તેમાં એક મુદ્દો આ પ્રમાણે એમણે નોંધ્યો હતો : 'બીજો એક અગત્યનો દાખલો ઠાકોર નોંધણજીએ પોલિટીકલ એજન્ટને મોકલેલી તા. ૨૭ જાન્યુ. ૧૮૩૬ ની ગુજરાતી યાદ છે તે અગત્યની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે નવાં દહેરાં બાંધવાને પૈસા લેવા ઠાકોરના હક વિશે પહેલવહેલું તે સ્પષ્ટ માંગુ છે." નવમા પેરેગ્રાફનો થોડોક ભાગ આ પ્રમાણે છે : "ડુંગર ઉપર તેઓ એક પછી એક દહેરાં બાંધે જાય છે. ('ડુંક' અથવા અહીં લખેલી 'ડુંગ'નો અર્થ કોટ છે જેની અંદર દહેરાં છે.) કાંઈ પણ નવું પગલું કે પ્રતિમા બેસાડે તેને માટે 'નજરાણો' લેવાનો મારો રિવાજ છે. પણ હાલ તો મને દોકડો આપતા નથી એટલું જ નહિ, તેમ પરવાનગી પણ લેતા નથી. ડુંગરની જમીન મારી છે." (મૂળ ગુજરાતી યાદમાંનું આ લખાણ આ પ્રમાણે છે : "હાથ એક જગા નવી કરે તથા પૂતળું એક માંડે તો અમોને રાજી કરીને બોલ્યા પ્રમાણે રૂપૈયા આપીને કરે. પણ હાલ તો અમને દોકડો દેતા નથી ને પૂછતા પણ નથી.") (પાલીતાણા જૈન પ્રકરણ, પૃ. ૭).

આ જ યાદમાંની ૧૦ મી કલમની નકલ પેઢીના દફ્તરમાં નોંધાયેલી આ પ્રમાણે મળે છે :

"તા. ૨૭ જાનેવારી સને ૧૮૩૬ સન (વિ. સં.) ૧૮૯૨ ના માહા સુદી ૯.

"મે. લાંન્ગ સાહેબ હજુર ગેાહીલ નેાઘણજી તથા કુંવર પરતાપસંગજીએ ઈજારા સંબંધી કલમ ૧૧ ની અરજી આપેલ તેમાંથી ઇનતેખાબ.

"૧૦. અમારા ડુંગરની જગેા તેા અમારી છે પણ સેઠવાલા તેા પેાતાની બાપુકી કરી બેઠા છે ને પાલીતાણા તાલુકા ઉપર કરજ કરીને તાલુકેા ડુબાવ્યેા છે. પણ સાહેબના રાજમાં એવડેા જુલમ કરે છે તે સાહેબ મહેરબાન થઈ અમારેા ખુલાસેા કરી આપવા સરકાર ઘણી સમરથ છેા. એ જ અરજ સંવત ૧૮૯૨ ના પેાસ વદી ૧૧."

દરબારની આ માગણી બાબતમાં વધારામાં મિ. કેન્ડીએ પેાતાના અહેવાલમાં (પૃ. ૮) લખ્યું છે કે, "શ્રાવકની તરફથી તકરાર બતાવે છે કે ઠાકેારે સને ૧૮૩૮ માં એ યાદ પાછી ખેંચી લીધી છે. અને તે સાલની ગુજરાતી યાદ જોવરાવવા માગે છે, જેમાં તેઓના કહેવામાં છે કે ઠાકેાર લખે છે કે અદેખા લેાકેાની સલાહથી ભૂલથી તેણે ૧૮૩૬ ની યાદ આપેલી છે, પણ આ યાદ સહી વગરની છે અને દફ્તરમાં ૧૮૩૮ ની યાદનેા પત્તેા મળતેા નથી, માટે હાલનેા દાવેા અથવા તેને લગતેા કેાઈપણ દાવેા ૧૮૩૬ ની સાલમાં ખુલી રીતે કરવામાં આવેલેા એમ સાબિત થયું એમ ગણવું જોઈએ; પણ તે ઉપર કાંઈ કર્યું હેાય એમ જણાતું નથી."

મિ. કેન્ડીએ આ ફકરામાં જે કંઈ સૂચવ્યું છે તેનેા અર્થ એ થાય છે કે દરબારે સને ૧૮૩૬ ની સાલમાં આપેલી યાદ ખરી હતી અને તે પાછી ખેંચી લીધાની શ્રાવક કેામની વાત તેમને વજૂદવાળી લાગી ન હેાય. એટલે એમણે તેા, દરબારશ્રીએ જમીનની માલિકીના હક સંબંધી તથા જે જમીન ઉપયેાગમાં લેવામાં આવે તેનું વળતર લેવાનેા પેાતાનેા હક હેાવા સંબંધી માગણી સાચી છે, એમ જ માની લીધું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આની સામે પેઢીના દફ્તરમાં (દફ્તર નં.-૫, ફાઈલ નં. ૪૭) દરબારશ્રીએ પાલીતાણાના પોલીટીકલ એજન્ટ મિ. જેમ્સ આસ્કીનને તા. ૧૩-૧-૧૮૩૮ ના રોજ એક યાદ મોકલી હતી જે આ પ્રમાણે હતી: "મી. સરકાર જેમસ આસકીન સાહેબ ઈસ્કવાયર પોલિટીકલ એજન્ટ પ્રાંત કાઠિયાવાડની બીજમતમાં-પાલીતાણેથી ગોહીલ નોધણજી તા. કુંવર પ્રતાપસીંગજીની અરજી આપી, કલમ ૧૧ વાલી અરજી આપેલ છે તે બદસલ્હાથી આપેલ છે, માટે રદ સમજસો."

આ ઉપરથી જોઈ શકાય છે કે પાલિતાણાના દરબારશ્રીએ સને ૧૮૩૬ ની સાલમાં જમીનના હક બાબત આપેલ અરજી અંગે બેમત પ્રવર્તતા હતા. મિ. કેન્ડીના મતે આ અરજી ન તો રદ થઈ હતી કે ન તો દરબારશ્રીએ પાછી ખેંચી લીધી હતી; જ્યારે શ્રાવકોએ કરેલ રજૂઆત પ્રમાણે તેમજ પાલીતાણા દરબારશ્રીની સને ૧૮૩૮ ની ઉપર આપેલી યાદના આધારે એ સ્પષ્ટ થાય છે કે દરબારે આ અરજી પાછી ખેંચી લીધી હતી. આમાં વાસ્તવિક સ્થિતિ શી હતી તેની વધારે તપાસ કરવાની જરૂર એટલા માટે નથી કે આ અરજીના આધારે તે વખતે એજન્સીએ કોઈપણ જાતનાં પગલાં લીધાં હોય અથવા એ અરજી કાઢી નાખી હોય એવી કશી માહિતી જાણવા મળતી નથી. આ વાતની અહીં આ રૂપમાં રજૂઆત કરવાનો મુખ્ય હેતુ એ જ છે કે ગિરિરાજ ઉપરની ગઢની અંદરની તેમજ ગઢની બહારની જમીન ઉપર પોતાનો માલિકી હક હોવાની વાતની રજૂઆત દરબારશ્રીએ સૌથી પહેલાં સને ૧૮૩૬ ની આ યાદથી જ કરી હતી.

આ પછી આ પ્રશ્ન દરબારશ્રી તરફથી પાંત્રીસેક વર્ષ સુધી ઊભો કરવામાં આવ્યો હોય અને એનો જવાબ આપવાની જરૂર જૈન સંઘને અથવા પેઢીને પડી હોય તેમજ એજન્સીને એ બાબતમાં કોઈ પણ જાતનાં પગલાં ભરવાં પડ્યાં હોય એવી કશી માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી. પાલીતાણાના દરબારશ્રીએ ગિરિરાજ ઉપર ગઢની બહાર કે ગઢની અંદર નાનું કે મોટું દેવસ્થાન બનાવવા અંગે અથવા તો પ્રતિમા પધરાવવાના કામ નિમિત્તે પૈસા લેવાનો પોતાનો હક હોવાની વાત પહેલીવહેલી કરી તેની વિગત આ પ્રમાણે છે-

વિ. સં. ૧૯૩૦ ના માગસર મહિનામાં અમદાવાદના શ્રી વરજીવનદાસ મૂલચંદ, શેઠ મગનભાઈ કરમચંદની પેઢીના શ્રી મંગળદાસ પૂંજાભાઈ તથા શેઠ જેઠાચંદનાં વિધવા બાઈ કુંવર ગિરિરાજ ઉપર કોઈ એક જિનમંદિરમાં જિનપ્રતિમા પધરાવવા માટે પાલીતાણા ગયાં હતાં. એ વખતે પાલીતાણાના દરબારશ્રી તરફથી, પ્રતિમા પધરાવવા માટે અમુક રકમની માગણી કરવામાં આવી હતી. પણ શ્રી વરજીવનભાઈ એ એનો ઇન્કાર કર્યો તે એટલા માટે કે જો પોતે આ રીતે રકમ આપે તો પ્રતિમા પધરાવવા માટે પૈસા લેવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરબારશ્રીના હકની સાબિતી કરતો એક દાખલો બની જાય, જે જૈન સંઘના આ તીર્થ અંગેના હક માટે આધારૂપ બની રહે.

આ કિસ્સાની વિશેષ વિગત શ્રી વરજીવન મૂલચંદ તા. ૨૨-૭-૧૮૭૫ના રોજ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટના એક્ટિંગ જ્યુડિશીયલ આસિસ્ટન્ટ શ્રી ઇ. ટી. કેન્ડી સમક્ષ આપેલ જુબાનીમાંથી જાણવા મળે છે.

આ જુબાનીમાં શ્રી વરજીવનદાસે જણાવ્યું હતું કે, વિ. સં. ૧૯૨૮ માં એમણે એમના સસરા શ્રી કિશોરદાસની વતી શ્રી સાંકળચંદની ટૂકમાં રૂ. ૬૫૦/- ના ખર્ચે એક દેરું બંધાવ્યું હતું અને સં. ૧૯૩૦ માં હું એમાં જિનપ્રતિમા પધરાવવા પાલીતાણા ગયો હતો. આ કામ માટે પખાસન બનાવવા માટે છગન નામના કડિયાને બોલાવ્યો, પણ છગને ઠાકોર-સાહેબની પરવાનગી વગર એ કામ કરવાનો ઇન્કાર કરી દીધો. તેથી અમે બંને જણા ઠાકોરસાહેબ પાસે ગયા. એ વખતે ઠાકોરસાહેબે આવી મંજૂરી આપવા માટે મારી પાસે રૂ. ૨૦૦૦/- ની માગણી કરી. મેં ના કહી. ઠાકોરસાહેબે આવી માગણી કયારેય કરી હોય એવું મારા જાણવામાં આવ્યું ન હતું. આ માટે આણંદજી કલ્યાણજીની રજા મેળવવી જરૂરી હતી. બીજે દિવસે અનુપરામે મને બોલાવ્યો. એણે મને રૂ. ૨૦૦૦/- થી ઓછા રૂ. ૧૨૦૦/- થી રૂ. ૧૪૦૦/- આપવા સૂચવ્યું. અને પછી મને ઠાકોરસાહેબ પાસે લઈ ગયા. ઠાકોરસાહેબે મને છેવટે રૂ. ૨૦/- આપવા કહ્યું; એ પછી એમણે એમ કહ્યું કે જો હું લેખિત અરજી આપું તો મારી પાસેથી કશું નહિ લે. એનો પણ મેં ઇન્કાર કર્યો અને હું ચાલતો થયો. આમ થવાને લીધે મૂર્તિઓની પ્રતિષ્ઠા ન થઈ શકી. આ વાત મેં સોનગઢ ખાતે કર્નલ એન્ડરસન સાહેબને જણાવી. એ વખતે ઠાકોરસાહેબે પોતે કંઈ માગણી કર્યાનો ઇન્કાર કર્યો. પરિણામે મને એન્ડરસન સાહેબે કહ્યું કે કોઈપણ જાતની માગણી પૂરી કર્યા સિવાય હું મૂર્તિઓ પધરાવી શકું છું, પણ પ્રતિષ્ઠાના શુભમૂહુર્તનો દિવસ વીતી ગયો હોવાથી મેં મૂર્તિઓ પધરાવી ન હતી. (દફ્તર નં. ૧૩, ફાઈલ નં. ૧૧૪, પૃ. ૩૩૮, ૩૫૪-૫૫ Printed.)

દરબારશ્રીએ દેરાસરમાં મૂર્તિ પધરાવવા અંગે આ રીતે રકમની માગણી કરી તેના ઉપરથી શત્રુંજય પહાડ ઉપર ગઢની અંદર કે ગઢનો બહારની જમીનમાં દેરાસર કે દેરી બનાવવાં હોય તો તે માટેની જમીનનો ઉપયોગ કરવામાં તેમજ જિનમંદિરમાં મૂર્તિ પધરાવવી હોય તો તે માટે પાલીતાણાના દરબારશ્રી કોઈ પણ રકમની માગણી કરીને દખલગીરી કરી શકે કે કેમ એ વિવાદ ખડો થયો. અને વરજીવનદાસ મૂલચંદ પાસે મૂર્તિ પધરાવવા માટે રૂ. ૨૦૦૦/- ની માગણી શરૂ કરીને છેવટે લેખિત અનુમતિ માગવાનું પાલીતાણા દરબારશ્રીએ કહ્યું તેની પાછળ મુખ્ય મુદ્દો અમુક રકમ લેવાનો નહીં, પણ ગિરિ-રાજ ઉપર પોતાનો માલિકીહક સાબિત કરવાનો હતો એ સ્પષ્ટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વરજીવનદાસ મૂલચંદ વગેરે ત્રણ જણાં, દરબારશ્રીની દખલગીરીથી, ગિરિરાજ ઉપર મૂર્તિઓ ન પધરાવી શકયાં એ મુદ્દા અંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પાલીતાણાના વકીલે તા. ૧-૨-૧૮૭૪ ના રોજ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનને સોનગઢ મુકામે એક અરજી કરીને આ અંગે દાદ માગી હતી. આવી દાદ માગવાની સાથે સાથે એમણે પોતાની અરજીમાં પાલીતાણાના ઠાકોરસાહેબે શેઠ નરસી કેશવજીના, ગિરિરાજ ઉપર બનતા, દેરાસરનું બાંધકામ અટકાવી દીધાની વાતની તેમજ સૂરજકુંડ ઉપર મૂકવામાં આવનાર પવનચક્કી (પરિયિન વ્હીલ) માટે થાંભલાઓ ઊભા કરવાની મનાઈ કરી હતી તે વાતની પણ રજૂઆત કરી હતી.

આ અરજીના અનુસંધાનમાં તા. ૪-૨-૧૮૭૪ ના રોજ શ્રી મથુરભાઈ જેઠાભાઈએ શેઠ આણંદજી કલ્યાણજીની વતી કર્નલ ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનને બીજી અરજી કરી હતી અને એમાં એમણે, જો તેઓ ઇચ્છે તો, વરજીવન મૂલચંદ પોતાની વાત રૂબરૂ રજૂ કરવા માટે તેઓને મળવા તૈયાર છે એમ જણાવ્યું હતું. વિશેષમાં આ અરજીમાં એમણે એમ પણ સૂચવ્યું હતું કે, પાલીતાણાના દરબારશ્રીએ શ્રાવકોની મિલકત પર પોતાનો હક સાબિત કરવાને માટે ગિરિરાજ ઉપર તેમજ ગિરિરાજની નીચે મંદિરો તથા ધર્મશાળાઓનું કોઈ પણ જાતનું સમારકામ કરવા માટે નહિ જવાનો કડિયાઓને તાકીદ કરી હતી; ફક્ત ધોળવાનું અને પ્લાસ્ટરનું કામ કરવા જેટલી જ એમને છૂટ આપી હતી. આવી બધી કનડગતની સામે આ અરજીમાં દાદ માગવામાં આવી હતી અને દરમિયાનગીરી કરવાનું કહેવામાં આવ્યું હતું.

જ્યારે તા. ૭-૨-૧૮૭૪ ના રોજ આ બાબતની વિચારણા કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસને હાથ ધરી ત્યારે એમણે જણાવ્યું હતું. (નં. ૧૬૮/૧૮૭૪) કે પાલીતાણાના દરબારશ્રી, શ્રી વરજીવન મૂલચંદ અને બીજાઓ એમનાં મંદિરોમાં કોઇ પણ જાતની રકમ આપ્યા વગર મૂર્તિ પધરાવે, એ માટે સંમત થયા છે. વળી, સૂરજકુંડ ઉપર પવનચક્કી માટે થાંભલા બાંધવાની તેમજ નરસી કેશવજીના દેરાસરનું બાંધકામ કરવા દેવાની અનુમતિ પણ દરબારશ્રી આપવા તૈયાર છે એ પણ સૂચવ્યું હતું. આ બાબતમાં દરબારશ્રીની માગણી એક જ હતી કે પવનચક્કીમાં નવી જમીનનો ઉપયોગ ન કરવો અને કેશવજી નાયકના દેરાસરનો નકશો દરબારશ્રી સમક્ષ રજૂ કરવો, જેથી તેઓ એ વાતની ખાતરી કરી શકે કે એમાં પણ કોઈ નવી જમીનનો ઉપયોગ કરવામાં નથી આવ્યો.

પણ આમાં મૂળભૂત વાત જૈન સંઘના ગિરિરાજ ઉપરની જમીન ઉપરના હકને લગતી મહત્ત્વની હતી. એટલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓને કર્નલ ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસનના ઉપર મુજબના ફેંસલાથી સંતોષ ન થયો, તેથી પેઢીની વતી શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મથુરભાઈએ તા. ૧૦-૨-૧૮૭૪ના રોજ કર્નલ એન્ડરસન જોગ બીજી એક અરજી મોકલી. અને એમણે સ્પષ્ટપણે કહ્યું કે દરબારશ્રી પોતાના નવા હકો ઊભા કરવા માગે છે તે વાતને આપના ફેંસલાથી સમર્થન મળે છે. પણ એમનો આવા નવા હકો ઊભા કરવાનો પ્રયત્ન આધારહીન છે. એટલે અમારી અરજ છે કે આપ આ સમગ્ર બાબત અંગે ફરીથી વિચારણા કરવા મહેરબાની કરશો, અને આપે આપેલ ફેંસલામાં ને ખાસ કરીને એના છેલ્લા ફકરામાં ફેરફાર કરશો.

શેઠ આણંદજી કલ્યાણજીની વતી શ્રી મથુરભાઈ તરફથી ઉપર મુજબની રજૂઆત કરતી અરજી પોતાને મળ્યા પછી એમ લાગે છે કે, કર્નલ એન્ડરસને ગોહેલવાડ પ્રાંતના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન એલ. રસેલને આ અરજીની નકલ સાથે એવી નોંધ મોકલી હતી કે ગિરિરાજ ઉપરની ટૂકોની અંદરની બધી જમીન ઉપર દરબારશ્રી શો હક ધરાવે છે, અને એ મિલકત શ્રાવકોની ગણાય કે કેમ ? તેની ખાતરી કરીને તેનો અહેવાલ પોતાને લખી જણાવવો.

પોલિટીકલ એજન્ટ તરફથી પોતાને આ પ્રમાણેની નોંધ મળ્યાની જાણ તા. ૨૭-૨-૧૮૭૪ના રોજ પાલીતાણાના દરબારશ્રીને આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન એલ. રસેલ તરફથી કરવામાં આવી અને વધુમાં એમાં ફરમાવવામાં આવ્યું કે આ અંગે તમારે જે કંઈ જવાબ આપવો હોય તે એક અઠવાડિયામાં મોકલી આપવો.

દરબારશ્રી વતી આ અંગેના કેસની રજૂઆત શ્રી કેશવલાલ નાનાભાઈએ એક અઠવાડિયાને બદલે વધુ સમય મેળવીને તા. ૨૧-૩-૧૮૭૪ના રોજ આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન એલ. રસેલ સમક્ષ વિસ્તારથી કરી અને તેમાં એમણે એવી માગણી કરી કે તા. ૭-૨-૧૮૭૪ના રોજ પોલિટિકલ એજન્ટ કર્નલ એન્ડરસને જે ફેંસલો આપ્યો છે એમાં ફેરફાર કરવાની જરૂર નથી. (કર્નલ એન્ડરસને ગઢની અંદર પણ જો દેરાસર વગેરે માટે જમીનનો ઉપયોગ કરવો હોય તો તે માટે દરબારશ્રીની મંજૂરી મેળવવાની જરૂર સંબંધી ઉલ્લેખ કર્યો હતો.)

આ ઉપરથી આ અંગેની તપાસ કર્યા બાદ આસિસ્ટન્ટ પોલિટીકલ કેપ્ટન રસેલે પોતાનો અહેવાલ પોલિટિકલ એજન્ટ એન્ડરસનને મોકલતાં તા. ૨૪-૩-૧૮૭૪ના રોજ (પત્ર નં. ૧૧૭/૧૮૭૪થી) જણાવ્યું કે શ્રાવકોએ પોતાનાં દેરાસરો માટે જે જમીનનો બરોબરો ઉપયોગ કર્યો હોય તે સિવાયની બાકીની જમીન ઉપર ગઢની અંદર કે ટૂકની અંદરની જમીન ઉપર શ્રાવકોનો કોઈ હક હોય એમ મને નથી લાગતું. ઉપરાંત જે મંદિરો કે પવિત્ર સ્થાનો શ્રાવકોનાં નથી તેની જમીન ઉપર પણ તેમનો હક નથી. વળી, ગઢ અને સિપાઈઓ માટેની ઓરડીઓ વગેરે ઠાકોરસાહેબનાં જ છે. એ જ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહાડ ઉપરની ખુલ્લી જમીન પણ ઠાકોરસાહેબની છે. શ્રાવકોનાં મંદિરો અને એમાં જે કંઈ મૂકવામાં આવેલ છે તે શ્રાવકોની માલિકીનું છે. ઠાકોરસાહેબનું એવું પણ કહેવું છે કે કોઈપણ નવું મંદિર બાંધવું હોય તો એમની પરવાનગી લેવી જરૂરી છે અને એ માટેની જે કંઈ જમીન ઉપયોગમાં લેવામાં આવે તેના પૈસા તેઓ હંમેશાં લેતા આવ્યા છે.

આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન રસેલ તરફથી પોતાને આ પ્રમાણે ખુલાસો મળ્યા બાદ એજન્ટ કર્નલ એન્ડરસને શેઠ આણંદજી કલ્યાણજીને તા. ૨૮-૪-૧૮૭૪ ના રોજ જે જવાબ લખી મોકલ્યો તે આ પ્રમાણે છે :

"જાવક ના. ૩૫
"આજમ સેઠ આણંદજી કલ્યાણજી
પાલીટાણા

"અજતર્ફ. કરનલ ડબલ્યુ. એન્ડરસન સાહેબ પુલેટીકાલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ. ક્રીગર-સેત્રુંજ ડુગર ઉપર નવા દેવલ બંધાય તેના પૈસા પાલીટાણાના ઠાકોર સાહેબ ન લેઈ સકે એવી અરજી આપના એજંટ મથુરભઈ જેઠાભઈ એ અંગ્રેજીમાં તા. ૧૦ મી ફેબરવારી સને ૧૮૭૪ ની કરેલી છે તેના જવાબમાં પાલીતાણાના ઠાકોરસાહેબે આપેલી યાદની નકલ આ સાથે મોકલી લખવાનુ કે અમે એમ સમજીએ છીએ કે ડુંગર ઉપરના ગઢની અંદરની જમીન તો સાવકની છે અને ગઢ બાહેર નવું દેવલ બાંધવા સારૂ સાવકો જમીન લે તેના પઇસા માગવાનો ઠાકોર સાહેબનો હક છે, તા. ૨૮ મી અપરેલ સન ૧૮૭૪.

દુલેરાય વી રૂખુનાથરાય
દફ્તરદાર

ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસન (અંગ્રેજીમાં)
પુલેટીકાલ એજંટ"

પેઢીના દફ્તરમાંથી (નગરશેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈ એ મુંબઈના ગવર્નર સર ફ્રિલિપ એડમંડ વુડહાઉસને તા. ૧૩-૧-૧૮૭૫ ના રોજ કરેલ અરજીના પેરા ૩૩ માંથી) એમ જાણવા મળે છે કે કર્નલ એન્ડરસનના ઉપરોક્ત ચુકાદા સામે પેઢીના એજન્ટે તરત જ વાંધો નોંધાવ્યો હતો. આ વાંધો, ચુકાદામાં ગઢ બહારની જમીન ઉપર દરબારનો હક હોવાની, પોલિટિકલ એજન્ટની માન્યતા સામે રજૂ કરવામાં આવ્યો હતો. પણ એ વાંધો કર્નલ એન્ડરસને ધ્યાનમાં લીધો ન હતો. તેથી એમણે પોતાના ચુકાદામાં કોઈ પણ જાતનો ફેરફાર કર્યો ન હતો.

એક બાજુ જ્યારે પેઢીના એજન્ટની માગણીની આ રીતે કર્નલ એન્ડરસને ઉપેક્ષા કરી હતી ત્યારે બીજી બાજુ પાલીતાણાના ઠાકોરશ્રીએ આ ચુકાદા સામે તા. ૧૨-૭-૧૮૭૪ ના રોજ જે અરજી કરી હતી તેને ધ્યાનમાં લઈ ને કર્નલ એન્ડરસને તા. ૨૩-૧૦-૧૮૭૪ નાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોજ મૌરબી મુકામેથી પોતાના ઉપરોક્ત ફેંસલામાંના કેટલાક શબ્દોની બાબતમાં એવો ખુલાસો કર્યો હતો કે જે પાલીતાણા દરબારની જ તરફેણ કરતો હોય અને એમના લાભનો હોય (અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે જ્યારે એમણે પોતાના ફેંસલામાં ફેરફાર કર્યો ત્યારે તેઓ ભારતમાંથી વિદાય થવાની તૈયારી કરતા હતા.) એમણે પોતાના તા. ૨૩-૧૨-૧૮૭૪ના નં. ૧૫૭૨/૧૮૭૪ના ઓર્ડરથી પોતાના જૂના ઓર્ડરમાં જે ફેરફાર કર્યો તે આ પ્રમાણે હતો.

"૧. છેલ્લા એપ્રિલ મહિનાની ૨૩ મી તારીખના (ખરી રીતે ૨૮ મી તારીખ જોઈએ) હુકમમાં જે વંડી કરી લેવામાં આવેલ વિસ્તાર (enclosure) નો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો અર્થ વંડીમાંનો બધો જ વિસ્તાર અથવા ટૂક અથવા કેપ્ટન રસેલે કહ્યું છે તેમ ગઢ ન સમજવો, પણ કેવળ દરેક મંદિરને અનુલક્ષીને જ કરવામાં આવ્યો હતો.

"૨. પાલીતાણા ઠાકોરસાહેબે એ પુરવાર કરી બતાવ્યું છે કે શત્રુંજય પર્વત ઉપરની ટૂક અથવા વંડીમાં આવેલ જમીન ઉપર તેમનો અધિકાર છે. અને કેપ્ટન રસેલે કહ્યું છે તેમ શ્રાવકોનો અધિકાર તો માત્ર એમનાં મંદિરો ઉપર જ છે.

"૩. એટલા માટે ૨૩ એપ્રિલ (૨૮ મી એપ્રિલ) ૧૮૭૪નો શેરો પાછો ખેંચી લેવામાં આવે છે. અને એના અનુસંધાનમાં આ પ્રમાણે હુકમ કરવ માં આવે છે કે પહાડ ઉપર શ્રાવકોનો હક માત્ર મંદિરો ઉપર જ છે અને ગઢ અને વંડામાં નવાં મંદિર બાંધવાં હોય તો એનો અધિકાર દરબારનો છે, અને નવા મંદિર બાંધવા માટે અગાઉથી એમની મંજૂરી મેળવવી જરૂરી છે."

પોતાના દેશભણી વિદાય થતાં થતાં પોતાના જૂના ઓર્ડરમાં આવો વિચિત્ર ફેરફાર કરીને કર્નલ એન્ડરસને પાલીતાણા દરબાર તરફ કેવળ પક્ષપાત જ બતાવ્યો હતો એ દેખીતું છે. પણ જો કર્નલ એન્ડરસનના આ ફેંસલાને સ્વીકારી લેવામાં આવે તો જૈન સંઘના આ તીર્થ ઉપરના અને વિશેષે કરીને ગઢની અંદરના પરાપૂર્વથી ચાલ્યા આવતા અધિકારને જાણી જોઈને ખોઈ બેસવા જેવી જ ભૂલ થઈ ગણાય, અને આવી ભૂલ જૈન સંઘના તેમજ પેઢીના તીર્થભક્તિપરાયણ, બાહોશ અને વિચક્ષણ આગેવાનોના હાથે થવા પામે એ કોઈ રીતે બનવાજોગ ન હતું.

તેથી જ આ પરિસ્થિતિ તથા પાલીતાણા રાજ્ય સાથે અવારનવાર એક યા બીજા કારણે ઊભી થતી નાનીમોટી અથડામણોને ધ્યાનમાં લઈને તીર્થ ઉપરના જૈન સંઘના છેક પ્રાચીનકાળથી ચાલ્યા આવતા હકોનું રક્ષણ કરવાના આશયથી તેમજ એન્ડરસને ફેરવી તોળેલ પોતાના ઓર્ડરનો લાભ લઈને પાલીતાણાના દરબારશ્રી શત્રુંજય ગિરિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ ઉપર પોતાનો ગેરકાયદે કબજો જમાવવાની હિલચાલ કરતા અટકે, વગેરે અનેક મુદ્દાઓને ધ્યાનમાં લઈને પેઢીના પ્રમુખ નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ વગેરેને મુંબઈના નામદાર ગવર્નર સર ફ્રિલિપ એડમંડ વુડહાઉસને તા. ૧૩-૧-૧૮૭૫ના રોજ એક સવિસ્તર અરજ કરવાની ફરજ પડી હતી. (આ અરજીમાં પેઢીના તે વખતના આઠેય વહીવટદાર પ્રતિનિધિઓએ સહી કરી હતી, જેમનાં નામ આ પ્રમાણે છે : શેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈ, શેઠશ્રી જેસીંગભાઈ હઠીસીંગ, શેઠશ્રી હઠીસીંગ કેસરીસીંગ, શેઠશ્રી કરમચંદ પ્રેમચંદ, શેઠશ્રી દલપતભાઈ ભગુભાઈ, શેઠશ્રી ભગુભાઈ પ્રેમચંદ, શેઠશ્રી મંછારામ ગોકળદાસ અને શેઠશ્રી પુરુષોત્તમ પુંજશા.)

શેઠ પ્રેમાભાઈ હેમાભાઈની આ અરજી મળ્યા પછી, મુંબઈના નામદાર ગવર્નરશ્રીને એ અરજીમાં રજૂ થયેલ બાબતો અંગે ને ખાસ કરીને શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ગઢની અંદર તથા ગઢની બહાર નાનું-મોટું દેવસ્થાન બનાવવા માટે, તેમજ કોઈ પણ દેરા કે દેરીમાં મૂર્તિ પધરાવવા માટે, પાલીતાણાના દરબારશ્રીની અનુમતિ મેળવવાની અથવા એમને એ માટે કોઈ પણ રકમ આપવાની જરૂર ન હોવા સંબંધી પરાપૂર્વથી ચાલ્યા આવતા હક અંગે ગંભીરપણે અને વિગતવાર તપાસ કરવાની જરૂર લાગી એટલે એમણે મુંબઈ સરકારના તા. ૨૪-૨-૧૯૭૫ના નં. ૧૩૦૮ના ઠરાવથી આવી તપાસ કરવાનું કામ તે વખતના કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. જે. બી. પીલને સોંપ્યું. આ કામ બહુ જ ઊંડી તપાસ માગી લે એવું હોવાથી એમણે એ કામની જવાબદારી પોતાના એકિટંગ જ્યુડીશીયલ આસિસ્ટન્ટ મિ. ઈ. ટી. કેન્ડીને સોંપ્યું : આની સાથે સાથે એમણે તા. ૧-૩-૧૮૭૫ના રોજ શેઠ પ્રેમાભાઈ હેમાભાઈને સંબોધીને એક પત્ર પણ લખ્યો જે આ પ્રમાણે હતો :

"આજમ શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ
અમદાવાદ

"આપ તરફ જે. બી. પીલ સાહેબ એસકવાયર પોલિટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ ગીગર શેત્રુજા ડુંગર ઉપર થતી હરકત બાબત આપના તરફથી મુંબઈ સરકારમાં તા. ૧૩ જાનેવારી સને ૧૮૭૫ની અરજી કરેલી તે બાબત સરકારના ઠરાવ ઉપરથી જે હુકમ આંહીથી કરવામાં આવ્યો છે તેની એક નકલ આ જોડે મોકલી લખવાનું કે તે પ્રમાણે આપના તરફથી અમલ થયો જોઈએ તારીખ ૧ માર્ચ સને ૧૮૭૫ ઉપલેટા

(જે. બી. પીલ)
પોલીટીકલ એજંટ"

(દફ્તર નં. ૧૫, ચોપડા/ફાઇલ નં. ૧૩૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત પત્રમાં જે હુકમનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે નીચે આપવામાં આવે છે.

"ગુજરાતના શ્રાવક લોકો તરફથી શેઠ પ્રેમાભાઈ હીરાભાઈ વગેરેએ મુંબઈ સરકારમાં તારીખ ૧૩ જાનેવારી સ. ૧૮૭૫ની અરજી કરેલી કે શેત્રુંજા ડુંગર ઉપર શ્રાવકોના દેવળ વગેરે જે હકો છે તેમાં પાલીતાણા ઠાકોર સાહેબ તરફથી નવીન હરકતો થાય છે તે બાબતની જોઇએ. તે ઉપર સરકારનો ઠરાવ નંબર ૧૩૦૮ તારીખ ૨૪ ફેબ્રુઆરવારી સન ૧૮૭૫નો આવો છે તેમાં પ્રથમ એટલો તપાશ કરવાનું લખ્યું છે કે શેત્રુંજા ડુંગર ઉપર દેવળો માટે જમીન જોઈએ તે બાબતમાં ઠાકોર સાહેબ તથા શ્રાવકોના શા શા હકો છે તે નક્કી કરવું."

"એ જમીનની માલીકી અનુમાન રીતે તાલુકાના બણીની હોય તે લેખે આ કમની તપાસમાં શ્રાવકોએ વાદી થવું જોઇએ ને પાલીતાણાના ઠાકોરસાહેબ પ્રતીવાદી થશે અને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે આ કામની તજવીજ પોલીટીકલ એજન્ટ સાહેબની રૂબરૂ રાજકોટ મુકામે તા. ૨૦ જુલાઈ તથા તે પછીના દિવસોએ ચાલશે તે દરમીયાનનો વખત દાખલા પુરાવા તૈયાર રાખવા માટે આપવામાં આવે છે ત્યાર પછી કોઈ જાતની વધારે મુદત આપવામાં નહી આવે.

"વાસ્તે ખબર થ્થા અમલ થવા આ શેરો સ્વસ્થાન પાલીટાંણા તરફ મોકલવી એક નકલ શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ તરફ જુદી ચીઠી સાથે મોકલવી તારીખ ૧ માસ્ચ સને ૧૮૭૫ મુકામ ઉપલેટા

"ફુલેરાય વી. રઘુનાથરાય
દફ્તરદાર

"મહેરબાન પીલ સાહેબ
પોલી. એજન્ટ"

ખરી નકલ
(જે. બી. પીલ)
પોલીટીકલ એજન્ટ

(દફ્તર નં. ૧૫૬ ચોપડા/ફાઇલ નં. ૧૩૩)

આ કાગળમાં જણાવ્યા મુજબ આ બાબતની વિગતવાર તપાસ કરવાનું કામ મિ. ઈ. ટી. કેન્ડીએ તા. ૨૦-૭-૧૮૭૫થી શરૂ કર્યું. તા. ૨૧-૭-૧૮૭૫ના રોજ સૌથી પહેલી જુબાની એમણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈની લીધી. આ જુબાની મિ. બ્રાન્સને લીધી હતી. આ જુબાનીમાં નગરશેઠશ્રી પ્રેમાભાઈએ સ્પષ્ટ જણાવ્યું હતું કે શત્રુંજય ડુંગર ઉપર ગઢની અંદર તથા ગઢની બહાર બાંધવામાં આવેલ નાનામોટા દેવસ્થાન માટે પાલીતાણાના દરબારશ્રીની ન તો મંજૂરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવામાં આવતી, ન તો એમને કોઈ પણ જાતનું વળતર આપવામાં આવતું, આ દેવ-સ્થાનોમાં એમના પિતાશ્રીએ બંધાવેલ એક ટૂક, જે શેઠશ્રી હેમાભાઈની ટૂક તરીકે જાણીતી છે, એક બીજું દેરાસર અને પોતે બંધાવેલ છ દેરીઓનો સમાવેશ થતો હતો એ વાતનો પણ એમણે નિર્દેશ કર્યો હતો.

આ રીતે શેઠશ્રી પ્રેમાભાઈની જુબાની સહિત કુલ ચોત્રીસ જેટલા સાક્ષીઓની જુબાની રાજકોટ મુકામે લેવામાં આવી હતી, તેમાં ૧૭ શ્રાવક કોમ તરફના સાક્ષી હતા અને ૧૭ દરબાર તરફના સાક્ષી હતા. આ ઉપરાંત કમિશન દ્વારા, અમદાવાદ-માંથી ૧૬ સાક્ષીઓની તથા મુંબઈમાંથી ૧૨ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. અમદાવાદ તથા મુંબઈના બધા સાક્ષીઓ પેઢી તરફના એટલે કે શ્રાવક કોમ તરફના હતા. આ રીતે આ કેસમાં કુલ ૬૨ સાક્ષીઓની જુબાનીતથા તેમની ઊલટ-તપાસ રજૂ થઈ હતી. વળી, આ કેસમાં કુલ અઠ્યાતેર પુરાવાઓ રજૂ થયા હતા. જેમાં શ્રી શત્રુંજય તીર્થને લગતા, મોગલ સમ્રાટોએ આપેલ, ૭ ફરમાનોનો પણ સમાવેશ થતો હતો.

પેઢી તરફથી જે સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા તેમાં તે વખતના બે પ્રતાપી શ્રમણભગવંતોનો પણ સમાવેશ થતો હતો : એક, પરમપૂજ્ય મુનિશ્રી આત્મારામજી (જેઓ પાછળથી આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજીના નામે જૈન સંઘમાં પ્રસિદ્ધ થયા હતા). બીજા શ્રમણભગવંત તે પ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી મણિવિજયજી કે જેઓ તપગચ્છ સંઘમાં મણિવિજયજી દાદાના આદરસૂચક નામથી વિખ્યાત થયા હતા. આ બંનેની જુબાની અમદાવાદમાં કમિશન દ્વારા લેવામાં આવી હતી. પ. પૂ. મણિવિજયજી દાદાએ પોતાની જુબાની તા. ૧૦-૮-૧૮૭૫ના રોજ લવારની પોળમાં આપી હતી. એ વખતે એમની ઉંમર ૭૯ વર્ષની હતી. અને પ. પૂ. આત્મારામજી મહારાજે દલપતભાઈ શેઠના મકાનમાં પોતાની જુબાની તા ૯-૮-૧૮૭૫ના રોજ આપી હતી, તે વખતે એમની ઉંમર ૩૮ વર્ષની હતી.

આ જુબાનીઓના એક નમૂનારૂપે પ. પૂ. આત્મારામજી મહારાજની જુબાની તથા એમની ઊલટતપાસમાં થયેલ સવાલજવાબ અહીં આપવામાં આવે છે જે આ પ્રમાણે છે :

જુબાની

"સવાલ-૧. તમો શેતરૂંજ ડુંગર ઉપર કેટલી વખત અને કયારે કયારે ગયેલા છો અને કેટલી વખત સુધી તમારૂ ત્યાહા રહેવુ થએલુ ?

"જવાબ-૧. હું આતમારામજી મારા ધરમ પ્રમાણે પ્રતીગીના કરી લખાવું છું કે મારૂ નામ આતમારામજી છે. મારા ગરૂનું નામ બુધવજેજી છે. મારો ધરમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીંદુનો છે. જાતનો શાધુ જૈન ધરમનો છું. મારી ઉમર આશરે વરશ ૩૮ની છે. કા. ધરમબોધ કરવાનો. રેવાસી હાલ અમદાવાદમાં રતનપોલમાંનો તે હાલ દલપતભાઈ શેઠના મકાનમાં આ શવાલના જવાપ લખાવુ છું.

"જવાપ કે શતરેંજા ડુગર ઉપર હું હાલ શાલના આશરે ચઈતર મહીનામાં ગયેા હતેા ને તાહાં પંદર દીવશ રહેવું થઊ હતું ને એ શીવાએ બીજી કેાઇ વખત ગએા નથી.

"સવાલ-૨. શ્રાવક શીવાય બીજા કેાઈનું બાંધેલું ડેહેરૂ અગર મકાંન છે?

"જવાબ-૨. જવાપ કે શાવકેા શીવાએ બીજા કેાઈનું દેરૂ અથવા મકાંન નથી.

"સવાલ-૩. શેતરૂંજા ડુગર ઉપર અંગારશા પીર અને શીવલીંગની જગા છે હા કહેા તેા તેની મરામત વીગેરે કેાહેાના તરફથી થાય છે અને કેાહેાના શા કારણ બનાવેલા છે?

"જવાબ-૩. જવાપ કે અંગારશા પીર અને શીવલીંગની જગાં છે ને તેની મરામત વીગેરે શાવક લેાકેાની તરફથી થાએ છે ને તે પીર તા. શીવલંગની જગાં શાવક લેાકેાના બનાવેલ છે. ને અમારા ઘરડા શાધુએાથી મારા જાણવામાં આવું છે કે પેહેલાંના પાદશાહા લેાકેા બીજા ધરમના દેવલેાના ઘણા નાશ કરતાં હતાં તેથી તે નાશનેા બચાવ થવા શારૂ તેમના ધરમનું એટલે પીરની કબર બાંધેલી છે અને એ ડુંગર ઉપર શાવક લેાકેાની તરફથી ઘણા માણુશ રહે છે તે એક ધરમના નથી તેથી શાવકેા શીવાએ બીજા ધરમવાલાએાને પુજા કરવા શારૂ શીવની જગા બાધી છે એટલે શીવનું થાનક રાખેલું છે.

"સવાલ-૪. શેતરૂંજા ડુંગર ઉપર મેાહેાટેા ગઢ છે અને તે શી રીતે બનાવેલેા કયાહાંથી પથર લીધેલા ને તેના ઉપર હાલ શુધી મરામત ખરચ કેાહેાના તરફથી થાય છે અને સદરહુ ડુગર ઉપર દેહેરા વીશામાં કુડ પગથીઆ વીગરે બાબત તમારા જે જે માહીતી હેાય તે બતાવેા.

"જવાબ-૪. જવાપ કે ઘડ છે ને તે પથરને ચુનાથી બનાવેલેા છે ને તે પથરેાની શીથતિ જેતાં મારા ધાનમાં એવું આવે છે કે ડુગરમાંથી એ પથર આણેલા ને એના ઉપર મરામત ખરચ જે થાએ છે તે આણદજી કલ્યાણજીની તરફથી થાએ છે ને એ ડુગર ઉપર મેાહેાટુ દેહેરૂ આદેશર ભગવાનનુ છે તેમ શાભલુ છે. તા. ગરથ ઉપરથી હું જાણું છું કે કુવારપાળ રાજાના પરધાન નામે બાહાડ થઈ ગએા છે તેમનું બનાવેલું છે ને તે શાવક હતાં, ને વલી ઉપલા જ કારણુથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણું છું કે એક દેહેરૂ કુમારપાળ રાજાનું બનાવેલું છે ને તે શીવાએના બીજા દેહેરા વીગેરે શાવકોના બનાવેલા મારા જાણવામાં આવા છે.

" સવાલ–૫. આજ્ઞા શેતરૂજા ડુગર ઉપર પાલીતાણાના ઠાકોર શાહેબનું કાંઇ મકાન આવેલું છે ?

" જવાબ–૫. જવાપ કે ના જી, કાંઇ પણ મકાન પાલીતાણાના ઠાકોરનું બનાવેલું નથી.

" સવાલ–૬. તળાટીથી તે આખા ડુંગર ઉપર ચોકીપહેરા કોહોના રહે છે ?

" જવાબ–૬. જવાપ કે આણંદજી કલ્યાણજીની તરફથી ચોકીપેરા વીગરેનો બંદોબસ્ત રહે છે.

" સવાલ–૭. શેતરૂજા ડુગર શાવક લોકો પોતાના ધરમની પવીત્ર જગાં તરીકે ગણે છે ?

" જવાબ–૭. જવાપ કે હાજી, ઘણી પવીતર એ જગો ગણાએ છે.

" સવાલ–૮. શેતરૂજા ડુગર ઉપર નવું દેવળ વીગેરે કરવા બાબત આણંદજી કલ્યાણજીની પરવાનગી લેવી જરૂર છે ?

" જવાબ–૮. જવાપ કે હા જી, આણંદજી કલ્યાણજીની પરવાનગી લેવાએ છે.

" સવાલ–૯. શેતરૂજા ડુગર ઉપરની ઘાશ શા ઉપયોગમાં આવતી એ તમને માલમ છે ? કદી તે ઘાશ પાલીતાણાના ઠાકોર શાહેબે લીધી તમારા જાણવામાં છે ? અને ઘાશ કાચવવા શરૂ કદી પાલીતાણાના ઠાકોર સાહેબની ચોકીના માણશ તમે જોયા છે અથવા ઘાશ ઠાકોરે કપાવી એવું કદી બન્યુ છે ?

" જવાબ–૯. જવાપ કે આ શવાલમાં લખેલી બાબત મારી માહેતી નથી.

" સવાલ–૧૦. શેતરૂજા ડુગર ઉપરના બાલવાના લાકડા શુ ઉપયોગમાં આવતાં અને કયારથી તે કયાહા સુધી તે લાકડાનો ઉપયોગ આણદજી કલાણજી કરતાં ?

" જવાબ–૧૦. જવાપ કે આ શવાલમાં લખેલી બાબત મારી માહેતી નથી.

" સવાલ–૧૧. હાલના ઠાકોરની ઘાશ લાકડા બાબતમાં કયાહારથી હરકત શીરૂ થઇ તે તમારા જાણવામાં છે ?

" જવાબ–૧૧. જવાપ કે અગીઆરમાં શવાલમાં લખેલી બાબત પણ માહારી માહેતી નથી.

" સવાલ–૧૨. શેતરૂજા ડુગર ઉપર કોઇ ડેહેરૂ ડેહેરી વીશામાં પગથીઆ તથા કુડ તથા મકાન વીગેરે કરવામાં જે જમીન રોકાએલી તે બાબત પાલીતાણાના ઠાકોર શાહેબને કાંઇ પણ આપેલું અથવા ઠાકોર શાહેબે – તેમના વડીલે આગેલું અથવા તેમની પરવાનગી લીધેલી એ વાત કદી તમારા જાણામાં આવી છે ?

" જવાબ–૧૨. જવાપ કે એ શવાલની બાબત ઠાકોર શાહેબની કાંઇ પણ પરવાનગી મગાંઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી તા. આપવામાં કાંઇ પણ આવું નથી ને તેમના વકીલે કોઈ પણ વખત માંગું નથી શાથી કે આપવાનો શીરસ્તો નથી. તારીખ ૨૩ જુલાઇ સને ૧૮૭૫

" સવાલ-૧૩. તમે સાધુ છો ?

" જવાબ-૧૩. જવાબ કે હાજી, હમે શાધુ છીએ.

" સવાલ-૧૪. તમારા ધરમ શાશતરોમાં શેત્રુજા ડુગર વીશે હકીકત છે ? હા કોહો તો તેમાંથી તે દાખલાની નકલો રજુ કરો તા. મજકુર

વાદીના વકીલ ચમનલાલ કપુરચંદની સહી

" જવાબ-૧૪. જવાબ કે હમારા ધરમમાં એ ડુગર વીશે છે તેની નકલો પાચ રજુ કરીએ છીએ એટલે હમારા ધરમશાસ્ત્રોમાં એ ડુગર વીશે જે હકીકત લખેલી છે તે શંશકતમાં તા. પ્રાકતમાં છે તેની નકલો તરજુમા સાથેની મારી શહીથી રજુ કરીએ છીએ.

હરીલાલ

શે. ક. શ. જયુ.

ઊલટતપાસ

" સવાલ-૧. આ કામમાં શાવક તરીકે તમારૂ હીત અનહીત રહેલુ છે ?

" જવાબ-૧. જવાબ કે શાવક તરીક મારૂ હીત ને અનહીત રહેલું નથી શાથી હું શાધુ છું.

" સવાલ-૨. તમે શેત્રુજે ડુગરે ગયાનુ કહો તો એ ડુગરનો વીશતાર ઘેરાવો કેટલો છે ત્યા તેના જુદા જુદા ભાગો ત્યા ગાંલા કહેકહે નામે ઓલખાય છે ?

" જવાબ-૨. જવાબ કે પર દક્ષણ કરવામાં આવે છે તે ઉપરથી હું ધારૂ છું કે એ તમામ ડુગરનો ઘેરાવો આશરે બાર ગાઉ હશેને તેના જુદા જુદા ભાગોના નામની મને માહીતી બરાબર નથી.

" સવાલ ૩. એ ડુગર ઉપર અગારશાહ પીરની જગ્યાં તથા શીવલીગ શીવાય ગઢની અંદર હનુમાનનું દેવળ તથા ખોડીયાર છે અને ગઢની બાહાર હનુમાનનુ દેવળ ત્યા મોટે રસ્તે ખોડિયારની દેરી છે. તથા એ ડુંગરમાં જગે જગે ખોડીઆરના થાનકો છે અને એ ડુગરના પેટામાં અંદર તથા ડુગરપુર ફરીને ગામો છે ?

" જવાબ-૩ જવાબ કે હરમાંનનુ દેવલ છે ખરૂ ને ખોડીઆરની મને શરત નથી. ગઢની બાહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હનુમાંનનું દેવલ છે ને મોહોટે રસ્તે ઓડીઆરની દેહેરી અને જગે જગે ઓડીઆરના થાનકો છે કે નહીં તેની મને બરાબર સરત નથી ને ગામો વીશેની પણ માહેતી નથી.

"સવાલ–૪. ડુગર ઉપર અગારશાહ પીરની જગામાં અંગારશાહ પીરની જગા છે ?

"જવાબ–૪. જવાપ કે જે ડુગર ઉપર લખેલા અમારા શાવક લોકોના છે, તેમાં અંગારશા પીરની કબર ઉપલા કારણથી એટલે વાદીના શવાલના જવાપમાં લખાયેલા કારણથી છે.

"સવાલ–૫. તમે એ અંગારશાહ પીરની ત્થા સીવલીંગની જગા શરાવક તરફથી બનાવેલ તથા મરામત તેઓ તરફથી થવાનું કેહેતાં હો તો તે તમે શા ઉપરથી જાણો છો ને તમે જાતે એ જગાંઓ શીરૂ નવી થતા જોઈ હતી ?

"જવાબ–૫. જવાપ કે જાતે થતાં જાએલી નહી એટલે નવી થતાં જોએલી નહી પણ એ ડુગર ઉપર એ જગા તેથી શાવક લોકોની બનાવલી ને તેનો મરામત બરચ શાવક લોકોની તરફથી એટલે આણદજી કલાણજીની દુકાંનમાંથી થાએ છે ને તે વાત હું શાવક લોકોના કહેવાથી જાણું છું.

"સવાલ–૬. શેત્રુજા સીવાય બીજા ડુગર ઉપર તમારા શરાવકોના દેહેરા હોય ત્યાહા તમે પોતાનો જ બરચે પોતાના તરફથી બીજા ધર્મની જગાંઓ બનાવેલ છે ને બનાવેલ છે તો કહ્યા કહ્યાં શી શી જગાઓ ?

"જવાબ–૬. જવાપ કે મે મારી જાતે કાંઇ બનાવેલું નથી.

"સવાલ–૭. શેત્રેજા ડુગર ઉપર ગઢની મરામત શરાવકો તરફથી થવાનું કેહેતાં હોતો કહા કહા શાલમાં મરામત કરી અને શું શું બરચ થયો અને તમે શા ઉપરથી જાણો છો તે લખાવો.

"જવાબ–૭. જવાપ કે મરામતની વાત શાવકોના કહેવાથી જાણુ છુ ને કંઈ શાલમાં ને કંઈ શાલમાં ને શુ શું બરચ થઇ તેની મને માહેતી નથી.

"સવાલ–૮. તમે આબુ ગીરનાર તુરગા કેશરીયાનાથ ગયા છો ? ગયાં છો તો કેટલી વખત અને તાહા શરાવકોના દેહેરા વીશામાં કુડ પગથીયા વીગેરે છે અને મરામત બરચ શરાવકો તરફથી થાય છે ?

"જવાબ–૮. જવાપ કે હુ આબુજી ગયો છું બીજે ઠેકાણે ગએા નથી એટલે હેમા લખેલે ઠેકાણે ગએા નથી અને આબુ ઉપર શાવક લોકોના દેહેરા તા. ધરમશાલા મોંરા જોવામાં આવેલા છે ને બીજી બાબતમાં મને શરત નથી ને દેહેરા તા. ધરમશાળાનો મરામત શાવકો તરફથી થાએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સવાલ–૯. સદરહું ડુંગરોના માલીકો કોણ છે ?

"જવાબ–૯. જવાબ કે એ સવાલમાં લખેલી બાબત બરાબર માહારી માંહેતી નથી.

"સવાલ–૧૦. શેત્રુંજા ઉપર નોઘણ કુંડ તથા નોઘણપોલ છે ?

"જવાબ–૧૦. જવાબ કે આ સવાલમાં લખેલી બાબત મારી માહેતી નથી.

"સવાલ–૧૧. તળાટીથી આખા ડુંગર ઉપર ચોકી પેહેરા સારાવકોના રેહેવાનું કોહેા તો કેટલાં ચોકીના માણશ કયે કયે ઠેકાણે રહે છે અને તેઓ ચોકી શાની કરે છે ?

"જવાબ–૧૧. જવાબ કે આશરે પચાશ માંણશ રેહે છે ને તે તળાટી તા. ડુંગર તા. દેહેરાની ચોકી કરે છે.

"સવાલ–૧૨. શેત્રુંજ સીવાય સરાવક લોકો પોતાના ધરમની પવીત્ર જગાં તરીકે બીજા કોઈ ડુંગરો ગણે છે ? ગણે છે તો કહ્યા કહ્યા અને તે કહીયા કહીયા છે અને તેના માલીક કોણ છે ?

"જવાબ–૧૨. જવાબ કે શેતરજા ડુંગર શીવાએ ધરનાર તા. તારંગા તા. આબુ તા. શમેતશખર તા. રાજગરીના પાંચ પાહાડ એટલા મારા જાણવા પ્રમાણે પવીત્ર ગણાએ છે પણ શતુરજા જેવા તે નહી ને શેતુંરજે ડુંગર સરવથી ઊતમ છે તે વીશેનુ લખાણ અમારા ધરમશાસ્ત્રમાં પણ છે. ને શેતુરજા સીવાએના બીજા ડુંગર ઉપર લખાવા છે તેના માલેક કોણ છે તેની માહારી માહેતી નથી.

"સવાલ–૧૩. નવું દેવલ બાધવામાં આણુદજી કલાણુજીની પરવાનગી લેવાની જરૂર છે ? કોહેા તો તે શા આધાર ઉપરથી કોહેા છે ?

"જવાબ–૧૩. જવાબ કે આ સવાલમાં લખેલી હકીકત અમારા વડીલોના કહેવાથી અમારા જાણામાં આવેલી તા. કેટલાએક દેહેરા કરનાર લોકોના કેહેવાથી પણ એ વાત મારા જાણવામાં આવેલી.

"સવાલ–૧૪. આણુંદજી કલાણુજીની પરવાનગી કોઇએ ન લીધાના સબબે આણુદજી કલાણુજી તરફથી કોઇને અટકાયત થયાના દાખલા તમારા જાણવામાં છે ? છે તો કોહેાનું દેવળ કયારે અને કેટલી મુદત અટકયું હતું તે કહેા.

"જવાબ–૧૪. જવાબ કે આણુદજી કલાણુજીની પ્રવાનગી લીધા વગદ કોઈ દેવલ બનાવે જ નહી. તેથી એ સવાલમાં લખેલી બાબત કદી જ બની નથી.

"સવાલ–૧૫. શેત્રુંજા ડુંગર ઉપર જ્યાહા જ્યાહા ધાશ થાય છે તે સઘલી જગાંએ ચરવા શારૂ ઢોર ચડી શકે એમ છે ને તે સઘળી જગા તમે નજરે જોઈ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જવાબ–૧૫. જવાપ કે આ શવાલમાં લખેલી બાબત વીશે માહારી માહેતી નથી.

"સવાલ–૧૬. એ ડુગરમાં ઘાસની વીડીઓ કયે કયે ઠેકાણે રખાય છે તથા એ ઘાસના રખાણ શારૂ જે બંદોબસ્ત થાય છે તે તમે નજરે જોયો છે?

"જવાબ–૧૬. જવાપ કે એ શવાલની બાબત પણ માહીતી નથી.

"સવાલ–૧૭. એ ઘાશની બારમાંશી ઉપજ કેટલી છે ને તે ઉપજ કોણ લે છે? એ ઘાશ કયા મહીનામાં કપાય છે તથા તે શી રીતે હવરાવાય છે?

"જવાબ–૧૭. જવાપ કે એ શવાલની બાબત પણ માહીતી નથી.

"સવાલ–૧૮. તમે દરબારના માણશ ઘાશની ચોકીએ જોયા? જોયા ન લખાવો તો ડુગરના તમામ ગાળા તથા ડુગર ઉપરની શઘલી જગાં જોયાવ્યા છો? અને ઘાશની કપાવણી વખત તમે દરેક વરશ જે જગોએ એ ડુગરની ઘાશ કપાય છે તે જગોએ હાજર રેહેતાં હતા?

"જવાબ–૧૮. જવાપ કે આ વીશે માહારી માહેતી નથી.

"સવાલ–૧૯. ડુગર ઉપરના ઘાશનો ઊપીયોગ આણંદજી કલાણજી કરતાં એમ તમે કેહેતાં હો તો શા આધારે?

"જવાબ–૧૯. જવાપ કે આ વીશે પણ માહારી માહેતી નથી.

"સવાલ–૨૦. આણદજી કલાણજી શઘલા ડુગરના લાકડા બાલવાના જ ઉપીયોગમાં લેતાં કે કાંઈ વેચતાં? અને વેચતાં નહી એમ કોહો તો આખા ડુગરના લાકડા તેના બાલવાના ઉપીઓગમાં ખુટી જતાં અને તે લાકડાંને કપાવતાં તે દાડીયા રાખીને કપાવતાં કે શી રીતે?

"જવાબ–૨૦. જવાપ કે આ વિશે પણ માહેતી નથી.

"સવાલ–૨૧. ઘાશ લાકડા બાબત શી રીતે હરકત થઈ ને તે તમારા જાણવામાં સી રીતે આવી તે લખાવો.

"જવાબ–૨૧. જવાપ કે આ વીશે પણ માહેતી નથી.

"સવાલ–૨૨. ડુગર ઉપર દેહેરૂ દેહેરી વીશામાં પગથીયા કુંડ ત્થા મકાંન વીગેરે બધાતાં ઠાકોર સાહેબને કાંઈ પણ આપેલુ અથવા ઠાકોર સાહેબ કે તેમના વડીલે માગેલુ અથવા તેમની પરવાનગી લીધેલાનું ન જાણાનું કોહો તો એ ડુગર ઉપર જ્યારે જ્યારે જે જે દેહેરા ત્થા દેહેરીયો ત્થા વીશામાં તથા પગથીયા તથા કુંડ તથા ઇમારતો વિગેરે બધાણી હોય તેમાં જે જમીન લેવામાં આવી હોએ તેના નાણા આવા હોઅ અથવા ન આવા હોઅ ઠાકોર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાહેબે કે તેમના વડીલે નાણા માગ્યા હોય અગર ન માગયા હોઅ, પરવાનગી લીધી હોય અથવા ન લીધી હોય તે શઘલાની તમારી માહેતીને તમે ફાંકો ધરાવો છો. ફાંકો ધરાવો છો તો દરેક દેહેરા ત્યા દેહેરીઓ ત્યા વીશામાં ત્યા પગથીયા ત્યા કુંડ ત્યા ઇમારતો વીગેરે શઘલાનું પ્રથક પ્રથક વર્ણન કરો કે કહી શાલમાં કહ્યુ કહ્યુ કામ કોણે કર્યું તથા તે વખત કોણ કોણ રાજા હતાં તે શઘલાની હકીકત આપો.

"જવાબ–૨૨. જવાપ કે આ બાબત કદી માંહારી માહેતી જુજ એવી છે કે એ શવાલમાં લખેલી બાબત ઠાકોર શાહેબની પ્રવાનગી લેવામાં આવતી નથી ને પ્રથક પ્રથક વર્ણન માડે ઇઆદ નથી. ને રાજા કોણ કોણ હતું તે પણ માલમ નથી.

"સવાલ–૨૩. તમે શાધુ કેટલી ઊંમરે થયા છો ?

"જવાબ–૨૩. જવાપ કે હમે સોળ વરશની ઊમરના થઆ તારથી શાધુ થઆ છીએ.

"સવાલ–૨૪. તમારા શાસ્ત્રોમાંથી ગીરનાર કેશરીઆજી આબુ તારંગા વીગેરે જે જે પવીત્ર ડુંગરો છે તેની હકીકત લખાવો ત્યા તે બાબતના દાખલાની નકલો રજુ કરો.

"જવાબ–૨૪. જવાપ કે શેતરજા વીશેનુ વરણનના દાખલા વાદીના શવાલથી મેં રજુ કરા છે ને તે શીવાઅની મે શાધ કરી નથી.

તા. ૨૭ જુલાઈ સને ૧૮૭૫

તા. ૯ મી ઓગષ્ટ સને ૧૮૭૫

"હમારી રૂબરૂ ધરમ પ્રમાણે પ્રતીજ્ઞા ઉપર શવાલોના જવાબો લખાવેલા છે.

તા. ૯ મી અગષ્ટ ૧૮૭૫

હરીલાલ અંબાશંકર

શે. ક. શ. જડજ

પ. પૂ. આત્મારામજી મહારાજે પોતાની જુબાનીના ચૌદમા સવાલમાં રજૂ કરવામાં આવેલ માગણીના જવાબમાં શત્રુંજયનો મહિમા વર્ણવતાં પાંચ પ્રાચીન શાસ્ત્રગ્રંથોના ઉતારા અનુવાદ સાથે આપવાનું જણાવ્યું હતું પણ દફ્તરમાં પાંચના બદલે ચાર શાસ્ત્રોલેખો સચવાયેલા છે જે આ પ્રમાણે છે :

(૧) શ્રી જિનહર્ષગણિએ વિ. સં. ૧૪૯૭માં રચેલ વસ્તુપાળ ચરિત્ર.

(૨) શ્રી વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૪૬૮માં રચેલ આચાર દિનકર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) શ્રી ધનેશ્વરસૂરિએ વિ. સં. ૪૭૭માં રચેલ શ્રી શત્રુંજય માહાત્મ્ય.

(૪) શ્રી મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૫૨૦માં રચેલ પ્રબંધ ચિંતામણિ.

૫. પૂ. મણિવિજયજી દાદાએ પુરાવા તરીકે જ્ઞાનવિમલસૂરિએ રચેલ 'સિદ્ધ ગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો' એ પંક્તિથી શરૂ થતું સ્તવન અનુવાદ સાથે રજૂ કર્યું હતું.

આ બધા સાક્ષીઓ તથા એમણે રજૂ કરેલ બધા પુરાવાનો અભ્યાસ કરીને મિ. ઈ. ટી. કેન્ડીએ એક ખૂબ વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો હતો અને એમાં એના તારણ રૂપે નીચે મુજબ મુદ્દા રજૂ કર્યા હતા :

"હવે બધો પુરાવો તપાસ્યા પછી હું આ આખા મુકદ્દમાનો સારાંશ રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. નીચેની બાબતો મને સાબીત થયેલી માલૂમ પડે છે—

"(૧) અનાદિ કાળથી શ્રી શેત્રુંજા ડુંગર ઉપર જૈનોનાં પવિત્ર દેવળો છે. તેમનો એ રીતનો કબજો મોગલ રાજ્યાધિકારીઓ પાસેથી મળેલાં ફરમાનોથી કબૂલ થયેલો હતો અને મરાઠા લોકો એમાં વચ્ચે પડ્યા હોય એવું સાબિત કરે એવો કોઈ પુરાવો નથી.

"(૨) હાલના પાલીતાણાના ઠાકોરના વડવાઓએ પાલીતાણાનો કબજો કયારે મેળવ્યો હતો તે બતાવવાને કોઇ આધાર નથી પણ ૧૭મા સૈકાની મધ્યમાં તેઓ જાત્રાળુઓ પાસેથી કર લેતા હતા અને ૧૮મા સૈકાની પહેલાં તો તે કરો ઘણા જ વધારવામાં આવ્યા હતા એ સ્પષ્ટ છે.

"(૩) વળી એવું પણ જણાય છે કે તે વર્ષોમાં એ ડુંગર ઉપર પવિત્ર ઇમારત બનાવવા માટે અથવા પ્રતિમાની પ્રતિષ્ઠા કરવા માટે કેટલીક વખત જાત્રાળુઓ પાસેથી નજરાણું કે હકશાઈ (royalti) લેતા હતા.

"(૪) સને ૧૮૨૧ થી તે ૧૮૪૩ ની સાલ સુધી પાલીતાણામાં શ્રાવકોની સત્તા ઘણી મોટી હતી.

"(૫) ઉપર કહ્યા મુજબ સને ૧૮૪૩ થી આજ સુધીમાં ઠાકોર સાહેબને જવલ્લે જ હકશાઇ (royalty) મળી હતી.

"(૬) જમીન ખરીદવા માટે જ પૈસા આપવામાં આવ્યા હોય એવું જાણવા મળતું નથી.

"(૭) ગઢની અંદર જે કાંઈ છે તે બધાં ઉપર હંમેશને માટે શ્રાવકોનો પૂરેપૂરો કબજો રહ્યો છે.

"(૮) ગઢની બહાર શ્રાવકોએ ઘણી ઇમારતો બાંધી છે પરંતુ ઇમારતોને વાસ્તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓએ દરબારશ્રીને કંઈ પૈસા આપ્યા હોય એવું જાણવા મળતું નથી. પણ સને ૧૮૬૨ થી અને કદાચ તે પહેલાંનાં કેટલાંક વર્ષ દરમિયાન ગઢની બહારના ડુંગર ઉપરના ઘાસનો ઉપયોગ કેવળ દરબારશ્રી જ કરતા હતા."

આ મુદ્દાઓને લક્ષમાં લઈને મિ. કેન્ડીએ છેવટે આની ફલશ્રુતિ શું હોઈ શકે? એવો સવાલ કરીને, આ બાબત સાથે સંબંધ ધરાવતા કેટલાક મુદ્દાઓની વિગતે વિચારણા કરીને અંતે પોતાની કામગીરીના ફેંસલારૂપે નીચે મુજબ ત્રણ મુદ્દાઓ પોતાના અહેવાલના અંતે દર્શાવ્યા હતા :

"(૧) શત્રુંજય ડુંગર ઉપર નવા દહેરાને માટે જે જગ્યા જોઈતી હોય તેના વળતર તરીકે પૈસા માગવાનો દરબારશ્રીને હક નથી.

"(૨) વળી, આના ઉપરથી એવું ફલિત થાય છે કે, ગઢની અંદર જે કંઈ છે તે બધાં ઉપર એક માત્ર શ્રાવકોનો જ અધિકાર છે. એના ઉપર કર નાખવાનો અથવા ત્યાં પોતાના સિપાઇઓને રાખવાનો દરબારશ્રીને હક નથી. પણ ઠાકોરશ્રીને અને એના નોકરોને એની અંદર છૂટથી જવા-આવવાની અનુમતિ આપવી જોઈએ.

"(૩) શત્રુંજય ડુંગર ઉપર ગઢ બહાર દહેરાં વગેરે બાંધવા માટે નજરાણું અથવા હકશાઈ (royalty) માગવાનો દરબારશ્રીને હક છે."

મિ. કેન્ડીએ ઉપર મુજબના નિષ્કર્ષવાળો પોતાનો વિસ્તૃત અહેવાલ, તા. ૨૮-૧૨-૧૮૭૫ના રોજ પૂરો કરીને, કાઠિ.ના પોલિટીકલ એજન્ટ મિ. જે. બી. પીલને સુપ્રત કર્યો હતો.

આ અહેવાલ મુંબઈ સરકાર ઉપર મિ. પીલે તા. ૬ જાન્યુ. ૧૮૭૬ના મોકલ્યો હતો. તેની સાથે એક કાગળમાં, શ્રાવકો અને પાલીતાણાના ઠાકોર વચ્ચેના, શત્રુંજય ડુંગર સંબંધી હક અંગેનાં પોતાનાં કેટલાક અવલોકનો રજૂ કર્યાં હતાં. અને છેવટે બંને પક્ષકારો વચ્ચે કાયમને માટે સુલેહ રહી શકે એ માટે નીચે મુજબ આઠ મુદ્દાઓનો અમલ કરવાની ભલામણ કરી હતી :

"(૧) પાલીતાણા તાલુકામાં આવેલ શત્રુંજય ડુંગર પાલીતાણા રાજ્યની હકૂમત નીચે છે.

"(૨) ગઢ અને તેની અંદર આવેલી બધી જમીન ઉપર તેમજ અત્યાર અગાઉ ગઢની બહાર શ્રાવકોએ અને જૈનોએ બાંધેલ બધાં મકાનો ઉપર એક ધર્માદા ટ્રસ્ટ તરીકે શ્રાવક કોમનો અધિકાર છે. ગઢ અને એમાંની ઈમારતોમાં પહોંચવા માટે શ્રાવક અને જૈનોને અધિકાર છે. આ ફેંસલાની રૂએ જે મિલકત ઉપર એમનો અધિકાર હોવાનું સ્વીકારવામાં આવ્યું છે એ મિલકત તેઓ બીજા કોઈને સોંપી શકશે નહીં. વળી, પહાડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર અત્યારે બીજી કોમના ધર્મની જે મિલકતો અત્યારે વિદ્યમાન છે તેમાં તેઓથી હરકત કરી શકાશે નહીં. *

"(૩) ડુંગર ઉપર ગઢમાં કે કોઇપણ મકાનમાં શ્રાવકોએ હથિયારબંધ પોલીસો રાખવા નહિ. પણ તેઓની મિલકતની સાચવણી માટે જરૂરી હોય એટલા ખાનગી નોકરો રાખી શકાય.

"(૪) ડુંગર ઉપર અથવા એની તળેટીમાં દરબારે ચોકિયાત, ચોકી કે થાણું રાખવાં નહીં પણ પોતાની ચાલુ ફરજ બજાવવાને માટે પાલીતાણા રાજ્યની પોલીસને ગઢની અંદર જવાનો હક રહેશે.

"(૫) ગઢ, તેની અંદરનાં મકાનો તથા ડુંગર ઉપર જૈન કોમનાં જે કંઈ બીજા મકાનો હોય તેના માલિકીહકમાં પાલીતાણાના દરબારશ્રીએ દખલગીરી કરવી નહીં, તેમજ શ્રાવક લોકો ગઢની અંદર મકાન બાંધતા હોય તો તેની જમીન માટે કંઇ વળતર માગવું નહીં.

"(૬) શ્રાવક કોમ અથવા એની કોઈ પણ વ્યક્તિ ડુંગર ઉપર ગઢની બહાર ધાર્મિક કાર્ય માટે મકાન બાંધવા સારુ નવી જમીન લેવા ઇચ્છે તો આવા અરજદાર પાસેથી ઠાકોર પ્રમાણસરનું (moderate) નજરાણું લઈ શકશે.

"(૭) પાલીતાણા તાલુકાની હદમાં આવેલ આ આખાય ડુંગરનો વિસ્તાર ધર્મની જગ્યા તરીકે લેખવામાં આવે અને ધર્મની વિરુદ્ધ હોય અથવા કોઈ પણ રીતે ધર્મના માર્ગથી વિરુદ્ધ જતો હોય એ રીતે એનો ઉપયોગ કરવો નહીં.

"(૮) આ કલમની પહેલાં આપવામાં આવેલી પાંચ કલમો (કલમ નં. ૩ થી ૭) અંગે કોઈ વાંધો ઊભો થાય તો તેનો નિકાલ પોલિ. એજન્ટે કરવો."

કાઠિયાવાડ પોલિટીકલ એજન્ટ તરફથી આ પ્રમાણે અહેવાલ મળ્યા પછી એ અહેવાલની નકલો મુંબઈ સરકારે પાલીતાણાના દરબારશ્રી તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મોકલીને એ બાબતમાં પોતાને જે કંઈ કહેવું હોય તે પોલિ. એજન્ટ મારફત પોતાને લખી જણાવવા સૂચવ્યું હતું. આ ઉપરથી શેઠ આણંદજી કલ્યાણજીએ તા. ૩૦-૮-૧૮૭૬ પહેલાંની કોઈક તારીખે એક અરજી લખી મોકલી હતી અને એ અરજીના

* મિ. કેન્ડીના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ગિરિરાજ ઉપર નીચે મુજબ ૧૧ હિંદુઓનાં અને એક મુસ્લિમ ધર્મનું એમ કુલ બાર જૈનેતર ધર્મસ્થાનો હતાં. (૧) શિવલિંગ, (૨) વિસોત માતાની દેરી, (૩) શૂરાપૂરાની ફરસબંધી, (૪) અન્નપૂર્ણાની મૂર્તિ, (૫) ગણપતિની મૂર્તિ, (૬) હનુમાનનું મંદિર; (૭) ચક્રેશ્વરીનું મંદિર, (૮) કાળકાદેવીનું મંદિર, (૯) કાળભૈરવનું મંદિર, (૧૦) ખોડિયાર માતાનું મંદિર, (૧૧) ભીમનું દેવળ અને (૧૨) અંગારશા પીર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસંધાનમાં તા. ૭-૨-૧૮૭૭ ના રોજ બીજી અરજી મોકલી હતી. કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટે આ બંને અરજીઓ મુંબઈ સરકાર ઉપર અનુક્રમે પોતાના તા. ૩૦-૮-૧૮૭૬ ના નં. ૩૦૩ ના પત્રથી તેમજ તા. ૨૬-૨-૧૮૭૭ નં. ૭૬ ના પત્રથી મુંબઈ સરકાર ઉપર મોકલી આપી હતી.

એ જ રીતે પાલીતાણાના દરબારશ્રીએ તા. ૨૬-૮-૧૮૭૬ ના રોજ એક અરજી મોકલી હતી અને એની પુરવણીરૂપે તા. ૬-૧૧-૧૮૭૬ ના રોજ બીજી અરજી મોકલી હતી. આ બેમાંની પહેલી અરજી કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટે પોતાના તા. ૧-૯-૧૮૭૬ ના નં. ૩૦૭ ના પત્ર સાથે મુંબઈ સરકારને મોકલી આપી હતી. દરબારશ્રીની બીજી અરજી મુંબઈ કયારે મોકલવામાં આવી તેની માહિતી મળી શકી નથી, પણ દરબારશ્રીની આ બંને અરજીઓની નકલ પેઢીના દફ્તરમાં સચવાઈ રહેલી છે.[૧૫] જ્યારે પેઢીએ કરેલ બંને અરજીઓમાંની એક પણ અરજીની નકલ પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી. પેઢીએ તથા દરબારશ્રીએ મુંબઈ સરકારને કરેલ અરજીઓનો હેતુ શત્રુંજય ગિરિરાજ ઉપરનો પોતપોતાનો માલિકીહક સાબિત કરવાનો જ હતો એ સ્પષ્ટ છે.

મુંબઈ સરકારે મિ. કેન્ડીના વિસ્તૃત અહેવાલ સાથેના મિ. જે. બી. પીલના પત્રમાં તથા ઉપર સૂચવેલ બધી સામગ્રીમાં થયેલ રજૂઆતને ધ્યાનમાં લઈને તા. ૧૬-૩-૧૮૭૭ના રોજ એક ઘણો જ અગત્યનો ઠરાવ કર્યો હતો જેની અસર એટલી વ્યાપક પ્રમાણમાં થઈ હતી કે અત્યારે પણ કોઈ કોઈ સંજોગોમાં એનો ઉપયોગ કરવામાં આવે છે અને એને લીધે શ્રાવક કોમના અથવા આ પેઢીના પર્વત ઉપરના અધિકારની તેમજ એની પવિત્રતાની રક્ષા થઈ શકે છે. આ ઠરાવનો નં. ૧૬૪૧ છે.

આ ઠરાવમાં મુંબઈ સરકારે મિ. ઈ. ટી. કેન્ડી તેમજ જે. બી. પીલે કરેલી ભલામણોને ધ્યાનમાં લઈને, તેમજ એ અંગે પાછળથી થયેલી બધી જ અરજીઓ ઉપર વિચાર કરીને પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે ગિરિરાજ શત્રુંજય ઉપરની, ગઢની અંદરની તેમજ ગઢની બહારની જમીન અંગે જે ઝઘડા પ્રવર્તે છે તેનો કાયમી નીવેડો આવી જાય અને ભવિષ્યમાં પણ આવો કોઈ ઝઘડો ઊભો થવા ન પામે એ માટે નીચે મુજબ પાંચ કલમનો ફેંસલો આપ્યો હતો :[૧૬]

"૧. ગઢની અંદરના ભાગમાં ઠાકોર સાહેબનો હક ફક્ત પોલીસને લગતાં કામ પૂરતો જ રહેશે. ગઢની અંદર આવેલ ટૂકમાં નવું દેરાસર બાંધવા માટે તેઓ કોઈ પણ જાતનું પૈસાનું વળતર માગી શકશે નહીં.

"૨. અત્યારે પહાડ ઉપર જે મકાનો વિદ્યમાન છે તેના હકને બાધ ન આવે એ રીતે પર્વતના કોઈ પણ ભાગનો ઉપયોગ શ્રાવક કોમના સિદ્ધાંતોની વિરુદ્ધ કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"૩. અત્યારે ગઢની અંદર તેમજ ગઢની બહાર જે મંદિરો વિદ્યમાન છે તે માટે કોઈ પણ જાતની રકમ લેવાની માગણી થઈ શકશે નહિ.

"૪. જો શ્રાવક કોમ ગઢની બહાર નવું દેરાસર ઊભું કરવા માગતી હશે તો દરબારશ્રી એક ચો. વાર જમીનનો રૂ. ૧/– લઈને તે માટે મંજૂરી આપશે.

"૫. શ્રાવક કોમની કોઈ પણ વ્યક્તિને ડુંગર ઉપર જતા કોઈ પણ જાતની હરકત કે હેરાનગતિ કરવામાં આવશે નહિ. અને ગઢમાં અથવા તો ગિરિરાજ ઉપર જવાના રસ્તાની આજુબાજુ ૫૦૦ વાર સુધીની જગ્યામાં કાયમી પોલીસથાણું રાખી શકશે નહિ."

આ ફેંસલો મુંબઈ સરકારના તે વખતના સેક્રેટરી મિ. સી. ગોને કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટને લખી જણાવ્યો હતો, અને એમણે એ ફેંસલાની નકલ પેઢીને તથા પાલીતાણાના દરબારશ્રીને પહોંચતી કરી હતી.

આ ફેંસલાની સામે પ્રિવી કાઉન્સિલમાં અરજી :

આ ફેંસલાથી ન તો શેઠ આણંદજી કલ્યાણજીને સંતોષ થયો કે ન તો પાલીતાણાના દરબારશ્રીને. બંનેને આમાં પોતાનો જુદા જુદા પ્રકારનો કાયમી હક લેખમાતો હોય એવું લાગ્યું એટલે આ ફેંસલાની સામે બંનેએ વિલાયતમાં પ્રિવી કાઉન્સિલને પોતાની વાંધા અરજીઓ કરીને દાદ માગી હતી.

બંને પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલી અરજીઓ અંગે ઘટતી વિચારણા કર્યા પછી વિલાયતની સરકારે (એટલે પ્રિવી કાઉન્સિલે) બંને અરજીઓ કાઢી નાંખી હતી અને મુંબઈ સરકારે આપેલ પાંચ મુદ્દાવાળા ફેંસલાને મંજૂર રાખ્યો હતો. આ અંગે મિ. ક્રેન બ્રુકે મુંબઈના ગવર્નર ઉપર જે પત્ર લખ્યો હતો તે આ પ્રમાણે છે.[૧૭]

"હીઝ એક્સેલન્સી,

ધ ઓનરેબલ ધ ગવર્નર ઇન કાઉન્સિલ, મુંબઈ

પોલિટિકલ — ઇન્ડિયા ઓફિસ

નં. ૨૦ — લંડન ૧૫ મી મે ૧૮૭૯

"સાહેબ,

"આપ નામદારનો ગયા મહિનાની ૭ મી એપ્રિલનો નં. ૧૮ નો પત્ર મને મળ્યો છે, કે જેની સાથે આપે પાલીતાણાના ઠાકોરશ્રીએ, એમના શત્રુંજ્યને લગતા કેટલાક હકો અંગેના આપ નામદારના હુકમ સામે, મને મોકલવા માટે એક અરજી (memorial) મોકલી હતી. મેં મારી કાઉન્સિલ સાથે એ અરજી સંબંધી વિચારણા કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શ્રાવક કોમે એ જ હુકમની સામે એક અપીલ મને કરી હતી કે જેનો વિષય પાલીતાણાના ઠાકોરશ્રીની અરજીમાં રજૂ કરેલ વિષયને લગતો હતો. શ્રાવક કોમની આ અરજી સંબંધી મેં જે નિર્ણય કર્યો હતો તે મારા આપના ઉપરના તા. ૧૪ નવેમ્બર ૧૮૭૮ ના પત્ર નં. ૩૨ થી આપે જાણ્યો હશે. એમાં મેં જણાવ્યું હતું કે આ બાબતમાં મારે દરમિયાનગીરી કરવી પડે એવી કોઈ ભૂમિકા મને દેખાતી નથી અત્યારે મારી સામે (દરબારશ્રીના) જે કાગળો છે તેથી મારા અભિપ્રાયમાં કોઈ પણ જાતનો ફેરફાર થતો નથી. અને હું ઇચ્છું છું કે અરજદારને એ વાતની જાણ કરવામાં આવે કે હું એમની વતી આમાં દરમિયાનગીરી કરવાનો નથી."

આ રીતે ગિરિરાજ ઉપર ગઢની અંદરની અને ગઢની બહારની જમીનના માલિકી હકને લગતા પાલીતાણાના દરબારશ્રી અને શેઠ આણંદજી કલ્યાણજી વચ્ચેના લાંબા સમયથી ચાલતા વિવાદનો અંત આવ્યો હતો. મુંબઈ સરકારે આપેલ પાંચ મુદ્દાનો આ ફેંસલો જૈન સંઘને અત્યારે પણ કેટલો ઉપયોગી થઈ પડયો છે તે પેઢીના નિવૃત્ત પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ એ પેઢીના પ્રમુખપદેથી નિવૃત્ત થતી વખતે તા. ૭-૩-૧૯૭૬ ના રોજ જે એક માહિતીપૂર્ણ અને સવિસ્તર નિવેદન કર્યું હતું તેમાંની નીચેની બાબત ઉપરથી પણ જાણી શકાય છે:

"ગિરિરાજ ઉપર, રામપોળના દરવાજા બહાર, એક ચાની દુકાન બાંધવા માટે ગુજરાત સરકારે સને ૧૯૬૮ માં પરવાનગી આપી હતી અને એ માટે જમીન પણ વેચાણ આપી હતી. આપણને આ વાતની ખબર પડતાં ગિરિરાજની પવિત્રતા અને મહત્તા તથા આપણા હક્કો અંગે સરકાર સમક્ષ રજૂઆત કરતાં સરકારે એમનો હુકમ પાછો ખેંચી લીધો હતો. સરકારની સમક્ષ આ વાતની રજૂઆત કરવામાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ શ્રી પીલે, સને ૧૮૭૬ માં, મુંબઈ સરકારને મોકલેલ પોતાના અહેવાલમાંના શબ્દો અને મુંબઈ સરકારે સને ૧૮૭૭ માં કરેલ ઠરાવમાંના શબ્દો આપણને બહુ ઉપયોગી થયા હતા. શ્રી પીલે અહેવાલમાં કહ્યું હતું કે—'પાલીતાણાના તાલુકામાં આવેલ ડુંગરની બધી જમીન ધાર્મિક કાર્ય માટે અલગ (Reserved) રાખેલી ગણાશે. અને તે જમીનનો હિન્દુ ધર્મ વિરુદ્ધ અથવા ધાર્મિક કાર્ય વિરુદ્ધ કોઈ પણ ઉપયોગ કરવામાં આવશે નહીં.' અને મુંબઈ સરકારે પોતાના ઠરાવમાં લખ્યું હતું કે—'હાલ જે મકાનો વિદ્યમાન છે તે મકાનોના હિતસંબંધ ધરાવનાર શખ્સોના હક્કને બાધ નહિ આવતાં, ડુંગરના કોઈ પણ ભાગનો ઉપયોગ શ્રાવક કોમના સિદ્ધાંત વિરુદ્ધ કરવાની મનાઈ કરવામાં આવે છે.' આ બંને ઉલ્લેખો ગિરિરાજ ઉપરના આપણા હક્કોની સાચવણી માટે હમેશને માટે ઉપયોગી થઈ શકે એવા મહત્ત્વના છે."

કેશવજી નામકનું પ્રકરણ : ગિરિરાજ ઉપર ગઢની અંદર અને ગઢની બહારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમીન ઉપર પોતાનો માલિકીહક સાબિત કરવા માટે પાલીતાણાના દરબારશ્રીએ જે હકીકતો અને પુરાવા રજૂ કર્યા હતા તેમાં શેઠશ્રી કેશવજી નાયકે વિ. સં. ૧૯૨૧ ની સાલમાં ગિરિરાજ ઉપર પોતે બંધાવેલ નવી ટૂકની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી તે વખતે તેમની વતી તેમના પુત્ર શેઠશ્રી નરસી કેશવજીએ પાલીતાણાના દરબારશ્રીને, યતિશ્રી હીરાચંદજીની દરમિયાનગીરીથી, રૂ. ૧૬૧૨૫/- અમુક સમજૂતીથી આપ્યા હતા, તે વાતને પણ પુરાવા તરીકે પાલીતાણાના દરબારશ્રીએ રજૂ કરી હતી. પણ આ હકીકત દરબારશ્રીની રજૂઆતની પુષ્ટિ કરે એવી ન હતી તે નીચેની માહિતી ઉપરથી જાણી શકાશે—

કચ્છ-કોઠારાના વતની શેઠ કેશવજી નાયક, શેઠ વેલજી માલુ તથા શા. શિવજી નેણશીએ પોતાના વતન કોઠારામાં શ્રી શાંતિનાથ ભગવાનનું આલીશાન મંદિર બંધાવીને વિ. સં. ૧૯૧૮ ની સાલમાં એમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું. આ પ્રતિષ્ઠા મહોત્સવની બાબતમાં આ ત્રણેય ધર્મોનુરાગી અને સખી દિલ શ્રેષ્ઠીઓનો ઉત્સાહ એટલો બધો હતો કે શત્રુંજયનો સંઘ કાઢીને પછી આ પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવો. આ વિચારણા મુજબ પ્રતિષ્ઠાના કેટલાક દિવસ અગાઉ તેઓ મુંબઈથી સંઘ કાઢીને દરિયામાર્ગે ઘોઘાબંદર ઊતર્યા અને ત્યાંથી પગરસ્તે તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રાએ ચતુર્વિધ સંઘ સાથે ગયા આ સંઘમાં ૧૧૦૦ જેટલા યાત્રિકો હતા. જ્યારે આ સંઘ અને એના એક સંઘપતિ શેઠ કેશવજી નાયક પાલીતાણામાં હતા ત્યારે જ એમણે ગિરિરાજ શત્રુંજય ઉપર એક ટૂક બંધાવવાનો વિચાર કરીને એ માટેની જમીન પણ પસંદ કરી લીધી હતી. અને કોઠારાની પ્રતિષ્ઠાનું કામ સારી રીતે પતી ગયા પછી તરત જ ટૂકનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આ ટૂક ગિરિરાજ ઉપરના ગઢની અંદરના ભાગમાં જ કરવાની હતી એટલે એ માટેની જમીનની કિંમત રૂપે પાલીતાણાના દરબારશ્રીને નજરાણું વગેરે આપવાનો કોઈ સવાલ જ ઊભો થતો ન હતો એટલે એ અંગે દરબારશ્રીને કશી જ રકમ આપવામાં આવી ન હતી. બે-ત્રણ વર્ષની ઝડપી કામગીરીને અંતે જ્યારે આ ટૂકનું કામ પૂરું થયું એટલે એનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ કોઠારાના જિનપ્રાસાદની પ્રતિષ્ઠાના મહોત્સવ જેવો, ખૂબ શાનદાર રીતે ઊજવવાનું એમણે નક્કી કર્યું અને ગામેગામના સંઘોને એ માટે આમંત્રણો મોકલ્યાં. આ પ્રતિષ્ઠા મહોત્સવ માટે ગિરિરાજની તળેટીમાં જોઈતી જમીનનો, બહારગામથી હજારોની સંખ્યામાં આવનાર યાત્રિકોને ભરવી પડનાર જકાતનો તેમજ રાજ્ય તરફથી રક્ષણની વ્યવસ્થા વગેરે સગવડોનો આગળથી વિચાર કરીને આ પ્રતિષ્ઠા નિમિત્તે પાલીતાણાના દરબારશ્રીને રૂ. ૧૬૧૨૫/- આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને એ રકમ ચૂકવી દેવામાં પણ આવી હતી. પાલીતાણાના દરબારશ્રીએ આ અંગેનો એક દસ્તાવેજ પણ શેઠ કેશવજી નાયકના નામથી કરી આપ્યો હતો. આ રકમના બદલામાં રાજ્યે જે ગોઠવણનો લાભ આપવાનો હતો તેની મુદ્દત વિ. સં. ૧૯૨૧ ના કારતક વદ-૨ થી ફાગણ સુદ-૨ સુધીના સાડા ત્રણ મહિના સુધીની હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પાલીતાણાના દરબારશ્રીએ આ પ્રસંગનો ઉપયોગ ગિરિરાજ ઉપર ગઢની અંદરની ખાલી જમીન ઉપર પોતાનો માલિકીહક સાબિત કરવા માટે કર્યો હતો, જે એમની, કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ કેપ્ટન એલ. રસેલને તા. ૨૧-૩-૧૮૭૪ ના રોજ લખેલ યાદમાં આ પ્રમાણે નોંધાયેલ છે :

"ઉપર પ્રમાણે ટુકની અંદરની પડતર જમીન જાથુને વાસ્તે અથવા અમુક મુદતને માટે જે વાવરવા દેઇએ છેએ તેના મહેસુલના નાંણા લેવાનો અમારો હક છે. તેને માટે એ જે શરાવકોના મુખી ગ્રહસ્થ નરસી કેશવજીએ પણ એ હક ખુસીથી કબુલ રાખેલો છે અને તેણે અમને ગોરજી હીરાચંદજીની ટુકની અંદરની પડતર જમીનમાં દેવલ બાંધુ તેના મહેસુલના નાંણા અમને આપા બાબત તા. અમુક મુદત સુધી કેટલીક જમીન ધરમકીઆના કામમાં વાપરી તેના નાંણા અમને આપા બાબત સન ૧૮૬૫ ની સાલમાં દસ્તાવેજ કરી આપો છે તેની કલમ ૧ તથા ૪ જોવાથી બાતરી થસે. એ હક તેણે ખુસીથી કબૂલ રાખો છે અને તેના નાંણા અમને આપા છે. આ દસ્તાવેજ સરકારમાં દાખલ છે. તે દસ્તાવેજમાં ઉપર લખી અમારી જમીનનો મહેસુલ વીગેરે બાબતોને મલી ઊપડ રૂ. ૧૬૧૨૫/ આપા છે."

પોલિટીકલ એજન્ટને મોકલેલી પોતાની આ યાદમાં દરબારશ્રીએ જમીન મહેસૂલની રકમનો પણ રૂ. ૧૬૧૨૫/ ની ઉપડ રકમમાં સમાવેશ થતો હોવાનું લખ્યું છે, પણ એમની આ રજૂઆત કેવી થાય વગરની હતી તે એમણે જ કરી આપેલ કરાર વાંચવાથી જાણી શકાય છે, જે આ પ્રમાણે છે :

સહી

"લા. ગોહેલ શ્રી સુરસંઘજી તથા કુમારશ્રી માંનસંગજી વી શેઠ કેસવજી નાગેક સુત નરસી કેસવજી જત તમે પાલીટાંણામાં ડુંગર ઉપર ગોરજી હીરાચંદજીની ટુંક મધે દેવલ કરૂ તા. ધરમસાલામાં ફેરી કરી તેમાં પરતીષ્ટા કરવાને ઇંદ્રસલાખા કરવા સારૂ તમારે સંગ લેઈ આહી આવવુ તેનો ઠેશવ કરી દેવા તમે અરજ કરતાં તમને ઠરાવ કરી આપો તે નીચે પ્રમાણે

"૧. તમે ડુંગર ઉપર તા. નીચે ધરમસાલામાં ફેરી કરી છે તેની બાબત.

"૨. તમારી સાથે તા. તમારા તેડાવાથી જે કોઈ દેસાવરના સાવક લોક આવસે તે સાથે જનશભાવ લાવશે તા. તમે ખરચવા સારૂ જે કાંઈ જણુસભાવ મંગાવસો તે ઉપર દરબારી જગાતની બા. લાગે છે તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"૩. તમે ત્થા સંગના બીજા માંણુસો તા. તે સાથે ગાડાં ઘોડા જે આવશે તેને ઊતરવાની જગો દરબારે જેનું ભાંડું લેવા મુકરર કરૂ છે તે તમને ઊતરવા દેસુ તેના ભાડા બા :

"૪. તમે ઇંદ્રસલાખા કરસો તે દરબારી જગો તલાટી મધે ઇંદ્રસલાખાની પુજાનુ કાંમ ચાલે તેટલા દીવસ સુધી વાપરવા દેવી તે ઉપર દરબારી બાબત.

"૫. તે સીવાએ પરચુરણ બાબતો.

"ઉપર લખી બાબત ઊધડ આંકડો ઠરાવવા તમે અરજ કરતાં રૂ. ૧૬૧૨૫ અંકે સોલ હજાર એકસોને પચવીશ ઠરાવા છે. ઉપર લખી બાબતોના હીસાબે ગણતાં ઘણુ જ રૂપૈઆ થાએ પણ દરબારશ્રીએ મહેરબાની કરી આ ઠરાવ તમારે જ વાસ્તે કરી આપો છે ઉપર લખા રૂપૈઆ લેઈ ઉપર લખી બાબતમાં તમને હરકત કરવી નથી. માટે તમે સંગ લેઈ આવજો. ને આ ઠરાવ સં. ૧૯૨૬ ના કારતક વદ ૨ થી તે સ. ૧૯૨૧ ના ફાગણ સુદ-૨ સુધી ચાલશે. ને આ ઠરાવ તમારી આ જ ઇંદ્રસલાખા માટે જ છે. માટે હવેથી બીજો કરસે તેને માટે તે વખત ઉપર દરબાર મરજી પ્રમાંણે લીધામાં આવસે. આ ઠરાવ ગોરજી હીરાચંદજી મારફત કરો છે સ ૧૯૨૦ ના ભાદરવા વદ-૧૩ બુધવાર."[૧૮]

સહી

આ કરારના લખાણ ઉપરથી એવો લેશમાત્ર પણ અણસાર નથી મળતો કે શેઠશ્રી કેશવજી નાયક અથવા એમના પુત્ર નરસી કેશવજીએ ગિરિરાજ ઉપર ગઢની અંદર નવી ટૂક બાંધવા માટે ઉપયોગમાં લીધેલી જમીનના વળતરરૂપે પાલીતાણાના દરબારશ્રીને કોઈ પણ રકમ આપવાનું કબૂલ કર્યું હોય અથવા આપી હોય કે કામ શરૂ કરતાં પહેલાં એમની મંજૂરી લીધી હોય. જો આ પ્રકારની જમીન મેળવવા માટે દરબારશ્રીને પરવાનગી લેવાની અથવા એમને જમીનના વળતરરૂપે અમુક રકમ આપવાની જરૂર હોત તો એ વિધિ ટૂકનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું તે પહેલાં જ કરવામાં આવ્યો હોત. પણ આવો કોઈ વિધિ કરવામાં આવ્યો ન હતો. અને જ્યારે ઉપર મુજબની રૂ. ૧૬૧૨૫/ ની રકમ આપવાનો કરાર થયો ત્યારે તો ટૂકનું બાંધકામ લગભગ પૂરું જ થઈ ગયું હતું. અને એમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠાનો વિધિ મહોત્સવપૂર્વક કરવાની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ હતી. મિ. ઈ. ટી. કેન્ડીની તપાસ દરમિયાન શેઠશ્રી કેશવજી નાયકે જે જુબાની આપી હતી તે ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે કે અંજનશલાકા તથા પ્રતિષ્ઠાના મહોત્સવમાં દરબારશ્રી તરફથી કોઈ પણ જાતની દખલ કરવામાં ન આવે અને એનું મુહૂર્ત સચવાઈ રહે એ માટે અગમચેતી વાપરીને આવો કરાર કરવામાં આવ્યો હતો. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ કરારથી ગઢની અંદરની ખાલી જમીન ઉપર પોતાનો હક સાબિત થવાની દરબારશ્રીની રજૂઆત કેવળ આધાર વગરની જ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાઈ ગયા પછી પણ પાલીતાણાના દરબારશ્રી અને શેઠશ્રી કેશવજી નાયક તથા શેઠશ્રી નરસી કેશવજી વચ્ચે નાની-મોટી અથડામણોના પ્રસંગો બનતા રહ્યા હતા. એ અંગે બંને વચ્ચે પત્રવ્યવહાર પણ થતો રહ્યો હતો અને કોઈકિ કોઈકિ બાબતમાં એજન્સીને ફરિયાદ કરીને દાદ પણ માગવામાં આવી હતી. પણ એમાં એક પણ બાબત એવી ન હતી કે જે ગઢની અંદરની ખાલી જમીન ઉપરના દરબારશ્રીના હકને પુરવાર કરે અને મુંબઈ સરકારના તા. ૧૬-૩-૧૮૭૭ નં. ૧૬૪૧ ના ઠરાવમાં ફૈસલારૂપે સૂચવવામાં આવેલ પાંચ મુદ્દામાં કોઈ પણ જાતનો ફેરફાર કરાવી શકે, એટલા માટે એ બાબતો અંગે અહીં વિગતે વિચાર કરવાની જરૂર રહેતી નથી.

દરબાર પાસેથી ચોરીનું વળતર મેળવ્યું :

પાલીતાણાના દરબાર સાથે રખોપાના જે કરારો થતા રહ્યા હતા, તેમાં દરેક કરારમાં એ મુદ્દા તો આપમેળે જ સમાઈ જતો હતો કે ગિરિરાજ શત્રુંજ્યની યાત્રાએ આવતા કોઈ પણ યાત્રિકના જાનમાલને નુકસાન પહોંચે તો તે નુકસાન પાલીતાણાના દરબારશ્રીએ ઘટતું વળતર આપીને ભરપાઈ કરી આપવું. આ શરતનો અમલ થયાનો એક દાખલો બહુ જાણવા જેવો હોવાથી અહીં તેની કેટલીક મહત્ત્વની વિગતો રજૂ કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે—

વિ. સં. ૧૯૩૦ ના શરૂઆત ભાગમાં માગશરમાં (સને ૧૯૭૩માં) વડાલીના વતની શેઠશ્રી કેવળચંદ ફત્તેહચંદે ગિરિરાજ શ્રી શત્રુંજ્યનો સંઘ કાઢ્યો હતો. આ સંઘ અમદાવાદ થઈને પાલીતાણા ગયો હતો. જ્યારે એ સંઘ અમદાવાદ આવ્યો ત્યારે સંઘયાત્રા દરમિયાન યાત્રિકોના જાનમાલની બરાબર સાચવણી થાય એટલા માટે અમદાવાદ પાસેના રાણીપ ગામના રહેવાસી ચાર કોળીઓને વળાવિયા તરીકે નોકરીમાં રાખવામાં આવ્યા હતા. આ ચાર વળાવિયાનાં નામ પગી બનાજી જગાજી, પગી રઘાજી કૂલજી, પગી સવાજી છલાજી અને પગી જેસાજી સામતાજી હતાં. તેમનો વ્યવસાય ખેતી તથા વળાવિયા તરીકે કામ કરવાનો હતો. આ પ્રકરણમાં સંઘપતિએ પોતે જ મેજર કીટિંજ સમક્ષ આપેલ જુબાની ઉપરથી જાણી શકાય છે કે, તેમણે આ ચાર જણને અમદાવાદનિવાસી અને આ સંઘના જ એક યાત્રિક શ્રી કેવળચંદ ખેમચંદની ભલામણથી વળાવિયા તરીકે નોકરીમાં રાખ્યા હતા.

આ સંઘ પાલીતાણા પહોંચ્યો તે પછી પોષ સુદ-૧૨, તા. ૧૫ જાન્યુ. ૧૮૭૪ની રાત્રે સંઘના પડાવના એક પાલમાં પાછળના ભાગથી ઘૂસીને કેટલાક ચોરો તેમાંથી કેટલીક વસ્તુઓ ઉપાડી ગયા હતા. જ્યારે એ પાલના યાત્રિકોને પોતાના પાલમાં ચોરી થઈ હોવાની જાણ થઈ ત્યારે તપાસ કરતાં માલૂમ પડ્યું કે, શ્રી દલીચંદ સકરચંદ, શ્રી હેમચંદ કસ્તૂરચંદ તથા શ્રી રાયચંદ પ્રેમચંદનો કેટલોક માલ ચોરાઈ ગયો હતો. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણેય ઈડરના વતની હતા, અને એમના ચોરાઈ ગયેલા માલની કિંમત અનુક્રમે રૂ. ૯/–; રૂ. ૧૦૫/– અને રૂ. ૪૮૫૦/– થતી હતી. આમાંની પહેલી બે વ્યક્તિઓએ તો પોતાના ચોરાઈ ગયેલા માલની રકમનું વળતર મેળવવા કશો પ્રયત્ન કર્યો હોય એવું જાણવા મળતું નથી. પણ શ્રી રાયચંદ પ્રેમચંદે પોતાના ચોરાઈ ગયેલા માલની કિંમત આશરે પાંચેક હજાર રૂપિયા જેટલી થવા જતી હોઈ તેમણે તેનું વળતર મેળવવા સતત પ્રયત્ન હાથ ધર્યો હતો. અને એમાંથી આ પ્રકરણ પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ વચ્ચે મોટા એવા વિખવાદનું કારણ બન્યું હતું અને છેક અઢી વર્ષ કરતાં પણ વધુ સમય બાદ ચોરાઈ ગયેલા માલની રકમના વળતરરૂપે એનો નિકાલ આવ્યો હતો. એની મુખ્ય મુખ્ય વિગતો આ પ્રમાણે છે :

માલ ચોરાઈ ગયાની ફરિયાદ પાલીતાણા રાજ્યને મળ્યા પછી તેની પોલીસે પગી-ઓની મદદથી પગેરું શોધવાનો પ્રયત્ન કર્યો હતો, પણ એમાં એમને ન તો ચોરોના સગડ મેળવવામાં અથવા ન તો ચોરાઈ ગયેલ મુદ્દામાલ શોધી કાઢવામાં સફળતા મળી હતી. આ પ્રયત્નને અંતે તેઓ પાપડનો એક ફરંડિયો અને ઘરેણાંની કેટલીક ખાલી ડબ્બીઓ જેવી સામાન્ય ચીજો જ શોધી શકયા હતા કે જેની કિંમત રૂ. ૫–૧૦ જેટલી માંડ થતી હતી. બીજી બાજુ દરબારશ્રી એ વાત સારી રીતે જાણતા હતા કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણા રાજ્ય વચ્ચે થતા રહેલ રબોપાના કરારોનો મુખ્ય હેતુ યાત્રિકોના જાનમાલનું રક્ષણ કરવાનો અને કોઈ પણ યાત્રિકનો માલ ચોરાઈ જાય તો રાજ્ય તરફથી એનું યોગ્ય વળતર મળી રહે એવી ગોઠવણ કરવાનો જ હતો. એટલે સ્વાભાવિક રીતે જ આ ચોરીથી ને ખાસ કરીને શ્રી રાયચંદ પ્રેમચંદની રૂ. ૪૮૫૦/- જેટલી મોટી રકમની ચોરીથી રાજ્ય ઉપર એના બદલામાં મોટી રકમનું વળતર આપ-વાની જવાબદારી આવી પડે એવી સ્થિતિ હતી. આ જવાબદારી પોતા ઉપર ન આવી પડે એવો કોઈક માર્ગ શોધવાનો પ્રયત્ન રાજ્ય તરફથી થાય એ પણ સ્વાભાવિક જ હતું. આ પ્રયત્નનો અંજામ એ આવ્યો કે રાજ્યે, સંઘ સાથે અમદાવાદથી વળાવિયા તરીકે આવેલ રાણીપના ચારેય કોળી ભાઈઓ ઉપર ચોરીનું તહોમત મઢીને એમને ગિરફતાર કર્યા હતા અને દરેકને બે બે વર્ષની સજા અને રૂ. ૫૦૦/– નો દંડ અને દંડ ન ભરે તો વધુ બે વર્ષની કેદની સજા કરી હતી. જેમને ગુનેગાર માનવામાં આવ્યા હતા તેમને દરેકને બે બે વર્ષની કેદની સજા કરવા ઉપરાંત દરેકની પાસેથી ૫૦૦/– રૂ. જેવી રકમનો દંડ કરવાની પાછળ રાજ્યે કંઈક નવાઈ ઉપજાવે એવો એ વિચાર કર્યો હતો કે આ રીતે દંડની રૂ. ૨૦૦૦/– જેટલી રકમ આવે તે ચોરીના વળતર તરીકે આપી દેવી.

આ જેલવાસ દરમિયાન રાજ્ય તરફથી એ ચારે ય જણની એવી કનડગત કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી હતી કે જેથી તેઓ ખૂબ ત્રાસી ગયા હતા. કેટલાક વખત સુધી આવો ત્રાસ બરદાસ્ત કર્યા પછી તેઓને એવી લાલચ આપવામાં આવી હતી કે તેમની પાસે રજૂ કરવામાં આવનાર એક કાગળ ઉપર તેઓ સહી કરી આપે તો એમને કેદમાંથી છોડી મૂકવામાં આવશે. આ કાગળ કાઠિ.ના તે વખતના એકિટંગ પોલિટીકલ એજન્ટ મિ. જેમ્સ કાઉલ્લીને ઉદ્દેશીને લખીને એમાં બનાજી વગેરે ચારેય જણની સહીઓ લેવામાં આવી હતી. આ કાગળમાં રજૂ થયેલા ખાસ મુદ્દા આ પ્રમાણે હતા :

૧. સંઘના વળાવિયા તરીકે અમને નગરશેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈની ભલામણથી જ સંઘપતિએ અમદાવાદમાંથી જ રાખ્યા હતા અને આ ચોરી પણ અમે એમની જ ચઢવણીથી કરી હતી. અર્થાત્ આ ચોરી થઈ એમાં નગરશેઠશ્રી પ્રેમાભાઈનો હાથ હતો.

૨. આ ચોરી અમે કર્યાનો આરોપ અમારા ઉપર ખુદ રાયચંદ પ્રેમચંદે મૂકેલો હોવાથી રાજ્યે અમને એ ગુના માટે પકડીને જેલની તથા દંડની ભારે સજા કરી છે.

૩. આ ચોરીમાં શ્રી રાયચંદ પ્રેમચંદનો જૂજ કિંમતનો જ માલ ચોરાયો હતો, જે અમે પાછો આપ્યો હતો.

૪. આમ છતાં રાયચંદ પ્રેમચંદે પોતાનો ઘણો માલ ગયાની ફરિયાદ કરેલ તે ઉપરથી રાજ્યે અમને ઘણી સજા કરી છે.

૫. નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ અમને છોડાવવાની તજવીજ કરતા હતા.

આવી અરજી તા. ૧-૯-૧૮૭૪ ના રોજ આ ચાર જણની સહીથી મિ. કાઉલીને પાલીતાણામાં આપવામાં આવી હતી.

પરંતુ ઉપર પ્રમાણેની અરજી, જેલની યાતનાથી કંટાળીને અને પાલીતાણા રાજ્યના દબાણથી, કર્યા પછી એમ લાગે છે કે એકાદ મહિનાની અંદર કોઈ પણ રીતે આ ચારેય આરોપીઓનો પાલીતાણાની જેલમાંથી છુટકારો થયો હતો, આ છુટકારો થયા પછી તરત જ એ ચારેય જણાએ આ પ્રકરણમાંની સાચી હકીકતની રજૂઆત કરતો એક લાંબો પત્ર તા. ૯-૧૦-૧૮૭૪ ના રોજ અમદાવાદથી મિ. કાઉલીને લખ્યો હતો. એ કાગળમાં રજૂ થયેલી વિગતો જોતાં ઉપરના પાંચેય મુદ્દા બિલકુલ ખોટા હતા એમ સ્પષ્ટ જાણવા મળે છે. તેમાંય શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ જેવા કેવળ ગુજરાતમાં જ નહીં પણ આખા મુંબઈ પ્રાંતમાં એક પ્રતિષ્ઠિત અને વગદાર આગેવાન તેમજ મુંબઈ સરકારની લેજીસ્લેટિવ કાઉન્સિલના એક વખતના મેમ્બર તરીકેનો દરજ્જો ધરાવનાર વ્યક્તિ ઉપર ચોરી કરાવવાનો આરોપ મૂકવો એ બહુ જ ગંભીર બાબત હતી અને એના પ્રત્યાઘાતો પાલીતાણા રાજ્યની વિરુદ્ધમાં પડે એ બિલકુલ સ્વાભાવિક હતું.

આ પ્રકરણ સાથે સંકળાયેલ અને પેઢીના દફ્તરમાં સચવાઈ રહેલ એક કાગળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંની વિગતોની અહીં નોંધ લેવી ઘટે છે. રાણીપના જે ચાર કોળી ભાઈઓ ઉપર શેઠ પ્રેમાભાઈ હીમાભાઈની ચઢવણીથી શ્રી રાયચંદ પ્રેમચંદની મિલકતની ચોરી કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો તે ચારેય વ્યક્તિઓ કેટલી વિશ્વાસપાત્ર, વફાદાર અને પોતાની જવાબદારીને પૂરી કરવા માટે જાનનું જોખમ પણ ખેડી શકે એવી હતી, એ વાતની રજૂઆત કરતા અમદાવાદના ૩૮ જેટલા વેપારીઓ અને આગેવાનોની સહીથી લખવામાં આવેલ એક પ્રમાણપત્ર ઉપરથી પણ જાણી શકાય છે, જે આ પ્રમાણે છે :

"(ચાર જણનાં નામ લખીને આગળ જણાવ્યું છે કે) અમારા જાનમાલની સાચવણી સારૂ જાનોમાં તથા સંઘો વીગરે મુસાફરી જઈએ તાંહાં વળાવે ઘણી વખત લેઈ ગયા હતા તથા લેઈ જઈએ છીએ. તથા અંમારા વેપારને સારૂ હુન્ડરો રૂપીઆ રોકડા તથા સોનુ રૂપું વગેરે તેમને સુપી દેસાવરો મોકલેલ ને મંગાવેલ તા. હાલ પણ મોકલીએ તથા મંગાવીએ છીએ. તેથી તેઓને સારી રીતે જાણી સકીએ છીએ કે તે માણસો ભરૂસાદાર ને ખાતરીના છે. તે લોકોથી કોઈ દીવશ અમોને નુકશાન કે અમારા માલનો બીગાડ થએો નથી વળી બળવાની સને ૧૮૫૭ માં ઘણી ધાસ્તીની વખતમાં પણ ઉપર લખેલા સગલજી તથા બનાજી જમાદારોને બીજા કેટલાએક તેમની મારફતના માણસોને અત્રેના કેટલાક વેપારીઓએ લાખો રૂપીઆની નગદી દેશાવર મોકલવી સુપેલી તેની તે લોકોએ પોતાના ઉપર બળવાલોકોનો હુમલો થતા કેટલાક ઘાહેલ થઈ જાનસટે રક્ષણ કરી સલામત પોચાડેલી.

સંવત ૧૯૩૧ ના માહાં સુદ ૧૦ વાર સોમવાર તા. ૧૫ મી માહે ફેબરવારી સને ૧૮૭૫ મુ. અમદાવાદ."

વળતર : શ્રી રાયચંદ પ્રેમચંદે પોતાનો જે માલ તા. ૧૫-૧-૧૮૭૪ ના રોજ પોતાના પાલમાંથી ચોરાયાની ફરિયાદ કરી હતી તે વખતે તેની કિંમત રૂ. ૪૮૫૦=૦૦ હોવાનું નોંધાવ્યું હતું. ત્યાર પછી એમણે કાઠિયાવાડના જ્યુડિશીયલ આસિસ્ટન્ટ મિ. ઇ. ટી. કેન્ડીને તા. ૫ મે ૧૮૭૫ના રોજ આ પ્રકરણ અંગે જે અરજી કરી હતી તેમાં તેમણે પોતાને થયેલ નુકસાન અંગે રજૂઆત કરતાં કહ્યું હતું કે, "જુબાનીમાં રૂ. ૪૭૨૨-૬-૦ નુ નુકશાંન લખાવ્યું છે ને તારબાદ ઈઆદ આવ્યું તે લખવા કહું પણ લખ્યું નથી તે રૂ. ૬૪૭-૧૫-૦ એ રીતે એકંદર આપના અરજદારને નુકશાંન રૂ. ૫૬૭૦-૫-૦ નું થઆની તથા કીંમતમાં જાદેકમ લખાએલની તપસીલ માગશો તે વખત રજુ કરશે."

શરૂઆતમાં રૂ. ૪૮૫૦/- લખાવ્યા પછી રૂ. ૪૭૨૨-૬-૦ લખાવ્યાનું ઉપરની નોંધ ઉપરથી જાણી શકાય છે. પણ આ બે રકમ વચ્ચે આ ફેરફાર કેવી રીતે થયો તે કાગળો તપાસવા છતાં પણ નક્કી થઈ શકતું નથી. આ બાબતમાં શ્રી રાયચંદભાઈએ પાલીતાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્ય તથા એજન્સીને મળીને સંખ્યાબંધ અરજીઓ કરી હતી અને દોડધામ પણ ઘણી કરી હતી. (ઉપર ચોરીની રકમમાં વધારો કરવા અંગેની વાત તા. ૫ મે ૧૮૭૫ ના જે પત્રમાં રજૂ કરવામાં આવી છે એ પત્રમાં કરવામાં આવેલ નોંધ મુજબ એમણે એ વખત સુધીમાં ૬૪ અરજીઓ તો કરી જ હતી એમ જાણવા મળે છે.)

ઉપરની હકીકત ઉપરથી જોઈ શકાય છે કે પોતાના ચોરાયેલ માલની રકમનું વળતર મેળવવા માટે શ્રી રાયચંદભાઈ એ જહેમત ઉઠાવવામાં કશી જ બાકી રાખી ન હતી. અને સદ્‌ભાગ્યે એમની આ મહેનત સફળ પણ થઈ હતી જે કાઠિયાવાડના એકિટંગ આસિ. સ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મિ. હન્ટરે તા. ૧૨-૧૨-૧૮૭૬ ના રોજ સોનગઢ મુકામેથી આપેલ નીચે મુજબના ઐતિહાસિક કહી શકાય એવા ફેંસલા ઉપરથી જાણી શકાય છે. આ ફેંસલો આ પ્રમાણે છે—

"રાયચંદ પ્રેમચંદ વાદી

વીરૂદ્ધ

"પાલીતાણા દરબાર પ્રતીવાદી

"વળતર બાબતનો દાવો

હુકમ

"એજનસીની રીતી મે. કરનલ કીટીંજ સાહેબને નંબર ૧૩, તા. ૨ માર્ચ સ. ૧૮૭૬ ના લેટરમાં બાહાલ રાખી છે તે મુજબ પાલીતાણાને વળતરનો વાજબી દાવો જેને તે જવાબદાર હતા તેહેનું સમાધાન કરવા તક આપ્યા છતાં તેમણે તે કરયું નથી તેથી આ દાવો આ કોર્ટમાં સાંભલેા છે—

"વાદીને તેહેના ગએલ માલનો વધારે પુરાવો રજુ કરાવવા પાલીતાણાની મરજી છે. પણ આ કામમાં પાલીતાણાની કોર્ટને નાલાઅક ચાલની અપરાધી નામદાર સરકારે ઠરાવી છે તેથી આ લુટ વાસ્તે તેમની જવાબદારીની નજર ચુકાવવાના પ્રથમના અપ્રમાણીક પ્રયત્નોની પુર્વણીમાં પાલીતાણા કાંઈ વધારે હરકત લેવાને અટકાએલ છે—

"આ વખત વાદીને લીષ્ટમાં વધારવા હુ રજા આપી સકતો નથી લુટની વખત જ્યારે તે પાલીતાણામાં હતો ત્યારે તેને પુરૂં કરવાની પુષકળ તક હતી —

"માટે રૂ. ૪૩૪૮-૧૨-૦ માંથી બાબાસાહી વીગેરેના વટાવના પૈસા તા. ૧-૧-૬ રૂ. ૧-૪-૦ ના ની કીમતનો સામાન તેહેને મળ્યો તે બાદ જતાં રૂ. ૪૩૪૬-૬-૬ આ ઓફિસમાં એક અઠવાડીઆમાં આપવા પાલીતાણા સ્વસ્થાનને હુકમ કરવામાં આવે છે—

"તા. ૧૨ ડીસેંબર સ ૧૮૭૬ મુ. સોનગઢ

"મે. હંટર સાહેબની સહી

આ. આ. પો. ઈ. ગે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" અસલ મુજબ નકલ મુકાબલ મણીશંકર

" બરી નકલ
J. Hunter
આ. પો. એ. ગોગો "

આ રીતે ચોરી થયેલ માલનું વળતર મેળવવાના પ્રકરણનો અંત તો આવ્યો. પણ આ ઘટના રખોપાનો મૂળ હેતુ સાચવવામાં પાલીતાણા રાજ્ય તરફથી કોઈ પણ જાતની ગફલત થાય તો એ માટે એને કેવું શોષવું પડે છે એના એક કાયમી દાખલારૂપ બની રહી.

પાલીતાણા રાજ્ય પ્રેમાભાઈ શેઠને દિલગીરી દર્શાવે છે : ચોરને ઉશ્કેરીને ચોરી કરાવવામાં નગરશેઠ પ્રેમાભાઈ હિમાભાઈનો હાથ હોવાનો જે આક્ષેપ રાણોપના ચાર કોળી કેદીઓના નિવેદન મારફત મૂકવામાં આવ્યો હતો તે જો સાચો ઠરે તો તેથી નગરશેઠશ્રી પ્રેમાભાઈની કારકિર્દી માટે તેમ જ જૈન સંઘની પ્રતિષ્ઠા માટે પણ કલંકરૂપ બની રહે એવો હતો. વળી, મૂળમાં આ આક્ષેપ સાવ પાયા વગરનો હતો અને ચોરીનું વળતર આપવાની જવાબદારીમાંથી છટકવા માટે જ દરબારશ્રીની ચઢવણીથી કરવામાં આવ્યો હતો તે પણ દેખીતું હતું. એટલે આ આક્ષેપનું સત્વર અને પૂરેપૂરું પરિમાર્જન થાય અને એક સુપ્રતિષ્ઠિત વ્યક્તિ ઉપર આવો ખોટો આક્ષેપ મુકવા બદલ પાલીતાણા રાજ્યને ચોગ્ય નશ્યત થાય એ અનિવાર્ય હતું.

નગરશેઠશ્રી પ્રેમાભાઈની મુંબઇના ગવર્નર શ્રી વુડહાઉસ ઉપરની તા. ૧૦-૬-૧૮૭૬ ની અરજીમાં રજૂ થયેલ હકીકત ઉપરથી એમ જાણવા મળે છે કે, મિ. કાઉલીએ કેદીઓએ કરેલ કબૂલાતના દસ્તાવેજને સાચો માનીને ઠાકોર સાહેબે કરેલા આક્ષેપો (શેઠ પ્રેમાભાઇ હિમાભાઈની ચઢવણીથી કોળીઓએ ચોરી કરી હતી વગેરે)ને ખરા માન્યા હતા તે ઉપરથી તેમણે તા. ૧૧-૬-૧૮૭૪ ના રોજ જે રિપોર્ટ કર્યો હતો તેના આધારે કાઠિયાવાડના ભૂતપૂર્વ પોલિટીકલ એજન્ટ કર્નલ એન્ડરસને દરબારની વાત સાચી માનીને શેઠશ્રી ઉપરના આક્ષેપોને પુરવાર થયેલા માન્યા હતા અને એ રીતે આ કેસ કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. કર્નલ એન્ડરસનના આવા ફેંસલાથી પોતાની તેમજ શ્રાવક કોમની વિરુદ્ધ જે પરિસ્થિતિ સર્જાવા પામી હતી તેમાં ન્યાય મેળવવા માટે શેઠશ્રી પ્રેમાભાઇએ જે પ્રયત્નો હાથ ધર્યા હતા તેની વિગત આ પ્રમાણે છે—

નગરશેઠશ્રી પ્રેમાભાઇએ તા. ૯-૨-૧૮૭૫ તથા તા. ૨૭-૨-૧૮૭૫ ના રોજ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. પીલને અરજી કરીને આ પ્રકરણ સાથે સંબંધ ધરાવતા કાગળોની અધિકૃત નકલો મેળવી. અને ત્યાર પછી તા. ૧૨-૬-૧૮૭૫ ના રોજ મુંબઇના ગવર્નર ફિલીપ એડમંડ વુડહાઉસને પોતાની ફરિયાદની વિગતો વિસ્તારથી લખીને આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે દાદ માગી, જેથી પોતાના પર મૂકવામાં આવેલો ચોરી કરાવ્યાનો આરોપ દૂર થઈ શકે. પણ મુંબઈ સરકારે એના તા. ૩૦-૬-૧૮૭૫ નં. ૪૩૦૮ ના ઠરાવથી એમને આ બાબતમાં પોતે વચમાં પડવા માગતા નથી એમ જણાવીને સિવિલ કોર્ટ મારફત દાદ માગવાનું સૂચવ્યું હતું.[૨૦]

આ પછી નવેક મહિના બાદ તા. ૧૭-૩-૧૮૭૬ ના રોજ મુંબઈના ગવર્નર મિ. વુડહાઉસને શેઠશ્રી પ્રેમાભાઈએ બીજી અરજી કરી, પણ એ અરજીના જવાબમાં પણ મુંબઈ સરકારે તા. ૧૭-૪-૧૮૭૬ નં. ૨૨૨૨ ના ઠરાવથી એમ સૂચવ્યું કે આ બનાવથી એમની આબરૂને કંઈ ધક્કો પહોંચશે એમ સરકાર માનતી નથી. અને તેથી વચ્ચે પડવા ઇન્કાર કરે છે.

આ પછી નગરશેઠશ્રી પ્રેમાભાઈ એ તા. ૧૦-૬-૧૮૭૬ ના રોજ મુંબઈના ગવર્નર શ્રી વુડહાઉસને ત્રીજી અરજી કરીને એ સમજાવવાનો પ્રયત્ન કર્યો કે દરબારે મૂકેલા આક્ષેપનું નિવારણ ન થાય તો તેમની તથા શ્રાવક કોમની આબરૂને ઘણો મોટો ધક્કો પહોંચે છે. આ રીતે વિસ્તારથી પોતાની વાત રજૂ કર્યા બાદ અંતમાં પોતાની તા. ૧૨-૬-૧૮૭૫ તથા તા. ૧૭-૩-૧૮૭૬ ની અરજીઓનો હવાલો આપીને આ પ્રકરણની તપાસ કરવા માટે અધિકૃત કોર્ટનું નામ પોતાને જણાવવાની માગણી કરી કે જે પાલીતાણા રાજ્ય વિરુદ્ધની પોતાની અરજીની તપાસ કરી શકે.

આ અરજીનું સુખદ પરિણામ એ આવ્યું કે મુંબઈ સરકારને આખા પ્રકરણની જાતતપાસ કરીને એની પૂરેપૂરી હકીકતથી માહિતગાર થવાની ફરજ પડી. આ તપાસને અંતે પાલીતાણાના દરબારશ્રીએ નગરશેઠશ્રી પ્રેમાભાઇ ઉપર ચોરી કરાવ્યાનો જે આક્ષેપ મૂકયો હતો તેનું પૂરેપૂરું નિવારણ થયું. એટલું જ નહીં, પણ આ અંગે દરબારશ્રીને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મારફત શેઠશ્રી પ્રેમાભાઈ ઉપર આવો આક્ષેપ મૂકવા બદલ દિલગીરી દર્શાવવાની ફરજ પડે એવો ઠરાવ તા. ૫ સપ્ટે. ૧૮૭૬ ના રોજ નં. ૫૦૬૨ થી મુંબઈ સરકારે કર્યો જે આ પ્રમાણે છે.

ઠરાવ

"તા. ૧૫ મી જાનેવારી સ. ૧૮૭૪ ના રોજ પાલીતાણા સ્વસ્થાનમાં ચોરી થયા બાબત કેટલાક શાવકો અને પાલીતાણાના ડાકોરે એકબીજા ઉપર આવા મોટા આરોપ મુકયા એવો જે આ કેશ તે પુરો સમજવા સરકારે મેહેનત લીધામાં કાંઈ બાકી રાખી નથી.

"૨. સરકારને મળેલી ખબર જેમાં છેલ્લો મી. ન્યુનહામ અને સરકારી તરજુમા કરનારનો રીપોર્ટ છે તે ખબર ઉપરથી બેશક અનુમાન થાય છે કે જે માણસોની ઉપર ચોરીનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તોહોમત મૂકવામાં આવેલું તે માણસોના ઇનસાફની વખત લીધેલા પુરાવાના ફકરતમાં પાછળથી ફગલબાજીથી પાલીતાણા દરબારના લાભમાં ફેરફાર કરવામાં આવો હતો એમ સમજાયું છે કે જે અમલદારોને હાથે, ઓછામાં ઓછું કેહેતાં, આ ફેરફાર કરવામાં આવો હતો તે લોકો ત્યારપછી સ્વસ્થાનની નોકરી છોડી જતા રહા છે અને કદાચ ફોજદારી પણ તેમના ઉપર ચાલે તેમ રાખ્યુ નથી પ્રંતુ, આ વાત ઠાકોરને સમજાવવી જોઈએ કે બીનલાયક માણસોને નોકરીમાં રાખવાથી તમારા રાજકારભારની આબરૂને કેવુ મોટુ હીણપદ લાગે છે. તેણે યાદ રાખવું જોઈએ કે બીજી કલાસના રાજાને મોટી હકુમતવાળી સત્તા જે સરકારે કબુલ કરેલી છે, તેની સાથે ભારે જવાબદારી રહે છે, જે જવાબદારી જે માણસોની ચાલ હમણાં તપાસમાં છે તેવી છાપના માણસો નોકર રાખવાથી બીલકુલ વીરૂધ છે. અને તેમને ખબર આપવી જોઈએ કે ૪ માસ પછી આ બાબતમાં તા, સ્વસ્થાનના સાધારણ ઈનસાફી રાજકારભારમાં સો સુધારો કરવામાં આવ્યો છે તે વીશે સરકારે પોલીટીકલ એજેંટ પાસેથી રીપોર્ટ માગ્યો છે.

" ૩. સરકાર એમ ધારા વીના રહી શકતી નથી કે ઠાકોરે કંઈ પણ ખરા પુરાવા સીવાય મી. પ્રેમાભાઇ ઉપર ચોરી કરાવાનો આરોંપ મુકયો અને વધારે તપાસ તે આરોપને કાંઈ પણ ટેકો આપવા તદન નીષ્ફળ ગયો છે. અમારો આ અભીપ્રાય ઠાકોરને લખી જણાવવો અને પોલીટીકલ એજંટની મારફત આવી ભુલમાં દોરાઈ આવવાને સારૂ મી. પ્રેમાભાઈને તેમણે પોતાની દીલગીરી બતાવી છે એમ અમારા જાણવામાં આવેથી અમને સંતોષ થશે. સમાપ્તમાં પીલ સાહેબે આ અગત્યના કેસમાં જે ધીરજથી અને હુસીઆરીથી ચોકસી કરી છે ને જે કેસ તેના આગલા અધીકારી બરોબર સમજેલા હોય એમ દેખાતુ નથી, તેને માટે સરકાર તેમને ખુસીથી સાબાસી આપે છે.

" સરકારના સેક્રેટરી "

મુંબઈ સરકારના આ ઠરાવમાં જણાવ્યા મુજબ પાલીતાણાના દરબારશ્રીએ કાઠીયાવાડ પોલિટીકલ એજન્ટ જે. ડબલ્યુ. વોટસન મારફત શેઠશ્રી પ્રેમાભાઈ હિમાભાઈ ઉપર મૂકવામાં આવેલ આક્ષેપ અંગે જે દિલગીરી દર્શાવી હતી તેની જાણ શેઠશ્રી પ્રેમાભાઇ હિમાભાઈને કરવા માટે પોલિટીકલ એજન્ટ જે. ડબલ્યુ. વોટસન તરફથી તા. ૮ મી જાન્યુઆરી ૧૮૭૭ ના રોજ નં. ૧૧૧ થી નીચે મુજબ પત્ર લખવામાં આવ્યો હતો.

" આજમ શેઠ પ્રેમાભાઈ હેમાભાઇ

" અ જ તરફ જે. ડબલ્યુ વોટસન સાહેબ આક્ટીંગ પોલીટીકલ એજંટ પ્રાંત કાઠીયાવાડ દીગર ઈડરના શા. રાયચંદ પ્રેમચંદની પાલીતાણામાં થએલ ચોરીના કામમાં પાલીતાણાના ઠાકોર સાહેબે તા. ૨૩ જુન સને ૧૮૭૪ ની એજંનસીમાં એક યાદ આપેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આપ વીશે કેટલાક અઘટીત શબ્દો વાપરા હતા.[૨૨] આ લખાણ કંઈપણ સાબેતી વીના ઠાકોર સાહેબે કરૂં એમ સરકારે તા. ૫ સપટેમ્બર સને ૧૮૭૬ ના નંબર ૫૦૬૨ રજીસ્ટ્રેશનમાં ઠરાવી હુકમ કરેા હતેા કે "ઠાકોર સાહેબે આવી ભુલ કરી તેટલા માટે તેમણે પોલીટીકાલ એજંટ સાહેબ મારફત શેઠ પ્રેમાભાઇને દીલગીરી જાહેર કરવી" આ ઉપરથી ઠાકોર સાહેબે પોતાની તા. ૫ જાનેવારી સને ૧૮૭૭ ની યાદમાં અમારી મારફત પોતાની દીલગીરી આપને જાહેર કરવા લખ્યું છે, તે આપને જણવા લખ્યું છે.

"તા. ૮ મી જાનેવારી ૧૮૭૭ રાજકોટ.

"Sd/જે. ડબલ્યુ. વોટસન
ઓફી. પો. એજંટ"[૨૩]

આ રીતે ચોરીના વળતર પ્રકરણનો દરેક રીતે જૈનોના લાભમાં અંત આવ્યેા હતેા, તે પોતાના હકની સાચવણી માટે શેઠ આણંદજી કલ્યાણની પેઢી તથા જૈન સંઘ તરફથી જે જાગૃતિ બતાવવામાં આવતી હતી તેના કારણે જ. એ કહેવાની જરૂર નથી કે આ પ્રકરણના આવા આવકારદાયક અંતને કારણે નગરશેઠશ્રી પ્રેમાભાઈ હિમાભાઈ, શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તથા જૈન સંઘની પ્રતિષ્ઠામાં વધારેા થવા પામ્યેા હતેા.

નજરાણાની રકમ મજરે લેવા બાબત

કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મેજર કીટિંજ તા. ૫-૧૨-૧૮૬૩ ના રેાજ પાલીતાણાના ઠાકોરશ્રી તથા શ્રાવક કોમ વચ્ચે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ ની રકમનેા રખેાપાનેા ત્રીજો કરાર કરાવી આપ્યેા હતેા. તેની ૧૬ મી કલમમાં એ પ્રમાણે લખવામાં આવ્યું હતું કે, "તા. ૧-૧-૧૮૬૪ થી શ્રાવક કોમે (પાલીતાણાના) દરબારશ્રીને યાત્રાવેરા અર્થાત્ કર તરીકે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ આપવા. આ રકમમાં મલનું નજરાણું અને વળાવુ જેવા બીજા બધા નાના કરોનેા સમાવેશ થઈ જાય છે,"

સને ૧૮૬૯ ની સાલમાં કયારેક મુંબઈના શેઠશ્રી કેશવજી નાયક સંઘ લઈને પાલીતાણા ગયા તે વખતે તેમણે રૂ. ૧૦૦/- તથા શ્રી એતસી અવિચલે રૂ. ૨/- એમ કુલ રૂ. ૧૦૨/- પાલીતાણાના દરબારશ્રીને નજરાણા તરીકે આપ્યા હતા. આ વાતની શેઠ આણંદજી કલ્યાણજીને ખબર પડતાં એને લાગ્યું કે દરબારશ્રીએ નજરાણા તરીકે આ રકમનેા સ્વીકાર કરીને મેજર કીટિંજે કરી આપેલ રખેાપાના કરારમાંની (ઉપર નોંધેલી) ૧૭ મી કલમનેા ભંગ કર્યો છે. એટલે પેઢી તરફથી એ રકમ રખેાપાની રકમમાં મજરે મળવી જોઈએ એવી રજૂઆતની પહેલી અરજી તા. ૧૯ માર્ચ ૧૮૭૧ ના રેાજ કાઠિયાવાડના એકિટંગ આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ જેમ્સ કાઉલી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ અરજી કર્યા પછી પણ પેઢીએ પોતાની આ માગણી ચાલુ રાખવા માટે બીજી પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરજીઓ પોલિટીકલ એજન્ટને મોકલી હતી. પાલીતાણાના દરબારશ્રીએ આનો જવાબ તા. ૨૨ જુલાઈ ૧૮૭૪ ના રોજ આપીને પોતે નજરાણાની આવી રકમ લેવાને હકદાર છે અને તેથી ક્રીટિંજના ચુકાદાની કલમનો ભંગ થતો નથી. એ મતલબની રજૂઆત મિ. ક્રાઉલી સમક્ષ કરી.[૨૪]

આનો ચુકાદો કાઠિયાવાડનાં પોલિટીકલ એજન્ટ ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસને તા. ૩ નવે. ૧૮૭૪ ના રોજ પોતાના આસિસ્ટન્ટ મિ. જેમ્સ ક્રાઉલી ઉપર લખી જણાવ્યો જે નીચે મુજબ હતો :

"તમારા ગયા મહીનાની તા. ૧૬ મીના નંબર ૨૬૦ના કાગલના જવાબમાં હું તમને માન સાથે ખબર આપું છું કે સેત્રુંજાના ડુંગર ઉપર સંઘ આવે છે તેના સંઘવી પાસેથી નજરાણો લેવામાં આવે છે. તે પાલીતાણાના ઠાકોર સાહેબને જે વારસીક રકમ આપવાની ઠરાવી છે તેની અન્દર દાખલો થતો નથી એવું હું ધારૂ છુ અને ફરમાવામાં આવે છે કે તમો તે પ્રમાણે દાવાદારને ખબર આપીને તે કેસ માંડી વાલશો.

"(સહી) ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસન
પોલીટીકાલ એજન્ટ"

મિ. એન્ડરસનનો ઉપર પ્રમાણેનો ફેંસલો દેખીતી રીતે જ દરબાર તરફી અને શ્રાવક કોમ વિરુદ્ધનો હતો એટલે શ્રાવક કોમને એની સામે કંઈ ફરિયાદ કરવાપણું હોય તો તે બાબતમાં મુંબઈ સરકારને લખવાની સૂચના આપતો કાઠિયાવાડના પોલિ-ટીકલ એજન્ટ મિ. પીલે તા. ૨૧-૧૨-૧૮૭૪ ના રોજ નીચે મુજબ શેરો શેઠ આણંદજી કલ્યાણજીની તા. ૧૮ ઓકટો; ૧૮૭૪ ની યાદ ઉપર કર્યો હતો :

"મહેરબાન કરનલ આંડરશન સાહેબ પ્રાંતના ઇગ્રેજી રીપોર્ટનો જવાબ પ્રાંતમાં લખ્યો છે કે શંઘના મુખીએ ઠાકોર શાહેબને જુદો નજરાણો આપવો જોઇએ, તો તે હુકમથી નારાજ હો તો તમારે મુંબઈ સરકારમાં અપીલ કરવી જોઈ એ એવું અરજદારને કહેવું"

આ ઉપરથી તા. ૧૬ ઓકટો, ૧૮૭૫ ના રોજ શેઠશ્રી પ્રેમાભાઈ હિમાભાઈ વગેરે પેઢીના આઠેય પ્રતિનિધિઓની સહીથી મુંબઈના ગવર્નર સર ફિલિપ એડમંડ વુડહાઉસને અપીલ કરીને આ બાબતમાં દરમિયાનગીરી કરીને મિ. એન્ડરસનના ફેંસલામાં ફેરફાર કરવાની માગણી કરવામાં આવી હતી.

આ ઉપરથી મુંબઈ સરકારે તા. ૨૯-૪-૧૮૭૬ ના રોજ નં. ૨૪૮૦ નો નીચેમુજબ ઠરાવ કર્યો હતો :

"સરકારના સને ૧૮૬૬ ના નિર્ણયનું અર્થઘટન કરતાં મિ. જે. બી. પીલ, જે એમ માને છે કે દરબારશ્રીને આપવામાં આવતી વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ ની રકમમાં વિવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંના (રૂ. ૧૦૨/- ના) નજરાણાનો સમાવેશ થઇ જાય છે. એની સાથે સરકાર બીલકુલ સંમત છે. આ ખાસ કેસની બાબતમાં પૈસા પાછા આપવાનો હુકમ એટલા માટે કરવામાં નથી આવતો કે કર્નલ એન્ડરસનના ચુકાદાની સામે સરકારને અપીલ કરવામાં શેઠ આણંદજી કલ્યાણજીએ ઘણો વિલંબ કર્યો છે. પણ આ હુકમ ભવિષ્યમાં આવી કોઈ માગણી કરવાથી ઠાકોરશ્રીને રોકશે."

આ રીતે આ પ્રકરણનો લગભગ છ એક વર્ષ જેટલા લાંબા ગાળા પછી અંત આવ્યો તેમાં શ્રાવક કોમને રૂ. ૧૦૨/- મુંબઈ સરકારને અરજી મોડી કરવાને કારણે ભલે પાછા ન મળ્યા, પણ દરબારશ્રીને આપવામાં આવતી રખોપાની રકમમાં નજરાણા વગેરેનો સમાવેશ થઈ જાય છે અને ભવિષ્યમાં દરબારશ્રી આ રીતે નજરાણાની રકમ ન લઈ શકે એ મતલબનો ફેંસલો મુંબઈ સરકાર પાસેથી મેળવવામાં જે સફળતા મળી હતી તે ભવિષ્યને માટે પણ ઘણી ઉપયોગી સાબિત થવાની હતી. રકમ નાની હોય કે મોટી, એ વાતને મહત્ત્વ આપ્યા વગર, પોતાના મૂળભૂત હકની સાચવણી કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કેટલી જાગૃત અને પ્રયત્નશીલ રહેતી તે આ દાખલા ઉપરથી પણ જાણી શકાશે.

પાલીતાણા રાજ્યને કરવામાં આવેલી એક જાણવા જેવી તાકીદ : પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે સને ૧૮૬૨ થી, રખોપાનો ચોથો કરાર સને ૧૮૮૬ માં થયો ત્યાં સુધીનાં પચીસેક વર્ષના લાંબા ગાળા દરમિયાન નાના મોટા અનેક ઝઘડાઓ થતા જ રહ્યા હતા. ગિરિરાજ ઉપરની જમીનની માલિકીના હક સંબંધી લાંબી તકરાર અને એ તકરારને કારણે અંગ્રેજ સરકારે હાથ ધરેલ સવિસ્તર તપાસ પણ આ જ અરસામાં થઇ હતી અને એનો નીવેડો મુંબઈ સરકારે આ સમય દરમિયાન જ સને ૧૮૭૭ ની સાલમાં આપ્યો હતો જે સને ૧૮૭૯ ની સાલમાં લંડનની પ્રીવિ કાઉન્સિલે પણ માન્ય રાખ્યો હતો. ગિરિરાજ ઉપરની જમીનના માલિકીહક સંબંધી તપાસ ચાલતી હતી તે દરમિયાન કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ મિ. પીલને તા. ૨૫ ઓગસ્ટ સને ૧૮૭૫ ના રોજ પાલીતાણા રાજ્યને ઉદ્દેશીને એક યાદ લખી મોકલવાની ફરજ પડી હતી તે ઉપરથી પણ રાજ્ય અને જૈન કોમ વચ્ચે કેવું તંગ વાતાવરણ પ્રવર્તતું હતું તે જાણી શકાય છે. આ યાદનું લખાણ આ પ્રમાણે હતું. :

"જાવક નં. ૫૦૬

"યાદી સ્વસ્થાન પાલીટાણા તરફ મોકલવાની જે.

હમારી પાસે ફરીયાદ આવી છે કે પાલીતાણા દરબાર તરફનાં માણસો મેમણ ઈસ્માંન તથા અલ્લી કોઠારી સેત્રુજા ડુંગર ઉપર હાલ સીપાઇઓ રાખે છે તથા હરગોવીન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેહેરા એ ડુંગર ઉપર કેટલોક બીગાડ કરે છે અને દેવલો પછવાડેનાં ભોયરાં ભાગીને ખુલ્લાં કરી નાખે છે. શીવાય એ ઉતારામાંથી જેણે શાવકનાં માણુશોને કાઢાઢી મેલાં છે અને વલી પાલીતાણા તરફથી ભાવનગરના રસ્તા ઉપર ચોકીઓ મુકેલી છે તે મુસાફરોને રોકે છે તથા ઝાડો લે છે. જો આ વાત ખરી હોય તો ઘણી ગેરવાજબી છે કેમકે ડુંગર બાબતના કાંમની હજુ તજવીજ ચાલે છે દરમીઆંન કાંઈ નવું નહીં થવું જોઈએ. જો ઉપર પ્રમાણે કાંઈ કરવામાં આવસે તો તે આપના નાંમને ઘણું નુકસાંનકારક થસે વાસ્તે આપે દરબારી માંણસોને સખત હુકમ કરવો જોઇએ કે છેવટ ફેસલો થતાં સુધી કાંઈ પણ નવીન નહીં કરતાં જેવી સ્થીતી છે તેવી રાખી શાવકોના હકોનો કોઈ રીતે ભંગ કર્યો સાબીત થસે તો આપની પાસેથી સખત જવાબ લેવામાં આવસે.

"તા. ૨૫ અગશ્ટ સંને ૧૮૭૫
"હુલેરાય ચીદ રૂગનાથરાય
દફ્તરદાર

મું. રાજકોટ.

"(Signed) J. B. Peile
P. A. Kattyawar"

ધર્મની લાગણી દુભવતાં મેળાઓ :

જ્યારે ગિરિરાજ ઉપરની જમીનની માલિકીના હક અંગે પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે મોટો વિવાદ ઊભો થયો હતો અને એ વિવાદના નિકાલ માટે અંગ્રેજ સરકાર તરફથી સવિસ્તર તપાસ ચાલી રહી હતી, એ અરસામાં જ, જાણે પાલીતાણા રાજ્ય ગિરિરાજ ઉપરના પોતાના માલિકીહકને સાબિત કરવા માગતું હોય એ રીતે, સને ૧૮૭૬ ના ઓગસ્ટ મહિનાની ૧૯ મી તારીખે એણે ગિરિરાજ ઉપર ઢેડ અને ભંગી સહિત હલકી કોમનો મેળો ભરવાની યોજના તૈયાર કરી હતી. અને એ પ્રમાણે મેળો ભરાયો પણ હતો. જે ભૂમિના કણકણને જૈન સંઘ પવિત્ર માનતો હોય એ ભૂમિ ઉપર ભૂતકાળમાં કયારેય ન ભરાયો હોય એવો મેળો ભરાય એથી જૈન સંઘની ધાર્મિક લાગણીને ઘણો આઘાત પહોંચે, એ બીજાઓની જેમ પાલીતાણાના દરબારશ્રી પણ સમજતા જ હતા. છતાં એમણે આ પગલું સમજપૂર્વક ભર્યું હતું. પણ આવી અઘટિત ઘટનાની સામે જો પોતે મૌન ધારણ કરે ને જે કંઈ બન્યું તેને બરદાસ્ત કરી લે તો ભવિષ્યમાં એનું પુનરાવર્તન થયા વગર ન જ રહે. અને જો એમ થાય તો તીર્થાધિરાજ શત્રુંજયની પવિત્રતા અને મહત્તા જોખમાયા વગર ન જ રહે તે, સમસ્ત જૈન સંઘ તથા તેના મોવડીઓ તેમજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી બહુ જ સ્પષ્ટ રીતે સમજતાં હતાં. એટલે એની સામે એણે તત્કાલ પગલાં ભરીને દાદ માગવા માટે ગોહેલવાડ પ્રાંતના આસિસ્ટન્ટ પોલિટીકલએજન્ટ મિ. જે. હન્ટરને તા. ૨૮-૮-૧૮૭૬ ના રોજ, કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે. બી. પીલને તા. ૪-૯-૧૮૭૬ ના રોજ તથા મુંબઇના ગવર્નર સર ફિલિપ એડમંડ વુડહાઉસને તા. ૩૧-૮-૧૮૭૬ ના રોજ અરજીઓ મોકલી હતી. આ અરજીઓમાં શેઠ આણંદજી કલ્યાણજી વતી શેઠશ્રી દલપતભાઈ ભગુભાઇએ સહી કરી હતી. આ ઉપરાંત પેઢીના કાયદાના સલાહકાર ડબલ્યુ. સ્ટ્રીપે પણ તા. ૧૫-૯-૧૮૭૬ ના રોજ ગોહેલવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મિ. જે. હન્ટરને પણ અરજી કરીને પાલીતાણાના દરબારશ્રી એજન્સીના હુકમોનો ભંગ કરે છે તે સામે એદ વ્યક્ત કરીને ઘટતાં સખત પગલાં ભરવાની માગણી કરી હતી.

એજન્સી તેમજ અંગ્રેજ સરકાર તરફથી આવી ગંભીર બાબતની ઉપેક્ષા થાય અથવા એની તપાસમાં વિલંબ કરવામાં આવે તે શકય નહોતું. એટલે આ અંગે તરત જ તપાસ હાથ ધરવામાં આવી હોય અને એને કારણે કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. પીલ સાહેબને નં. ૬૦૦-૧૮૭૭ તા. ૫-૪-૧૮૭૭ નો એક હુકમ બહાર પાડવાની ફરજ પડી હોય એમ સ્પષ્ટ જાણી શકાય છે, મૂળ અંગ્રેજી ભાષામાં બહાર પાડવામાં આવેલ આ હુકમનો ગુજરાતી અનુવાદ કરીને તેને પત્રિકારૂપે વહેંચવામાં આવ્યો હતો. એ અનુવાદ આ પ્રમાણે છે—

"નં, ૬૦૦ – ૧૮૭૭

"મુ. વીરાવલ તા. ૫ એપ્રીલ સને ૧૮૭૭

"કાઠીઆવાડના પોલીટીકલ એજંટ જે. બી. પીલ

એસકવાયર સી. એસ. તરફથી

"ગોહેલવાર પ્રાંતના આસીસ્ટંટ પોલીટીકલ એજંટ

મેજર જે. ડબલ્યુ. વાટસન જોગ

"સાહેબ,

"તા. ૧૯ માર્ચના સરકારના ઠરાવ નંબર ૧૭૧૬ ની નકલ મોકલી વીનંતી કરવાની કે તમે પાલીતાણાના ઠાકોર સાહેબને અબર આપશો કે કપતાન હંટરે કરેલા તપાસના પરીણામ ઉપરથી એમ માનવાને સબબ રહે છે કે શેતરંજા ડુંગર ઉપર ઢેડ લોકોએ ભરેલો મેલો શાવકોને દુઃખ લગાડવાને દરબારે નવો ભરાવ્યો હતો, આવી ચાલ તેમના બાપાને અઘટીત અને સરાવકોની સાથે તેમનો સંબંધ બરાબર ચલાવવાને સરકારે બાંધેલા ધારા વીરૂધ છે, એટલા માટે ડુંગર ઉપર તેમના ખરચથી રાખેલા સરકારી અમલદારને ઊઠાડી લેવા હું હુકમ કરી સકતો નથી, અને જ્યાં સુધી મારી એમ સંપુરણ ખાતરી થશે કે કંઇ પણ ગેરવાજબી વરતણુક અથવા દુઃખદાયક નવીન કરી સરાવકોને ઇજા પહોંચાડતા ઠાકોર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહેબ અટકશે અને પોતાનાં માણસોને અટકાવશે તયાં સુધી તે માણસ તયાં રહેવો જોઈએ.

" અરી નકલ
મેહેરબાન પીલ સાહેબની ઈંગરેજીમાં સહી
પોલીટીકલ એજંટ

" મેહેરબાન પીલ સાહેબની ઈંગરેજીમાં સહી
પોલીટીકલ એજંટ "

ઉપરના હુકમમાં પાલીતાણા દરબારશ્રીના ખર્ચે બ્રિટિશ સરકારના અમલદારને રાખવાની અને દરબારશ્રી તરફથી સંપૂર્ણ ખાતરી ન મળે ત્યાં સુધી એ અમલદારને ઉઠાવી ન લેવાની જે વાત કહેવામાં આવી છે એ ઉપરથી એ સમજી શકાય છે કે આ ઝઘડો અંગ્રેજી સરકારને ચિંતાકારક લાગ્યો હશે !

બીજા બે મેળા : એજન્સી સાથેના શેઠ આણંદજી કલ્યાણજીના વહેવારનો એક શિરસ્તો એવો પણ હતો કે પેઢીની વતી એક વકીલ ગોહેલવાડ પ્રાંતના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટની જ્યાં ઓફિસ આવેલી હતી તે સોનગઢ મુકામે કાયમને માટે રહેતા હતા, જેથી પેઢીની વાત કે ફરિયાદ વેળાસર એજન્સીમાં મોકલી શકાતી હતી ને એજન્સીની સૂચના અથવા તો હુકમની જાણ પેઢીને તરત જ કરી શકાતી હતી પણ કોઈ કારણસર આ શિરસ્તો તા. ૨૯ જાન્યુઆરી ૧૮૭૯ ના સરકારના ઓર્ડર નં. ૭૪ થી રદ કરવામાં આવ્યો હતો. તેથી તેને ફરી ચાલુ કરવા માટે તા. ૨૧-૨-૧૮૮૩ ના રોજ એક અરજી કાઠિયાવાડના ઓફિસિયેટીંગ પોલિટીકલ એજન્ટ મેજર જે. ડબલ્યુ. વોટસનને કરવામાં આવી હતી. આ અરજીમાં આ માગણીની દાખલા-દલીલો સાથે રજૂઆત કરવા ઉપરાંત ગિરિરાજ શત્રુંજય ઉપર, ઉપર સૂચવેલ ઢેડાના મેળા ઉપરાંત બીજા મેળા ભરાયાની અને એ રીતે જૈન સંઘની ધાર્મિક લાગણી દુભાયાની હકીકત પણ નોંધવામાં આવી છે જે આ પ્રમાણે છે :

" ઉપર કહેલા મેલાના જેવા બે મેલા ડુંગર ઉપર ભરવ્યામાં આવા હતા (એક સવત ૧૯૩૬ ના સરાવણ વદ ૦)) (ભરચોમાસામાં) ને દીવસે અને બીજો સ્વત ૧૯૩૭ ના ચઇતર સુદ-૧૫ ને દીવસે સાવણ વદ ૦)) એટલે તા. ૪ સપ્ટેમ્બર સને ૧૮૮૦ ને રોજ જે મેલો ભરાયલો તે વખતે કોઇપણ સાવક જાત્રાલુને ડુગર ઉપર જવું ચોમાસુ ચાલુ હોવાને કારણે એ ધર્મ વીરૂધ છે એ મેલામાં રાજગર ગ્રામણ વીગરે બીજા લોકો હતા જેમાંના ઘણા ખરા પાલીતાણાની રઇઅત હતી આ નવીન મેલો અંમારા સાવક લોકોનાં મન દુખાવવાને માટે કરેલો હતો. બીજો ચઇતર સુદ ૧૫ એટલે તા. ૧૫ અપ્રેલ સને ૧૮૮૧ ને રોંજ જે મેલો ભરેલો હતો તેમાં સેત્રુજા ડુગરે સાવકોની જાત્રાની ત્વારીખમાં કોઈ વખત બનેલ નહી એવો બનાવ કરો હતો ખરેખરા સાવક જાત્રાલુ સીવાએ આ વખતે જુદી જુદી જાતના તથા ધંધાનાં માંણસો આસરે એક હજાર ભેલા થયા હતા તેમાંના આસરે ૮૦૦ તો પાલીતાણાની રઇઅત હતા ને તે મધે કેટલાક ખાવાની ચીજો બીડીઓ તથા બીજી પરચુરણ ચીજો વીગરે વેચવાની દુકાનો કાઢી બેઠા હતા. કેટલાક સીવવાની દુકાનો માંડી બેઠા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાટકીઓ અને કલાલો પણ હતા. આ બાબત અમારી તરફથી અરજીઓ કરવામાં આવી હતી પણ તે મોડી થતાં દરમ્યાનમાં પુરાવો ઊડી ગએો અને દાદ પોહોચી નહી છેલા મેલાના સંબંધમાં લખવાનું કે ડુગર ઉપર આ પ્રમાણે બનાવ બન્યો તે ગેરવાજબી અને કોઈ દીવસના રીવાજ સીવાયનો છે."

જૂનાં પગલાંની ચોરી અને નવાં પગલાંની સ્થાપના :

ગિરિરાજ શત્રુંજય ઉપર સૂરજકુંડની પાસે એક નાની દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં જૂના વખતથી પ્રતિષ્ઠિત કરેલ હતાં. આ પગલાં તા. ૧૮-૬-૧૮૮૫ ના રોજ રાતના કોઈક તોફાની માણસોએ ઓદી નાખીને કયાંક એવાં ગૂમ કરી દીધેલાં કે જેથી એનો પત્તો જ ન લાગે. આ બનાવની પેઢીના એજન્ટ મહેતા નવલરાય લાલજીને જાણ થતાં તેમણે તરત જ તા. ૧૯ જૂનના રોજ પાલીતાણામાં મુકામ કરીને રહેલા ગોહેલવાડ પ્રાંતના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન આર્થર ફોરડાઈસને રૂબરૂ મળીને એ વાતની જાણ કરી હતી. આ ઉપરથી કેપ્ટન ફોરડાઈસે તા. ૨૨ જૂનના રોજ શ્રી નવલરાય લાલજીની સાથે જ્યાંથી ચોરી થઈ હતી એ સ્થાનની મુલાકાત પણ લીધી હતી. તે પછી પણ કેટલાક દિવસ સુધી આ બનાવ કેવી રીતે બન્યો તેનો પત્તો લાગ્યો નહીં. એટલે તા. ૨૮-૬-૧૮૮૫ ના રોજ નગરશેઠશ્રી પ્રેમાભાઈ હિમાભાઈ વગેરે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સહીથી કેપ્ટન ફોરડાઈસને આ અંગે લેખિત અરજી મોકલવામાં આવી હતી. આ અરજીના અનુસંધાનમાં તા. ૨-૭-૧૮૮૫ ના રોજ એમને પેઢીના પ્રતિનિધિઓ તરફથી બીજી અરજી મોકલવામાં આવી હતી. અને તા. ૩ જુલાઈ ૧૮૮૫ ના રોજ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. ઈ. ડબલ્યુ. વેસ્ટને અરજી કરીને આ વાતની જાણ કરવામાં આવી હતી. આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન ફોરડાઈસને કરવામાં આવેલી બંને અરજીઓમાં આ કૃત્ય માટે શ્રાવક કોમના (પાલીતાણાના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના) ગુમાસ્તા તથા સિપાઈઓ મળીને પંદર જેટલા શખ્સોને પાલીતાણા રાજ્યે હિરાસતમાં લીધાની, એમની કનડગત થયાની અને એમને જમીન પર છોડવાની બાબતમાં બહુ ઢીલાશભરી કામગીરી હાથ ધર્યાની ફરિયાદ કરીને એની સામે દાદ માગવામાં આવી હતી. અને પોલિટીકલ એજન્ટ મિ. વેસ્ટને કરેલી અરજીમાં મુખ્યત્વે એ માગણી કરવામાં આવી હતી કે આ બનાવમાં ગુનેગાર નક્કી કરવાની અને એમને ઘટતી નશ્ચત કરવાની કામગીરી પાલીતાણા રાજ્યને બદલે એજન્સીએ પોતે જ હાથ ધરવી.

તા. ૩ જુલાઈ સને ૧૮૮૫ના રોજ મહેરબાન પોલીટીકાલ એજંટ સાહેબને મોકલેલી યાદ ઉપર થયેલ શેરાની નકલ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતીનીધીઓ તરફ સેરો બતાવી કહેવું કે સવસ્થાન પાલીતાણા તરફથી ઉપરની ઈયાદીમાં લખ્યા મુજબ જુલમ કરવામાં આવે છે એમ મહેરે બાન પ્રાંતહાકીસર સાહેબ પાસે સાબેત કરી દેવામાં આવસે તો તમારી માગણી મુજબ કેસ ત્રાંસફ કરવાં સમધી અમે વીચાર કરસુ તે પહેલાં કંઈ હુકમ આપી સકાંતો નથી. તા. ૭-૭-૮૫ મુ. રાજકોટ.

અંગરેજી સહી
પ્રો. એજંટ ગો. પ્રાં.
નંબર ૪૭૨"

પેઢી તરફથી આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ કેપ્ટન ફોરડાઈસિને જે ફરિયાદ કરવામાં આવેલ તેનો જવાબ પાલીતાણા રાજ્ય તરફથી તા. ૭-૭-૧૮૮૫ ના રોજ લખી મોકલવામાં આવેલો. એમાં સ્વાભાવિક રીતે જ પેઢી તરફથી કરવામાં આવેલ આક્ષેપોનો સદંતર ઈન્કાર કરીને, પોતે આ બાબતમાં જૈન કોમ કે બ્રાહ્મણ કોમ બેમાંથી કોઈના પક્ષે ન હોવાનું જણાવીને એમ બતાવવાનો પ્રયાસ કર્યો હતો કે રાજ્ય તો આ બાબતમાં બિલકુલ તટસ્થ છે, અને આ ઘટનામાં એમનો કોઈપણ જાતનો હાથ કે હિસ્સો નથી.

આ ઘટના સાથે રાજ્ય તરફથી બ્રાહ્મણ કોમનો સંબંધ એ રીતે જોડવામાં આવ્યા હતો કે સૂરજકુંડ પાસેની દેરીમાંનાં જે પગલાંને ખોદી કાઢીને ઉઠાવી જવામાં (ચોરી જવામાં) આવ્યાં હતાં તે, ખરી રીતે, જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનાં નહીં પણ હિંદુ ધર્મના જાણીતા દેવ શ્રી દત્તાત્રેયનાં હતાં. આમ બતાવીને રાજ્યે એ પગલાંને ખોદી કાઢીને અદશ્ય કરવાના ગુના બદલ બ્રાહ્મક કોમની (પેઢીની) નોકરીમાં રહેલા માણસોને તકસીરવાર ઠરાવવાનો પ્રયાસ કર્યો હતો. અને એમની ધરપકડનું કારસ્થ પણ એ જ હતું. પણ વાસ્તવિક સ્થિતિ સાવ જુદી જ હતી. અને ચોરાઈ ગયેલાં પગલાં ભગવાન ઋષભદેવનાં જ હતાં, એ વાતનો સૌથી પ્રબળ પુરાવો તો એ હતો કે સને ૧૮૭૫ ની સાલમાં કાઠિયાવાડ પોલિટીકલ એજન્ટ મિ. પ્રીલના જ્યુડિશીયલ આસિસ્ટન્ટ મિ. ઈ. ટી કેન્ડીએ પોતાની સવિસ્તર અને વિગતવાર તપાસ દરમિયાન ગિરિરાજ શત્રુંજય ઉપર જૈનતરોનાં જે બાર દેવસ્થાનો (અગિયાર હિંદુ ધર્મનાં અને એક મુસ્લિમ ધર્મનું) હોવાની સ્પષ્ટ નોંધ કરી હતી તેમાં, આ દેરીમાંનાં પગલાં દત્તાત્રેયનાં હોવાનો અણસાર પણ એમણે કર્યો ન હતો. એમણે તો પોતાના અહેવાલમાં એ સ્પષ્ટરૂપે લખ્યું હતું કે સૂરજકુંડ પાસે હિંદુધર્મની કેવળ એક શિવલિંગવાળી દેરી જ છે. અને એની સામે તે વખતે દરબારશ્રીએ કે બીજા કોઈએ કોઈ પણ જાતનો વાંધો ઉઠાવ્યો ન હતો. આ ઉપરથી જોઈ શકાય છે કે આ પગલાંને દત્તાત્રેયનાં પગલાં તરીકે ઓળખાવવાનો રાજ્ય તરફથી જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયાસ કરવામાં આવ્યો હતો તેનો એકમાત્ર હેતુ જૈનોને ખિજવવાનો અને એમના પ્રમાણિત થયેલા હક ઉપર તરાપ મારવાનો જ હતો.

સ્થિતિ આટલી સ્પષ્ટ હોય ત્યારે જૈન કોમ તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આ ઘટનાને બહાને જૈનો વિરુદ્ધનું જે પગલું પાલીતાણા રાજ્ય તરફથી ભરવામાં આવ્યું હતું તેને એક પ્રેક્ષકની જેમ મૂંગે મોઢે સહન કરી લે એ શક્ય ન હતું. તેથી આ બનાવના પડઘા દેશના જુદા જુદા વિભાગમાં વસતા જૈન સંઘો ઉપર પડ્યા હતા. અને ઠેર ઠેર એનો વિરોધ પણ કરવામાં આવ્યો હતો. પોતાના આ વિરોધની લાગણીને વધારે વ્યાપક બનાવવા માટે જૈન સંઘે કેટલાંક વર્તમાનપત્રોનો પણ સહકાર લીધો હતો. આના લીધે પાલીતાણાના દરબારશ્રી જૈન કોમ સામે વધારે નારાજ કે ગુસ્સે થાય તે સ્વાભાવિક હતું. પણ જૈન સંઘને માટે તો આ બનાવ જૂના વખતથી ચાલી આવતા પોતાના દેવસ્થાનની રક્ષા કરવા જેવો મહત્ત્વનો હતો. એટલે આ બાબતમાં નમતું મૂકવું એને પાલવે એમ ન હતું.

પાલીતાણાના દરબારશ્રીએ જૈન સંઘની અરજીના જવાબમાં કેપ્ટન ફોરડાઇસ સમક્ષ જે રજૂઆત કરી હતી તેના ઉપર મિ. ફોરડાઈસે જે શેરો કર્યો હતો તે શ્રાવક કોમની માગણીનો લગભગ ઇન્કાર કરવા જેવો હતો, જે આ પ્રમાણે હતો :

" સ્વસ્થાન પાલીતાણા બીજા કલાશનું શ્વસ્થાન છે. અને તે વર્ગનો તેમને પરીપુરણ અખત્યાર છે. જેથી તમારી અરજીઓમાં ફક્ત હકીકત લખી છે તેટલા ઉપરથી જ તેમના અખત્યારમાં દરમીઆન આવવું વાજબી નથી અને તે બાબતમાં કાંઈ પણ વધારે પગલું ભરતાં પેલા જે હકીકત તમે જાહેર કરો છો તે હકીકત પ્રથમ શાબીત કરી આપવી જોઈએ.

" અને તમો કેટલીક વાતોના ખોટા આરોપ સા. મજકુરના શેકંડ કલાશના રાજા ઉપર જે વગર આધારે તથા કાંઈ શાબીતી શીવાય મુકશો, તો ઘણું જ ગેરમુનાશબ છે, એમ શેઠ આણંદજી કલાણજી તરફ કહેવું.
તા. ૧૮-૭-૮૫ સોનગઢ.[૨૬]

" બતાવ્યુ નવલરાય લાલાજી

" અંગ્રેજીમાં સાહેબની શહી
આર્થર ફોઈડાઈસ
" આ. પો. એ. ગોહેલવાડ પ્રાંત "

આ પછી ગોહેલવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મિ. ફોરડાઇસ આ પ્રકરણ અંગે તપાસ કરવા તા. ૨૨ ની રાત્રે પાલીતાણા પહોંચ્યા. પણ પોતે આવી તપાસ કરવા પાલીતાણા જાય છે તે પ્રસંગે હાજર રહીને પોતાની વાત રજૂ કરવાની શ્રાવક કોમને (પેઢીને) તક મળે એવી કોઈ પણ જાતની ખબર એમણે શ્રાવક કોમને આપી ન હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી ઊલટું તા. ૨૩ જુલાઈના રોજ એમણે જ્યારે આ તપાસ હાથ ધરી તે વખતે પાલીતાણાના દરબારશ્રી એમના કુંવર તથા દીવાન ત્યાં હાજર હતા, જ્યારે શ્રાવક કોમનો કોઈ પ્રતિનિધિ ત્યાં હાજર ન હતો. આ વાતની જાણ થતાં આ તપાસ કેવળ એકતરફી અને તે પણ દરબારની તરફદારી કરતી હોવાનું જાણીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તા. ૨૪-૭-૧૮૭૭ ના રોજ કાઠિયાવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મિ. ફોરડાઈસ ઉપર તથા પોલિટીકલ એજન્ટ મિ. ઇ. ડબલ્યુ. વેસ્ટ ઉપર તા. ૨૪-૭-૧૮૮૫ ના રોજ અરજી કરીને આ તપાસ કેવળ એકતરફી હોવાથી તેને રદ કરવાની માગણી કરવામાં આવી હતી. સાથે સાથે એ જ તારીખે આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ ફોરડાઇસ ઉપર તાર કરીને આ તપાસ સોનગઢ મુકામે રાખવાની માગણી કરવામાં આવી હતી. તેમજ એ જ તારીખે મુંબઈ સરકારના ચીફ સેક્રેટરી તથા નામ. ગવર્નરના પ્રાઇવેટ સેક્રેટરી ઉપર તાર કરીને એમને પણ આ પરિસ્થિતિની અને પોતાના વાંધાની જાણ કરવામાં આવી હતી. વળી, મુંબઈની જાણીતી સંસ્થા ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાએ પણ તા. ૨૫-૭-૧૮૮૫ ના રોજ મુંબઈના નામદાર ગવર્નરના ખાનગી મંત્રી ઉપર પત્ર લખીને મિ. ફોરડાઇસની તપાસ એકતરફી હોવાથી તેને રદ કરવાની અને બંને પક્ષ પોતાની વાત રજૂ કરી શકે એવી સંતોષકારક ગોઠવણ કરવાની વિનંતી કરી હતી.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ આ બનાવ પ્રત્યે જૈન સંઘની નારાજી વધતી ગઈ અને પાલીતાણા રાજ્યે અપનાવેલ અન્યાયી વલણની સામે જૈન સંઘની વાત ભારપૂર્વક અને પૂરેપૂરી માહિતી સાથે કરવાની લાગણી પણ જોર પકડતી ગઈ. આને લીધે મુંબઈના ધી જૈન એસો. ઓફ ઇન્ડિયાએ તથા જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ, જ્યારે જે કંઈ પગલાં ભરવાં જરૂરી લાગે તે પગલાં ભરવામાં લેશ પણ વિલંબ કે ઢીલાશ દાખવ્યા વગર આ પ્રકરણમાં જૈન સંઘને ન્યાય મળે એ માટે પોતાની કામગીરી સતત ચાલુ રાખી હતી.

આ માટે મુંબઈના ધી જૈન એસો. ઓફ ઇન્ડિયાએ મુંબઈના નામ. ગવર્નર, કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ તથા કાઠિયાવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ એ ત્રણેય ઉપર મળીને નાનીમોટી કુલ દસ જેટલી અરજીઓ કરી હતી. અને તા. ૨૦-૭-૧૮૮૫ ની અરજીમાં તો તીર્થની મિલકત તથા યાત્રિકોના જાનમાલના રક્ષણ માટે એજન્સીના દસથી તેર જેટલા સિપાઈઓ ગિરિરાજ ઉપર રાખવાની માગણી પણ કરી હતી. આ અરજીઓ મુંબઈના જાણીતા શાહસોદાગર અને એસો.ના પ્રમુખ શેઠશ્રી પ્રેમચંદ રાયચંદ તથા જાણીતા વિદ્વાન શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની સહીથી કરવામાં આવી હતી.

શેઠ આણંદજી કલ્યાણજી તરફથી આ પ્રકરણને લઈને ત્રીસેક જેટલી અરજીઓ કરવામાં આવી હતી. તેમાં મુંબઈના નામદાર ગવર્નર ઉપરની બે અરજીઓ, કાઠિયાવાડના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોલિટીકલ એજન્ટ ઉપરની અરજીઓ, આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ ઉપરની અરજીઓ, પાલીતાણા રાજ્યને કરેલી અરજીઓનો સમાવેશ થાય છે. આમાંની મોટા ભાગની અરજીઓ પેઢીના પાલીતાણા શાખાના મુનીમશ્રી ઈંદરજી મકનજી દેસાઇની સહીથી કરવામાં આવેલી હતી; જ્યારે કેટલીક અરજીઓ અને ખાસ કરીને મુંબઈના નામ. ગવર્નરશ્રી ઉપર મોકલવામાં આવેલ મેમોરેન્ડમ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સહીઓથી મોકલવામાં આવ્યા હતા.

આ અરજીઓ ઉપરાંત બી જૈન એસો. ઓફ ઇન્ડિયા તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કેટલોક તારવ્યવહાર પણ કરવામાં આવ્યો હતો.

ચારેક મહિના જેટલા ટૂંકા ગાળામાં આ પ્રકરણ અંગે વિપુલ પ્રમાણમાં પત્રવ્યવહાર તથા તારવ્યવહાર તેમજ પ્રચાર કરવામાં આવેલ હતો. તે ઉપરથી પણ જોઈ શકાય છે કે જૈન સંઘે પગલાં-ચોરીના આ પ્રકરણ પ્રત્યે કેટલી ગંભીરતા અને જાગૃતિ દાખવી હતી અને એનો સંતોષકારક ઉકેલ આવે એ માટે કેવો અવિરત પ્રયત્ન કર્યો હતો. અને છેવટે આ પ્રકરણનું પૂરેપૂરું સુખદ નહીં, છતાં શ્રીસંઘને સંતોષ થાય એવું જે પરિણામ આવ્યું હતું તે મુંબઇ સરકારના તા. ૨-૧૦-૧૮૮૫ના નંબર ૫૯૮૮ ના ઠરાવ ઉપરથી જાણી શકાય છે. એ ઠરાવ આ પ્રમાણે છે—

"ઠરાવ—સરકારનો એવો અભીપ્રાય છે કે ગઈ તા. ૧ અગષ્ટના રોજના નંબર ૪૭૬૩ ના ઠરાવમાં કરેલ હુકમમાં કાંઈ ફેરફાર કરવા કોઈ પણ કારણ નથી અને એ ઠરાવ અરજદારોને જણાવવો.

"૨. પગલાંની માલેકી બાબત એમ અનુમાન કરવામાં આવે છે કે તે પગલાંની વ્યવસ્થા કરવાને માજેસ્ત્રેટને પોલીસ ઉપર હુકમ આપવો પડશે તે માજેસ્ત્રેટ જે ઠેકાણેથી એ પગલાં કાઢાડી નાંખવામાં આવ્યાં છે તે ઠેકાણે તે પાછાં મુકાવા હુકમ કરશે.[૨૭]

"(સહી) જે. બી. રીચી
સરકારના ચીફ સેક્રેટરી"

ઉપરના ઠરાવના બીજા પેરેગ્રાફનો અનુવાદ આ ફાઇલમાંના એક પત્રમાં આપવામાં આવ્યો છે તે વધારે સરળ છે તેથી અહીં તેને ફરીથી ઉતારવામાં આવ્યો છે—

"હાલના એટલે નંબર ૫૯૮૮ તા. ૨-૧૦-(૧૮)૮૫ના ઠરાવના બીજા પારીગ્રાફમાં સરકાર ફરમાવે છે કે પગલાંની માલેકી બાબતમાં ચોરીનો કેસ જે માજીસ્ત્રેટ સાહેબની આગલ ચાલશે તેઓ શાહેબ શદરહુ પગલાંની વ્યવસ્થા કરવા શબંધી હુકમ આપશે અને તાંહાંથી શદરહુ પગલાં ખસેડવામાં આવાં હશે તાંહાં પાછા રાખવાનો હુકમ આપશે એમ શરકાર ધારે છે." (પૃ. ૨૮૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકરણનું પૂરેપૂરું સુખદ પરિણામ એટલા માટે ન આવ્યું કે જે પ્રાચીન પગલાં ઉખેડી નાંખીને અલોપ કરી દેવામાં આવ્યાં હતાં (ચોરી જવામાં આવ્યાં હતાં) તેનો પત્તો લાગ્યો જ નહીં. આ પ્રકરણનું સંતોષકારક પરિણામ આવ્યાનું જે ઉપર કહેવામાં આવ્યું છે તે એટલા માટે કે મુંબઇ સરકારના ઉપર સૂચવેલ ઠરાવના અમલરૂપે સૂરજકુંડ પાસે આ ટેરીમાં ભગવાન ઋષભદેવનાં નવાં પગલાંની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તેની વિગત આ પ્રમાણે છે—

આ નવાં બનાવેલાં પગલાંની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૪૨ ના ફાગણ સુદ ૮, તા. ૧૩-૩-૧૮૮૬ ને શનિવારના રોજ જે. પી. નો ઈલ્કાબ ધરાવતા મુંબઇના શા. તલકચંદ માણેકચંદના હાથે થઈ હતી. આ અંગે તેઓએ પાલીતાણાના ઠાકોર સાહેબ શ્રી માનસિંહજી ઉપર તા. ૧૨-૩-૧૮૮૬ ના રોજ આ પ્રમાણે પત્ર લખ્યો હતો—

" આવતીકાલે એટલે ફાગણ શુદ ૮ શનીવારે અમારા શ્રાવકકોમની જાત્રાની બીજીનો શુભ દીવસ છે ને શેત્રુંજાની ઉપરના સુરજકુંડમાં નાહાવાના માતમ સાથે તે કુંડ પાસે જે શ્રી આદેશ્વર ભગવાંનના ચરણપાદુકા હમારી દેરીમાં હતા તેનું દરસણ પુજણ કરવું એ તે ઠેકાંણાની મુખ્ય ક્રીયા છે પણ તે ચરણપાદુકા ચોરાઈ ગયા છે એવો કેસ ઉત્પન્ન થતાં ત્યાં પગલાંનાં સ્થાનક ખાલી છે માટે માહારો ઈરાદો તે ઠેકાણે આદેશ્વર ભગવાંનના બીજા ચરણ પાદુકાની સ્થાપના આવતીકાલે કરવાનો છે તેથી મહેરબાની કરી આપની કચેરીમાં એ બાબત ચાલેલ કેસ કાઢાડી નાખવાનું હુકમ ફરમાવશો.

" શ્રાવકો તરફથી એ સંબંધીનું એજંન્સીમાં ચાલેલ કામ કાઢાડી નાંખવા એજન્સીમાં પણ ઈમાદ આપવામાં આવશે. "

આ પત્રમાં જણાવ્યા મુજબ ધી જૈન એસો. ઓફ ઇન્ડિયાએ તથા શ્રી તલકચંદ માણેકચંદ જે.પી. એ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટને જુદા જુદા પત્રો લખીને આ વાતની જાણ એમને કરી હતી. ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ ગોહેલવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટને આ વાતની જાણ કરીને આ અંગેના જે કંઈ કેસો ચાલે છે તે માંડી વાળવાની વિનંતી કરી હતી. શેઠશ્રી તલકચંદ માણેકચંદ જે. પી.એ તા. ૧૩-૩-૧૮૮૬ ના રોજ કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મેજર જે. ડબલ્યુ. વોટસન ઉપર અરજી કરીને એમને પણ આ કેસની માંડવાળ કરવાની વિનંતી કરી હતી.

આ રીતે સૂરજકુંડ પાસેની જૂની દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનનાં નવાં પગલાંની પ્રતિષ્ઠા થતાં પગલાં પ્રકરણનો અંત આવ્યો હતો એ તો ખરું જ, ઉપરાંત જૈન સંઘના પક્ષે આ બાબત એટલા માટે વિશેષ મહત્ત્વની અને ઐતિહાસિક બની હતી કે જેથી આ પગલાં હિંદુ ધર્મને માન્ય દેવ શ્રી દત્તાત્રેયનાં હોવાની જે વાત ઉપજાવી કાઢવામાં આવી હતી તેનું સદંતર નિવારણ થઈ શકયું હતું અને ચોરાઇ ગયેલાં પગલાં જૈન ધર્મના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનાં જ હતાં એ વાત પાલીતાણા રાજ્યે તથા અંગ્રેજ હકુમતે પણ માન્ય રાખી હતી.

પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે આ પગલાં પ્રકરણને કારણે જે ઉગ્ર ખટરાગ ઊભો થયો હતો તે એક રીતે કહીએ તો આ બંને વચ્ચે છેલ્લાં પાંચેક વર્ષથી જે બેદિલી ફેલાયેલી હતી, એમાં બળતામાં ઘી ઉમેરવાની જેમ સારો એવો ઉમેરો કરે એવો હતો. આ પ્રકરણ આટલું ઉગ્ર બન્યું અને એ અંગે આટલી બધી લખાપટ્ટી કરવી પડી તેનું એક કારણ કદાચ આવી કલેશભરી પરિસ્થિતિ પણ હોઈ શકે. વાત એવી બની કે સને ૧૮૬૩ માં મેજર ફ્રીટીંજે રખોપાની વાર્ષિક રકમ રૂ. ૪૫૦૦/- માં વધારો કરીને વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ ની કરી આપી હતી. અને આ કરાર મૂળમાં દસ વર્ષની મુદ્દત માટે કરવામાં આવ્યો હતો, પણ આ દસ વર્ષની મુદ્દત પૂરી થયા પછી પણ બંને પક્ષને એ ચાલુ રાખવામાં ખાસ કોઈ વાંધો ન જણાયો, એટલે તે બીજાં સાત-આઠ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. પણ સને ૧૮૮૦-૮૧ ના અરસામાં પાલીતાણાના દરબાર ગોહેલ શ્રી માનસિંહજીને રખોપાના આ કરારનો અંત લાવીને બહારથી આવનાર યાત્રિક દીઠ રૂ. ૨/- અને પાલીતાણાના વતની માસેમી વાર્ષિક રૂ. ૫/- એ પ્રમાણે મુંડકાવેરો લેવાનું શરૂ કરવાનું મન થયું અને એ રીતે મુંડકાવેરો લેવાની શરૂઆત પણ કરી દીધી હતી. આને લીધે એક બાજુ યાત્રિકોની કનડગતમાં ઘણો વધારો થઈ ગયો હતો અને બીજી બાજુ શ્રાવક સંઘ અને પાલીતાણા રાજ્ય વચ્ચે નવેસરથી કલેશ-કંકાસનાં બીજ રોપાયાં હતાં. એટલે બંને પક્ષો સારા પ્રમાણમાં કડવાશ પ્રવર્તતી હતી. આવી કડવાશથી ભરેલા સમયમાં જ આ પગલાં પ્રકરણ જાગી ઊઠ્યું હતું અને એને લીધે આ કલેશની જ્વાળા વધારે વ્યાપક બની જવા પામી હતી, જોગાનુજોગ કહો કે કુદરતનો કોઈક શુભસંકેત કહો, આ પગલાં પ્રકરણ તથા રાજ્ય તરફથી મુંડકાવેરો ઉઘરાવવાની પ્રવૃત્તિથી જાગેલ કલેશનો લગભગ એક જ અરસામાં એટલે કે સને ૧૮૮૫ ના અંતભાગમાં તથા સન ૧૮૮૬ ના શરૂઆતના મહિનામાં સંતોષકારક અંત આવ્યો. મુંડકાવેરાને સ્થાને કર્નલ જે. ડબલ્યુ. વોટસનની દરમિયાનગીરીથી વાર્ષિક રૂ. ૧૫૦૦૦/- ની રકમનો ૪૦ વર્ષની મુદ્દતનો રખોપાનો એક કરાર તા. ૧-૪-૧૮૮૬ થી અસ્તિત્વમાં આવ્યો હતો જેની વિગતો પહેલા ભાગમાં રખોપાના પ્રકરણમાં આપવામાં આવી છે.

પગલાં અંગેના આ દુઃખદ પ્રકરણ ઉપરથી પણ એ બાબતનો નિર્દેશ મળી રહે છે કે પાલીતાણા રાજ્ય અવારનવાર, એક યા બીજા બહાને, જૈન સંઘને પરેશાન કરવાની કેવા પ્રકારની પેરવી કરતું હતું. આ વાતની વિશેષ સાક્ષી નીચે આપવામાં આવેલ પગરખાં પ્રકરણ ઉપરથી પણ મળી રહે છે જેની વિગતો આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગરખાં પ્રકરણ :

વિ. સં. ૧૯૫૬ ની વાત છે. એ વર્ષમાં સુરતના ઝવેરી શ્રી નગીનદાસ ઝવેરચંદ, જેઓ સંઘવી છોટાલાલના ભાગીદાર થતા હતા, એમને એવી ભાવના થઈ કે ગિરિરાજ શત્રુંજય ઉપર ગઢની બહારના ભાગમાં રામપોળ દરવાજાની બહાર અથવા તો અંગારશા પીરની બારીની બહાર આવેલ કોઈ અનુકૂળ અને યોગ્ય જગ્યાએ નવી ટૂક બાંધવી. આ માટે એમણે પાલીતાણાના દરબાર ગોહેલશ્રી માનસિંહજીની મુલાકાત લઈ ને આવી જમીન પોતાને મળે એવી ગોઠવણ કરી આપવાની માગણી કરી.

આ રીતે વાતચીત થયા પછી, જમીનની પસંદગી માટે દરબારશ્રી સાથે ગિરિરાજ ઉપર જવાનું નક્કી થયું. અને તા. ૧૧-૨-૧૯૦૩, વિ. સં. ૧૯૫૯ ના મહા સુદ ૧૫ને બુધવારના રોજ દરબારશ્રી વગેરે સાથે શ્રી નગીનદાસ ઝવેરી ગિરિરાજ ઉપર ગયા. એ વખતે દરબારશ્રી સાથે તેમના દીવાન શ્રી ગણપતરાવ લાડ, દફ્તરી દોલતરાય, હજુરિયા મહમ્મદ જમાદાર વગેરે મળીને ૧૦ માણસો હતા. શરૂઆતમાં તેઓ અંગારશા પીરની બારી આગળ ગયા અને ત્યાં જમીનની તપાસ કરી.

જૈન સંઘની કોઇ પણ વ્યક્તિ કયારેય ચામડાનાં કે બીજી કોઈ પણ વસ્તુમાંથી બનાવેલાં પગરખાં વગેરે પહેરીને ગઢની અંદર દાખલ થતી નથી એ શિરસ્તો એક ધર્મ-નિયમ તરીકે પરાપૂર્વથી ચાલ્યો આવતો હતો, અને અત્યારે પણ એનો અમલ બરાબર કરવામાં આવે જ છે. પણ જૈનેતર વર્ગ-અને ખાસ કરીને અંગ્રેજો, અંગ્રેજ સરકારના અધિકારીઓ, દરબારશ્રી તથા તેમના અધિકારીઓ તેમજ મહેમાનો આ નિયમનું પાલન કરે જ એવો આગ્રહ રાખવાને બદલે તેઓ ગઢની અંદર દાખલ થતી વખતે ચામડાનાં પગરખાં ઉતારીને, તેના બદલે પેઢી તરફથી આપવામાં આવતા કંતાનના જોડા પહેરીને જ ગઢમાં દાખલ થાય એવો શિરસ્તો ચાલુ કરવામાં આવ્યો હતો.

શ્રી નગીનદાસ ઝવેરીએ ગઢની બહાર બાંધવા વિચારેલ નવી ટૂકની જમીનની પસંદગી માટે જ્યારે દરબારશ્રી વગેરે ગિરિરાજ ઉપર ચડીને અંગારશા પીરની બારી આગળ પહોંચ્યા ત્યારે ત્યાં પેઢીના માણસોએ કંતાનનાં બાર જોડી પગરખાં તૈયાર રાખ્યાં હતાં. અંગારશા પીરની બારી એ જ નવ ટૂકમાં જવાનો મુખ્ય માર્ગ છે. એટલે નવ ટૂકમાંની કોઈ પણ ટૂકમાં જવું હોય તોપણ જૈનતર પ્રવાસીએ ચામડાના જોડા ઉતારીને અને ખુલ્લા પગે ન જવું હોય તો કંતાનના જોડા પહેરીને જ જવાનું હોય છે.

પેઢીના માણસોએ દરબારશ્રી વગેરેને ચામડાના જોડા કાઢીને કંતાનના પહેરવાની અને એ પહેરીને જ ગઢની અંદર ફરવાની વિનંતી કરી. પણ દરબારશ્રીએ એમની વિનંતી કાને ધરી નહીં અને જોડા પહેરીને નવ ટૂકના અમુક ભાગમાં થઈ બારોબાર મોતીશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠની ટૂકમાં જતા માર્ગેથી એ ટૂકમાં ગયા અને ત્યાંથી રામપોળની બારીએ જમીન જોવા જઈ પાછા ફરી ત્યાંથી સિગારેટ પીતાં પીતાં અને પગમાં ચામડાનાં પગરખાં રાખીને છેક મુખ્ય ટૂક એટલે કે દાદાની ટૂકમાં ગયા અને ટૂકની અંદર ભમતીના માર્ગમાં છેક રાયણ પગલાંની દેરી સુધી ફર્યા. ભમતીમાં ઠેર ઠેર જેમ નાનાંમોટાં દેરાસરો બનાવેલાં છે તેમ દેરીઓ પણ બનાવી છે તેમાં તેમજ અન્ય સ્થાનોએ પણ જિનપ્રતિમાઓ બિરાજમાન કરેલી હતી. દરબારશ્રીને એમના સાથીઓ સાથે આ રીતે મુખ્ય ટૂકમાં ફરતા જોઈને ચતુર્વિધ સંઘના સેંકડો યાત્રિકોની ધાર્મિક લાગણીને ખૂબ જ આઘાત લાગ્યો અને બધાને ન કલ્પી શકાય એટલું દુઃખ થયું. પણ દરબારશ્રીએ તો પોતાના આવા બેફામ વલણમાં કોઈ પણ જાતનો ફેરફાર કર્યો નહીં, અને આ બધાં સ્થાનોમાં ફરીને ગઢની બહાર નીકળી ગયા અને નીચે ઊતરી ગયા. આ મહાન તીર્થની આવી મોટી આશાતના શ્રીસંઘથી કોઈ રીતે બરદાસ્ત થઈ શકે એવી ન હતી. જ્યારે આ બનાવ બન્યો તે વખતે એ અંગે એવા સમાચાર વહેતા થયા હતા કે દરબારશ્રી ચામડાના જોડા પહેરીને બીડી પીતાં પીતાં ગઢની અંદરનાં ત્રણ દેરાસરોમાં ફર્યા હતા. પણ આ સમાચાર અંગે પાછળથી ચોકસાઇ કરતાં એ હકીકત જાણવા મળી હતી કે તેઓ આ રીતે કોઇ દેરાસરમાં નહોતા ગયા પણ ટૂકોમાં ત્રણ સ્થાનમાં ફર્યા હતા. એટલે આ બનાવ અંગે પેઢી તરફથી જે કંઈ રજૂઆત દરબારશ્રી સમક્ષ કે અંગ્રેજ હકૂમત સમક્ષ કરવામાં આવી તેમાં દરબારશ્રી ટૂકમાં ફર્યા હતા એ જાતની જ ફરિયાદ કરવામાં આવી હતી.

દરબારશ્રી આ રીતે ગઢની અંદર ઠેર ઠેર બૂટ પહેરીને અને સિગારેટ પીતાં પીતાં ફર્યા એ બધો વખત ગિરિરાજ ઉપર ગઢની બહાર નવી ટૂકની રચના કરવાની ભાવના ધરાવતા શ્રી નગીનદાસભાઈ ઝવેરી પણ એમની સાથે જ હતા. એમના માટે આ દૃશ્ય જેમ સાવ અસાધારણ હતું તેમ બિલકુલ અસહ્ય પણ હતું, આ બધું જોઈને એમની વિમાસણ અને વેદનાનો પણ કોઈ પાર ન રહ્યો હતો. નીચે ઊતર્યા પછી જમીન બાબત વાત કરવા એમને દરબારશ્રીએ બોલાવ્યા હતા. એટલે એક વાર તો તેઓ એમને મળવા ગયા, પણ એમણે જ્યારે એમને ફરીથી મળવા બોલાવ્યા ત્યારે તેઓ દરબારશ્રીને મળવા ન ગયા. આનું મુખ્ય કારણ એ હતું કે, એમણે ગિરિરાજ ઉપર ગઢની અંદર જે દૃશ્ય જોયું હતું તેથી એમણે ગઢની બહાર નવી ટૂક બાંધવાનો વિચાર જ માંડી વાળ્યો હતો. કદાચ એમને એમ પણ થયું હોય કે જો દરબારશ્રી ગઢની અંદરના ભાગમાં આ રીતે બેફામ ફરી શકતા હોય અને જૈન સંઘની ધાર્મિક લાગણીની સાવ ઉપેક્ષા કરતાં હોય તો ગઢની બહાર મેં બનાવવા ધારેલ નવી ટૂકની હાલત ન માલૂમ કેવી થવા પામે ! એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તે હોય, પણ આ બનાવ પછી ગિરિરાજ ઉપર શ્રી નગીનદાસ ઝવેરીએ નવી ટૂક ન જ બાંધી એ એક હકીકત છે.

આ દુર્ઘટનાની જાણ પેઢીના મુનીમ શ્રી અંબાશંકર જેરામભાઈ[૨૯]એ તથા ગિરિરાજ ઉપરના પેઢીના ઈન્સ્પેકટર શ્રી સાંકળચંદ શિવરામે એ જ તારીખે અમદાવાદ પત્ર લખીને પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને કરી હતી. આ પછી તો આવી ઘટના ગિરિરાજ પર બન્યાના સમાચાર દેશભરના જૈન સંઘોની જાણમાં આવી ગયા હતા. પરિણામે પાલીતાણા દરબારશ્રીનાં આવાં અનિચ્છનીય પગલાં સામે રોષ અને ઊંડા ખેદની લાગણી બધે ફેલાઈ ગઈ હતી.

આ ઘટના પછી એની સામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તથા જૈન સંઘ તરફથી કેવાં પગલાં ભરવામાં આવ્યાં અને તેનું પરિણામ શું આવ્યું તેની વિગત વાર હકીકત આપતાં પહેલાં ઉપરનો અઘટિત અને આઘાતજનક બનાવ બન્યા પછી બરાબર બે મહિને, ચૈત્ર સુદ ૧૫ના મોટા પર્વ દિને, આ શોચનીય ઘટનાનું જે પુનરાવર્તન થયું તેની માહિતી પાલીતાણા રાજ્યનાં આવાં પગલાં સામે પોતાનો વિરોધ દર્શાવવા પાલીતાણા શહેરમાં જ વિ. સં. ૧૯૫૯ના ચૈત્ર વદ–૨ના રોજ જુદાં જુદાં ગામોના સંઘોના આગેવાનોની સભા શેઠ મોતીશાની ધર્મશાળામાં મળી હતી તેની કાર્યવાહીના અહેવાલ ઉપરથી પણ જાણી શકાય છે. આ અહેવાલમાં ખરી રીતે સમગ્ર જૈન સંઘની દુભાયેલી લાગણી પ્રદર્શિત થયેલી હોવાથી તે અહીં આપવામાં આવે છે—

"આપણા પવિત્ર શત્રુંજય તીર્થ ઉપરના આપણા ગઢની અંદરના ભાગમાં જૈન ધર્મના પવિત્ર ફરમાન મુજબ મારેલા બોર્ડનું તથા શેઠ આણંદજી કલ્યાણજીના મુનીમ તથા બીજા માણસો કે જેઓ તે વખતે હાજર હતા તેઓએ તે પવિત્ર ફરમાનનો અમલ કરવા મોજાં હાજર રાખી તે પહેરવાની વીનંતી કરવા છતાં તે સર્વેનું અપમાન કરી તથા તે ફરમાન પ્રમાણે આજસુધી નામદાર ગવર્નમેંન્ટ સરકારના અમલદારોએ તથા બીજા રાજકર્તાઓએ તથા પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ પોતે પાળેલા તે ધારાને તોડીને આપણી પવિત્રમાં પવિત્ર આદીશ્વર દાદાની ટુંકમાં ઠેઠ રાયણ પગલાં ટેંમ્પલ્સ સુધી પાલીતાણાના નામદાર ઠાકોર સર માનસિંહજી પોતાના દીવાન તથા હુજુરી માણસો સાથે હજારો જૈનોના દીલો દુખાવતાં મહા સુદ ૧૫ના દિવસે પહેરેલા બુટો સહીત અંદર પ્રવેશ કર્યો અને રાયણ પગલા ટેંમ્પલ્સ સુધી અંદર બીડી સળગાવીને પીધી હતી તેવી જ રીતે ફરી ચૈત્ર સુદ ૧૫ મે જૈનસમુદાયને વધારે દુઃખ ઉત્પન્ન કરવાને માટે નામદાર ઠાકોરે પોતાની પોલીસને પુર્વની માફક હથીઆર ને બુટ સહીત બીડી પીતી આખી ટુંકમાં રાયણ પગલા ટેંમ્પલ્સ સુધી પેસાર્યાનું નહિ કરવા યોગ્ય કૃત્ય કર્યું છે જે દેખીને તથા સાંભળીને જૈન કોમની અત્યંત લાગણી દુખાય તે સ્વાભાવીક જ છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગણી દુખવાને કારણે અત્ર જાત્રાને માટે આવેલ નીચે સહી કરનાર હિન્દુસ્તાનના સર્વ જૈન સંઘ ચૈત્ર વદ ૨ જે પાલીતાણામાં આવેલી શેઠ મોતીશાની ધર્મશાળામાં એકત્ર થઈ દીલોજાનથી દુખેલી લાગણીનું પ્રદર્શન કરી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટ ચલાવનાર આપ પ્રતીનિધી સાહેબોને થએલા અકૃત્યનું નીવારણ કરવાને માટે યોગ્ય બંદોબસ્ત કરવા સાથે હવે પછી તે પવિત્ર શત્રુંજય તીર્થાધિરાજના આપણા તાબાની ગઢની અંદરના આપણા ભાગમાં તેવી આશાતનાના અકૃત્યો ન બને તેમ બંદોબસ્ત કર વાને માટે વિનંતિ કરે છે ને આશા રાખે છે જે તેનો બંદોબસ્ત કરી જૈન પ્રજાના અતિશય દુખાયેલા મનને જેમ બને તેમ જલદીથી શાંતી કરશો.'

તા. ૧૧-૨-૧૯૦૩ ના રોજ પાલીતાણાના દરબારશ્રી પોતાના દીવાનશ્રી વગેરે માણસો સાથે ગિરિરાજ શ્રીશત્રુંજય ઉપર ગઢની અંદરના ભાગમાં પગરખાં પહેરીને સિગારેટ પીતાં પીતાં દાદાની મુખ્ય ટૂક સહેત ત્રણ સ્થાનમાં ફર્યા તેની સામે શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓ તરફથી પહેલી અરજી તા. ૧૭-૨-૧૯૦૩ ના રોજ એજન્ટ ટુ ધ ગવર્નર ઈન કાઠિયાવાડના મિ. એચ. ઓ. કવીનને કરી હતી. આ અરજીમાં આ બનાવની વિગતો રજૂ કરીને જૈન સંઘને જે અન્યાય થયો હતો તેની સામે ઘટતાં પગલાં ભરવાની માગણી કરવામાં આવી હતી. આ અરજી પેઢીની વતી વકીલ શ્રી સાંકળચંદ રતનચંદ અને શ્રી હરિલાલ મંછારામે ભાવનગર મુકામે કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટને હાથોહાથ આપી હતી. એ વખતે મિ. કવીને એ અરજી પેઢીના વકીલોને પાછી આપી હતી અને વધારામાં એવું સૂચન કર્યું હતું કે આ બાબતમાં તમારે સૌથી પહેલાં પાલીતાણાના દરબારશ્રી સમક્ષ રજૂઆત કરવી અને જો ત્યાંથી તમને સંતોષ ન થાય તો પછી અમારી પાસે આવવું.

મિ. કવીનની આ સલાહ અનુસાર પાલીતાણાના દરબારશ્રીને તા. ૨-૩-૧૯૦૩ ના રોજ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સહીથી આ ઘટનાની બાબતમાં ફરિયાદ કરીને ન્યાયની માગણી કરવામાં આવી હતી. પણ આનું પરિણામ પેઢીના પ્રતિનિધિઓની ધારણા મુજબ જૈન સંઘની વિરુદ્ધ જ આવ્યું એટલું જ નહીં, પણ આ બનાવની રજૂઆત આ રીતે કડક ભાષામાં કરવા બદલ પાલીતાણાની રાજસત્તા રોષે ભરાઈ હતી તે વાત આ અરજી ઉપર પાલીતાણાના દીવાનશ્રી ગણપતરાવ એન. લાડની સહીથી નીચે મુજબ કડક શેરો કરવામાં આવ્યો હતો તે ઉપરથી જોઈ શકાય છે.

'પા. હ. ઓ. અ. નં. (૭૫૭)

નામદાર ઠાકોર સાહેબ તખ્તનશીન થયા ત્યારથી મોટી ઉદ્ધતા વાપરી શ્રાવકોના લાભકારક કામો કર્યા છતાં પોતાની જાતને માટે અસહ્યતા ભરેલા શબ્દો વાપરી તમારા અહી આતાના નોકરોના લખવા ઉપરથી ઠાકોર સાહેબ તથા તેમના અમલદારો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથેના નોકરો ચામડાના જોડા સહીત દેરાની અંદર ગયાની જે બીલકુલ ખોટી હકીકત લખો છો તે વ્યાજબી નથી. માટે આયંદે એવું લખાણ નહીં કરવા અરજદારોની વતી શેઠ આણંદજી કલ્યાણજીના મુનીમને આ શેરો બતાવીને કહેવું. તા. ૭ માર્ચ સન ૧૯૦૩ મીતી ફાગણ શુદ ૮ શની ૧૯૫૯.' (Printed book No. 8)

જે જાતની ઘટના બની હતી તેની સામે ન્યાયની માગણી કરવા માટે વાસ્તવિકતા અને ગંભીરતા દર્શાવતા શબ્દોનો ઉપયોગ કરવા જતાં તેમાં કેટલાક એવા શબ્દોનો પણ ઉપયોગ કરવો અનિવાર્ય બની ગયો હતો કે જેથી રાજસત્તાને આવી રજૂઆત વસમી અને અપમાનજનક લાગે. પણ પેઢીના પ્રતિનિધિઓ માટે આમ કર્યા સિવાય છૂટકો જ ન હતો. એટલે એમણે દરબારશ્રીની નારાજગીનો વિચાર કર્યા વગર જ સમુચિત શબ્દોમાં પોતાની તેમ જ સમગ્ર જૈન સંઘની લાગણી વ્યક્ત કરીને આ બાબતનો સંતોષકારક ઉકેલ આવે એવી માગણી કરી હતી. પણ, ઉપર સૂચવ્યું તેમ; એનું કશું જ આવકારદાયક કે સંતોષકારક પરિણામ ન આવ્યું, તેથી પેઢીના પ્રતિનિધિઓને દુઃખ તો જરૂર થયું પણ નવાઈ ન લાગી. આમાં મુખ્ય વાત તો પોલિટિકલ એજન્ટ મિ. કવીનની સલાહ મુજબ વર્તવાની જ હતી કે જેથી એમની સલાહનું પાલન પણ થયું ગણાય અને આ બાબતમાં એમને સીધી અરજી કરવાનો માર્ગ પણ ખુલ્લો થાય.

પણ એમને બીજી અરજી કરવામાં આવે તે અગાઉ જ તા. ૧૧-૨-૧૯૦૩ ના રોજ બનેલ ઘટનાનું પાલીતાણા રાજ્ય તરફથી જે પુનરાવર્તન થયું તે ઉપરથી એમ સ્પષ્ટ લાગે છે કે પાલીતાણાના દરબારશ્રીને પોતાના આ પગલા અંગે જરાય દિલગીરી થઈ ન હતી. એટલું જ નહીં, પણ તેઓ રોષે ભરાઇને ખૂબ આવેશમાં આવી ગયા હતા. એમનો આ આવેશ એ રૂપે પ્રગટ થયો હતો કે તા. ૧૧-૪-૧૯૦૩ ના રોજ સવારના ૯-૦૦ વાગ્યાના સુમારે રાજ્યના કેટલાક પોલીસો, પોતાની સાથે હથિયારો રાખીને પગરખાં પહેરીને અને બીડી પીતાં પીતાં દાદાની મોટી ટૂકની અંદર છેક રાયણ પગલાની દેરી સુધી ફર્યા હતા. જૈન સંઘને માટે આ ઘટના બળતામાં ઘી હોમવા જેવી વધારે રોષ, બેચેની અને બીનસલામતિની લાગણીને જન્માવનારી બની હતી.

તીર્થની મોટી આશાતનાના આ બીજા બનાવના સમાચાર પેઢીના મુખ્ય કાર્યાલયને અમદાવાદમાં પાલીતાણા શાખા તરફથી તાર મારફત મળતાં એણે આ સમાચાર તા. ૧૨-૪-૧૯૦૩ ના રોજ તારથી મુંબઈ પોતાના વકીલશ્રી હરિલાલ મંછારામને આપ્યા હતા. આ ઉપરાંત પાલીતાણાથી તા. ૧૩-૪-૧૯૦૩ ના રોજ શ્રી છત્રપતસિંગ ગુલાબચંદ ઢઢ્ઢા તરફથી આ સમાચાર તાર દ્વારા મુંબઈ શેઠશ્રી વીરચંદ દીપચંદને આપવામાં આવ્યા હતા. સાથે સાથે પેઢીએ પણ એ જ તારીખે મુંબઈના સોલિસિટર શ્રી ગુલાબચંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોતીચંદ દમણિયાને પણ આ સમાચાર તારથી જણાવ્યા હતા. પરિણામે આ ઘટનાની વાત જૈન સંઘના જાણવામાં સારા પ્રમાણમાં આવી ગઈ હતી.

આ ઘટનાનો પહેલો ઉલ્લેખ, મુંબઈ હાઈકોર્ટના સોલિસિટર એજલો (Edgelow) ગુલાબચંદ એન્ડ વાડિયાએ પેઢીની વતી પાલીતાણાના દરબારશ્રીને ગિરિરાજ ઉપર ગઢની અંદર આવેલ ઇંગારશા પીરની જગ્યામાં મહમ્મદ જમાદાર દ્વારા થતા/થનાર બાંધકામની સામે તા. ૧૫-૪-૧૯૦૩ના રોજ જે વાંધાઅરજી કરી હતી, તેમાં થયેલો જોવા મળે છે. આ પછી તા. ૨૫-૪-૧૯૦૩ના રોજ પેઢીના આ જ કાયદાના સલાહકારોએ (સોલિસિટરે) પાલીતાણાના દરબારશ્રી સમક્ષ ખાસ આ બનાવને અનુલક્ષીને સીધેસીધી રજૂઆત કરતી અરજી કરી હતી. આ અરજીમાં તા. ૧૧-૨-૧૯૦૩ ના રોજ બનેલ બનાવની સામે દાદ માગતી જે અરજી પેઢી તરફથી તા. ૨-૩-૧૯૦૩ ના પાલીતાણાના દરબારશ્રીને કરવામાં આવી હતી એને રાજ્ય તરફથી નકારી કાઢવામાં આવી હતી એનો શરૂઆતમાં નિર્દેશ કરીને બીજી દુર્ઘટના અંગે નીચે મુજબ લખવામાં આવ્યું હતું.

—"અમારા અસીલો અત્યંત ખેદપૂર્વક ફરિયાદ કરે છે કે, આ ગંભીર કૃત્ય પછી (આ કૃત્ય ગંભીર એટલા માટે છે કે રાજ્યકર્તાઓ ખુદે આચરેલું છે, એમની નજર સમક્ષ આચરવામાં આવ્યું છે અને એમની સંમતિથી આચરવામાં આવ્યું છે.) એવું જ બીજું કૃત્ય ગઈ તા. ૧૧મી એપ્રિલના રોજ ગિરિરાજ શત્રુંજય ઉપર આપ નામદાર મારફત મોકલવામાં આવેલ પોલીસપાર્ટીએ આચર્યું હતું. પોલીસદળ માત્ર જોડા સહિત આદીશ્વર અને બીજી ટૂકોમાં પ્રવેશ્યું હતું અને પવિત્ર સ્થાનોમાં ફર્યું હતું એટલું જ નહીં, પણ તે દરમિયાન બીડી પીવાનું પણ ચાલુ રાખ્યું હતું. અને આ કાર્ય અમારા અસીલોના નોકરો અને અનેક યાત્રિકોની વિનંતીઓ, અનુરોધ તેમજ વિરોધ છતાં કરવામાં આવ્યું હતું."

પેઢીની વતી પાલીતાણાના દરબારશ્રી ઉપર મોકલવામાં આવેલી આ બંને અરજીનો પાલીતાણા રાજ્ય તરફથી કેવો નિકાલ કરવામાં આવ્યો અથવા તો શો જવાબ આપવામાં આવ્યો તેની માહિતી પેઢીના દફ્તરમાંથી મળી શકતી નથી. પણ આ પછી તા. ૭-૫-૧૯૦૩ ના રોજ પેઢીના પ્રતિનિધિઓ તરફથી કાઠિયાવાડના એજન્ટ ટુ ધ ગવર્નર મિ. એચ. ઓ. કવીનને આ પ્રકરણ અંગે જે બીજી અરજી આપવામાં આવી હતી તેથી એમ લાગે છે કે દરબારશ્રીને કરવામાં આવેલ ઉપર સૂચવેલ બે અરજીનો કોઈ સંતોષકારક નિકાલ નહીં આવ્યો હોય.

મિ. કવીનને આપવામાં આવેલી આ અરજીમાં દરબારશ્રીને આપવામાં આવેલ અરજીનું જે નિરાશાજનક પરિણામ આવ્યું હતું તેનો ઉલ્લેખ કરવાની સાથે સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર સૂચવેલી બે અરજીનો હવાલો આપીને ગિરિરાજ ઉપર બનેલ બીજી દુર્ઘટનાનો (તા. ૧૧-૪-૧૯૦૩ ના રોજ પાલીતાણા રાજ્યના સિપાઈઓ હથિયારો સાથે, પગરખાં પહેરીને બીડી પીતાં પીતાં મુખ્ય ટૂકની અંદર ફર્યા હતા તે ઘટનાનો) પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ અરજીમાં પાલીતાણાના વર્તમાન દરબાર તથા તે પહેલાંના દરબાર સાથે લાંબા વખતથી જૈન સંઘને ચાલી રહેલ ખટરાગના દાખલાઓ આપવામાં આવ્યા હતા. અને તે કારણે અનેક વાર બ્રિટિશ હકૂમતને દરમિયાનગીરી કરીને જે ફેંસલો અથવા સમજૂતી કરાવી આપવાની ફરજ પડી હતી તેનો પણ નિર્દેશ કરવામાં આવ્યો હતો. અને છેવટે આ બનાવના સાચા-ખોટાપણાની તપાસ કાઠિયાવાડના એજન્ટ ટુ ધ ગવર્નરશ્રીએ જાતે કરવાની અથવા તો આવી તપાસ થાય એવી ગોઠવણ કરી આપવાની ભારપૂર્વક માગણી કરવામાં આવી હતી. અને સાથે સાથે એમ પણ સૂચવવામાં આવ્યું હતું કે આ બાબતમાં જો દરબારશ્રીનો બચાવ ખોટો સાબિત થાય તો તેઓ આવા બનાવ માટે જૈનસંઘ જોગ દિલગીરી જાહેર કરે અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થવા પામે એની બાંહેધારી આપે, અને સામે પક્ષે એટલે કે શ્રાવક કોમના પક્ષે જો એણે દરબારશ્રી સામે કરેલા આક્ષેપ ખોટા પુરવાર થાય તો આવી ખોટી અને નિરાધાર બાતમી આપનારાઓની સામે પણ ઘટતાં પગલાં લેવાની તૈયારી બતાવવામાં આવી હતી.

કાઠિયાવાડના એજન્ટ ટુ ધ ગવર્નર મિ. કવીને આ અરજી ધ્યાનમાં લઈને એનો ચુકાદો આપવાનું કામ પોલિટીકલ એજન્ટ લેફ્. કર્નલ જે. એસ. આશ્બીને સોંપ્યું. મિ. આશ્બીએ તા. ૨૨-૬-૧૯૦૩ ના રોજ મિ. કવીનને પેઢીના પ્રતિનિધિઓએ કરેલી અરજીનો ચુકાદો આપ્યો, તે ચુકાદામાં તેમણે તા. ૨૭-૧-૧૮૮૦ ના ગોહેલવાડ પ્રાંતના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મિ. ફ્રિટ્ઝિરાલ્ડે આપેલ એક ફેંસલાનો આધાર લઈને પાલીતાણાના દરબાર ટૂકની અંદર પગરખાં સાથે રહ્યા હતા એ બાબત વાંધાજનક નહીં હોવાનું કહીને આ રીતે ટૂકમાં ફરવાની પાછળ એમનો કોઈ જાતનો બદઇરાદો ન હતો એ મતલબનો પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

મિ. ફ્રિટ્ઝિરાલ્ડના જે ફેંસલાનો ઉપયોગ મિ. આશ્બીએ કર્યો હતો તે આ પ્રમાણે હતો :

શેરો

"શેઠ આ. ક. તરફની અરજી તથા આ જવાબ જોતાં સ્વસ્થાન પાલીટાણાનાં પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ કાંઇ તપાશ માટે પોતાનાં હથીઆર અને બુટ શહીત ગઢમાં જતા હતા તેમાં શ્રાવક તરફનાં સીપાઈ એ મનાં કરેલ જણાય છે. ત્યા સ્વસ્થાન પાલીતાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરફથી શેઠ આ. ક. તરફ 'વચનાત્' કરી લખેલ છે. અને સ્વસ્થાન પાલીતાણા તરફથી હરેાલથી અબર આવ્યાં સીવાય પેા. સુ. તપાસ માટે ગયા તે બાબત તકરાર જણાય છે.

"સ્વસ્થાન પાલીતાણા તરફથી પેા. સુ. પેાતાનાં હથીઆર ત્થા બુટની સાથે ગઢની અંદર જાય તેમાં કશી હરકત નથી. કેમકે તે પ્રમાણે ગઢમાં બધાને જવાની છુટ છે. પરંતુ દેહેરાંની અંદર જવાનું હેાય તેા ચામડાનાં જોડા બહાર રાખી લૂંગડાંનાં મેાજાં પેહેરી અંદર જવું જોઈએ. તેમજ મેાટી મેાટી ધર્મની બધી જગેામાં અમારા ધારવા મુજબ એવા રીવાજ ચાલે છે કે કેાઈ પણ દેવલની અંદર જવાનું હેાય તેા પેાતાનાં હથીઆર બાહાર રાખી અંદર જાય તે જ પ્રમાણે પ્રેા. સુપ્રિ.ને દેરાંની અંદર તપાશ કરવા જવાનું હેાય પેાતાનાં હથીઆર પેાતાનેા સીપાઈ બહાર રાખી તેને આપી અંદર જાય અને પાછા આવી તે સીપાઈ પાશેથી હથીઆર પાછા લેશે તેા તેમાં અમારા ધારવા મુજબ હરકત નથી તેા તેવી બાબતમાં હવે પછી તેમ રીવાજ રાખવેા જોઇએ તેમજ સ્વસ્થાન મચકુરની ડુંગર ઉપર હકુમત છે તેા તેમના પેા. સુ. ડુંગર ઉપર તપાસ કરવા જઈ શકે છે અને તે બાબતનાં હરેાલથી અબર દેવાનું જરૂર હેાય એમ અમેા ધારતા નથી.

"શેઠ આ. ક. તરફ વચનાથ કરીને લખેલ છે. પરંતુ અમારા તરફથી તેમજ મે. પેા. એ. શા. તરફથી તેમનાં તરફ યાદ લખવાનેા રીવાજ ચાલે છે. તેા તે મુજબ સ્વસ્થાન પાલીતાણા તરફથી લખવામાં હરકત હેાય એમ અમેા ધારતા નથી તેા આસ્યા છે કે હવે પછી સ્વસ્થાન મચકુર તરફથી તે મુજબ લખાણ થશે. માટે આ શેરેા સ્થસ્થાન પાલીટાણા તરફ બતાવતાં શેરાની બરી નકલ શેઠ આ. ક. ને કારખાને પાલીટાણે ટપાલ મારફત મેાકલવી.

"તા. ૨૭ મી જનેવારી સને ૧૮૮૦ મુ. ભાવનગર

"ઉમર નુરમહંમદને
બતાવ્યેા

"ફિટ્ઝજલાંડ
"આ. પેા. એ. ઇ. પ્રેાં. એા.

વાસ્તવિક રીતે ગઢ, ટૂક અને દેરાસર ત્રણેય શબ્દેા આ રીતે જુદા જુદા અર્થમાં વપરાય છે, બધાં દેરાસરેા અને બધી ટૂકેા જેની અંદર સમાઈ જાય છે તેને ગિરિરાજના ગઢ તરીકે ઓળખવામાં આવે છે. આ ગઢની અંદર અનેક ટૂકેાનેા સમાવેશ થાય છે, તે પછી અમુક દેરાસરેા તથા દેરીઓના ઝુમખાની આસપાસ જે વંડેા વાળી લેવામાં આવે છે તેને ટૂક કહે છે. અને જેમાં જિનમૂર્તિઓ વગેરેને બિરાજમાન કરવામાં આવે છે તેને દેરાસર કે દેરી કહે છે. ટૂક સિવાયના ગઢની અંદરના ભાગમાં પગરખાં પહેરીને ભલે જઈ શકાતું હેાય પણ ટૂકની અંદર તેમજ દેરાસરની અંદર હથિયાર સાથે, પગરખાં પહેરીને તેમજ બીડી-સિગારેટ વગેરે પીતાં પીતાં ન જ જઈ શકાય એવી જૈન સંઘની આસ્થા છેક પ્રાચીનકાળથી ચાલી આવે છે અને એનેા જૈન સંઘ દ્વારા તેમજ બીજાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા બરાબર અમલ થતો રહે તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવે છે. એટલે જ્યારે પણ કોઈ રાજ્યમાન્ય વ્યક્તિ કે સામાન્ય વ્યક્તિ છેક પ્રાચીનકાળથી ચાલી આવતી આ માન્યતાનો ભંગ કરે છે ત્યારે તીર્થભૂમિની મોટી આશાતના થયાનું એ માને છે. અને એને લીધે શ્રીસંઘમાં દુઃખ અને રોષની લાગણી પ્રસરી જાય છે. પાલીતાણાના દરબાર-શ્રીના તા. ૧૧-૨-૧૯૦૩ના પગલાથી તેમજ તા. ૧૧-૪-૧૯૦૩ના રોજ એમના સિપાઇઓએ અપનાવેલ વલણથી જૈનસંઘને ઘણો મોટો આઘાત લાગ્યો હતો. તેથી મિ. આશ્બીએ પાલીતાણા દરબારના ટૂકમાં પગરખાં પહેરીને તથા સિગારેટ પીતાં પીતાં ફરવાના હકને માન્ય રાખ્યો હતો અને એમ કરવામાં એમનો કોઈ ખોટો ઇરાદો ન હતો એ વાત કોઈ રીતે જૈન સંઘને માન્ય થઈ શકે એવી હતી જ નહીં. પરિણામે મિ. આશ્બીના ચુકાદા પછી પણ આ ઘટના સામેનો જૈનસંઘનો અસંતોષ ચાલુ જ રહ્યો હતો.

અહીં મિ. આશ્બીને ન્યાય આપવા માટે એટલું સ્વીકારવું જોઈએ કે, એમણે પોતાના ફેંસલામાં ભવિષ્યમાં આવી દુર્ઘટનાનું પુનરાવર્તન થવા ન પામે અને શ્રાવકોને તીર્થની આશાતના થયાના અસંતોષની ફરિયાદ કરવાનો વખત ન આવે એટલા માટે પોતાના ફેંસલાના અંતભાગમાં કેટલાંક સૂચનો પણ કર્યાં હતાં; જે આ પ્રમાણે છે :

" અમદાવાદ, ભાવનગર અને વઢવાણનાં જિનમંદિરોમાં જૈનતરો માટે પણ મંદિરના વંડાની બહાર બૂટ ઉતારવાની અને ટૂકમાં બીડી પીવાના નિષેધની પ્રણાલિકા ચુસ્તપણે પાળવામાં આવે છે તેનો મને સંતોષ છે. આ પ્રકારનો જ આ કેસ હોઈ શ્રાવકોને માટે પવિત્ર એવા શ્રીશત્રુંજય ઉપર પણ તે પ્રણાલિકાને અનુસરવાનું જાહેર કરવામાં આવે. ચામડાનાં પગરખાં પહેરવાં અને બીડી પીવી તે શ્રાવકોની લાગણીને દુભાવનાર હોઈ તેની સામે પ્રતિબંધ મૂકવો, આથી પાલીતાણાના રાજવીઓએ ભવિષ્યમાં બૂટ અને હથિયારો સાથે, બીડી પીતાં પીતાં ટૂકમાં પ્રવેશતાં અટકવું અને પોલીસ, રાજ્યના નોકરો અને પ્રજાજનોને તેમ કરતાં રોકવાના હુકમો કરવા. "

સામાન્ય રીતે મિ. આશ્બીના ફેંસલાનાં ઉપર ટાંકવામાં આવેલ સૂચનો, જે ખરી રીતે આજ્ઞાકારી ફેંસલા જેવું મહત્ત્વ ધરાવતાં હતાં તે ઉપરથી એમ લાગે છે કે ભવિષ્યમાં આવી શોચનીય ઘટના બનવા ન પામે એવી જોગવાઈ એમણે કરી હતી. આમ છતાં એમણે પોતાના આ ફેંસલામાં પાલીતાણાના દરબારશ્રી પોતાના દીવાન વગેરે સાથે પગરખાં પહેરીને અને સિગારેટ પીતાં પીતાં ફર્યા હતા એમાં ન તો એમણે કોઇ ગુનો કર્યો હતો કે એમ કરવામાં ન તો એમનો કોઈ ખોટો ઇરાદો હતો એમ જે કહ્યું હતું એ બે મુદ્દા સ્વીકારવા પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ કોઇ પણ રીતે તૈયાર ન હતા. તેથી એમણે તા. ૧૯-૮-૧૯૦૩ના રોજ કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર મિ. એચ. ઓ. ફ્રવીનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિ. આશ્બીના આ ચુકાદા સામે ત્રીજી અરજી કરી. આ અરજીમાં મુખ્ય રજૂઆત અને માગણી આ પ્રમાણે કરવામાં આવી હતી—

૧. મિ. ફ્રિટ્ઝિરાલ્ડના ફૈસલાના પરિસ્થિતિ અને પાલીતાણાના દરબારશ્રી પગરખાં પહેરીને અને સિગારેટ પીતાં પીતાં ટૂકોમાં ત્રણ સ્થાને, એમને પગરખાં કાઢીને કંતાનનાં પગરખાં પહેરવાની અને બીડી પીવાનું બંધ કરવાની વિનંતી કરવામાં આવ્યા છતાં, પગરખાં પહેરીને અને સિગારેટ પીતાં પીતાં ટૂકોમાં ફર્યા એ બે પ્રસંગો વચ્ચે ફેર છે, તે ફેર એ જાતનો છે કે પહેલા પ્રસંગમાં હથિયારો ને જોડા સાથે ટૂકમાં પ્રવેશવાનો કોઇ મુદ્દો જ ઊભો કરવામાં આવ્યો ન હતો. એટલે મિ. ફ્રિટ્ઝિરાલ્ડના ફૈસલાના આધારે દરબારને નિર્દોષ અને ખોટો ઇરાદો ન ધરાવતા કહેવા એ ઉચિત નથી.

૨. ભૂતકાળમાં જ્યારે ગાયકવાડ મહારાજાએ ગિરિરાજની મુલાકાત લીધી ત્યારે તેમની સાથે ઠાકોરસાહેબ પણ હતા. અને એ બંનેએ ટૂકોના પ્રવેશદ્વાર પાસે ચામડાના બૂટ કાઢી જ નાખ્યા હતા.

૩. છેક પ્રાચીનકાળથી પ્રવાસીઓ, રાજાઓ, રાજકુમારો અને અંગ્રેજ સરકારના વાઇસરોયો, ગવર્નરો અને અધિકારીઓ પવિત્ર શત્રુંજયતીર્થની મુલાકાતે આવતા રહ્યા છે અને એમાંના કેટલાય અત્યારના ઠાકોર સાહેબ અને એમના પૂર્વેના ઠાકોર સાહેબના મહેમાન બનતા રહ્યા છે. ગિરિરાજની મુલાકાત વખતે એમની સાથે પાલીતાણાના ઠાકોર સાહેબ પણ ઉપર જતા હતા. પણ અરજદારોને એવો એક પણ દાખલો સાંભરતો નથી કે જે વખતે ટૂકમાં દાખલ થતાં પહેલાં ચામડાના જોડા કાઢી નાખવાની પ્રથાનો અમલ કરવામાં ન આવ્યો હોય. ઠાકોર સાહેબ પોતે હિંદુ છે ને એ રીતે તેઓ એ જાણે છે કે પવિત્ર સ્થાનમાં પગરખાં પહેરીને જવાથી કેટલી આશાતના થાય છે. આમ છતાં, ઠાકોર સાહેબ જે રીતે ટૂકોમાં ફર્યા તેથી તેમનો ઇરાદો જૈનોને નાખુશ કરવાનો અને તીર્થની આશાતના કરવાનો હતો એમ સ્પષ્ટ થાય છે.

૪. મિ. આશ્બીનો ચુકાદો જૈનોને પૂરતું રક્ષણ આપી શકે અને પાલીતાણાના દરબારના હાથે આવી ઘટનાનું પુનરાવર્તન થતું રોકી શકે એમ અમને નથી લાગતું. અમને એ વાતનું દુઃખ છે કે ઠાકોર સાહેબ તરફથી ન તો દિલગીરી દર્શાવવામાં આવી છે કે ન તો ખુલાસો મેળવવામાં આવ્યો છે. પાલીતાણાના દરબારશ્રીનું આ પગલું લાંબા વખતથી જૈન સંઘ તથા એમની વચ્ચે ચાલ્યા આવતા ઝઘડાનું જ સમર્થન કરે છે.

૫. એટલા માટે અમારી વિનંતી છે કે, અગાઉના પ્રસંગે કરવામાં આવ્યું હતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ આ વખતે પણ પહાડ ઉપર એજન્સીનું થાણું મૂકવામાં આવે કે જેથી આવા કૃત્યનું પુનરાવર્તન થતું અટકે.

ઉપર સૂચવ્યું તેમ, પેઢીના પ્રતિનિધિઓએ આ અરજી કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર મિ. કવીનને કરી હતી. પણ એમની બદલી થઈ જવાના કારણે કે બીજા કોઈ પણ કારણસર તેઓ આ અરજીનો ફેંસલો આપી શકયા નહીં હોય. એટલે એ ફેંસલો આપવાનું કામ કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર લેફ. કર્નલ મિ. ડબલ્યુ. પી. કેનેડીએ બજાવવું પડ્યું હતું.

પણ આ અરજીનો ફેંસલો આપતાં પહેલાં, મિ. કેનેડીએ બંને પક્ષકારોની સાથે રૂબરૂ વાતચીત કરવાનું જરૂરી લાગ્યું હોવાથી તેમણે તા. ૫-૨-૧૯૦૪ના રોજ એક પરિપત્ર મોકલીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓને તથા પાલીતાણા દરબારશ્રીના પ્રતિનિધિને ભાવનગર મુકામે તા. ૧૪-૨-૧૯૦૪ના રોજ રૂબરૂ મળી જવા આદેશ કર્યો હતો. આ પરિપત્રમાંના એમના આ શબ્દો ધ્યાન ખેંચે એવા હતા. તેઓએ કહ્યું હતું કે નીચે સહી કરનારના (મારા) મત પ્રમાણે આ બાબત એવી મહત્ત્વની નથી કે જે માટે લડત ચલાવવાની જરૂર પડે.[૩૧] આ બાબતને તેઓ કેટલી ઓછી ગંભીર અને સામાન્ય લેખતા હતા તે એમના આ શબ્દો ઉપરથી સમજી શકાય છે.

મિ. કેનેડી તરફથી આ પ્રકારનો પરિપત્ર મળતાં પેઢીના પ્રતિનિધિઓએ સમયસર એટલે કે તા. ૧૪ ફેબ્રુ. ૧૯૦૪ના રોજ ભાવનગર પહોંચી જવાનું નક્કી કર્યું હતું તે બીજા પેઢીના એક સરકયુલર ઉપરથી જાણી શકાય છે.

આ મુલાકાત દરમિયાન મિ. કેનેડી, પેઢીના પ્રતિનિધિઓ તથા દરબારશ્રીના પ્રતિનિધિ વચ્ચે શી વાતચીત થઈ તેની કોઈ પ્રકારની નોંધ પેઢીના દફ્તરમાંથી મળતી નથી. પણ પેઢી તરફથી મિ. કવીનને તા. ૧૯-૮-૧૯૦૩ના રોજ જે અરજી કરવામાં આવી હતી તેનો મિ. કેનેડીએ તા. ૨૨-૩-૧૯૦૪ના રોજ જે ફેંસલો આપ્યો તે આ વાતચીતને કારણે એમના મન ઉપર જે છાપ પડી હશે તેને ધ્યાનમાં રાખીને જ આપ્યો હશે એમ લાગે છે. તેઓએ પોતાનો ફેંસલો શ્રાવકોએ અરજી કર્યા પછી લગભગ સાતેક મહિને આપ્યો હતો.

આ ફેંસલામાં દરબારશ્રીના પગલાનું તેમ જ શ્રાવકોની લાગણીનું અવલોકન કરીને બંનેમાં કેટલું વાજબીપણું રહેલું હતું તેનું મૂલ્યાંકન કરવાની સાથે સાથે જો આ બાબતમાં શરૂઆતમાં જ ગેરસમજનો ભોગ બનવાને બદલે શાંતિ, સુલેહ તેમજ સહનશીલતાની ભાવનાથી કામ લેવામાં આવ્યું હોત તો અંદર-અંદરની વાટાઘાટોથી જ આ પ્રશ્ન પતી જવા પામ્યો હોત એવો અભિપ્રાય મિ. કેનેડીએ દર્શાવ્યો હતો. અને છેવટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ અભિપ્રાયને અનુરૂપ કહી શકાય એવું જ સૂચન કરતાં એમણે જણાવ્યું હતું કે પાલીતાણા રાજ્ય એ બીજા વર્ગનો દરજ્જો ધરાવતું રાજ્ય છે અને આ લાંબા સમયથી પરેશાન કરતા પ્રશ્નોના નિકાલ માટે એજન્સીની દરમિયાનગીરી માગવાને બદલે જો દરબારશ્રી દ્વારા જ એનું સમાધાન કરવામાં આવે અને એ સમાધાન ઉદારતા અને સહનશીલતાની ભાવનાથી કરવામાં આવે તો વધારે ઉપકારક નીવડશે. આથી ઠાકોર સાહેબને સ્વતંત્ર રીતે વર્તવાની અને સંપૂર્ણ રીતે સ્વીકાર્ય એવા સમાધાનની દિશા ખોલવાની સલાહ આપવામાં આવે છે.

મિ. કેનેડીએ આ પ્રમાણે ફેંસલો આપ્યા પછી, એ ફેંસલામાં જણાવ્યા પ્રમાણે, પેઢીના પ્રતિનિધિઓ તથા દરબારશ્રી કે એમના પ્રતિનિધિ વચ્ચે કોઈ મુલાકાત યોજાઈ હતી કે કેમ અને યોજાઈ હતી તો કયારે અને એમાં શી વાતચીત થઈ હતી અને છેવટે શો નિર્ણય લેવામાં આવ્યો હતો એ સંબંધી કશી માહિતી પેઢી પાસેના દફ્તરમાંથી પ્રાપ્ત થઈ શકી નથી. પણ તા. ૧-૬-૧૯૦૪ના રોજ પાલીતાણા રાજ્યના કાર્યકારી દીવાનશ્રી દોલતરામ મોતીરામની સહીથી એક જાહેરનામું (નં. ૧/૬૦ ઓફ ૧૯૦૪) બહાર પાડવામાં આવ્યું હતું તે આવી વાતચીતને અંતે બહાર પાડવામાં આવ્યું હશે એવું અનુમાન થઈ શકે એમ છે. મૂળ અંગ્રેજીમાં બહાર પાડવામાં આવેલું જાહેરનામું આ પ્રમાણે હતું :

આ જાહેરનામાનો ભાવ આ પ્રમાણે હતો :

"શત્રુંજય ઉપરની ટૂકમાં ખુલ્લંખુલ્લા ચામડાનાં પગરખાં પહેરીને અને બીડી પીતાં પીતાં દાખલ થવાની **પ્રથાને ચાલુ રાખવી** એ જૈન કોમની અત્યારની પવિત્રતાની ધાર્મિક લાગણીની વિરુદ્ધ છે. તેટલા માટે તેમજ એઓની ધાર્મિક લાગણીનું બહુમાન થાય અને એમની ઇચ્છાનો અમલ થઇ શકે એટલા માટે, લોકોની જાણ ખાતર, આથી જાહેર કરવામાં આવે છે કે, કોઈ પણ વ્યક્તિ ખુલ્લા ચામડાના જોડા પહેરીને અને બીડી પીતાં પીતાં ટૂકની અંદર દાખલ થઇ શકશે નહીં. તેમજ કોઈ ગુનેગારે ટૂકની અંદર આશરો લીધો હોય અને તેની ધરપકડ કરવાની આજ્ઞા રાજ્યના ન્યાયાધીશે આપી હોય તેવા પ્રસંગ સિવાય બીજા કોઈ પ્રસંગે શસ્ત્રો સાથે ટૂકમાં કોઇથી દાખલ થઈ શકાશે નહીં. જે કોઈ આ હુકમનો ભંગ કરશે તે રૂ. ૧૦૦/- સુધીની રકમના દંડને પાત્ર થશે.

સહી

"હુજુર ઓફિસ — "દોલતરામ મોતીરામ

"પાલીતાણા, ૧ જૂન ૧૯૦૪ — "એક. દીવાન, પાલીતાણા સ્ટેટ"

આ જાહેરનામું જૈન સંઘે માન્ય રાખ્યું ન હતું અને પોતાની એ જાહેરનામા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામેની વિરોધની લાગણી, તે પ્રગટ થયું તેના સવા મહિના બાદ તા. ૮-૭-૧૯૦૪ના રોજ મુંબઈ સરકારને અરજી કરીને, વ્યક્ત કરી હતી. આ બાબતમાં મુંબઈ સરકારને જે અરજી કરી હતી તેની નકલ તો ઉપલબ્ધ થઈ નથી, પણ એ સંબંધી માહિતી પેઢી તરફથી મિ. ડબલ્યુ. પી. કેનેડી ઉપર તા. ૩-૩-૧૯૦૫ના રોજ મોકલવામાં આવેલ એક અરજીમાંના આ શબ્દો ઉપરથી મળે છે : "વળી જાહેરનામુ (જેનો અમારા દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને તા. ૮-૭-૧૯૦૪ના રોજ મુંબઈ સરકારને કરવામાં આવેલ અરજીનો એક મુદ્દો છે.)"

વળી, આ જાહેરનામા સામેના જૈન સંઘના વિરોધની લાગણીનો ઉલ્લેખ મુંબઈના ગવર્નર લોર્ડ લેમિંગ્ટનને પેઢી તરફથી કરવામાં આવેલ અરજીની તારીખ તથા સહી વગરની જે નકલ સચવાઈ રહી છે, તેમાં પણ જોવા મળે છે. આ અરજી સને ૧૯૦૫ના મે મહિના દરમિયાન કે તે પછીની કોઈ તારીખે કરવામાં આવી હોય એવું અનુમાન એ અરજીમાં સચવાયેલી તા. ૩-૫-૧૯૦૫ની એક ઘટનાના ઉલ્લેખ ઉપરથી થઈ શકે છે.

આ જાહેરનામા સામેના જૈન સંઘના વિરોધનું મુખ્ય કારણ એમાં મૂકવામાં આવેલા ચાર શબ્દો હોય એમ લાગે છે. એ ચાર શબ્દો આ પ્રમાણે છે; (૧) ખુલ્લંખુલ્લા (bare), (૨) પ્રથા (Practice), (૩) ચાલુ રાખવી (continuance), (૪) અત્યારની (Present).

જાહેરનામામાં મૂકવામાં આવેલા આ ચાર શબ્દો એવી ગેરસમજૂતી અથવા ખોટી હકીકતનું સમર્થન કરતા હતા કે, આ જાહેરનામા અગાઉના સમયમાં ચામડાના ઉઘાડા બૂટ સાથે દેરાસરમાં પ્રવેશ કરવાની પ્રથા ચાલુ હતી અને જૈન કોમની અત્યારની લાગણીને ધ્યાનમાં લઈને એ બંધ કરવામાં આવે છે, પણ વાસ્તવિક સ્થિતિ તો એ હતી કે આ જાહેરનામુ પ્રગટ કરવામાં આવ્યું તે પહેલાંના સમયમાં પણ, ઘણા જૂના વખતથી ટૂકમાં ચામડાના જોડા પહેરીને દાખલ ન જ થઈ શકાય એવી માન્યતા પ્રચલિત હતી. અને જ્યારે પણ એનો ભંગ થતો ત્યારે જૈન કોમની ધાર્મિક લાગણી દુભાયા વગર ન રહેતી. લોર્ડ લેમિંગ્ટનને કરવામાં આવેલી અરજીમાં મજકુર જાહેરનામામાંના આ ચાર વાંધાજનક શબ્દો માટે, એટલે કે જાહેરનામાની ભાષાને, મુખ્ય મુદ્દાનો ઢાંકપિછોડો કરે એવી ચતુરાઇભરી ભાષા તરીકે ઓળખાવી હતી.[૩૪]

એમ લાગે છે કે આ જાહેરનામા સામે પેઢીના પ્રતિનિધિઓએ મુંબઈ સરકાર સમક્ષ પોતાનો તા. ૮-૭-૧૯૦૪ના રોજ જે વિરોધ નોંધાવ્યો હતો તે ઉપરથી મુંબઇ સરકારે કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર મિ. ડબલ્યુ. પી. કેનેડીને આ બાબતમાં દરમિયાનગીરી કરીને પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે કંઈક સંતોષકારક સમાધાન કરાવી આપવાનું સૂચવ્યું હતું. મુંબઈ સરકારે મિ. કેનેડીને આવું સમાધાન કરાવી આપવાનું કામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોંપ્યાનું એ ઉપરથી જાણી શકાય છે કે, મિ. કેનેડીએ તા. ૧૬-૯-૧૯૦૪ ના રોજ એક પરિપત્ર દ્વારા શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓને તા. ૫-૧૦-૧૯૦૪ ના રોજ રાજકોટ મુકામે પોતાને મળવા આવવા જણાવ્યું હતું. અને એમાં સરકારે પાલીતાણા રાજ્ય અને શ્રાવક કોમ વચ્ચે સંતોષકારક અને સર્વસંમત (amicable) સમાધાન કરાવી આપવાનું પોતાને સૂચવ્યું હોવાનો મિ. કેનેડીએ ઉલ્લેખ કર્યો હતો. (As Government has directed the undersigned to bring about a satisfactory, amicable settlement of the dispute between the Thakore Sahib of Palitana and the Jain community regarding the former's entry into the Toonks of the Jain temple on the Shetrunjay Hill.)

મિ. કેનેડીના આદેશ મુજબ શેઠ આ. ક. ની પેઢીના પ્રતિનિધિઓ તથા મિ. કેનેડી વચ્ચે મુલાકાત યોજાઈ હતી કે કેમ અને યોજાઇ હોય તો તેનું પરિણામ શું આવ્યુ હતું તે અંગે કશી માહિતી પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી, પણ આવી મુલાકાત યોજાઈ હોય તોપણ લાંબા વખતથી ચાલતા આ પ્રશ્નનો સંતોષકારક નિવેડો આવી શક્યો નહોતો તે. આ પછી પણ બનેલા બૂટ-પ્રકરણ અંગેના નીચેના બનાવો ઉપરથી જાણી શકાય છે.

(૧) ડા. ભાલચંદ્ર કિષ્ન કે જેઓ 'નાઈટ' નો ખિતાબ ધરાવતા હતા અને પોતાનો વ્યવસાય કોઈક શહેરમાં કરતા હતા તેઓ ઠાકોર સાહેબની તબિયત તપાસવા પાલીતાણા આવેલા. તેઓ કયારે આવેલા તે તારીખ તો જાણી શકાતી નથી. પણ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી મુંબઈના ગવર્નર લોર્ડ લેમિંગ્ટનને જે અરજી કરવામાં આવી હતી તેના ઉપરથી આ હકીકત જાણવા મળે છે. દરબારશ્રીની તબિયત તપાસવા તેઓ પાલીતાણા આવ્યા તે વખતે સ્વાભાવિક રીતે તેઓની ઇચ્છા શ્રી શત્રુંજય ઉપરનાં જૈન દેરાસરોની મુલાકાત લેવાની થઈ. તેથી તેઓ દરબારના કેટલાક માણસો સાથે ગિરિરાજ ઉપર ગયા. એ વખતે, ચાલુ રિવાજ મુજબ. તેઓને પેઢીના માણસો તરફથી પગરખાં કાઢી નાખવાની વિનંતી કરવામાં આવી. તે વખતે ડૉ. ભાલચંદ્રે પોતે જ જવાબ આપ્યો કે દરબારશ્રીએ પગરખાં નહીં કાઢવાની પોતાને સૂચના આપી છે. આ સાંભળીને પેઢીના માણસોએ ટૂકના દરવાજા વાસી દીધા. આ ઉપરથી ડૉ. ભાલચંદ્ર સાથે દરબારના જે માણસો ગયા હતા એમણે બળજબરીથી બારણાં ઉઘાડી નાખવાની ધમકી આપી. પણ આવી સ્ફોટક પરિસ્થિતિ જોઈને ડૉ. ભાલચંદ્રે શાણપણથી કામ લીધું અને ટૂકમાં પ્રવેશવાનો આગ્રહ રાખવાને બદલે તેઓએ નીચે ઊતરી જવાનું પસંદ કર્યું. ડૉ. ભાલચંદ્રે આ પહેલાં પણ શત્રુંજય તીર્થની મુલાકાત લીધી હતી અને એ વખતે પગરખાં કાઢી નાખવાની કોઈ આનાકાની કરી ન હતી. વળી તેઓ જાતે રૂઢિચુસ્ત બ્રાહ્મણ અને હિંદુ હોવાથી અવારનવાર મંદિરમાં જતા હોય છે તેથી એમને એ સમજાવવાની જરૂર જ ન હોય કે ટૂકમાં કે મંદિરમાં જતી વખતે ચામડાના જોડા કાઢી નાખવા પડે છે, અને જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ન કરવામાં આવે તો જે તે ધર્મવાળાની ધાર્મિક લાગણી દુભાયા વગર રહેતી નથી. આમ છતાં, એમણે ટૂકમાં જવાને બદલે દેરાસરોને જોયા વગર જ નીચે ઊતરવાનું પસંદ કર્યું તે કેવળ દરબારશ્રીની ચડવણીને કારણે જ.

(૨) આવો જ એક બીજો પ્રસંગ પેઢીની લૉર્ડ લેમિંગ્ટન ઉપરની અરજીમાંથી જાણવા મળે છે, જે આ પ્રમાણે છે.

એક વખત કુમાર રણજિતસિંહજી, એના સાથીઓ તથા એક અંગ્રેજ સદ્‌ગૃહસ્થ સાથે, પાલીતાણાના મહેમાન બન્યા. તેઓએ પણ ઠાકોરસાહેબે અગાઉથી સૂચના આપ્યા મુજબ પગરખાં પહેરીને જ ગિરિરાજ ઉપર ટૂકમાં જવાની ઇચ્છા દર્શાવી. એ વખતે પણ ટૂકના દરવાજા બંધ કરી દેવાને કારણે એ બધાને, ગુસ્સામાં નીચે ઊતરી જવું પડ્યું હતું.

(૩) કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટની ઑફિસમાં મિ. કેપ્ટન હેન્કોક નામના એક અમલદાર હતા. તેઓ એક વાર ગિરિરાજ જોવા માટે ગયા. પણ અંદરના ભાગમાં તેઓ જોડા ઉતારીને ફરવાને બદલે જોડા પહેરીને ફર્યા. આથી જૈન સંઘમાં જે દુઃખ અને વિરોધની લાગણી ઊભી થઈ તેને શાંત કરવા તેઓએ તરત જ લેખિત માફી માગીને એ પ્રકરણને શાંત કરી દીધું.

(૪) તા. ૧-૧-૧૯૦૫ના રોજ મુંબઈની સ્કૂલ ઑફ આર્ટ્સના મિ. બર્ન્સ અને તેમનાં પત્ની, તેમ જ મુંબઈના ડેપ્યુટી પોલીસ કમિશ્નર મિ. આર. પી. લેમ્બર્ટ પાલીતાણા રાજ્યનાં મહેમાન બન્યાં હતાં. અને ગિરિરાજની મુલાકાતે ગયાં હતાં. તેઓ ઉપર ગયા ત્યારે ડુંગર ઇન્સ્પેક્ટર મિ. સાંકળેશ્વરે એમને ચામડાનાં પગરખાં કાઢી નાખવાનું કહ્યું હતું; પણ દરબારશ્રી તરફથી એમને સૂચના આપવામાં આવી હતી કે, એવું કરવાની જરૂર નથી, એટલે તેઓ ચામડાનાં પગરખાં ઉપર કેન્વાસનાં પગરખાં પહેરીને દાખલ થયા હતા. પણ મિ. લેમ્બર્ટના પગના માપનાં કેન્વાસનાં પગરખાં મળી ન શકવાથી એમને પોતાનાં ચામડાનાં પગરખાં કાઢી નાખવાની ફરજ પડી હતી. તેઓને માટે તો, ચામડાનાં પગરખાં કાઢીને એના સ્થાને કેન્વાસનાં પગરખાં પહેરવામાં અંગત રીતે કોઈ જાતનો વાંધો નહોતો; પણ મહાજન કોમના કેટલાક આગેવાનો અને દરબાર વચ્ચે જે ઝઘડો ચાલે છે તેમાં દરબારના હકને નુકસાન ન પહોંચે એ દૃષ્ટિએ તેઓએ એમ કર્યું ન હતું. તેઓની ગિરિરાજની આ મુલાકાત વખતે કોઈ દુર્ઘટના બનવા નહોતી પામી, પણ એમણે પેઢીના ઇન્સ્પેક્ટર પાસે વિઝિટબુકની માગણી કરતાં આવી બુક રખાતી હોવાનો ઇન્કાર કરવામાં આવ્યો ત્યારે એમણે એક જુદા કાગળમાં; પોતાની આ મુલાકાતની વાત લખી હતી. અને એ લખાણમાં જ એમણે દરબારના હિતને પોતાના વર્તનથી કોઈ જાતનું નુકસાન પહોંચવા ન પામે એવી નોંધ કરી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) તા. ૧૪-૧-૧૯૦૫ ના રોજ ટ્રાફિક સુપ્રિ. મિ. શૂબ્રિજ અને તેમનાં પત્ની શત્રુંજય પહાડ ઉપર આવેલ દેરાસરોની મુલાકાતે ગયાં હતાં. તે વખતે તેમની સાથે પાલીતાણાના ન્યાયાધીશ શ્રી અમરજીભાઈ પણ હતા. તેઓ અંગારશા પીરની બારીએ પહોંચ્યા ત્યારે ત્યાં ડુંગર ઇન્સ્પેકટર શ્રી સાંકળેશ્વર અને ચોમુખજીની ટૂકના જમાદાર કેન્વાસનાં સ્લીપર સાથે ત્યાં હાજર હતા. એમણે એમને ચામડાનાં પગરખાં કાઢીને કેન્વાસનાં સ્લીપરો પહેરવા વિનંતી કરી. પણ એ વખતે શ્રી અમરજીભાઇએ વચ્ચે પડી એમને એમ કરતાં રોકયા અને દરબારના હુકમ પ્રમાણે પગરખાં સાથે અંદર જવાનું કહ્યું. ઇન્સ્પેકટરે ફરી એમને એમ ન કરવા વિનંતી કરી પણ. એમણે અમરજીભાઈની સૂચના મુજબ એ વાત કાને ધરી નહીં, અને બૂટ ઉપર પાલીતાણાના દરબારશ્રીએ આપેલ કપડાંનાં સ્લીપર ચઢાવીને તેઓ અંદર દાખલ થયા અને ચોમુખજીની ટૂક અને અદબદજીની ટૂકથી આગળ વધીને મોટી ટૂકની અંદર ગયા. એ વખતે દેરાસરોના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા; એટલે તેઓ રામપોળની બારીએથી બહાર નીકળીને નીચે ઊતરી ગયા હતા.

(૬) તા. ૨૮-૧-૧૯૦૫ ના રોજ વિકોમ્ટે ટેર્સક-(Vicomte-de-Tersac) અને એમનાં બહેન મેડમ ઑઈસેલ-દ-ટેર્સક (Madem Oiselle de Tersac) પહાડ ઉપર ગયાં હતાં. તેના આગલા દિવસે ગોહિલવાડ પ્રાંતના પોલિટીકલ એજન્ટ મિ. ઓટો રોથફિલ્ડે પેઢીના મેનેજર શ્રી દુલભજીને (દુલભજી મોહનલાલ) બોલાવીને આ માટે ઘટતો બંદોબસ્ત કરવા સૂચના આપી હતી. વિકોમ્ટે એમનાં બહેન સાથે પર્વત ઉપર ગયા ત્યારે એમની સાથે પાલીતાણા રાજ્યના ન્યાયાધીશ અને વકીલ પણ હતા. ઉપરાંત એમની સાથે મિ. રોથફિલ્ડના ત્રણ સવારો અને પટાવાળા તથા ખાનગી નોકર પણ હતા. તેઓ ગઢ પાસે પહોંચ્યા ત્યારે એમણે એમના ચામડાના બૂટ ઉપર સ્લીપર પહેરી લીધાં. પણ જ્યારે તેઓ ટૂક પાસે આવ્યા ત્યારે એમણે જોયું કે ટૂકના દરવાજા બંધ થયેલા હતા. દુલભજીએ એમને કહ્યું કે આ બૂટ કાઢી નાખો તો જ અંદર દાખલ થઈ શકશો. પણ એમણે એમ કરવા ના પાડી. એ વખતે શ્રાવકો ભેગા થઈ ગયા. અને સારા પ્રમાણમાં હોહા મચી ગઈ. છેવટે તેઓને ટૂક કે દેરાસર જોયા વગર નીચે ઊતરી જવાની ફરજ પડી.

ઉપરના બંને પ્રસંગો (નં. ૫-૬) અંગે ગોહિલવાડ પ્રાંતના પોલિટીકલ એજન્ટ મિ. રોથફિલ્ડે જૈન કોમની અને ખાસ કરીને દુલભજીની, આ બંને પ્રવાસીઓ સાથેની વર્તણૂકની આકરી ટીકા કરતો અહેવાલ તા. ૨૮-૧-૧૯૦૫ ના રોજ (રિપોર્ટ નં. ૧૮૧) કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ કર્નલ ડબલ્યુ. પી. કેનેડી ઉપર મોકલી આપ્યો. મિ. રોથફિલ્ડના આ રિપોર્ટને આધારે એ રિપોર્ટના પાંચ મુદ્દાઓની નકલ મોકલવા સાથે, મિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેનેડીએ શેઠ, આ. ક. ની પેઢીના પ્રતિનિધિઓ ઉપર, તા. ૧-૨-૧૯૦૫ ના રોજ (નં. ૬૮૧ ઑફ ૧૯૦૫) પત્ર લખીને દુલભજીના આ વર્તન અંગે પોતાનો ખેદ વ્યકત કરવાની સાથે દુલભજીને દૂર કરીને એના બદલે બીજા કોઈક જવાબદાર અને હોશિયાર મેનેજરની નિમણૂક કરવાની ભલામણ કરી હતી.

કાઠિયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર મિ. કેનેડીના ઉપરોક્ત મતલબના કાગળનો પેઢી તરફથી તા. ૧૭-૨-૧૯૦૫ તથા તા. ૩-૩-૧૯૦૫ ના એમ બે પત્રોથી સવિસ્તર જવાબ આપવામાં આવ્યો હતો. આમાંનો ૧૭ મી ફેબ્રુઆરીનો પત્ર તો પેઢીના દફ્તરમાંથી મળી શકયો નથી, પણ એ પત્રના અનુસંધાનમાં તા. ૩-૩-૧૯૦૫ ના રોજ લખવામાં આવેલ પત્રમાં મિ. રોથફિલ્ડના પાંચે આક્ષેપોનો વિસ્તારથી, મુદ્દાસર ખુલાસો આપવામાં આવ્યો હતો. અને સાથે સાથે શ્રી દુલભજીની કામગીરી અંગે મિ. રોથફિલ્ડે જે આક્ષેપ કર્યા હતા તેનો પણ રદિયો આપીને જણાવવામાં આવ્યું હતું કે શ્રી દુલભજી છેલ્લાં બાવીસ વર્ષથી અમારા મેનેજર તરીકે ફરજ બજાવે છે અને તેથી અમને પૂરેપૂરો સંતોષ છે.

તા. ૧૧-૨-૧૯૦૩ થી શરૂ થયેલ આ પ્રકરણનો નિવેડો બે વર્ષ કરતાં પણ વધુ સમય સુધી પેઢી તરફથી, તથા પાલીતાણા રાજ્ય તરફથી, પોતપોતાની રીતે, અનેક રજૂઆતો થવા છતાં, ન આવી શકયા તે શેઠ આ. ક. ની પેઢી તરફથી તા. ૩-૩-૧૯૦૫ ના રોજ મિ. કેનેડીને કરવામાં આવેલ અરજી ઉપરથી પણ જાણી શકાય છે. તા. ૩-૩-૧૯૦૫ ના રોજ પેઢી તરફથી મિ. કેનેડી સમક્ષ જે અરજી મોકલવામાં આવી હતી, તેનો મિ. કેનેડી તરફથી કોઈ પણ જાતનો જવાબ પેઢીને આપવામાં ન આવ્યો હોય, એ બનવાજોગ લાગતું નથી. પણ આ જવાબ તેમ જ આ આખા પ્રકરણનો ઉકેલ કેવા સમાધાનથી થયો તે અંગેનો કોઈ હુકમ પેઢીના દફ્તરમાંથી મળતો નથી. આમ છતાં ચામડાના પટા પ્રકરણની બાબતમાં તા. ૧૧-૫-૧૯૧૧ ના રોજ પાલીતાણા રાજ્યના એડમિનિસ્ટ્રેટર મિ. ડબલ્યુ. સી. ટયૂડર ઓવને જે ઓર્ડર કર્યો હતો, તેમાંથી પગરખાં પ્રકરણનું સમાધાન કેવા પ્રકારનું થયું હશે તેની કેટલીક માહિતી મળે છે.

મિ. ઓવને પોતાના મજકૂર ફેંસલામાં આ પગરખાં પ્રકરણનો નિકાલ સને ૧૯૦૫ ના ઑગસ્ટ મહિનામાં આપ્યાનું અને એ સમાધાન નીચે મુજબ ત્રણ મુદ્દાનું થયું હતું એવું નોંધ્યું છે.

(૧) ટૂકમાં ચામડાના જોડા પહેરીને પ્રવેશ ન કરવો.

(૨) ધૂમ્રપાન કરતાં કરતાં ટૂકમાં ન જવું.

(૩) ગુનેગારને પકડવાના પ્રસંગ સિવાય ટૂકની અંદર હથિયાર સાથે દાખલ ન થવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પગરખાં પ્રકરણ અંગે, એ પ્રકરણની પહેલાં બનેલા નીચેના પગરખાં કાઢવા –પહેરવા અંગેના બનાવોની માહિતી મેળવવી ઉપયોગી તેમજ રસપ્રદ બની રહેશે—

(૧) તા. ૩-૧૧-૧૮૯૨ ની એક ટૂંકી નોંધ ઉપરથી જાણવા મળે છે કે, તે દિવસે ગોહિલવાડ પ્રાંતના પોલિટીકલ એજન્ટ લેફ્ટ. કર્નલ જે. એસ. આશબી ગિરિરાજ ઉપર ગયા હતા. તે વખતે પેઢી તરફથી એમને ચામડાના બૂટ કાઢીને કંતાનનાં મોજાં પહેરવાની વિનંતી કરવામાં આવી હતી. તે વખતે દરબારી ગુમાસ્તા શ્રી છોટાલાલે એમને આ વિનંતીનો સ્વીકાર કરતા અટકાવ્યા હતા. પરંતુ મિ. આશબીએ મિ. છોટાલાલની વાત ધ્યાનમાં ન લેતાં, પોતાના ચામડાના બૂટ કાઢી નાખ્યા હતા.[૩૫]

(૨) તા. ૧૩-૨-૧૮૯૬ ના રોજ પાલીતાણા રાજ્યના માજી ફોજદાર ચોમુખજીની ટૂકમાં જોડા પહેરીને ફર્યા હતા અને તેમણે આપણા માણસોને ધમકાવ્યા હતા.[૩૬]

(૩) તા. ૧૮-૧૧-૧૮૯૭ ના રોજ ભાવનગર ખાતેના (રેલવે) એન્જિનિયર મિ. સિમ્સ સાહેબના દીકરા મિ. અરનીસ સાહેબ તથા તેમના એક સાથીદાર–એમ બે યુરોપિયન સદ્ગૃહસ્થો, તેમની મડમો સાથે ગિરિરાજ ઉપર દેરાસરો જોવા ગયા હતા, તેમની પાલીતાણા રાજ્યના પોલીસ સુપ્રિ. શ્રી ફાજલ મહમદ હતા. આ ચારેય યુરોપિયનો દરબારના મહેમાન હતા. તેઓ ઈગારશા પીરની બારીએ પહોંચ્યા ત્યારે ડુંગરના ગુમાસ્તા દામજીભાઈ એ એમને ચામડાનાં પગરખાં કાઢીને કંતાનનાં મોજાં પહેરવા વિનંતી કરી. પણ એ વિનંતી ધ્યાનમાં લીધા સિવાય, ચામડાના બૂટ ઉપર કંતાનનાં મોજાં પહેરીને તેઓ ગઢની અંદર દેરાસરોમાં ફર્યા.[૩૭]

પગરખાં પ્રકરણ અંગે ઉપર જે કંઈ સવિસ્તર માહિતી આપવામાં આવી છે તે ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે, આ તીર્થની પવિત્રતા સાચવવા માટે, એની સુરક્ષા કરવા માટે અને એના નાનામોટા કોઈપણ હક્કને જરાપણ ક્ષતિ પહોંચવા ન પામે એ માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તેમ જ સમગ્ર જૈન સંઘ ઝીણી–મોટી તમામ બાબતમાં કેટલો સજાગ અને પ્રયત્નશીલ રહેતો હતો.

ચામડાના પટ્ટાનું પ્રકરણ :

સને ૧૯૦૫ ના ઓગસ્ટ મહિનામાં પગરખાં પ્રકરણ અંગે સમાધાન થયું તે પછી થોડાક જ વખતે કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ ગિરિરાજ ઉપર ગયા હતા. પણ ગઢના પ્રવેશદ્વારની પાસે જ પેઢીના માણસોએ એમને ચામડાનો પટ્ટો કાઢી નાખવાની ફરજ પાડી હતી. પણ પછી તરત જ આ બાબતમાં ભૂલ થયાનું પેઢીના જાણવામાં આવતાં પટ્ટો પાછો આપવામાં આવ્યો હતો. અને સાથે સાથે આવી ભૂલ થવા બદલ માફી પણ માગવામાં આવી હતી. એટલે એ મામલો આગળ વધ્યો ન હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી સને ૧૯૦૮ ના ફેબ્રુઆરી માસમાં એજન્સીના સર્જન ડોક્ટર ગિરિરાજ ઉપર એક દરબારી પોલીસ સાથે ગયા હતા. એ વખતે પેઢીના મુનિમ તથા ડુંગર ઇન્સ્પેકટર હાજર હતા અને એમણે પોલીસને એનો ચામડાનો પટ્ટો કાઢી નાખવા કહ્યું હતું. ત્યારે મુનિમ તથા ડુંગર ઇન્સ્પેકટરને દરબારના પોલીસના કામમાં દખલગીરી નહીં કરવાની ચેતવણી આપવામાં આવી હતી. આ પ્રસંગે પણ એ વખતે કોઈ વિવાદનું રૂપ ધારણ કર્યું હોય એમ જાણવા મળતું નથી.

આ પછી વિક્રમ સંવત ૧૯૬૭ ના કાર્તિકી પૂનમ તા. ૧૬ નવેમ્બર સને ૧૯૧૦ના મોટા યાત્રા મેળા પ્રસંગે, બારેક હજાર યાત્રાળુઓ એકત્ર થયા હતા. અને ગિરિરાજ ઉપર બંદોબસ્ત અને જાપ્તો રાખવા માટે કેટલાક દરબારી પોલીસો ગોઠવવામાં આવ્યા હતા. આમાંના કેટલાક પોલીસોને જુદી જુદી ટૂકોમાં પણ મૂકવામાં આવ્યા હતા. અને બધા પોલીસોએ ચામડાના પટ્ટા પહેર્યા હતા. ટૂકની અંદર તેમજ દેરાસરોમાં ચામડાની વસ્તુઓ લઈ જવાથી આશાતના થતી હોવાથી આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

આ વખતે પેઢીના ડુંગર ઇન્સ્પેકટર શ્રી રામચંદ્ર સખારામની સૂચનાથી ચામડાનો પટ્ટો પહેરેલ પોલીસોને ટૂકમાં દાખલ થતા અટકાવવા માટે ટૂકોના દરવાજા બંધ કરાવ્યા હતા. આમ છતાં કેટલાક સિપાઇઓ બળજબરી વાપરીને ટૂકોમાં દાખલ થયા હતા. પણ પેઢીના ડુંગર ઇન્સ્પેકટર તથા બીજા માણસોએ ટૂકોના દરવાજા બંધ કર્યા એ બનાવ અંગે, પોલીસને સોંપવામાં આવેલ બંદોબસ્તના કામમાં હરકત કર્યાનો આરોપ મૂકીને ડુંગર ઇન્સ્પેકટર શ્રી રામચંદ્ર સખારામ તથા પેઢીના બે સિપાઈઓ સામે રાજ્યે ફોજદારી ગુનો દાખલ કરીને એમને જામીન ઉપર છોડયા હતા.

આ દરમિયાનમાં દેરાસરમાં અથવા ટૂકમાં ચામડાના પટ્ટા પહેરીને દાખલ થવાથી આશાતના થાય છે તે વાત રાજ્ય સમક્ષ યથાસમયે ભારપૂર્વક રજૂ કરી શકાય તે માટે (૧) પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, (૨) પરમ પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, (૩) પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ, (૪) પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ, (૫) પરમ પૂજ્ય પંન્યાસ શ્રી આનંદસાગરજી મહારાજ, (૬) પરમ પૂજ્ય પંન્યાસ શ્રી સિદ્ધિવિજયજી મહારાજ તથા (૭) પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજને પત્રો લખીને એમની પાસે શાસ્ત્રોના આધારે નીચે મુજબ પ્રશ્નોના જવાબ મંગાવવામાં આવ્યા.

પ્રશ્ન ૧. ટૂકમાં કે દેરાસરોમાં ચામડાના પટ્ટા કે અન્ય વસ્તુઓ લઈને જવું તે સિદ્ધાંત-વિરુદ્ધ છે કે કેમ?

પ્રશ્ન ૨. જો વિરુદ્ધ હોય તો તેને શાસ્ત્રોનો આધાર શો છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન ૩. એ પ્રમાણે થવાથી આશાતના થાય ?

પ્રશ્ન ૪. ચામડાની વસ્તુઓ લઈ દેરાસર કે ટૂકમાં જાય તો જૈનોની લાગણી દુભાય કે કેમ ?

આ ઉપરાંત વૈષ્ણવધર્મના આચાર્ય, મુંબઈના શ્રી દેવકીનંદન આચાર્યને પણ આ અંગે પૂછાવવામાં આવ્યું હતું. આ બધા તરફથી ચામડાના પટ્ટા પહેરીને દેરાસર કે ટૂકની અંદર દાખલ થવાથી આશાતના થતી હોવાના એકસરખા અભિપ્રાય શાસ્ત્રીય આધારો સાથે લખાઇ આવ્યા એટલે પેઢીની વતી પેઢીના વકીલ શ્રી હરિલાલ મંછારામે પાલીતાણા રાજ્યના એડમિનિસ્ટ્રેટર ટયૂડર ઓવનને, આ બનાવથી જૈન સંઘની લાગણી કેટલી દુઃભાઈ છે તે ભારપૂર્વક સમજાવ્યું હતું; અને ભવિષ્યમાં આવું ન બને એવો આદેશ જારી કરવા તા. ૧૧-૨-૧૯૧૧ ના પત્રથી વિનંતી કરી હતી.

અહીં એક વાતની નોંધ લેવા જેવી છે કે, પેઢીના પ્રતિનિધિઓએ આ પ્રકરણમાં પાલીતાણા રાજ્ય વિરુદ્ધ અરજી કરીને વાદી નહીં બનવાનો અને જ્યારે જરૂર ઊભી થાય ત્યારે પ્રતિવાદી તરીકે કામગીરી બજાવવાનો દૂરંદેશીભર્યો નિર્ણય કર્યો હતો. વળી એમ પણ જાણવા મળે છે કે, પેઢી અને જૈન સંઘની માગણી રૂબરૂ સમજાવવા માટે વકીલ શ્રી હરિલાલભાઈ એ એડમિનિસ્ટ્રેટર મિ. ઓવનની કચારેક મુલાકાત પણ લીધી હતી. આ પ્રકરણમાં પાછળથી મિ. ઓવને જે સમાધાનકારી વલણ દાખવ્યું અને જૈન સંઘને સંતોષ થાય એવો આ પ્રશ્નનો નિવેડો લાવી આપ્યો તેમાં આ મુલાકાતે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હોય એમ લાગે છે.

આ પ્રકરણનો પૂરેપૂરો નિકાલ આવે તે અગાઉ ચૈત્રી પૂનમની યાત્રાના મેળાનો પ્રસંગ તા. ૧૫-૪-૧૯૧૧ ના રોજ આવતો હતો. એટલે પેઢી તરફથી મિ. ઓવન પાસે તા. ૧૦-૪-૧૧ ના રોજ એવો આદેશ જારી કરવાની માગણી કરવામાં આવી હતી કે; કાર્તિકી પૂનમની ઘટનાનું પુનરાવર્તન ન થાય એટલા માટે આ પ્રસંગે રાજ્યના જે પોલીસો બંદોબસ્ત માટે ગિરિરાજ ઉપર જાય તે ચામડાના પટ્ટા પહેરીને ટૂક કે દેરાસરની અંદર દાખલ ન થાય. પેઢીની આ વિનંતી મિ. ઓવને તરત જ માન્ય રાખી હતી, એ ઉપરથી પણ સમજી શકાય છે કે એમનું વલણ આ બાબતમાં કેવું સમાધાનકારી હતું.

આ આદેશની ખબર પાલીતાણા રાજ્યના પોલીસ સુપ્રિ. ને તો સમયસર મળી જ ગઈ હતી; પણ જે પોલીસોને ગિરિરાજ ઉપર તે દિવસે ફરજ ઉપર હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો તેમને એની માહિતી નહીં મળેલી હોવાથી તેઓ પટ્ટા સાથે ગિરિરાજ ઉપર મોટી ટૂકની અંદર અને બીજે દાખલ થયા હતા. આને લીધે ત્યાં કેટલીક ઉતેજના ફેલાઈ હતી, પણ પોલીસ સુપ્રિ. જ્યારે ઉપર પહોંચ્યા અને એમના ખ્યાલમાં આ વાત આવી એટલે તરત જ એમણે પટ્ટો કાઢીને ટૂક અને દેરાસરમાં જવાના આદેશનું પાલન કરવા સૂચના આપી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ લાગે છે કે, ચૈત્રી પૂનમનો મેળો મળે તે પહેલાં જ મિ. ઓવને આ બાબતમાં જૈનોને સંતોષ થાય એવો ફેંસલો આપવાનો નિર્ણય કરી લીધો હતો અને એની જાણ, બિનસત્તાવાર રીતે, પેઢીને તથા વકીલ શ્રી હરિલાલ મંછારામને થઈ હતી. આ વાત, પછીએ મિ. ઓવનને તા. ૧૩-૪-૧૧ ના રોજ લખેલ એક પત્ર ઉપરથી જાણી શકાય છે. એ પત્રમાં નીચે મુજબ પાંચ મુદ્દાઓ જણાવવામાં આવ્યા હતા—

(૧) આપે આ કેસને માંડવાળ કરી તે માટે આપનો આભાર માનવામાં આવે છે.

(૨) કાર્તિકી પૂનમના રોજ પેઢીના માણસોએ પોલીસો પટ્ટા પહેરીને ટૂકમાં તથા દેરાસરમાં દાખલ થયા તેથી જૈન સંઘની જે લાગણી દુભાઇ હતી તેની સામે દરબારમાં રીતસર ફરિયાદ કરવાને બદલે દરવાજા બંધ કરી દીધા તે બદલ અમે આપની માફી માગીએ છીએ.

(૩) ભવિષ્યમાં આવું ન બને એ માટે ઘટતો બંદોબસ્ત કરવો.

(૪) પેઢીના ડુંગર ઈન્સ્પેકટર તથા બીજા બે માણસો સામે જે ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો છે તે પાછો ખેંચી લેવામાં આવે.

(૫) તા. ૨૪-૧૧-૧૯૧૦ નું નં. ૪૦ નું જાહેરનામુ (નોટિફિકેશન) પાછું ખેંચી લેવામાં આવે.

આ પત્ર ઉપરથી તેમજ વકીલ શ્રી હરિલાલ મંછારામે તા. ૧૬-૪-૧૯૧૧ ના રોજ પાલીતાણાથી અમદાવાદ પેઢી ઉપર જે કાગળ લખ્યો હતો તે ઉપરથી પણ જાણવા મળે છે કે મિ. ટ ડર ઓવને આ કેસની સંતોષકારક માંડવાળ કરી હતી.

પેઢી તરફથી મિ. ટયૂડર ઓવનને લખવામાં આવેલ કાગળમાં (૪૦ મા નંબરનું જે નોટિફિકેશન પાછું ખેંચી લેવાની માગણી કરવામાં આવી હતી તે નોટિફિકેશનમાં) શું લખવામાં આવ્યું હતું તે, તેની નકલ ઉપલબ્ધ ન થવાથી જાણી શકાયું નથી.

મિ. ટયૂડર ઓવને જે સમાધાનકારી ફેંસલો આપ્યો હતો તેની મોટા ભાગની માહિતી તા. ૧૩ એપ્રિલ પહેલાં પેઢીને મળી ગઈ હોવા છતાં, સમાધાનના એ ફેંસલાની કાયદેસરની નકલ પેઢીને તા. ૧૧-૫-૧૯૧૧ ના રોજ મળી હતી. એમાં એમણે જે સ્પષ્ટતા કરી હતી તે આ પ્રમાણે છે—

(૧) પેઢી તરફથી જે માફી માગવામાં આવે છે તે મંજુર કરવામાં આવે છે.

(૨) પેઢીના ત્રણ માણસો સામે જે ફોજદારી કેસ કરવામાં આવ્યો છે તે પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

(૩) ટૂક અને દેરાસરની અંદર જતી વખતે બે પોલીસને, હથિયારો સાથે જવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડે એવો પ્રસંગ ન હોય તો પોલીસે ટૂકની અંદર પ્રવેશતાં પહેલાં ચામડાનો પટ્ટો કાઢી નાખવો.

(૪) તા. ૨૪-૧૧-૧૯૧૦ નું નં. ૪૦ નું નોટિફિકેશન પાછું ખેંચી લેવાની જરૂર હોય એમ મને નથી લાગતું. આમ છતાં એ જ તારીખનો નં. ૪૧ નો આદેશ રદ કરવામાં આવે છે.

મિ. ટચૂડર ઓવને ૪૧ મા નંબરનો જે આદેશ રદ કરવાનું પોતાના ફેંસલામાં જણાવ્યું છે તેનું અસલ લખાણ તો જોવામાં આવ્યું નથી, પણ એનો મતલબ એ હતો કે, ૪૦ મા નં. ના જાહેરનામાની નકલ ગઢની અંદર જુદે જુદે ઠેકાણે મૂકવામાં આવે, એટલે ૪૧ મા નંબરનો ઓર્ડર રદ થવાથી ૪૦ મા જાહેરનામાની નકલો ગઢની અંદર જુદી જુદી જગ્યાએ મૂકવાની જવાબદારીમાંથી પેઢીને મુક્તિ મળી હતી.

આ રીતે જોઈએ તો આ પ્રકરણનું, દેખીતી રીતે, જૈન સંઘને સંતોષ થાય અને ભવિષ્યમાં આવો ખટરાગ ઊભો થવા ન પામે એ જાતનું આ સમાધાન હતું, પણ જૈન સંઘના કે પેઢીના આ શત્રુંજય તીર્થને લગતા નાનાસરખા પણ હકને કયારેય નુકસાન પહોંચવા ન પામે એવી પેઢીના સંચાલકોની અગમચેતી હોવાથી, તેણે આ ફેંસલાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો બાદ; એની સામે જે મુદ્દા પાલીતાણા રાજ્ય સમક્ષ રજૂ કરવા જેવા લાગ્યા તે, આ ફેંસલો મળ્યા પછી લગભગ આઠેક મહિના બાદ તા. ૮-૧-૧૯૧૨ ના રોજ પાલીતાણા રાજ્યને, એટલે કે એના એડમિનિસ્ટ્રેટર મિ. ટચૂડર ઓવનને, એક અરજી કરીને લખી જણાવ્યા જેમાંના માગણીરૂપ બે મુખ્ય મુદ્દા આ પ્રમાણે હતા—

(૧) ગુનેગારને પકડવા વગેરેના પોલીસકાર્ય માટે પણ (હથિયારધારી) પોલીસ પટ્ટા પહેરીને ગઢમાં જાય તો તેથી જૈન સંઘની ધાર્મિક લાગણી દુભાયા વગર ન રહે. એટલે જૈન સંઘની લાગણી દુભાતી અટકે તેમ જ દરબારના પોલીસો પોતાની ફરજ બજાવી શકે એવું કંઈક સંતોષકારક સમાધાન શોધી કાઢવું જોઈએ.

(૨) આ પ્રકરણમાં સંતોષકારક સમાધાન થઈ ગયેલું હોવાથી ૪૦ નંબરના જાહેરનામાની ઉપયોગિતા કે જરૂર હવે રહેતી નથી, માટે તે રદ થવું જોઇએ.

પેઢી તરફથી કરવામાં આવેલી આ અરજી ઉપરથી પાલીતાણા રાજ્યે શું કાર્યવાહી હાથ ધરી તેની માહિતી પેઢીના દફ્તરમાંથી મળી શકતી નથી તેથી આનો છેવટનો નિકાલ કેવો આવ્યો તે જાણી શકાતું નથી.

પેઢીના સિપાઈ આલમ બેલીમનું મરણ એ અકસ્માત હતો કે ખૂન ?

પેઢીની નોકરીમાં રહેલા સિપાઈ આલમ બેલીમ ઘણાં વર્ષોથી નોકરી કરતો હતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ગિરિરાજ ઉપર ચૌમુખજીની ટૂકમાં ચોકી કરવાની ફરજ તે બજાવતો હતો. મરણ સમયે તેની ઉંમર ૬૦ થી ૬૫ વર્ષની હતી એમ લાગે છે. તા. ૨૫-૧૧-૧૮૭૮ ના રોજ સવારના વખતમાં તે ગઢની ખહારના ભાગમાં મરેલી હાલતમાં મળી આવ્યો હતો, એટલે તા. ૨૪-૧૧-૧૮૭૮ ની રાતના કોઈક સમયે એનું મરણ થયું હતું.

જ્યારે આ વાતની જાણ પાલીતાણા રાજ્યના પોલીસખાતાને કરવામાં આવી ત્યારે જે કંઈ તપાસ હાથ ધરવામાં આવી એના પરિણામે આલમ બેલીમનું અવસાન ગઢ ઉપરથી નીચે પટકાઇ જવાના અકસ્માતથી થયું હતું કે ઇરાદાપૂર્વક એનું ખૂન કરવામાં આવ્યું હતું એ મુદ્દાને લઇને વિવાદ ઊભો થવા પામ્યો હતો.

આ બાબતમાં રાજ્ય તરફથી એવું તહોમત મૂકવામાં આવ્યું હતું કે, આલમ બેલીમ એના માથા ઉપર થયેલ ઘાના લીધે મરણ પામ્યો હતો, પણ આ ઘા ગઢ ઉપરથી પડી જવાને કારણે નહીં, પણ એનું ખૂન કરવાના ઇરાદાથી ખુદ પેઢીના માણસોએ જ કુહાડીથી કર્યો હતો.

દરબારશ્રી તરફથી પેઢીના માણસો ઉપર મૂકવામાં આવેલ ખૂનના આરોપ અંગે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ ખૂન શ્રાવકોના (પેઢીના) માણસોએ એટલા માટે કર્યું હતું કે, આલમ ઉપર એવો શક રાખવામાં આવતો હતો કે તે કારખાનાની એટલે કે પેઢીની કેટલીક અાનગી વાતોની માહિતી દરબારને આપી દેતો હતો.

આલમ બેલીમના મરણને પેઢીના માણસોના હાથે થયેલ ખૂન તરીકે ઓળખાવવાની પાલીતાણાના દરબારશ્રીને કેટલી બધી ઉત્સુકતા હતી તે એ હકીકત ઉપરથી પણ જાણીશકાય છે કે, આ કેસ બાબતમાં પાલીતાણા રાજ્યના ન્યાયખાતા તરફથી પૂરતી તપાસ કરીને એનો ફેંસલો આપવામાં આવે તે અગાઉ જ, પાલીતાણાના દરબારશ્રી તરફથી લંડન મહારાણી વિકટોરિયાના સેક્રેટરી ઓફ સ્ટેટને તા. ૨૫-૧-૧૮૭૯ ના રોજ સરકારના તા. ૧૬-૩-૧૮૭૭ ના નં. ૧૬૪૧ ના ઠરાવની સામે જે અપીલ કરવામાં આવી હતી તેમાં પણ શ્રાવકોના સિપાઈઓને હાથે થયેલ આ ખૂનનો નિર્દેશ કરવામાં આવ્યો હતો.

પાલીતાણા રાજ્યે કરેલી આ અરજીની નકલ તો પઢીના દફ્તરમાંથી મળી શકી નથી, પણ આ અરજીની વિરુદ્ધમાં પેઢી તરફથી તા. ૪-૬-૧૮૭૯ ના રોજ લંડન ખાતે મહારાણી વિકટોરિયાના સેક્રેટરી ઓફ સ્ટેટ કેનબ્રૂકને જે અરજી કરવામાં હતી તેમાં દરબારશ્રી તરફથી કરવામાં આવેલ આ અરજીનો નિર્દેશ મળે છે. દરબારશ્રીની તથા પેઢીની મુંબઇ સરકારના સને ૧૮૭૭ના નં. ૧૬૪૧ ના ઠરાવ સામેની આ અરજીઓ મળ્યા પછી સેક્રેટરી ઓફ સ્ટેટે મુંબઇ સરકારનો નં. ૧૬૪૧ નો સને ૧૮૭૭ નો ઠરાવ માન્ય રાખીને તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાની જરૂર નથી એમ સ્પષ્ટ સૂચવ્યું હતું. અને એ રીતે આ બંને અરજીઓ એમણે કાઢી નાખી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઢી તરફથી લંડન મોકલવામાં આવેલી આ અરજીમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે આલમ બેલીમની નજર ટૂંકી (ઝાંખી) હતી. અને એકાદ વર્ષ પહેલાં પણ એને એક અકસ્માત થયો હતો. અને તેથી એના હાથને ઈજા થઈ હતી.

આ ઘટના અંગે પેઢી તરફથી એવી મતલબનો ખુલાસો કરવામાં આવ્યો હતો કે મધરાત પછી જ્યારે આલમ બેલીમ ગઢમાંના બીજા સિપાઈ ઓની આલબેલના જવાબમાં સામેથી આલબેલ પોકારવા માટે ગઢ ઉપર ચઢયો હતો અને ગઢનો એ ભાગ તૂટી ગયેલો હતો એટલે આલમ બેલીમ પોતાનું સમતોલપણું ગુમાવીને ગઢની નીચે ચૂનાની છોવાળી જમીન ઉપર પટકાઈ પડયો હતો અને એને કારણે માથામાં એને જે ઈજા થઈ હતી તેને લીધે તેનું મરણ નીપજ્યું હતું.

ટૂંકમાં, રાજ્યનો પ્રયત્ન આ મરણને પેઢીના માણસોના હાથે ઇરાદાપૂર્વક કરવામાં આવેલ ખૂનરૂપે પુરવાર કરવાનો હતો અને એ માટે એને પેઢીની નોકરીમાં રહેલા અને ડુંગર ઉપર ફરજ સંભાળતા છ જણાને હિરાસતમાં લીધા હતા. અને ખૂન કરવા માટે લેવાયેલ તરીકે મનાયેલ એક કુહાડી પણ કબજામાં લીધી હતી. ઉપરાંત એનું પંચનામું વગેરે પણ કરાવ્યું હતું. આની સામે પેઢીએ તો એક જ રજૂઆત કરી હતી કે આ મરણ કેવળ અકસ્માતને કારણે જ થયું હતું. અને એનું ખૂન નિપજાવવાનો લેશ પણ પ્રયત્ન કે ઇરાદો ન હતો.

જ્યારે આ મુકદ્દમો પાલીતાણાના સર ન્યાયાધીશ જનાર્દન સુંદરજી કીર્તિકર સમક્ષ ચાલ્યો, ત્યારે આ અંગે પોતાને સૂઝી એવી તપાસ કર્યા બાદ એમણે તા. ૨૪-૪-૧૮૭૯ ના રોજ એનો લંબાણથી ચુકાદો આપ્યો. આ ચુકાદામાં એમણે બે બાબતો અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જણાવ્યો હતો, જે આ પ્રમાણે છે :

(૧) આલમ બેલીમનું મરણ અકસ્માતથી નહીં, પણ ઇરાદાપૂર્વક કરવામાં આવેલા ખૂનથી થયું હતું.

(૨) આ ખૂનના આરોપીઓ તરીકે પેઢીના જે છ નોકરોની ધરપકડ કરવામાં આવી હતી તેમાં આ ખૂન કોના હાથે અને કયારે થયું હતું એ નક્કી થઈ શકતું ન હોવાથી શકનો લાભ આપીને છયે આરોપીઓને નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવામાં આવ્યા હતા.

આ કેસની બાબતમાં નીચેની માહિતી જાણવી રસપ્રદ થઈ પડશે. પાલીતાણાના સર ન્યાયાધીશની કોર્ટમાં આ કેસ દાખલ થયા પછી એમણે પાલીતાણા રાજ્યના કારભારી શ્રી ગોપીનાથ સદાશિવ ઉપર આ કેસ બાબત એક કાગળ અંગ્રેજીમાં લખ્યો હતો એ ઉપરથી કારભારીએ તા. ૨૩-૨-૧૮૭૯ ના રોજ પોલિટીકલ એજન્ટને અંગ્રેજીમાં એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાગળ લખ્યો હતો, આ કાગળનો જવાબ એક્ટિંગ પોલિટીકલ એજન્ટ મિ. બાર્ટન તરફથી તા. ૨૮-૨-૧૮૭૯ ના રોજ નં. ૩૭૯ of ૧૮૭૯ના અંગ્રેજી પત્રથી પાલીતાણાના કારભારીને આપવામાં આવ્યો હતો. આ કાગળમાં આ કેસ પાલીતાણાની કોર્ટમાં ચલાવી શકાય એમ જણાવીને વધારામાં એમ સૂચવવામાં આવ્યું હતું કે, આ કેસમાં જો તહોમતદારો તકસીરવાર ઠરે અને એમને જે કંઇ સજા કરવામાં આવે તેનો અમલ પોલિટિકલ એજન્ટની અગાઉથી પરવાનગી લીધા વગર ન કરવો.

ઉપરની હકીકત ઉપરથી જોઈ શકાય છે કે, પાલીતાણા રાજ્ય પોતાની સત્તાનો ઉપયોગ કરવા માટે પોલિટિકલ એજન્ટની પરવાનગી લેવા માટે બંધાયેલું હતું.

આ ફેંસલાથી છ આરોપીઓને તો ખૂનના આરોપમાંથી મુક્તિ મળી જ ગઈ હતી. એટલા પ્રમાણમાં આ ચુકાદો આવકારદાયક હતો, પણ આલમ બેલીમનું મરણ પેઢીના માણસોએ ઈરાદાપૂર્વક ખૂન કરીને નિપજાવ્યુ હતું એ આરોપ તો ચાલુ જ રહેતો હતો. અને જો એનું સમુચિત પરિમાર્જન સત્વર કરવામાં ન આવે તો એ પેઢીના વહીવટ માટે તેમ જ જૈન સંઘને માટે એક પ્રકારના કલંકરૂપ બની રહે એવી બાબત હતી.

આ આક્ષેપનું પરિમાર્જન કરવા માટે પેઢી તરફથી ગોહિલવાડના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને અરજી કરવામાં આવી હતી. (આ અરજી કઈ તારીખે અને કોની સહીથી કરવામાં આવી હતી તે જાણી શકાતું નથી.) 'સાહેબ મહેરબાન' એ સંબોધનથી શરૂ થતી ગુજરાતી ભાષામાં લખાયેલી આ અરજી ફૂલસ્કેપનાં વીસ પાનાં જેટલી વિસ્તૃત છે.

આ અરજીમાં પાલીતાણાના સર ન્યાયાધીશ શ્રી જનાર્દન સુંદરજી કીર્તિકરે આપેલ ફેંસલાની સામે ખૂબ વિસ્તારથી રજૂઆત કરીને એ વાત પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે, આલમ બેલીમનું મરણ અકસ્માતથી નહીં, પણ ખૂનથી થયાનો સર ન્યાયાધીશે પેઢી ઉપર મૂકેલ આરોપ સાવ નિરાધાર છે.

આ છાપેલ અરજીની સાથોસાથ ફો. આ. નં. ૯૮૭ તા. ૨૯-૧૦-૧૮૭૯ નો ગોહેલવાડ પ્રાંતના ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ શ્રી મગનલાલ બાપુભાઈની સહીનો, એક દસ્તાવેજરૂપ કાગળ સચવાયેલો છે. આ કાગળમાં પાલીતાણાના સર ન્યાયાધીશે આપેલ ચુકાદા અંગે વીસ કલમોમાં છણાવટ કરીને એમણે આ કેસ અંગે પોલિટીકલ એજન્ટ કર્નલ એલ. સી. બાર્ટનની નિર્ણયાત્મક માન્યતા રજૂ કરી છે. આ લખાણના પહેલા અને સત્તરમા મુદ્દામાં 'પોલિટિકલ એજન્ટ સાહેબ' એમ જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે, આ આખી છણાવટ પોલિટીકલ એજન્ટ કર્નલ એલ. સી. બાર્ટન સાહેબે તા. ૨-૯-૧૮૭૦ નં. ૧૭૪૦થી કરી હતી અને એને વીસ મુદ્દામાં સમાવી લેવામાં આવી હતી. પેઢીના સિપાઈઓ ઉપર મૂકવામાં આવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખૂનના આરોપના પરિમાર્જનની દૃષ્ટિએ પણ વીસ મુદ્દાનું આ લખાણ ઘણું અગત્યનું હોવાથી તે પૂરેપૂરું અહીં રજૂ કરવામાં આવે છે.

(ફો. આ. નં. ૯૮૭)

૧. તા. ૨૪ મી નવમબર સન ૧૮૯૮ ના રોજ શેતરૂંજા ડુંગર શ્રાવક લોકના શીપાઈ આલમનું મોત થએલું તે બાબત સંસ્થાન પાલીટાણાની કોરટમાં કામ ચાલતાં તે કામ જોવા મંગાવી મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ તરફ મોકલવામાં આવ્યું હતું, તે ઉપરથી સાહેબ મેહેરબાને તા. ૨ સપટેમ્બર સને ૧૮૭૯ ના. ૧૭૪૦ નો મેમોરેનડેમ કરેલ છે તે એવી મતલબથી છે કે :—

૨. મરનાર આલમની લાસ જે જગ્યાએ તેની સાથેના ચોકીવાળાને માલમ પડીહતી તે જગાએ રાખેલ હોવી જોઇએ અને આલમના મોતને લગતી બધી હકીકત પાલીટાણાના અધીકારીને જાહેર કરવાની તે ચોકીદારોની બરેબરી ફરજ હતી.

૩. પરંતુ આ પરમાણે કરવામાં આવ્યું નોહોતુ અને પાલીતાણાના અધીકારીઓએ આલમના મોતના કારણ સંબંધી તજવીજ ચલાવી તો તેમ કરવાનો તેમનો હક હતો, તે બાબતની તેઓએ તજવીજ કરી ના હોત તો બરેબર તેઓ ઠપકાને પાત્ર થાત.

૪. શ્રાવકના એજંટોએ અંતઃકરણથી આ તજવીજના કામમાં મદદ આપી હોત તો બેશક પાછળનું બધુ કામ ચલાવવું પડત નહી પણ એ તો ખુલ્લુ છે કે તેમના તરફથી એવી જાતની બધી મદદ આપવાની ના પાડવામાં આવી હતી—બીજી તરફથી મરનાર આલમની સાથેના ચોકીદારોની ઉપર ગુનાહની સાબીતી મેળવવાની કોશીશમાં પાલીતાણાના અમલદારોએ ડાહાપણ વાપરવા કરતાં આતુરતા વધારે વાપરી છે.

૫. પોલીસ ચોકશીનો ઘણો ખરો ભાગ કરણેપકરણી પુરાવાનો છે. અને તે ચોકસી ન્યાયાધીસની ચોકસી ચાલતી હતી તેજ વખતે ચલાવેલ જણાય છે ઘણી ખરી પોલીસ ચોકસી ન્યાયાધીસે બરેબર જાતે ચલાવેલ જણાય છે અને તેણે કામ ચલાવવાની રીતીને પુરૂં ધ્યાન આપ્યા શીવાય ચલાવેલ છે.

૬. મેજરનામા લેવાના કામ બેફીકરાઇથી થએલ છે અને આલમના મોત સંબંધી તે કામમાં જાણે તેવા ડાકતરનો મત લીધેલો નથી મજકુર ન્યાયાધીસે કમીટીંગ માજીસ્ટ્રેટ તરીકે પણ આ કામ ચલાવેલ છે અને તે કામ તેણે ઘણીજ ગાફલ રીતે તથા ઉપર ઉપરથી ચલાવેલ છે.

૭. કેદીઓને કમીટ કરયા બાદ શરાવકના એજંટો ઉપર આલમનું ખુન કરનારને ઉસકેરણી કરવા બાબતના તોમતનો તપાસ કરવા રારા. ન્યાયાધીસે સર ન્યાયાધીસને હુકમ કરેલો જણાય છે. તેઓ ઉપર તજવીજ ચલાવી તેમને મુક્ત કરવામાં આવ્યા હતા પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પુરાવો જોતાંજ જણાય છે કે તે પુરાવો ખાત્રી લાએક નથી તો તેમની તજવીજ ચલાવવાની ખરેખર જરૂરીઆત નોહોતી.

૮. આ કામ સર ન્યાયાધીસની કોરટમાં તા. ૧૩ મી ડીસેમબરના રોજ કમીટ કરવામાં આવ્યું હતું પરંતુ તા. ૩ ફેબરવારી સુધી સેસનનું કામ શરૂ કરવામાં આવ્યુ નોહોતું. સર ન્યાયાધીસ પોતાના પ્રોશીડીંગમાં લખે છે કે, હું રજા ઉપર હતો તે અરધો જાનેવારી માસ ગયો ત્યાં સુધી પાછો આવ્યો નોહોતો અને તા. ૨૪ મી ફેબરવારીથી તજવીજ ચલાવવા માંડી. આંહી કાંઇ ગડબડ છે કેમકે કામ ઊપરથી જણાય છે કે, તપાસ તા. ૩ ફેબરવારીના રોજથી સરૂ કરવામાં આવી હતી. કેદીઓને તા. ૨૪ મી એપ્રીલના રોજ છોડવામાં આવ્યા હતા.

૯. સેસનનું કામ સરૂ કરવામાં અને તે કામ જેટલો વખત ચાલ્યું તે બંને બાબતમાં વગર જોઈતી ઢીલ થએલ જણાય છે, તો પણ સેસનનું કામ ચાલ્યું તે દરમીઆનમાં થએલ ઢીલ ઘણીખરી તોમતદારના વકીલે તોમતદારોમાંના કેટલાએક બ્રીટીસ રઈયત છે માટે તેમની તપાસ પાલીટાણાના અધીકારીના રૂબરૂ થવા માટે વાંધો ઊઠાવ્યો તેને લીધે થએલ છે. આ વાંધો ના મંજુર કરવામાં આવ્યો હતો પરંતુ તે બાબતનું લખાણ કરવાથી કામમાં વધારે ઢીલ થએલી છે.

૧૦. એવું માલમ પડે છે કે, મરનારના દીકરાની જુબાની તેના બાપના મોત સંબંધી લેવામાં આવી નોહોતી અને સેસનના કામમાં પણ તે કામના છેવટ ભાગ સુધી લેવામાં આવી નોહોતી તેમજ દફેદાર અબદુલાખાનની જુબાની લેવામાં આવી નોહોતી. જો આ સાક્ષીઓની જુબાની કમીટીંગ માજીસ્ટ્રેટે લીધેલી હોતતો આલમનું મોત આકસમીતરીતે થએલ છે અને અયોગ્ય રીતે થયું નથી એમ સાબીત થાત અને કેદીઓને ચાર માસ કરતાં વધારે મુદત સુધી કેદમાં રેહેવું પડત નહીં.

૧૧. એવી કલ્પના ઊઠાવવાની કોશીસ કરવામાં આવી હતી કે ગયા નવેમ્બર માસની તારીખ ૨૪ મીના રોજ મરનાર સખસ ડુંગર ઊપર પોલીટીકાલ એજંટ સાહેબને મળ્યો હતો અને પાલીટાણાના ઠાકોર સાહેબ સાથે સરાવક લોકોની તકરારના કામમાં સરાવકના વીચારને ટેકો આપ્યો નહી, પણ કહ્યું કે, ડુંગરની માલીકી પાલીટાણાના ઠાકોર સાહેબની છે તેટલાજ કારણથી તેનું ખુન કરવામાં આવેલ છે.

૧૨. મરનાર સખસને મળયાનું પણ પોલીટીકાલ એજંટ સાહેબને યાદ નથી,અને આ કામનો તપાસ ચાલ્યો તેમાં તે રોજ તે ડુંગર ઉપર હાજર પણ નહોતો અને સાંજ સુધી પાછો આવ્યો નહોતો એમ તે બાબતમાં સાક્ષીઓએ પોતાની જુબાનીમાં લખાવેલ છે.

૧૩. બધી રીતે જોતાં આ કામ ઘણુંજ અસંતોશકારક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. જો પોલીસે તથા માજીસ્ટ્રેટે પોતાનું કામ બરાબર રીતે બજાવ્યું હોત તો મરનાર સખસનું મોત સ્વભાવીક રીતે થયાની વાત સાબીત થાત અને તોહોમતદારોને લાંબી મુદત સુધી કેદ ભોગવવાનો બચાવ થાત.

૧૫. સેસન કોરટમાં તપાસનું કામ વગર જરૂરીઆતે લંબાવવામાં આવેલ છે.

૧૬. બીજી તરફ સરાવકના એજંટો ઠબકાથી મુક્ત થતા નથી. તેમના દેવળોની બાબતમાં પાલીતાણાના અમલદારો તરફની બધી દરમીયાનગીરીની તેમની ઈરસાને લીધે શક ભરેલા મોતની તજવીજના કામમાં તેમણે અટકાયત કરી. અને તેમના પાછળના વીવાદને લીધે કામનું લંબાણ થયું અને જે માણુસો ઉપર જે ગુનાહનું તોહમત રાખેલ તે માણુસોને નીરદોશ કરી છોડી મુકયા તેજ માણુસોને કેદખાનું લાંબી મુદત ભોગવવું પડયુ.

૧૭. પોલીટીકલ એજંટ સાહેબ ભરૂસો રાખે છે કે સેતરૂંજ ડુંગર ઉપર ન્યાયનું કામ ઝડપથી ચલાવવાના કામમાં હવે પછી બંને પક્ષકારો તરફથી ઈર્શ્યા રાખવામાં આવશે નહીં.

૧૮. સરાવક તરફથી યાદ રાખવું જોઇએ કે કોઈ આકસમીક અથવા શકવાળું મોત થાય અથવા કોઈ બાબતની પાછળથી ફોજદારી રીતે તજવીજ ચલાવવી પડે એવો કાંઈ બનાવ બને તો તે બાબતના પોલીસને ખબર દેવાની તથા દરબારી અમલદારો તજવીજ કરતા હોય તેમાં અંતઃકરણથી મદદ દેવાની તેમની ખરેખરી ફરજ છે.

૧૯. અને બીજી તરફથી પાલીતાણાના અધીકારીઓએ સાવચેતી રાખવી જોઇએ કે તેમણે એવી રીતે તજવીજ અથવા કામ ચલાવવું ના જોઇએ કે જેથી કરી છેવટ એમ ધારવામાં આવે કે તેમણે હરોલથી ખોટી અસર ધારી રાખેલ છે તથા તેઓ પક્ષપાતી છે અને પોતાના ધણીના હકો વધારવાની બાબતમાં ઇનસાફનો હેતુ પાર પાડવા ચાહતા નથી.

૨૦. ખબર થવા માટે આ શેરો સંસ્થાન પાલીતાણા તરફ બતાવતા એક નકલ સરાવકના એજંટ તરફ મોકલવી.

તા. ૨૦ મી અકટોબર સને ૧૮૭૯ મુ. સોનગઢ.

મે૦ મગનલાલ સાહેબની સહી.

ડે. આ. પો. એ. ઇ. પ્રા. ગો.

મુકાબલ કરનાર પ્રાણલાલ વી. નથુભાઇ

કારકુન.

ખરી નકલ.

MAGANLAL BAPUBHAI.

ડેપ્યુટી. આ. પો. એજંટ. ગોહલવાડ પ્રાંત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આખો દસ્તાવેજી કાગળ જોતાં એ જાણી શકાય છે કે, મુદ્દા નં. ૪, ૯, ૧૬ અને ૧૮ માં શ્રાવકોના વર્તન અંગે કેટલીક ટીકા કરવામાં આવી છે અને મુદ્દા નં. ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, અને ૧૯ માં પાલીતાણા રાજ્યના વલણની ટીકા કરવામાં આવી છે. આ વીસ મુદ્દામાંનો દસમો અને ચૌદમો એ બે મુદ્દા વિશેષ મહત્ત્વના એટલા માટે છે કે, તે આલમ બેલીમનું મરણ ખૂનથી નહીં, પણ અકસ્માતથી થયું હોવાનો પોલિટિકલ એજન્ટનો મત સ્પષ્ટ રૂપમાં દર્શાવે છે જે આ પ્રમાણે છે—

"૧૦. એવું માલમ પડે છે કે, મરનારના દીકરાની જુબાની તેના બાપના મોત સંબંધી લેવામાં આવી નોહોતી અને સેસનના કામમાં પણ તે કામના છેવટ ભાગ સુધી લેવામાં આવી નોહોતી. તેમજ દફેદાર અબદુલાખાનની જુબાની લેવામાં આવી નોહોતી. જો આ સાક્ષીઓની જુબાની કમીટીંગ માજીસ્ટ્રેટ્રે લીધેલી હોત તો આલમનું મોત આકસ્મીત રીતે થએલ છે અને અયોગ્ય રીતે થયું નથી એમ સાબીત થાત અને કેદીઓને ચાર માસ કરતાં વધારે મુદત સુધી કેદમાં રહેવું પડત નહીં."

"૧૪. જો પોલીસે તથા માજીસ્ટ્રેટ્રે પોતાનું કામ બરાબર રીતે બજાવ્યું હોત તો મરનાર સખસનું મોત સ્વભાવીક રીતે થયાની વાત સાબીત થાત અને તોહોમતદારોને લાંબી મુદત સુધી કેદ ભોગવવાનો બચાવ થાત."

આ ઉપરથી એ સ્પષ્ટ પુરવાર થઈ ગયું હતું કે આલમ બેલીમનું મરણ પેઢીના માણસોએ કરેલ ઇરાદાપૂર્વકના ખૂનથી થયેલું સાબિત કરવાના પાલીતાણા રાજ્યના પ્રયત્નો સાવ નાકામિયાબ થયા હતા અને એનું અવસાન અકસ્માતથી જ થયાની વાત માન્ય રાખવામાં આવી હતી.

આ પ્રકરણમાંથી જાગેલા કેટલાક ફણગા :

(૧) વકીલની સનદ રદ કરી : આલમ બેલીમના મરણને કારણે પાલીતાણાની કોર્ટમાં રાજ્ય તરફથી ખૂનના આરોપનો જે કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને છ આરોપીઓને હિરાસતમાં લેવામાં આવ્યા હતા તેના બચાવ માટે એજન્સીની કોર્ટના અમદાવાદના વકીલ શ્રી મહીપતરામ નથુભાઇને રોકવામાં આવ્યા હતા. આ વકીલે પોતાના પક્ષનો બચાવ એવી સચોટ રીતે અને સચોટ ભાષામાં કર્યો હતો કે જેને લીધે પાલીતાણાની કોર્ટના સર ન્યાયાધીશ જનાર્દન સુંદરજી કીર્તિકરે એમાં કોર્ટનું અપમાન થયેલું માની લઈને પાલીતાણા રાજ્યમાં વકીલાત કરવાની એમની સનદ રદ કરી હતી. અને પાછળથી આ વાત જ્યારે પાલીતાણાના દીવાનશ્રી ગોપીનાથ સદાશિવજી સમક્ષ રજૂ થઇ ત્યારે તેમણે પણ સરન્યાયાધીશે વકીલ મહીપતરામ નથુભાઈ સામે જે પગલું ભર્યું હતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને માન્ય રાખ્યું હતું. આ પછી વકીલશ્રી મહીપતરામ નથુભાઈ એ આ બાબતમાં શી હિલચાલ કરી તે જાણી શકાતું નથી.

(૨) **બાર્ટનની ટીકા સામે અપીલ** :—કાઠિયાવાડના પોલિટીકલ એજન્ટ મિ. બાર્ટને આલમ બેલીમના કેસની બાબતમાં વીસ મુદ્દાના લખાણમાં શ્રાવકો અંગે જે ટીકા કરી હતી તે ટીકા પોતાને ગેરવાજબી લાગવાથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તા. ૧૩-૧-૧૮૮૦ ના રોજ મુંબઈના ગવર્નર સર રિચાર્ડ ટેમ્પલ બેરોનેટને એક અપીલ કરવામાં આવી હતી અને એમાં મિ. બાર્ટને કરેલી શ્રાવકોની ટીકાનો જવાબ આપવાની સાથે સાથે આ બાબતની તપાસ કરવાને માટે તટસ્થ અમલદારોનું એક કમિશન નીમવાની પણ માગણી કરી હતી.

(૩) **પેઢીની કાયદેસરતા અંગે શંકા** :—ઉપર સૂચવેલી અરજીનું એક અણધાર્યું અને વિચિત્ર પરિણામ એ આવ્યું કે, એમાં મુંબઈ પ્રાંતના એકિટંગ ચીફ સેક્રેટરી જે. આર. નાયલરે (J. R. Naylor) તા. ૨૪-૨-૧૮૮૦ ના નં. ૮૭૨ ના પત્રથી, કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના તા. ૧૦-૨-૧૮૮૦ ના નં. ૪૯ ના પત્રમાં કરવામાં આવેલી ભલામણ મુજબ, આ અરજી આ પ્રમાણેનાં ત્રણ કારણસર નામંજૂર કરી : (૧) જે ચુકાદાની સામે અપીલ કરવામાં આવેલી છે એ ચુકાદાની નકલ અરજી સાથે સામેલ નથી. (૨) અરજીનું લખાણ અઘટિત ભાષામાં લખવામાં આવ્યું છે. અને (૩) આણંદજી કલ્યાણજી એ નામની કોઈ વ્યક્તિ છે નહિ. આણંદજી કલ્યાણજી એ નામ કોઈ એક વ્યક્તિનું નહીં, પણ કોઇ એક પેઢીનું છે, આ રીતે આ ત્રીજા વાંધાની રજૂઆત કર્યા પછી એ વાતને વધારે ખુલાસાપૂર્વક રજૂ કરતાં વધારામાં કહેવામાં આવ્યું હતું કે, આણંદજી કલ્યાણજીની પેઢી શ્રાવક કોમની લાગણીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે અને જો આ કોમ પાલીતાણા રાજ્ય અને એમની વચ્ચે પ્રવર્તતી ગેરસમજને સાચે જ દૂર કરવા માગતી હોય તો, એણે પોતાની જ્ઞાતિની સામાન્ય સભા બોલાવીને કોઇ વગદાર સભ્યની નિમણૂક કરવી જોઈએ. અને એને પોલિટિકલ એજન્ટની મધ્યસ્થી અને દેખરેખ નીચે પાલીતાણા રાજ્ય સાથેના બધા મુદ્દાઓનું સમાધાન કરવાની સત્તા આપવી જોઈએ.

આ રીતે આ ત્રણ વાંધાઓને કારણે આ અરજી નામંજૂર કર્યા પછી વિશેષમાં આ પત્રમાં ઠરાવરૂપે જણાવવામાં આવ્યું હતું કે, અરજદારને એ વાતની જાણ કરવી કે, સરકાર એવી વ્યક્તિ તરફથી જ અરજીનો સ્વીકાર કરશે કે, જે વ્યક્તિ શુભનિષ્ઠાભરી (Bonafide) ફરિયાદ પોતાના તરફથી અથવા જેઓએ એમને કાયદેસરનો અધિકાર આપ્યો હોય તેમની વતી રજૂ કરશે અને ભારતની આખી શ્રાવક કોમનું પ્રતિનિધિત્વ કરવાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકાર ધરાવતી આણંદજી કલ્યાણજી નામની કોઈ વ્યક્તિ હોય એમ સરકાર માનતી નથી.

અહીં રમૂજ કે ખેદ ઉપજાવે એવી વાત તો એ છે કે, જ્યારે મુંબઈ સરકાર તરફથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અંગે, તેમ જ એ આખા હિંદુસ્તાનના જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા હોવા અંગે આવી ખોટી શંકાભરી માન્યતા વ્યક્ત કરી તે વખતે એનું ધ્યાન એક મહત્ત્વના દસ્તાવેજ તરફ પણ ન ગયું કે જે સને ૧૮૨૧ ની સાલમાં કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ આર. બર્નવેલની દરમિયાનગીરીથી પાલીતાણાના દરબાર સાથે રબારીઓનો જે બીજો કરાર કરવામાં આવ્યો હતો તેમાં જૈન કોમના પ્રતિનિધિ તરીકે શેઠ આણંદજી કલ્યાણજીનું જ નામ નોંધવામાં આવ્યું હતું.

એમ લાગે છે કે પેઢીએ તા. ૧૩-૧-૧૮૮૦ ના રોજ મુંબઈના ગવર્નરને જે અરજી કરી હતી અને જેના સંબંધમાં મુંબઈ સરકારે ઉપર સૂચવ્યો તેવો વિચિત્ર ઠરાવ કર્યો હતો તે અરજીના જવાબમાં પાલીતાણા રાજ્ય તરફથી, સંભવ છે કે, પોલિટિકલ એજન્ટ સમક્ષ કંઈક એવી રજૂઆત કરવામાં આવી હોય કે શેઠ આણંદજી કલ્યાણજી નામની ન તો કોઈ વ્યક્તિ છે કે ન તો એને આખા હિંદુસ્તાનના જૈનોનું પ્રતિનિધિત્વ કરવાનો અધિકાર છે. પાલીતાણા રાજ્ય તરફથી કંઈક આવી મતલબની રજૂઆત થઈ હોય અને એનાથી દોરવાઈને મિ. બાર્ટન મુંબઈ સરકારને ઉપર મુજબ ભલામણ કરવા પ્રેરાયા હોય એ બનવાજોગ છે. એ જે હોય તે.

મુંબઈ સરકાર તરફથી આણંદજી કલ્યાણજીની પેઢી આ રીતે જૈન કોમનું પ્રતિનિધિત્વ ધરાવે એ વાતનો ઇન્કાર કરે અને એ વાતને ચુપચાપ સ્વીકારી લેવામાં આવે તો પેઢી દ્વારા શત્રુંજય વગેરે તીર્થોનો વહીવટ સંભાળવાની જે કામગીરી થતી હતી તેને મોટી હાનિ પહોંચ્યા વગર ન જ રહે. એટલે પેઢી તરફથી સને ૧૮૮૦ ના એપ્રિલ માસમાં (તારીખનો નિર્દેશ નથી) મુંબઈના ગવર્નર આર. એસ. બર્નરને અરજી કરીને પેઢી અંગે જે વિધાન મુંબઈ સરકાર તરફથી કરવામાં આવ્યું હતું તે પાછું ખેંચી લેવાની માગણી કરવામાં આવી હતી.

આ અરજીનો મુંબઈ સરકાર તરફથી શું જવાબ મળ્યો તે જાણી શકાતું નથી. પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આખા હિંદુસ્તાનના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘનું પ્રતિનિધિત્વ કરી શકે એ બાબત જૂના દસ્તાવેજથી પણ પુરવાર થયેલી હોવા છતાં, આ મુદ્દાને લઈને પેઢીનાં તીર્થરક્ષા વગેરેનાં કામોને કે એના દ્વારા થતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિત્વને કોઈપણ જાતનો બાધ ભવિષ્યમાં આવવા ન પામે તેમ જ તીર્થનાં કે જૈન સંઘનાં હિતોને નુકસાન પહોંચવા ન પામે એ માટે, દીર્ઘ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિ વાપરીને, તે વખતના પેઢીના મુખ્ય વહીવટકર્તા નગરશેઠશ્રી પ્રેમાભાઈ હીમાભાઈ એ, મુંબઈ સરકારે પોતાના તા. ૨૪-૨-૧૮૮૦ ના પત્રમાં સૂચવ્યા મુજબ, તા. ૧૯-૯-૧૮૮૦ ના રોજ અમદાવાદમાં ભારતનાં જુદાં જુદાં સ્થાનોમાં જૈન સંઘોના એટલે કે સકળ શ્રીસંઘના પ્રતિનિધિઓની વિશાળ સભા બોલાવીને એમાં પેઢીનું બંધારણ નક્કી કરાવ્યું. આ રીતે જેને કાયદેસરનું અને સરકારમાન્ય કહી શકાય એવું પેઢીનું પહેલવહેલું બંધારણ અસ્તિત્વમાં આવ્યું તે મુખ્યત્વે આલમ બેલીમના મરણના એક આડકતરા પરિણામરૂપે (પેઢીના આ બંધારણની તેમજ તે પછી સમયે સમયે બંધારણમાં થતા રહેલા ફેરફારોની વિગતો 'પેઢીનું બંધારણ' નામે ૮ મા પ્રકરણમાં આપવામાં આવી છે.)

આ રીતે છેવટે આલમ બેલીમના મરણથી ઊભા થયેલા પ્રકરણનો શ્રાવક કોમને અર્થાત્ શેઠ આ. ક. ની પેઢીને સંતોષ થાય અને એના ઉપર મૂકવામાં આવેલ ખૂનના આરોપનું પૂરેપૂરું પરિમાર્જન થાય એ રીતે અંત આવ્યો.

" ફો. જ. નંબર ૩૨

(" શેઠ દલપતભાઈ ભગુભાઈ તથા મંછારામ ગોકલદાસ અમદાવાદ.)

" અજ તરૂં કરનલ એલ. સી. બારટન સાહેબ પોલીટીકલ એજન્ટ પ્રાંત કાઠીઆવાડ દીગર. શેત્રુંજ ડુંગર ઉપર સીપાઈ આલમનું મોત શકભરેલી રીતે થએલું તે કામમાં સ્વસ્થાન પાલીતાણા કોરટે ચલાવેલા કામ બાબત અમે જે ટીકા કરેલી તે વીશે તમે આણુંદજી કલ્યાણજીના નામથી હાલમાં મુંબઈ સરકારમાં અરજી કરેલી. તે બાબતમાં સરકારનો ઠરાવ નં. ૨૭૭૫ ના ૨૧ જુન સ. ૧૮૮૨ નો થએ છે કે " આ કામની જે નોટીસ પોલીટીકલ એજન્ટ સાહેબે લીધેલી છે તેટલાથી સરકાર પુરેપુરા સંતોસ થયા છે અને પોલીટીકલ એજન્ટ સાહેબની યાદીમાં જે ટીકા કરેલી છે ને જે અરજદારોને જણાવવામાં આવેલી છે તે સીવાએ બીજી કાંઈ ટીકા સરકારને કરવાની નથી"-તે તમને અત્ર લખવામાં આવે છે.[૩૮] તા. ૨૫ જુન સ. ૧૮૮૧ની "રાજકોટ.

" L. C. Barton
પોલીટીકલ એજંટ "

શ્રી વીરચંદ રાઘવજી ગાંધી મારફત કરવામાં આવેલ પ્રયત્ન :

સને ૧૮૯૩ની સાલમાં ચિકાગોમાં 'પાર્લામેન્ટ ઓફ વર્લ્ડ રિલિજીયન્સ' (વિશ્વધર્મ પરિષદ)ની બેઠક બોલાવવામાં આવી હતી. એમાં દુનિયાના જુદા જુદા દેશોના જુદા જુદા ધર્મોના પ્રતિનિધિઓને હાજર રહેવાનાં આમંત્રણો આપવામાં આવ્યાં હતાં. જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર રહેવાનું આમંત્રણ પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજને (શ્રી આત્મારામજી મહારાજને) મળ્યું હતું. પણ જૈન સાધુના આચાર પ્રમાણે તેઓ જાતે દરિયાપાર અમેરિકા જઈ શકે એમ ન હતા. સાથે સાથે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ જાણતા હતા કે, આવી પરિષદમાં જો જૈન ધર્મનું સમુચિત પ્રતિનિધિત્વ કરવામાં ન આવે, અર્થાત્ જૈન તત્ત્વજ્ઞાન અને આચારની વાત સચોટ રીતે રજૂ કરવામાં ન આવે તો આવી પરિષદને જૈન ધર્મની મહત્તા અને વિશ્વોપકારકતાનો ખ્યાલ આપવાની એક સોનેરી તક ગુમાવી દીધા જેવી મોટી ભૂલ થઈ ગણાય. એટલે એમણે મુંબઈના 'શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા'ના માનદ મંત્રી શ્રી વીરચંદ રાઘવજી ગાંધી B.A.ને આ માટે પૂરી રીતે તૈયાર કરીને પોતાના, એટલે કે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે આ પરિષદમાં મોકલ્યા હતા. ત્યાં તેમણે જૈન ધર્મની વિશેષતા તો સચોટ રીતે સમજાવી જ હતી, પણ સાથે સાથે આ તકનો લાભ લઈને અમેરિકામાં જુદાં જુદાં સ્થાનોમાં સામાન્ય જનસમૂહ તેમજ વિદ્વાનોની સમક્ષ જૈનદર્શન વિશે, તેમજ અન્ય ભારતીય દર્શનો વિશે સુગમ ભાષણો આપીને સારા પ્રમાણમાં લોકચાહના મેળવી હતી. અમેરિકાથી હિંદુસ્તાન પાછા ફરતી વખતે તેઓ લંડનમાં પણ અમુક વખત રોકાયા હતા અને ત્યાં પણ જૈન ધર્મ સંબંધી ભાષણો આપવા ઉપરાંત જૈન લીટ્રેચર સોસાયટી નામની જૈન ધર્મના અધ્યયનને આગળ વધારે એવી એક સંસ્થાની સ્થાપના પણ કરી હતી. આ પછી પણ તેઓને બે એક વાર અમેરિકા અને વિલાયત જવાનું થયું હતું. અમેરિકા અને વિલાયત સાથેના આવા ધાર્મિક-સાંસ્કૃતિક સંબંધોને કારણે તેઓનું નામ અને કામ અમુક વર્તુળોમાં સારી રીતે જાણીતું થયું હતું. વળી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને પાલીતાણા રાજ્ય વચ્ચે શત્રુંજય તીર્થની તથા એના હકોની તેમજ યાત્રિકોની સલામતીની દૃષ્ટિએ અવારનવાર નાના-મોટા જે અનેક ઝઘડાઓ થતા રહેતા હતા એવા પ્રસંગે પેઢીની રજૂઆતને દૃઢ બનાવવામાં મુંબઈના 'શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા' વતી, એના માનદ મંત્રી તરીકે, શ્રી વીરચંદ રાઘવજી ગાંધી પણ કેટલીક નોંધપાત્ર અને અસરકારક કામગીરી બજાવતા રહેતા હતા. એથી તેઓને શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સાથે પણ નિકટનો સંબંધ હતો અને એને લીધે પેઢી તરફથી એમને કેટલીક કામગીરી પણ સોંપવામાં આવતી હતી. પેઢીના દફતરમાં એક દફતર નં. ૫, ફાઈલ નં. ૪૧ સચવાયેલી છે. એના ઉપરથી પેઢીનો કેસ લંડનની કોર્ટમાં (પ્રિવી કાઉન્સિલમાં) રજૂ કરવાની કેટલીક મહત્ત્વની અને જવાબદારીભરી કામગીરી એમને સોંપવામાં આવી હતી એ સંબંધી કેટલીક માહિતી ઉપલબ્ધ થાય છે. આ કામગીરી સને ૧૮૯૮-૯૯ ના બે વર્ષ પૂરતી જ ઉપલબ્ધ થાય છે અને એનું પરિણામ શું આવ્યું એ પણ એમાંથી જાણી શકાતું નથી. આમ છતાં પાલીતાણા રાજ્ય તરફથી આપણને થતી હરકતોનું નિવારણ કરવા માટે તથા યોગ્ય ન્યાય મેળવવા માટે ઊંચામાં ઊંચી રાજસત્તાના ન્યાયમંદિરમાં આપણી વાત સચોટ રીતે રજૂ થાય એ માટે પેઢીના મોવડીઓ કેટલા સજાગ રહેતા હતા તે જોઈ શકાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તા. ૨૪-૩-૧૯૯૮ ના રોજ પેઢી તરફથી પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ નગરશેઠ શ્રી મયાભાઈ પ્રેમાભાઈ તથા શ્રી હઠીસંઘ રાયચંદની સહીથી શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને અમેરિકામાં ચિકાગો મુકામે એક પત્ર લખવામાં આવ્યો હતો તેમાંનો કેટલોક ભાગ અહીં રજૂ કરવામાં આવે છે—

"વીશેશ લખવાનું કે આપણા પવીત્ર શેત્રુંજા ડુંગર બાબત પાલીતાણા ઠાકોર સાથે હાલ ઘણી મુદતથી કેવી તકરાર ચાલે છે તે તમારી માહીતીમાં જ છે. એટલે એ વીશે વધારે વીવેચન કરવાની જરૂર નથી. એ ઠાકોરને પૈસાનું જોર અને તે કારણથી આડકતરી રીતે સરકાર દરબારના જોઈતા આશ્રયને લીધે તેઉ તરફથી દીવશે દીવશે અનેક તરેહની અડચણો અને હરકતો વધતી જાય છે. આ બાબતમાં તમામ શાવક કોમ તરફથી અતીશય કકળાટ થવાથી અમારી તરફથી એક અંગ્રેજી અરજી તા. ૧૬મી જુલાઈ ૧૮૯૭ ની અને એક તા. ૩૦ મી અગસ્ટ ૧૮૯૭ ની એવી બે અરજીઓ જેની છાપેલી પ્રતો આ સાથે મોકલી છે, તે સરકારમાં મોકલી પણ કાઠીયાવાડ પોલીટીકલ એજંટના વીરૂધ રીપોર્ટથી તે અરજીનો જવાબ આપણા વીરૂધ સરકારે મોકલ્યો. વળી સુમારે ચાળીસ હજાર શાવક લોકોની સહીઓની તે જ અરસામાં એક બીજી અરજી મોકલી અને તે અહીંનાં મે. કલેકટર સાહેબ મારફત મોકલી. પણ પોલીટીકલ ખાતાના ઉલટા વલણને લીધે તેમાં પણ એવો જ જવાપ મળ્યો. તે તમામ પણ આ સાથે મોકલ્યા છે."

"અહીંથી જે તા. ૧૬ જુલાઈ ૧૮૯૭ ના રોજ સરકારમાં અરજી કરી તે અરજીમાં શરૂ અમલથી આજ સુધીની તમામ તકરારોની હકીગત વિગત સાથે બતાવી છે. તે વાંચેથી સરવે હકીગત તમારા જાણવામાં આવશે. આ અરજમાં તમામ હકીગત છે. વળી તા. ૩૦ મી અગસ્ટ ૧૮૯૭ ની અરજીમાં પણ તમામ હકીગતની સમરી છે. તેથી બધો ખુલાસો થઈ શકશે. તો પણ તમને વધારે વીસ્તારથી માહીતી મલે એટલા સારુ શરૂથી તે આજ સુધી જે જે અરજીઓ કરવામાં આવેલી, ઠાકોર તરફથી જે જે જવાપ અપાયેલા, જે જે તજવીજ ચાલેલી, સરકારના ઠરાવ થએલા વીગરે તમામ કાગળોની છાપેલી નકલો અને જે છપાઈ નથી તેની લખેલી નકલો આ સાથેની ફેરીસ્ત[૪૦] પ્રમાણે મોકલી છે. આ બધા કાગળોથી આપ માહીત થઈ તે વીશે હવે શો ઇલાજ લેવો તેનો પુખત વીચાર કરશો. અહીના વીચાર પ્રમાણે સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડીયા તરફ અપીલ કરવી જોઈએ, પણ તે એવી ગોઠવણ અને સલાહથી કરવી કે હીન્દુસ્થાનમાં પોલીટીકલ ડીપાર્ટમેન્ટમાં જેમ કામ મારુ જાય છે તેમ ત્હાંહા બને નહીં. માટે પકી ગોઠવણ ધારીને ઇન્ડીયા ઓફીસમાં બરાબર વગ લગાડીને પછી એ અપીલ કરવામાં આવે તો આપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ ફતેહમંદ ઉતરે. વાસ્તે આ તસ્તી તમને આપવાની અહીંના આગેવાનોની મરજી થવાથી આ કાગળ લખ્યો છે.

"તમે જાણો છો કે હાલમાં ઇન્ડીયા આફીસમાં સર જે. બી. પીલ સાહેબ છે, અને તેઓ કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ હતા અને તેમના હાથે સને ૧૮૭૭ ની સાલમાં બંને પક્ષકારો વચ્ચે છેવટનો ફેંસલો થયો. તેમાં પીલ સાહેબે ન્યાયબુધીથી બંને તરફના હક જાળવીને આપણી હરકતો દૂર થવાનો ફેંસલો કર્યો. તે છેવટ સ્ટેટ સેક્રેટરી સુધી કાયમ રહો. પણ હાલના પોલીટીકલ ખાતાના અધિકારીઓ એ ફેંસલો ઉંધો વાળવા બેઠા છે. ....

"હવે જુઓ કે સરકારે પોતે સને ૧૮૭૭ માં ચોખ્ખો ઠરાવ કર્યો છે કે આપણી તકરાર પોલીટીકલ એજંટ સાંભળે. એમ છતાં હાલની જમાના રીતથી આપણને ઠાકોર પાસે દાદ મેળવવા જવા ફરમાવ્યું. ત્યારે જેના ઉપર ફરિયાદ, તે ઠાકોર આપણને કેવો ફેંસલો આપે. તે ઉપર નારાજ થઈ હવે સ્ટેટ સેક્રેટરીને અરજી કરવાની છે.

"માટે તમે તમામે હકીગતથી વાકેફ થઈ લંડન જવું. અને સર જે. બી. પીલ સાહેબને આપણા નગરશેઠ સાહેબની સલામ સાથે મળવું. અને તે બાબતમાં જે ગોઠવણ કરવાની જરૂર પડે તે કરી પીલ સાહેબને મળવું. તેમને તમામ હકીગતથી માહીત કરવા અને તેઉંની સલાહ પ્રમાણે અપીલની અરજી તઇયાર કરી તેમને બતાવી તે પછી જરૂર પડે તો અગર પ્રથમ અમારી સહી સારુ અહીં મોકલવી. એટલે એ અહીના સરકાર મારફત સ્ટેટ સેક્રેટરી તરફ મોકલાવીશું. અને આશા છે કે જ્યાંહા સુધી પીલ સાહેબ ઇન્ડીયા ઑફીસમાં છે ત્યાંહા સુધીમાં આપણું વ્યાજબી કામ સુધરશે. અને દાદ માત્ર એટલી મેળવવાની છે કે સને ૧૮૭૭ ના ઠરાવને અનુસરીને આપણી તકરારો પોલીટીકલ એજંટ સાહેબ સાંભળે અને એથી વીરુધ કરેલો મુંબઈ સરકારનો ઠરાવ રદ કરે. આ બાબતમાં આપને દાદાભાઈ નવરોજજી અગર મી. રસલ સાહેબ જેવા બાહોશ બારીસ્ટરની સલાહ લેવી ઘટે તો લેશો."

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકાના બોસ્ટન શહેરથી તા. ૨૬-૪-૧૮૯૮ના રોજ આ કાગળનો જવાબ આપ્યો હતો. એમાં કાગળની પહોંચ સ્વીકાર્યા પછી તેઓએ જણાવ્યું હતું કે,

"આપણા પવિત્ર શત્રુંજય ડુંગર સંબંધી થતી રાજા તરફની અડચણો દૂર કરવા આપ મને ફરમાવો છો અને એ કામમાં મારા ઉપર વિશ્વાસ રાખો છો તેને માટે હું આપનો ઉપકાર માનું છું. દરેક શ્રાવક ભાઈની ફરજ છે કે તેણે આ કામમાં તન મન ધન અર્પણ કરવું જોઈએ. ધનની બાબતમાં હું શક્તિમાન નથી તો પણ તન-મન અર્પણ કરવા ખુશી છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આપે મોકલેલા કાગળીયાઓ તથા અરજી વાંચી તમામ હકીકતોથી હું માહીત થયેા છું. એ સરવે હકીકત પહેલેથી મારી માહીતીમાં છે. પરંતુ હાલની નવી અરજીઓની ઈબારત તથા સરકારના ઠરાવથી માહીત થવાની જરૂર હતી તે માહીતગારી આપના મોકલેલા ઓચરિયાથી મળી છે. આપના વિચારને હું મળતેા આવું છું કે સ્ટેટ સેક્રેટરીને અરજી કરવી. અને એ શિવાય બીજો કશેા ઉપાય નથી. પરંતુ આપ કહેા છેા તેમ સ્ટેટ સેક્રેટરીની હાકિસમાં, મુંબઈ સરકારની મારફત, આપણું કામ માર્યું જાય તેા પછી દાદ મેળવવાની કોઈ પણ જગાએ આશા રહે નહીં. માટે બની શકે તેટલી તજવીજ કરી મજબુતાઈ મેળવી સ્ટેટ સેક્રેટરીને અપીલ કરવી જોઈએ. આ કામમાં મારાથી બની શકે તેટલેા પ્રયાસ લેવા હું ખુશી છું. એટલું જ નહીં પરંતુ આપ મને તે કામ સોંપેા છેા તેથી મને આપ મેાટું માન આપેા છેા તેમ સમજું છું..... ....તા. ૭મી જૂનના રેાજ હું લંડન પહેાંચીશ.

"લંડન શહેરમાં કેટલાક ભલામણપત્રોની જરૂર પડશે. ચીકાગેા શેહેરના વડા ન્યાયાધીશના કેટલાક મિત્રેા લંડનમાં હશે એમ હું ધારું છું. આ વડા ન્યાયાધીશ મારા મિત્ર છે. તેમની પાસેથી ભલામણપત્રેા મેળવવા મારે ખાસ ચીકાગેા જવું પડશે. ....શેઠ દાદાભાઈ નવરેાજજી લંડનમાં હશે, તેમને પણ મળીશ. હું તેમને સારી રીતે ઓળખું છું. વળી આજરેાજ મેં મુંબઈ શેઠ વીરચંદ દીપચંદ ઉપર પત્ર લખ્યેા છે. તેમાં તેમના તરફથી તથા તેમની હાકીસવાળા શેઠ દીનશા એદલજી વાછા (જેઓ દાદાભાઈના પરમ મિત્ર છે) તેમના તરફથી દાદાભાઈ ઉપર ભલામણપત્ર મેળવી મારા ઉપર લંડન મેાકલવા લખ્યું છે. હાલમાં મુંબઈમાં ચાલતી મરકીને લીધે વીરચંદ શાહ મુંબઈથી અમદાવાદ આવ્યા હેાય તેા આપ તેમને એ પત્રેા મને મારા લંડનના સરનામેથી મેાકલવા વિનતી કરશેા. તથા એક પત્ર શેઠજી મયાભાઈ તરફથી પીલ સાહેબ ઉપર લખી મેાકલશેા....

"મે. પીલ સાહેબને મળી બનતેા પ્રયાસ કરીશ. તેમજ લેાર્ડ રે સાહેબ મારફત જેટલું બનશે તેટલું કરીશ. એ બધા પ્રયાસ કર્યા પછી અપીલ કરવાની જરૂર પડશે તેા તેને માટે જે જરૂર માલુમ પડશે તે ગેાઠવણ કરવા સંબંધી આપના ઉપર લખીશ.

"વિલાયતમાં હું અમલદારેા વગેરેને મળીશ તે 'Special commissioner of the Jain community of India' એ હોદ્દાથી મળીશ. માટે એ પ્રમાણે વર્તવાનું મારું પગલું આપ મંજુર કરશેા."

આ પત્રમાં જણાવ્યા મુજબ શ્રી વીરચંદભાઈ ગાંધી તા. ૭ મી જૂનના રેાજ નહીં, પણ તા. ૯ મી જૂનના રેાજ લંડન પહેાંચ્યા હતા. આ પછી તેમણે લંડનમાં કેટલીક પ્રાથમિક કામગીરી બજાવી હતી, તેમજ મિ. હેાપ, સર મંચેરશા ભાવનગરી, શ્રી રમેશચંદ્ર દત્ત, ઓનરેબલ રેાજર્સ, શ્રી દાદાભાઈ નવરેાજજી તથા બીજા કેટલાક ગૃહસ્થેાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુલાકાત લઈને પેઢીના કેસ બાબતની ચર્ચા કરી હતી, એમ એમના પેઢી ઉપરના તા. ૨૩-૬-૧૮૯૮ ના પત્ર ઉપરથી જાણવા મળે છે.

આ પછી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સૂચના મુજબ રૂબરૂ વાત કરવા તેઓ હિન્દુસ્તાન આવ્યા હતા અને તા. ૧૨ મી ઓગસ્ટ ૧૮૯૮ ના રોજ અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા-વિચારણા તથા હવે પછી લંડનમાં કરવાના કામની રૂપરેખા નક્કી કર્યા પછી તેઓ ફરી પાછા લંડન ગયા હતા. લંડન પહોંચીને તા. ૧૮-૧૧-૧૮૯૮ ના રોજ એમણે પેઢી ઉપર લખેલ પત્રમાં જણાવ્યું હતું કે,

"વિશેષ, આજરોજ ટપાલમાં રજીસ્ટર કરીને અપીલનો મુસદ્દો શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈ ઉપર મોકલ્યો છે તે પ્રતિનિધિ સાહેબોને વંચાવશો. એ મુસદ્દાની એક નકલ મેં અહીં રાખી છે. અને તે બીજા કેટલાક ગૃહસ્થોને બતાવવાની છે, માટે મારો બીજો પત્ર આવે ત્યાં સુધી છપાવશો નહીં."

આ લખાણ ઉપરથી એટલું નક્કી થાય છે કે, સરકાર તરફથી જૈન સંઘને જે અન્યાય થયો હતો તેની સામે છેક લંડનની સરકારને, એટલે કે પ્રીવી કાઉન્સીલને, અપીલ કરવા માટે સેક્રેટરી ઓફ સ્ટેટને અપીલ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પછી લંડનથી તા. ૧૭-૩-૧૮૯૯ ના રોજ શ્રી વીરચંદભાઈ ગાંધીએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર જે પત્ર લખ્યો હતો તેમાં તેમણે જણાવ્યું હતું કે,

"વિશેષ આપે મોકલેલી અપીલની નકલો પત્ર સાથે પહોંચી છે. એ બાબત અહીં જે જે તજવીજ કરવાની જરૂર જણાશે તે કરવામાં આવશે. તે સંબંધી કશી ચિંતા કરશો નહીં."

આ ઉપરથી એમ જાણી શકાય છે કે, તા. ૧૮-૧૧-૧૮૯૮ ના રોજ શ્રી વીરચંદભાઈ ગાંધીએ અપીલનો જે મુસદ્દો અમદાવાદ મોકલ્યો હતો તે મુસદ્દો આશરે ચારેક મહિના બાદ મંજૂર થઈ ગયો હોવો જોઈએ. અને એ મુજબ પ્રીવી કાઉન્સિલને અપીલ કરવાનું નક્કી પણ થઈ ગયું હોવું જોઈએ.

જે ફાઈલમાં શ્રી વીરચંદભાઈ ગાંધીને લંડનમાં સોંપવામાં આવેલી કામગીરી સંબંધી પત્રવ્યવહાર સચવાઈ રહ્યો છે તેમાંથી આ અપીલનું લખાણ પેઢીએ મંજૂર કરીને શ્રી વીરચંદભાઈ ગાંધી ઉપર લંડન મોકલી આપ્યા સુધીની જ માહિતી સચવાયેલી છે પણ અપીલનું મૂળ લખાણ જોવા મળતું નથી. એટલે આ અપીલ લંડનની સરકારને કરવામાં આવી હતી કે કેમ ? અને તેનું પરિણામ શું આવ્યું હતું ? તે જાણી શકાયું નથી.

આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલી વિગતો ઉપરથી એટલું તો તારવી શકાય છે કે, તે વખતે પોલિટિકલ એજન્ટ તથા મુંબઈ સરકારનાં પગલાં અંગે પેઢી શ્રી શત્રુંજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થના હકોની બાબતમાં એટલી બધી ચિંતિત થઈ હતી કે જેથી એને એની સામે લંડનમાં પોતાની ફરિયાદ નોંધાવવાની જરૂર જણાઈ હતી અને આ કામ સારી રીતે પાર પડે એ માટે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની પસંદગી કરી હતી. આ બીના પણ શ્રી શત્રુંજય તીર્થના હકોની જાળવણી માટેની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની ચિંતા અને જાગૃતિનો ખ્યાલ આપે છે.

અંગારશા પીરના સમારકામ અંગે વિવાદ :

પાલીતાણા રાજ્ય જૈન કોમને પરેશાન કરવા માટે તેમ જ શેઠ આણંદજી કલ્યાણજીને (અને એની મારફત આખી જૈન કોમને) શત્રુંજય પહાડ ઉપર મળેલ અધિકારોમાં ડખલગીરી કરવા માટે નવા નવા મુદ્દાઓ શોધતું જ રહેતું હતું. આવો જ એક મુદ્દો ગિરિરાજ ઉપરના ગઢમાં આવેલ અંગારશા પીરના નામે ઓળખાતી દરગાહના સમારકામ તેમ જ ત્યાં એક ઓકઢાળિયું (Shed) મુસ્લિમ યાત્રિકો માટે બનાવવા અંગે વિવાદ ઊભો થયો હતો.

તા. ૧૬-૩-૧૮૭૭ના મુંબઈ સરકારના નં. ૧૬૪૧ ના ઠરાવ મુજબ ગઢની અંદર આવેલ બધી જમીન, બધાં દેવસ્થાનો-ભલે પછી તે જૈન હોય કે અજૈન હોય - તેના ઉપર જૈન કોમની જ માલિકી હતી અને એની સાચવણીની તેમ જ એનું સમારકામ વગેરે કરાવવાની જવાબદારી અને સત્તા જૈન કોમની જ હતી અને આ ઠરાવને લંડનના સેક્રેટરી ઓફ સ્ટેટ્સે પણ બહાલી આપી હતી. એટલે અંગારશા પીરની દરગાહની સાચવણી માટે જે કંઈ કરવાની જરૂર ઊભી થાય તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જ કરવાનું હતું એ નિર્વિવાદ હતું.

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના એકિટંગ જ્યુડિશિયલ આસિસ્ટંટ મિ. ઈ. ટી. કેન્ડીએ શત્રુંજય પહાડ ઉપરની જૈન કોમની માલિકી સામે પાલીતાણા રાજ્યે જે રજૂઆત કરી હતી એની વિગતવાર તપાસ કરીને તા. ૨૮-૧૨-૧૮૭૫ના રોજ પોતાનો જે અહેવાલ રજૂ કર્યો હતો તેમાં એમણે આ દરગાહ અંગે લખ્યું હતું કે, "આ દરગાહનું મૂળ ગમે તે હોય, પણ એ એકલા જૈનોના પૂરેપૂરા કબજામાં છે એમ જણાય છે અને પહાડ ઉપરનું એનું અસ્તિત્વ કોઈ પણ રીતે જૈનોના હિતને અસર કરતું નથી."[૪૧]

આમ છતાં પાલીતાણા રાજ્યની ચઢવણીથી, એટલે કે આડકતરી દરમિયાનગીરીથી, સને ૧૯૦૩ના માર્ચ માસમાં જમાદાર મોહમ્મદ તથા મુસલમાનોની જમાતે પાલીતાણા દરબાર પાસે આ દરગાહનું સમારકામ કરવાની તથા એ સ્થાને મુસલમાન જત્રાળુઓ માટે એક ઓકઢાળિયું બાંધવાની મંજૂરી માગી. મુસલમાન જમાતની આ માગણી પાલીતાણા રાજ્યે મંજૂર રાખી. એટલે આ કામ માટે ઈંટ-ચૂના જેવી કેટલીક સામગ્રી ગિરિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ ઉપર મુસલમાન જમાત તરફથી પહોંચતી પણ કરવામાં આવી. અને કેટલુંક કામ પણ શરૂ કરવામાં આવ્યું. આ બાબતને ગિરિરાજ ઉપર ગઢની અંદરના ભાગમાં જૈન સંઘને જે સંપૂર્ણ અબાધિત અધિકાર મળ્યો હતો તેમાં રાજ્ય તરફથી કાયદા વિરુદ્ધ અને બિનજરૂરી દખલરૂપ માનીને એનો સામનો કરવો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માટે જરૂરી હતો.

આ બાબતમાં પેઢી તરફથી સૌથી પહેલાં જે કાયદેસરની અરજી પાલીતાણાના ઠાકોર સર માનસિંહજીને મોકલવામાં આવી તે પેઢીની વતી એના સોલિસીટર, મુંબઈના મેસર્સ એડગેલો ગુલાબચંદ એન્ડ વાડિયા (Edgelow Gulabchand and Wadia)ની સહીથી તા. ૧૫-૪-૧૯૦૩ના રોજ મોકલવામાં આવી હતી. એ અરજીમાં જણાવ્યા મુજબ પાલીતાણાના દરબારશ્રીના અંગત ચાકર મહોમ્મદ જમાદાર નામના મુસલમાન ભાઈએ તા. ૬-૪-૧૯૦૩ના રોજ અંગારશા પીરની દરગાહના સમારકામ તથા ત્યાં કરવા ધારેલ એકઢાળિયા (shed) ના બાંધકામ માટેની સામગ્રી ગઢમાં મોકલી હતી અને બાંધકામ શરૂ કરી શકાય એવી બધી તૈયારી કરી રાખી હતી. તા. ૧૬-૩-૧૮૭૭ના મુંબઈ સરકારના નં. ૧૬૪૧ના ઠરાવ મુજબ ગઢની અંદરની તમામ જમીન તથા એમાં આવેલ જૈન તથા અજૈન દેવસ્થાનોની માલિકી જૈનોની જ હતી અને એમાં અંગારશા પીરની દરગાહનો સમાવેશ થતો હતો. એટલે ત્યાં સમારકામ કે નવું બાંધકામ મહમ્મદ જમાદાર કે બીજા કોઈ તરફથી કરવામાં આવે તે જૈન સંઘના અબાધિત અધિકાર ઉપર તરાપ મારવા જેવું હતું. એટલા માટે આ અરજી દ્વારા દરબારશ્રીને વિનંતી કરવામાં આવી હતી કે આ કામ તરત અટકાવી દેવામાં આવે.

આ અરજી મળ્યા પછી પાલીતાણા રાજ્યે, એમાં માગણી કરવામાં આવ્યા મુજબ, અંગારશા પીરની દરગાહમાં થતું સમારકામ અને બાંધકામ અટકાવી દેવાનું વાજબી અને કાયદેસરનું પગલું ભરવાને બદલે પાલીતાણા રાજ્યના ન્યાયાધીશ તરફથી તા. ૨૨-૪-૧૯૦૩ના રોજ બ્રાહ્મણ નાનજીના નામે એક હુકમ બજાવવામાં આવ્યો કે અંગારશા પીરનો કબજો લાંબા વખતથી મુસલમાન જમાતનો છે અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે એની દેખરેખ તથા એનું સમારકામ પણ એ જ સંભાળે છે. એ રીતે મુસલમાન જમાતે એના સમારકામ માટે કેટલાક કારીગરો રોકીને એ કામ શરૂ કરાવ્યું હતું. તે દરમિયાન તા. ૨૧-૪-૧૯૦૩ના રોજ તમે તથા તમારી સાથેના કારખાનાના (શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના) ત્રીસ કે ચાળીસ માણસોએ ચૂનો વગેરે ફગાવી દીધું અને જે બાંધકામ થયું હતું તેને તોડી પાડ્યું હતું. તેથી સુલેહનો ભંગ થવાની શક્યતા ઊભી થઈ છે. એટલા માટે તમારા દરેક પાસેથી એક વર્ષની મુદત માટે શાંતિ જાળવવા માટે એકસો રૂપિયાના જામીન અને લેખિત નિવેદન કેમ ન લેવાં તેનું કારણ દર્શાવવા માટે તા. ૨૫-૪-૧૯૦૩ના રોજ ૧૧ વાગતાં કોર્ટમાં હાજર થવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલીતાણાના ન્યાયાધીશે પોતાના આ હુકમમાં અંગારશા પીર ઉપર મુસલમાન જમાતનો માલિકી હક્ક હોવાની જે વાત કરી હતી તે સાવ નિરાધાર, કલ્પિત અને જૈન સંઘના કાયદેસરના હક્કની અવગણના કરે તેવી હતી એ અંગે વિશેષ કહેવાની એટલા માટે જરૂર નથી કે સને ૧૮૭૭ ના મુંબઈ સરકારના નં. ૧૬૪૧ ના ઠરાવમાં એ વાત બહુ સ્પષ્ટ રીતે કરવામાં આવી હતી.

આ પછી તા. ૨૯-૪-૧૯૦૩ના રોજ મુસ્લિમ જમાત તરફથી પાલીતાણાના દરબારશ્રી સમક્ષ એક અરજી કરીને આ દરગાહ અને એની આસપાસની જમીન ઉપર મુસલમાન જમાતની એટલે કે પંચની માલિકી હોવાનું જણાવીને તા. ૨૧-૪-૧૯૦૩ના રોજ પેઢીના ત્રીસથી ચાળીસ માણસોએ તથા મુનિમે ચૂનો, રેતી વગેરે બાંધકામનો માલસામાન ફેંકી દીધો તેમજ બાંધકામ તોડી પાડ્યું તે માટે પેઢીના મુનિમ દુલભજી સામે, આ અરજીમાં જે દસ નામ રજૂ કરવામાં આવ્યાં છે તેમજ, સુલેહનો ભંગ કરવામાં જે જે માણસો સામેલ હતાં તેમની સામે સુલેહનો ભંગ કરવા માટેનાં પગલાં ભરવાની અને દરેક પાસેથી જમીન લેવાની માગણી કરવામાં આવી હતી. આ અરજીમાં એક વાત એવી પણ નોંધવામાં આવી હતી કે એ જગ્યામાં અમારા તરફથી કાયમને માટે એક માણસ રાખવામાં આવે છે.

મુસ્લિમ જમાત તરફથી આ જગ્યાની માલિકીનો હક્ક પોતાનો હોવાથી તથા ત્યાં કાયમને માટે પોતાનો એક માણસ રાખવાની જે વાત કહેવામાં આવી હતી તે પણ કેવળ હડહડતું જૂઠાણું તથા ઉપજાવી કાઢેલી જ હતી તે મુંબઈ સરકારના સને ૧૮૭૭ના ઠરાવ નં. ૧૬૪૧ મુજબ સ્પષ્ટ જ હતું.

પાલીતાણા રાજ્ય વતી એના એકિંટગ દીવાન શ્રી દોલતરામ મોતીરામની સહીથી તા. ૩૦-૪-૧૯૦૩ના રોજ એક હુકમ જારી કરવામાં આવ્યો હતો. આ હુકમ તા. ૧૫-૪-૧૯૦૩ ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વતી મુંબઈના સોલિસિટર મેસર્સ એડ્‌ગેલો ગુલાબચંદ એન્ડ વાડિયાએ પાલીતાણાના ઠાકોરશ્રીને જે અરજી કરી હતી તેના જવાબરૂપે આપવામાં આવ્યો હતો. આ હુકમમાં મુખ્યત્વે બે બાબતનો નિર્દેશ કરવામાં આવ્યો હતો : (૧) અરજદાર પોતાના વાંધાના સમર્થનમાં મુંબઈ સરકારના (નં. ૧૬૪૧ ના) ઠરાવ ઉપર મદાર રાખે છે. આ ઠરાવ ચાલુ કેસ ઉપર કેટલી અસર કરે છે અને એનું સાચું ક્ષેત્ર કેટલું છે તે નક્કી કરવા માટે બંને પક્ષકારોની રીતસર સુનાવણી થાય એ જરૂરી છે. એટલા માટે તા. ૧૫-૫-૧૯૦૩ ની તારીખ રાખવામાં આવે છે. એ વખતે બંને પક્ષકારોએ હજૂર કોર્ટમાં હાજર રહેવું. (૨) બંને પક્ષકારોને સાંભળ્યા પછી હુકમ ન આપવામાં આવે ત્યાં સુધી મુસ્લિમ કોમને સૂચવવામાં આવે છે કે એણે અંગારશા પીર ઉપરનું કામ બંધ રાખવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આદેશ શ્રાવકોના પક્ષે એટલા પ્રમાણમાં લાભકારક જરૂર હતો કે અંગારશા પીરની દરગાહની જગ્યા ઉપરનું બાંધકામ બીજો હુકમ ન થાય ત્યાં સુધી બંધ રાખવાનો આદેશ મુસ્લિમ જમાતને આપવામાં આવ્યો હતો. પણ એમાં સને ૧૮૭૭ ના નં. ૧૬૪૧ના ઠરાવ અંગે રાજ્યે જે વલણ અપનાવ્યું હતું તેની સામે શ્રાવક કોમના હક્કની પૂરેપૂરી સાચવણી થાય એ માટે પૂરતો પ્રયત્ન કર્યો વગર ચાલે એમ ન હતું.

દીવાનશ્રીના આ હુકમમાં જણાવ્યા મુજબ મુસલમાન જમાત અને પેઢીના પ્રતિનિધિઓએ તા. ૧૫-૫-૧૯૦૩ના રોજ હજૂર કોર્ટમાં હાજર થવાનું હતું. પણ તે વખતે પેઢીના મુનિમ તરફથી એવી રજૂઆત કરવામાં આવી કે અત્યારે હું મારી દીકરીનાં લગ્નના કામમાં રોકાયેલો છું, એટલે હાલ તરત આ કામ મુલતવી રાખવામાં આવે અને એ રીતે એ વખતે એ કામ મુલતવી રહ્યું હતું. પણ પછી તો આ કામ માટે હજૂર કોર્ટમાં હાજર થવાને બદલે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સહીથી ઝાલાવાડના પોલિટિકલ એજન્ટ લેફ્ટે. કર્નલ જે. એસ. આશ્બી (J. S. Ashby)ને તા. ૧૪-૬-૧૯૦૩ના રોજ અરજી કરવામાં આવી અને એમાં પાલીતાણાના ઠાકોર સાહેબ મુંબઈ સરકારના સને ૧૮૭૭ના નં. ૧૬૪૧ના ઠરાવને માન્ય રાખે અને પેઢીના નોકરો ઉપર જે ફોજદારી દાવો દાખલ કરવામાં આવ્યો છે તે પાછો ખેંચી લે એ પ્રમાણે દરબારને આદેશ આપવાની માગણી કરવામાં આવી હતી.

પેઢી તરફથી ઉપર પ્રમાણે જે અરજી લેફ્ટે. કર્નલ આશ્બીને કરવામાં આવી હતી તેના ઉપર તેમણે તા. ૧૭-૬-૧૯૦૩ના રોજ જે શેરો કર્યો હતો તેમાં ત્રણ મુદ્દા આ પ્રમાણે જણાવવામાં આવ્યા હતા; (૧) મિ. કેન્ડીના અહેવાલમાં જણાવ્યા મુજબ અંગારશા પીર ઉપર જૈન કોમની માલિકી અને એમનો જ કબજો છે. (૨) એટલા માટે બીજી જે કોમ અથવા વ્યક્તિ એના ઉપર પોતાનો કબજો હોવાનું કહેતી હોય એણે કાયદાની કોર્ટમાં પોતાનો હક સાબિત કરી બતાવવો જોઈએ. (૩) આમ હોવાથી એ જગ્યા ઉપર અધિકાર જમાવવાનો જે કંઈ પ્રયત્ન થાય તેનો સામનો કરવાનો અધિકાર જૈન કોમનો છે. અને એટલા માટે એમના માણસો ઉપર સુલેહનો ભંગ કરવા માટેનો જે કેસ કરવામાં આવ્યો છે તે કાયદાની વિરુદ્ધ છે. આ બાબતમાં દરબારશ્રીને જે કંઈ જવાબ આપવો હોય તે, હું ઘણું કરીને સોમવારના રોજ પાલીતાણાની મુલાકાત લેવાનો છું તે વખતે, જો શકય હોય તો તેઓ રજૂ કરી મને આભારી કરે.

પેઢી તરફથી તા. ૧૪-૬-૧૯૦૩ના રોજ કરવામાં આવેલ અરજી ઉપર મિ. આશ્બીએ ઉપર મુજબ જે શેરો કર્યો હતો તે એકંદર શ્રાવક કોમના અધિકારની રક્ષા કરે એવો અને એને સંતોષ આપે એવો હતો. પણ મિ. આશ્બીના આ નિર્ણયને પાલીતાણા રાજ્યે માન્ય ન રાખ્યો અને મિ. આશ્બીની આ રજૂઆત તથા પેઢીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંગણી સામે તા. ૨૧-૧૨-૧૯૦૩ ના રોજ એક લાંબો જવાબ મિ. અશ્લીના સ્થાને અલાવાડ પ્રાંતના પોલિટીકલ એજન્ટ તરીકે નિમાયેલા મિ. મેરવેધર (Mr. H. D. Mereweather) ને પાલીતાણા રાજ્યના મુખ્ય કારભારી શ્રી દોલતરામ મોતીરામની સહીથી મોકલી આપ્યો. (અહીં એ જાણવું રસપ્રદ થશે કે આ જવાબનો મુસદ્દા તે તે વખતના જાણીતા રાષ્ટ્રીય નેતા અને બેરિસ્ટર સર ફિરોજશાહ એમ. મહેતાએ ઘડ્યો હતો.) આ જવાબ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને બતાવવાનો આદેશ મિ. મેરવેધરે તા. ૧૯-૪-૧૯૦૪ ના રોજ કર્યો હતો અને એમાં એનો જવાબ આપવા પેઢીને સૂચવ્યું હતું.

પેઢીએ તા. ૧૨-૭-૧૯૦૪ ના રોજ પાલીતાણા રાજ્યની આ અરજીનો ખૂબ લંબાણથી જવાબ આપીને અંગારશા પીરના સ્થાન ઉપર જૈન કોમના માલિકી હકનો પૂરેપૂરો બચાવ કર્યો હતો.

પાલીતાણા રાજ્ય તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરવામાં આવેલ અરજીઓનો નિકાલ કરતાં અલાવાડ પ્રાંતના પોલિટીકલ એજન્ટ કેપ્ટન ડબલ્યુ. બીલે (W. Beale) તા. ૯-૧૧-૧૯૦૪ ના રોજ પોતાનો ફેંસલો આપ્યો હતો. આ ફેંસલામાં દરબારશ્રી તરફથી, પેઢી તરફથી તથા મુસલમાન જમાત તરફથી કરવામાં આવેલી રજૂઆત ઉપર વિચાર કરીને એમણે જણાવ્યું કે ગઢની અંદર પાલીતાણાના દરબારશ્રીનો કોઈ પણ જાતનો અધિકાર નથી એ નક્કી કરવા માટે પહેલાં પાલીતાણાની કોર્ટમાં શ્રાવક કોમે દાવો કરવો જોઈએ અને એ દાવાના ફેંસલાથી જો શ્રાવક કોમને અસંતોષ હોય તો પછી તેઓ એજન્સી સમક્ષ રજૂઆત કરી શકે.

આ ઓર્ડરમાં જણાવ્યા મુજબ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આ બાબત ન્યાય માગવા માટે સૌથી પહેલાં પાલીતાણા રાજ્યની કોર્ટમાં દાવો કરવાનો રહેતો હતો. પણ આ પ્રકરણમાં ભલે દેખીતી રીતે એક બાજુ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને બીજી બાજુ મુસલમાન જમાત વાદી તથા પ્રતિવાદી તરીકે રજૂ થતાં હતાં, પણ મુસલમાન જમાતે ગિરિરાજના ઇતિહાસમાં સૌથી પહેલી વાર કહી શકાય એ રીતે અંગારશા પીરની દરગાહની જમીનમાં સમારકામ અને બાંધકામ કરાવવાનું નક્કી કરીને તે માટે પાલીતાણા રાજ્ય પાસેથી પરવાનગી પણ મેળવી હતી. એટલે ખરી રીતે, મુસલમાન જમાતનું આ પગલું પાલીતાણા રાજ્યની આડકતરી પ્રેરણા કે ચઢવણીથી જ લેવામાં આવ્યું હતું. એટલે જેમાં રાજ્ય પોતે જ ભલે આડકતરી રીતે પણ, હિત ધરાવતું હોય અથવા સંડોવાયેલું હોય એ બનાવ અંગે પાલીતાણા રાજ્યની કોર્ટમાં દાવો કરવાથી ન્યાય મળવાની સંભાવના હતી જ નહીં. એટલે પેઢીએ મિ. બિલના આદેશ મુજબ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલીતાણા રાજ્યની કોર્ટમાં દાવો કરીને દાદ માંગવાને બદલે એજન્ટ ટુ ધી ગવર્નર કર્નલ ડબલ્યુ. પી. કેનેડીને જ રાજકોટ મુકામે અપીલ કરવાનો નિર્ણય કરીને તા. ૨૮-૧-૧૯૦૫ના રોજ એક સવિસ્તર અરજી મોકલી હતી.

આ અરજીમાં અંગારશા પીરની જગ્યા શત્રુંજયના ગઢની અંદર હોવાથી એની પૂરેપૂરી માલિકી તેમ જ એની સાચવણી તેમજ એનું સમારકામ કરવાની સત્તા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની જ હોવાનું વિગતવાર જણાવવામાં આવ્યું હતું. (સાથે સાથે તળેટીથી શરૂ કરીને તે ગિરિરાજના પ્રવેશદ્વાર સુધીના રસ્તાને જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ત્યારે તેનું સમારકામ કરવાની સત્તા પણ પેઢીની જ હોવાનું જણાવ્યું હતું.) આ રીતે પોતાનો કેસ રજૂ કર્યા બાદ પેઢી તરફથી ત્રણ માંગણીઓ રજૂ કરવામાં આવી હતી : (૧) પાલીતાણાના ઠાકોરશ્રીએ મુસલમાન જમાતને શત્રુંજય ઉપર ગઢની અંદર સમારકામ તથા બાંધકામ કરવાની જે રજા આપી હતી તે તા. ૧૬-૩-૧૮૭૭ના મુંબઈ સરકારના નં. ૧૬૪૧ના ઠરાવની કલમનો ભંગ કરે છે અને તેથી તે ગેરકાયદે અને અમલ ન કરી શકાય તેવી છે એમ જાહેર કરવું. (૨) ઠાકોર સાહેબે (મુસલમાન જમાતને અંગારશા પીરમાં સમારકામ અને બાંધકામ અંગે) જે મંજૂરી આપી છે તે રદ કરવા સૂચવવું. (૩) પાલીતાણાના ન્યાયાધીશે તા. ૨૨-૪-૧૯૦૩ના રોજ જે આદેશ આપ્યો છે તે તથા એના અનુસંધાનમાં જે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તે રદ કરવી.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી મિ. કેનેડીને કરવામાં આવેલી આ અરજીનો નિકાલ કરવાનું કામ ગોહિલવાડના પોલિટીકલ એજન્ટે તા. બીજી અને ત્રીજી સપ્ટે. ૧૯૦૬ના પત્રથી એજન્ટ ટુ ધી ગવર્નર મિ. સી. એચ. હીલને સોંપ્યું હતું. એટલે આ અરજીનો ફેંસલો તા. ૭-૭-૧૯૦૮ના રોજ એજન્ટ ટુ ધી ગવર્નર મિ. સી. એચ. હીલે આપ્યો હતો અને એમાં અંગારશા પીરના તથા રસ્તાના સમારકામ અંગે જે કંઈ વિવાદ ઊભો થયો છે એ માટે પેઢીએ પાલીતાણાની કાયદેસરની કોર્ટમાં પોતાનો હક્ક સાબિત કરવા હજી કંઈ પ્રયત્ન કર્યો નથી અને ત્યાં જે કંઈ પ્રયત્નો થઈ શકે તે કરવામાં ન આવે ત્યાં સુધી એજન્સી આ બાબતમાં કોઈ પણ જાતની દરમિયાનગીરી નહીં કરે, કારણ કે, રાજ્યને આવી બાબતની કાયદેસરની તપાસ કરવાનો પૂરેપૂરો અધિકાર છે એમ જણાવ્યું હતું.

આ ફેંસલાનો અર્થ મિ. બિલે આપેલા ફેંસલાનું જ પુનરાવર્તન કરવા જેવો થતો હતો. એટલે જો આ ફેંસલાનો અમલ કરવો હોય તો પેઢીએ આ પ્રકરણમાં પાલીતાણાની કોર્ટનો આશ્રય લેવો અનિવાર્ય હતો. વળી આ ફેંસલો મિ. કેનેડીને પેઢી તરફથી તા. ૨૮-૧-૧૯૦૫ના રોજ કરવામાં આવી હતી તે પછી આશરે સાડા ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષે તા. ૭-૭-૧૯૦૮ ના રોજ આપવામાં આવ્યો હતો. આ ફેંસલો આપ્યો તે જ તારીખે મિ. હીલે એ ફેંસલાની નકલ ગોહિલવાડના પોલિટીકલ એજન્ટને મોકલવાની સાથે સાથે એક પત્ર લખ્યો હતો તેમાં એમણે અરજદારોને (એટલે પેઢીને) એમ સૂચવવાનું જણાવ્યું હતું કે જો તેઓ આટલા લાંબા વખતથી ચાલતા વિવાદનો અંત લાવવા માગતા હોય અને જો પાલીતાણા દરબાર આ વાતને માન્ય રાખવા તૈયાર હોય તો સરકારને આ બધી બાબતોનો નિકાલ કરવા માટે એક અધિકૃત કમિશન નીમવાનું સૂચન કરવાની મારી તૈયારી છે. અને આ કમિશન છેવટનો જે નિર્ણય કરે અને જેને સરકાર માન્ય રાખે તે બંને પક્ષકારોને બંધનકારક રહે.

મિ. હીલે આવો ફેંસલો આપ્યા પછી તથા ગોહિલવાડના પોલિટીકલ એજંટને લખેલ પત્રમાં એમણે પાલીતાણા સંઘ અને શ્રાવક કોમ વચ્ચે પ્રવર્તતા વિવાદનો અંત લાવવા માટે સરકારને એક અધિકૃત કમિશન નીમવાની સલાહ આપવા કરવાની જે વાત લખેલી તે ઉપર આપેલ લખાણ ઉપરથી જાણી શકાય છે. આ પછી કેટલાક સમય બાદ મિ. હીલે તા. ૩ ઓગસ્ટ અથવા તો તા. ૩ સપ્ટેંબર ૧૯૦૮ ના રોજ શેઠ શ્રી મનસુખભાઈ ઉપર એક પત્ર લખ્યો હતો. જેમાં એમણે સૂચવ્યું હતું કે તમે ચાલુ માસની ૨૯ મી તારીખે (બરી રીતે આ ૨૯ મી જુલાઈ અથવા ઓગસ્ટ હોવી જોઈએ) શ્રાવકોના બીજા પ્રતિનિધિઓ સહિત મારી સાથે ફરીથી મુલાકાત કરી હતી તે બાબતમાં જણાવવાનું કે, મેં આપેલ ફેંસલો જો વિવાદનો અંત લાવવામાં નિષ્ફળ જાય અને એ ફેંસલામાં જણાવ્યા મુજબ શ્રાવકો પાલીતાણા રાજ્યની કોર્ટમાં જવાને બદલે સરકારમાં અપીલ કરવાનો વિચાર કરે તો આવી અપીલ કરવા માટે કોઈ સમયમર્યાદા લાગુ પડવી ન જોઈએ. અને એ રીતે મારી વિનંતી તથા સલાહને માન્ય રાખીને અપીલ કરવાનું મોકુફ રાખવામાં શ્રાવકો મારી સાથે સંમત થયા છે.

પાલીતાણા રાજ્ય અને પેઢી વચ્ચે આ વિવાદ ચાલુ જ હતો અને એના નિકાલ માટે યોગ્ય સ્થળોએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી રજૂઆત થતી જ રહેતી હતી છતાં, એનું સમાધાનકારક કે સંતોષકારક પરિણામ આવતું ન હતું. તે દરમ્યાનમાં તા. ૨૮-૮-૧૯૦૫ ના રોજ પાલીતાણાના દરબાર સર માનસિંહજીનું અવસાન થયું અને એમના પાટવીકુંવર શ્રી બહાદુરસિંહજી સગીર વયના હતા એટલે પાલીતાણા રાજ્યનો વહીવટ કરવા માટે મિ. ટચૂડર ઓવન એડમિનિસ્ટ્રેટર નિમાયા હતા અને આ વ્યવસ્થા છેક સને ૧૯૨૦ સુધી ચાલુ રહી હતી કે જ્યારે બહાદુરસિંહને ગાદીનશિન કરવામાં આવ્યા હતા. એટલે તા. ૨૮-૮-૧૯૦૫ પછી આ પ્રકરણમાં જે કંઈ કાર્યવાહી પાલીતાણા રાજ્ય તરફથી હાથ ધરવામાં આવી હતી તે ટચૂડર ઓવનના રાજ્ય સંચાલનમાં કરવામાં આવી હતી એ દેખીતું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી બાજુ કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર મિ. સી. એચ. એ. હીલે સને ૧૯૦૮ ની તા. ત્રીજી ઓગસ્ટ કે સપ્ટેંબરના રોજ શેઠ શ્રી મનસુખભાઈ ઉપર જે પત્ર લખ્યો હતો તેમાં પોતાના હુકમ સામે જો જૈન કોમ સરકારને અપીલ કરવા માંગતી હોય તો એમાં કોઈ સમયમર્યાદા બાધારૂપ ન થવી જોઈએ એમ સ્પષ્ટ જણાવ્યું હતું. આ પછી આ પ્રકરણમાં શ્રાવક કોમ તરફથી છેક સને ૧૯૨૧-૨૨ સુધીના ચૌદેક વર્ષ જેટલા લાંબા સમય દરમ્યાન કેવાં પગલાં ભરવામાં આવ્યાં હતાં અને પાલીતાણા રાજ્યે પણ કેવું વલણ અપનાવ્યું હતું તેની માહિતી આપે એવી સામગ્રી પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી.

પેઢીના દફ્તરમાં આ અંગારશા પીરના પ્રકરણ અંગે કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નરના પર્સનલ આસીસ્ટંટ એ. ડબલ્યુ. ટી. વેબનો એક છપાયેલો પત્ર સચવાઈ રહ્યો છે. આ પત્ર દ્વારા એમણે મુંબઈ સરકારે આ પ્રકરણ બાબતમાં તા. ૫-૭-૧૯૨૨ના રોજ કરેલ નં. ૧૮૩-Iના ઠરાવમાં દર્શાવવામાં આવેલ ફેંસલાનો સાર રજૂ કર્યો છે. મુંબઈ સરકારે આપેલો આ ફેંસલો તા. ૭-૭-૧૯૦૮ના રોજ મિ. હીલે આપેલ ચુકાદાની સામે કરવામાં આવેલ અપીલોને અનુલક્ષીને આપવામાં આવ્યો હતો. અહીં શરૂઆતમાં જ 'આ અપીલો' (these apeals) એવો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તે ઉપરથી એમ લાગે છે કે મિ. હીલના ફેંસલા સામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તથા પાલીતાણા રાજ્ય તરફથી મુંબઈ સરકારને અપીલો કરવામાં આવી હોવી જોઈએ, જેની નકલો ઉપલબ્ધ થઈ શકી નથી.

મુંબઈ સરકારે પોતાના આ ફેંસલામાં અંગારશા પીરના બાંધકામ તથા સમારકામ તથા તલાટીથી ગઢના પ્રવેશદ્વાર સુધીના માર્ગના સમારકામ-એ બંને મુદ્દાઓની જુદી જુદી છણાવટ કરીને છેવટે એ મતલબનો ફેંસલો આપ્યો હતો કે—

(૧) અંગારશા પીરની જગ્યાના સમારકામ તથા બાંધકામ અંગે જાગેલ વિવાદ એ શેઠ આણંદજી કલ્યાણજી અને મુસલમાન જમાત સાથે સંબંધ ધરાવતી બાબત છે એટલે એનો નિકાલ કરવાની સત્તા પાલીતાણા રાજ્યને હોવાથી એ માટે પાલીતાણાની કોર્ટનો આશરો લેવો જોઈએ. વસ્તુસ્થિતિ આવી હોવાથી આ અંગેની શ્રાવકોની અપીલ રદ કરવામાં આવે છે.

(૨) તળાટીથી ગઢના પ્રવેશદ્વાર સુધીના રસ્તાના સમારકામની સત્તા પણ શ્રાવક કોમ હસ્તક નથી. એ સત્તા પાલીતાણા રાજ્યને છે. આમ છતાં સરકાર જૈન કોમની સગવડ તથા એના અધિકારની રક્ષા થાય એ અંગે જે રસ ધરાવે છે તે ઉપરથી આ રસ્તાને સારી સ્થિતિમાં રાખવાનું દબાણ પાલીતાણાના દરબારશ્રી ઉપર લાવવાનાં એજન્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટુ ધી ગવર્નરનાં પગલાંનો. એના કાર્યક્ષેત્રની મર્યાદામાં સમાવેશ થાય છે એમ ગવર્નર માને છે. એટલે પોતાની આ અપીલના ૨૦ મા પેરેગ્રાફમાં શ્રાવક કોમે જે રાહતની માંગણી કરી છે તે મંજૂર રાખવા સિવાયની બાકીની અપીલ રદ કરવામાં આવે છે.

આશરે વીસ વર્ષ ચાલેલા આ વિવાદનો અંત છેવટે શેઠ આણંદજી કલ્યાણજીની માંગણીની વિરુદ્ધમાં જ આવ્યો હતો તેમ આ આખા પ્રકરણની વિગતો તપાસતાં દેખાઈ આવે છે. આમાં ફક્ત જૈન કોમની માગણીનો એટલા પૂરતો જ સ્વીકાર થયો કહેવાય કે ગિરિરાજ ઉપરના માર્ગને સરખો રાખવાનું દબાણ પાલીતાણા રાજ્ય ઉપર એજન્સી તરફથી કરવામાં આવે તે વાતને કાયદેસરની લેખવામાં આવી હતી. પણ આટલા લાંબા સમયના વિવાદને અંતે આ પ્રકારની જે ઉપલબ્ધિ થઈ તે સામાન્ય કોટિની ગણાય.

જે અરસામાં શત્રુંજયના ગઢની અંદર આવેલ અંગારશા પીરની દરગાહની જગ્યામાં સમારકામ અને બાંધકામ કરવાની મંજૂરી પાલીતાણા રાજ્યે મુસલમાન જમાતને આપી અને એના લીધે પાલીતાણા રાજ્ય અને શેઠ આણંદજી કલ્યાણજી વચ્ચે લાંબો વિવાદ શરૂ થયો, લગભગ તે જ અરસામાં, ગિરિરાજ ઉપરના વિસામા, કુંડો, દેરીઓ અને તલાટીથી ગઢના પ્રવેશદ્વાર સુધીનો માર્ગ સમો કરાવવાની જરૂરિયાત ઊભી થઈ હતી. આ કામ પેઢી તરફથી શરૂ કરવામાં આવતાં તરત જ પાલીતાણા રાજ્ય તરફથી એને રોકી દેવામાં આવ્યું અને રાજ્યની અગાઉથી મંજૂરી મેળવ્યા વગર આવું કોઈ પણ કામ શરૂ ન કરવાનું જણાવવામાં આવ્યું. આ ઉપરથી પેઢીને આ માટેની મંજૂરીની માંગણી કરતાં વિસામા, કુંડ અને દેરીઓનું સમારકામ કરવાની મંજૂરી તો પાલીતાણા રાજ્ય તરફથી આપવામાં આવી, પણ રસ્તાનું સમારકામ કરવાની મંજૂરીનો ઇન્કાર કરવામાં આવ્યો. આને લીધે અંગારશા પીરની જગ્યા અંગે ઊભા થયેલા વિવાદ જેવો જ વિવાદ ઊભો થયો અને તે પણ બે દાયકા જેટલા લાંબા સમય સુધી ચાલુ રહ્યો અને એનો છેવટે અંત આવ્યો તે ઉપર સૂચવેલ મુંબઈ સરકારના ઠરાવના સાર ઉપરથી જાણી શકાય છે. રસ્તાના સમારકામનો આ વિવાદ સીધો પાલીતાણા રાજ્ય સાથે જ ઊભો થયો હતો, પણ એની મોટા ભાગની વિગતો અંગારશા પીરના વિવાદ જેવી જ હતી એટલે એને અહીં રજૂ કરવાની જરૂર જણાતી નથી.

આ પછી આ બંને વિવાદો અંગે પેઢી તરફથી આગળ શી કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપે એવી સામગ્રી પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી.

રાજ્ય સામે એજન્સીમાં ફરિયાદ કરવાની પદ્ધતિ અંગે વિવાદ

કોઈ પણ બાબતમાં પાલીતાણા રાજ્ય સાથે વિવાદ ઊભો થાય તો એ માટે પાલીતાણા રાજ્યની કોર્ટમાંથી ફેંસલો મેળવ્યા પછી જ, જો એ ફેંસલો માન્ય ન હોય તો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એજન્સીની કોર્ટમાં અપીલ કરી શકાય કે સીધેસીધી પાલીતાણા કોર્ટનો ફેંસલો મેળવ્યા વગર એજન્સીમાં ફરિયાદ કરી શકાય ?—આ બે મુદ્દાઓ અંગે અવારનવાર પાલીતાણા રાજ્ય અને પેઢી વચ્ચે વિવાદ ઊભા થતા રહ્યા હતા.

(૧)

આવો વિવાદ સને ૧૮૯૬ ની સાલમાં ઊભો થયો હતો. એ વખતે કાઠીયાવાડના એકિટંગ પોલિટીકલ એજન્ટ લેફ્ટનન્ટ કર્નલ સી. ડબલ્યુ. સીલે (C. W. Sealy), તા. ૧-૧૦-૧૮૯૬ના રોજ, એ મતલબનો ફેંસલો આપ્યો હતો કે, પાલીતાણા દરબારને રીતસરની ફરિયાદ કર્યા વગર સીધેસીધી ફરિયાદ એજન્સી સાંભળી શકે નહીં.

આ ફેંસલાની સામે પેઢી તરફથી તા. ૧૬-૭-૧૮૯૭ના રોજ મુંબઈના ગવર્નર વિલિયમ વૅરન સેન્ડર્સને અપીલ કરવામાં આવી હતી અને એમાં આ મિ. સિલે આપેલ ચુકાદા અંગે ફેરવિચારણા કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.

મુંબઈના ગવર્નરને કરવામાં આવેલ આ અરજીનું પરિણામ શું આવ્યું—તેની માહિતી મળી શકે એવી સામગ્રી પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી.

(૨)

આવો જ વિવાદ સને ૧૯૨૨ માં પણ ઊભો થયો હતો. તે વખતે તા. ૧-૧-૧૯૨૨-ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓએ કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નરને એક અરજી કરી હતી. આ અરજીની નકલ તો મળી શકી નથી, પણ એમ લાગે છે કે, પાલીતાણા રાજ્ય સાથેના કોઈકિ વિવાદને અનુલક્ષીને એ અરજી સીધેસીધી કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નરને કરવામાં આવી હતી. આ અરજીનો તા. ૮-૬-૧૯૨૨ ના નં. P/૪૯ of ૧૯૨૨ ના શેરાથી, કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નરના પર્સનલ આસિસ્ટંટ એ. ડબલ્યુ. ટી. વેબ (Webb)ની સહીથી, એ મતલબનો ફેંસલો આપવામાં આવ્યો હતો કે, આ બાબત હાથ ધરવાની સત્તા એજન્સીને નથી. એટલા માટે પેઢીએ એજન્સીને ફરિયાદ કરતાં અગાઉ પાલીતાણા રાજ્યની કોર્ટમાંથી ફેંસલો મેળવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરી લેવો જોઈએ. આ મુદ્દો પેઢીના પાયાના હકને અસર કરતો હોવાથી, પેઢી તરફથી તા. ૫-૬-૧૯૨૨ ના રોજ મુંબઈના ગવર્નર કેપ્ટન સર જ્યોર્જ લોઇડને અપીલ કરવામાં આવી. આ અપીલનો ફેંસલો પણ મુંબઈ સરકારના તા. ૨૫-૫-૧૯૨૩ ના નંબર S-૪૪-૧-૬ ના ઠરાવથી જૈનોની (પેઢીની) વિરુદ્ધ આવ્યો અને કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નરનો ઓર્ડર કાયમ રાખવામાં આવ્યો. મતલબ કે કોઈ પણ મુદ્દા અંગે પેઢી પાલીતાણા રાજ્યની કોર્ટમાંથી ફેંસલો મેળવ્યા પછી જ એજન્સીમાં અપીલ કરી શકે એ વાત કાયમ રહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ફેંસલો પેઢીના અધિકાર ઉપર તરાપ મારે એવો હોવાથી એના રક્ષણ માટે આગળ જે કંઈ પ્રયત્ન થઈ શકે એમ હોય એ કર્યા વગર એને પેઢી એમને એમ માન્ય રાખી લે તો જૈન સંઘના હિતને નુકસાન પહોંચ્યા વગર ન રહે. એટલે જે કંઈ થઈ શકે એમ હોય તે કરવાનું પેઢીએ નક્કી કર્યું અને નવેંબર ૧૯૨૩ના રોજ લંડન સેક્રેટરી ઓફ સ્ટેટને પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓએ એક સવિસ્તર અપીલ કરી અને મુંબઈ સરકારના આ ફેંસલાની પુનર્વિચારણા કરીને એને રદ કરવાની માંગણી કરી.

સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી આ અપીલનો કેવો ફેંસલો મળ્યો તે પેઢીના દફતરમાંથી જાણી શકાયું નથી.

(૩)

પાલીતાણા રાજ્ય સાથે રખોપાનો છેલ્લો વાર્ષિક રૂા. ૬૦,૦૦૦ આપવાનો કરાર તા. ૨૬-૫-૧૯૨૮ના રોજ (૬૫ વર્ષની મુદતનો) થયો હતો.[૪૨] ૨૦ કલમના આ કરારમાં અગાઉના ઝઘડાના મુખ્ય મુખ્ય મુદ્દાઓ અંગે જરૂરી સ્પષ્ટતા કરી લેવામાં આવી હતી, જેમાં અંગારશા પીર, મોટો રસ્તો તથા મહાદેવના મંદિર સંબંધી હક્કને લગતા મુદ્દાઓનો પણ સમાવેશ થતો હતો.

આ કરારની નવમી કલમમાં જણાવ્યા મુજબ મહાદેવના મંદિરને પેઢીના અધિકારમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું અને એ મંદિરે પહોંચવાનો જુદો રસ્તો ગઢની બહારના ભાગમાંથી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ રીતે મહાદેવના મંદિરને ગઢથી જુદું કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી, ત્યારે સને ૧૯૩૧માં પાલીતાણા રાજ્ય સાથે પેઢીને વિવાદ ઊભો થયો. પેઢીએ તા. ૧૨-૭-૧૯૩૧ના રોજ પાલીતાણા રાજ્યને એક અરજી કરી અને તેમાં મહાદેવના મંદિરની નજીકની જમીનમાં આવેલ કૂલવાડી, ઈશ્વરકુંડ અને ઈશ્વરકુંડની દક્ષિણ દિશા તરફની જમીન—એ મહાદેવના મંદિરની હદમાં નહીં આવતાં હોવાથી મહાદેવના મંદિરની હદની અંદર એનો સમાવેશ ન કરવો જોઈએ એમ જણાવ્યું. આ અરજીનો પાલીતાણાના દીવાનશ્રીએ તા. ૨૬-૧૨-૧૯૩૧ના રોજ ફેંસલો આપતાં આ ત્રણેય સ્થાનો પોતાની માલિકીનાં હોવાની પેઢીની માંગણી નકારી કાઢીને આ અરજી નામંજૂર કરી હતી. આની સામે પેઢી તરફથી તા. ૧૮-૮-૧૯૩૨ના રોજ વેસ્ટર્ન ઈન્ડિયાના એજન્ટ ટુ ધી ગવર્નર સર હર્બર્ટ કેલી (Kealy) સમક્ષ એક અરજી કરી હતી, જેમાં આ બાબતની પુનઃ વિચારણા કરીને પોતાને સીધેસીધી એજન્સીમાં રજૂઆત કરવાની અનુમતિ આપવાની માંગણી કરી હતી. આ અરજી અંગે તા. ૪-૧૧-'૩૨ના રોજ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલના સેક્રેટરી મિ. જી. એફ. સ્કવાયરની સહીથી પેઢીને જણાવવામાં આવ્યું કે, આવી અરજી પાલીતાણા દરબારની મારફત જ મોકલવી જોઈએ. જથ્થુ ખાતર આવી અરજીની નકલ એજન્સી ઉપર મોકલ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વામાં આવે એની સામે કોઈ વાંધો નથી, પણ એ અંગેની કાર્યવાહી તો અરજી પાલીતાણા દરબાર મારફત આવ્યા પછી જ હાથ ધરવામાં આવશે.

એજન્ટ ટુ ધી ગવર્નરના આ ફેંસલા સામે પેઢીએ તા. ૯-૫-૧૯૩૩ ના રોજ હિંદુસ્તાનના વાઇસરોય અને ગવર્નર જનરલ ધી અર્લ ઓફ વિલિંગ્ડનને અપીલ કરી અને એમાં પાલીતાણા રાજ્યની કોર્ટમાંથી મળેલ ફેંસલા સામે એજન્સીને અપીલ પાલીતાણા રાજ્ય મારફત કરવાનો જે આદેશ એજન્સી તરફથી આપવામાં આવ્યો છે તેના બદલે એજન્સીને સીધેસીધી અપીલ કરી શકાય, તેમ જ એજન્સી જે ફેંસલો આપે તે પેઢીને પાલીતાણા રાજ્ય મારફત નહીં, પણ સીધેસીધો મળે એવો આદેશ આપવાની વિનંતી કરવામાં આવી હતી.

આ અપીલનો ફેંસલો પણ ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા તરફથી તા. ૨૨-૧૨-૧૯૩૩ ના રોજ નં. F ૬૮૫-P-૩૩ ના ઓર્ડરથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વિરુદ્ધમાં આવ્યો હતો. અને એણે કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલના ફેંસલામાં ફેરફાર કરવાની કંઈ જરૂર નથી એમ જણાવીને પેઢીની અપીલ કાઢી નાંખી હતી.

આની સામે પેઢીએ સને ૧૯૩૪ માં ફરીથી ગવર્નર જનરલ ધી અર્લ ઑફ વિલિંગ્ડનને અરજી કરીને ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના ઉપર મુજબના આદેશની ફરી વિચારણા કરવાની માંગણી કરી હતી. આ અરજીમાં ખાસ નોંધપાત્ર વાત તો એ હતી કે એમાં એજન્સીને, મુંબઈ સરકારને તેમજ સેક્રેટરી ઑફ સ્ટેટને-વચ્ચે પાલીતાણા રાજ્યને રાખ્યા વગર-સીધેસીધી અરજી કર્યાના સંબંધમાં દાખલાઓ ટાંકીને પોતાની માંગણીનું ભારપૂર્વક સમર્થન કરવામાં આવ્યું હતું.

આ અપીલનું પરિણામ શું આવ્યું તે જાણી શકાય એવી સામગ્રી મળી નથી.[૪૩] સને ૧૯૨૨-૨૩ માં પેઢીને મુંબઈ સરકાર તરફથી જે આદેશ મળ્યો એની સામે છેક સેક્રેટરી ઑફ સ્ટેટ-લંડન અને સને ૧૯૩૩-૩૪ માં ભારતના ગવર્નર જનરલ તરફથી જે આદેશ મળ્યો તેની સામે ફરી એમને જ અરજી કરવાની પેઢીની કાર્યવાહી ઉપરથી જોઈ શકાય છે કે તે પોતાના, એટલે કે જૈન સંઘના હક્કોની સાચવણી કરવા માટે કેટલી સજાગ અને પ્રયત્નશીલ રહેતી હતી.

સમાધાનનો કરાર જ વિવાદનું નિમિત્ત બન્યો

પાલીતાણા રાજ્ય સાથે રખોપાનો છેલ્લો કરાર સને ૧૯૨૮ માં થયો તેના આધારે એવી આશા રાખવામાં આવતી હતી કે હવે પાલીતાણા રાજ્ય સાથે કોઈ પણ મુદ્દા અંગે વિવાદમાં ઊતરવાનો પ્રસંગ નહીં આવે. પણ એ કરારની તેરમી કલમના બંને પક્ષે કરેલ જુદા જુદા અર્થઘટનને લીધે રાજ્યના ફેંસલા વિરુદ્ધ એજન્સીમાં અપીલ કરવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો તે સીધી કરી શકાય એમ જૈન કોમની સમજૂતી હતી, જ્યારે પાલીતાણા રાજ્ય તથા એજન્સી આવી અરજી પાલીતાણા રાજ્ય મારફત જ થઈ શકે એવો એનો અર્થ કરતાં હતાં. આને લઈને ગિરિરાજ ઉપર આવેલ મહાદેવની દેરીની ગઢ બહારની હદ નક્કી કરવા અંગે જે વિવાદ ઊભો થયો તેનો નિર્ણય આવવો તો બાજુએ રહ્યો, પણ રાજ્યના ફૈસલા સામે એજન્સીમાં અપીલ કરવાનો મુદ્દા એટલો મોટો થઈ ગયો કે લગભગ ત્રણ-ચાર વર્ષ સુધી એ અંગે જાતજાતની અરજીઓ કરવા છતાં તેનો નિકાલ ન થઈ શકયો. અને તેથી કરારની ૧૧ મી કલમમાં જણાવ્યા મુજબ ગિરિરાજ ઉપર ગઢની અંદર તથા ગઢની બહાર આવેલાં બધાં સ્થાનોનો નિશ્ચિત સ્થળનિર્દેશ કરતો નકશો તૈયાર કરવાનું કામ વર્ષો સુધી ખોરંભે પડતું રહ્યું. છેવટે પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ તથા પાલીતાણાના દરબાર સર બહાદુરસિંહજી વચ્ચે કેટલીયે મુલાકાતો થયા બાદ આ નકશાને અંતિમ રૂપ આપી શકાયું હતું અને તેના ઉપર બંને પક્ષના સહી-સિક્કા સને ૧૯૪૦ની આસપાસ થઈ શકયા હતા.

આમ તો પાલીતાણા રાજ્ય સાથે અવારનવાર સંખ્યાબંધ નાના-મોટા ઝઘડાઓ– કેટલીક વાર તો સાવ નજીવા લાગે એવા મુદ્દાઓને લઈને પણ–થતા રહ્યા હતા. આમાંના આવા વિવાદજનક મુદ્દાઓની રજૂઆત આ પ્રકરણમાં ઠીક ઠીક વિગતે આપવામાં આવી છે. જ્યારે સને ૧૯૨૮ નો રબોપાનો છેલ્લો પાંચમો કરાર થયો તે વખતે ત્રણ મુદ્દાઓ અંગેનો વિવાદ લાંબા વખતથી ઊભો થયેલો હતો અને એનો નિકાલ આવી શકયો ન હતો. આ ત્રણ મુદ્દા એટલે : (૧) ગિરિરાજની તળેટીથી તે ગઢના પ્રવેશદ્વાર સુધીના મોટા રસ્તા નામે ઓળખાતા માર્ગ ઉપરનો માલિકીહક્ક તથા તેની સાચવણી તેમજ સમારકામ કરવાના અધિકારને લગતો. (૨) અંગારશા પીરની દરગાહ ઉપરના જૈન કોમના અધિકારને લગતો તથા તેના સમારકામની સત્તાને લગતો. (૩) ગઢ ઉપર સૂરજકુંડ પાસે આવેલ મહાદેવની દેરી ઉપર રાજ્યની માલિકી કે જૈન કોમની માલિકી ?—એ સંબંધી મુદ્દો.

મોટા રસ્તા તથા અંગારશા પીરની માલિકી અંગેનો વિવાદ છેક સને ૧૯૦૩ થી ઊભો થયો હતો અને મહાદેવની દેરીનો માલિકી સંબંધી વિવાદ છેક સને ૧૯૨૧ ની સાલથી ઊભો થયો હતો. અને અનેક પ્રયત્નો છતાં આ ત્રણેય વિવાદ અંગે પાલીતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચે કોઈ પણ જાતનું સમાધાન થઈ શકયું ન હતું. છેવટે આ ત્રણેય વિવાદાસ્પદ મુદ્દાઓનું સમાધાન સને ૧૯૨૮ નો કરાર થયો તે વખતે આ પ્રમાણે કરવામાં આવ્યું હતું—

(૧) કરારની કલમ સાત મુજબ તલાટીથી તે ગઢના પ્રવેશદ્વાર સુધીના મોટા રસ્તાની અને એની સાથેની પેરેપેટ વોલની સાચવણી કરવાનો અને એનું સમારકામ કરવાનો અધિકાર જૈન કોમને મળ્યો હતો અને એ માટે કોઈની પણ મંજૂરી લેવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરૂર રહેતી ન હતી. આમાં એટલી શરત રાખવામાં આવી હતી કે એનો ઉપયોગ જાહેર જનતા પણ કરી શકે. વળી કરારની આઠમી કલમમાં જે સાત રસ્તાઓની સાચવણી અને એનું સમારકામ કરવાની જવાબદારી પાલીતાણા રાજ્યની ગણવામાં આવી હતી તેમાં શ્રી પૂજજીની ટૂક સુધીના મોટા રસ્તાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

(૨) કેનેડીના રીપોર્ટમાં અંગારશા પીરની દરગાહ સહિત જે જૈન દેવસ્થાનો ઉપર જૈન કોમનો અધિકાર હોવાનું જણાવ્યું હતું તેમાંથી મહાદેવની દેરીને બાદ કરીને બાકીનાં બધાં જૈન દેવસ્થાનો ઉપર જૈનોની માલિકી સ્વીકારવામાં આવી હતી. અર્થાત્ અંગારશા પીરની દરગાહ ઉપર તેમજ તેની સાચવણી તેમજ સમારકામ અંગે મુસલમાન જમાતનો અધિકાર હોવાનો જે વિવાદ પાલીતાણા રાજ્યની ચઢવણીથી ઊભો થયો હતો તેનો આથી અંત આવ્યો હતો અને એ દરગાહ સંબંધી બધી સત્તા જૈન કોમને મળી હતી.

(૩) મહાદેવના મંદિરની માલિકી જૈનોની નહીં હોવાનું સૂચવીને એ ગઢની બહાર દેખાય એ રીતે એક નવી વંડી અને ત્યાં પહોંચવાનો સ્વતંત્ર માર્ગ બનાવવાનું આ કરારની નવમી કલમમાં સૂચવવામાં આવ્યું હતું. આ રીતે ત્રણેય વિવાદાસ્પદ બાબતોનો આ કરારથી નિકાલ આવી જતો હતો.

ઉપસંહાર

પાલીતાણા રાજ્ય સાથે જૈન કોમને થયેલ ઝઘડાની જે વિગતો ઉપર આપવામાં આવી છે તે તો મુખ્ય મુખ્ય ઝઘડાને ધ્યાનમાં રાખીને જ. બાકી તો આ ઉપરાંત નાની-મોટી બાબતોને લઈને અવારનવાર ઝઘડા ઊભા થતા જ રહ્યા છે. જેવા કે—કુંડ ઉપરનાં પાટિયાં રાજ્યે ખસેડી નાખ્યા બાબત; કુંડનો ગાળ કાઢતી વખતે એ ગાળ પહાડની જમીન ઉપર નાંખવા બાબત; ધર્મશાળાઓની જમીન બાબત; પેઢીના સિપાઈઓને શસ્ત્ર રાખવાની અનુમતિ આપવા બાબત; શેઠ મોતીશાની ટૂક બાબત; રોહિશાળાના રસ્તા બાબત, જકાત બાબત વગેરે વગેરે.

વળી જ્યારે કોઈક વાર કાઠિયાવાડના કોઈક પોલિટીકલ એજન્ટને માટે પાલીતાણાના દરબારશ્રી તરફથી શ્રાવક કોમની અવારનવાર થતી કનડગત અંગે નીચે મુજબ આકરા શબ્દોમાં ચેતવણી આપવાનું જરૂરી બન્યું તે ઉપરથી પણ સ્પષ્ટ સમજી શકાય છે કે પાલીતાણા દરબાર અને શ્રાવક કોમ વચ્ચે કેવા કડવા સંબંધો પ્રવર્તતા હતા.

"બન્ને પક્ષકારો શાણી સલાહને કાને ધરવાને બદલે, જો છરીનું યુદ્ધ જાહેર કરશે તો, ઘણે ભાગે, એવું પરિણામ આવવાનો સંભવ છે કે, જૈનો તો (શત્રુંજય) પર્વત-માંનાં પોતાનાં સ્થાપિત હિતોને નહીં છોડે, પણ પાલીતાણાના દરબારને પાલીતાણાનો ત્યાગ કરીને પોતાની જૂની રાજધાની (ગારિયાધાર)નો આશ્રય લેવો પડશે."[૪૪]

પોલિટીકલ એજન્ટે દરબારશ્રીને આપેલી આ ચેતવણીનું લખાણ આ ઇતિહાસના પહેલા ભાગમાં (પૃ. ૩૦૩)માં પણ છપાયેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧ મા પ્રકરણની પાદનોંધો

૧. આની વિશેષ વિગતો માટે જુઓ આ ગ્રંથના પહેલા ભાગનું પૃ. ૧૯૬ વગેરે.

૨. આ ૪૫૦૦/-ની ફાળવણી પહેલા ભાગના પૃ. ૧૯૬ માં જણાવ્યા મુજબ કરવામાં આવી હતી.

૪૦૦૦ રૂ. દરબારશ્રીને, ૨૫૦ રૂ. રાજગરને અને ૨૫૦ રૂ. ભાટ સમસ્તને.

૩. આ માટે જુઓ–દફ્તર નં. ૫ ચોપડા/ફાઇલ નં. ૪૭.

૪. આ માટે જુઓ–દફ્તર નં. ૧૩, ફાઇલ નં. ૧૧૪. પૃ. ૩૩૮, ૩૫૪. ૫૫ Printed.

૫. આ અરજી મી. એન્ડરસનને અંગ્રેજી ભાષામાં કરવામાં આવી હતી તેનો આ વાતને લગતો ભાગ આ પ્રમાણે હતો—

"In the month of Magsar last (or November 1873) one Vurjiwan Mulchund, a Jain, an inhabitant of Ahmedabad, proceeded to Palitana to place a figure or representation in one of the temples belonging to the Shravuk community".

"She Mangaldas Poonja, of the firm of Shett Maggonbhai Kurumchund of Ahmedabad, and a widow named Bai Koovur, wife of Jethachund, also went ro Palitana for the same purpose..." "There is on the Palitana hill a reservoir of water called Sooruj Khund. About six months ago, apersian wheel was put up to faciliate the drawing of the water for the comfort of the worshippers and for their religious uses. It was necessary to construct masonry pillers for the wheel. The mason who performed the work was, about a fornight ago, confined for eight days, and compelled to pull down the work with his own hands on pain of being expelled from Palitana... ..." દફ્તર નં. ૧૩, ફાઇલ નં. ૧૧૪, પૃ. ૩૩૮.

૬. મિ. એન્ડરસનના મૂળ અંગ્રેજીમાં લખાયેલ ફાગળમાંના શબ્દો આ પ્રમાણે છે:

"The Agent of Anundjee Kallianjee is informed, with reference to his petition dated 1st instant, that, after a rajuwat held to day before the Politlcal Agent, the Thakore Sahib of Palitana consenteed to allow Varjiwan Mulchund and other complainants to place the figures in their temples without any sort of payment, and that they can do so.

As regards the masonry pillars for the Persian wheel at the

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Sooruj Khund, the Thakore Sahib allows them to be built up, but the Shravuks must not take up new ground unnecessarily. This is reasonable, and the Shravuks should conform to this.

No hindrance also will be given by the Thakore Sahib to repairs and alterations, Provided the latter do not take up new gtound, and, to do this, Previous Sanction and arrangement must be made with the Thakore Sahib, who has also no desire to stop the building of Keshowjee naik's temples, merely requiring that he should give a plan so that the Thakore may be assured no new ground will be taken up. As Keshowjee Naik has had the ground given him free by the Thakore Sahib, there need be no difficulty in complying with this request.

—દફ્તર નં. ૧૩/ચોપડા/ફાઇલ નં. ૧૧૪, પૃ. ૩૩૯.

૭. ગોહેલવાડના આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ મી. રસેલે આ કાગળ અંગ્રેજી ભાષામાં લખ્યો હતો જે આ પ્રમાણે હતો :

"The reply of the Thakore of Palitana to the above requisition is here with forwarded. With the exception of the ground actually used by the Shravuks for their temples. I do not think that the Shravuk have a right to the ground within thc enclosure within-the tunk or fortifications, or other temples and holy places not belonging to the Shravuks. The fortifications and barracks, Sc; for the sepoys, of coarse belong to the Thakore, as does, I consider, all unbuilt the Thakore asserts that he has always taken money when ground had been occupied for the building of new temples, and that his permission is requisite before any temple can be built. The Thakore like wise takes a certain custom-duty on marble and jewels placed in the temples. Reference to my judgement, in the case of the annual Rs. 10,000, being levy by the Thakore from the Shravuks, which judgement was upheld by Government, will throw some light on this matter.

—દફ્તર નં. ૧૩, ચોપડા/ફાઇલ નં. ૧૧૪, પૃ. ૩૪૦. અ.

૮. આ મૂળ પત્ર કર્નલ એન્ડરસન તરફથી અંગ્રેજી ભાષામાં આવ્યો છે જે—

—દફ્તર નં. ૧૩, ફાઇલ નં. ૧૧૪, પૃ. ૩૪૪ ઉપર છપાયેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. મુંબઈ સરકારના આ અંગ્રેજી ઠરાવનો નિર્દેશ મિ. પીલના ૬-૧-૧૮૭૬ના રિપોર્ટમાં મળે છે.
—જુઓ પાલીતાણા જૈન કેસ પૃ. ૬૩.

૧૦. આ માટે જુઓ દફ્તર નં. ૧૫ ચોપડા/ફાઇલ નં. ૧૩૩.

૧૧. આ માટે જુઓ દફ્તર નં. ૧૫ ચોપડા/ફાઇલ નં. ૧૩૩.

૧૨. શ્રી કેસરિયાજી તીર્થ એ રાજસ્થાનમાં ઉદેપુર નજીકમાં આવેલું તીર્થ છે અને તે પહાડી તીર્થ નહીં પણ ધરતીનું તીર્થ છે.

૧૩. આ ત્રણ મુદ્દાઓનું અંગ્રેજી લખાણ મિ. કેન્ડીના અંગ્રેજી અહેવાલમાં નીચેના શબ્દોમાં આપવામાં આવ્યું છે :

1. "The Jains have had sacred buildings on the Shatrunjay Hill from time immemorial. Their possession in that form was recognized by firmans from the Mogul authorities and there is nothing to show that it was interfered with by the Morathas."

2. "There is nothing to show when the present Thakore of Palitana's ancestors obtained Poesession of Palitana. But it is clear that in the middle of the 17th century they exacted taxes from the Pilgrims, and that before the year 1800 the taxes had been largely increased."

3. "It also appeared that in those years the Thakore's ancestors received in a few instances a nuzerana or royalty from Pilgrims on the building or consecration of sacred edifices on the hill."

અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે મિ. કેન્ડીએ પોતાના રિપોર્ટના અંત ભાગમાં કુલ ૮ સૂચનો કર્યાં હતાં, તેમાંનાં ત્રણ મને મહત્ત્વનાં લાગવાથી તેની જ નોંધ અહીં લેવામાં આવી છે.

—પાલીતાણા જૈન કેસ પૃ. ૫૯.

૧૪. આ બધાં સૂચનો મિ. પીલે કેન્ડીના રિપોર્ટ સાથે મુંબઈ સરકારને અંગ્રેજી ભાષામાં મોકલેલ પોતાના કાગળમાં લખી મોકલ્યાં હતાં તે પાલીતાણા જૈન કેસ પુસ્તકના પૃ. ૬૫ ઉપર છપાયેલ છે.

૧૫. આ માટે જુઓ દફ્તર નં. ૧૩ ફાઇલ નં. ૧૧૪, પૃ. ૧૨૭ તથા ૧૫૧.

૧૬. આ લખાણનું મૂળ અંગ્રેજી પાલીતાણા જૈન કેસ પૃ. ૭૧-૭૨ ઉપર આપવામાં આવ્યું છે. જે આ પ્રમાણે છે.

1. "Within the Gudh the control of the Thakore shall be recognised only for purposes of Police. No money payment shall be

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

claimed by him on account of the eraction of a new temple in a Tunk within the Gudh.

2. "Without prejudice to the rights of those interested In any existing building, the use of any part of the hill in a manner opposed to the tenets of the Shrawuk community is prohibited.

3. "No money payment shall be claimed on account of any temple already in existence, either outside or within the Gudh.

4. "In the event of the Shrawak community desiring to erect a new temple outside of the Gudh, Permission shall be given by the Thakore on receipt of one rupee per square yard for the land.

5. No molestation shall be offered to the members of the Shrawuk community resorting to the hill; nor shall any permanent Police post be established at the Gudh or within 500 yards of the road leading up the hill to the Gudh."

૧૭. મુંબઈ સરકારના નં. ૧૬૪૧ તા. ૧૫-૫-૧૮૭૯ ના ઠરાવ સામે પાલીતાણાના દરબારશ્રી તરફથી તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે વાંધાઅરજીઓ કરવામાં આવી હતી તેને કાંઈ નાખતાં પ્રિવીકાઉન્સીલ વતી લંડનથી સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી જે જવાબ અંગ્રેજીમાં મળ્યો હતો તે આ પ્રમાણે છે:

His Execellency

THE HONBLE THE GOVERNOR IN COUNCIL

BOMBAY

Political — India Office

No. 20, — LONDON 15th May 1879

SIR,

"I have received and considered in Council Political letter of your Execellencys Government, No. 18 Dated 7th April last, forwarding to my address a memarial from the Thakore of Palitana appealing against orders passed by your Excellency's Government in the matter of his claim to certain rights on the Shetrunja Hill.

1. Tou will have learnt from my Despatch No. 32 of 14th November last dealing with an appeal from the Shrawak community

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

against the same decision, which is now the subject of the Thakore of Palitana's memorial, that I them saw no grounds for my intervention in the matter. The paper before me in no way alter my views, and I desire that the memorialist may be informed that I shall not interfere in his behalf.

I have sca.,
(Signed) CRANBROOK.

—દફ્તર નં. ૧૩, ચોપડા/ફાઇલ નં. ૧૧૪, પૃ. ૫૩૭.

૧૮. પાલીતાણાના દરબારશ્રીએ કરી આપેલા મૂળ દસ્તાવેજની છબી આપવાનો મારો ઇરાદો હતો પણ તે મળી શકી નહી તેથી નથી આપી શકાઈ. અત્યારે તે કેશવજી નાયકનાં કુટુંબીજનોના કબજામાં હોવો જોઈએ એમ મને લાગે છે.

૧૯. અસલ લખાણ માટે જુઓ દફ્તર નં. ૧ ચોપડા/ફાઈલ નં. ૧, પૃ. ૩૦૩-૩૦૪.

૨૦. મૂળ અંગ્રેજી લખાણના આધારે.

૨૧. આ માટે જુઓ દફ્તર નં. ૧, ફાઇલ નં. ૧.

૨૨. પ્રેમાભાઈ નગરશેઠની બાબતમાં પાલીતાણા રાજ્યે જે અઘટિત શબ્દોનો ઉપયોગ કર્યો હતો તે આ પ્રમાણે છે :

"એ અરજીમાં જે આણદજી કલાણજીએ વળતર લેવા બાએશ કરી છે તે હેતુપ્રપંચ છે કેમકે આણંદજી કલાણજી એ કઈ આદમી નથી. એ તો સાવકના કારખાનાની દુકાનનું નામ છે ને શધલો વહીવટ અમદાવાદના શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ કરે છે ને તે પ્રેમાભાઈને તેમના દાદા વખતસા સેઠ વખતથી આ સ્વસ્થાન સાથે અદાવત હોવાથી હમેશા આ સ્વસ્થાનને નુકસાનમાં જ નાખવાના ઈરાદાથી વર્તે છે. તેથી આ રાઅચંદ મજકુર તથા તેમાં ચંધવી અમદાવાદથી પાલીતાણા તરફ આવા. ચાલતા તે લોક સાથે જોવલાવા આવેલા તે પોતાના જ વગના આપી તે લોક કને આ ચોરી કરાવી છે ને તે વાત અહીંના પોલીસ લોકોએ પોતાના જાપ્તાને લીધે પકડી..."

૨૩. આ માટે જુઓ દફ્તર નં. ૧ ફાઇલ નં. ૧

૨૪. આ માટે જુઓ દફ્તર નં. ૭ પા. ૪૪૪ થી, દફ્તર નં. ૫ ફાઇલ નં. ૪૩.

૨૫. અત્યારે 'ઢેડ' અને 'ભંગી' જેવા શબ્દોને બદલે 'હરિજન' શબ્દનો જ ઉપયોગ કરવામાં આવે છે. 'ઢેડ'-'ભંગી' જેવા શબ્દોનો ઉપયોગ કરવો એને ગુનો ગણવામાં આવે છે પણ અહીં તો ભૂતકાળનાં દફ્તરમાં એનો ઉપયોગ થયેલો હોવાથી માત્ર ઉતારા કે અવતરણ રૂપે જ આ શબ્દો અહીં ઉધ્ધૃત કરવાની ફરજ પડી છે.

૨૬. આ માટે જુઓ દફ્તર નં. ૨ ફાઇલ નં. ૧૪.

૨૭. આ માટે જુઓ દફ્તર નં. ૨ ફાઇલ નં. ૧૪. પૃ. ૨૭૬.

૨૮. અહીં એ જાણવું રસપ્રદ થઈ પડશે કે સને ૧૮૮૦ ની સાલમાં (તા. ૧૬-૬-૧૮૮૦ નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોજ) પેઢીનું પહેલવહેલું બંધારણ ઘડવા માટે નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હિમાભાઈના પ્રમુખપદે અમદાવાદમાં ભારતભરના જૈન સંઘોના પ્રતિનિધિઓની સભા મળી હતી. તેમાં મુંબઈ શ્રીસંઘના એક પ્રતિનિધિ તરીકે શેઠ તલકચંદ માણેકચંદ મુંબઈવાળા પણ હાજર હતા. અને તેમણે એક ઠરાવ પણ રજૂ કર્યો હતો.

વળી આ ઉપરાંત એવી માહિતી પણ મળે છે કે પાલીતાણામાં આ જ નામના એક સદ્‌ગૃહસ્થ તલકચંદ માણેકચંદ થઈ ગયા અને તેમની સખાવતથી પાલીતાણામાં પુસ્તકાલય વગેરે સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી.

૨૯. અહીં એક પ્રસંગ જાણવા જેવો નોંધવો ઉચિત લાગે છે તે પ્રસંગના કેન્દ્રમાં શ્રી અંબાશંકર જેરામ ભટ્ટ જ રહેલાં છે. આ પ્રસંગ શ્રી અંબાશંકર ભટ્ટના સુપુત્ર શ્રી શંકર ભટ્ટે લખ્યો છે જે અમદાવાદથી પ્રગટ થતા 'અખંડઆનંદ' નામના માસિકના સને ૧૯૮૪ના મે માસના અંકમાં છપાયો છે. તેનો ઉતારો અહીં સાભાર આપવામાં આવ્યો છે.

કર્તવ્યનિષ્ઠા સેવક

"આણંદજી કલ્યાણજીની પેઢી કોઈ વેપારી સંસ્થા નથી. આણંદજી એટલે આણંદ અને કલ્યાણજી એટલે કલ્યાણ. આનંદ કરો અને કલ્યાણ કરો, અને આનંદથી જીવો એવો એનો અર્થ થાય છે. આ પેઢી જૈન ધર્મની છે, અને ભારતભરમાં તેની ઘણી શાખાઓ છે.

"પાલીતાણા જૈનોનું મુખ્ય યાત્રાધામ છે, જ્યાં લાખો જૈનો દર વર્ષે યાત્રા કરવા આવે છે.

"પેઢીની પાલીતાણાની શાખામાં સાઠ-પાંસઠ વર્ષ પૂર્વે અંબાશંકર જયરામ ભટ્ટ નામના આસિસ્ટન્ટ મુનીમ હતા. તેઓ પાલીતાણાના મૂળ વતની હતા. આ સમયે પાલીતાણા દેશી રાજ્ય હતું અને તેના રાજા ઘણું ભણેલા હતા અને ધર્મનિષ્ઠ હતા, પરંતુ તેમના પડખિયા અભણ, નાલાયક હતા.

"એક વખત રાજા પાલીતાણાના ડુંગર ઉપર (સિદ્ધાચળ) ઉપર ગયા. સાથે એક હજૂરિયો અને બીજા પણ હતા. રિવાજ મુજબ જ્યારે રાજા પહાડ ઉપર જાય ત્યારે પેઢીના મુનીમે હાજર રહેવું જોઈએ. શ્રી ભટ્ટ તેમના કારકુન સાથે ત્યાં હાજર હતા. રાજા જ્યારે મંદિરમાં દાખલ થાય ત્યારે તેમણે બૂટ ઉતારી મખમલની મોજડી પહેરીને અંદર પ્રવેશ કરવો જોઈએ, એવો નિયમ હતો.

"રાજા તો તે મુજબ વર્તવા તૈયાર હતા, પરંતુ હજૂરિયાએ રાજાને બૂટ ન ઉતારવાની અવળી સલાહ આપતાં રાજાએ બૂટ પહેરીને જ મંદિરમાં જવાનો આગ્રહ રાખ્યો. મુનીમે રાજાને સમજાવ્યા : 'મહારાજ, બહુ જુલમ થશે અને આખી જૈન કોમ કોપી ઊઠશે. હું આપના ભલા માટે કહું છું. કૃપા કરીને આપનો નિર્ણય ફેરવો તો સારું,' પરંતુ કહેવત છે કે 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.' તે મુજબ તેઓ બૂટ પહેરીને મંદિરમાં દાખલ થયા. આથી શ્રી ભટ્ટ વિહ્વળ થઈ ગયા અને નીચે પેઢીમાં જઈ અમદાવાદની મુખ્ય પેઢીમાં શ્રી લાલભાઈ દલપતભાઈ, જેઓ તે વખતે પેઢીના અધ્યક્ષ હતા, તેમને વિગતથી તાર કર્યો. આ બનાવથી ગામમાં ચકચાર ફેલાઈ અને શ્રી ભટ્ટને પકડી કસ્ટડીમાં બેસાડી દીધા. પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પોતાની ફરજ ચૂકયા નહિ. આ બનાવ પછી અમદાવાદથી રાજ્ય ઉપર નોટિસ આવી કે તમે અમારા ધર્મનું અપમાન કર્યું છે, અને આખી જૈન કોમને આઘાત આપ્યો છે. અમારા મુનીમને તુરત છૂટા કરો અને જે કર્મ આપે કર્યું છે તેનાં પરિણામો આપે સહન કરવાં પડશે.

"આથી રાજ્ય ધ્રૂજી તો ગયા, પરંતુ રાજહઠ આડે આવી. છેવટે પેઢીએ મુંબઈની હાઈકોર્ટમાં કેસ માંડયો. મોટા મોટા બૅરિસ્ટરોને રોકયા. કેસ ચાલ્યો. રાજ્ય ધક્કા ખાઈ થાકી ગયા. પસ્તાવો તો ઘણો થાય પણ ધમંડ કેમ છૂટે? છેવટે વિલાયતની પ્રીવી કાઉન્સિલમાં રાજ્યની અપીલ મુજબ કેસ ગયો. ત્યાં પણ છેલ્લે એ જ જજમેન્ટ આવ્યું કે, રાજ્યએ પેઢી અને જૈન કોમની માફી માગવી અમર રાજ્ય છોડી દેવું. આ પરિણામથી તેઓ ડઘાઈ ગયા. ગામમાં અને સર્વત્ર હોહા થઈ ગઈ અને રાજ્યને બહાર નીકળવું ભારે થઈ પડયું. અને છેવટે તેમને લેખિત માફી માગવી પડી.

"અંતે રાજ્યએ અંબાશંકર ભટ્ટને તેમની કચેરીમાં બોલાવ્યા, અને તેમને ખૂબ માન સહિત સામેના આસન ઉપર બેસાડયા અને કહ્યું, 'અંબાશંકર, જો મારો સલાહકાર અથવા દીવાન ડાહ્યો હોત, તો મારે આમ નીચું જોવા જેવું ન થાત. તું બ્રાહ્મણ હોવા છતાં તેં જૈનધર્મનું બહુ ગૌરવ કર્યું, અને મારા જેવા રાજાનું જે કર્તવ્ય છે કે સર્વ ધર્મ સમાન ગણવા તે હું ચૂકયો, અને મારે આ પરિણામ ભોગવવું પડયું. હવે મારી તને એક વિનંતી છે કે તું જીવે ત્યાં સુધી મારો દીવાન રહે તો મારા આત્માને સંતોષ થાય."

"પરંતુ અંબાશંકરે કહ્યું, 'અન્નદાતા, આપની વાત હું સમજું છું. પરંતુ હું આ ગામનો મૂળ રહીશ છું. મારાં છોકરાંછૈયાં અને ઘરબાર અહીં પેઢીઓથી છે, અને રાજ્યને તથા પેઢીને કાયમનું વેર ચાલે છે. તેથી મારાથી આમ નહિ થઈ શકે તો મને માફ કરો. હું આપ નામદારનો કાયમનો આભારી રહીશ. મને પેઢી જે રૂપિયા પંચોતેર માસિક આપે છે, તેમાં હું સુખી અને સંતોષી છું. મેં આ પેઢીનું લૂણ ખાધું છે, તે મારાથી કેમ ભુલાય? આપે મારા પ્રત્યે જે લાગણી બતાવી તે હું કદી નહિ ભૂલું. અને જ્યારે મારા લાયક કોઈ કામ હોય ત્યારે મને બોલાવશો તો હાજર થઈશ."

"બાદ રાજ્યની ગાડી તેમને પેઢીએ પહોંચાડી ગઈ.

"ફકત બે રૂપિયાથી પેઢીમાં નોકરી શરૂ કરેલ, પણ પેઢીના કહેવા છતાં તથા હેડ મુનિમ તરીકે રૂપિયા દોઢસોનો પગાર મળે તેમ હતો હોવા છતાં તેઓ હેડ મુનિમ ન થયા તે ન જ થયા." **શાંકર**

૩૦. ગોંડલ રાજ્ય તરફથી પ્રગટ થયેલ 'ભગવત ગોમંડળ કોશ'માં વચનાત્ શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે.

વચનાત્ (જુ. ગુજ.) 'વચન આપીને' (આ શબ્દ દસ્તાવેજનાં લખાણમાં વપરાતો) ઉપરાંત આ કોશમાં યાદ અને યાદી શબ્દનો અર્થ આ પ્રમાણે છે. "યાદ: (સ્ત્રી) કહેણ; ઊતરતા દરજ્જાવાળો વિનંતી કરે ને ચઢતા દરજ્જાવાળો યાદ કરે તેવો અધિકારીઓ વચ્ચેનો શિરસ્તો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદી : (સ્ત્રી) અરજી, મુદ્દાની વાત ભગાવવાનો લેખ કે પત્ર : "

૩૧. આ નોંધનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"The matter is, in the opinion of the undersigned a trivial one and not worth fighting over."

૩૨. આ જાહેરનામું મૂળ અંગ્રેજીમાં હતું જે આ પ્રમાણે હતું.

૩૩. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"Even the Notification (which has been objected by us and which is the subject of a petition dated 8th July 1904 to the Government of Bombay)."

૩૪. આ વાતનો નિર્દેશ કરતું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"We beg most emphathetically to protest against this clever use of language, mystifying the main issue."

૩૫-૩૬. આ માટે જુઓ દફ્તર નં. ૧૦, ફાઇલ નં. ૮૫ મુદ્દા નં. ૨૭. આ માટે જુઓ દફ્તર નં. ૧૦, ફાઇલ નં. ૮૫ મુદ્દા નં. ૨૭.

૩૭. આ માટે જુઓ દફ્તર નં. ૧૦, ફાઇલ નં. ૮૫, મુદ્દા નં. ૨૩-૨૪.)

૩૮. આ કાગળનો હેતુ આગળ પાછળના સંદર્ભ વગર સમજી શકાતો નથી, છતાં તે કંઈક બંધારણના મુદ્દાને લઈને હશે એમ માનીને અહીં આપ્યો છે.

૩૯. એમનાં આ ભાષણોની હસ્તપ્રત મળી આવવાથી તે 'Systems of Indian Philosophy' નામે પુસ્તક રૂપે મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી સને ૧૯૭૦માં બહાર પડેલ છે અને તેનું સંપાદન ભારતીય વિદ્યાના જાણીતા વિદ્વાન ડૉ. કે. કે. દિક્ષીતે કરેલું છે. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો જન્મ તા. ૨૫-૮-૧૮૬૪ના રોજ સૌરાષ્ટ્રના કાશ્મીર લેખાતા મહુવા શહેરમાં થયો હતો. એમણે અમેરિકામાં ભારતીય દર્શનો વિશે ભાષણો આપીને કેવી લોકપ્રિયતા મેળવી હતી તેનો ચિતાર 'Selected Speeches of Shri Virchand Raghavji Gandhi' નામે એમની જન્મ શતાબ્દિના વર્ષમાં (સને ૧૯૬૪)માં પ્રગટ થયેલ પુસ્તિકાના અંત ભાગમાં અમેરિકાનાં વર્તમાનપત્રોએ એમનાં ભાષણો અંગે જે પ્રશંસાત્મક નોંધ લીધેલી છે તે જોવાથી પણ આવી શકશે. અમેરિકાથી પાછા ફરતાં તેઓ લંડન ગયા હતા અને ત્યાં જૈન લીટ્રેચર સોસાયટી નામે એક જૈન અભ્યાસ વર્તુળની પણ સ્થાપના કરી હતી અને એમાં ઓનરરી સેક્રેટરી ગાંધી પોતે બન્યા. એમના તથા અન્ય જૈન વિદ્વાનોના સંપર્કથી પ્રભાવિત થઈને વિલાયતના હર્બર્ટ વોરન નામના એક અંગ્રેજ સદ્‌ગૃહસ્થે 'Jainism' નામે જૈન ધર્મનો પરિચય આપતું સરળ પુસ્તક અંગ્રેજી ભાષામાં લખ્યું હતું જે સને ૧૯૧૨ના સપ્ટેમ્બર માસમાં પ્રસિદ્ધ થયું હતું. એટલું જ નહિ, પણ શ્રી હર્બર્ટ વોરને જૈન ધર્મનો પણ સ્વીકાર કર્યો હતો.

અહીં શ્રી વીરચંદભાઈ ગાંધીના અનુસંધાનમાં એ વાત નોંધવી જોઈએ કે તેઓ જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા શિકાગો ગયા ત્યારે તેઓ માત્ર ગ્રેજ્યુએટ (B.A.)ની ડિગ્રી ધરાવતા હતા પણ અમેરિકાથી પહેલી અથવા બીજી વાર પાછા ફરતી વખતે એમણે લંડનમાં કાયદા શાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરીને બાર-એટ-લૉ (બૅરિસ્ટર)ની ડીગ્રી પ્રાપ્ત કરી લીધી હતી અને એમની પ્રેરણાથી અમેરિકામાં 'ધ ગાંધી ફિલોસોફીકલ સોસાયટી'ની સ્થાપના થઈ હતી. તેમણે પોતાના કાયદાના જ્ઞાનનો ઉપયોગ અર્થોપાર્જન માટે ભાગ્યે જ કર્યો હતો. એમની ધર્મનિષ્ઠા અને શાસનને મૂંજવતા પ્રશ્નોના ઉકેલની દિશામાં એમની સેવાભાવના અને ધગશ ખીલી નીકળતી હતી પણ ભાગ્યયોગ કંઈક એવો વિચિત્ર હતો કે એમની આ સેવાભાવનાનો લાભ જૈન શાસનને લાંબા સમય સુધી ન મળી શકયો અને તેઓ માત્ર ૩૭ વર્ષની ભર યુવાનવયે મુંબઈમાં તા. ૭-૮-૧૯૦૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા. આથી શાસનને એક સાચા સેવકની મોટી ખોટ પડી.

૪૦. આ ફેરીસ્ત (યાદી)ની નકલ પેઢીના દફ્તરમાંથી મળી શકી નથી તેથી એ અહીં આપી શકાઈ નથી.

૪૧. આનું મૂળ અંગ્રેજી લખાણ આ પ્રમાણે છે :

"Whatever may be the origin of the shrine, it seems to be solely under the control of the Jains, and its existence on the Hill in no way affects the interests of the Shravaks."

પાડવામાં આવ્યું હશે એવું અનુમાન થઈ શકે એમ છે. મૂળ અંગ્રેજીમાં બહાર પાડવામાં આવેલું જાહેરનામું આ પ્રમાણે હતું :

"As the continuance of the practice of going inside a Tunk on the Shetrunjay Hill with bare leather shoes and of smoking there in is found repugnant to the present sentiments of sanctity of the Jain Community, it is hereby notified for general information, with a view to meet the wishes and respect the religious sentiments of them, that no person shall enter a Tunk with bare leather shoes and smoke therein, and that no one shall go inside a Tunk with arms except for the arrest of criminals who may have taken shelter within any of the Tunks under a warrant issued by a state Magistrate.

"If any person is found to act against this order, he shall be liable to a fine up to Rs. 100.

Huzur Office,
Palitana, 1st June 1904.

Dolatram Motiram R.
Ag. Diwan, Palitana State.

૪૨. આ ફેંસલાનું (રબોપાનાં આ પાંચમા કરારનું) ગુજરાતી ભાષાંતર તથા મૂળ અંગ્રેજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦મા પ્રકરણ નામે રખોપાના કરારોમાં મૂળમાં તથા પાદનોંધમાં આપવામાં આવેલાં છે તે ત્યાંથી જોઈ શકાશે.

૪૩. આ માટે જુઓ દફ્તર નં. ૨૦, ફા. નં. ૨૦૫ માં આ વિવાદ અંગે જે કાર્યવાહી કરવામાં આવી હતી તેની તારીખવાર એક યાદી આપવામાં આવી છે. આ યાદીમાં સને ૧૯૩૪ માં કચારેક ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાને કરવામાં આવેલી અરજીનો જે ઉપર નિર્દેશ કરવામાં આવેલો છે તેની અરજીનો મુસદ્દો પેઢી તરફથી તૈયાર કરવામાં આવેલો હોવા છતાં, તે મુસદ્દો સરકાર તરફ મોકલવામાં આવ્યો હતો કે કેમ ? એ અંગે શંકા દર્શાવતું એક વાકય આ પ્રમાણે નોંધવામાં આવ્યું છે—"It is submitted?"—"શું આ રીવ્યુ અપીલ કરવામાં આવી છે ?" આ ઉપરથી એમ લાગે છે કે આ રીવ્યુ અપીલ કદાચ રવાના કરવામાં ન પણ આવી હોય.

૪૪. આ અનુવાદનું મૂળ અંગ્રેજી આ પ્રમાણે છે :

"If instead of listening to wise counsel either of the parties proclamed a war to the knife, the result is very likely to be that the Thakore will have to leave Palitana and revert to his ancient capital, than that the sect will ever abandon their vested interests in the Hill."

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

શ્રી શત્રુંજય મહાતીર્થને લગતાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો

છેલ્લાં ત્રીસેક વર્ષ દરમ્યાન શ્રી શત્રુંજય તીર્થના યાત્રિકોની મુશ્કેલીને દૂર કરે, એમના ભાવોલ્લાસને વધારે, ગિરિરાજની શોભામાં અભિવૃદ્ધિ કરે તેમજ એની આશાતના થતી અટકે એવાં કેટલાંક કાર્યો થયાં છે એની વિગત અહીં આપવામાં આવે છે.

પાલીતાણાની બારોટ જ્ઞાતિએ લખી આપેલ જાણવા જેવી એક બાંહેધરી

એમ લાગે છે કે કચારેક કંઈક એવો બનાવ બન્યો હોવો જોઈએ કે જેને લીધે પાલીતાણાની યાત્રાએ જતાં યાત્રાળુઓનાં મનને ઊંડો આઘાત લાગ્યો હશે. એ આઘાતના શમન માટે પાલીતાણાની બારોટ જ્ઞાતિના મોવડીઓએ જે બાંહેધરી લખી આપી હતી તે નીચે મુજબ છે, જે ખાસ જાણવા જેવી છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ સાહેબો,

મું. અમદાવાદ.

"જોગ અમો પાલીતાણા બારોટ જ્ઞાતિનાં પંચ આપને લખી આપીએ છીએ કે :—

૧. તાજેતરમાં અમારી જ્ઞાતિના લાલુભાઈ નારસિંહ કચ્છથી અત્રે યાત્રાર્થે આવેલ ભાઈ મણીને ફોસલાવી-ભગાડી લઈ ગયેલ તે માટે અમોએ ઠરાવ કરી તેના લાગ-ભાગ સદંતર બંધ કરેલ છે.

૨. છેલ્લા કેટલાક સમયથી અમારી જ્ઞાતિના સક્ષો તરફથી અત્રે આવતાં આપના યાત્રિકો પ્રત્યે અસભ્ય અને અનિચ્છનીય વર્તન રાખવામાં આવે છે તેથી આવા કિસ્સાઓ ફરીથી બનવા ન પામે તેવી ગોઠવણ માટે ઘટતા પગલાં લેવા આપે અમોને કહેલ પરંતુ અમો તે બાબત બેદરકાર રહી અત્યાર સુધી આપની સલાહ માની નહીં તે માટે ઘણા દીલગીર છીએ અને આશા રાખીએ છીએ કે, આપ તે દરગુજર કરશો.

૩. અમો આ સાથે રૂ. ૫૦૦/રૂપીઆ પાંચસો આપને ત્યાં અનામત મુકીએ છીએ. ભવિષ્યમાં અમારી જ્ઞાતિનો કોઈ પણ સક્ષ આપના યાત્રાળુઓ પ્રત્યે કાંઈ પણ તોછડાઈ કે અસભ્ય વર્તન બતાવે કે ડુંગર ઉપર કે મંદિરમાં કાંઈ પણ અનિચ્છનીય આચરણ કરે કરાવે તો આપની સૂચના મળેથી તેવા સક્ષનો લાગભાગ બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીશું અને તેમ કરવામાં કસુર કરીએ તો આપને યોગ્ય લાગે તે પગલાં આપ અમારી સામે લઈ શકો છો અને આપના આવા કોઈ પણ પગલા સામે અમારે કાંઈ પણ કહેવાનો અધિકાર રહેશે નહીં.

૪. ત્રણ વરસ બાદ અમારી જ્ઞાતિના કોઈ પણ સક્ષ તરફથી આપને કાંઈ પણ અસંતોષનું કારણ નહીં મળતાં આ રૂ. ૫૦૦ આપ અમોને પ્રત કરશો તેવી વિનંતી છે. તા. ૯ નવેમ્બર સને ૧૯૫૧."

(આ લખાણની નીચે પાલીતાણાની બારોટ જ્ઞાતિ વતી નાનુ લખમણ વગેરે ૧૧ આગેવાનોની સહીઓ છે જે ઉકેલાતી નથી.)

બારોટોના હક્ક બાબત સમાધાન

ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપરનાં તેમજ પાલીતાણા ગામમાંનાં દેરાસરોમાં મૂકવામાં આવતાં ચોખા, બદામ, નારીયેળ, પૈસા વગેરે લેવા અંગે જૂના વખતથી પાલીતાણામાં વસવાટ કરીને રહેલ બારોટ કોમ કેટલાક હક્કો ભોગવતી હતી. આ હક્કો કેવા પ્રકારના હતા અને તેથી બારોટ કોમને દેરાસરોમાંની કઈ કઈ વસ્તુઓ લેવાનો હક્ક મળતો હતો તથા તેનાથી એને કેટલો આર્થિક તેમજ બીજા પ્રકારનો લાભ થતો હતો તે હકીકત, પેઢીના દફ્તરમાં સચવાયેલ દિગંબર જૈન સંઘની, વિ. સં. ૧૯૫૧ ની સાલની, એક યાદી ઉપરથી જાણી શકાય છે. સંવત ૧૯૫૧ ની સાલમાં દિગંબર જૈન સંઘે પાલીતાણા શહેરમાં એક દેરું ચણાવેલું અને એ દેરાની પ્રતિષ્ઠા કરવાની હતી. તે વખતે દિગંબર જૈન સંઘ પાસે બારોટ કોમે પોતાનો હક્ક રજૂ કર્યો, તે ઉપરથી પાલીતાણા રાજ્યની હજૂર કોર્ટમાં દિગંબર જૈન સંઘના આગેવાનો તરફથી એક દાવો દાખલ કરવામાં આવ્યો હતો, જેનો ફેંસલો પાલીતાણા રાજ્યના દિવાન તરફથી તા. ૧૫-૨-૧૮૯૫ના રોજ આપવામાં આવ્યો હતો.

આ ફેંસલાની શરૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે—

"જૈન દીગંબર ધર્મના શેઠીયા હરીભાઈ દેવકરણ તથા મોતીચંદ પ્રેમચંદ તથા શા. માણેકચંદ પાનાચંદ ઝવેરીની અરજી તા. ૧ જનેવારી સને ૧૮૯૫ની આવી જેમાં લખે છે કે અમોએ પાલીતાણા શહેરમાં જમીન લઈ દેવળ ચણાવેલું છે. એ દેવળમાં અમારા મહાપ્રભુજીની પ્રતીષ્ઠા આવતા મહા માસમાં કરવાની છે. તે શુભ પ્રસંગ ઉપર અમારે ઘણા પૈસા ખરચી મોટો ઓચ્છવ કરવાનો છે તેમાં સ્વસ્થાન મજકુરના રહીશ ભાટ લોકો કે જેનો અમારા ઉપર ધર્મ સંબંધી કાંઈ પણ હક નથી છતાં અમારા ઉપર નવો હક કરવા એ લોકોની ધારણા છે ને તેથી એ લોકો જથાબંધ અમારા દેરા પાસે ભેલા થઈ અમને પુંજા વીગેરેમાં હરકત કરે છે તેનો બંદોબસ્ત થવા વીગેરે મતલબની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા તે બાબત સદરહુ ભાટ લોકોને બોલાવી પુછતાં બારોટ જીજી ગજી તથા હરીસંગ જગનાથ તથા રાયમલ ગગજી તથા હરીસંગ માવજીએ જાહેર કર્યું કે જૈન સીતંબરી ધર્મના શેત્રુંજા ડુંગર ઉપર તથા શેહેરમાં જે દેવલો છે તે તેઓના દેવ પાસે જે કાંઈ ધરે તે લેવાનો તથા કાંઈ ક્રીયા કરે તે તે ઉપર અમારો હક છે ને તે બાબત સીતંબરી ધર્મવાલા સાથે પેસ્તર અમારો ઠરાવ થયેલો છે. તે પ્રમાણે લઇએ છીએ અને આ દીગંબરી ધર્મવાળાનું તો તમામ અમે લઈએ છીએ."

આ રીતે આ ફેંસલાની શરૂઆત કર્યા પછી આ તીર્થની બાબતમાં ભાટ લોકો, એટલે કે બારોટ લોકો, શ્વેતાંબર જૈન સંઘ પાસેથી શું શું લેવાના હક્કો ભોગવતા હતા તેની જે યાદી આપવામાં આવી છે તે ઉપરથી યાત્રિકોએ ભક્તિભાવે ચડાવેલ પૈસા તથા બીજી વસ્તુઓ ભંડારમાં અથવા દેરાસરમાં જવાને બદલે બારોટ લોકોના કબજામાં, હક્કની રૂએ, જતી હતી તેનો ખ્યાલ આવી શકે એમ છે. એટલા માટે એ યાદી જાણવી ઉપયોગી તેમજ જરૂરી થઈ પડે એમ છે. તેથી અહીં એ રજૂ કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે—

"(૧) પરમેશ્વર પાસે ચોખા બદામ નાળીએર રોકડ નાણું વીગેરે જે કાંઈ ધરાય તે તમામ ભાટ લોકો લીએ છે.

"(૨) આદેશ્વર ભગવાનની પેહેલી પુંજનું ઘન બોલાય તે ફક્ત ભાટ લોકો લીએ– બાકી બીજા દેરાનું કારખાનામાં રીએ છે.

"(૩) આરતીનું ઘી બોલાય તે કારખાના રહે છે તે આરતીમાં જે કાંઈ રોકડ નાણું નાંખે તે ભાટ લોકો લીએ છે.

"(૪) રૂપાનો દાગીનો છત્તર વીગેરે મોટે દેરે કે બીજે હરકોઈ દેરે ચડાવે તેના રૂા. ૪–ચાર ભાટ લોકોને ઉઘડા અપાય છે.

"(૫) હિરા માણેક મોતી સોનાના દાગીના રૂા. ૧૦–દસ રૂપૈઆ ઉઘડા ભાટ લોકોને અપાય છે.

"(૬) પુજા ભણાવતી વખતે નીવેદ ધરાય તેમાં બોરાક અને રોકડ નાણું જે ધરાય તે તમામ ભાટ લોકો લીએ છે.

"(૭) સત્તર ભેદી પુજા ભણાય તેના રૂા. ૫– કારખાનામાં લવાય તેમાંથી રૂા. ૦।। આઠ આના ભાટને અપાય છે. બાકીની વદમાં રોકડનાણું વીગેરે જે ધરાય તે તથા અંગ લુસવાના કપડા સહીત ભાટ લોકો લીએ છે.

"(૮) નાની સનાર પુંજ ભણાય તેમાં પૈસા ૭–૧ કારખાનામાં લેવાય છે તેમાંથી ભાટને પાંચ પાઈ અપાય છે બાકી નીવેદ અને થાપના ભાટ લોકો લીએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"(૯) લુગડાનું તોરણ હરકોઈ દેરે ચડાવે તે બે રૂપીયા ઉપરની-કીંમતનું હોય તો ભાટને રૂા. ૨- અપાય અને બે રૂપીયા અંદરની-કીંમતનું હોય તો ભાટ લોકો લઈ જાય છે.

"(૧૦) લુગડાનો ચંદરવો અથવા પુંઠીયું કોઈના તરફથી ચડાવે તે પણ જો રૂા. ૪-ચાર ઉપરાંતની કીંમતનો હોય તો ભાટને રૂા. ૪-ચાર રૂપીયા અપાય છે અને ચાર રૂપીયાના અંદરનું હોય તો ભાટ લોકોને અપાય છે.

"(૧૧) કારખાના તરફથી અથવા દેરાના માલેક તરફથી ગમે તે વખતે દર દાગીના ચડાવે તે ઉપર ભાટો કાંઈ લેતા નથી.

"(૧૨) નવી દેરી ચણાવે અથવા બીજા પાસેથી વેચાણ લે છે-પ્રતમાં બેસારે તો દેરીની બાબતમાં રૂા. ૫-પાંચ ભાટ લોકો લીએ છે તે સીવાય દર પ્રતમા દીઠ રૂા. ૧-એક ભાટ લોકોને અપાય છે.

"(૧૩) કાંઈ જાત્રાળુ દેવના ઉપર દાગીનો નહીં ચડાવતા કારખાનાવાલાને આપી જાય અથવા ભલામણ કરી જાય તે-પ્રમાણે કારખાનાવાલા તરફથી ચડાવતા ભાટના જાણવામાં આવે કે બીજા તરફનું છે તો તે લોકો ઉપર લખ્યા પ્રમાણે લે છે.

"(૧૪) સંઘવી સંઘ લઈ આવે ત્યારે તેનું સામૈયું કરી ગામમાં કારખાને અથવા તેના ઉતારે આવે ત્યારે ભાટ લોકોને સીખ તે વખતે બે જણા નામ પાડી મરજી માફક આપે છે.

"(૧૫) જાત્રાળુ કોઈ નોકારસી કરે તેમાં તમામ ભાટ લોકો જમે છે સીવાય વીધવા ઓરતો જમવા ન જાતી હોય તેને પીરસણા અપાય છે તે સીવાય મોટેરા[૧]ને પાંચ પીરસણા અપાય છે.

"(૧૬) સામીવચ્છલ : એટલે ફક્ત જાત્રાળુને જમાડે તે બાબત કારખાનાનો મુનીમ અથવા બીજા શેઠીયાના માણસ ભાટ લોકોને ઉઘડ રૂપૈયા આપવાનું નામ પાડે તે સીવાય પીરસણા પાંચ મોટેરાના તથા પીરસણા બે પંચાલ અપાય છે.

"(૧૭) નવાણું કે ટોલી અથવા છઠ આઠમના કોઈ પારણા કરાવે અથવા દસ વીસ માણસ જમાડે તો ભાટને એક પીરસણું અપાય છે.

"(૧૮) આદેસર ભગવાનને દેરે આંગી ચડાવે તેના કારખાનામાં રૂા. પા-લેવાનો હક છે તેમાંથી રૂા. ૦।। આઠ આના ભાટને અપાય છે બીજે દેરે ચડાવે તે ઉપર ભાટ લેતા નથી ભાટનું કહેવું કે રૂા. ૦।। આઠ આનાનું કહે છે પણ રૂા. ૧-અમે લઈએ છીએ ને તે બાબત સ. ૧૯૪૫ની સાલનું નામું બતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"(૧૯) સોનાનો વરગ અથવા રૂપાનો વરગ અથવા બાદલાની જે કાંઈ આંગી કરે તે કારખાને આવે છે ભાટ લેતા નથી ભાટ લોકો રૂા. ૦।। આઠ આના લેવાનું કહે છે.

"(૨૦) ડુંગર ઉપર અથવા નીચે ગામમાં સીખર બંધી કોઈ દેરાસર કરે તો તેના રૂા. ૧૦-૧૨ ભાટને અપાય છે તેમાં પ્રતમાની સ્થાપના વખતે નીચે મુકે તે નીચે રહે છે તે કોઈ લેતું નથી. બાકી દરેક પ્રતમા દીઠ રૂા. ૧-એક રૂપીયો ભાટ લોકોને અપાય છે.

"(૨૧) કોઈ સંઘવી ઈદર માલ પહેરે તેના પાસેથી કારખાનામાં રૂા. ૫૧-લેવાય છે તેમાંથી રૂા. ૧૨-બાર રૂપીયા ભાટને અપાય છે. ભાટ લોકો રૂા. ૧૪ લેવાનું કહે છે.

"(૨૨) સીંઘાસણ અથવા વાસણ દાગીના ભંડારમાં વાપરવા માટે કોઈ આપે તે ઉપર ભાટ કાંઈ લેતા નથી.

"(૨૩) છડી ચમર અથવા આભામંડલ કોઈ ચડાવે તે ઉપર ભાટ લેતા નથી.

"(૨૪) દેવને પખાલ વખત જે ઘન બોલાય તે ઉપર ભાટ લોકો પોતે લેવાનું કહે છે પણ તજવીજ ઉપરથી નકી થઈ શકતું નથી.

"(૨૫) આદેસરજીના દેરા ઉપર સંઘવી અથવા જાત્રાળુ ધજા ચડાવે તો ભાટ લોકોને રૂા. ૦।। આઠ આના અપાય છે.

"(૨૬) મેરતેરસ એટલે પોસ વદ ૧૩સે આદેસરજીને દેરે ઘી ગો મેર[૨] ભરાય તેનો રૂા. ૧-એક રૂપીયો ત્થા બીજે દેરે ભરાય તેના રૂા. ૦।। આઠ આના લેવાનું ભાટ કહે છે. સુંદરજી એ બાબતમાં માહેતી નથી એમ કહે છે.

"(૨૭) શેત્રુંજા ડુંગર ઉપર રથ જાત્રા ફરે તે ઉપર રૂા. ૧-એક રૂપીયો અમે લઈએ છીએ એમ ભાટ લોકો કહે છે સુંદરજી તે કબુલ કરે છે સીવાય ભાટનું કહેલું રથ જાત્રા ફરીને આવે તેનું પોખણું થાય તેનું ઘી બોલાય તે કારખાનામાં રહે રૂા. ૦।। આઠ આના ભાટને મલે છે સુંદરજી એ બાબત અજાણપણું બતાવે છે.

"(૨૮) કોઈ જાત્રાળુ પગલાની સ્થાપના કરે તો રૂા. ૦।। આઠ આના અમે લઈએ છીએ એમ ભાટ લોકોનું કહેવું છે સુંદરજી ના પાડે છે પણ તજવીજ ઉપરથી લેવાતું હોય એમ જણાય છે.

"(૨૯) પાચ પરબનો ભાટનો ભાગ ડીઠ ગોળ[૩] શે૦ ૨।। અઢી શેર કાપા[૪] કારખાનેથી લેવાનું ભાટ લોકો કહે છે સુંદરજી કબુલ કરે છે.

"(૩૦) કોઈ નવું દેરૂ અથવા દેરી કરે તેના ઉપર પાયડી સોના અથવા રૂપાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંસડી અને ઢાલીયેા કરે તે અમેા લઈએ છીએ એમ ભાટ લેાકેા કહે છે સુંદરજી પેાતાની માહેતી નથી એમ કહે છે વલભજી દેરી ઉપરથી ભાટ લેાકેા લીએ છે એમ કહે છે.

"(૩૧) પ્રતીસ્ટા વખતે સ્થાપનાના એક ૧-વધારે પાટલા કરે તેા એક સલાટને અપાય છે. બાકી ભાટ લેાકેા લીએ છે એમ ભાટ લેાકેા કહે છે સુંદરજી-માહેતી નથી એમ કહે છે વલભજી કબુલ કરે છે.

"(૩૨) સ્થાપના વખતે કુંભ અને દીવેા મુકે છે તે લેવાનેા અમારેા હક છે એમ ભાટ લેાકેા કહે છે સુંદરજી ના પાડે છે વલભજી કુંભની અંદર જે હેાય તે ભાટને અપાય છે બાકી ત્રાંબા પીત્તળના ઘડા કારખાનામાં રહે છે.

"(૩૩) જલ જાત્રા એટલે વીરડા ગાળી તે પાસે પૈસા વીગેરે મુકે છે તે થા કુંભ ઉપરનું બંધણ અમે લઈએ છીએ એમ ભાટ લેાકેા કહે છે સુંદરજી માહેતી નથી એમ કહે છે વલભજી જે વીરડા પાસે મુકે તે ભાટ લેાકેા લીએ છે એમ કહે છે."

ફેંસલામાં આપવામાં આવેલી બારેાટેાના હક્કો સંબંધી આ ચાદી શ્વેતાંબર જૈન સંઘની પાલીતાણાની પેઢીના જાણકાર મહેતા સુંદરજી મેાતી, નગરશેઠ મેયર જેકા તથા શેઠ નરશી કેશવજીના ગુમાસ્તા વલ્લભજી વસ્તાને પૂછીને આપવામાં આવી છે. આ તેત્રીસ મુદ્દાઓમાંથી કયા કયા મુદ્દા અંગે દિગંબર જૈન સંઘે ભાટ-બારેાટેાનેા શેા શેા હક્ક કબૂલ રાખવેા એની ફેંસલામાં જે તે મુદ્દાની સામે નેાંધ કરવામાં આવી છે. પણ એ નેાંધનેા આ સ્થાને કેાઈ ઉપયેાગ નહીં હેાવાથી એ અહીં રજૂ કરવામાં આવતી નથી.

આ રીતે આ નેાંધેા આપ્યા પછી અંતે ફેંસલામાં જણાવવામાં આવ્યું છે કે—

"ઉપર લખી બાબતેા સીવાય બીજી બાબતેા હેાય એમ કારખાનાવાળા તરફથી બતાવવા ભાટ લેાકેા તરફથી બતાવતા નથી પણ ભાટ લેાકેા મેાઘમ રીતે બીજી ઘણી બાબતેા અમારી છે એમ કહે છે તેને માટે એમ ઠરાવીએ કે ઉપર લખી બાબતેા સીવાય કેાઈ બીજી બાબત સીતમબરી ધર્મવાલા તરફથી ભાટ લેાકેા લેતા હેાય એમ ભાટ લેાકેાએ ખાત્રી કરવા ઉપરથી જે પ્રમાણે સીતમબરી આપતા હેાય તે પ્રમાણે દીગમબરીએ આપવાનું અમે ઠરાવીએ છીએ."

બારેાટેાના આ હક્કોને લીધે યાત્રિકેાના મન કેટલા દુભાતા હતા અને એમને કેવી કેવી કનડગત ભેાગવવી પડતી હતી એની થેાડીક જાણવા જેવી માહિતી, આજથી આશરે પેાણેાસેા વર્ષ પહેલાં, વિ. સં. ૧૯૬૧ના કારતક સુદી ૧ ના રેાજ પ્રગટ કરવામાં આવેલ હાથે લખેલી જાહેરખબર ઉપરથી પણ જાણવા મળે છે. એ જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જાહેર ખબર

"સર્વે જૈન બંધુઓ જેઓ શ્રી સિદ્ધાચળ મહાતીર્થની યાત્રા નિમિત્તે આવે છે તેમને આ એક અત્યંત આવશ્યક બાબતમાં ખબર આપવામાં આવે છે કે શ્રી સિદ્ધાચળજી તીર્થે દેરાસરજીમાં પ્રભુ પાસે ચોખા, બદામ, પૈસા વીગેરે જે કાંઈ ધરવામાં આવે છે તે ત્યાંના બારોટ ઈર્ફે ભાટ લોકો લે છે. તે સંબંધમાં કેટલું ધરવું કે કેટલું નહીં તે તો ધરનારની મરજી ઉપર છે. પરંતુ જેટલું પ્રભુની ભક્તી નિમિત ધરવામાં આવે છે તે કેવી પંક્તિનાં માણસો લઈ જાય છે તે જોવાનું છે કારણ કે આપણો પ્રભુભક્તિનો હેતુ તો છેવટ સુધી જળવાવો જોઈએ. તે જો જળવાય નહીં તો પછી આપણું ધરવું તે ન ધરવા બરોબર છે.

"હાલમાં ભાટ લોકો કેવી વર્તણુંક ચલાવે છે તે નવા આવનારા યાત્રાળુઓના ધ્યાન પર લાવવા માટે જણાવવાની જરૂર છે કે ગયા અસાડ માસમાં તે લોકોએ પાલીતાંણા શેહેરમાં આવેલા મોટા દેરાસરજીમાં મોટું હુલડ કરી શેઠ આણંદજી કલ્યાણજીના કારખાનાના નોકરોને લાકડીઓના સપાટા લગાવ્યા હતા, જે જોઈને યાત્રાળુઓના દીલ એટલાં બધાં કંપી ઊઠ્યા હતા કે આ શો જુલમ. આપણા આશ્રિતો જ શું આપણને માર મારે. આપણા મુકેલા ચોખા બદામથી રાતામાતા થયેલાઓ શું આપણને જ મારવા ઊઠે. આ બધું શું આપણે મૂંગે મોઢે સહન કરવું અને તેઓને વધારે ઉત્તેજન આપ્યા કરવું. આના જેવી મૂર્ખાઈ બીજી કોઈ પણ હોય જ નહીં. આટલા ઉપરથી ત્યાં હાજર હતા તે જાત્રાળુઓએ નજરે જોયેલી હકીકતનાં અમદાવાદ વીગેરે ઘણા ગામોને ખબર આપ્યા હતા અને તેટલા ઉપરથી ઘણા ગામો તેમજ સેહેરોમાં એવા ઠરાવ થયા છે કે જ્યાં સુધી ભાટ લોકો પોતાની ચાલ સુધારે નહીં, આશાતના કરતાં આળસે નહીં અને દુશ્મનાઈ બતાવતા દુર થાય નહીં ત્યાં સુધી પરમાત્માની ભક્તિ ચંદનપુષ્પાદીકથી તથા આંગી વીગેરેથી બીજા અનેક પ્રકારે કરવી પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે અત્યંત અઘટિત ચાલ ચલાવનારા બારોટ લોકોને ઉત્તેજન મળે તેવી રીતે એટલે ચોખાબદામ વીગેરે મૂકીને ઠરવી નહીં તેમજ ડુંગર ઉપર મોટી ટુંકમાં મુલનાયકજી માહારાજની પહેલી પૂજાનો ચડાવો કરવો નહીં. આ લેખકોને આશા છે કે આપશ્રી ઉપર જણાવેલા શ્રીસંઘના વિચારને અનુકૂળ જ વિચાર ધરાવશો. સંઘ વિરૂદ્ધ વિચાર ધરાવશો નહીં.

"ઉપર જણાવેલી હકીકત કરતાં બીજો વધારે કમકમાટ ભરેલો બનાવ એક જોવો બન્યો છે કે જે સાંભળતાં તમારૂ હૃદય પણ કંપી ઊઠશે. એક સાધુને ચાર જણાએ પકડી, વગડામાં લઈ જઈ, તમામ કપડા ઊતારી લઈ, હાથ પગ બાંધી કેટલાંક દૂર વાડમાં નાંખી દીધા કે જે સાધુનો પત્તો ચોવીસ કલાકે મળ્યો. આવું અસહ્ય દુઃખ સાધુ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહન કરી શકે. આવું મહા માઠું કૃત્ય કરનાર કોણ હોવા જોઈએ તેની આજુબાજુના સંયોગને લઈને તેમજ, તે હરામખોરોના બોલેલા શબ્દોથી, જેઓ પાલીતાણામાં હતા તેઓને તો ખાત્રી થઈ ચૂકેલી છે. તેમને પૂછવાથી તમે પણ જાણી શકશો અને એ દુઃખની હકીકત મુનિ મહારાજ હંસવિજયજીના એ સાધુ શિષ્ય હોવાથી તેમને પૂછવાથી પણ જાણી શકશો.

"હવે .... આવાં કૃત્યો થાય તેમાં આપને કાંઈ લાગણી થતી ન હોય તો આપ સ્વેચ્છા પ્રમાણે વર્તજો અને જો કાંઈ પણ ધર્મની લાગણી હોય તો ઉપર જણાવેલા શ્રીસંઘના ઠરાવને અનુસરીને ચંદન પુષ્પાદીક વડે તથા આંગી કરાવવા વીગેરે વડે પરમાત્માની વિશેષ ભક્તિ કરજો. સુજ્ઞને ઇસારો બસ છે. વધારે સમજાવવું પડતું નથી. હાલ એ અરજ. સં. ૧૯૬૧નાં કાર્તિક શુદિ-૧.

"શ્રી સિદ્ધાચળ તીર્થની ભક્તિમાં તત્પર
અંતઃકરણની લાગણીવાળા જૈનો."

ઉપર આપેલ જાહેરાત ઉપરથી એ સહેજે સમજી શકાય એમ છે કે જેમ જૈન સંઘ તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને શ્રી શત્રુંજય તીર્થને લગતા અનેક જાતના હક્કોના રક્ષણની બાબતમાં પાલીતાણા રાજ્ય સાથે સંઘર્ષમાં ઊતરવું પડતું હતું તેમ પાલીતાણાના ભાટ-બારોટો દેરાસરમાં મૂકવામાં આવેલ ચોખા, ફળ, નિવેદ તેમજ રોકડ નાણાં વગેરે બાબતમાં જે હક્કો પહેલાંથી ભોગવતા હતા તેના કારણે ભાવિક યાત્રાળુઓનાં મન દુભાતાં હતાં, એટલું જ નહીં પણ ઘણી વાર આ પદ્ધતિ એમને માટે કનડગત રૂપ થઈ પડતી હતી તેમજ કચારેક કચારેક એમાંથી બોલાચાલી, કલેશ-કંકાસ કે મોટા ઝઘડા પણ ઊભા થઈ જતા હતા. એટલે આ બાબતનું કોઈક કાયમી સમાધાન થાય એવાં પગલાં ભરવાની ખાસ જરૂર હતી, પણ આ વાતે એવાં ઊંડાં મૂળ ઘાલેલાં હતાં કે જેથી તેનો નિકાલ કરવાનું કામ ઘણું જ કપરું હતું અને છતાં એ કોઈ પણ ભોગે પતાવવામાં આવે તે ઇષ્ટ તેમજ જરૂરી પણ હતું.

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ જ્યારથી પેઢીના પ્રમુખ બન્યા ત્યારથી એમણે પેઢી હસ્તકનાં તીર્થોને સુરક્ષિત કરવા તરફ જેમ પૂરતું ધ્યાન આપ્યું હતું તેમ યાત્રિકો કોઈ પણ જાતની બેદિલી કે કનડગત વગર, ભક્તિભાવપૂર્વક યાત્રા કરી શકે એવી આવકારદાયક પરિસ્થિતિ સર્જવા માટે પણ તેઓ પૂરતી ચિંતા-વિચારણા અને પ્રયત્ન કરતા રહેતા હતા અને એ દિશામાં અનુકૂળતા જણાય ત્યારે નક્કર પગલાં પણ ભરતા રહેતા હતા. બારોટોના આવા હક્કોને લીધે યાત્રિકોને જે બેદિલી અથવા તો ભક્તિભાવમાં અગવડ તેમજ કનડગત વેઠવી પડતી હતી એ એમને હમેશાં અટકચા કરતી હતી અને એ દૂર કરી શકાય એવી તકની તેઓ રાહ જ જોયા કરતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરાજ્ય આવ્યા પછી પાલીતાણા રાજ્યનું ભારતમાં વિલીનીકરણ થયું અને એની સાથે સાથે રજોપા નિમિત્તે પાલીતાણા રાજ્યને આપવી પડતી વાર્ષિક રૂા. સાઇઠ હજારની રકમ સૌરાષ્ટ્ર સરકાર તરફથી માફ કરવામાં આવી ત્યાર પછી તેઓએ આ દિશામાં પોતાનું વિશેષ ધ્યાન આપ્યું અને કેટલાંક વર્ષો સુધી ખૂબ ધીરજ અને દીર્ઘ દૃષ્ટિપૂર્વક આ અંગે બારોટ કોમના આગેવાનો સાથે સમજાવટપૂર્વકની ચર્ચા-વિચારણા કર્યા પછી એવી આવકારદાયક પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેથી પાલીતાણામાં વસતા ભાટ-બારોટોની જ્ઞાતિ પોતાના આ અધિકારને જતા કરવા તૈયાર થઈ. પણ આમાં મોઢાની વાત કે સામાન્ય લખાણથી ચાલી શકે એમ ન હતું. એટલે જે કંઈ કરવું ઘટે તે કાયદાની દૃષ્ટિએ બિલકુલ ટકી શકે એવું પાકું કામ કરવાની જરૂર હતી.

આ વાટાઘાટોના પરિણામરૂપે જે દસ્તાવેજ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે માટે, સૌથી પહેલું કામ, પાલીતાણાની સમસ્ત બારોટ જ્ઞાતિ તરફથી આ કાર્ય માટે પોતાના પ્રતિનિધિઓ નીમીને તેને પૂરતો અધિકાર આપવાનું કરવાનું હતું. તેથી સં. ૨૦૧૮ના મહા વદી આઠમ, તા. ૨૮-૨-૧૯૬૨ને બુધવારના રોજ બારોટ જ્ઞાતિની સભા બોલાવીને તેમાં પોતાના બાર અધિકૃત પ્રતિનિધિઓ નીમવામાં આવ્યા હતા.

આ રીતે પ્રાથમિક કાર્યવાહી પૂરી થયા પછી એક બાજુ આ અંગે કરવાના કરારના દસ્તાવેજનો મુસદ્દો તૈયાર કરીને તા. ૮-૯-૧૯૬૨ના રોજ મુંબઈના સોલિસીટર મણિલાલ એર અંબાલાલ એન્ડ કંપનીની પાસે મંજૂર કરાવ્યો અને બીજી બાજુ તા. ૨૨-૯-૬૨ના રોજ બારોટ કોમના બાર પ્રતિનિધિઓની પણ એના ઉપર મંજૂરી લેવામાં આવી. અને તે પછી વિ. સં. ૨૦૧૮ના આસો વદી બારસ તા. ૨૫-૧૦-૧૯૬૨ને ગુરુવારના રોજ રૂા. ૧૩,૪૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર એ દસ્તાવેજ લખીને એના ઉપર પાલીતાણાની સબ રજીસ્ટ્રારની કોર્ટમાં સહીસિક્કા કરવામાં આવ્યા.

આ આખો દસ્તાવેજ નીચે મુજબ કરવામાં આવ્યો હતો—

"ડીસ્ટ્રીક્ટ ભાવનગર સબ ડીસ્ટ્રીક્ટ પાલીતાણા

"ગામ પાલીતાણા દસ્તાવેજ રોકડ રકમના બદલામાં

"શહેર પાલીતાણામાં શ્રી પવિત્ર શેત્રુંજય ડુંગર પરના તથા તલાટીના તથા ગામના દેરાસરો વિગેરેની આવકનો હક્ક છોડી દીધાનો દસ્તાવેજ.

"સંવત ૨૦૧૮ના આસો વદી ૧૨ને વાર ગુરૂવાર તારીખ ૨૫ પચીશમી માહે અક્ટોબર સને ૧૯૬૨ ઓગણીસસોબો બાસઠના રોજ.....

"લખાવી લેનાર—સમસ્ત ભારતના શ્વેતાંબર મુર્તીપૂજક જૈન કોમની પ્રતિનિધિ સંસ્થા શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વતી વહીવટદાર પ્રતિનિધિઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"૧ વકીલ ચંદ્રકાન્ત છોટાલાલ ધર્મે જૈન જ્ઞાતે વાણીયા ઉમર આશરે વરસ ૫૯ ધંધો વકીલાત રહેવાશી અમદાવાદના.

"૨ શેઠ કાંતિલાલ ભોગીલાલ ધર્મે જૈન જ્ઞાતે વાણીયા ઉમર આશરે વરસ ૬૪ ધંધો મીલ એજન્ટ રહેવાશી અમદાવાદ.

"લખી આપનાર—શ્રી પાલીતાણા સમસ્ત બારોટ જ્ઞાતી વતી જ્ઞાતિએ અધિકાર આપેલા આગેવાનો.

"૧ બારોટ કરશનદાસ જેમાભાઈ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૮ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા.

"૨ બારોટ દેવીસીંગ ભાવસીંગ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૫૨ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા.

"૩ બારોટ હીંમતભાઈ હીરજીભાઈ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા. ઉમર આશરે વરસ ૬૦.

"૪ બારોટ રતિભાઈ ગોપાળજી ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૬૦ ધંધો યજમાનવૃતિ રહેનાર શહેર પાલીતાણા.

"૫ બારોટ મોહનભાઈ અમરશંગ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૦ ધંધો યજમાનવૃતિ તથા વેપાર રહેનાર શહેર પાલીતાણા.

"૬ બારોટ ભાવસીંગ હઠીસીંગ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૫ ધંધો યજમાનવૃતિ રહેનાર શહેર પાલીતાણા.

"૭ બારોટ ભવાનભાઈ ગોપાળજી ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૭૦ ધંધો યજમાનવૃતિ રહેનાર શહેર પાલીતાણા.

"૮ બારોટ ઈશ્વરલાલ મૂળજી ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૫ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા.

"૯ બારોટ નાનુભાઈ લક્ષમણભાઈ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૬૦ ધંધો યજમાનવૃતિ રહેનાર શહેર પાલીતાણા.

"૧૦ બારોટ કરશનભાઈ દેવીસીંગ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૩૫ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા.

"૧૧ બારોટ ગોવિંદભાઈ નારણભાઈ ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૯ ધંધો યજમાનવૃતિ રહેનાર શહેર પાલીતાણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"૧૨ બારોટ વીરસીંગ ભગવાન ધર્મે હિન્દુ જ્ઞાતે બારોટ ઉમર આશરે વરસ ૪૨ ધંધો યજમાનવૃતિ તથા નોકરી રહેનાર શહેર પાલીતાણા.

"જત આ ઉપરથી અમો લખી આપી બંધાઈએ છીએ કે.... ....

"(૧) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જે સમસ્ત શ્વેતામ્બર મુર્તીપુજક જૈનોની પ્રતિનિધી સંસ્થા છે તેના તમો વહીવટદાર પ્રતિનિધીઓ છો અને અમો લખી આપનાર પાલીતાણાની સમસ્ત બારોટ જ્ઞાતીના અધીકૃત આગેવાનો છીએ.

"(૨) સંવત ૨૦૧૮ ના ભાદરવા વદી ૬ ને વાર શનીવાર તારીખ ૨૨-૯-૬૨ ના રોજ પાલીતાણાની બારોટ જ્ઞાતીની સભા મળી તેમાં ઠરાવ કર્યા મૂજબ અને અમોને અધીકાર આપ્યા મૂજબ સદરહુ અધિકારની રૂઈએ અમો તમોને આ દસ્તાવેજ કરી લખી આપી બંધાઈએ છીએ કે—

"(૩) પાલીતાણામાં તમારા વહીવટના તથા અન્ય સંસ્થાઓ, વ્યક્તિઓ વિગેરે બીજાઓના વહીવટના શ્રી પવિત્ર શેત્રુજય ડુંગર ઉપર તથા આસપાસ રોહીશાળા, ભાડવા વિગેરે ડુંગર ઉપર, તલાટીએ, ગામમાં તથા છ ગાઉની અને બાર ગાઉની યાત્રામાં આવતાં જૈનોના તમામ દેરાસરો, દેરીઓ, પગલાંઓ, ધર્મશાળાઓ વિગેરેમાં તથા શાન્તી-સ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર, અઠ્ઠાઈ મહોત્સવ વિગેરે ઉત્સવોમાં તથા સંઘના સામૈયા વખતે તથા મહારાજશ્રીના સામૈયા વ્યાખ્યાન વિગેરે પ્રસંગોમાં પાટલા ઉપર પ્રભુજીના પસમાં અને બીજી રીતે સોનું, ચાંદી, રોકડ રકમ તથા ચોખા, બદામ, ફળ નૈવેદ્ય વિગેરે યાત્રા-ળુઓ તરફથી મુકવામાં અગર ધરવામાં આવતી ભેટ સોગાદ વિગેરેની ચડોતરીની આવક લેવાનો તથા ટોળી, જમણવાર, સ્વામી વાત્સલ્યના પીરસણા, ચોરી, ઉપધાનની માળ, નાન્દ, તીર્થમાળ તથા પ્રભુજીને પધરાવવાની વિગેરે જે જે આવક લેવાનો અમારી પાલીતાણાની બારોટની જ્ઞાતીનો પેઢી સામે, જૈન યાત્રાળુઓ સામે કે અન્ય સંસ્થાઓ કે વ્યક્તિઓ સામે જે હક્ક છે તે તમામ હક્કો નીચેની કલમ ૫ માં દર્શાવેલા ત્રણ આવક લેવાના હક્ક સિવાયના અમારા તમામ હક્કો કલમ ૪ માં દર્શાવ્યા પ્રમાણે વાર્ષીક રૂા. ૪૦૦૦૦-૦-૦ અંકે ચાલીશ હજાર રૂપીયા તમારા પાસેથી લેવાના ઠરાવી તમારા લાભમાં છોડી દઈ તમોને એ સર્વ હક્કો આપીએ છીએ.

"(૪) ઉપર પેરા ત્રણમાં જણાવેલ રૂા. ૪૦૦૦૦-૦-૦ અંકે ચાલીશ હજાર રૂપીયા લેવાના જે નક્કી કરેલ છે તેની વિગત એવી છે કે-તમારા વહીવટના દેરાસરો વિગેરે-માંથી ઉપર મુજબની આવક લેવાનો અમારો હક્ક વાર્ષીક રૂા. ૩૫૦૦૦/અંકે રૂપીયા પાંત્રીશ હજાર લેવાના બદલામાં તમારા લાભમાં છોડી દઇએ છીએ અને બીજાઓના વહીવટના દેરાસરો વિગેરેમાંથી ઉપરની આવક લેવાનો અમારો હક્ક વાર્ષીક રૂા. ૫૦૦૦/

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકે પાંચ હજાર રૂપીયા લેવાના બદલામાં તમોને વેચાણ આપીએ છીએ અને તે લેવાની રકમ પેટે તમારા પાસેથી આજરોજ અમારી બારોટ જ્ઞાતીની જરૂરીયાત માટે રૂા. ૨,૦૦,૦૦૦-૦-૦ અંકે રૂપીયા બે લાખ રોકડા લીધા છે. આ રકમ ઉપર અમો તમોને દર વરસે દર સેંકડે પાંચ ટકા લેખે વ્યાજ આપીશુ અને આ રકમ અમારે તમોને દશ વર્ષમાં મજરે આપવાની છે. તેથી અમારે વાર્ષીક લેવાના હપતાની રકમમાંથી દશ વર્ષ સુધી દર સાલ રૂા. ૨૦૦૦૦/વીશ હજાર મુદ્દલ પેટે તથા ચડેલું વ્યાજ કાપી આપી બાકીની રકમ અમો તમારી પાસેથી લઇશું અને આ રકમ પૂરેપૂરી ભરપાઈ થઇ ગયા બાદ દર વર્ષે રૂા. ૪૦૦૦૦/અંકે ચાલીશ હજાર રૂપીઆ અમારે તમારી પાસેથી લેવાના છે.

"(૫) આ કરારમાં બારોટની જ્ઞાતીના નીચેની ત્રણ આવક લેવાનાં હક્કનો સમાવેશ થતો નથી. તેની વિગત—

"(૧) નવકારશી વખતે મીઠાઈ મણ ૧૨ બાર અને ગાંઠીયા મણ ૩ ત્રણ તથા ભાતના રૂા. ૧૨-૦-૦ બાર તથા એક ટંકની ચોરાશી જમે તો જ્ઞાતીને જમવાનો હક્ક છે તે.

"(૨) બાર મહીને એક વખત પાંચ પરબનો ગોળ લેવાનો હક્ક તથા

"(૩) જાનની ચિઠીઓની આવક જે અમો લઈએ છીએ તે લેવાનો હક્ક.

"(૬) ઉપર કલમ ૫ માં જણાવવામાં આવેલ છે તે હક્કો સિવાય તમામ હક્કો આ દસ્તાવેજનો અમલ થવાની તારીખથી તમોને પ્રાપ્ત થાય છે અને તેવાં કોઈ હક્કો બારોટ જ્ઞાતિ કે તેના સભ્યોના રહેતાં નથી અને તેવાં કોઈ હક્કો ઉપર કલમ ૫ માં જણાવ્યા સિવાયના આગળ ધરવા મેળવવા કે વસુલ કરવા બારોટ જ્ઞાતી કે તેના કોઈ સભ્યને હક્ક કે અધિકાર કે સત્તા હવેથી રહેતાં નથી અને તેમના તેવાં તમામ હક્કો તમોને પ્રાપ્ત થાય છે અને તેવાં હક્કોના ભોગવટા માટે તમો તમોને પોતાને યોગ્ય લાગે તેવી વ્યવસ્થા કરવા મુખત્યાર છો.

"આ દસ્તાવેજ કરી આપવાનો અમારો ઉદ્દેશ એ છે કે કલમ ૫ માં જણાવેલા અમારા હક્કો સિવાયના બાકીના તમામ હક્કો તમોને અસરકારક રીતે પ્રાપ્ત થાય અને આ દસ્તાવેજનો અમલ શરૂ થવાની તારીખથી તમારા વહીવટવાળા તથા ઇતર સંસ્થાઓ તથા વ્યક્તિઓના વહીવટવાળા સ્થાન જગ્યાઓ વિગેરેમાંથી અમો જે જે આવક, રીવાજ મૂજબ લઈએ છીએ તે તમામ આવક તમો રાખી શકો, લઈ શકો. અને અસરકારક રીતે વસૂલ કરી શકો તેથી તે આશય સિદ્ધ કરવા માટે જ્યારે તમોને જરૂર લાગે ત્યારે તમો કહો તેવાં પ્રકારની અરજીઓ, કબૂલતો, દસ્તાવેજો લખાણ વિગેરે કરી આપવા અમો બારોટ જ્ઞાતી બંધાયેલા છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"(૭) અમોને વાર્ષિક આપવાની રકમ કોને આપવી તે બદલ અમારી જ્ઞાતીની સભા ભરી તે સભામાં ઠરાવ કરી સદરહુ રકમ લેવા કમીટી નીમીશુ અને તેના નામો અમો તમોને મોકલાવીશું. અને અમો તમોને જે નામો લખી મોકલાવીએ તેમને તમારે પૈસા આપવાના છે અને એ રીતે રકમ અમોને આપ્યેથી તે રકમ અમારી આખી જ્ઞાતીને મલ્યા બરોબર છે.

"(૮) અમારે તમારી પાસેથી વાર્ષિક રકમ જે લેવાનું નક્કી કરેલ છે તે લેવાનો અમારો હક્ક અમો તમારા સિવાય બીજા કોઈને વેચાણ કે એસાઇન કે ટ્રાન્સફર કરી શકીશું નહી.

"(૯) ઉપર નક્કી કર્યા મુજબ અમોને વાર્ષિક આપવાની જે રકમ ઠરાવી છે તે રકમ લેવા સિવાય હવે અમારી બારોટની જ્ઞાતીનો બીજો કાંઈ હક્ક રહેતો નથી. અને તે બધી આવક લેવાનો હવેથી તમારો હક્ક છે અને અમારી બારોટ જ્ઞાતીએ ઉપર લખેલા હક્કો જે તમારા લાભમાં છોડી દીધેલ છે તેના બદલામાં તમોએ એટલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાલના તથા વખતોવખત જે વહીવટદાર પ્રતિનિધીઓ હોય તેમણે અમારી જ્ઞાતીને ઉપર કલમ ૪–ચારમાં નક્કી કર્યા મુજબની વાર્ષીક રકમ રૂા. ૪૦૦૦૦–૦–૦ અંકે ચાલીશ હજાર ચાંદો સૂરજ તપે ત્યાં સુધી એટલે કે યાવત-ચંદ્ર દિવાકરૌ કાયમ માટે આપવાની છે.

"(૧૦) આ દસ્તાવેજનો અમલ સંવત ૨૦૧૯ ના કારતક સુદી ૧ એકમથી શરૂ થયેલો ગણવાનો છે અને વાર્ષિક આપવાના હપતાની રકમ દર સાલ અષાઢ વદી ૧ એકમના રોજ પેઢીએ બારોટ લોકોને આપવાની છે.

"(૧૧) બારોટ જ્ઞાતિના ઉપરોક્ત હક્કો તમોને અસરકારક રીતે સુપ્રત કરવા માટે બારોટ જ્ઞાતીને અને તેના અધીકૃત પ્રતિનિધીઓને અધિકાર છે. તેવી આખી બારોટ જ્ઞાતી ખાત્રી આપે છે અને તેવી ખાત્રીના આધારે તમોએ એ હક્કો પ્રાપ્ત કરવા માટે આ દસ્તાવેજમાં જણાવેલી શરતો માન્ય રાખી આ દસ્તાવેજ કરાવેલ છે. આ હક્કો તમો યાવત્‌ચંદ્ર દીવાકરૌ ભોગવી શકશો એવી આથી બારોટ જ્ઞાતી ખાત્રી આપે છે. અને ભવિષ્યમાં આવા હક્કો યા હિતોના તમારા ભોગવટા સામે પાલીતાણા બારોટ જ્ઞાતીની વ્યક્તી કે શખ્સ તરફથી વાંધો ઉઠાવવામાં આવે કે તે અંગે વિઘ્ન ઊભું કરવામાં આવે કે તેવો કોઈ હક્ક બીજા તરફથી આગળ ધરવામાં આવે અને તેથી તમોને કાંઈ નુકશાન કે ખર્ચ થાય તે ભરપાઈ કરી આપવા બારોટ જ્ઞાતી બંધાઈ છે. પેઢીને સુપ્રત કરેલા હક્કો હવેથી બારોટ જ્ઞાતીએ ભોગવવાના નથી કે ભવિષ્યમાં કોઈને લખી આપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાના નથી અને તમો આ હક્કોનો ભોગવટો નિર્બાધીત સેતે કરી શકો સે માટેની વ્યવસ્થામાં બારોટ જ્ઞાતીએ સંપૂર્ણ સહકાર આપવાનો છે.

"(૧૨) આ દસ્તાવેજ કરાવી લેવા માટે પેઢીએ તેના વહીવટદાર પ્રતિનિધીઓની તારીખ ૫-૫-૧૯૬૨ ના રોજ મળેલ મીટીંગમાં ઠરાવ કરી તેમના પ્રતિનિધીઓ પૈકી ૧ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી તથા ૨ શેઠ શ્રી કાંતિલાલ ભોગીલાલ નાણાવટીને અધિકાર આપેલ છે.

"(૧૩) આ દસ્તાવેજનો ડ્રાફ્ટ બારોટ જ્ઞાતીની તારીખ ૨૨-૯-૧૯૬૨ના રોજ મળેલી મીટીંગમાં મંજૂર કરવામાં આવ્યો છેપ અને આ દસ્તાવેજ કરવા માટે તથા રૂપીઆ ૨૦૦૦૦૦-૦-૦ અંકે રૂપીઆ બે લાખ લેવા માટે આ દસ્તાવેજ લખી આપનાર બાર શખ્સોને અધિકાર આપવામાં આવેલ છે.

"સદરહુ દસ્તાવેજનો ડ્રાફ્ટ તથા ઠરાવ અસલ આ દસ્તાવેજના પરિશિષ્ટ તરીકે આ સાથે જોડવામાં આવેલ છે તે આ દસ્તાવેજના ભાગ તરીકે ગણવાનો છે. આ દસ્તાવેજ ફરીથી રીન્યુ કરાવવો પડે તો પેઢીને ખરચે કરવાનો છે.

"(૧૪) આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી ચીત તબીયત ઠેકાણે રાખી વાંચી સમજી વિચારી અક્કલ હુશીઆરીથી બીન કેફે પાલીતાણા મધ્યે અમારી રાજીખુશીથી તબીયત ચીત ઠેકાણે રાખી લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશવાલી વારસોને તથા અમારી બારોટ જ્ઞાતીને કબુલ મંજુર સહી છે.

"આ દસ્તાવેજ ઉપર કેટલા રૂપીઆની કીંમતનો સ્ટેમ્પ જોઈશે તે નક્કી કરાવવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વતી એમનો મેનેજર શ્રી શીવલાલ કેશવલાલ શાહે ભાવનગર જીલ્લાના મહેરબાન કલેકટર સાહેબને તારીખ ૧૯-૧૦-૬૨ના રોજ ધી ઇન્ડીઅન સ્ટેમ્પ એકટની કલમ ૩૧ એકત્રીશ પ્રમાણે યોગ્ય સ્ટેમ્પ ડયુટી નક્કી કરી આપવા બાબત અરજી કરેલી અને તે અરજીના જવાબમાં ભાવનગરના મહેરબાન કલેકટર સાહેબ તરફથી તેમનો નંબર S. T. P/૧૦૮૯૬૨નો તારીખ ૨૩ માહે અકટોબર સને ૧૯૬૨ ઓગણીસસોબા બાસઠનો જવાબ મળેલો છે. અને તેમના તરફથી રૂા. ૧૩૪૦૦-૦-૦ અંકે રૂપીઆ તેર હજાર ચારસોહનો સ્ટેમ્પ જોઈશે તેવું નક્કી કરી આપવામાં આવેલ છે. તે ધોરણે તે હુકમ મૂજબ તેટલી રકમનો સ્ટેમ્પ નીચેની વિગતે વાપરવામાં આવેલ છે જે નીચે મૂજબ.....

(આ સ્થાને સ્ટેમ્પનાં નંબર વગેરેની વિગતે નોંધ કરવામાં આવી છે તે અહીં જરૂરનજરૂરી લાગવાથી લીધી નથી.)

"એ રીતે કુલ સ્ટેમ્પ નંગ ૨૭ કીંમત રૂા. ૧૩૪૦૦-૦-૦ તેર હજાર ચારસોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીંમતના સ્ટેમ્પ પેપર ઉપર લખી આપી બંધાઈએ છીએ તે અમારે તથા અમારા વંશવાલી વારસોને કબુલ મંજુર સહી છે.

"અત્ર મતુ

"૧ બારોટ કરશનદાસ જેમાભાઈ
"૧ બારોટ દેવીસીંગ ભાવસીંગ
"૧ બારોટ હીંમતલાલ હીરજી
"૧ બારોટ રતીલાલ ગોપાલજી
"૧ બારોટ મોહનભાઈ અમરશંગ
"૧ બારોટ ભાવસિંગ હઠીસિંગ
"૧ બારોટ ભવાન ગોપાળજી
"૧ બારોટ ઈશ્વરલાલ મુળજી
"૧ બારોટ નાનુભાઈ લખમણભાઈ
"૧ બારોટ કરશનદાસ દેવીસીંગ
"૧ બારોટ ગોવિંદ નારણ
"૧ બારોટ વીરસંગ ભગવાન

"અત્ર શાખ

"૧ વૃજલાલ પાનાચંદ વોરા
"૧ પોપટલાલ મગનલાલ ત્રિવેદી
"૧ વોરા રતનચંદ દીપચંદ
"૧ મણિશંકર ત્રિભોવનદાસ
"૧ ગોરધનદાસ દેવચંદભાઈ
"લી. શાંતિલાલ વલભદાસ.

દ. પોતે."

(સહીઓનું લખાણ જરુરી નહીં લાગવાથી અહીં આપ્યું નથી.)

આ દસ્તાવેજ ઉપરથી જોઈ શકાય છે કે એ દસ્તાવેજ થયા પછી દસ્તાવેજની કલમ પાંચની ત્રણ પેટા કલમોમાં જણાવેલ હક્કોને બાદ કરતાં બાકીના પોતાના બધા હક્કો જતા કરવા માટે બારોટ કોમને વાર્ષિક રૂા. ૪૦,૦૦૦/- જ આપવાના થાય છે. એટલે પ્રભુ આગળ ધરવામાં આવતી ચીજવસ્તુ કે રોકડ રકમ બારોટો, પોતાના હક્કની રૂએ, લઈ જતા હતા તે શિરસ્તો આ કરારથી સદંતર બંધ થતાં યાત્રિકો રાહતની તેમજ હર્ષની લાગણી અનુભવે અને કોઈ પણ જાતની કનડગતની દહેશત વગર પોતાને ઠીક લાગે તે વસ્તુઓ ભક્તિભાવપૂર્વક ભેટ ધરી શકે એવી ખૂબ આવકારદાયક પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે.

સ્ટેમ્પની રકમમાં વધારો અને દંડ—આ કરારની ચૌદ કલમ પૂરી થયા પછી જે હકીકત નોંધવામાં આવી છે તે ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે આ કરાર માટે કેટલી રકમનો સ્ટેમ્પપેપર ખરીદવો જરૂરી છે તે અંગે ભાવનગરના કલેક્ટરની સલાહ લઈને જ, તેમણે સૂચવ્યા મુજબ, રૂા. ૧૩,૪૦૦/ નો સ્ટેમ્પપેપર ખરીદવામાં આવ્યો હતો. આમ છતાં પાછળથી સરકાર તરફથી એવી રજૂઆત કરવામાં આવી કે આ દસ્તાવેજનો પ્રકાર જોતાં એ માટે રૂા. ૧૩,૪૦૦-/ના બદલે બત્રીસ હજાર રૂપિયાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ટેમ્પ ખરીદવો જોઈતો હતો. એટલે કે જે સ્ટેમ્પ ખરીદવામાં આવ્યો છે તે રૂા. ૧૮,૬૦૦-/ જેટલી ઓછી રકમનો છે. આ અંગે પાલીતાણાના જુનિયર જજ સમક્ષ કામ ચાલતાં તેમણે બાકીના ૧૮,૬૦૦-/ રૂપિયા અને એ રકમ કરતાં દસ ગણી રકમ એટલે રૂા. ૧,૮૬,૦૦૦-/ (અંકે રૂા. એક લાખ છવ્વાશી હજાર) દંડ તરીકે ભરવાનો પેઢીને તા. ૨૭-૪-'૬૬ના રોજ આદેશ આપ્યો. આવો ફેંસલો આવ્યા પછી આ બાબતમાં શરૂઆતમાં જે ઓછો સ્ટેમ્પ ખરીદવામાં આવ્યો હતો તેમાં પેઢીનો ઇરાદો સ્ટેમ્પની રકમની ચોરી કરવાનો મુદ્દલ ન હતો એ હકીકત, ભાવનગરના કલેકટરની સલાહ મુજબ જ રૂા. ૧૩,૪૦૦નો સ્ટેમ્પ ખરીદવામાં આવ્યો હતો એ ઉપરથી, પુરવાર થતી હતી. એટલે આ વાતની રજૂઆત ભાવનગરના કલેકટરશ્રી સમક્ષ કરવામાં આવતાં તેમણે, પોતાની સત્તાની રૂએ, માત્ર પ્રતીક તરીકે, રૂા. ૧૦૦૦ નો જ દંડ કાયમ રાખીને એટલી રકમ ભરવાનો પેઢીને આદેશ કર્યો. અને દંડની એ રકમ તથા સ્ટેમ્પની બાકીની રૂા. ૧૮,૬૦૦ની રકમ-એમ કુલ રૂા. ૧૯,૬૦૦-/ ભાવનગરના કલેકટરની ઓફીસમાં તા. ૨૫-૭-૧૯૬૭ના રોજ ભરી દેવામાં આવ્યા હતા.

દાદાની મોટી ટૂકમાં જીર્ણોદ્ધાર જેવો ફેરફાર

ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપરની જૈન સંઘની આસ્થા બેનમૂન કહી શકાય એવી છે એનો એક બોલતો પુરાવો તો એ છે કે ગિરિરાજ ઉપર નાનાં-મોટાં મળીને આશરે એક હજાર જેટલાં જિનમંદિરો તેમજ દેરીઓ બનેલ છે અને એમાં પધરાવવામાં આવેલ પાષાણની તેમજ ધાતુની પ્રતિમાઓની સંખ્યા લગભગ અગિયાર હજાર જેટલી છે અને પગલાંઓ પણ ઘણી મોટી સંખ્યામાં પધરાવવામાં આવેલ છે. તેમાંય દાદાની મુખ્ય ટૂકમાં, એટલે કે હાથીપોળમાં, કોઈ પણ સ્થાને મોટું દેરું અથવા તો નાની સરખી દેરી બનાવવાની જૈન ભાઈઓ-બહેનોની ભાવના એટલી ઉત્કટ રહે છે કે જેથી ત્યાં સંખ્યાબંધ દેરાસરો તેમજ દેરીઓ બંધાવવામાં આવેલ છે. આ રીતે જુદા જુદા સમયે જે દેરાં કે દેરી બંધાતાં રહ્યાં, તેથી ત્યાં ખાલી જગ્યાનો લગભગ એવો અભાવ શ્રીસંઘના જોવામાં આવ્યો કે જેને કારણે વિ. સં. ૧૮૬૭ના ચૈત્રી પૂનમના પર્વ દિવસે પાલીતાણામાં એકત્ર થયેલ જુદાં જુદાં ગામોના સંઘોને ભેગાં મળીને એ મતલબનો ઠરાવ કરવાની ફરજ પડી કે હવેથી કોઈએ હાથીપોળમાં નવું દેરાસર બંધાવવું નહીં અને જે વ્યક્તિ આ નિયમનો ભંગ કરશે તે શ્રીસંઘનો ગુનેગાર ગણાશે. આ વાતની શ્રીસંઘને હમેશને માટે જાણ થતી રહે એટલા માટે આ મતલબનો એક શિલાલેખ પણ દાદાની ટૂકમાં લગાડવામાં આવ્યો હતો, જે અત્યારે પણ વિદ્યમાન છે.

આ નિયમમાં જણાવ્યા મુજબ મોટી ટૂકમાં દેરાસર કે દેરી નહીં બંધાવવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદેશનું શ્રીસંઘે પાલન તો કર્યું,[૧] પણ મુખ્ય ટૂકમાં દેરું કે દેરી નહીં તો છેવટે એકાદ નાનું જિનબિંબ પધરાવવાની ભાવના સદંતર બંધ રહે એ શક્ય ન હતું. પરિણામે, દાદાની ટૂકમાં જ્યાં જ્યાં જિનબિંબ પધરાવી શકાય એવી જગ્યા જોવામાં આવી ત્યાં ઠેર ઠેર સેંકડો જિનબિંબો પધરાવાતાં રહ્યાં. આમ કરવામાં શિલ્પશાસ્ત્રના નિયમો, ધર્મશાસ્ત્રના નિયમો, આશાતના થવાની સંભાવના અને મુખ્ય ટૂકની સુંદરતા તેમજ કળામયતાની જે ઉપેક્ષા થતી હતી તે તરફ ધ્યાન આપી ન શકાયું. અને એ રીતે મુખ્ય ટૂકમાં કેટલીક, નરી નજરે દેખાઈ આવે એવી, ખામી આવી જવા પામી.

આ ખામી પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તૂરભાઈના ધ્યાનમાં પહેલાંથી જ આવી ગઈ હતી, પણ એ દૂર થાય અને દાદાની ટૂક વધુ શોભાયમાન અને કળામય બને એવા સમયની તેઓ રાહ જોતા હતા, કારણ કે, આ કામ શ્રીસંઘની ભાવનાની દૃષ્ટિએ કંઈક મુશ્કેલ અને તેની ધર્મ લાગણીને ઠેસ પહોંચાડે એવું આળું હતું, પણ એ કરવા જેવું હતું એ અંગે તેઓ નિઃશ્રંત હતા. સાથે સાથે રામપોળથી પ્રવેશ કર્યા પછી જે જે બાબતો તીર્થની શોભામાં ઘટાડો કરે એવી હતી તેમાં પણ સમુચિત ફેરફાર કરવો જરૂરી હતો.

આમાં સૌથી પહેલાં તેઓએ રામપોળથી રતનપોળ સુધીના પાંચેય જૂના સામાન્ય પ્રવેશદ્વારોને સ્થાને રાજદરબારની જેમ દેવાધિદેવના દરબારને શોભા આપે એવા રામપોળ, સગાળપોળ, વાઘણપોળ, હાથીપોળ તથા રતનપોળના પાંચ કળામય આલીશાન પ્રવેશદ્વારો રૂા. સાડા ત્રણ લાખના ખર્ચે કરાવ્યા, જેની વિગત આ પ્રમાણે છે—

(૧) રામપોળ—(શેઠ શ્રી કસ્તૂરભાઈનાં ધર્મપત્ની શારદાબ્હેન તરફથી).

(૨) સગાળપોળ—(શેઠ શ્રી કસ્તૂરભાઈનાં બ્હેન શ્રીમતી ડાહીબ્હેન તરફથી).

(૩) વાઘણપોળ—(શેઠ શ્રી કસ્તૂરભાઈનાં દાદીમાની વતી).

(૪) હાથીપોળ—(શેઠ શ્રી કસ્તૂરભાઈના મોટાભાઈ શેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ તરફથી).

(૫) રતનપોળ—(શેઠ શ્રી કસ્તૂરભાઈનાં માતુશ્રી મોહિનાબાના નામથી).

આ પ્રવેશદ્વારો ઊભાં કરવાની સાથોસાથ રામપોળ તથા સગાળપોળના વચ્ચેના ભાગમાં, મોતીશા શેઠની ટૂકની આસપાસમાં એ ટૂકના માણસોને રહેવાને માટે જે છાપરાંઓ બનાવવામાં આવ્યાં હતાં તેથી તેમજ એ જ જગ્યામાં ડોળીવાળાઓ વગેરે બેસતા હતા તેથી એ બધો ભાગ અવ્યવસ્થિત, ભરચક અને અશોભાદ્રય લાગતો હતો. એ આખી જગ્યાને ખાલી કરાવીને એ સાફસૂફ રહે એવી ગોઠવણ કરી અને આવી ગોઠવણ કરવામાં મોતીશા શેઠની ટૂકના માણસોને તેમજ ડોળીવાળાઓને વિસામો લેવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગ્યાના અભાવે કચવાટ કરવાનો અવસર ન મળે એ દૃષ્ટિએ તેઓ શાંતિથી આરામ લઈ શકે એવી નવી જગ્યાઓ પણ બનાવી આપી.

આ રીતે નવા પ્રવેશદ્વારો અને મોતીશા શેઠની ટૂકના માણસોને રહેવા માટે તથા ડોળીવાળા માટે આરામ લેવાની જગ્યા બનાવવાનું કામ તો સહેલું હતું અને એમાં કોઈ વિક્ષેપ ઊભો થયો ન હતો, પણ દાદાની મુખ્ય ટૂકમાં ઠેર ઠેર પધરાવવામાં આવેલ પાંચસો કરતાં પણ વધુ જિનબિંબોનું ઉત્થાપન કરીને એમને નવાં સ્થાનમાં પધરાવવાનું કામ ઘણું જ મુશ્કેલ હતું અને તેથી તે બહુ જ સાવચેતી, દીર્ઘદૃષ્ટિ તથા સમજણપૂર્વક થાય તે જોવું જરૂરી હતું.

આ માટે શેઠ શ્રી કસ્તૂરભાઈએ દૂરંદેશી દાખવીને વાસ્તુવિદ્યામાં નિપુણતા ધરાવતા આચાર્ય મહારાજોની સલાહ લઈને આગળ વધવાનું અને તેઓએ આપેલ મુહૂર્તોએ જ આ પ્રતિમાઓનું ઉત્થાપન કરીને એમને અન્ય સ્થાનોમાં પરોણા દાખલ મૂકવાનું નક્કી કર્યું હતું. આટલી અગમચેતીરૂપ પૂર્વભૂમિકા તૈયાર કર્યા પછી પણ જ્યારે વિ. સં. ૨૦૨૦ના શ્રાવણ શુદિ ત્રીજ, તા. ૧૦-૮-૧૯૬૪ના રોજ આ વિધિ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તે વખતે શ્રીસંઘમાં કેટલીક વિરોધની લાગણી પ્રગટી નીકળવાને કારણે એ વખતે એ વિધિ બંધ રાખવામાં આવ્યો હતો અને તે પછી સોળ દિવસ બાદ વિ. સં. ૨૦૨૦ના શ્રાવણ વદી ત્રીજ, તા. ૨૬-૮-૧૯૬૪ના રોજ આમાંનાં ૧૭૦ જેટલી જિનપ્રતિમાઓનું વિધિપૂર્વક ઉત્થાપન કરવામાં આવ્યું હતું. આ ઉત્થાપન પછી પણ કેટલીક વિરોધની લાગણી ચાલુ રહી હતી અને એ વખતે પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ પરદેશ ગયેલ હતા, એટલે બાકીની પ્રતિમાઓનું ઉત્થાપન કરવાનું કામ તેઓશ્રીના પાછા આવ્યા પછી કરવાનું પેઢીના ટ્રસ્ટીઓએ નક્કી કર્યું હતું.

શેઠ શ્રી કસ્તૂરભાઈ એ પરદેશથી આવ્યા પછી આ બાબતમાં ખૂબ ધીરજથી કામ લીધું અને શ્રીસંઘમાં આ કાર્ય અંગે એવું અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું કે જેથી બાકી રહેલ ૩૪૦ જેટલા જિનબિંબોનું ઉત્થાપન, ચાલુ યાત્રાના સમયે, વિ. સં. ૨૦૨૧ના જેઠ વદી દશમના રોજ કરી શકાયું.

આ પાંચસોથી પણ વધુ જિનપ્રતિમાઓને પધરાવવાને માટે દાદાની ટૂકમાં જ 'બે આરા'ના નામે ઓળખાતી ૧૦૦ ફૂટ લાંબી અને ૬૩ ફૂટ પહોળી જગ્યામાં બેકાવન જિનાલયથી શોભતો નૂતન જિનપ્રાસાદ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો અને એના કાર્યની શુભ શરૂઆત, વિ. સં. ૨૦૨૨ના જેઠ વદી એકમ, તા. ૪-૬-૧૯૬૬ શનિવારના રોજ, શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના હસ્તે એનો શિલાન્યાસવિધિ કરાવીને, કરવામાં આવી.

દોઢેક વર્ષની કામગીરીને અંતે જ્યારે આ જિનપ્રાસાદ તૈયાર થવાનો હતો ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની પ્રતિષ્ઠા કરવાનું નક્કી કરવામાં આવ્યું અને એ માટે પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે વિ. સં. ૨૦૩૨નાં મહા સુદી સાતમ, તા. ૭-૨-૧૯૭૬ શનિવાર સવારના ૯ કલાક, ૩૬ મિનિટ અને ૫૪ સેકંડનું મુહૂર્ત કાઢી આપ્યું હતું. આ રીતે પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કર્યા પછી એ મહત્ત્વના નિર્ણય કરવાના હતા. એક તો, ૫૦૪ જેટલાં જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવાના આદેશો આપવા; અને બીજું દસ દિવસ માટે યોજવામાં આવેલ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે બધી જાતની વ્યવસ્થા સચવાય એવી ગોઠવણ કરવી. પ્રતિષ્ઠાના આદેશો આ રીતે આપવામાં આવ્યા હતા.

(૧) સાત જિનબિંબો પોતાના પૂર્વજોએ પ્રતિષ્ઠિત કર્યાનું જે વારસદારોએ પૂરવાર કર્યું હતું તેઓને નકરો લીધા વગર પ્રતિષ્ઠા કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

(૨) મુખ્ય જિનાલયમાં પધરાવવામાં આવનાર મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન તથા બીજાં છ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાના આદેશો મહોત્સવ દરમ્યાન ઉછામણી બોલીને આપવામાં આવ્યા હતા.

(૩) બાકીના ૪૯૦ જિનબિંબો પધરાવવાનો લાભ નીચે મુજબ ચાર પ્રકારના નકરાથી (ચિઠ્ઠીઓ ઉપાડીને) આપવામાં આવ્યો હતો—

(i) એકાવન દેરીઓમાં મૂળનાયક પધરાવવાનો આદેશ રૂા. ૨૫૦૧ થી આપવામાં આવ્યો હતો. (આ આદેશ જેમને પ્રાપ્ત થયો હતો તેઓની પાસેથી ધજાદંડ-કળશ ચઢાવવાનો નકરો રૂા. ૧૦૦૧-/ લેવામાં આવ્યો હતો.)

(ii) એકાવન દેરીઓમાં બિરાજમાન કરવાની કુલ ૨૪૪ અન્ય પ્રતિમાજીઓને પધરાવવાનો આદેશ એક પ્રતિમા દીઠ રૂા. ૧૫૦૧-/ના નકરાથી આપવામાં આવ્યો હતો.

(iii) શ્રી નવા આદેશ્વર, શ્રી સીમંધર સ્વામીજી, શ્રી પુંડરીક સ્વામીજી તથા ગંધારિયાજીનાં દેરાસરોમાં ૧૮ ચોમુખજીઓ, એટલે કે ૭૨ પ્રતિમાઓ બિરાજમાન કરવાના આદેશો એક પ્રતિમાના રૂા. ૧૦૦૧-/ના નકરાથી આપવામાં આવ્યા હતા.

(iv) દાદાના મુખ્ય દેરાસરના ઉપરના ગોખલાઓમાં ૧૯૦, શ્રી ગંધારિયાજીના દેરાસરના ગોખલાઓમાં ૨૨ અને જૂની ભમતિમાં એક—એમ કુલ ૧૨૩ પ્રતિમાજીઓ બિરાજમાન કરવાના આદેશો દરેક પ્રતિમા દીઠ રૂા. ૨૫૧ના નકરાથી આપવામાં આવ્યા હતા.

આ રીતે કુલ ૫૦૪ પ્રતિમાજીઓ બિરાજમાન કરવાના આદેશો અપાઈ ગયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં નકરાથી આપવામાં આવેલ આદેશ સામે શ્રી સંઘમાં કેટલોક વિરોધ થયો હતો, પણ સમય જતાં એ શમી ગયો હતો.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર દાદાની ટૂકમાં જ બનેલ જિનાલયની પ્રતિષ્ઠાનો મહોત્સવ એ આખા ભારતના જૈન સંઘનો મહોત્સવ હતો એટલે એમાં શ્રીસંઘની હાજરી મોટી સંખ્યામાં રહે એ સ્વાભાવિક હતું અને આ વાત ધ્યાનમાં રાખીને જ નોકારશીઓની અને જુદી જુદી બાબતોની અનેક જાતની સંગીન વ્યવસ્થા કર્યા વગર ચાલે એમ ન હતું, કારણ કે, શ્રેષ્ઠી કર્માશાએ વિ. સં. ૧૫૮૭માં કરેલ ૧૬મા ઉદ્ધાર પછી. આશરે સાડા ચારસો વર્ષ બાદ, ગિરિરાજ ઉપર, દાદાની ટૂકમાં જ પ્રતિષ્ઠા મહોત્સવ કરવાનો આ પહેલો જ પ્રસંગ આવ્યો હતો. આ માટે જુદી જુદી કમિટિઓ નીમીને એને જે તે કાર્યની જવાબદારી સોંપવામાં આવી હતી. એના લીધે નોકારશીની તથા બીજી બધી બાબતોની વ્યવસ્થા સર્વાંગ સંપૂર્ણ અને શ્રીસંઘના ઉલ્લાસને ન્યાય આપે એવી થઈ શકી હતી.

આ રીતે પ્રતિષ્ઠાના આદેશો આપવાનું અને દરેક જાતની વ્યવસ્થા સચવાય એવી ગોઠવણ કરવાનું કામ પૂરું થતાં દસ દિવસના પ્રતિષ્ઠા મહોત્સવની શુભ શરૂઆત ખૂબ ઉમંગ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે થઈ હતી. અને નક્કી કરવામાં આવેલ મુહૂર્તે, વિ. સં. ૨૦૩૨ના માહ સુદી સાતમના રોજ ચતુર્વિધ શ્રીસંઘના જય જયનાદ વચ્ચે ૫૦૪ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા નૂતન જિનપ્રાસાદ તથા અન્ય સ્થાનોમાં કરવામાં આવી હતી.

અહીં એક વાતની ખાસ નોંધ લેવા જેવી એ છે કે ગિરિરાજ ઉપર મુખ્ય જિનાલય અને એકાવન દેરીઓથી શોભતું આવું વિશાળ જિનમંદિર માત્ર સાતેક લાખ રૂપિયામાં જ તૈયાર થઈ શકયું હતું તે બીના પેઢીની કરકસરની દૃષ્ટિ તેમજ ચીવટ તથા પેઢીના મુખ્ય સ્થપતિ સોમપુરા શ્રી અમૃતલાલભાઈ ત્રિવેદીની કાર્ય કુશળતા અને કાર્યનિષ્ઠાની સાખ પૂરે છે.

આ રીતે દાદાની મુખ્ય ટૂકમાં પાંચ ભવ્ય પ્રવેશદ્વારો બનવાથી તથા પ્રતિમાઓને ઉત્થાપન કરીને અન્ય સ્થાને પધરાવવાથી દાદાની મુખ્ય ટૂકની શોભામાં જે અભિવૃદ્ધિ થવા પામી છે તે સૌ કોઈની તથા એનો વિરોધ કરનારની પણ પ્રશંસા માગી લે એવી છે.

(પ્રતિમાજીઓના ઉત્થાપન કરવાથી લઈને તે એ પ્રતિમાઓને ફરી બિરાજમાન કરવામાં આવી ત્યાં સુધીની બધી હકીકતને આવરી લેતો પ્રતિષ્ઠા મહોત્સવનો સવિસ્તર તથા સચિત્ર અહેવાલ મેં લખેલ અને પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવેલ "શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ"એ નામે પુસ્તકમાં આપવામાં આવ્યો છે. એટલે અહીં એ બધી હકીકત સંક્ષેપમાં આપવામાં આવી છે. આ સચિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકની કિંમત રૂા. ૧૫) છે. શ્રી શત્રુંજય તીર્થ ઉપર થયેલ જીર્ણોદ્ધાર અંગેની માહિતી શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનાં તા. ૭-૩-૭૬ના નિવેદનમાં (પૃ. ૩ થી ૫) વિગતવાર આપવામાં આવી છે.)

ગિરિરાજના મુખ્ય માર્ગ ઉપર તથા ઘેટીની પાગે પગથિયાં

પેઢીના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટી મહાનુભાવોએ જોયું કે ગિરિરાજ ઉપર ચઢવાનો માર્ગ ઘસાઈ ગયેા છે અને તેથી યાત્રિકોને ચઢવામાં અસુવિધા રહે છે. એવી જ સ્થિતિ ઘેટીની પાગના રસ્તાની પણ હતી. આ ઉપરથી બંને રસ્તાઓનું સમારકામ કરવાનું નક્કી કરીને ત્યાં ચઢવામાં સુગમતા પડે એટલી (પાંચ-છ ઇંચ જેટલી) ઊંચાઈવાળાં પગથિયાં બનાવવાની યેાજના તૈયાર કરવામાં આવી. આમાં પહેલાં મુખ્ય રસ્તાનું સમારકામ હાથ ધરવામાં આવ્યું. આ કામ સને ૧૯૫૨થી સને ૧૯૫૬ સુધી ચાર સાલ સુધી ચાલ્યું અને એમાં રૂા. ૪,૬૦,૦૦૦-/ અંકે રૂપિયા ચાર લાખ, સાઇઠ હજારના ખર્ચે ૩૨૧૬ (બત્રીસસેા સેાળ) પગથિયાં બનાવવામાં આવ્યાં અને તે પછી ઘેટીની પાગના રસ્તે સને ૧૯૬૫ની સાલમાં ૧,૧૮,૦૦૦-એક લાખ, અઢાર હજારના ખર્ચે પગથિયાં બનાવવામાં આવ્યાં.

ચાની દુકાનનેા પરવાનેા રદ કરાવ્યેા

જૈન સંઘના અંતરમાં ગિરિરાજ શત્રુંજયની પવિત્રતાની છાપ એવી ઊંડી પડેલી છે કે ગિરિરાજ ઉપર ખાવા-પીવાની સામગ્રી લઈ જવી અને એનેા ઉપયેાગ કરવેા એને દોષ લેખવામાં આવે છે. આમ છતાં આ વાતથી પેાતે અજ્ઞાત હેાવાને કારણે, કે બીજા ગમે તે કારણે, ગુજરાત સરકારે સને ૧૯૬૮ની સાલમાં ગિરિરાજ ઉપર, છેક એના પહેલા પ્રવેશદ્વાર રામપેાળના પ્રવેશદ્વારની બહાર, એક ચાની દુકાન બાંધવા માટે પરવાનગી આપીને એના માટે જમીન પણ વેચાણ આપી હતી. આ વાત પેઢીના ધ્યાન પર આવતાં તરત જ એની સામે ગુજરાત સરકાર સમક્ષ એવી નક્કર રજૂઆત કરવામાં આવી હતી કે જેને લીધે સરકારને પેાતાનેા આ હુકમ પાછેા ખેંચી લેવાની ફરજ પડી હતી. આ રીતે ખાનપાનની સામગ્રીનેા છૂટથી ઉપયેાગ થઈ શકે એવી સવલતને કારણે ગિરિરાજની આશાતના થવાનેા તેમજ જૈન સંઘની ધાર્મિક લાગણી દુભાવાનેા જે પ્રસંગ ઊભેા થવાની શક્યતા હતી તે અટકી ગઈ હતી.

મ્યુઝિયમ

વિ. સં. ૨૦૧૨ની સાલમાં પ્રાચીન હસ્તપ્રતેામાં દોરવામાં આવેલ ચિત્રેાના આધારે ભગવાન આદેશ્વરના જીવનનું દર્શન કરાવતાં છ મેાટાં ચિત્રેા દોરાવવામાં આવ્યાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને મૂકવા માટે ગિરિરાજની તળેટીમાં 'જયતળેટી'ની નજીક જ એક નાનું સરખું છતાં સુંદર મ્યુઝિયમ આશરે ૮૦ હજાર રૂપિયાને ખર્ચે બનાવવામાં આવ્યું છે એમાં આ ચિત્રો ઉપરાંત પુરાતત્ત્વની બીજી પણ કેટલીક સામગ્રી ગોઠવવામાં આવી છે.

નવું ભાતાઘર

ગિરિરાજની યાત્રાએ જનાર દરેક યાત્રિકને ભાતું આપવામાં આવે છે તે સુવિદિત છે. આ માટે તલાટીની નજીક જ એક ભાતાઘર બનેલું હતું. પણ એમાં અત્યારની જરૂરિયાતને સંતોષે એવી સગવડ ન હતી, તેમજ તેમાં કેટલોક ફેરફાર કરવાની પણ જરૂર હતી. વળી તે યાત્રિકોની સંખ્યાના પ્રમાણમાં નાનું પણ પડતું હતું. આ બધી બાબતોનો વિચાર કરીને ત્યાં જૂના ભાતાઘરના સ્થાને નવું વિશાળ ભાતાઘર રૂા. ૨ લાખ, ૬૦ હજારના ખર્ચે બંધાવવામાં આવ્યું છે. આ ભાતાઘરમાં યાત્રિક જમીન પર બેસીને નહીં, પણ ખુરશી-ટેબલનો ઉપયોગ કરીને ભાતું વાપરે એવી સગવડ કરવામાં આવી છે. તેમજ પાણીની પણ એવી ગોઠવણ કરવામાં આવી છે કે જેથી ત્યાં કોઈપણ સ્થળે પાણી ઢોળાઈને કે બીજી રીતે ગંદકી થવા ન પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨ મા પ્રકરણની પાદનોંધો

(૧) મોટેરા :—મોટેરાનો અર્થ મુખ્ય પૂજારી એવો થાય છે.

(૨) ગોમેર :—લગભગ ૬૦ વર્ષ પહેલાં વપરાયેલા આ શબ્દનો અર્થ સમજાતો નથી.

(૩) પાંચ પરબનો ગોળ :—

જે પાંચ પર્વના દિવસમાં ગોળ અપાય છે તે પાંચ પર્વ તથા એ દિવસોમાં અપાતા ગોળની વિગત પાલીતાણાના એક બારોટ ભાઈને પૂછતાં નીચે મુજબ જાણવા મળી છે : પાંચ પર્વ આ પ્રમાણે સમજવાં.

આ પાંચ પર્વમાં :—

૧) શ્રાવણ સુદી–૧૫

૨) આસો વદી–૦))

૩) ફાગણ સુદી–૩

૪) અષાડ વદી–૦))

૫) વૈશાખ સુદી–૩

આ તિથિએ નીચે મુજબ બારોટોને તેઓના ભાગ મુજબ ગોળ અપાય છે. ભાગની વિગત બારોટ કુટુંબો માટે નીચે મુજબ છે :

૨૧૪॥ ભાગ પ્રભતાણી કુટુમ્બને
૭૧॥ ભાગ હરમાણી કુટુમ્બને
૩૦ ભાગ કાશીયાણી કુટુમ્બને
૮૨। ભાગ દેવલુક કુટુમ્બને
૭૫। ભાગ ભાવસંગ કીકાભાઈને

૪૭૩॥ કુલ ભાગ છે.

ગોળ કાચા શેર ૨॥ એટલે પાકા શેર ૧॥॥= અપાય છે.

(૪) કાપા—

અહીં 'કાપા' શબ્દના બદલે 'કાચા' શબ્દ જોઈએ.

(૫) બારોટ જ્ઞાતિએ આ કરારના સ્વીકાર અંગે જે ઠરાવ કર્યો તેનો મહત્વનો ભાગ આ પ્રમાણે છે :

"તેમને (બારોટ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધરાવતા બાર પ્રતિનિધિઓને) મળેલી સત્તાની રૂઈએ સદરહુ આગેવાનોએ સંવત ૨૦૧૮ ના ફાગણ સુદી ૧ ને બુધવાર તારીખ ૭–૩–૬૨ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી વારસીક રૂ. ૪૦,૦૦૦ અંકે ચાલીશ હજારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રકમ લઈ આપણી બારોટની જ્ઞાતીનો સદરહુ હક્ક છોડી દેવા કરાર કરેલો છે. તથા પેઢી અને જ્ઞાતી વચ્ચે જે દસ્તાવેજ કરવાનો છે તેનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

સદરહુ કરાર તથા કરી આપવાના દસ્તાવેજના મુસદ્દા પર વિચાર કરી તેને મંજુર કરવા આજરોજ એટલે સંવત ૨૦૧૮ના ભાદરવા વદી ૯ ને શનીવારને તારીખ ૨૨-૯-૬૨ના રોજ પાલીતાણાની બારોટ જ્ઞાતીની સભા પાલીતાણા મુકામે મળી તેમાં તારીખ ૭-૩-૬૨ના રોજ ઉપર લખેલા આગેવાનોએ પેઢીને જે કરાર લખી આપ્યો છે તે તથા પેઢીને કરી આપવાના દસ્તાવેજનો મુસદ્દો વાંચી સંભળાવવામાં આવ્યો અને તે ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી તે ઉપરથી સર્વાનુમતે એમ ઠરાવવામાં આવે છે કે સદરહુ કરાર તથા દસ્તાવેજ સમગ્ર બારોટ જ્ઞાતિને માટે લાભદાયક છે અને તેથી રજુ થયેલ મુસદ્દા પ્રમાણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી દસ્તાવેજની કલમ ૪ માં જણાવ્યા મુજબ વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ અંકે ચાલીશ હજાર લેવાના બદલામાં સદરહુ મુસદ્દાની કલમ ૫ માં જણાવેલા આપણા ત્રણ હક્કો સિવાયના બાકીના આપણા તમામ હક્કો પેઢીને સુપ્રત કરવા મંજુર કરવામાં આવે છે. અને સદરહુ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ આપણે લેવાની રકમ પેટે પેઢી પાસેથી પાંચ ટકાના વ્યાજે રૂપિયા બે લાખ લેવા અને તે રકમ દર વર્ષે આપણે લેવાની રકમમાંથી રૂ. ૨૦,૦૦૦ મુદ્દલ તથા ચડેલું વ્યાજ ૧૦ વર્ષ સુધી કાપી આપી વસુલ આપવા મંજુર કરવામાં આવે છે અને બારોટની જ્ઞાતિ વતી સદરહુ મુસદ્દા પ્રમાણે પેઢીને દસ્તાવેજ કરી આપવા તથા બારોટની જ્ઞાતી વતી રૂપીયા બે લાખ પેઢી પાસેથી લઈ પેઢીને તેની પહોંચ આપવા અને તે રકમ જ્ઞાતીના સભ્યો વચ્ચે વહેંચી આપવા ઉપર જણાવેલા બાર આગેવાનોને અધીકાર આપવામાં આવે છે. ઉપર મુજબનો ઠરાવ આજરોજ બારોટની જ્ઞાતી મળી તેમાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. અને તેની ખાત્રી બદલ નીચે સહીઓ લેવામાં આવેલ છે."

આ બારોટોની જનરલ સભાએ કરેલ આ ઠરાવની નીચે સભામાં ઉપસ્થિત બધા બારોટ ભાઈઓની સહીઓ લેવામાં આવી છે જે ઉતારવી અહીં શકય નથી.

(૬) આ મૂળ શિલાલેખની છઠ્ઠી પેઢીના ઇતિહાસમાં પહેલા ભાગમાં પૃ. ૪૧ ની સામે આપવામાં આવી છે અને તેનો ઉતારો પૃ. ૬૪ માં આપવામાં આવ્યો છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવું.

(૭) પાલીતાણા (શત્રુંજય)ની બારોટ જ્ઞાતિ સાથે થયેલા સમાધાનની માફક સને ૧૯૫૭ની સાલમાં જૂનાગઢ (ગિરનાર)ના બારોટો સાથે થયેલ સમાધાનની વિગતો માટે જુઓ આ પ્રકરણને અંતે આપવામાં આવેલી પૂરવણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ ૧૨

પૂરવણી

જુનાગઢ (ગિરનાર)ના બારોટો સાથે થયેલ સમાધાનનો દસ્તાવેજ

(રોકડ રકમના બદલામાં શ્રી ગીરનારજી ઉપરનાં જૈન શ્વેતાંબર મંદિરોમાં દર્શન પૂજા કરાવવાનો અને તેથી થતી આવકનો હક છોડી દીધાનો દસ્તાવેજ)

જુનાગઢની શેઠશ્રી દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, વકીલ ચંદ્રકાન્તભાઈ છોટાલાલ, શેઠશ્રી ત્રીકમલાલ લલ્લુભાઈ, શેઠશ્રી નરોત્તમદાસ મથાભાઈ, શેઠશ્રી સુમતીલાલ પોપટલાલ, શેઠશ્રી ત્રીકમલાલ ચંદુલાલ, એ તમામ વતી આપેલ અધિકારવાલા વહીવટદાર પ્રતિનિધિ વકીલ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી તથા શેઠશ્રી કાન્તીલાલ ભોગીલાલ નાણાવટી તમામ રહેવાસી અમદાવાદવાલા, જોગ લખી આપનાર (૧) બારોટ બાપુભાઈ લઘુભાઈ ઉ. વ. આશરે ૩૯ તે જાતે તથા તેમના સગીર પુત્રો (૧) વિજયકુમાર બાપુભાઈ ઉ. આશરે વરસ ૮ તથા (૨) જગદીશ બાપુભાઈ ઉ. વ. આશરે ૩ તથા (૩) મહેશ બાપુભાઈ ઉ. વ. આશરે ૧ એ ત્રણે સગીર પુત્રોના વાલી તથા (૨) બારોટ હેમતસીંગ ભુપતસીંગ ઉ. વ. આશરે ૨૯ તથા બારોટ દોલતસીંગ ભુપતસીંગ ઉ. વ. આશરે ૨૪ તમામ રહેવાસી જુનાગઢવાલા આ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે :—

૧. અમો ગીરનારજી ઉપર આવેલ જૈન શ્વેતાંબર મંદીરોમાં દર્શન-સેવા-પુજા વગેરે કરાવવાનું ઘણા જુના વખતથી પેઢી દર પેઢીથી વંશપરંપરાગત બારોટો તરીકે કામ કરીએ છીએ તેના બદલામાં દેરાસરોમાં શ્રીનેમનાથ દાદાની ટુંકમાં કેસર પુજાની બોલી રોકડ રકમમાં બોલાય છે તે બોલીની રકમ તથા બધા દેરાસરોમાં પાટલા ઉપરના ચોખા, બદામ, શ્રીફળ, નૈવેદ્ય, રોકડ રકમ, દાગીના વગેરે યાત્રાળુઓ તરફથી જે ચડોતરી-ધરવામાં આવે છે તથા શ્રી નેમનાથ દાદાના પ્રસમાં જે કાંઈ મુકાય તે બધું પેઢી દર પેઢીથી વંશપરંપરાગતના બારોટો તરીકે લેવાનો અમારો હક છે. જેમાં બારોટ બાપુભાઈ તથા તેના ત્રણ સગીર દીકરાઓનો આઠ આની ભાગ છે અને હેમતસીંગ તથા દોલતસીંગનો આઠ આની ભાગ છે.

૨. શ્રી ગીરનારજી ઉપર આવેલા જૈન શ્વેતાંબર મંદીરોનો તમામ વહીવટ ઉપર જણાવેલ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી ચલાવે છે અને તેના તમો ટ્રસ્ટીઓ છો એટલે અમો બારોટોના વંશપરંપરાગત હકો અંગે બન્ને પક્ષ એટલે તમો પેઢીના અધીકૃત પ્રતીનીધીઓ તથા અમો બારોટો વચ્ચે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

૩. અમો બારોટોની તમામ આવકના હક્કો તમો શેઠશ્રી દેવચંદ લક્ષ્મીચંદની પેઢીને અમો બારોટો સોંપી આપીએ છીએ. તેના બદલામાં શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી બારોટને નીચે મુજબ ત્રણ પેઢી સુધી વર્ષાસન આપવા બંધાય છે.

રૂ. ૨૧૦૦ અંકે રૂપીઆ બે હજાર એકસો ફક્ત બારોટ બાપુભાઈ લઘુભાઈ તથા તેના વારસોને ત્રણ પેઢી સુધી દર વરસના કારતક માસની સુદ ૨ ના રોજ પેઢીએ આપવાના છે. અને શ્રી હેમતસીંગ તથા દોલતસીંગના અડધા ભાગમાંથી ૧૦/૧૧નો ભાગ રૂ. ૧૦૦૦૦ અંકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપીઆ દસ હજારમાં પેઢીને વેચાણ આપેલ છે અને બાકીના ૧૧/૨૧ના ભાગના બદલામાં પેઢીએ શ્રી હેમતસીંગ તથા દોલતસીંગને ત્રણ પેઢી સુધી દર વર્ષે રૂ. ૧૧૦૦ અંકે અગીઆરસો ફક્ત આપવાના છે.

૪. બારોટ બાપુભાઈ લઘુભાઈને દર વરસે રૂ. ૨૧૦૦ આપવાના છે. પરંતુ તેમને તેમના કુટુંબની જરૂરીયાત માટે તથા રીત ખાતર મકાન ઉપર થાલગીરો (કબ્જા સાથેનું ગિરોખત) કરજ હોવાથી કરજ ભરવા માટે રૂ. ૪૨૦૦ અંકે ચાર હજાર બસો ફક્ત બાપુભાઈએ પેઢી પાસેથી એડવાન્સ ઉપાડેલ છે તે એડવાન્સ રકમ પાંચ વરસમાં વ્યાજ સાથે પાંચ વારસીક હપ્તાથી ભરપાઈ કરી આપવાના છે. ચાલુ જમાનાની પરિસ્થિતિ અંગે સગીરોનું હીત ધ્યાનમાં રાખી સગીરોના વાલી પીતા તરીકે અમોએ આ ગોઠવણ કરેલ છે અને તે ગોઠવણ દરેક રીતે-સગીરોનાં હીતમાં છે અને તેના અંગે સગીરોનાં હીત બાબતમાં નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાંથી ઈ. ૫. સ. નં. ૨૧ થી હીંદુ માયનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એક્ટ ૧૯૫૬ નીચે અરજી કરી તા. ૯-૮-૫૭ના ઠરાવથી મંજુરી મેળવી લીધેલી છે. તે મંજુરી અન્વયે સગીરોનાં વાલી પીતા તરીકે સગીરોનું હીત ધ્યાનમાં રાખી આ સમજુત કરવામાં આવેલ છે.

૫. યાત્રાળુઓ તરફથી આવક દીન પ્રતીદીન ઘટતી જાય છે અને આવક લેવા માટે અમો બારોટોને હાજર રહેવું પડે છે અને પગારદાર માણસો રાખવા પડે છે અને ખર્ચનો બોજો વધી જાય છે. તેમજ બીજો કાંઈ કામધંધો થઈ શકતો નથી તેથી ઉપર મુજબ ગોઠવણ કરવામાં આવેલ છે તે અમો બારોટ બાપુભાઈ લઘુભાઈના સગીર પુત્રોના તેમ જ અમો તમામ લખી આપનારાઓના હીતમાં હોવાથી આ દસ્તાવેજમાં જણાવેલ સમજૂત કરી અમારો બારોટો તરીકેનો હક ઉપર જણાવ્યાની મુજબની ત્રણ પેઢી સુધીના વર્ષાસનના બદલામાં છોડી આપીએ છીએ.

૬. ઉપર મુજબ ઠરાવેલી રકમ અમો બારોટોની ત્રણ પેઢી સુધીના પુરુષ વંશને જ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીએ આપવાની છે ત્યારબાદ પેઢીએ કાંઈ આપવાનું નથી અને અમો બારોટો કાંઈ લેવા હકદાર નથી.

૭. ત્રણ પેઢી એટલે બારોટ બાપુભાઈ લઘુભાઈ તેના દીકરા અને બાપુભાઈ લઘુભાઈના દીકરાના દીકરા અને હેમતસીંગ તથા દોલતસીંગના દીકરા અને દીકરાના દીકરાઓ ગણવાના છે.

૮. ત્રણ પેઢીના છેલ્લામાં છેલ્લા પુરુષ વારસની હયાતી સુધી આ ઠરાવોની રકમ બારોટો લેવા હકદાર છે અને ઉપર જણાવેલી વીગત પ્રમાણે આપવાને પેઢી બંધાયેલ છે. વારસદારો ગમે તેટલા હોય પરંતુ શ્રી બાપુભાઈ તથા તેમના વારસદારો તરફથી એક એક મુખ્ય હૈયાત વારસદારનું નામ પેઢીમાં રજૂ કરવામાં આવે તેને ઠરાવેલી રકમ, ઉપર જણાવ્યાની મુજબની ત્રણ પેઢીના છેલ્લા હૈયાત પુરુષ વારસ સુધી આપવાની છે.

૯. આ રકમનો હક બારોટો શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી સીવાય બીજા કોઈને વેચાણ કે ટ્રાન્સફર કે મોર્ગેજ કરી શકશે નહીં.

૧૦. આ વર્ષાસનની રકમ અમો બારોટોની ત્રણ પેઢી સુધીના પુરુષ વંશજ હૈયાત હોય ત્યાં સુધી આપવાની છે. કોઈપણ સંજોગોમાં બે માંથી કોઈના વંશમાં પુરુષ વર્ગ હૈયાત ન હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની રકમ બંધ થશે. બારોટો તરીકે કામ કરવા બદલ આ રકમ આપવાની હોવાથી તે પુરુષ વર્ગ જ કરી શકે તેમ હોવાથી સ્ત્રીઓને આ રકમ લેવાનો હક રહેતો નથી તેમ ઠરાવવામાં આવે છે.

૧૧. ઉપર નક્કી કર્યા મુજબ અમો બારોટોને વર્ષાસનની જે રકમ ઠરાવી છે તે લેવા સીવાય બીજો કાંઈ હક રહેતો નથી અને તેના બદલામાં શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના ટ્રસ્ટીઓ તથા વહીવટ કરનાર પ્રતીનીધીઓ વર્ષાસનની રકમ દર વર્ષે બારોટોને ઉપર મુજબની ત્રણ પેઢીના હૈયાત પુરુષ વારસ વારસદારોને ઠરાવેલી મુદતનાં રોજ જુનાગઢ મુકામે આપવાને બંધાયેલ છે. તેમાં પેઢી નિષ્ફળ જાય તો બારોટો વારસીક હપ્તાની રકમ તે પેઢી પાસેથી કાયદેસર વસુલ લેવાને હકદાર છે. તેમાં તમામ ખર્ચની જવાબદારી પેઢીની રહેશે.

૧૨. આ દસ્તાવેજનો અમલ દસ્તાવેજની તારીખથી કરવાનો છે અને તે તારીખથી બારોટોએ પોતાના બારોટ તરીકેના હકો લઈ લીધેલ છે અને પેઢીએ સરતો મુજબ વરસાસનની રકમો આપવાનુ જારી રાખવાનું છે.

૧૩. આ દસ્તાવેજના સ્ટાંપ રજીસ્ટ્રેશન વીગેરે તમામ ખર્ચની જવાબદારી પેઢીની છે.

૧૪. ઉપરની સરતો બારોટ તરફથી અત્યારના સહી કરનારા ઇસમો તથા તેના વંશવારસોએ પાલવાની છે તેવી જ રીતે શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના અત્યારના ટ્રસ્ટીઓ તથા વહીવટ કરનાર પ્રતીનીધીઓ તથા હવે પછીના નવા આવનાર ટ્રસ્ટીઓ તથા પ્રતીનીધીઓએ પાલવાની છે. તેના બરાપણા બાબત આ નીચે બારોટો તરફથી શ્રી બાપુભાઈ લઘુભાઈએ જાતે તથા તેના સગીર પુત્રોના વાલી તરીકે અને બારોટ હેમતસીંગ ભુપતસીંગ તથા દોલતસીંગ ભુપતસીંગે પોતાની સહીઓ કરી છે અને પેઢી તરફથી પેઢીના વહીવટ કરનાર પ્રતીનીધીઓની તા. ૧૨-૧૦-૫૭ની મીટીંગમાં ઠરાવ નં. ૧૩ થી અધીકાર મલ્યા મુજબ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી તથા શ્રી કાન્તીલાલ ભોગીલાલ નાણાવટીએ સહી કરી છે તે તેમને તથા તેમના પછી આવનાર વહીવટ કરનાર પ્રતીનીધીઓને બંધનકર્તા અને કબુલ મંજુર છે.

૧૫. ઉપર પ્રમાણેની ગોઠવણ તથા સમજૂત થતાં અમો બારોટો આ ફારગતીનો દસ્તાવેજ ધોરણસર રૂ. ૧૦ ના સ્ટાંપ ઉપર લખી આપીએ છીએ તે પેઢીના ખર્ચે અમારે રજીસ્ટર નોંધાવી આપવાનું છે.

સંવત ૨૦૧૪ ના કારતક વદી.....ને વાર.....તા. ... ... નવેમ્બર ૧૯૫૭

લખાવી લેનાર :—

વકીલ ચંદ્રકાન્ત છોટાલાલ સ. દ. હ પોતે

કાંતિલાલ ભોગીલાલ નાણાવટી સહી. દા. પોતે

લખી આપનાર :—

(આની નીચે આ દસ્તાવેજ લખી આપનાર ૧૧ બારોટોની સહીઓ છે જે ઉકેલી શકાતી નથી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

કેટલાંક બાદશાહી ફરમાનો

જગદ્‌ગુરુ આચાર્ય શ્રી હીરવિજયસૂરિજીએ સમ્રાટ અકબરની મુલાકાત લીધી ત્યારથી (વિ. સ. ૧૬૩૯થી) લઈને તે નગરશેઠ શાંતિદાસ સહસકરણ ઝવેરીનો સ્વર્ગવાસ થયો ત્યાં સુધીના (વિ. સં. ૧૭૨૫ સુધીના) આશરે પોણોસો વર્ષ જેટલા લાંબા ગાળા દરમ્યાન સમ્રાટ અકબર વગેરે પાંચ મોગલ બાદશાહો તરફથી જૈન સંઘને (એટલે કે આચાર્ય શ્રી હીરવિજયસૂરિજી વગેરે શ્રમણોને તેમજ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને) જે ફરમાનો મળ્યાં હતાં તેમાં શત્રુંજય મહાતીર્થના માલિકી હક્કો ભેટ આપ્યા સંબંધી તથા એ તીર્થમાં લેવામાં આવતા કર માફ કરવા સંબંધી તેમજ જૈન સંઘનાં અન્ય ધર્મસ્થાનોની સાચવણી થઈ શકે એને લગતાં કેટલાંક ફરમાનોનો સમાવેશ થાય છે. આ અંગે જે માહિતી ઉપલબ્ધ થઈ છે તે મુજબ આવાં કુલ નવ ફરમાનો મળ્યાં છે, જેની માહિતી નીચે મુજબ છે—

(અ) સાત ફરમાનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કબજામાં છે.

(બ) એક ફરમાન પ. પૂ. મુ. શ્રી વિદ્યાવિજયજીએ લખેલ "સૂરિશ્વર અને સમ્રાટ" પુસ્તકમાં ચોથા ફરમાન તરીકે પૃ. ૩૮૮–૩૮૯ ઉપર આપવામાં આવેલ છે.

(ક) એક ફરમાન શ્રી એમ. એસ. કોમિસેરિયેટે-(M. S. Commissariat) લખેલ Imperial Mughul Farmans in Gujarat" નામે પુસ્તકમાં ૨૦મા નંબરના ફરમાન તરીકે આપેલ છે.

મોગલ બાદશાહો તરફથી જૈન સંઘને મળેલ આ ફરમાનો ઉપરથી બે વાત ફલિત થાય છે. એક વાત તો એ કે શ્રી શત્રુંજય મહાતીર્થની પૂરેપૂરી સાચવણી તેમજ વ્યવસ્થા અને એ તીર્થના યાત્રિકોને કોઈપણ જાતની કનડગત સહન કરવી ન પડે એવી આવકારદાયક પરિસ્થિતિ ઊભી કરવા માટે જૈન સંઘને, અને વિશેષે કરીને અમદાવાદના જૈન સંઘને, તેમજ સમગ્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના તે વખતના મુખ્ય સુકાની નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીને ઘણી ચિંતા રહેતી હતી અને એ માટે તેઓ અવારનવાર જરૂરી કાર્યવાહી પણ હાથ ધરતા રહેતા હતા. બીજી વાત એ કે, એ અરસાના મોગલ બાદશાહો ઉપર નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી કેવો પ્રભાવ તેમજ રાજદ્વારી લાગવગ ધરાવતા હતા, તે આ ફરમાનો ઉપરથી જાણી શકાય છે.

જૈન સંઘની આવી સજાગતા તથા શ્રમણ સંઘના પ્રભાવક પુરુષોના તેમજ નગરશેઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૧ જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહે ગાઝીનો ફરમાન (જુઓ પૃ. ૧૪૫),

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૨ નુરુદ્દીન મોહમ્મદ જહાંગીર બાદશાહ ગાઝીનું ફરમાન (જુઓ પૃ. ૧૪૭)



ફરમાન નં. ૮ અબુલ મુઝફ્ફર સુલ્તાન શા૦ સલીમ (શાહજંહા)નું ફરમાન (જુઓ પૃ. ૧૫૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૪ અબુલ મુઝફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીનું ફરમાન (જુઓ પૃ. ૧૪૯).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શાંતિદાસ ઝવેરીના પ્રભાવને લીધે (૧) બાદશાહ અકબર, (૨) બાદશાહ સલીમ ઉર્ફે જહાંગીર, (૩) બાદશાહ શાહજંહા, (૪) બાદશાહ મુરાદબક્ષ અને (૫) બાદશાહ ઔરંગઝેબ—એ પાંચે મોગલ બાદશાહોએ શત્રુંજયના પહાડ સહિત પાલીતાણા પરગણાના માલિકી હક્કો અથવા અમુક જાતના હક્કો જૈન સંઘને ભેટ આપ્યા હતા. આ પાંચ બાદશાહોએ આવાં કુલ નવ ફરમાન આપ્યાં હતાં, જેમાં બાદશાહ અકબરે એક અને બાકીના ચારેય બાદશાહોએ બે-બે ફરમાનો આપ્યાં હતાં.

આ ફારસી ભાષામાં લખવામાં આવેલ નવ ફરમાનોનો અનુવાદ નીચે મુજબ છે :—

(અ) પેઢી હસ્તકનાં સાત ફરમાનોનો અનુવાદ :—

સનદ–૧

જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહે ગાઝીનો ફરમાન

જલાલુદ્દીન અકબર બાદશાહ
હુમાયુન બાદશાહનો દીકરો
બાબર બાદશાહનો દીકરો
ઉમરશેખ મીરજાનો દીકરો
સુલતાન અબુસઈદનો દીકરો
સુલતાન મોહમ્મદશાહનો દીકરો
મીરશાહનો દીકરો
અમીર તૈમુર સાહેબ કિરાનનો
દીકરો.

હાલના તેમજ ભવિષ્યના માલવા, અકબરાબાદ (આગ્રા), લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મિરઠ, ગુજરાત અને બંગાળ તથા અમારાં રાજ્યોના અન્ય પ્રાંતોના સુબેદારો, જાગીરદારો, કરોડીઓ વગેરેને જાણ થાય કે જે અરુ જોતાં પરમકૃપાળુ ખુદાની નવાઈ પમાડે એવી અમાનત છે, એવી સમગ્ર પ્રજા અને સૃષ્ટિપટ પર અસ્તિત્વ ધરાવતી દરેક વ્યક્તિને સંતોષ થાય એ અમારા ઉચ્ચ વિચારોનો લક્ષ્યાંક છે, આમ કરીને શુદ્ધ મન અને નિર્મળ વિચારો ધરાવતા મનુષ્યોનાં હૃદયને સંતુષ્ટ રાખવાં, પરલોકનું નિરીક્ષણ કરતી અમારી દૃષ્ટિનો લક્ષ્યાંક છે.

તેથી જ્યારે પણ અમારા કાન ઉપર કોઈપણ ધર્મ, પંથ કે કોમના એવા લોકોની વાત આવે છે કે જેઓના દિલમાં ખુદાનું સ્મરણ ભારોભાર હોય છે અને જેઓ સતત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનનશીલ હોય છે, ત્યારે અમો દરેકના–પછી તે ગમે તે ધર્મના હોય મૂળ સિદ્ધાંતો જાણવા ઉત્સુક હોવાથી એવા લોકોને આદરપૂર્વક દૂર દૂરથી તેડાવી એમના સત્સંગનો લાભ લઈએ છીએ.

ગુજરાતના બંદરના શ્વેતાંબર પંથના **હિરવિજયસૂરિની** પાપભીરુતા અને સાધના અંગે સાંભળીને અમે એમને તેડાવ્યા, મુલાકાતથી અમોને ઘણો આનંદ થયો. પોતાના રહેઠાણ તરફ પાછા ફરતી વખતે એમણે વિનંતી કરી કે આકાશને સ્પર્શતો **સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, કેસરિયાનાથજી, આબુજી,** જે ગુજરાતમાં આવેલ છે અને **રાજગૃહીના પાંચ પર્વત, સમ્મેતશિખરજી** એટલે કે પારસનાથજી જે બંગાળામાં આવેલ છે, અને પર્વતની તળેટીમાં આવેલ બધાં જ મંદિરોની કોઠીઓ અને અમારા રાજ્યમાંના દરેક જગ્યાનાં **જૈન શ્વેતાંબરનાં** સર્વ દેવસ્થાનો અને દર્શનસ્થળો વગેરે એમના કબજામાં સોંપી દેવામાં આવે અને કોઈને એ પર્વત ઉપર કે મંદિરોની આસપાસ કે નીચે પશુઓની કતલ કરવા દેવામાં ન આવે.

એ દૂરથી પધારેલા હતા અને એમની વિનંતી ઇસ્લામી શહેરીઅતથી વિરુદ્ધ પણ ન હતી કારણ કે તેનો સિદ્ધાંત એ છે કે દરેક ધર્મને એની રીતે રહેવાનો અધિકાર છે. તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું કે હકીકત પણ એમ જ છે કે જે પર્વતો અને દર્શનસ્થળો પ્રાચીન કાળથી જૈન શ્વેતાંબરના જ છે, તેથી અમે એમની વિનંતીને માન્ય રાખી.

તેથી જૈન શ્વેતાંબર પંથના **હીરવિજયસૂરિને** અમે **સિદ્ધાચલ પર્વત, ગિરનાર પર્વત, તારંગા પર્વત, કેસરિયાજી પર્વત** (આ તીર્થ પર્વત ઉપરનું નહીં પણ ધરતી ઉપરનું છે) અને ગુજરાતમાં આવેલ **આબુ, રાજગૃહીના પાંચ પર્વતો** અને **બંગાળનો પારસનાથના** નામે ઓળખાતો **સમ્મેતશિખરજી** અને અમારી સલ્તનતમાં ગમે ત્યાં હોય એવા તેમજ તે પર્વતોની નીચે આવેલ દેવસ્થાનો અને દર્શન સ્થળો આપીએ છીએ, તેમણે ત્યાં નિશ્ચિંત બની પ્રાર્થના કરવી.

એક વાત સ્પષ્ટ થવી જોઈએ કે **જૈન શ્વેતાંબરના** પર્વતો, દેવસ્થાનો અને દર્શનસ્થળો આટલાં **હિરવિજયસૂરિને** છે છતાં ખરેખર તો એ બધાં **જૈન શ્વેતાંબર** પંથનાં છે.

જ્યાં સુધી સૂરજ પ્રકાશે અને ચંદ્રમા રાત્રીને ઉજવાળે ત્યાં સુધી આ ફરમાન **જૈન શ્વેતાંબર** પંથીઓમાં સૂરજ અને ચંદ્રની જેમ દિવ્યમાન રહેજો.

કોઈએ આ પર્વતો, દેવસ્થાનો અને દર્શન સ્થળોની આસપાસ કે તેમની ઉપર નીચે પશુઓની કતલ કરવી નહીં. આ ભવ્ય આજ્ઞા પ્રમાણે ચુસ્તપણે વર્તવું અને તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાદર કરવો નહીં અને નવી સનદ માંગવી નહીં. તા. ૭ માહે ઉર્દીબહિશ્ત, માહે રબીઉલ અવ્વલ રાજ્યાભિષેકનું ૩૭ મું વર્ષ (ઇ. સ. ૧૫૮૩)

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૧).

સનદ-૨

નુરુદ્દીન મોહમ્મદ જહાંગીર બાદશાહ ગાઝીનું ફરમાન

નુરુદ્દીન મોહમ્મદ જહાંગીર
બાદશાહ
અકબર બાદશાહ
હુમાયુન બાદશાહ
બાબર બાદશાહ
મીરજા ઉમર શેખ
સુલતાન અબુસઇદ
સુલતાન મીરજા મોહમ્મદશાહ
મીરાંશાહ
અમીર તૈમુર સાહિબ
કિરાનનો દીકરો

કુલ સુરક્ષિત રાજ્યના અને ખાસ કરીને ગુજરાતના સન્માન્ય હાકેમો, જાગીરદારો, કરોડીઓ, મુત્સદ્દીઓને જાણ થાય કે બાદશાહ, ખુદાને પારખનાર, અલ્લાહના બંદાઓમાંના દરેક પંથ અને ધર્મના શુભેચ્છક બલકે પ્રત્યેક ચેતન વસ્તુની રાહતનો ખ્યાલ રાખનાર છે તેથી આ દરમ્યાન **બેખહરખ (વિવેકહર્ષ) પરમાનંદ** જતિએ દરબારમાં ઉપસ્થિત થઈને તખ્તના પાયા પાસે ઊભા રહેનારાઓને અરજ ગુજારી કે **બાજીસેનસૂરિ (વિજયસેનસૂરિ), બાજીદેવસૂરિ (વિજયદેવસૂરિ)** અને ખુશફહમ **નંદબાજીપ્રાણુ (નંદવિજયપ્રાણુ)** ઠેર ઠેર અને દરેક શહેરમાં દેરાંઓ અને ધરમશાળાઓ ધરાવે છે અને એમાં ખુદાની પૂજા અર્ચનામાં તલ્લીન રહે છે, ઉપરાંત મજકૂર **વિવેકહર્ષ પરમાનંદની** સાધના અને પ્રભુપ્રાપ્તિની પણ પ્રતીતિ થઈ.

તેથી જગતમાન્ય અને દુનિયા દ્વારા શિરોમાન્ય રખાતો આદેશ બહાર પડ્યો કે આ લોકોનાં દેરાં અને ધર્મશાળાઓમાં કોઈએ પડાવ નાખવો નહીં, અને વિના કારણે પ્રવેશ કરવો નહીં, અને જો એ લોકો એનો જીર્ણોદ્ધાર કરવા માંગતા હોય તો કોઈએ અડચણ કે અવરોધ ઊભા કરવા નહીં તેમજ તેમના શિષ્યોનાં ઘરોમાં પડાવ નાંખવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહીં. જો એ લોકો દર્શનાર્થે સોરઠ જાય તો કોઈએ તેમની પાસેથી કશું માંગવું નહીં, કોઈ આશા રાખવી નહીં.

તેમજ એ લોકોની વિનંતી અને યાચનાને માન આપીને સર્વોચ્ચ આદેશ આપવામાં આવે છે કે પ્રત્યેક અઠવાડિયામાં રવિવારે અને ગુરુવારે અને દરેક મહિનાના બીજના દિવસે, ઈદના દિવસે, નવરોજના મહિનામાં સને માહે ચારના એક પવિત્ર દિવસે કે જ્યારે રાજ્યશાસન કરવા માટે એમને તોલવામાં આવ્યા હતા, કોઈએ અમારા રાજ્યમાં પશુઓની કતલ કરવી નહીં, શિકાર કરવો નહીં, કોઈએ પક્ષીઓ, માછલાં પકડવાં કે મારવાં નહીં. આ આદેશ અમારા જીવનપર્યંત પળાશે. કોઈએ આ આદેશની અવહેલના કે ઉલ્લંઘન કરવું નહીં તેનું પાલન સૌની ફરજ છે.

૩ માહે ચાર

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૨).

સનદ-૩

અબુલ મુજફ્ફર મોહમ્મદ શાહબુદ્દીન બાદશાહ ગાઝી સાહેબ કિરાનેસાનીનું ફરમાન

પરમેશ્વર મોટો છે.

અબુલ મુઝફ્ફર મોહમ્મદ શાહબુદ્દીન
શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ
કિરાનેસાની સને ૧
બીન જહાંગીર બાદશાહ
બીન અકબર બાદશાહ
બીન હુમાયુન બાદશાહ
બીન બાબર બાદશાહ
બીન ઉમર શેખમીરલ
બીન સુલતાન અબુસઈદ
બીન સુલતાન મહમ્મદ મીરઝા
બીન મીરાશાહ
બીન અમીર તૈમુર સાહેબ
કીરાન.

પવિત્ર શ્રવણમાં એવું આવ્યું કે **ચિંતામણી, શત્રુંજય શંખેશ્વર** અને **કસારીનાં** દેરાંઓ, અમારા શુભ રાજ્યાભિષેકથી પણ પહેલાંના જમાનાથી છે, તેમજ અમદાવાદની ત્રણ, ખંભાતની ચાર પોસાલો, સૂરતની એક પોસાલ અને રાધનપુરની એક પોસાલ **શાંતિદાસના** કબ્જામાં (વહીવટમાં) છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૫ અબુલ મુજફ્ફર મહમ્મદ શાહબુદીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીના હુકમથી (જુઓ પૃ. ૧૫૦).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી જગતમાન્ય, આકાશ જેટલો ઉચ્ચ આદેશ આપવામાં આવે છે કે કોઈએ ઉપર્યુક્ત ઘરો કે રહેઠાણોમાં પડાવ નાખવો નહીં કે તેમની આસપાસ જવું નહીં કેમ કે એમને (જૈનોને) બક્ષવામાં આવ્યા છે.

સાગર અને સરોકેાન નામના ગ્રંથનો પાઠ કરતાં સેવડાઓ (શ્રાવકો) કે જે ગુજરાતમાં વસે છે તેમણે માંહોમાંહે ઝઘડવું નહીં અને આજ્ઞાનો અનાદર કરવો નહીં અને અમરત્વ પામેલ રાજ્યનું સાતત્ય પ્રાર્થતા રહેવું.

ત્યાંના હાકેમો અને સુબેદારોએ આ પ્રમાણે વર્તવું અને કોઈના દ્વારા થતા અનાદરને ચલાવી ન લેવો.

તા. ૨૧ માહે આઝર, ઇલાહી વર્ષ ૨ (ઇ. સ. ૧૬૦૬).

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. 3).

સનદ-૪

પરમેશ્વર મોટો છે.

અબુલ મુઝફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીનું ફરમાન

આ દિવસોમાં એક ભવ્ય આદેશ બહાર પડ્યો કે અમદાવાદમાં, સોરઠ સરકારને હસ્તક પાલીતાણા કે શેત્રુંજના નામથી ઓળખાય છે. શાહજાદા મુરાદબક્ષની જાગીર છે કે ભાગ્યશાળી, નસીબદાર, રાજ્યની આંખની ઠંડક, ઉચ્ચતાની સંજ્ઞા, સામ્રાજ્યનો નવાં ઉગેલ છોડવા.....વગેરે સમાન છે.

તેની મહેસૂલ બે લાખ દામ છે, તે હવે ખરીફની શરૂઆતથી **શાંતિદાસ ઝવેરીને** અલતમગા તરીકે ઇનામ આપવામાં આવે છે અને એમને સુપ્રદ કરવામાં આવે છે.

હાલના તેમજ ભવિષ્યના ઉચ્ચ કુળના નબીરાઓ, ભવ્ય વઝીરો, દીવાની કામના મુત્સદ્દીઓ, હાકેમો, સુબેદારો, જાગીરદારો અને કરોડીઓએ આ પવિત્ર આદેશને ચાલુ રાખવા અને તેને આચરવાનો પ્રયત્ન કરવો અને ઉપર્યુક્ત પરગણાને વંશપરંપરાગત, પેઢી દર પેઢી મજકૂર વ્યક્તિના કબ્જામાં તેમજ તેના અનુગામીઓના કબજામાં **રહેવા** દેવું. ત્યાંનાં બધાં જ ટેક્ષ, મહેસુલ વગેરે માફ કરવામાં આવે છે.

આ અંગે પ્રતિવર્ષ નવો આદેશ ન માગે અને આદેશનો અનાદર ન કરે.

તા. ૧૯ પવિત્ર માહે રમજાન.

રાજ્યાભિષેકનો ૩૧ મો વર્ષ.

હિ. સં. ૧૦૬૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુલંદ ઇકબાલ મોહંમદ દ્વારા શુકોર બાદશાહ મોહંમદ મુરાદબક્ષ.

શુક્રવાર ૧૮ માહે શાબાન ૨૧ મું રાજ્યાભિષેકનું વર્ષ ૧૨ માહે મર્દાદ ૨૦ સને ઈલાહી.

દૈવી ઈલ્કાબવાળા.....વગેરેના માધ્યમથી, વિવિધ મહાસબ મુહામ ઈલ્કાબોવાળા .....મોઅઝઝમખાનની મારફતે વિવિધ ઈલ્કાબવાળા.....મોહંમદ કાઝિમની વાકેઆ-નવીસી દરમ્યાન નોંધાયું.

અમદાવાદમાં સોરઠ સરકારને હસ્તક પાલીતાણા કે **શેત્રુંજા**ના નામથી ઓળખાય છે. વિવિધ ઈલ્કાબવાળા શાહઝાદાની જાગીર છે. તેની મહેસૂલ બે લાખ દામ છે તે ખરીફની શરુઆતથી **શાંતિદાસ ઝવેરીને** અલતમગા (બક્ષીસ) તરીકે આપવામાં આવે છે.

શાહજાદાના માધ્યમથી, ફરીથી રજૂ કરવું મીરક શેખની કલમે નોંધાયું.

૧૯ માહે શાબાન, રાજ્યાભિષેકનું ૩૧ મું વર્ષ.

(ઈ. સ. ૧૬૫૧). (મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૪).

સનદ–૫

પરમેશ્વરના નામથી શરુ

અબુલ મુજફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીના હુકમથી

સને ૧૦૪૯
મુરાદબક્ષ બીન મોહમ્મદ
શાહબુદ્દીન શાહજહા બાદશાહ
ગાઝી સાહેબ કિરાનેસાનીની
મહોર.

હાલના તેમજ ભવિષ્યના સોરઠ સરકારના અગત્યનાં કામો સંભાળતા મુત્સદ્દીઓ, શાહી અમીદૃષ્ટિનાં ઉમેદવાર થઈને જાણે કે આ સમયે, આ જમાનાની સર્વોત્તમ વ્યક્તિ **શાંતિદાસ ઝવેરીએ** આવીને ભવ્ય દરબારમાં મોજે પાલીતાણામાં હિન્દુઓનું એક ધર્મસ્થાન છે જે **શેત્રુંજા**ના નામે ઓળખાય છે, આસપાસના લોકો ત્યાં તીરથ માટે આવતા રહે છે.

આથી ભવ્ય આદેશ બહાર પાડવામાં આવે છે કે ઉપર્યુક્ત ગામ ખરીફની શરુ-આતથી મજકૂર સર્વશ્રેષ્ઠ વ્યક્તિને ઇનામ તરીકે આપ્યું છે, હવેથી મજકૂર ગામ એમનું છે એમ સમજવું, અને તેમાં કોઈ દખલગીરી કરવી નહીં, જેથી આસપાસના લોકો ત્યાં નિરાંતે તીરથ માટે આવતા રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અંગે સખત તાકીદ છે, તેનું ઉલ્લંઘન કરવું નહીં.
૨૯ માહે મોહરમ રાજ્યાભિષેકનું ૩૦ મું વર્ષ.
(ઈ. સ. ૧૬૫૭) (મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૫)

સનદ-૬

અબુલ મુજફ્ફર મોહમ્મદ મુરાદબક્ષ બાદશાહ ગાજીનો ફરમાન.

અબુલ મુજફ્ફર મુરવીજુદ્દીન મોહમ્મદ
મુરાબબક્ષ બાદશાહ ગાજી
શાહજહા બાદશાહનો દીકરો
જહાંગીર બાદશાહનો દીકરો
અકબર બાદશાહનો દીકરો
હુમાયુન બાદશાહનો દીકરો
બાબર બાદશાહનો દીકરો
ઉમરશેખ શાહનો દીકરો
સુલતાન અબુસઈદ શાહનો દીકરો
સુલતાન મોહમ્મદ બાદશાહનો
દીકરો
મીરાશાહનો દીકરો
અમીર તૈમુર સાહેબ કીરાનનો
દીકરો.

આ સમયે ભવ્ય ફરમાન બહાર પાડવામાં આવે છે કે સોરઠ સરકારના અમદાવાદમાં આવેલ પાલીતાણા પરગનો જે **શેત્રુંજા** નામે ઓળખાય છે તે અગાઉની સનદો મુજબ **શાંતિદાસ ઝવેરીને** અલતમગા ઈનામ તરીકે આપવામાં આવેલ છે. મજકૂર વ્યક્તિએ એ અંગે નવા ભવ્ય ફરમાનની માગણી કરી.

તેથી જગતમાન્ય આદેશ બહાર પાડવામાં આવે છે કે મજકુર પરગનાને, અગાઉની સનદો પ્રમાણે અલતમગા તરીકે મજકૂર વ્યક્તિ અને તેમનાં સંતાનોને ઈનામ તરીકે સોંપવામાં આવે છે.

હાલના તેમજ ભવિષ્યના મહાન દિવાનો, સન્માન્ય વઝીરો, મુત્સદ્દીઓ, કરોડીઓ આ સનદ મુજબ એમના ઈનામ તરીકે સ્વીકારી કોઈપણ ટેક્ષ કે વેરા અંગે એમને પરેશાન કરે નહીં અને આ આદેશના પાલન માટે પ્રયત્નશીલ રહે.

આ અંગે અત્યંત તાકીદ છે. તેનું ઉલ્લંઘન કરવું નહીં.
૨૯ માહે રમઝાન, રાજ્યાભિષેકનું પહેલું વર્ષ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહમદ ઈઝદબક્ષ બહાદુરના માધ્યમથી જે અમારા શ્રદ્ધાળુ અને સંનિષ્ઠ સંતાન સમાન છે.

૨ માહે, શવ્વાલ રાજ્યાભિષેકનું પહેલું વર્ષ (ઇ. સ. ૧૬૨૮).

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૬).

સનદ-૭

ઔરંગઝેબ બાદશાહનું ફરમાન

મોહંમદ ઔરંગઝેબ શાહ
બાહદુર ગાઝી સાહેબ
કીરાનસાનીનો દીકરો

આ દિવસોમાં **શાંતિદાસ ઝવેરીએ** દરબારમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરતાં લોકો મારફતે અરજ ગુજારી કે સમ્રાટ સોલોમનના સમકક્ષનાં તા. ૧૯ રમજાન, વર્ષ ૩૧ મું, અમદાવાદના મુઝાફાતમાં આવેલ, સોરઠ સરકારમાં સમાવિષ્ટ **શેત્રુંજા** નામે ઓળખાતો **પાલીતાણા** જેની આવક બે લાખ દામ છે, મુજ સેવકને અલતમગા ઈનામ તરીકે મળેલ છે.

મારી અભિલાષા એવી છે કે આપના પ્રકાશિત દરબારથી એવો આદેશ મળે.

તેથી અમે ઉપર્યુક્ત પરગનાને અગાઉની જેમ એમને અલતમગા ઈનામ તરીકે આપ્યું.

હાલના અને ભવિષ્યના મજકૂર સુબા તેમજ સરકારના મુત્સદ્દીઓ તેમજ અધિકારીઓએ આ હુકમ પ્રમાણે વર્તવું. ઉપર્યુક્ત પરગના વંશપરંપરાગત રીતે પેઢી દર પેઢી મજકૂર વ્યક્તિ અને તેના સંતાનના કબજામાં રહેવા દેવું અને બધા જ પ્રકારના ટેક્ષ, વેરા વગેરે માફ કરવામાં આવ્યા છે.

દર વર્ષે આ અંગે નવી સનદની અપેક્ષા રાખવી નહીં.

આ આદેશનો અનાદર કરવો નહીં.

તા. ૯ માહે ઝીલકાદા હિ. સં. ૧૦૬૮ (ઇ. સ. ૧૬૫૭).

વિવિધ ઈલ્કાબ ધરાવતા_____શાહઝાદા મોહંમદ સુલતાન બહાદુર મારફતે.

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૭).

સનદ-૮

(બ) અબુલ મુઝફ્ફર સુલતાન શાહ સલીમ (શાહજંહા)નું ફરમાન

('સૂરિશ્વર અને સમ્રાટ' પુસ્તકમાં પૃ. ૩૮૮ ની સામે આપવામાં આવેલ ફરમાન નં. ૪ નો અનુવાદ).

બાદશાહની અભીદૃષ્ટિ માણતા તથા તેના ઉમેદવાર, હાલના તેમજ ભવિષ્યના અધિકારીઓ, હાકેમો અને અગત્યનાં કામોની જવાબદારી સંભાળતા સુબેદારો અને ખાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૬ અબુલ મુજફર મોહમ્મદ મુરાદબક્ષ બાદશાહ ગાઝીનો ફરમાન (જુઓ. પૃ. ૧૫૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફરમાન નં. ૯ બાદશાહ ઔરંગઝેબનુ ફરમાન (જુઓ પૃ. ૧૫૩).





ફરમાન નં. ૩ અબુલ મુઝફ્ફર મોહમ્મદ શાહબુદીન બાદશાહ ગાઝી સાહેબ કિરાનેસાનીનું ફરમાન (જુઓ પૃ. ૧૪૮).

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org



ફરમાન નં. ૭ ઔરંગઝેબ બાદશાહનું ફરમાન (જુઓ પૃ. ૧૫૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાપરિયાળી ગામ ભાવનગર પાસેથી ભેટ મળ્યું તે અંગેનો દસ્તાવેજ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને સોરઠ સરકારના કારભારીઓને નોંધ લેવી ઘટે કે **ભાનુચંદ્ર** જેની (યતિ) તેમજ ખુશફેહમનો ખિતાબ ધરાવતા **સિદ્ધીચંદ્રે** ગુજારેલ અરજ મુજબ લેવાતા જિજિઓ અકાત (જિજિયાવેરો) ગાય, ભેંસ, નર અને માદા વગેરે જેવાં બીજાં જાનવરોની કતલ, મૃત્યુ પામેલાઓના માલ ઉપર જમાવાતો કબજો, લોકોની કરાતી કેદ અને **શત્રુંજય** પર્વત ઉપર માથાદીઠ સોરઠ સરકાર જે કર લેતા તે માફ અને મના ફરમાવ્યા છે. અમારી પ્રજા ઉપર અમે અત્યંત મહેરબાન છીએ તેથી મજકૂર કાયદાને, એક વધુ શુભ મહિના સુધી કે જેમાં અમારો જન્મ થયો છે, નીચે આપેલ વિગતો પ્રમાણે માફી ફરમાવીએ છીએ. સૌએ આજ્ઞા પ્રમાણે વર્તવું રહ્યું. તેનું ઉલ્લંઘન કે અવજ્ઞા કરવી નહીં તેમજ ત્યાંના વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની કાળજી લેવી, અને જ્યારે **ભાનુચંદ્ર સિદ્ધીચંદ્ર** ત્યાં પહોંચે ત્યારે બન્ને મજકૂર મહારથીઓનાં માન અને આમન્યા જળવાય એ રીતે વર્તીને તેઓ હાથ ધરે એ કામને પાર પાડવામાં સંપૂર્ણ સહકાર આપે કે જેથી તેઓ નિશ્ચિંત મને શક્તિશાળી રાજ્યના અમરત્વને પ્રાર્થતા રહે. ઊના નામના પરગનામાં તેમણે પોતાના ગુરૂ **હીરજીને** (હિરવિજયસૂરિ) સ્થાપેલ છે તેને યથાવત્ રહેવા દે એ અંગે અવરોધ કે હરકત પેદા કરે નહીં.

તા. ૧૪ માહે શહરીવર ઇલાહી વર્ષ ૫૦ (ઇ. સ. ૧૬૩૪).

(મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૮).

સનદ-૯

બાદશાહ ઔરંગઝેબનું ફરમાન

(પ્રો. કોમિસરીએટનાં પુસ્તકમાં ૨૦મા ફરમાન તરીકે આપેલ ફરમાનનો અનુવાદ.)

સાહસભાઈ (સહસ્રકિરણ)ના પુત્ર **શાંતિદાસે** લશ્કરી કામગીરી વખતે ઘાસચારો પૂરો પાડીને પ્રશંસનીય સેવા કરી હતી. એની કદર તરીકે ઔરંગઝેબે **પાલીતાણા-શેત્રુંજ્ય** વગેરે **શાંતિદાસને** આપ્યા. ત્યાં ઉગતા ઘાસ શ્રાવકોના પશુઓ સિવાય કોઈના પશુઓને ચરવાનો અધિકાર નથી. ત્યાંના જલાઉ લાકડા ઉપર પણ શ્રાવકોનો અધિકાર માન્ય રખાયો છે. **શેત્રુંજા**નાં વહીવટદારો ત્યાંની આવકનાં હકદારો છે.

તે ઉપરાંત જુનાગઢમાં આવેલ **ગિરનાર**, સિરોહી રાજ્યમાં આવેલ **આબુ** પણ શ્રાવક કોમના **શાંતિદાસને** બક્ષવામાં આવે છે.

કોઈએ એમાં ડખલગીરી કરવી નહીં, અડચણો પેદા કરવી નહીં.

શાંતિદાસ સાથેના અધિકારીઓનો સહકાર સુલતાનની પ્રસન્નતા પ્રાપ્તિનું માધ્યમ છે એની સૌએ નોંધ લેવી.

દર વર્ષે નવી સનદની અપેક્ષા ન રાખે. આ સનદ કાયમી છે.

તા. ૧૦ માહે રજબ હિ. સં. ૧૦૭૦. (મૂળ ફરમાન માટે જુઓ છબી નં. ૯).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરવણી

નગરશેઠશ્રી શાંતિદાસ ઝવેરી વગેરેને મળેલ મુગલ બાદશાહોનાં ફરમાનોનો સાર

પ. પૂ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજે લખેલ અને ભાવનગરની શ્રી યશોવિજયજી ગ્રંથમાળાએ વિ. સં. ૧૯૭૯ (ઇ. સ. ૧૯૨૩)માં પ્રકાશિત કરેલ 'સૂરિશ્વર અને સમ્રાટ' નામના પુસ્તકમાં મોગલ બાદશાહોએ જૈનોને આપેલ ૧૭ ફરમાનોની છબીઓ તથા તેનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવ્યું છે. આમાંથી ચોથા ફરમાનનું આખેઆખું ભાષાંતર આ પ્રકરણ પૃ. ૧૫૨ માં આપવામાં આવ્યું છે. આ સિવાયના બાકીના ૧, ૨, ૩, ૫, ૬ એ પાંચ ફરમાનોનો સાર અહીં આપવામાં આવે છે.

ફરમાન નં. ૧

જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ગાજીનું ફરમાન

" .....જે પરમેશ્વરની સમ્પૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે મિત્રતા મેળવી ન શકે, તો કમમાં કમ બધાઓની સાથે સલાહ સંપનો પાયો નાખી પૂજવા લાયક જાતના બધા બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે. "

" .....આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ 'હીરવિજયસૂરિ સેવડા (જૈન સાધુ) અને તેના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજૂરમાં હાજર થવાનું માન મેળવ્યું છે; અને જેઓ અમારા દરબારના ખરા હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે તે શહેરના રહેવાસીઓમાંથી કોઇએ એમને હરકત કરવી નહીં, અને તેમના મંદિરો તથા ઉપાશ્રયોમાં ઉતારો કરવો નહીં, તેમ તેમને તુચ્છકારવા પણ નહીં, વળી જો તેમાંનું કંઈ પડી ગયું કે ઉજ્જડ થઈ ગયું હોય, અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઇ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઇચ્છે, તો તેનો, કોઈ ઉપલક જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહીં અને જેવી રીતે ખુદાને નહીં ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવા બીજા કામો કે જે ઈશ્વરના અધિકારના છે, તેનો આરોપ, મુર્ખાઈ અને બેવકુફીને લીધે બદનુ કામ જાણી, તે બિચારા ખુદાને ઓળખનારા ઉપર મુકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે, એવા કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં, કે જે તમે સારા નસીબવાળા અને બાહોશ છો, થવા જોઈએ નહીં વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે, કે હાજી હબીબુલ્લાહ કે જે અમારી સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિશે થોડું જાણે છે, તેણે આ જમાતને ઇજા કરી છે, એથી અમારા પવિત્ર મનને, કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે, ઘણું ખોટું લાગ્યું છે, માટે તમારે તમારી રીયાસતથી એવા ખબરદાર રહેવું જોઈએ કે-કોઈ કોઈના ઉપર જુલ્મ કરી શકે નહીં. તે તરફના વર્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રીયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનારા મુસદ્દીઓનો નિયમ એ છે કે-રાજાનો હુકમ, કે જે પરમેશ્વરના ફરમાનનું રૂપાન્તર છે, તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરુદ્ધ કરે નહીં. અને તે પ્રમાણે કરવામાં દીન અને દુનિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે. આ ફરમાન વાંચી તેની નકલ રાખી લઇ તેમને આપવું જોઈએ; કે જેથી હંમેશાની તેમને માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સનદ થાય તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર પણ થાય નહીં અને ઈશ્વર ભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધની દખલ થવા દેવી નહીં.

ઇલાહી સંવત ૩૫ ના અઝાર મહિનાની છઠ્ઠી તારીખને ખુરદાદ નામના દિવસે લખ્યું. "મુતાબિક ૨૮ માહે મુહરમ સને. ૯૬૯ હીજરી..." (ઇ. સ. ૧૫૬૦).

ફરમાન-૨

અકબર બાદશાહનું ફરમાન

(આ ફરમાન લગભગ પહેલા ફરમાનને મળતું છે.)

".....હાલના અને ભવિષ્યનાં હાકેમો વગેરેએ સેવડા (જૈનસાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંસ અને પાડાને કોઈ પણ વખતે મારવાની તથા તેના ચામડાં ઉતારવાની મનાઈ સંબંધી શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે "દર મહિનામાં કેટલાંક દિવસ એ આવાને ઇચ્છવું નહીં, એ ફરજ અને વ્યાજબી જાણવું તથા જે પ્રાણીઓએ ઘરમાં કે ઝાડો ઉપર માળા નાખ્યાં હોય, તેવાઓનો શિકાર કરવાથી કે કેદ કરવાથી દૂર રહેવામાં પૂરી કાળજી રાખવી." વળી એ માનવા લાયક ફરમાનમાં લખ્યું છે કે-"યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજયસૂરિના** શિષ્ય **વિજયસેનસૂરિ** સેવડા, અને તેના ધર્મને પાળનારા-જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે તેમના યોગાભ્યાસનું ખરાપણું અને વધારો તથા પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી કે-એમના દેવલ કે ઉપાશ્રયમાં કોઈએ ઉતારો લેવો નહીં. અને એમને તુચ્છકારવા નહીં. તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારે કે તેનો પાયો નાખે, તો કોઈ ઉપલકીયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહીં..."

તા. ૧ લી શહર્યુર મહીનો ઇલાહી સને ૪૬, મુબારિક તા. ૨૫, મહિનો અફર ૧૦૧૦ હીજરી (ઇ. સ. ૧૬૦૧.)

ફરમાન-૩

જહાંગીર બાદશાહનું ફરમાન

".....તમામ રાજ્યાધિકારીઓએ જાણવું કે-દુનિયાને જીતવાના અભિપ્રાય સાથે અમારો બન્સાફી બરાદો પરમેશ્વરને રાજી કરવામાં રોકાયેલો છે અને અમારા અભિપ્રાયનો પૂરો હેતુ, તમામ દુનિયા, કે જેને પરમેશ્વરે બનાવી છે, તેને ખુશી કરવા તરફ રજૂ થયેલો છે, (તેમાં) ખાસ કરીને પવિત્ર વિચારવાળાઓ અને મોક્ષ ધર્મવાળા, કે જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે. તેઓને રાજી કરવા તરફ અમે ધ્યાન દઈએ છીએ તેથી આ વખતે **વિવેકહર્ષ, પરમાનંદ, મહાનંદ** અને ઉદયહર્ષ, કે જેઓ તપાયતિ (તપગચ્છના સાધુ) **વિજયસેનસૂરિ** અને **નંદન વિજયજી** કે જેઓ 'ખુશફહમ'ના ખિતાબવાળા છે. તેમના ચેલાઓ છે; તેઓ આ વખતે અમારી હજૂરમાં હતા, અને તેમણે દરખાસ્ત અને વિનંતી કરી કે, "જો સમગ્ર રક્ષણ કરેલા રાજ્યમાં અમારા બાર દિવસે-જે ભાદરવા પજૂસણના દિવસો છે-તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઈ પણ જાતના જીવોની હિંસા કરવામાં નહીં આવે. તો અમને માન મળવાનું કારણ થશે અને ઘણા જીવો આપના ઊંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર-શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે....."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"……જહાંગીરી હુકમ થયો કે–મજકૂર બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષણ કરેલા રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહીં અને એ કામની તૈયારી કરવામાં આવે નહીં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ પણ માંગવામાં આવે નહીં. આ હુકમ મુજબ અમલ કરી ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં અને આડે માર્ગે જવું જોઈએ નહીં. એ ફરજ જાણવી જોઈએ……"

તા. ૨૬ માહે ફરવરદીન સને ૫૦ (ઈ. સ. ૧૬૩૪).

ફરમાન–૫

જહાંગીર બાદશાહે વિજયદેવસૂરિ ઉપર લખેલો પત્ર

"……હકને ઓળખનાર, યોગાભ્યાસ કરનાર વિજયદેવસૂરિએ અમારી ખાસ મહેરબાની મેળવીને જણાવ્યું કે–તમારી સાથે પત્તનમાં મુલાકાત થઈ હતી, તેથી ખરા મિત્ર તરીકે ધણું કરીને હું તમારા સમાચાર પૂછતો રહું છું. મને ખાત્રી છે કે–તમે પણ અમારી સાથે ખરા મિત્ર તરીકેનો સંબંધ મૂકશો નહીં. આ વખતે તમારો શિષ્ય **દયાકુશલ** પંન્યાસ અમારી પાસે હાજર થયો છે. તમારા સમાચાર તેની દ્વારા જાણ્યા છે; તેથી અમે બહુ ખુશી થયા. તમારો ચેલો પણ બહુ અનુભવી અને તર્ક શક્તિવાળો છે. તેના ઉપર અમે સંપૂર્ણ મહેરબાનીની નજર રાખીએ છીએ અને જે કંઈ તે કહે છે, તે મુજબ કરવામાં આવે છે……"

તા. ૧૯ મહિનો શાહબાન, સને ૧૦૨૭ (ઈ. સ. ૧૬૧૭).

ફરમાન–૬

નુરુદ્દીન મહમ્મદ જહાંગીર બાદશાહ ગાજીનું ફરમાન

"……ફરમાવવામાં આવે છે કે, માપણી કરેલી દસ વીઘા જમીન, ખંભાતની નજીકના **ચોરાસી** પરગણાના **મહમ્મદપુર** (અકબરપુર) ગામમાં નીચે લખ્યા પ્રમાણે **ચંદુસંઘવીને** માટે **મદદે-મુઆશ** નામની જાગીર ખરીફના પ્રારંભ નૌશકાનઈલ (જુલાઈ) મહિનાથી કાયમને માટે આપવામાં આવે, જેથી તેની ઉપજનો ઉપયોગ દરેક ફસલ, દરેક સાલ પોતાના ખર્ચને માટે તે કરે અને અનન્ત બાદશાહી અસ્ખલિત રહેવાને માટે તે પ્રાર્થના કરતા રહે.

હાલના અને હવે પછીના અધિકારીઓ, તલાટીઓ, જાગીરદારો અને માલના ઠેકેદારોને માટે ઉચિત છે કે, તેઓ આ પવિત્ર અને ઊંચા હુકમને હંમેશા ચાલુ રાખવાનો પ્રયત્ન કરે. ઉપર લખેલી જમીનના ટૂકડાની માપણી કરીને અને તેની મર્યાદા બાંધીને તે જમીન તે **ચંદુ** સંઘવીના તાબે કરે, અને તેમાં કોઈ પણ જાતનો ફેરફાર યા અદલા બદલી ન કરે, તેને તકલીફ ન આપે, તેમ તેની પાસેથી, કોઈ પણ કારણને માટે કંઈ પણ વસ્તુની માગણી ન કરે. ….."

"……**અકબરપુર** ગામમાં ૧૦ વીઘા જમીન, તેના સદ્‌ગત ગુરુ **વિજયસેનસૂરિ**ના મંદિર, બાગ, મેળા અને સન્માનની યાદગીરી માટે આપવામાં આવે સૂર્યનાં કિરણોની માફક ચળકાવવાળો અને બધી દુનિયાને માનવા લાયક એવો હુકમ થયો કે, **ચંદુ** સંઘવીને ગામ **અકબરપુર** પરગણા **ચોરાસી** કે જે ખંભાતની નજીક છે, ત્યાં દસ વીઘા ખેતરની જમીનનો ટૂકડો **મદદે મુઆશ** નામની જાગીર તરીકે આપવામાં આવે. હુકમ પ્રમાણે તપાસ કરીને લખવામાં આવ્યું……"

તા. ૨૧ માહપૂર ઇલાહી સ. ૧૦ (ઈ. સ. ૧૫૯૪).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોંધ :—ઉપર આપેલ પાંચ ફરમાનોનો સાર 'સૂરિશ્વર અને સમ્રાટ' પુસ્તકમાં આપવામાં આવેલ તે તે ફરમાનોનાં ગુજરાતી અનુવાદને આધારે આપવામાં આવ્યો છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

પ્રો. કોમિસરીએટનાં પુસ્તકોમાંના ફરમાનો :—

ખાન બહાદુર પ્રો. એમ. એસ. કોમિસરીએટ "Imperial Mughul Farmans in Gujarat" નામે એક પુસ્તક સને ૧૯૪૦માં પ્રગટ કર્યું હતું. મૂળભૂત રીતે આ પુસ્તક આખું મુંબઈ યુનિવર્સિટીના જર્નલમાં પહેલાં છપાયું હતું તેનું આ પુનર્મુદ્રણ છે. આ પુસ્તકમાં કુલ એકવીસ બાદશાહી ફરમાનની છબીઓ તથા તેનું અંગ્રેજી ભાષાંતર આપવામાં આવ્યું છે.

(મારી યાદ સાચી હોય તો પ્રો. કોમિસરીએટે આ વિષય અંગેનાં વ્યાખ્યાનો 'ઠક્કર વસંતજી માધવજી વ્યાખ્યાનમાળા'માં આપ્યાં હતાં.')

આ પુસ્તકમાં આપવામાં આવેલ ૨૧ ફરમાનોમાંના મોટા ભાગનાં ફરમાનો નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી સાથે સંબંધ ધરાવે છે. કેટલાક ફરમાનો બીજી વ્યક્તિને અનુલક્ષીને આપવામાં આવ્યાં હોય એમ લાગે છે. આ બધાં ફરમાનો જૈન સંઘની મુગલ દરબારમાં કેવી લાગવગ હતી તેનો નિર્દેશ કરે છે એટલે એ વીસમા સિવાયનાં બાકીનાં બધાં, ફરમાનોનો સાર અહીં આપવો ઉચિત લાગે છે.

ફરમાન-૧

ધર્મની આરાધના અંગે નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહે ગાઝીનું ફરમાન

તુગરા :—અબુલ મુઝફ્ફર નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહે ગાઝીનું ફરમાન.

મહોર :—નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહે ગાઝી.

નંદિજી અને વિજયદેવસૂરિના ચેલા **વિવેકહર્ષ જયાનંદ જતિ** મંગલમય દરબારમાં એક એવી વિનંતી લઈને ઉપસ્થિત થયાં કે પ્રભુની પૂજા અર્ચના સિવાય જેમને બીજા કશામાં રસ નથી એવા સદાચારી જૈન સાધુઓ અંગે એક ફરમાન બહાર પાડવામાં આવે.

તેથી આ જગતમાન્ય જહાંગીરી ફરમાન બહાર પાડવામાં આવે છે કે સુરક્ષિત રાજ્યના અધિકારીઓ, કારભારીઓ, જાગીરદારો, મુત્સદ્દીઓ, સરકારી કામકાજના વહીવટદારો આ કામમાં અડચણ કે હરકત ન કરે અને મનની સંપૂર્ણ શાંતિથી એમને ભક્તિ અને કિર્તનમાં પરોવાયેલા રહેવા દે જેથી કરીને તેઓ ભવ્ય અને પવિત્ર રાજ્યનું અમરત્વ તેમજ અનંત સામ્રાજ્યની કિર્તી અને પ્રતિષ્ઠા પ્રાર્થતા રહે.

આ ફરમાનની વિરુદ્ધ વર્તવું નહીં. તેમજ તેનું ઉલ્લંઘન કરવું નહીં, તથા એને તાકીદનું ગણવું.

તા. ૨ અમરદાદ માહે ઈલાહી.

રાજ્યાભિષેકનું ૧૧ મું વર્ષ.

પાછળનો ભાગ

૨૪ માહે બહમન, ઈલાહી વર્ષ ૧૦ એટલે કે શનિવાર તા. ૨૪ મોહરમ હિ. સં. ૧૦૨૨ (ઈ. સ. ૨ ફેબ્રુ. ૧૬૧૩)ની યાદદાસ્તમાંથી ઉતારો.

ખ્વાજા ઈબ્રાહીમ હુસેનની મોકલી દરમ્યાન જે કૃપા અને મહેરબાનીને પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઝમતખાનની મારફતે જે કૃપા અને મહેરબાનીને પાત્ર છે.

દરબારનાં દ્વારા અબ્દુલ પાસેની વાકેઆનવીસી દરમ્યાન.

નંદજી અને **વિજયદેવસૂરિના** શિષ્ય **વિવેકહર્ષ** તા. ૨૨ માહે ઈલાહી વર્ષ ૧૦ના રોજ ગુસલખાનામાં ભવ્ય બાદશાહ સમક્ષ ઉપસ્થિત થયા અને જગતમાન્ય તેમજ સૂર્ય જેવો ઝળહળતો આદેશ બહાર પાડવામાં આવ્યો કે જતિ કોમનો આ વર્ગ સદાચારી છે અને ભગવાનની પૂજા સિવાય એમને કશામાં રસ નથી તેથી આ પ્રકારના લોકોને હરકત કરવી નહીં. જેથી તેઓ મનની સંપૂર્ણ શાંતિથી પૂજા અર્ચનામાં તલ્લીન રહે અને અમર સામ્રાજ્યને અનંત પ્રાર્થતા રહે.

શેરો :—આ વિનંતી માન્ય રાખતી વખતે એ વાતની ખાતરી કરી કે જતિનો વર્ગ સદાચારી છે અને ઈશ્વરભક્તિ સિવાય કશામાં એમને રસ નથી. અને પછી ફરમાન બહાર પાડવામાં આવ્યું કે સદાચારી વર્ગને એમના હાલ ઉપર છોડી દેવામાં આવે જેથી તેઓ અમર સામ્રાજ્યનું હિત પ્રાર્થતા રહે.

યાદદાશ્ત (નોંધ) આ પ્રમાણે છે.

શેરો, વાકેઆનવીસીનો ઉપર મુજબ ખરું છે.

બીજો શેરો, જુમુલતુલ મુબારક મદારસલ મહામીનો આને ફરીથી રજૂ કરવો.

શેરો, મુકરિબુસ સુલતાની દિવાનતખાનનો કે ૨૨ માહે અર્દીબહિશ્ત ઈલાહી વર્ષ ૧૧ એટલે કે બુધવાર ૨૪ માહે રબિઉસસાની વર્ષમાં એટલે કે મોહંમદ હુસેન ખુશનવીસની વાકેઆ નવીસી દરમ્યાન ફરીથી રજૂ થયો અને તેને માન્ય રાખવામાં આવ્યો.

જુમુલતુલ મુલક મદારસલ મહામી એ તે માહુદ દોલાની હાથનો શેરો—અમદાવાદનાં સર્વ અધિકારીઓને જાણ કરવામાં આવી.

જુમુલતુલ મુબકનો શેરો આ ફરમાન લેખિત રજૂ કરવું. રાજ્યનાં બધાં કારભારીઓને લેખિત જાણ કરી.

ફરમાન-૨

શાંતિદાસ શેઠ સંબંધી નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહનું ફરમાન

તુગરા :—અબુલ મુઝફ્ફર નુરુદ્દીન મોહંમદ જહાંગીર બાદશાહે ગાઝી.

મહોર :—અબુલ મુઝફ્ફર નુરુદ્દીન જહાંગીર બાદશાહે ગાઝી.

શાહી કૃપાની અપેક્ષા રાખનાર હાલના તેમજ ભવિષ્યના ગુજરાતનાં સુબેદારો તથા અધિકારીઓને જાણ થાય કે અમે તે પ્રાંતના રહેવાસી **શાંતિદાસને** વિવિધ ઇલકાબો ધરાવતા રાજ્યના સ્તંભસમાન સન્નિષ્ઠ સેવક નિઝામુદ્દીન અસફખાનના રક્ષણ હેઠળ મૂક્યા છે જેથી તેઓ (**શાંતિદાસ**) રાજ્યના એ ભવ્ય સ્તંભને ભેટ સોગાદ આપતાં રહે.

એ જરૂરી છે કે કોઈ સુબેદારે... ... ...(આ ફરમાન અધુરું છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરમાન-૩

શાંતિદાસ શેઠની સ્થાવર-જંગમ મિલકતની સાચવણી અંગેનું બાદશાહ શાહજંહાનું ફરમાન

તુગરા :—અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ સાહિબ કિરાને સાની શાહજંહા બાદશાહે ગાઝીનું ફરમાન.

મહોર :—અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ સાહિબ કિરાને સાની શાહજંહા બાદશાહે ગાઝી.

અમદાવાદના સૂબાના હાલના તેમજ ભવિષ્યના અગત્યના કારભાર સંભાળનાર અધિકારીઓને કે જે શાહી કૃપાના અભિલાષીઓ છે જણ થાય કે, **શાંતિદાસ ઝવેરીએ** રજૂઆત કરી કે, મંગળમય ફરમાનની રૂએ તેઓ ઉપર્યુક્ત શહેરમાં હવેલીઓ, દુકાનો અને ઉઘાનો ધરાવે છે.

આથી જગતમાન્ય આદેશ બહાર પાડવામાં આવે છે કે તેઓ એક વેપારી છે અને દરબારના એક વફાદાર ઝવેરી છે એ દરબાર કે જે જગતનું આશ્રયસ્થાન છે. તેથી તેમણે (અધિકારીઓએ) ઉપર્યુક્ત હવેલીઓમાં કોઈના ઉતરવા ઉપર પ્રતિબંધ મુકતો આદેશ બહાર પાડવો, કોઈએ એમને દુકાનોનું ભાડું વસૂલ કરવામાં અડચણ કરવી નહીં, તેમજ ભવ્ય અને પવિત્ર ફરમાન મુજબ એમને અપાયેલ બગીચાઓમાં કોઈએ ગેરકાયદેસર પ્રવેશ કરવો નહીં.

અમે હુકમ આપીએ છીએ કે મજકૂર સૂબાના કોઈ સૂબેદારે કોઈ યોગ્ય કે ઉચિત કારણ વગર રંજાડવા નહીં, તેમજ તેમની કે તેમના સંતાનોની મિલકત તરફ હાથ લંબાવવો નહીં, જેથી તેઓ અને તેમના સંતાનો પોતાની જન્મભૂમિમાં સુખે પ્રગતિ કરે અને અનંત રાજ્યનું અમરત્વ પ્રાર્થતા રહે.

કોઈએ આનો અનાદર કરવો નહીં.

તા. ૨. શહરીવર ઈલાહી વર્ષ ૮ હિ. સં. ૧૦૪૫.

(ઇ. સ. ૧૬૩૫).

ફરમાન-૪

નગરશેઠ શાંતિદાસ ઝવેરીને ઝવેરાતના વેપાર અંગે મળેલું બાદશાહ શાહજંહાનું ફરમાન

તુગરા :—અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ સાહિબ કિરાને સાની શાહજંહા બાદશાહે ગાઝી.

મહોર :—અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ સાહિબ કિરાને સાની શાહજંહા બાદશાહે ગાઝી હિ. સં. ૧૦૪૬.

ઈસ્લામના સન્નિષ્ઠ સેવક **શાંતિદાસ ઝવેરી** પોતાના કોઈ એક નોકરને શાહી બંદરો ઉપર ઝવેરાત અને અન્ય વસ્તુઓ ખરીદવા નિત્ય મોકલ્યા કરે છે.

તેથી જગતમાન્ય આ આદેશ બહાર પાડવામાં આવે છે કે મજકૂર વ્યક્તિના અધિકૃત માણસોનાં માર્ગમાં તેમની આ સંબંધી બંદરોની મુલાકાત દરમ્યાન હાલના તેમજ ભવિષ્યના અધિકારીઓ કોઈ હરકત ઊભી ન કરે; અને પોતપોતાના વહીવટ હેઠળના પ્રદેશમાંથી તેમને સલામતીથી પસાર થવાનો બંદોબસ્ત કરી આપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદુપરાંત પણ એક આદેશ આપવામાં આવે છે કે સુબાના ગવર્નર, દીવાન, બક્ષી કે અમદાવાદના અન્ય કોઈ સરકારી નોકરે મજકૂર વ્યક્તિની મીલ્કીની તે પ્રાંતમાં બીબીપુરામાં આવેલ મિલકત, દુકાનો અને બગીચામાં દખલ કરવી નહીં કે એમાં ઉતારો કરવો નહીં અને તેમના મરણ પછી આ મિલકત અને મકાનો એમના સંતાનો અને વારસદારોને મળે તે માટે યોગ્ય કરી છૂટે. આમાં કોઈએ દખલ કરવી નહીં. આ આદેશનો અનાદર કરવો નહીં બલકે પોતાની એક ફરજ સમજવી.

તા. ૧૧ માહે જમાદીયુસ સાની

રાજ્યાભિષેકનું ૧૬ મું વર્ષ હિ. સં. ૧૦૫૨ (ઇ. સ. ૧૬૪૨).

પાછળનો ભાગ

વિવિધ અને ભવ્ય ઈલકાબ ધરાવતા શાહઝાદા મોહંમદ દારા શુકારે મારફતે.

તુચ્છમાં તુચ્છ સેવક ઈસલામખાન મારફતે.

ફરમાન–૫

ફરમાન નં. ૩ના ભાવવાળું નગરશેઠ શાંતિદાસ ઝવેરીને મળેલું બાદશાહ શાહજંહાનું ફરમાન

તુગરા :—અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ શાહજંહા સાહિબ કિરાને સાની બાદશાહે ગાઝી.

મહોર :—શાહજંહા બાદશાહે ગાઝીનો પૂત્ર દારા શુકોર હિ. સં. ૧૦૪૩.

ઇસ્લામના આજ્ઞાંકિત **શાંતિદાસ ઝવેરી** ગુજરાતીના ગુમાસ્તાઓ હંમેશા સુરક્ષિત બંદરોમાં ઝવેરાત અને બીજી વસ્તુઓ ખરીદવા અવરજવર કરતાં હોવાથી જગતમાન્ય ફરમાન બહાર પાડવામાં આવે છે કે ત્યાંના મુત્સદ્દીઓ મજકૂર વ્યક્તિના ગુમાસ્તાઓને કોઈ પણ રીતે હરકત ન કરે અને એમની સલામત અવરજવરનો ખ્યાલ રાખે તેમજ સૂબાના સૂબેદાર, દીવાન, બક્ષી અને અમદાવાદ સૂબાના અન્ય શાહી નોકરોને જાણ થાય કે તેઓ મજકૂર વ્યક્તિની ત્યાંની દુકાનોમાં, હવેલીઓમાં અને બાગમાં દખલ ન કરે અને તેઓ જીવે ત્યાં સુધી એમની જોડે આવો જ વર્તાવ રાખે. એમના મરણ પછી એમની ઈમારતો વગેરે એમના વારસદારોને મળી છે તેમ માનીને ચાલે. ઉપરોક્ત બાબત અંગે એક ભવ્ય શાહી ફરમાન એમની પાસે છે જ.

તેમણે આ ભવ્ય આદેશ પ્રમાણે વર્તવું અને એને તાબીદનું ગણવું.

૧૨ માહે રજબ હિ. સં. ૧૦૫૨ (ઇ. સ. ૧૬૪૨).

નોંધ :—(આ ફરમાન ફરમાન નં. ૩ના જેવું જ લગભગ છે).

ફરમાન–૬

શાહજંહાનું ઝવેરાત અંગેનું ફરમાન

શાહજંહાનું ફરમાન અને સાથે છે શાહઝાદા દારા શુકોરનું નિશાન, જેમાં અહમદાબાદના મુઈઝ ઝુલ મુલ્કને કહેવાયું છે કે શાહી રાજ્યાભિષેકની વર્ષગાંઠ પાસે આવતી હોવાથી આ પ્રસંગ માટે **શાંતિદાસ** અને બીજા ઝવેરીઓ પાસેથી યોગ્ય રત્નો મેળવી દરબારમાં પહોંચતા કરવા તદુપરાંત પોતું-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગીઝો જે લઈને આવ્યા હતા તે મરીનો સરકો પણ મેળવીને મોકલી આપવો. તેમજ રાજ્યની માલિકીની એક હવેલી જે **શાંતિદાસને** રૂ. ૬૦૦૦માં વેચવામાં આવી છે. તેની ખરેખર બજાર કિંમતની ખાત્રી કરી લેવી. તા. ૨૫ માહે રજબ, રાજ્યાભિષેકનું ૧૭ મું વર્ષ એના નામથી જે કિર્તનને પાત્ર છે.

તુગરા :—

(૧) અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ શાહજંહા સાહિબ કિરાને સાની બાદશાહે ગાઝી.

(૨) સુલતાન મોહંમદ દારા શુકોહનું ભવ્ય નિશાન.

મહોર :—

શાહજંહા બાદશાહે ગાઝીનો પુત્ર દારા શુકોહ ૧૦૪૩ હિ. સં.

કૃપા અને મહેરબાનીને પાત્ર, સદ્‌ભાવ અને ઉપકારના ગ્રહણ કરનાર, અનંત માયા માટે સમર્થ અને વ્યક્ત સોગાદને યોગ્ય, શાહી અમીદૃષ્ટિમાંથી બળ અને ટેકો પ્રાપ્ત કરનાર મુઈઝ ઝુલ મુલ્કને જાણ થાય કે, તેઓના અહીંથી રવાના થતી વખતે, જગતમાન્ય એક આદેશ કે શાહના સેવકો પૈકી એક સુલેમાનના સમકક્ષ એવા ખાકાન (ચીનનો બાદશાહ)ને બહાર પાડયો હતો કે જ્યારે તે **કૃપા અને** મહેરબાનીને પાત્ર ત્યાં (અહમદાબાદ) પહોંચે કે તરત જ સરકારમાં સોગાતને લાયક રત્નો **મોકલવાનો** પ્રબંધ કરે.

હવે કે જ્યારે ખલીફાના સમકક્ષ બાદશાહની પાસે આવી રહેલ વર્ષગાંઠના એવા મંગલમય દિવસોની શરુઆત થઈ ચુકયા છે જેનો અંત શુભ છે અને માત્ર ત્રણ મહિના બાકી રહી ગયા છે ત્યારે બાદશાહ સલામતને કિંમતી રત્નો અને ઝવેરાત ભેટ આપવાના હોય છે, તેથી અમીદૃષ્ટિને પાત્ર એવા એણે ત્યાંના ઝવેરીઓ પાસેથી અને ખાસ કરીને **શાંતિદાસ ઝવેરી** પાસેથી ભેટને લાયક રત્નો પ્રાપ્ત કરવામાં બનતું કરી છૂટવું. આ કામ એને શાહી કૃપાનો વધુ અધિકારી બનાવતું હોવાથી આ ગૌરવવંતા રાજ્યાદેશના અમલમાં પ્રશંસનીય પ્રયત્નો કરવા. શેખ ચાંદને ઉચિત રત્નો લેવા માટે ખાસ અહીંથી મોકલવામાં આવ્યા છે તેમની મારફતે રવાના કરવા. ફીરંગીઓ જે લઈને આવે છે તે મરીનું અથાણું પણ તમારે મોકલવાનું છે.

તદઉપરાંત સરકારી માલિકીની હાજી ઈખલાસની હવેલી અધિકારીઓએ રૂ. ૬૦૦૦ કરતાં કંઈક વધારે લઈને **શાંતિદાસને** વેચી નાખી છે. મજકૂર **શાંતિદાસે** આ રકમ ભરપાઈ કરીને ઉપરોક્ત હવેલીનો કબ્જો લીધો છે. અહમદાબાદથી આવેલ મુલ્લાદાના નામના સરકારી કર્મચારીએ અહીં એવી રજૂઆત કરી છે કે હવેલીની વધારે કિંમત ઉપજી શકી હોત.

તેથી આદેશ આપવામાં આવે છે કે એ કૃપાને પાત્રે આ અંગે તપાસ કરવી. **શાંતિદાસ** કરતાં કોઈ વધારે આપવા તૈયાર હોય તો તેમણે એ હવેલી એ વ્યક્તિને હાથે વેચવી. જો **શાંતિદાસ** અમારા માટે ખરેખર ઉત્તમ રત્નો મોકલશે તો હવેલીની કિંમતનો તફાવત અમે જતો કરવા તૈયાર છીએ.

મુઈઝ ઝુલ મુલ્કના પક્ષે અમારી કૃપાઓ અને મહેરબાનીઓ ખુબ ઉચ્ચ પ્રકારની છે, તેમને અમે અમારા શુભનિષ્ટ શુભેચ્છક તરીકે ગણતા હોવાથી એમણે એ અંગે નિશ્ચિંત રહેવું.

૨૫ માહે રજબુલ મુરજજબ, પવિત્ર રાજ્યાભિષેકનું ૧૭ મું વર્ષ હિ. સં. ૧૦૫૪ (ઇ. સ. ૧૬૪૪).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરમાન–૭

સ્થાનકવાસી ફિરકાની ફરિયાદ અંગે બાદશાહ શાહજંહાનું ફરમાન

૨૭ માહે રજબ હિ. સ. ૧૦૫૪ (ઇ. સ. ૧૬૪૪)નું શાહજંહાનું ફરમાન જેમાં ગુજરાતના જૈન ધર્મના લોંકાશા અથવા સ્થાનકવાસી પંથના મહાજનોએ શાહજંહાના દરબારમાં જઈને ફરિયાદ કરી કે શ્રી **શાંતિદાસ** અને **સૂરદાસ** એમના પંથના લોકો જોડે ભોજન કરતા નથી.

શાહજંહાએ આદેશ આપ્યો કે બેટી વ્યવહાર અને સહભોજન બન્ને પક્ષોની મુનસફીની વાત છે એમાં કોઈ કોઈને દબાણ કરી શકે નહીં.

તેમ છતાં શાહજંહાએ ગુજરાતના સૂબેદારને સૂચના આપી કે આ અંગે બન્ને પક્ષો વચ્ચે જો કોઈ વિખવાદ–વિવાદ થાય તો ધાર્મિક નિયમો પ્રમાણે તેનો નિકાલ લાવવો.

તુગરા :—

અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ શાહજંહા, સાહિબ કિરાને સાની બાદશાહે ગાઝી.

મહોર :—

અબુલ મુઝફ્ફર શિહાબુદ્દીન મોહંમદ સાહિબ કિરાને સાની શાહજંહા બાદશાહે ગાઝી હિ. સં. ૧૦૪૬.

ફરમાન–૮

જમીન અંગેનું બાદશાહ શાહજંહાનું ફરમાન

પરગના હવેલીમાં આવેલ મોજે અસારવા ખાતે ૩૦ વીઘા જમીન અને એક કૂવો બાગ માટે વર્ધમાન, પંજૂ, **શાંતદાસ** અને **સૂરદાસને** અને એમના સંતાનોને શાહી ફરમાન મારફતે આપવામાં આવેલ. એમાંથી વર્ધમાન અને પંજૂ મરણ પામ્યા, એ ૩૦ વીઘા હવે **શાંતિદાસ** અને અન્ય એ વખતના કાયદેસરના વારસદારોના હિસ્સામાં આવી હતી જેમાં મરનારાઓના વારસદારો રતનજી અને લક્ષ્મીચંદ પણ હતા.

શાહજંહાએ અગાઉના શાહી આદેશ મુજબ એ જમીન શેઠ **શાંતિદાસ** અને એમનાં સંતાનોના હિતમાં ઇનામ તરીકે ચાલુ રાખવા માન્યતા આપી, ગુજરાતના અધિકારીઓને આદેશ આપ્યો કે એ જમીનમાંથી ટેક્ષ પેટે ફળ વગેરે લેવાં નહીં તેમ જ કોઈપણ પ્રકારનો ટેક્ષ નાખવો નહીં અને અડચણ ઊભી કરવી નહીં.

૮ સફર રાજ્યાભિષેકનું ૨૦ મું વર્ષ; હિ. સં. ૧૦૫૭. (ઇ. સ. ૧૬૪૭).

ફરમાન–૮ A

જમીન અંગે બાદશાહ શાહજંહાનું બીજું ફરમાન

સદ્દમિરાત સૈયદ જલાલ માહે ઝિલહજ્જ, રાજ્યાભિષેકનું ૨૦મું વર્ષ, હિ. સં. ૧૦૫૬ માં ૫ માહે ખુરદાદ ઇલાહી સન એક પ્રમાણે હવેલી પરગનામાં મોજે અસારવામાં આવેલ ૩૦ વીઘા જમીન અને એક કૂવો વર્ધમાન, પંજૂ, **શાંતિદાસ** અને **સૂરદાસ** તેમજ તેમનાં સંતાનોને બાગ માટે ઇનામ તરીકે આપી હતી. વર્ધમાન અને પંજૂ આજે મરણ પામ્યા છે. હવે એ જમીન ઉપર **શાંતિદાસ** અને રતનજી વગેરેના કે જેઓ જીવે છે અને મરનારના વારસદારોનો કબજો ભોગવટો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાહજંહાએ તેથી આદેશ બહાર પાડયો કે ઉપર્યુક્ત જમીન કબજા હક્ક અને ભોગવટાના અધિકારો સાથે અગાઉની જેમ જ રાખેતા મુજબ એ જ લોકો તેમજ એમનાં સંતાનોના હિસ્સામાં આવેલ ઇનામ તરીકે માન્ય રાખવા.

ફરમાન-૯

ઔરંગઝેબે તોડેલ ચિંતામણિનું દેરું પાછું સોંપવા અંગે બાદશાહ શાહજંહાએ કરેલ ફરમાન

શાહજંહા, શાયસ્તાખાનને લખે છે કે **શાંતિદાસના** દેવસ્થાનની જગ્યામાં, રાજકુમાર ઔરંગઝેબે બંધાવેલ મહેરાબને મસ્જીદનું નામ આપવામાં આવ્યું હોવાનું જ્યારે અબ્દુલ હકીમે તેને જણાવ્યું અને કહ્યું કે એ સ્થાન અન્યની માલિકીનું હોવાથી શરીઅતની રુએ ત્યાં મસ્જિદ બંધાઈ શકે નહીં. તેથી અમે તમને અગાઉ એવો આદેશ આપ્યો હતો કે મહેરાબ ત્યાંથી ખસેડવામાં આવે કેમ કે એ સ્થાન **શાંતિદાસની** માલિકીનું છે અને એમને હવાલે કરવું.

હવે એવો આદેશ આપવામાં આવે છે કે શાહઝાદાએ બંધાવેલ મહેરાબ જેમ છે તેમ રહેવા દઈ, મહેરાબ અને દેવસ્થાન વચ્ચે એક દિવાલ ચણી લેવી. આલા હઝરતે એ દેવસ્થાન **શાંતિદાસને** અર્પણ કર્યું છે. તેથી રાખેતા મુજબ એમના કબજામાં રહેવું જોઈએ. તેઓ પોતાને મન ફાવે તેમ પોતાના ધર્મ પ્રમાણે ત્યાં પૂજા અર્ચના કરી શકે છે, તેમને એમ કરતાં કોઈએ રોકવા નહીં, કે અડચણ ઊભી કરવી નહીં.

ત્યાં અમુક ફકીરોએ પડાવ નાખ્યો હોવાનું કહેવાય છે, એ ફકીરોને ત્યાંથી હાંકી કાઢવામાં આવે, એમને હાંકવાના ઝઘડા અને માથાકૂટમાં **શાંતિદાસને** નાખવાની જરુર નથી, તમે જ એ કામ સંભાળો.

એવું સાંભળ્યું છે કે કેટલાક વેહરાઓ દેવસ્થાનની બાંધકામ માટેની સાધન સામગ્રી ઉપાડી ગયા છે. શકય હોય ત્યાં સુધી એમની પાસેથી એ વસ્તુઓ પાછી મેળવી **શાંતિદાસને** આપવી, અને જ્યાં શકય ન હોય ત્યાં વેહરાઓ પાસેથી એની કિંમત વસુલ કરી **શાંતિદાસને** આપવી.

આ આદેશ તાકીદનો છે, એનું ઉલ્લંઘન કરવું નહીં.

૨૧ જમાદિયુસ સાની હિ. સં. ૧૦૫૮ (ઇ. સ. ૧૬૪૮)

તુગરા :—શાહજંહાનો.

મહોર :—દારાની.

ફરમાન-૧૦

પાટવીકુંવર દારા શુકોરનું ફરમાન

શાહઝાદા અને પાટવીકુંવર દારા શુકોરે **શાંતિદાસને** ૧૦ માહે ઝીલકાદ્દ હિ. સં. ૧૦૬૫ (ઇ. સ. ૧૬૫૫)માં આ પત્ર લખીને જણાવ્યું કે **શાંતિદાસ** અમારા કેટલા પ્રિતીપાત્ર છે એ તો જગજાહેર વાત છે. એમણે આ અમીદૃષ્ટિના બદલામાં દરબારમાં અવનવી અને અદ્‌ભૂત ભેટ સોગાદ મોકલતા રહેવી જોઈએ, પણ છેલ્લા કેટલાક સમયથી એમણે કોઈ પ્રશંસનીય સેવા કરી નથી તેમજ ગમે એવી ભેટ મોકલી નથી જો કે એવું સાંભળવામાં આવ્યું છે કે હમણાં હમણાં એમણે સારી સારી વસ્તુઓ અન્ય સ્થળે મોકલી આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમને આધારભૂત માહિતી મળી છે કે જગતની એ સન્માન્ય વ્યક્તિ પાસે ૪૪ રતી વજનનો એક હીરો છે. ઉપર્યુક્ત હીરો અમારા દરબારમાં મોકલી આપીને એમણે પોતાના ભૂતકાળના તમામ કસૂરનો બદલો ચૂકવી આપવો. જો મજકૂર હીરો મોકલવામાં ઢીલ થશે તો બાદશાહ શાહજંહા મારફત તમને અહીં હાજર થવાનું કહેવાશે બલ્કે મારા ભાઈ શાહજાદા મુરાદબખ્શને તમને ચેતવણી આપવાનું જણાવાશે તેની નોંધ લેશો.

તુગરા અને મહોર :

શાંતિદાસને ઝુબદતુલ અમસાલ અને ઝુબદતુલ અકરાન જેવા માનદર્શક ઉદગારોથી નવાજ્યા છે. (શેઠ શાંતિદાસ માટેનાં બિરુદો કે જે બન્નેનો અર્થ 'પોતાના સમકાલીનો અને સમોવડિયાઓમાં શ્રેષ્ઠ' એવો થાય છે.)

ફરમાન–૧૧

ઔરંગઝેબનું ફરમાન

ઔરંગઝેબે શાંતિદાસને લખી જણાવ્યું છે કે **શાંતિદાસે** પોતાના ગુમાસ્તા મારફતે દરબારમાં મોકલેલ રત્નજડિત વાસણો બાદશાહને ખાસ પસંદ પડ્યાં નહીં તેમ છતાં **શાંતિદાસે** કંઈક આશા સાથે મોકલેલ હોવાથી એમાંથી અમુક વસ્તુઓ ખરીદી લીધી છે, એની કિંમત અને બાકીની વસ્તુઓ એમના ગુમાસ્તા મારફતે એમને પાછી મોકલી છે. હવે પછી એમણે એવાં રત્નજડિત સાધનો અને ઉમદા હીરામોતી દરબારમાં મોકલવા કે જે બાદશાહને ગમે.

તે સાથે તેઓશ્રીના બહુમાન ખાતર એક કિંમતી **ખિલઅત** પણ મોકલવામાં આવે છે.

૧૮ માહે રબીઉસ સાની રાજ્યાભિષેકનું ૩૦ મું વર્ષ.

હિ. સં. ૧૦૬૬ (ઇ. સ. ૧૬૫૬).

ફરમાન–૧૨

નગરશેઠ શાંતિદાસને બોલાવવા અંગે બાદશાહ શાહજંહાનું ફરમાન

પોતાના શહેરમાં દશહરાની ઉજવણી પતાવ્યા પછી, વર્ષાઋતુના અંત પછી તરત શાહજંહાએ શેઠશ્રી **શાંતિદાસને,** જરૂરી કામ હોવાથી દરબારમાં અમુક હાજર થવા આદેશ આપ્યો છે અને આ કહેણને તાકીદનું ગણવા જણાવ્યું છે.

૨૧ માહે શવ્વાલ હિ. સં. ૧૦૬૬ (ઇ. સ. ૧૬૫૬).

ફરમાન–૧૩

શ્રી શંખેશ્વર તીર્થના ઇજારા અંગેનું બાદશાહી ફરમાન

અગાઉની શાહી સનદો અને ભૂતપૂર્વ હાકેમો મુજબ મૂજપૂર પરગનામાં આવેલ મોજે **શંખેશ્વર શાંતિદાસ** શાહુને રૂ. ૧૦૫૦માં પટે આપવામાં આવેલ છે. તેઓશ્રી મજકૂર રકમ ઉપરાંત બધાં જ સરકારી લેણા (ધાન વગેરે) જાગીરદારને પહોંચતા કરે છે.

તેથી હાલના તેમજ ભવિષ્યના જાગીરદારોને જણાવવાનું કે મજકૂર ગામને મજકૂર વ્યક્તિના પટામાં રાખેતા મુજબ રહેવા દેવો અને એની શરતોમાં કોઈ ફેરફાર કરવો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પટાના કરારની શરતોનું પાલન કરવા ઉપરાંત મજકૂર ગામ અને એના રહેવાસીઓનાં ઉત્કર્ષ, શ્રેય અને કલ્યાણ શેઠશ્રીની જવાબદારી છે.

તા. ૧૫ માહે શવ્વાલ, રાજ્યાભિષેકનું ૩૦ મું વર્ષ હિ. સં. ૧૦૬૬ (ઇ. સ. ૧૬૫૬).

ફરમાન-૧૪

આ ફરમાનનો ભાવાર્થ શબ્દશઃ ફરમાન-૧૩ પ્રમાણે જ છે. તફાવત માત્ર એની તારીખમાં છે. એક વર્ષ પછીની સનદ છે.

૨૭ માહે રબીઉલ અવ્વલ, રાજ્યાભિષેકનું ૩૧ મું વર્ષ હિ. સં. ૧૦૬૮ (ઇ. સ. ૧૬૫૭).

તેથી એમ કહી શકાય કે ફરમાન નં. ૧૩ હિ. સં. ૧૦૬૭નો છે. બન્નેના તુગરા એક જ છે. મહોર પણ દારાની જ છે.

ફરમાન-૧૫

નગરશેઠ શાંતિદાસની લેણી રકમ ચૂકવી આપવા અંગેનું બાદશાહ મુરાદબખ્શનું ફરમાન

મુરાદબખ્શ, પોતાના રાજ્યાભિષેકના પહેલા વર્ષે મોતમદખાનને લખી જણાવે છે કે **શાંતિદાસ** કે જેઓ તેના પ્રિતીપાત્ર છે, તેના દરબારમાં પહોંચ્યા હતા, પરિણામે તે આદેશ આપે છે કે મજકૂર શેઠના દિકરા માણેકચંદ અને તેના ભાઈઓ પાસેથી રાજ્યાભિષેકના શહેર અમદાવાદમાં કરજ પેટે એણે આ પત્રની વિગત મુજબ અમુક રકમ લીધી હતી. તે રકમ નીચે જણાવેલ પરગનાઓના ખરીફના મહેસૂલમાંથી ચૂકવી દે. માણેકદાસ અને **શાંતિદાસ**ની સેવાઓને ધિરદાવતા મુરાદ ફરીવાર મોતમદખાનને તાકીદ કરે છે કે કરજની રકમ ચૂકવવામાં કોઈ ઢીલ થવી ન જોઈએ.

તા. ૧લી માહે શવ્વાલ, રાજ્યાભિષેકનું પહેલું વર્ષ હિ. સં. ૧૦૬૭ (ઇ. સ. ૧૬૫૮).

તુગરા :— અબુલ મુઝફ્ફર મુરવ્વીજુદ્દીન મોહંમદ મુરાદબખ્શ બાદશાહે ગાઝી.

મહોર :—અબુલ મુઝફ્ફર મુરવ્વીજુદ્દીન મોહંમદ મુરાદબખ્શ બાદશાહે ગાઝી ૧૦૬૮.

ફરમાન-૧૬

પાઠ તદ્દન ફરમાન-૧૫ પ્રમાણે છે. તફાવત એટલો જ છે કે આ ફરમાન હાજી મોહંમદ કુલીને સંબોધીને લખાયું છે. તેની તારીખ પણ ફરમાન-૧૫ પ્રમાણે જ છે.

પાછળનો ભાગ

ફરમાન-૧૬-A

રૂ. ૫,૫૦,૦૦૦ કેવી રીતે ચૂકવવા તે અંગેનું બાદશાહી ફરમાન

સૂરત – ૧,૫૦,૦૦૦

ખંભાત – ૧,૦૦,૦૦૦

પેટલાદ – ૧,૦૦,૦૦૦

ધોળકા – ૭૫,૦૦૦

ભરુચ – ૫૦,૦૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરમગામ – ૪૫,૦૦૦
નમકસાર – ૩૦,૦૦૦

૫,૫૦,૦૦૦

સન્તિષ્ઠ સેવક અને સદાચારી સપૂત મોહંમદ ઈઝદ બક્ષની મારફતે.

આ છબીની પાછળનો ભાગ વાંચી શકાય તેમ નથી.

૧ શવ્વાલ રાજ્યાભિષેકનું ૧ લું વર્ષ હિ. સં. ૧૦૬૯ (ઇ. સ. ૧૬૫૮).

ફરમાન–૧૭

શાંતિદાસને પૈસાની ચૂકવણી અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન

ઔરંગઝેબ, ગુજરાતના દિવાન રહમતખાનને લખી જણાવે છે કે **શાંતિદાસ** એના દરબારમાં પહોંચ્યા પછી તેમને તેમના શહેર અમદાવાદ પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી.

એમણે રજૂઆત કરી કે શાહજાદા મુરાદબખ્શે રૂ. ૫,૫૦,૦૦૦ અમદાવાદમાં કરજ પેટે લીધા હતા એમાંથી ૪,૬૨,૦૦૦ રખીદાસના પુત્ર માણેકચંદ પાસેથી લીધા હતા જે **શાંતિદાસના** ભાગીદાર છે. અને રૂ. ૮૮,૦૦૦ એમના અન્ય કેટલાક સગા સંબંધીઓ પાસેથી લીધા હતા. જેની વિગત નીચે મુજબ છે તેથી તેઓ બેચેની અનુભવે છે.

તેથી ઔરંગઝેબ આદેશ આપે છે કે રૂ. ૬,૦૦,૦૦૦ ગુજરાતના બન્દરોમાંથી એમને આપવામાં આવે.

તેથી સુબેદાર શાહ નવાજખાને રૂ. ૪,૬૨,૦૦૦ની લોન પૂરતી ખાત્રી કર્યા પછી બીના વિલંબે તત્કાલ **શાંતિદાસને** રૂ. ૧,૦૦,૦૦૦ આપવા.

આ અંગે રહમતખાનને વિશ્વાસમાં લેવો.

તા. ૨૧ માહે ઝીલકાદા હિ. સં. ૧૦૬૮ (ઇ. સ. ૧૬૫૮).

તુગરા :—શાહ મોહંમદ ઔરંગઝેબ બહાદુર ગાઝીનો ફરમાન.

ફરમાન–૧૮

શાંતિથી રાજ્ય કરવાની બાંહેધરી આપતું બાદશાહ ઔરંગઝેબનું ફરમાન

તુગરા :—મોહંમદ ઔરંગઝેબ બહાદુરશાહનું ફરમાન.

મોહર :—મોહંમદ ઔરંગઝેબ બહાદુરશાહનું ફરમાન.

બધાં પ્રજાજનો અને મનુષ્યમાત્રની રાહત બાદશાહ તરીકે અમારું લક્ષ્ય છે કેમ કે પ્રત્યેક મનુષ્ય સર્વ શક્તિમાન ખુદાની એક અદ્‌ભૂત અમાનત છે.

શાંતિદાસે અમારા દરબારમાં ઉપસ્થિતિનું સૌભાગ્ય પ્રાપ્ત કરી પોતાના વતન અમદાવાદ પાછા ફરવાની પરવાનગી મેળવી.

અમદાવાદ પહોંચ્યા પછી ત્યાંના બધાં વેપારીઓ, મહાજનો અને રહેવાસીઓને અમારા ન્યાયોચિત પ્રશાસનના ઇરાદાની અને સર્વ પ્રજાજનોના ઉત્કર્ષ માટેની અમારી ઝંખનાની ઘોષણા કરવાનો તેમને આદેશ અપાયો છે, કેમ કે જગતની વ્યવસ્થા અને મનુષ્યજાતિનાં બધાં કામોનું નિયમન તેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર નિર્ભર છે. જેથી દરેક જણ પોતાના ઘરમાં નિશ્ચિત મનથી પોતે પોતાના ધંધામાં એકાગ્રતાથી ધ્યાન આપે અને અમારા સામ્રાજ્યના અમરત્વને પ્રાર્થતા રહે.

હાલના તેમજ ભવિષ્યના ગુજરાતના સુબેદારો અને અધિકારીઓએ **શાંતિદાસને** દરબારના એક જુના સેવક તરીકે સ્વીકારી એમના પ્રત્યે ઔદાર્ય દાખવી એમની આમન્યા જાળવવી અને સારું વર્તન કરવું. એમની કોઈ નાણાકીય બાબત અદાલતમાં હોય તો તેઓ પ્રત્યે લક્ષ્ય આપે જેથી ત્યાંનો કોઈ રહેવાસી એમના મામલામાં દખલગીરી કરી એમનાં કામોમાં બાધા ન રાખે.

આ તાકીદના આદેશનું કોઈએ ઉલ્લંઘન કરવું નહીં.

તા. ૨૧ માહે ઝીલકાદા હિ. સં. ૧૦૬૮ (ઇ. સ, ૧૬૫૮).

ફરમાન–૧૯

ગુમાસ્તા વગેરે પાસે લેણી પડતી શાંતિદાસની રકમ અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન

રાજ્યાભિષેકના ૬ મહિનાની અંદર ઔરંગઝેબે ફરમાન બહાર પાડી અમદાવાદના સુબેદારને હુકમ કર્યો કે **શાંતિદાસ**ના પુત્ર લક્ષ્મીચંદે દરબારમાં અપીલ કરી છે કે એમના ગુમાસ્તાઓ તેમજ બીજા કેટલાક જણા પાસે એમનું લેણું નીકળે છે અને તેઓ પૈસા આપવામાં ખોટાં બહાનાંઓ કરે છે, તેને વસૂલ કરવામાં એમને રાજ્ય સહાય કરે પણ પહેલાં હિસાબ અને સનદો પ્રમાણે એમના દાવાની ચકાસણી કરી લેવી.

૧૬ માહે જમાદીયુલ અવ્વલ, રાજ્યાભિષેકનું વર્ષ.

હિ. સં. ૧૦૭૦ (ઇ. સ. ૧૬૫૯).

ફરમાન–૨૦

બે ઝવેરીઓની લેણી પડતી રકમ અંગે બાદશાહ ઔરંગઝેબનું ફરમાન

ઔરંગઝેબ મીર યાહ્યાને લખી જણાવે છે કે આસકરણ અને લાલચંદ નામના બે ઝવેરીઓ સરકાર ઉપર રૂ. ૨૧,૦૦૦નું લેણું કાઢે છે, જે હજુ સુધી ચૂકવાયું નથી. કારણ કે ટંકશાળના દરમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

ઔરંગઝેબ સૂચના આપે છે કે ઉપર્યુક્ત ઝવેરીઓએ જે દિવસે વેચાણ કર્યું તે દિવસે પ્રચલિત ટંકશાળના દર પ્રમાણે; નહીં કે આજે પૈસા ચુકવતી વખતે પ્રચલિત ડ્યુટીના દર પ્રમાણે, એમના પૈસા બાદ કરી બાકીની રકમ એમને તત્કાલ ચૂકવી દેવી.

અલબત્ત એ અંગેના જરુરી દસ્તાવેજો અને કાગળો અને સનદોની ચકાસણી પહેલાં કરવી.

તા. ૨૯ માહે રબીઉલ સાની.

આભાર અને એક નમ્ર સૂચન :—

અહીં આ પ્રકરણના અંતે એ વાતની સાભાર નોંધ લેવી જોઈએ કે આ પ્રકરણમાં આપવામાં આવેલ નવ આખ્યાં ફરમાનોનું ગુજરાતી ભાષાંતર તથા પ્રો. કોમિસરીએટના પુસ્તકમાં આપવામાં આવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧ ફરમાનોનું ગુજરાતી ભાષાંતર એચ. કે. આર્ટસ કૉલેજના ફારસી ભાષાના પ્રાધ્યાપક શ્રી મહંમદ ઝુબેર કુરેશીએ કરી આપેલ છે. જે જે ફરમાનને અંતે હિજરીસન આપવામાં આવેલ નથી ત્યાં ઇસ્વીસનનો નિર્દેશ થઈ શકયો નથી એટલું ધ્યાનમાં રાખવું.

કોઈએ એમ માની લેવાની જરુર નથી કે આ પ્રકરણમાં આપવામાં આવેલ ૭+૨+૫+૨૦ એમ મળીને ૩૪ જ બાદશાહી ફરમાનો જૈનોને મળેલાં છે. આ પ્રકરણમાં જેનું ભાષાંતર અને જેનો સાર આપવામાં આવેલ છે તે ફરમાનો ઉપરાંત પણ બીજાં ફરમાનો જૈનોને મળ્યાં હોય એવો પુરો સંભવ છે. આ સિવાયનાં ફરમાનો બીજા કોઈ પણ પુસ્તકમાં છપાયેલાં હોવાં જોઈએ અથવા કોઈની પાસે વગર છપાયાં સચવાયેલાં હોવાં જોઈએ એટલે હું ઇચ્છું છું કે જ્યાં જ્યાં આવાં બાદશાહી ફરમાનો છપાયાં અથવા સચવાયાં હોય તે બધાંને એકત્ર કરીને અનુવાદ સાથે એક સ્વતંત્ર પુસ્તકરુપે છાપવાં જોઈએ.

આવું પુસ્તક જો તૈયાર થઈ શકે તો તે મુગલ રાજ્યકાળમાં જૈનસંઘ કેવી લાગવગ અને કેવું ગૌરવ ધરાવતો હતો તેનો પ્રતિતીકર ખ્યાલ આપી શકાય એમાં શંકા નથી એટલે આ કામ કોઈ સંસ્થા હાથ ધરે એ બહુ જરુરી છે.

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪
નાણાંની સાચવણીની કપરી કાર્યવાહી

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસના પહેલા ભાગમાં (પૃ. ૧૨૬) મેં આ પ્રમાણે લખ્યું હતું—

અર્થવ્યવસ્થા :—

પેઢીના વહીવટમાં સૌથી જટિલ અને મુશ્કેલ ગણી શકાય એવું કામ છે; એની અર્થવ્યવસ્થાને સંભાળવાનું અને ધર્મબુદ્ધિથી અપાયેલ ધનની સાચવણી કરવાનું—

"આમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે તીર્થસ્થાનો જિનમંદિરો તથા અન્ય ધર્મસ્થાનોમાં ઓટલી દ્વારા, ભંડારમાં નાખવા રૂપે કે ટીપ કે ફાળામાં નોંધવામાં આવેલી રકમ રૂપે અથવા જ્ઞાન-ખાતામાં, વૈયાવચ્ચ ખાતામાં યા સાધારણ ખાતામાં જે કંઈ નાણાં એકત્ર થાય છે, તે ધર્માનુરાગી સદ્ગૃહસ્થો તથા સન્નારીઓ દ્વારા પોતાની ધર્મભાવનાને કૃતાર્થ કરવાની ધર્મબુદ્ધિથી આપવામાં આવેલ હોય છે. એટલે એનો વહીવટ પણ એવી ચીવટ, ધર્મબુદ્ધિ તથા પાપભીરુતાપૂર્વક કરવાનો હોય છે કે જેથી એની પાઈએ પાઈ લેખે લાગે એ રીતે વપરાય અને કશું પણ નુકસાન વેઠવાનો વખત ન આવે. આવક લાખો રૂપિયાની હોય, ખર્ચ પણ લાખો રૂપિયાનો થતો હોય અને અનેક તીર્થસ્થાનોની કરોડોની સ્થાવર તથા જંગમ મિલકતનો વહીવટ સંભાળવાનો હોય, ત્યારે એ જવાબદારીને દોષરહિતપણે સાંગોપાંગ પૂરી કરવાનું કામ કેટલું મુશ્કેલ હોય છે એ તો અનુભવથી જ સમજી શકાય એવી બાબત છે. આ માટે પેઢીએ જે તકેદારી રાખી છે અને વ્યવસ્થા ગોઠવી છે, એ બીજાઓને માટે દાખલારૂપ બની રહે એવી અને પેઢીને આર્થિક નુકસાનીના પ્રસંગમાંથી સર્વથા નહિ તો પણ ઘણા મોટા પ્રમાણમાં બચાવી લે એવી છે—

"પેઢી પોતાના અર્થતંત્રને આવું નમૂનેદાર અને કાર્યક્ષમ બનાવી શકી છે તેમાં બે બાબતો ખાસ ધ્યાન ખેંચે એવી છે : એક તો પોતે નાના કે મોટા જે કોઈ કાર્યની જવાબદારી સ્વીકારી હોય એને આર્થિક ચિંતાથી મુક્ત અને સદ્ધર બનાવવાની અને એમાં કચારેય પૈસાનો બગાડ થવા ન પામે એની પૂરી ચીવટ રાખવાની વણિક કોમની સહજ-સુલભ પ્રકૃતિ, અને બીજી બાબત છે એમાં ભળેલી એ ધર્મધનનું પૂરેપૂરું જતન કરવાની ધર્મબુદ્ધિપ્રેરિત જાગૃતિ"—

દાખલારૂપ તટસ્થતા :—

પેઢીના સંચાલકો પેઢીના વહીવટમાં આવી જાગૃતિ રાખી શકયા છે તે મુખ્યત્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓએ દાખવેલી દાખલારૂપ તટસ્થતાને કારણે. આ તટસ્થતા એટલે પેઢીના પૈસાની સાચવણીની બાબતમાં જ્યારે પણ જોખમ ઊભું થયું લાગે ત્યારે મારા-તારાપણાનો કોઈ પણ જાતનો ભેદ થવા ન પામે એવી આદર્શ તટસ્થતા. પેઢીના પૈસાનો જાણે કે અજાણે અથવા તો સંજોગવશાત્ દુરુપયોગ કરનાર વ્યક્તિએ પોતાના સાથીદાર હોય કે બીજી ગમે તે વ્યક્તિઓ–એમની સામે જરૂરી કાયદેસરનાં પગલાં ભરવામાં આ તટસ્થતા સાર્થક થતી. કચારેક તો એવું પણ બનતું કે પેઢીના પૈસાનો ગમે તે કારણે દુરુપયોગ કરનાર વ્યક્તિ પેઢીના વહીવટમાં મુખ્ય સ્થાન ધરાવતી હોય અથવા તો જૈન સમાજમાં ગમે તેવું મોભા ભર્યું સ્થાન ધરાવતી હોય અને તેની સામે કામ કેવી રીતે લેવું તેમાં ધર્મસંકટ ઊભું થતું હોય, આવા અગ્નિપરીક્ષાના પ્રસંગે પણ પેઢીના સંચાલકોએ મક્કમતાથી કામ લેવામાં જરાય ઢીલાશ દાખવી નથી. આવા પ્રસંગો અંગે એટલું જ કહેવું પૂરતું ગણાવું જોઈએ કે પેઢીને ઓછામાં ઓછું વેઠવાનો વખત આવે તે રીતે પેઢીના સંચાલકો (વહીવટદાર પ્રતિનિધિઓ) દૂરંદેશી, શાણપણ અને ઠરેલપણાથી નિર્ણય કરતા રહ્યા છે.

આ તો મેં પેઢીની અર્થવ્યવસ્થાની સામાન્ય રૂપરેખા આપી ગણાય એટલે એના કેટલાક દાખલા જોવાથી એની વિશેષ પ્રતીતિ થઈ શકશે એમ સમજી કેટલાક દાખલા અહીં નીચે આપવામાં આવે છે :

રખોપાની રકમની સર્વસંમતિથી ફેરબદલી

આ ગ્રંથના પહેલા ભાગના ૨૪૪મા પાને 'રખોપાની રકમની માફી' એ મથાળા નીચે મેં આ પ્રમાણે લખ્યું હતું :

રખોપાની રકમની માફી :—

"સને ૧૯૪૮માં ભારતમાં દેશી રાજ્યો સ્વતંત્ર ભારતમાં ભળી ગયાં અને એ જ અરસામાં સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ, એટલે એ સરકારના પહેલા મુખ્યપ્રધાન શ્રી ઉછરંગભાઈ ઢેબરે રખોપાની આ રકમ લેવાનું બંધ કર્યું. એટલે પછી શત્રુંજયની યાત્રા ઉપર કોઈ પણ જાતના સરકારી લાગા, કર કે હક્કરૂપે પ્રતિબંધ રહેવા ન પામ્યો, અને આ મહાતીર્થની યાત્રા સર્વથા કરમુક્ત બની ગઈ. હવે જ્યારે રખોપા નિમિત્તે કોઈ પણ જાતની રકમ સરકારને નિયમિત રીતે ભરવાની ન રહી એટલે પછી વાર્ષિક રૂ. ૬૦,૦૦૦/-ની વ્યાજની ઉપજ માટે જે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું તેને સ્વતંત્ર જુદા ફંડરૂપે ન રાખતાં પેઢીહસ્તકના સાધારણ ખાતાની રકમ સાથે ભેળવી દેવામાં આવ્યું.

જ્યારે આ કર સૌરાષ્ટ્ર સરકારે માફ કર્યો, ત્યારે પેઢીના પ્રમુખપદે શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ હતા. તેઓ ઇચ્છત તો આ કરની ચૂકવણી માટે એકત્ર કરેલી રકમ ગમે તે ખાતામાં ટ્રસ્ટીમંડળની સંમતિથી પેઢી હસ્તક લઈ જઈ શકત, પણ તેઓ તંદુરસ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રણાલિકાઓના હિમાયતી હતા અને કોઈ પણ કામ બધાની સંમતિ મેળવીને કરવામાં માનતા હતા. એટલે એમણે પેઢી તરફથી નીચે મુજબ લખાણ તૈયાર કરાવીને એમાં રખોપા ફંડના બધા દાતાઓની સંમતિની સહીઓ મેળવીને આ કામ કર્યું હતું.

"શેઠ શ્રી આણંદજી કલ્યાણજી
અમદાવાદ.

વિ. શ્રી પવિત્ર શત્રુંજય જતાં યાત્રાળુઓને વ્યક્તિગત અગવડતા અને ખર્ચ થતાં અટકાવવા અને શ્રી પાલીતાણા સ્ટેટને રખોપાની રકમ નિયમિત આપી શકાય તે માટે રખોપાની ટીપ કરવામાં આવેલી અને તે ટીપમાં અમોએ રકમ ભરાવેલી. હાલમાં સૌરાષ્ટ્ર સરકાર તરફથી સદરહુ રખોપાની રકમ માફ થયેલ છે તેથી હવે રકમનો હવાલો 'સાધારણ' ખાતે અથવા આપને યોગ્ય લાગે તે ખાતે નાખો તેમાં અમારી સંમતિ છે.

ગોહેલ ભગવતસિંહજી પાસે લેણી નીકળતી રકમ બાબત —

તા. ૧૭/૯/૮૪ના રોજ પેઢીના પ્રેસીડેન્ટ શેઠ શ્રી નગરશેઠ હેમાભાઈએ નીચે મુજબ ભલામણ કરી હતી :

"સૌરાષ્ટ્રમાં આવેલ લીમડા ગામમાં આવેલ ભાગદાર ગોહેલ ભગવતસિંહજી જાલમસીંગજી પાસેથી પ્રથમની માફક એક જ નામથી ખત લખાવી લેવા શા. મગનલાલ જેઠાલાલને કહેવું."

ભાવનગર સંઘ પાસે લેણું :—

શેઠ શ્રી કલ્યાણભાઈએ લખ્યું હતું કે—

"ભાવનગરવાળા કને શેઠ આણંદજી કલ્યાણજીના દસ હજાર (૧૦,૦૦૦) લેણા છે એવું મારા અઢી વર્ષ ઉપર જાણમાં હતું. તે વિશે તે લોકોને અમોએ ઘણું કહ્યું હતું કે રૂપિયા આણંદજી કલ્યાણજીને ત્યાં ભરો. વળી તે સારું વધીચંદજી મહારાજને પણ કહ્યું હતું કે આણંદજી કલ્યાણજીના રૂપિયા તમારે ત્યાંના શ્રાવકો ભરતા નથી માટે તેમને ઉપદેશ કરી ભરાવે તો સારૂ. એ જ રીતે થયેલું પણ કોઈ ભરતાં નથી."

આ દાખલા ઉપરથી જોઈ શકાય છે કે પેઢીનાં નાણાં ગેરવલ્લે ન જાય એ માટે પેઢી તરફથી મુનિ મહારાજની લાગવગનો ઉપયોગ પણ કરવામાં આવતો હતો.

નજરાણું લેવાનો ઈન્કાર :—

"રબારીકા ગામવાળા ખુમાણ નાગજીભાઈ રામજીભાઈ અમદાવાદમાં આવ્યા હતા. તેમને રૂપિયા પંચોતેરસો સંવત ૧૯૩૮ના ફાગણ વદ ૧૦ના રોજ રોકડા વ્યાજે તેમના ગામ રબારીકા ઉપર ધીરેલા છે. તે રૂપિયા તથા તેના વ્યાજમાંથી તેમના આપેલા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપિયા વસૂલ; તેમની પાસે સં. ૧૯૪૩ ના કારતક સુદી ૧ સુધી રૂ. ૮૮૯૦/ અઠાસીસો નેવુ લેણા નીકળે છે. ચાલતી સાલમાં હજાર-અગીયારસેં રૂપિયાનું ઘાસ આપ્યાનું તેઓ કહે છે. પણ તેનો આંકડો પાલીતાણેથી આવ્યો નથી. એમની માગણી એમ છે કે આ સાલ અનાજ કે કપાસ થયો નથી તેથી તથા અમારા દીકરાનું લગન થવાનું છે, એટલે મહેરબાની કરી આ સાલ અમોએ જે ઘાસ આપેલું છે તેના રૂપૈયા અમને મલવા જોઈએ. માટે તેમને શો જવાબ દેવો તથા તેઓ નજરાણું કરવા સારૂ એક ઘોડો લાવ્યા છે, તે લેવો કે નહિ."

આ અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો :

"ખુમાણ નાગજીભાઈને રૂબરૂમાં ગોવિંદલાલ પાસે કહેવરાવ્યું કે તમારી માગણી મંજૂર કરવામાં નહિ આવે અને તમારું નજરાણું રાખવાનું કંઈ ખસુસ કારણ જણાતું નથી. માટે તમારો ઘોડો પાછો લઈ જવો."

એક જાણવા જેવો ઠરાવ :—

"પાટણના શા. પ્રેમચંદભાઈ ઉમેદચંદના લેણાના રૂપિયા પચવીસે એક માટે કરેલો (ભાવનગર સંઘે) નિકાલ મંજૂર છે અને મુસદ્દા પ્રમાણે સબકમિટીની સહીથી તે બાબતની પહોંચ આપવી."

સમાધાન :—

નીચેની હકીકત ઉપરથી જોઈ શકાય છે કે પેઢી અક્કડ વલણ ન કરતાં સમાધાન કરવામાં તૈયાર રહેતી હતી. આ બાબત નીચેના તા. ૨૦ મી ઓકટોબર ૧૮૮૪ના ઠરાવ ઉપરથી પણ જાણી શકાય છે.

"રોહીશાળાના ચોથા ભાગદાર સરવૈયા રાસાભાઈ કાકાભાઈ વગેરે ઉપર આપણે રૂપિયા ૧૧૭૬૬-૧૧-૬ ના ગોહેલવાડ પ્રાંતના આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટે કોર્ટમાં દાવો કર્યો છે. તે સરવૈયા રાસાભાઈ કાકાભાઈ તથા કબુભાઈ કોકીભાઈ અત્રે રૂબરૂ આવી પોતાનો નિકાલ કરવા સારૂ ઘણી ગરીબાઈ જણાવી કાલાવાલાની સાથે આજીજીથી અરજ કરતાં તેમની હાલની હાલત ઉપર વિચાર કરી છેવટે દાવા પૈકી આઠ હજાર, દર વર્ષે રૂ. ૨૦૦/ માગશર સુદ-૨ અને રૂ. ૨૦૦/ ચૈત્ર સુદ-૨ મળી રૂપૈયા ચારસેં મુજબ સંવત ૧૯૪૬ થી સંવત ૧૯૬૫ના ચૈત્ર સુદ-૨ સુધીના તેમના ભાગની ઉપજમાંથી પુરા કરી આપે અને તે પ્રમાણેનું કોરટના કરારદાદથી હુકમનામું કરાવી આપે એવો ઠરાવ કરી આપવા ગરાસીયા કબુલ થવાથી તે પ્રમાણે નક્કી કરી કરારદાદની અરજીનો મુસદ્દા કરી આપવા વકીલ તરફ મોકલવા ઠરાવ કર્યો અને બાકીના રૂપૈયા છુટ મુકવા મંજૂર કર્યું."

આ ઉપરથી જોઈ શકાય છે કે પેઢી સમાધાન માટે હંમેશાં તૈયાર રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આની સાથે સાથે નીચેનો ઠરાવ ઉપરની વાતનું વધુ સમર્થન કરે છે. જે આ પ્રમાણે છે :

"દાવાવાલા રૂ. ૫૪૨૨-૧૪-૯ તથા ખર્ચના રૂ. ૪૦૮-૧-૩ મળી રૂ. ૫૪૫૧-/ અંકે પોપનસો એકાવનની કોર્ટની મારફતથી રૂ. ૪૫૦/ માગશર સુદ-૨ અને ૩૫૦/ ચૈત્ર સુદ-૨ એ રીતે સંવત ૧૯૫૧ના માગસર સુદ-૨ થી ૧૯૫૭ના ચૈત્ર સુદ-૨ના સુધી સાત વર્ષ ભરે અને બાકીના રૂ. ૨૦૧/ રહે તે સં. ૧૯૫૮ના માગસર સુદ-૨ના રોજ ભરે અને તે પ્રમાણે કાંધા બરોબર ના ભરે અને કાંઇ પડે તો તમામ કાંધાના રૂપિયા પડચાના કાંધાની તારીખથી આઠ આના પ્રમાણે વ્યાજ સાથે તેમની ઘરબેડની જમીન વગેરેથી તથા તેમની જાત મીલકતથી વસુલ કરી લેવામાં આવે એવું હુકમનામું કરાવી લેવું."

આ કિસ્સામાં સરવૈયા શ્રી રાસાભાઈ પાસે રૂ. ૧૧,૧૯૬-૧૧-૬ જેટલું લેણું નીકળતું હતું તેની ઉપર પ્રમાણે કુલ રૂ. ૫૪૫૧/ માં સમાધાન કરવામાં આવ્યું.

આમ છતાં આવી છૂટ મૂકેલી રકમની વસૂલાત સમયસર થઈ નહિ તેથી પેઢીએ તેમની સામે દાવો કરવાનો, તા. ૧૫-૧૨-૧૯૦૫ના રોજ નીચે મુજબ ઠરાવ કર્યો :

"રોહીશાળાના સરવૈયા મહેરૂભાઈ રાસાભાઈ પાસે લેણા નીકળતા પૈસાનો રૂપૈયાનો ચોક થાણામાં દાવો કરવાને પાલીતાણાવાળા જા. નં. ૭૪ના ૯મી ડીસેમ્બરના સને ૧૯૦૫ના પત્રથી મંજૂરી માંગે છે માટે સદરહુ સરવૈયા મહેરૂભાઈ ઉપર ચોકથાણામાં દાવો કરવાને પાલીતાણે લખવું."

વધુ રકમ ધીરવા બાબત :—

"રા. રા. ચુનીલાલભાઈના મત અભિપ્રાયમાં જાલીયાગામ લખાવી લેવા તેમણે બીલકુલ નાપસંદ કર્યું નથી પણ જ્યારે ખરી રીતે તે હાલ તેમના કબજામાં નથી. જાલીઆને બદલે લીમડા લખી આપે તેમ ગોહેલ શ્રી ભગવતસીંહજીને કહ્યું અને તેમ તેઓ કરવા ખુશી ના બતાવે તો પ્રથમના બે ગામની સાથે જાલીઆ ત્રીજુ રા. રા. હિરચંદભાઈના અભિપ્રાયમાં બતાવેલી શરતો પ્રમાણે શેઠજી સાહેબ તથા શેઠ આણંદજી કલ્યાણજી બંનેના નામથી લેગો દસ્તાવેજ લખાવી રજીસ્ટર કરાવી લેઈ રૂ. ૬૦૦૦/ સુધી તેઓને આપવા." (આ ઠરાવ તા. ૨૪-૧-૧૮૮૯ના રોજ થયો હતો.)

તા. ૨૩-૨-૧૮૮૯ના રોજ છાપરીયાળી ગામની ભાગમનો ઇજારો રાખનાર અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"છાપરીયાળી પાંજરાપોળની ભાગ રાખનાર જામવાળાના ચમારો પાસે રૂપૈયા ૬૦૦૦/ ઉપરાંત લેણા થયા છે, તેને સારૂ યોગ્ય ઇલાજ લેવા પાલીતાણે કાગળ લખવો."

મૂડી રોકાણમાં સાવચેતી :—

ગ્રોમીસરી નોટો રૂપૈયા દોઢ લાખની લેવા તા. ૧૬-૧૧-૧૮૮૯ના રોજ ઠરાવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો છે. પરંતુ હાલ નોટનો ભાવ રૂ. ૯૯ નો છે. અને તે ભાવ ખરી રીતે ટકી શકે તેમ કેટલાંક કારણથી લાગતું નથી. વળી જે રૂપૈયા પેઢીના સીલીકે (સીલકમાં) છે તેનું વ્યાજ નાણાંભીડના સબબથી વગર જોખમે સારૂ ઉપજે છે માટે બીજો ઠરાવ થતાં સુધી પ્રોમીસરી નોટો લેવી નહિ."

પ્રોમીસરી નોટો પ્રીમીયમથી ખંડી વાળવા બાબત :—

તા. ૨૫ મી ફેબ્રુઆરી ૧૮૯૫ના રોજ પ્રોમીસરી નોટો ખંડી વાળવા બાબત નીચેનો ઠરાવ ધ્યાન ખેંચે એવો છે—

"શેઠ પેસ્તનજી નસરવાનજી રૂ. ૨-૧૨-૦ના ભાવથી (પ્રીમીયમથી) પોતાની નોટો નંગ ૨૨ રૂ. ૪૫૨૦૦)ની વેચાતી આપે તો તે આપણે ખંડી રાખવી."

આવો ઠરાવ કરવાનું કારણ એ હતું કે એ વખતે મુંબઈમાં આનું પ્રીમીયમ વધારે ઉપજે એમ હતું.

મુદત વધારી આપવા બાબત :—

તા. ૨૦-૮-૧૮૯૬ ના રોજ નીચે મુજબ ઠરાવ આ વિશેનો કરવામાં આવ્યો હતો : (રોહીશાળાના ભાગદાર પાસેની લેણી રકમ બાબતમાં.)

આવતી સાલના બાકી રહેતા રૂ. ૫૦૦/ તથા આવતા વરસના રૂ. ૭૫૦/ મળી કુલ રૂ. ૧૨૫૦/ તથા દરખાસ્ત કરવામાં જે કંઈ ખરચ થયું હોય તે લેખે માગસર સુદ-૨ ના રોજ આપવાની ગરાસીયા નાથાભાઈ વગેરે કબુલત લખી આપે અને તે પ્રમાણેની બાસ કબુલત તેની અરજી આપે તે માગસર સુદની મુદત માગે તે તે પ્રમાણેની તેમને મુદત આપવાને આપણા વકીલને લખવું એમ પાલીતાણે લખવું."

ગામ ઇજારે રાખવા બાબત :—

તા. ૨૫-૭-૧૮૯૭ના રોજ ચિરોડા ગામ ઇજારે રાખવા માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો :

"ચિરોડા ગામનો ઇજારો વનાળાના દોશી જીવણ રાજપાલને એક વર્ષને માટે ૧૧૦૧/ અંકે રૂપિયા અગીઆરસે એકથી પાલીતાણા મુનીમને આપ્યો છે તે મંજૂર કરવો."

રોહીશાળાની જમીન ખરીદવા બાબત :—

તા. ૨૫-૮-૧૮૯૭ના રોજ ઉપરની બાબતમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો:

રોહીશાળાની જમીન કે જે જમીનમાં થઈને રોહીશાળાની પાગે થઈ શેત્રુંજ્યા ડુંગર ઉપર ચઢવાનો રસ્તો છે. તે રસ્તાની નીચેની હેઠળની રોહીશાળા ગામની હદની જમીન રોહીશાળાના ગરાસીયા પાસેથી રૂ. ૧૭૦૮૫-૦-૦ માટે લેવાને નક્કી કર્યું છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે જમીન શેઠ લાલભાઈ દલપતભાઈ તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈના નામથી લેવાનો વિચાર થવાથી તેનું માપ કરાવતાં તે એકર ૨૭૯-૫ ગુંઠા થાય છે માટે તે જમીન ઉપર લખેલા બે ગૃહસ્થના નામથી લેવી. અને તેનું પ્રથમ બહાના-ખત કરાવવું. તે પછી આપણે આપણા બરચે પાકું વેચાણ-ખત કરાવી રાજકોટના મહેરબાન પુલીટીકાલ એજન્ટ સાહેબની મંજૂરી લેઈ રજીસ્ટાર કરાવવું."

લહેણું વસૂલ કરવા બાબત :—

તા. ૨૭-૬-૧૮૯૮ના રોજ લહેણું વસૂલ કરવા માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

"રબારીકાના ખુમાન નાગજીભાઈ રામભાઈ તરફથી ત્રણ વરસ થયાં (લેણું) બીલકુલ આવતું નથી અને રૂ. ૭૫૦૦/ આપણે ધીરેલા તેના રૂપૈયા ચૌદ હજાર ઉપરાંત લેણા થઈ ગયા છે. તેને સારુ શું કરવું તે બાબત ભાવનગર ગુ. છોટાલાલ જેએચંદને લખી ત્યાંના કોઈ વકીલની સલાહ પુછાવવી."

ભાવનગર રાજ્યને રૂપિયા ધીરવા બાબત :—

તા. ૨૮-૮-૧૮૯૯ના રોજ આ બાબત અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો :

"સ્વસ્થાન ભાવનગર રૂપૈયા પાંચ છ લાખ સરકારી બાંહીધરીથી કરજે માંગે તે ધીરવાને હરકત નથી માટે રૂલને અનુસરીને તેને કોઈ રીતનો બાધ ના આવે એવી રીતે ધીરવા અને તેને સારૂ મુનીમ દુર્લભજીરાવ રાજકોટ છે. તેમને તાર કરી અત્રે તેડાવવા.

વળાના દરબારશ્રીને પૈસા ધીરવાની ના :—

આ બાબતમાં તા. ૭-૧૦-૧૮૯૯ના રોજ જે ઠરાવ કરવામાં આવ્યો હતો તે નીચે મુજબ છે—

"શ્રી વળા દરબાર રૂ. ૫૦,૦૦૦/ અંકે રૂપૈયા પચાસ હજારની પ્રોમીસરી નોટો સાડા ત્રણ ટકા વ્યાજ મુકી તે ઉપર રૂપૈયા ૩૫૦૦૦/ પાંત્રીસ હજાર સવા પાંચ ટકાના વ્યાજથી માંગે છે. તે આપવામાં નહિ આવે એમ તેમના માણસને કહેવું."

રબોપાની રકમની અગાઉથી ચૂકવણી :—

તા. ૧૫-૧૨-૧૮૯૯ના રોજ કરેલ ઠરાવ આ પ્રમાણે છે—

"તા. ૧ એપ્રિલે આપવાના રૂ. ૧૫,૦૦૦/ ઠાકોર સાહેબને તેમની માંગણી પ્રમાણે દસ્તુર મુજબ પહોંચ લેઈ અત્રેથી ચલણી નોટો રૂ. ૧૫,૦૦૦/ની પાલીતાણે મોકલવી અને બીજા રૂપૈયા સાત વરસના માગે છે. તેને સારૂ વિચાર કરવા ઉપર મુલતવી રાખવામાં આવ્યું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલીતાણા રાજ્યને રખોપાની રકમ અગાઉ આપવા બાબત :—

ઉપરની બાબતમાં તા. ૧૨-૪-૧૯૦૦ના રોજ કરેલ ઠરાવ નીચે મુજબ છે—

"પાલીતાણા રાજ્યને આપવામાં આવતી સાલના રૂ. ૧૫,૦૦૦/ પંદર હજાર, તા. ૧ એપ્રીલ ૧૯૦૧ના રોજ ભરવાના થાય છે. દુકાળના કારણથી છ ટકાના પ્રમાણે વ્યાજ કાપી હાલ અગાઉ મળવાને તેમના તરફથી તે રૂપૈયા આપવા મતલબની દરબાર તરફ ચાદી મોકલવી અને તેમના અંગ્રેજી કાગળમાં લખ્યા પ્રમાણે વ્યાજ કાપી લેઈ ત્યા દસ્તુર પ્રમાણે પહોંચ લેઈ રૂપૈઆ ૧૫,૦૦૦/ આપવા પાલીતાણે લખવું."

ભાવનગર દરબારને પૈસા આપવાનો ઇન્કાર :—

આ બાબતમાં તા. ૧૨-૪-૧૯૦૦ના રોજ જે ઠરાવ કરવામાં આવ્યો હતો તે આ પ્રમાણે છે—

"ભાવનગર દરબાર રૂપૈઆ માગે છે પણ તે કોહું કરવાને સગવડ નથી એમ પાલીતાણાનો કાગળનો જવાબ કરવો."

રખોપાના પૈસા અગાઉથી આપવાનો ઇન્કાર :—

આ બાબતમાં તા. ૧૪-૫-૧૯૦૦ના રોજ આ પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો—

"પાલીતાણા દરબારને રખોપાના રૂપૈઆ કેટલાક વરસોના અગાઉ જોઈએ છે. તે આપવાનો વિચાર છે કે નહિ તેનો ખુલાસો જણાવવાને તેમના તરફથી અંગ્રેજી કાગળ આવ્યો છે તેના જવાબમાં બારીસ્ટરનો જે અભિપ્રાય લખાઈ આવ્યો છે તેની નકલ મોકલી લખી જણાવવું કે અભિપ્રાયમાં લખ્યા પ્રમાણે બની શકશે તો વ્યાજ કાપીને અગાઉ રૂપૈઆ આપવાને હરકત આવશે એમ લાગતું નથી."

તા. ૧૭-૧-૧૯૦૦ના ટ્રસ્ટીઓના પ્રોસીડીંગમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે—

"વડોદરાના રહીશ ઝવેરી ઘહેલાભાઈ પાલીટાણે જઈ આવ્યા છે તેમણે કમીટી રૂબરૂ જાહેર કર્યું કે પાલીટાણાના ઠાકોર સાહેબને કરજે રૂપૈઆ બે થી અઢી લાખ સુધી જોઈએ છે ને તેઓ મુંબઈ સરકારની ગેરંટી મંગાવી આપવાને કહે છે વળી તેઓ કહે છે કે જો રૂપૈઆ ધીરવામાં આવશે તો સેંકડે સાડા સાત ટકા પ્રમાણેનું વ્યાજ ત્થા સેંકડે બે ટકા સુધીમાં મંડામણી આપશે અને રૂપૈઆની થાલમાં રખોપાના રૂપૈઆ ૧૫૦૦૦/.....દરથી ભરવા પડે છે તે ત્થા પાલીટાણાની પોતાની માંડવીની ઉપજ પૈકી આશરે રૂપિયા ૨૦,૦૦૦/ મળી રૂ. ૩૫૦૦૦/ પાંત્રીસ હજાર દર વરસે ભરવાને લખી આપવાને ત્થા આપણી તકરારોનું શું કરવાને કહે છે ?"

આ વાતચીતને આધારે જે ઠરાવ કરવામાં આવ્યો તે આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ બાબત વિચાર કરતાં કમિટીની નજરમાં એમ આવે છે કે એ બાબતમાં પાલીટાણા દરબાર તરફથી માંગણીનું લેખી કાગળ આવેથી કમિટીએ મુંબઈ સરકારમાં ગેરેન્ટી વાસ્તે પુછવું અને રીતસર બરાબર ગેરેન્ટી મલેથી રૂપૈઆ ધીરવા."

લીમડા તાલુકદાર પાસે લહેણી પડેલી રકમ માંડી વાળવા બાબત :—

તા. ૨૨-૧૨-૧૯૦૧ના રોજ ઉપરની બાબતમાં પેઢીને નીચે મુજબ ઠરાવ કરવાની ફરજ પડી હતી—

"લીમડા તાલુકદાર પાસેના લેણા બાબત જેતપુરથી વકીલ ઉત્તમચંદ જેઠાભાઈ ફરીથી દાવો કરવા વિગેરે લખે છે પણ તેમાં કાંઈ વળે તેમ નથી માટે કરવાની જરૂર નથી."

આવો ઠરાવ પેઢીના ટ્રસ્ટીમંડળને કરવાની ફરજ એટલા માટે પડી કે આ લેણું પેઢીનું આપેલું મુંબઈ સરકારે રદ કરેલું હતું.

ગોંડલ રાજ્યની માંગણીનો ઈન્કાર :—

તા. ૨૨-૧૨-૧૯૦૧ના રોજ ઉપરની બાબતમાં નીચે મુજબ ઠરાવ થયો હતો—

"ગોંડલ દરબારને રૂપૈઆ એક લાખની પ્રોમીસરી નોટો ઉપર જોઈએ છે તેમાં ડાકતર ત્રીભુવન મોતીચંદ જુનાગઢના કારખાનામાંથી રૂપૈઆ ત્રીસ હજાર આપવાના છે અને સીત્તેર હજાર આપવાને આપણને ડાક્તર સાહેબે લખ્યું છે પણ તે કોહું કરવું ઠીક લાગતું નથી માટે નહિ કરવું."

રબોપાની રકમ વસુલ કરવા બાબત :—

તા. ૯-૧-૧૯૦૨ના રોજ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો—

"મુરસીદાબાદવાલા બાબુસાહેબ પ્રતાપસંગજી લક્ષ્મીપતસંઘજીના પાસે પાલીતાણાના રબોપા બાબતનું ભારે રકમનું લહેણું છે. તેનો નિકાલ કરવાને સારૂ હાલ રા. વકીલ કરતૂરભાઈ પ્રેમચંદ તથા રા. વકીલ હિરાચંદ પીતામ્બરદાસ શ્રી સમેતશિખરજી જાય છે તેમને મજકુર બાબત ઉપરનો કાગળ લખી આપવામાં આવ્યો છે માટે તે બંને ગૃહસ્થોની ધ્યાનમાં પહોંચે તે પ્રમાણે તે લેણાનો નિકાલ કરવાને સારૂ તેમને સ્વતંત્ર અખત્યાર આપવામાં આવે છે અને તે પ્રમાણે નિકાલ કરવાને સારૂ તેમને કહેવામાં આવ્યું છે."

પેઢી કેવી કરકસરથી કામ કરે છે તેનો આ બાબત બોલતો પુરાવો છે. આનું પરિણામ શું આવ્યું છે તે જાણી શકાયું નથી.

રબોપાના રૂપિયા અગાઉથી આપવાની ના :—

અગાઉ પ્રોસીડીંગમાં પાલીતાણા રાજ્યે રબોપાની રકમની સાત વર્ષ અગાઉની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંગણી કરી હતી એ વાત આવી ગઈ છે. પેઢીના વહીવટદારોની કમિટીએ આગળ ઉપર આ સંબંધી વિચાર કરવાનો રાખ્યો હતો એટલે એ સંબંધી છેવટે જે ઠરાવ કરવામાં આવ્યો તે આ પ્રમાણે છે—

"મુનીમ દુર્લભજીના તા. ૧૯-૮-૧૯૦૨ના પત્રના જવાબમાં લખી જણાવ્યું કે આપણા રૂલ્સ (ધારા)માં સરકારની ગેરેન્ટી સિવાય રૂપૈઆ ધીરવાની મના છે માટે મહેરબાન દિવાન કહે છે તે પ્રમાણે સાત વરસના રૂપૈઆ અમે આપી શકતા નથી."

પૈસા ધીરવાનો ઇન્કાર :—

સંવત ૧૫-૯-૧૯૦૨ના રોજ પેઢીની વહીવટદાર કમિટીએ નીચે મુજબ ઠરાવ કર્યો હતો—

"મુંબઈ ગુ. જેશંકરને લખી જણાવવાનું કે શેઠ માણેકચંદ કપુરચંદ રૂપૈઆ બે લાખ શેઠ લક્ષ્મીદાસ ખીમજીવાળા મારફીટ ઉપર રખોપા ખાતામાંથી ધીરવા ભલામણ કરે છે પણ આ પેઢીના ધારાની કલમ ૪ પ્રમાણે મારફીટ ઉપર રૂપૈઆ ધીરવાને અમને સત્તા નથી. માટે તે પ્રમાણે તેમને ખબર આપશો."

આ બતાવે છે કે પેઢી પોતાનાં ધારાધોરણ અર્થાત્ બંધારણનું પાલન કરવામાં કેટલી સજાગ છે.

લોટરીમાં ભાગીદારી કરવાની ના :—

કયારેક સને ૧૯૦૪ની સાલમાં જુનાગઢના વગદાર ડૉ. ત્રીભોવનદાસ મોતીચંદ તરફથી જુનાગઢ રાજ્ય તરફથી એક લાખની લોટરી કાઢવાનું વિચારવામાં આવ્યું હતું. તે માટેની નક્કી કરેલી કમિટીમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ મૂકવાની ભલામણ કરવામાં આવી હતી. તે વાતનો પેઢીએ નીચેનો ઠરાવ કરી ચોખ્ખો ઇન્કાર કર્યો હતો—

"ડાક્તર સાહેબ ત્રીભોવનદાસ મોતીચંદના કાગળના જવાબમાં લખવાનું કે જિલ્લાના કાયદા પ્રમાણે લોટરી એ ગુન્હો છે માટે અમારું (શેઠ આ. ક. પેઢીનું) નામ મેમ્બર તરીકે દાખલ કરવું નહીં અને કર્યું હોય તો તે કાઢી નાખી રદ કરવું."

હુકમનામા બાબત વિચારણા :—

તા. ૧૩-૩-૧૯૦૭ના રોજ પેઢીની વ્યવસ્થાપક કમિટીએ નીચે મુજબ ઠરાવ કર્યો છે—

"રબારીકાના ખુમાણ દેવાઇત નાગભાઈ ઉપર આપણું રૂપૈઆ સત્તર હજારનું હુકમનામું થયેલું છે. અને તે ગામ ઉપર ભાવનગર દરબારની જપ્તી હતી તે ઉઠાવાથી આપણા હુકમનામાના રૂપૈઆ વસુલ કરવાને તજવીજ કરવાને પાલીટાણા જા. નં. ૨૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તા. ૧૧ માર્ચ સને ૧૯૦૭ના રોજ પત્ર આવ્યો છે. માટે આ કામ કરવા ભાવનગર શેઠ અમરસંગ જસરાજને ભલામણ કરવી અને તેમને એ સંબંધી સઘલી હકીકતથી વાકેફ કરવા. પાલીટાણાના મુનીમ અને છાપરિયાળીના મુનીમ બન્નેને ભાવનગર તેમની પાસે જવા પાલીટાણે લખવું."

લહેણું વસુલ કરવા બાબત :—

તા. ૧૦-૧૨-૧૯૦૭ના રોજ પેઢીની વ્યવસ્થાપક કમિટીએ નીચે મુજબ સવિસ્તર ઠરાવ કર્યો હતો—

"ચિરોડાના ગરાસીઆ પાસે આપણું લહેણું છે તેથી ગામ પુલઘુટ આપણા કબજામાં હતું તે સરકારના સરવેયર ખર્ચના રૂપૈઆ લહેણા હતા તેથી ગામ આપણા કબજામાંથી સરકારે લીધેલું. તે રૂપીઆ આપવા ગરાસીઆની મારફત દાજીભાઈ એ કબુલ કરેલા, તેથી ગામ તેમના કબજામાં સોંપેલું, પણ હાલ તે રૂપૈઆ આપવા કબુલ કરેલા, તેથી ગામનો કબજો ગોહીલવાડ પ્રાંતના મે. પોલીટીકલ એજન્ટ સાહેબે સોંપેલો તે બાબત ચોકના ગરાસીયા દાજીભાઈએ મહેરબાન એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબને અપીલ કરેલી છે. તેનો જવાબ આપવા સારૂ પાલીતાણાના મુનીમને શેરો બતાવ્યો છે તે બાબતનો પાલીતાણાથી જવાબ નંબર ૫૦ તા. ૮ ડીસેમ્બર ૧૯૦૭નો કાગળ આવ્યો છે. તેના જવાબમાં પાલીતાણે લખવું કે મુનીમને રૂબરૂ સમજૂત કર્યા પ્રમાણે રાજકોટના વકીલ ગોરધનદાસ પાસે અગર શેઠ મોતીચંદ ઓઘવજીની મારફત જવાબ ઘડાવવા ગુ. અંબાશંકરને રાજકોટ મોકલવા."

દાતાની ઇચ્છા મુજબ નાણાં વાપરવાની પ્રથા :—

ઉપરની બાબતનો ખ્યાલ આપે એવો ઠરાવ પેઢીની વહીવટદાર કમિટીએ તા. ૮-૫-૧૯૦૮ના રોજ કરેલ છે. જે જાણવા જેવો હોઈ અહીં નીચે આપવામાં આવે છે—

"વડોદરાવાલા બાઈ પરધાનબાઈ મોટી વીરચંદ કુલચંદની વિધવાએ રૂપૈઆ ૧૧૦૦/ અગીયારસે આપણી પાલીટાણાની પેઢીમાં એવી સરતથી મુકયા છે કે તે રૂપૈયાની સાડા ત્રણ ટકાના વ્યાજની નોટો લેવી, અને તેનું જે વ્યાજ આવે તેમાંથી રૂપૈઆ ૫૦૦/નું જ્ઞાનખાતામાં, રૂ. ૨૦૦/નું સાધુ-સાધ્વી ખાતામાં, રૂ. ૨૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતામાં અને રૂ. ૨૦૦/નું પખાલના દુધમાં એ રીતે રૂ. ૧૧૦૦/નું વ્યાજ વાપરવાને પાલીટાણાના રહીશ વોરા જીવણ ગણેશની હયાતી સુધી તેમણે ઉપર પ્રમાણેના ખાતામાં વાપરવાને વાસ્તે આપવા. અને તેમની હયાતી બાદ પાલીટાણા શેઠ આણંદજી કલ્યાણજીવાળાએ ઉપર લખ્યા પ્રમાણે વ્યાજની વ્યવસ્થા કરવી. ઉપર પ્રમાણે ચોપડામાં વિગતવાર નામું રાખવું, અને આ ઠરાવની એક નકલ બાઈ પરધાનબાઈને મોકલવી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઠરાવ પેઢીના વહીવટદારોની દરેક કામ અંગેની ચીવટનો ખ્યાલ આપે છે.

પેપર મંગાવવાની ટીકા :—

પેઢીની કાર્યવાહક સમિતીએ તા. ૪-૧-૧૯૦૮ના રોજ કરેલ ઠરાવ જાણવા જેવો હોઈ નીચે આપવામાં આવે છે—

પાલીટાણાના જા. નં. ૮૭ તા. ૨૭-૧૨-૧૯૦૭ના કાગળથી છાપરિયાળી અંતે જૈન પેપરના લવાજમના રૂ. ૪/ ઉધારેલા. તે કોની મંજૂરીથી ઉધાર્યા. તે બાબત ત્યાંના મુનીમનો ખુલાસો માગતા પાલીટાણાના માજી મુનીમના રૂબરૂના હુકમથી તે પેપર મંગાવવામાં આવે છે. આમ લખાઈ આવ્યું છે તેના જવાબમાં લખવું કે છાપરિયાળી અંતે જૈન પેપર મંગાવ્યું હોય તે ખરચ મજરે અપાશે નહિ. છતાં અપાયેલું આ વાર પાછું ન લેતાં હવેથી તેવું ખરચ અપાસે નહિ."

આ ઠરાવ એ દૃષ્ટિએ નોંધપાત્ર છે કે પૈસાની બાબતમાં જીણીજીણી બાબત પણ પેઢીના વહીવટદારોની નજર બહાર જતી ન હતી. તેનું સૂચન કરે છે.

કેટલાક જાણવા જેવા ઠરાવોનો સાર :—

હવે પૈસાની લેણ-દેણની બાબતમાં કરેલ કેટલાક ઠરાવો અક્ષરસહ ન આપતાં તેનો સાર આપવામાં આવે છે.

પાલનપુરના દિવાનની માંગણી અંગે :—

તા. ૧-૯-૧૮૮૨ના ઠરાવ ઉપરથી જાણવા મળે છે કે પાલનપુરના દિવાન હુસેન મહંમદખાંનજી અસમાખાંનજી પોતાના દાગીના પેઢીમાં ગીરો મુકીને એક લાખ રૂપિયાની માંગણી દર મહિને ત્રણ આનાના વ્યાજથી ચોકસી છોટાલાલ ત્રીકમલાલ મારફતથી કરી છે. તે ઉપરથી પેઢીએ નક્કી કર્યું કે સોનાનો ભાવ વધતો હોવાથી તે ઉપર વિચાર કરીને વધારો રાખવો.

લેણાની પતાવટ :—

તા. ૧૬-૧૦-૧૮૯૨ના તથા તા. ૨૭-૮-૧૮૯૩ના ઠરાવો ઉપરથી જાણવા મળે છે કે પાલીતાણાના મોદી નાગજી રંગનાથ અને મોદી મોતી રંગનાથનું ઘર ગીરો રાખીને એના ઉપર કંઈક રકમ ધીરવામાં આવી હતી. પણ તા. ૧૬-૧૦-૯૨ના રોજ એની પાસે ૪૮૦/ રૂ. લેણા બાકી રહેતા હતા. તેઓ ભરી શકે એમ ન હોવાથી એમને રાહત આપવા માટે, રૂ. ૩૫૦/ લઈને એ લેણું માંડી વાળવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. પણ એ રીતે પણ તેઓ પોતાનું દેવું ચુકવી શકયા નહીં. તથા તેમની સ્થિતિ પોતાની રકમ ભરી શકે તેમ ન હતી, તેથી નક્કી કરવામાં આવ્યું કે તેમની પાસેથી રૂ. ૨૦૦/

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા દર મહિને રૂ. ૩૦/ નવ હપ્તે રૂ. ૨૭૦/ લઈને આ લેણાની પતાવટ કરવી.

ખાતું સરભર કર્યું :—

તા. ૧૧-૧૦-૧૯૦૨ના પ્રોસીડીંગ ઉપરથી જાણી શકાય છે કે સાધારણ ખાતે રૂ. ૩૨૦૦/નું દેવું થઈ ગયું હતું તે તલાટી ખાતે ઉધારીને એ ખાતું સરભર કરવું.

દેવાદાર ઉપર દાવો કરવા બાબત :—

તા. ૨-૧૧-૧૯૦૮ના રોજ એ મતલબનો ઠરાવ કરવામાં આવ્યો કે જે જે વ્યક્તિઓ પાસેના લેણાની મુદત વીતી જતી હોય એમની સામે દાવાઓ દાખલ કરવા.

લેણા અંગે સમજુતિ :—

સાદરી ખાતેના જોધપુર ગામના રહીશ શા. હરખચંદ માણેકચંદ પાસે રૂ. ૨૭૨ લેણા રહેલા તે અંગે કોર્ટનું હુકમનામું પણ થયેલું છે. પણ આ હુકમનામાની બજવણી પહેલાં તેમને એવી તક આપવામાં આવી કે આ રકમ તેઓ બે વર્ષના ગાળામાં દેરાસરનાં કામોમાં વાપરી નાંખે અથવા તો એ રકમ બે વર્ષ સુધીમાં રોકડી ભરી દે તો એ હુકમનામાની બજવણી મોકુફ રાખવી એવું તા. ૨-૧-૧૯૧૦ના રોજ ઠરાવવામાં આવ્યું હતું.

રકમ રોકવા બાબત :—

તા. ૨૦-૧-૧૯૧૪ના રોજ એમ ઠરાવવામાં આવ્યું હતું કે અમદાવાદની માંડવીની પોળની અંદર આવેલ નાગજી ભુદરના શ્રી શાન્તિનાથજી ભગવાન તથા શ્રી સંભવનાથ ભગવાન એમ બે દેરાસરો ખાતે રૂ. ૧૩,૦૦૦/ આપેલા છે. તે સાડા ત્રણ ટકાવાળી પ્રોમીસરી નોટોમાં રોકવાનું અને તેનું વ્યાજ મજકુર દેરાસરમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું.

લેણા અંગે સમાધાન :—

તા. ૧૪-૧૦-૧૯૧૫ના ઠરાવ મુજબ એમ નક્કી કરવામાં આવ્યું હતું કે સાદડીના શા. પુનમચંદ તેજપાલ પાસે રૂ. ૩૩૩/નું લેણું રહે છે તે રૂ. ૧૮૧/ લઈ માંડી વાળવું એવું સમાધાન કરવામાં આવ્યું હતું.

રોકાણ અંગે નિર્ણય :—

અમદાવાદના ડહેલાના ઉપાશ્રયની રૂ. ૧૨,૦૦૦/ની રકમ અમદાવાદની જહાંગીર મીલમાં આઠ આના વ્યાજે મુકવાની મંજૂરી આપવામાં આવે છે, આ ઉપરથી જોઈ શકાય છે કે પૈસા કયાં રોકવા એ વિષયમાં પણ પેઢીની સલાહ લેવામાં આવતી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વકીલ ઉપર દાવો કરવાનો ઠરાવ :—

તા. ૭-૯-૧૯૨૧ના ઠરાવ મુજબ અમદાવાદના વકીલ શ્રી કૃષ્ણલાલ નરસીંહલાલ દેસાઈને એમની સ્થાવર મિલકત, ઘર, ડહેલું, બંગલો અને છૂટી જમીન ઉપર સવા લાખ રૂપિયા નવ ટકાના વ્યાજે ધીરવામાં આવ્યા હતા. પરંતુ એ ગીરો દસ્તાવેજની રૂઇએ પણ વ્યાજ અને મુદ્દલની રકમ તેઓએ ન ભરી, એટલે તા. ૧૭-૫-૧૯૨૩ના રોજ એમના ઉપર દાવો કરવાનું ઠરાવ્યું.

લેણા અંગેની સમજુતિ :—

તા. ૧૫-૯-૧૯૨૨ના ઠરાવ ઉપરથી જાણી શકાય છે કે સાદડીના શા. અગરચંદ ધુલાજી પાસે રૂ. ૨૦૨ લેણું હતું તે રૂ. ૧૮૧/ લઈને માંડી વાળવું. એવી સમજુતિ થઈ હતી.

રૂપિયાનું ધીરાણ :—

તા. ૧૩-૧૦-૧૯૨૭ના રોજ એમ ઠરાવવામાં આવ્યું હતું કે અમદાવાદના શા. ચીમનલાલ મોહનલાલ ફોજદાર વગેરેએ એવી માંગણી કરી હતી કે અમદાવાદમાં, ખાડીયા-ગોલવાડ, રઘા સુતારીયાની પોળમાં આવેલ દેરાસરની બે ઓરડી જીર્ણ થઈ ગઈ છે. તેને નવી બનાવવા માટે રૂ. બાર હજાર વગર વ્યાજે ધીરવા. આ માગણીના આધારે રૂ. દસ હજાર ચાર ટકાના વ્યાજે આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

રકમ ટ્રાન્સફર કરવા બાબત :—

તા. ૩૦-૧-૧૯૩૦નો એક ઠરાવ કહે છે કે અમદાવાદની કોઠારી પોળમાં આવેલ વાઘણપોળના શ્રી શાન્તીનાથ ભગવાનના દેરાસરનાં રૂ. ૮૦૦૦/ની નોટો શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ તથા શેઠ શ્રી માણેકલાલ મનસુખલાલ તથા શેઠ શ્રી અમરતલાલ કાલીદાસ તથા સત્યવાદી શીવલાલ હરિલાલ આચારના નામ ઉપર ટ્રાન્સફર કરાવવી. આ રકમ શ્રી અમૃતલાલ કાળીદાસ તરફથી આવી હતી.

લેણાની માંડવાળ :—

તા. ૨૨-૯-૧૯૩૧ના એક ઠરાવ ઉપરથી જાણી શકાય છે કે મોદી મણીલાલ મગનલાલ તથા એમના ભાઈ ચીમનલાલ મગનલાલ એ બન્નેની સ્થિતિ દેવું ભરપાઈ કરી શકે એવી ન હતી. તેથી તેમની પાસે લેણા પડતા રૂ. ૨૬૬૦/ સાધારણ ખાતે માંડી વાળવાનું ઠરાવવામાં આવ્યું હતું

લેણું માંડી વાળ્યું :—

તા. ૨૫-૫-૧૯૪૦ના એક ઠરાવ ઉપરથી જાણી શકાય છે કે સાદડીની પેઢીના ઠેકેદાર શ્રી બદરુદીન અબદુલગની પાસે પેઢીના રૂ. ૨૩૦૦/ બાકી રહેતા હતા તે રકમ જીર્ણોદ્ધાર ખાતે માંડી વાળવાનું ઠરાવવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેરો કમી કરવા બાબત :—

તા. ૧૫-૮-૧૯૪૦ના એક ઠરાવ ઉપરથી જાણવા મળે છે કે શા. વાડીલાલ લલ્લુભાઈની વિધવા બાઈરતે કરેલ વીલ અનુસાર પરસોત્તમ મીલના ૪ શેરો ૪૦૦૦/ની કિંમતના પેઢીને મળે છે. પણ આ મીલ ફડચામાં ગયેલી હોવાથી એ નાણાં મળી શકે તેમ નથી એટલા માટે એ શેરો કમી કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

રકમ માંડી વાળવા બાબત :—

તા. ૧૧-૧-૧૯૪૧ નો એક ઠરાવ કહે છે કે સાદડી પાસે આવેલા માદા ગામના પુરોહીત ઠાકોર નવલાલાલ સરદારસીંગ પાસેથી માલ લીધો. તેની કિંમતના રૂ. ૧૧૯/ બાદ કરતાં બાકી રહેલી ૭૭૩-૧૧-૬ની રકમ માંડી વાળવાનું ઠરાવવામાં આવ્યું હતું.

લેણું માંડી વાળવા બાબત :—

તા. ૧-૫-૧૯૪૨ નો એક ઠરાવ કહે છે કે લાઠીના મહાજન સમસ્ત છાપરિયાળી પાંજરાપોળના રૂ. ૧૨૨/ દેવા થતા હતા તે માંડી વાળવાનું ઠરાવ્યું હતું.

કીમતી વસ્તુઓની સાચવણી :—

કયારેક ભાવિકજનો ભગવાન પ્રત્યે ભક્તિથી પ્રેરાઈને સોના-ચાંદીના અને અવેરાતથી જડેલાં પણ આભૂષણો પ્રભુજીના ચરણે ધરતા રહે છે. જ્યારે આવી કીમતી વસ્તુઓ જિનમંદિરમાં ભેટ ધરવામાં આવતી હોય ત્યારે હંમેશને માટે તે બરાબર સચવાઈ રહે તેવી ગોઠવણ કરવી જરૂરી ગણાય. આ માટે ભેટ ધરવામાં આવેલી આવી કીમતી વસ્તુઓની વિગતો સાથે નોંધણી કરવાનો શિરસ્તો રાખવામાં આવેલો છે કીમતી ચીજ વસ્તુઓ સ્ટ્રોંગરૂમમાં રખાય છે તે માટે પણ એવો શીરસ્તો છે કે આ સ્ટ્રોંગરૂમ ખોલતી વખતે બે ટ્રસ્ટીશ્રીઓ, મેનેજર, જનરલ મેનેજર, દાગીના કારકુન, મુનીમ અને ચોકીદારની હાજરીમાં તે ખોલી અને બંધ કરવામાં આવે છે અને તે મતલબનું પ્રોસીડીંગ્સ ચોપડામાં કરી તેમાં ઉપર લખ્યા ટ્રસ્ટીઓ તથા અધિકારીઓની સહીઓ લેવામાં આવે છે.

અંતે :—

હવે મને લાગે છે કે નાણાંની સાચવણી માટે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને કેટલું જાગૃત રહેવું પડયું હતું અને કેવા કેવા અટપટા નિર્ણયો લેવા પડતા હતા તેનું પૂરેપૂરું શબ્દચિત્ર ઉપર આપેલ અનેક પ્રકારની માહિતી ઉપરથી જીજ્ઞાસુઓને મળી આવે તેમ છે. તેથી આ બાબત અંગે વધુ દાખલા આપવાને બદલે આ પ્રકરણ અહીં જ પૂરું કરીએ એ ઉચિત લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫

ચતુર્વિધ સંઘની ભક્તિ તથા અનુકંપાન

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસમાં પહેલા ભાગનાં ત્રીજા પ્રકરણ (પૃ. ૧૩)ના બીજા પેરેગ્રાફમાં મેં આ પ્રમાણે નોંધ્યું છે—

"તીર્થંકર ભગવાન જે તીર્થની સ્થાપના કરે છે અને જે તીર્થને નમસ્કાર કરે છે તે, સ્થાવર નહીં પણ જંગમ એટલે કે ચેતન તીર્થ છે, અને તેને ભાવતીર્થ પણ કહેવામાં આવે છે. ધર્મની પ્રરૂપણા માનવીના કલ્યાણ માટે કરવામાં આવે છે; અને ધર્મનો લાભ મેળવીને પોતાના જીવનને દોષમુક્ત, નિર્મળ અને પવિત્ર કરવાનો પુરુષાર્થ કરનાર માનવી તીર્થના જેવો આદરણીય છે, એ એની પાછળનો ભાવ છે. તેથી જ તીર્થંકર ભગવાન પોતાના ધર્મસંઘના અંગ-રુપ અને મોક્ષમાર્ગી ધર્મનું અનુસરણ કરનાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને તીર્થ તરીકેનું ગૌરવ આપે છે, અને એને નમસ્કાર કરે છે. પોતાના ધર્મસંઘના અંગરૂપ સાધકોને આવું ગૌરવ આપવાની જૈનધર્મની આ પ્રણાલિકામાં વિરલ અને જૈન સંસ્કૃતિની આગવી વિશેષતા કહી શકાય એવી છે; બીજા કોઈ ધર્મે પોતાના અનુયાયીઓને તીર્થ તરીકે બિરદાવવાની આવી પ્રણાલિકા કાયમ કરી હોય એમ જાણવા મળતું નથી. નીતિશાસ્ત્રકારોએ "સાધુ-સંતોનું દર્શન પુણ્યકારક છે, કેમ કે સાધુ-સંતો એ તીર્થ સ્વરૂપ છે." એમ જે કહ્યું છે, એનો ભાવ પણ જૈનધર્મની જંગમ તીર્થની ભાવનાને પુષ્ટ કરે એવો જ છે."

જંગમતીર્થરૂપ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેનું સ્થાન જૈન પરંપરાના રક્ષણની દૃષ્ટિએ અને સંવર્ધનની દૃષ્ટિએ શરીરની કરોડરજ્જુ જેવું મહત્ત્વનું છે. સંઘરુપ શરીરની સાચવણીમાં એ અતિ અગત્યની કામગીરી બજાવે છે. આ ચતુર્વિધ સંઘનું આટલું બધું મહત્ત્વ હોવાથી તીર્થંકર દેવ પણ એને માટે 'નમો તિત્થસ' શબ્દનું ઉચ્ચારણ કરી એને નમસ્કાર કરે છે તે જૈન સંઘમાં સુવિદિત છે.

વળી આ ચતુર્વિધ સંઘનું જૈન પરંપરામાં આટલું બધું મહત્ત્વ હોવાથી જે સાત ક્ષેત્રોમાં એ ચારેને પણ દાખલ કરવામાં આવ્યાં છે, અને એ રીતે જંગમતીર્થરૂપ આ ચતુર્વિધસંઘની રક્ષાને ધર્મકૃત્ય લેખવામાં આવ્યું છે.

આટલા માટે જ પેઢીના વિશાળ કાર્યક્ષેત્રમાં ચતુર્વિધ સંઘની સેવાભક્તિનો સમાવેશ કરવામાં આવ્યો છે જેની કેટલીક વિગત નીચે મુજબ છે.

સાધુ-સાધ્વીઓની સેવાભક્તિ :—

એ વાત સૌ કોઈ જાણે છે કે, જૈન શાસનમાં ત્યાગ-વૈરાગ્ય-સંયમ અને તપનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહિમા સર્વોપરી સ્થાને બિરાજે છે અને આ ત્યાગ-વૈરાગ્ય વગેરેની આરાધના જેટલા પ્રમાણમાં સાધુ-સાધ્વીઓ કરી શકે છે તેટલા પ્રમાણમાં ગૃહસ્થવર્ગ કરી શકતો નથી. એટલે એમની સેવાભક્તિ કરવી એ સંયમ-માર્ગની ઉપબૃહણા કરવા બરોબર છે. તેથી પેઢી તરફની એમની સંયમની આરાધનામાં ઉપયોગી થાય એવાં ઉપકરણો-બાસ કરીને પાતરાંની જોડ, તરપણી વગેરે-સમયે સમયે અમદાવાદ તથા પાલીતાણામાં પેઢીની શાખા-માંથી સારા પ્રમાણમાં આપવામાં આવે છે. અને એને રંગવાનાં સાધનો પણ પૂરાં પાડવામાં આવે છે. આ ઉપરાંત કોઈને અકસ્માત, દવા-ઔષધિની કે બીજી કોઈ જાતની સહાયની જરૂર પડે તો તે માટે પણ પેઢી હંમેશાં તત્પર રહે છે. એટલું જ નહિ, પણ સાધુસાધ્વીઓ વગેરેના જ્ઞાનાભ્યાસ અંગે પાઠશાળાઓ ચલાવવામાં પણ પેઢી પૂરતું લક્ષ્ય આપે છે તે નીચેના દાખલા પરથી જાણી શકાશે.

— સને ૧૮૯૩માં સાધુ-સાધ્વીઓને માટે પાટો નંગ ૩૦, ૩૫, પાટલા નંગ ૩૫ અને ઘડામાંચીઓ નંગ ૫૦ તાકીદે તૈયાર કરાવી પાલીતાણે મોકલવા તથા ભાવ-નગરની દુકાને લખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૧માં પાલીતાણાની માંગણી અનુસાર શાસ્ત્રી રાખી શાળા ચલાવે તો બાર માસ સુધી દર માસના રૂ. ૧૫ સાધુ-સાધ્વી ખાતે લખી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૪માં ઝવેરીવાડમાં પાટીઆના અપાસરામાં સાધ્વીજી મહારાજને તેમના પેટમાં મોટી ગાંઠ કઢાવવાને સારુ ડોકટરીની ફી તથા બીજું ખર્ચ રૂ. ૬૦૦/૭૦૦ આપવા ઝવેરી બાપાલાલ નહાલચંદ તથા ઝવેરી ડાહ્યાભાઈ કપુરચંદની માંગણી મંજૂર કરવામાં આવી હતી.

— સને ૧૯૧૭માં પૂ. પન્યાસજી શ્રી કમલવિજયજી ગણી મહારાજને ત્યાં દરરોજ પાંચ કલાક અભ્યાસ કરાવનાર શાસ્ત્રીને દર માસે રૂ. ૨૫/ છ માસ સુધી આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૭માં અમદાવાદની માંડવીની પોળમાં નાગજી ભૂધરના રહીશ શા. બાલાભાઈ કક્કાભાઈની અરજી પરથી સાધ્વીજી મહારાજના અભ્યાસ કરાવવા માટે રૂ. ૬૦/ દર માસે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૧૯માં પાલીતાણા સાધુ-સાધ્વીઓને માટે પાટો નંગ ૫૦ તથા પાટલા ૧૫ તથા ઘડામાંચી ૨૫ રૂ. ૫૦ સુધીના ખર્ચમાં કરાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૨૧માં પાલીતાણામાં રહેતાં સાધ્વીજી મહારાજોને ગુજરાતી તથા ધાર્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણાવવાને માટે શિક્ષકોનો માસિક ખર્ચ રૂ. ૧૩૦/ તથા ચાર માસ માટે રૂ. ૭૫/ પુસ્તકો, સ્લેટ વગેરે આપવામાં સાધુ-સાધ્વીઓ ખાતે લખીને ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૦માં સાધુ-સાધ્વીઓને ભણાવવા ફતાસાની પોળમાં આવેલી જૈન પાઠશાળાને વાર્ષિક રૂ. ૩૦૦/નું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું તથા પ. પૂ. મુનિરાજ શ્રી કપુરવિજયજી મહારાજે સ્થાપેલ શ્રીપુણ્યવિજયજી પાઠશાળામાં મદદ તરીકે રૂ. ૫૦/ આપવાની મંજૂરી કરવામાં આવી હતી.

શ્રાવક-શ્રાવિકાને સહાય :—

પેઢી હસ્તકનાં ફંડોમાં એક ફંડરૂપે શ્રાવક-શ્રાવિકા સહાયક ફંડનો પણ સમાવેશ થાય છે. આ ફંડમાંથી દર વર્ષે, વર્ષમાં એક વાર સાધારણ સ્થિતિવાળા તથા જરૂરિયાતવાળાં શ્રાવક-શ્રાવિકાઓને વધુમાં વધુ રૂ. ૧૦૦ અથવા તેથી ઓછી રકમની સહાય આપવામાં આવે છે. સામાન્યપણે રૂ. ૧૦૦ સુધી અને ખાસ કારણે તેથી વધુ રકમ પણ આપવામાં આવે છે. ઘણાંખરાં ભાઈઓ, બહેનો માટે આ યોજના રાહતરૂપ અથવા આશીર્વાદરૂપ બની રહે છે એ કહેવાની જરૂર નથી, આ અંગે કેટલાક દાખલા જોઈએ.

— સને ૧૯૦૦માં શ્રાવક-શ્રાવિકા ખાતે રૂ. ૨૦૦/ લલ્લુભાઈ ધનજીભાઈને ગામડામાં સીદાતા શ્રાવકોને આપવા સારુ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૦૨માં શ્રાવક-શ્રાવિકા ખાતામાંથી રૂ. ૧૦૦૦/ શા. ઘેલસા હકમચંદને સીદાતા શ્રાવક-શ્રાવિકામાં વહેંચવા સારુ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૦૨માં મહુવા અને તેની આજુબાજુનાં ગામોનાં ગરીબ શ્રાવક અને શ્રાવિકાને દુકાળના સબબથી મદદ આપવાને સારુ રૂ. ૫૦૦/ની હુંડી ભાવનગર મહુવા પાસે પદમા તારાચંદ તથા શેઠ દેવચંદભાઈ પરમાનંદના ઉપર મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૦૫માં કાઠિયાવાડમાં સાયણ ગામે મોરવાડમાં શા. રાયચંદ દેવચંદ રૂબરૂ હાજર થઈ વેપાર અર્થે મદદ માંગે છે તે બાબત શેઠ વાડીલાલ વખતચંદ અને શા. હરિલાલ મંછારામને તે એવી ખાતરી આપે છે કે વેપાર કરશે અને તેથી તેમના કુટુંબનો નિર્વાહ થશે તેથી શેઠ વાડીલાલ અને હરિલાલની ચિઠ્ઠી આવેથી રૂપિયા એકસો સુધી શ્રાવક-શ્રાવિકા ખાતે ઉધારીને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૦૯માં વીરમગામ તાબાના સીતાપુરના ચુનીલાલ મગનલાલને ગરીબ સ્થિતિ હોવાથી રૂ. ૫૦/નો મનીઓર્ડર કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૦૯માં પાલીતાણાનાં રહીશ ભાઈ અંબા શા. જુઠા અમરશીની વિધવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવક-શ્રાવિકાના ખાતામાંથી રૂ. ૨/ દર મહિને મદદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૧માં ભાવનગરના શા. કુંવરજી આણંદજીએ તે તરફનાં ૯૮ ગામનાં ૫૬૦ ઘરને મદદ આપવા લાયક બતાવ્યાં તેમને મદદ તરીકે રૂ. ૫૦૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૧માં શ્રાવક-શ્રાવિકા ખાતે રૂ. ૫૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા.

— સને ૧૯૧૨માં ધંધુકા તાલુકામાં સીદાતા જૈનોને મદદ કરવા રૂ. ૩૭૫ વકીલ ડાહ્યાભાઈ પ્રેમચંદને આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૨માં દુષ્કાળ અંગે સીદાતાં શ્રાવક-શ્રાવિકાને મદદ આપવાને સારુ રૂ. ૧૦૦૦/ પાલણપુરથી મારવાડ-મેવાડ માટે મંજૂર થયા, રૂ. ૫૦૦૦/ પાટણ, રાધનપુર, વીરમગામ તથા ભાવનગર–શેઠ કુંવરજી આણંદજીએ આપેલાં ગામો સિવાયના કાઠિયાવાડના ભાગોને, રૂ. ૫૦૦૦/ બીજાં પરચુરણ ગામોને સારુ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૨માં રૂ. ૩૦૦૦/ સીદાતા શ્વેતાંબર જૈનોને મદદ કરવાને સારુ શા. કુંવરજી આણંદજીને મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૩માં કાઠિયાવાડમાં થયેલી અતિવૃષ્ટિને કારણે કેટલાંક ગામને ભારે નુકસાન થયું છે. તે માટે તેવા ગામમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક લોકોને મદદ માટે શ્રાવક-શ્રાવિકા ખાતામાંથી રૂ. ૧૦,૦૦૦ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૧૩માં ચુણેલના શાહ સામલદાસ ભુરાભાઈએ ચુણેલની આસપાસના વિસ્તારમાં શ્રાવકોને સહાય કરવા માટે રૂ. ૧૦૦૦ની મદદની કરેલ માંગણી મંજૂર કરવામાં આવી હતી.

— સને ૧૯૧૩માં પાલીતાણાના માજી કિલ્લેદારના દીકરાની વિધવા તથા દીકરાના દીકરાની વિધવાને તા. ૧-૧-૧૪થી શ્રાવક-શ્રાવિકા ખાતે લખીને રૂ. ૫/ બાર માસ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૪માં પ્લેગમાં ગુજરી ગયેલા અમથાલાલ કરમચંદની વિધવાને નાના દીકરાને ભણાવવા માટે દર માસે રૂ. ૫/ એક વર્ષ સુધી શ્રાવક-શ્રાવિકા ખાતેથી આપવા અને પ્લેગમાં નોકરી બજાવી છે તે માટે રૂ. ૧૫ એલાઉન્સ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૬માં સાવરકુંડલાના રહીશ ખાખરા નથુ કમલશીને શ્રાવક-શ્રાવિકા ખાતે લખી રૂ. ૧૦/ મદદ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— સને ૧૯૧૬ માં રાજકોટ મનુષ્ય સંકટ નિવારણ કમિટી તરફથી રૂ. ૪૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતે લખી ફક્ત શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવકોને મદદ તરીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૬ માં વગાડ ગામમાં દુષ્કાળથી પીડાતા ગરીબ શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવકોને માટે રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૮ માં દુકાળ અને મોંઘવારી હોવાથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઈ-ઓને મદદ આપવાને માટે શ્રાવક-શ્રાવિકા ખાતામાંથી રૂ. ૫૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૮ માં રાજકોટમાં નહાનાલાલ દ. કવિના પ્રમુખપણા નીચે રચાયેલ મનુષ્ય સંકટ નિવારણ ફંડની કમિટીને રૂ. ૪૦૦/ સીદાતા શ્રાવકોને મદદ આપવા માટે આપવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૯ માં મોંઘવારી સખત હોવાથી કલાણાના સા. નેમચંદ કચરાને શ્રાવક-શ્રાવિકા ખાતે લખી રૂ. ૨૫/ આપવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૯ માં રાણપુરના શા. વીઠલ સવચંદને મોંઘવારી હોવાના કારણે શ્રાવક-શ્રાવિકા ખાતે લખી રૂ. ૨૫/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૧૯ માં જામનગર અને એની આજુબાજુનાં ગામોના નિરાશ્રિત શ્રાવકોને મદદ આપવા રૂ. ૨૦૦૦/ની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૨૦ માં ગાધકડાના મહેતા દેવચંદનો આણંદજી કુંવરજી ગરીબ હોવાથી યોગ્ય મદદ આપવાની ભલામણનો ઠરાવ કર્યો ત્યા સુંદરજી કુંવરજીને દર માસે રૂ. ૧૫/ની ૬ માસ સુધી શ્રાવક-શ્રાવિકા ખાતે લખીને મદદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૦ માં પાલેજ અને એની આસપાસના ગરીબ સ્થિતિના શ્રાવકોને મદદ આપવા સારુ રૂ. ૧૫૦/ શેઠ ચુનીલાલ રાયચંદને મોકલવા મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૨૦ માં ગાધકડાવાળા માવજીભાઈનાં બેનના છોકરાને દર માસે રૂ. ૮/ એક વરસ સુધી શ્રાવક-શ્રાવિકા ખાતે લખી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૦ માં માંડલ અને તેની આસપાસના ગરીબ શ્વેતાંબર શ્રાવક ભાઈઓને મદદ કરવાને રૂ. ૨૦૦/ વોરા કરશનભાઈ લક્ષ્મીચંદને હસ્તે આપવાનું નક્કી કર-વામાં આવ્યું હતું.

— સને ૧૯૨૨ માં ધરમસી પરષોત્તમ પોતે અંધ છે અને બાપદાદાથી પેઢીમાં નોકરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલ છે તે મદદ આપવા લાયક છે માટે તેને એનાં બાળકો મોટાં થાય ત્યાં સુધી રૂ. ૧૦/ દર માસે શ્રાવક-શ્રાવિકા ખાતે લખીને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૨ માં દેવગામના રહીશ શા. વાલજી કાનજી તથા તેની સ્ત્રી તથા દીકરો ત્રણે આંધળાં હોવાથી તેમને દર માસે રૂ. ૮/ની મદદ આપવામાં આવતી હતી પણ તે ગુજરી ગયા પછી પણ તેવી રીતે મા તથા દીકરો આંધળાં હોવાથી દર માસે રૂ. ૮/ મદદ તરીકે અપાતા તે ચાલુ રાખવા એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૩ માં જામનગર તાબેનાં ૬૪ ગામ ગઈ સાલ વરસાદ ન આવ્યો હોવાથી દુકાળને લઈને દુઃખી થાય છે તો એમને મદદ મોકલવા માટે રાયચંદ ધરમસીના પત્ર ઉપરથી રૂ. ૫૦૦૦/ મદદ તરીકે મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— ૧૯૨૫ માં ખંભાતના અંધ શા. ગાંડાભાઈ પોપટચંદને મદદરૂપે રૂ. ૧૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— કચારેક ભાવનગર-પીંગળીના રહીશ શા. બાઉચંદ પ્રાગજીની મદદ મેળવવાની અરજી થઈ. અરજદારની સ્થિતિ જોઈને તેમને રૂ. ૮/ દર માસે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૨૫ માં દેત્રોજ (વિરમગામ)નાં બે બાળકો રતિલાલ અને જંતુલાલ પ્રભુદાસને રૂ. ૬૦/ મદદના આપવાનું અને એની ફોઈને માસિક ૫/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૭ માં કુદરતી હોનારતના ભોગ બનેલ દુઃખી થયેલ શ્રાવક ભાઈઓને મદદ આપવા શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ અને વકીલ કેશવલાલભાઈ પ્રેમચંદની કમિટીની નિમણૂક કરવામાં આવી હતી.

— સને ૧૯૨૭ માં હાલમાં ગુજરાત કાઠિયાવાડમાં વાવાઝોડા અને વરસાદની હોનારતમાં ગરીબ ગુરબાં શ્રાવકોને મદદની જરૂર હોવાથી નિરાધાર લોકોને મદદ આપવા રૂ. ૨૫,૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૨૮ માં નરોત્તમદાસ જમનાદાસને સભ કમિટીએ રૂબરૂ બોલાવી મદદ આપવા લાયક જણાય તો શા. છગનલાલ ઝવેરચંદ ફંડ જેમાંથી દશા શ્રીમાળી શ્રાવકોને મદદ આપવાની રકમ છે તેમાંથી રૂ. ૧૭૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૨ માં સરલાદેવીએ વીરજી બગડીયાના અભ્યાસ અર્થે આર્થિક મદદની કરેલી માંગણી પ્રમાણે એમને રૂ. ૧૦/ દર માસે બાર માસ સુધી આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— કચારેક પાલીતાણાના કારખાનાના શ્રી ચોપટલાલ હરજીવનની વિધવાને દયાની ખાતર રૂ. ૧૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૩ માં શ્રીવટવા જૈન આશ્રમને અપંગોના ભોજનખર્ચને માટે એક વર્ષ માટે રૂ. ૩૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતામાંથી આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૯ માં શ્રાવિકા ઉદ્યોગ શાળાને માસિક રૂ. ૧૫/ છ માસ સુધી પાંચમી કોન્ફરન્સ વખતે મહિલા પરિષદમાં થયેલ ફંડ ખાતે ઉધારીને આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૪૧ માં પાલીતાણામાં સખત વરસાદ થવાથી શ્વેતાંબર જૈનોને તાત્કાલિક મદદ કરવા માટે રૂ. ૫૫૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૫૬ના દુકાળના વખતમાં શ્રાવક-શ્રાવિકા ખાતે જમે રકમમાંથી તેત્રીસ હજાર રૂપિયા મોટાં શહેરો સિવાય ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વગેરે ઠેકાણાના સીદાતા શ્રાવકોમાં વાપરવા માટે ચાર સભ્યોની કમિટી નીમવામાં આવી હતી. (૧) શ્રી હીરાચંદ પીતાંબરદાસ (૨) શ્રી હઠીસિંગ રાયચંદ (૩) શ્રી વાડીલાલ વખતચંદ (૪) શ્રી કસ્તૂરભાઈ પ્રેમચંદ.

વિદ્યાવૃદ્ધિ માટે સ્કોલરશીપ તથા સહાય :—

છેલ્લાં આશરે સોએક વર્ષથી, એટલે સને ૧૮૯૯ની સાલથી શાળા અને કોલેજોમાં વ્યાવહારિક તથા ધાર્મિક શિક્ષણ લેતાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજનાં છોકરા-છોકરીઓને વાર્ષિક અમુક રકમની સ્કોલરશીપ આપવાની પ્રથા પણ શરૂ કરવામાં આવી છે. સ્કોલરશીપ તરીકે આપવામાં આવતી રકમ વર્ષમાં વધુમાં વધુ બે ટર્મની થઈને ૧૦૦ +૧૦૦ મળીને ૨૦૦ રૂ. સુધી અથવા ફીનું પ્રમાણ ઓછું હોય તો તેથી ઓછી રકમની સ્કોલરશીપ બે ટુકડે આપવામાં આવે છે અને આનો લાભ સેંકડો વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને દર વર્ષે મળતો રહે છે.

આના અનુસંધાનમાં નીચેના દાખલા જાણવા જેવા છે.

— સને ૧૮૯૬ માં જૈન કન્યાશાળામાં મદદ રૂ. ૩૦/ શ્રાવક-શ્રાવિકા ખાતે લખી આપવા તથા કન્યાશાળા પાસેનું રહેલું ખાલી થાય એટલે કન્યાશાળાના ઉપયોગમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૬ માં પંડિત રવિદત્ત જે સાધ્વીજી સાહેબ શ્રી દાનશ્રીજી તથા માણેકશ્રીજીને ભણાવે છે તેમને બીજા ત્રણ માસ માટે વધારી આપી નોકરીમાં ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— સને ૧૯૨૪માં વિદ્યાર્થી શાંતિલાલ ખેમચંદને એક વર્ષ સુધી દર માસે રૂ. ૫/ શ્રાવક-શ્રાવિકા ખાતે ઉધારીને આપવાનું નક્કી કર્યું હતું.

— સને ૧૯૨૮માં પાલીતાણાના શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં અભ્યાસ કરનાર શ્રી તલકચંદ માવજીભાઈની આગળના અભ્યાસની સહાય માટે રૂ. ૬૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૨૮માં સાંગલી વેલિંગ્ટન કૉલેજમાં અર્ધ-માગધી અને જૈન સાહિત્યનો અભ્યાસ કરતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોમના વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ માટે રૂ. ૬૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૨૮માં ભાવનગર દાદા સાહેબની બોર્ડિંગમાં રહેતા હરખચંદ ભાવચંદની પોતાના બાપ અંધ છે અને તે પોતે મેટ્રીકમાં અભ્યાસ કરે તો સ્કૉલરશીપ આપવા અરજી કરી છે તેના જવાબમાં ઠરાવવામાં આવ્યું કે હરખચંદને બાર માસ સુધી માસિક રૂ. ૬/ જો તે દશા શ્રીમાળી હોય તો શા. છગનલાલ ઝવેરચંદના ફંડમાંથી અને ન હોય તો શ્રાવક-શ્રાવિકાના ફંડમાંથી રૂ. ૬/ સ્કૉલરશીપ તરીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૯માં રૂ. ૩૦૦૦/ અગર તેટલી રકમની સીકયોરીટી પેઢીના એક વહીવટદાર ટ્રસ્ટી વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી પાસેથી મંગાવી લઈ શેઠ ચુનીલાલ વહાલચંદના ટ્રસ્ટ ફંડ ખાતે જમે કરી તેનું વ્યાજ આવે તે રકમ વીશા શ્રીમાળી વિદ્યાર્થીઓની શારીરિક કેળવણીમાં વાપરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૯માં મહુવાના હરખચંદ ભાવચંદને તેઓ દશા શ્રીમાળી જૈન હોવાથી કૉલેજની બે ટર્મ જેટલી ફીના રૂપિયા છગનલાલ ઝવેરચંદના ફંડમાંથી આપવા મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૦માં માલેગામના વિદ્યાર્થી રમણલાલ ગુલાબચંદને એણે કરેલી અરજી ઉપરથી રૂ. ૫/ દર માસે મદદ રૂપે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૦માં સાંગલી વેલિંગ્ટન કૉલેજના પ્રિન્સીપાલના પત્ર અનુસાર અર્ધમાગધી ભણનાર વિદ્યાર્થીઓને રૂ. ૧૦૮૦/ સ્કૉલરશીપ તરીકે મંજૂર કરવામાં આવી હતી. કૉલેજે જનરલ મદદની માગણી કરી, પણ સંસ્થાના બંધારણ પ્રમાણે આપી શકાય નહીં એમ જણાવવા સૂચન કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૧માં જુદાં જુદાં ગામોએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મદદ સંબંધી માગણીઓ પરથી ઠરાવવામાં આવ્યું હતું કે આ વખત માટે જે તે વિદ્યાર્થીઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદદ આપવામાં આવે છે તે માટે રૂ. ૧૦૦૦/ શ્રાવક શ્રાવિકા ખાતામાંથી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૫માં સ્કોલરશીપ માટે રૂ. ૩૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતે લખી આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૬માં રૂ. ૧૫૦૦/ વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવા માટે શ્રાવક-શ્રાવિકા ખાતેથી આપવા મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૬માં વડોદરાના મી. સારાભાઈ નવાબને માસિક રૂ. ૫૦/ સ્કોલરશીપ મંજૂર કરવામાં આવી હતી.

— સને ૧૯૩૮માં જામનગરની આસપાસના વિસ્તારમાં પાંચ પાઠશાળા ખોલવાના રૂ. ૩૦૦/ એક વર્ષ માટે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૩૯માં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવક વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લોન આપવા માટે રૂ. ૧૫૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતેથી આપવાના મંજૂર કરવામાં આવ્યા હતા અને વધારાના અપાયેલ રૂ. ૧૧૫/ પણ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૪૦માં અમદાવાદ ઘુસા પારેખની પોળમાં ચાલતી શ્રાવિકા શાળાને રૂ. ૧૫૦/ મદદ તરીકે આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૪૧માં શ્રાવક-શ્રાવિકા ખાતેથી રૂ. ૧૫૦૦/ વિદ્યાર્થીઓને મદદ આપવા મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૪૧માં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ પ્રચારક સમિતિ-ધર્મપ્રચાર માટે માળવા, મેવાડ, યુ. પી. ઠેકાણે પાઠશાળાઓ ચલાવવા માટે રૂ. ૧૨૦/ મદદ તરીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૨ થી ૧૯૪૧ સુધીની સાલમાં વિદ્યાર્થીઓની લાયકાત જોઈ શ્રાવક-શ્રાવિકા ખાતેથી મદદ આપવા રૂ. ૧૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા અને રૂ. ૧૫/ વધારે ખર્ચ થયું તે મંજૂર કરવામાં આવ્યું હતું.

અનુકંપાદાન :—

અનુકંપા અથવા દયાભાવના એ પણ ધર્મનું એક વિશિષ્ટ અંગ લેખાય છે એટલે આમાંથી સામાન્ય સ્થિતિના અને જરૂરિયાતવાળાં જૈનેતર ભાઈઓ, બહેનોને વાર્ષિક રૂ. ૫૦ કે તેથી ઓછી રકમની આર્થિક સહાય આપવામાં આવે છે, તેમજ જળપ્રલય તથા દુષ્કાળ જેવી કુદરતી આફત સમયે પણ સમુચિત મદદ આપવામાં આવે છે. જે જેમને માટે ઘણી ઉપયોગી બની રહે છે. પેઢીએ અપનાવેલી આ પ્રથા એના નામને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કામને શોભા આપે એવી છે અને તેથી જ તે પ્રશંસનીય બની રહે છે. આના થોડા દાખલા નીચે મુજબ છે.

— સને ૧૮૯૯માં પાલીતાણામાં ગરીબ લોકોને નભાવવાને વાસ્તે દરબાર તરફથી ટીપ કરવા માંડી છે તેમાં પેઢી તરફથી રૂપિયા ભરવા અંગે ઠરાવ કરવામાં આવ્યો છે કે પેઢીએ રૂપિયા ટીપ ન ભરતાં રૂ. ૧૨૫/ સુધીનું ખીચડું રંધાવી જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી પેઢીના વંડામાંથી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૦૪માં જામનગરના પ્લેગપીડિતો માટે રૂ. ૧૦૦૦/ મદદ મંજૂર કરવામાં આવી હતી.

— સને ૧૯૦૬માં ગોઠીજીની વિધવા બાઈને ૨ વર્ષ સુધી રૂ. ૩/ માસ દરમ્યાન શ્રાવક-શ્રાવિકાના ખાતામાંથી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૦૬માં ભાવનગરમાં પ્લેગ ચાલતો હોવાથી સિપાહી જીજીભાઈને પગાર ઉપરાંત દર માસે રૂ. ૨/ જુદા લખીને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૦માં પાલીતાણા ગામના મોટા દેરાસરનો ગોઠી ગુજરી જતાં તેને તત્કાલ રૂ. ૨૫/ અને દર મહિને રૂ. ૩/ બે વર્ષ સુધી શ્રાવક-શ્રાવિકા ખાતે લખી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૦માં સોનગઢ ખાતાના વકીલ માણેકલાલ સાણંદલાલને વાર્ષિક જીવાઇના રૂ. ૧૦૦ ચાલુ રાખવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૦માં સાદરી ખાતે પ્લેગ હોવાને કારણે ત્યાંના ગોઠી અને સિપાહીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૧૧માં પાલીતાણા અને તેના તાબાનાં ગામમાં શ્રાવક-શ્રાવિકા સિવાયનાં ગરીબ ગુરબાંઓને અનાજ વગેરે મદદ આપવા રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૧માં છાપરિયાળીના ખેડૂતોને બરાબ વર્ષ સબબ પિયત કરેલ ખેડૂતો પાસેથી દશ આની અને બાકીના ખેડૂતો પાસેથી છ આની મહેસૂલ લેવું અને ત્યાંના ખેડૂતોને કામે લગાડવા માટે છાપરિયાળીનું તળાવ રૂ. ૩૦૦૦/માં બાંધવા મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૧૩માં પાલીતાણામાં ભારે વરસાદને કારણે થયેલ નુકસાનથી ઘરો પડી ગયાં હતાં, માણસો મરી ગયાં હતાં, એ માટે મદદની માંગણી કરવામાં આવી હતી અને રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— સને ૧૯૧૩માં શત્રુંજય ડુંગરના સિપાહી ગીગાજી હીરાજીને રૂ. ૩/ પેન્શન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૩માં પાલીતાણામાં આવેલી ભારે રેલથી કારખાનાં ત્થા નોકરો વગેરેને થયેલા નુકસાન અર્થે સહાય માટે રૂ. ૧૭૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૪માં પાલીતાણા રેલ રીલીફ ફંડ માટે સીસોદરા ગામે સંઘે ઉઘરાવેલ રૂ. ૧૮૬૩/ એકઠા કર્યા છે તે અત્રે આવેલ છે તે રેલ રીલીફ ફંડમાં ભરવા સારુ અત્રેથી પાલીતાણા મોકલી આપવા ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૧૮માં ત્રવાડી વાલજી મથાની વિધવા બાઈ ઉમૈયાને ગરીબ માણસના દાણા ખાતે લખીને આપવાનું દર માસે રૂ. ૩/ મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૮માં ગુમારતા રામજી સુંદરજીની વિધવા ત્થા તેનાં છોકરાંના ભરણપોષણ માટે રૂ. ૫/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૮માં પ્લેગમાં જીવના જોખમે કામ કરનાર જમાદાર વીસુલાલ ત્થા પૂંજા નાગજીને રૂ. ૨૨,૮૦૦ ઈનામ તરીકે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૨૦માં જમાદાર ઉમરભાઈ અબદુલ રહેમાનને અપાતા પેન્શન રૂ. ૫માં રૂ. ૧નો વધારો કરી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૨૩માં પાલીતાણાના રા. ગુલાબરાય જેઓ જૂના નોકર હતા અને તેમણે અંતથી કામ કર્યું હતું તેથી તેની વિધવાને રૂ. ૫૦૦/ મદદ તરીકે આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૨૪માં છાપરિયાળીના સિપાહી કોળી ગાંડાને એના અંધાપા દરમ્યાન મદદ તરીકે દર માસે રૂ. ૪/ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— સને ૧૯૨૮માં શ્રી મહાવીરપ્રસાદે લાંબા સમય માટે સારી રીતે નોકરી કરી હોવાથી એની વિધવાને રૂ. ૨૦૦/ મદદ તરીકે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩૧-૭-૧૯૨૯ના રોજ રેલસંકટ અંગે નિરાધાર થયેલા લોકોને મદદ-સહાય આપવા માટે રૂ. ૧૮૦૦૦નું ફંડ ઉઘરાવવામાં આવ્યું હતું.

— સને ૧૯૩૩માં અનવરપરાના હલેરાસરના ગોઠીના પગાર માટે માસિક રૂ. ૪/ એક એક વર્ષથી આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૪૦માં પાલીતાણા-શત્રુંજય ડુંગર પરના ઈન્સ્પેકટર વિષ્ણુપ્રસાદ ગુજરી જતાં તેમના સગીર છોકરાને મદદ તરીકે રૂ. ૫૦/ આપવા મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૪૦માં દુષ્કાળ અંગે છાપરિયાળી પેઢીના ખેડૂતો પોતાના બળદ માટે ઘાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વાવવા માટે બીની માંગણી કરતા ખેડૂતોને ઘાસ મણ ૩૨૫/ અને બી માટે રોકડા રૂ. ૧૩૫/ આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૪૧ માં પાલીતાણામાં સખત વરસાદ થયો તેથી ઘણા લોકો નિરાધાર થઈ ગયા હતા તેમને તાત્કાલિક મદદ કરવા માટે રૂ. ૨૫૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૪૨ માં છાપરિયાળી પેઢીના રૈયતના માણસોની સ્થિતિ બેકાર હોવાને કારણે બાજરો આપવા કમિટીની મંજૂરીની અપેક્ષાએ સબકમિટીએ રૂ. ૪૨૫/ મંજૂર કર્યા હતા.

ઉપર આપેલા દાખલાઓ તથા હકીકત ઉપરથી એ સ્પષ્ટરૂપે જાણી શકાય છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સંચાલકોનાં દિલમાં સાધુ-સાધ્વીઓ પ્રત્યે કેવો ભક્તિભાવ હતો તેમજ જરૂરિયાતવાળાં શ્રાવક-શ્રાવિકાઓ, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તેમજ સંકટ-ગ્રસ્ત આમ જનતા પ્રત્યે કેવી સક્રિય હમદર્દી હતી. આવી હમદર્દી હોવી એ પણ ધર્મનું એક પાસું જ ગણાય એ કહેવાની જરૂર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬

પેઢીએ કરાવેલ જીર્ણોદ્ધારો

જૈન પરંપરામાં છેક પ્રાચીન કાળથી જિનાલયો તથા તીર્થધામોનો મહિમા મુખ્ય સ્થાને રહ્યો છે. અને તેથી દેશભરમાં જુદા જુદા પ્રદેશો અને શહેરો, ગામોમાં એક કે તેથી વધુ જિનાલયો અસ્તિત્વમાં આવ્યાં છે. કદાચ એકંદર રીતે વિચારીએ તો ભારતીય સંસ્કૃતિની સ્થિતિ માટે પણ આમ કહી શકાય તેમ હિંદુ ધર્મનાં સંખ્યાબંધ તીર્થ-સ્થાનો અને મુખ્ય દેવસ્થાનો સાક્ષી પૂરે છે.

પ્રાચીન જિનાલયો તથા તીર્થસ્થાનોને આક્રમકોનાં આક્રમણને કારણે, કાળના ધસારાને કારણે અથવા એવા જ કોઈ કારણસર જીર્ણતાના ભોગ થવું પડે છે અને જ્યારે આમ બને છે ત્યારે એની મરામત કરાવીને એને ટકાવી રાખવાં એ જે તે સમાજનું ધર્મકર્તવ્ય બની રહે છે. આથી જ એમ કહેવામાં આવ્યું છે કે નવું મંદિર બાંધવામાં જે પુણ્ય મળે છે તેના કરતાં આઠગણું પુણ્ય જીર્ણ થતા જતા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવામાં મળે છે.[૧]

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી છેક એના સ્થાપનાકાળથી જીર્ણોદ્ધારનું કાર્ય કરતી આવી છે અને એ માટે ખર્ચની રકમનો આંક જોયા વગર ઉદાર દિલે ખર્ચ કરતી રહી છે. આના કેટલાક દાખલા અહીં રજૂ કરવા ઉચિત લાગે છે.

(૧) શ્રી રાણકપુર તીર્થ :—

રાણકપુર તીર્થ પેઢી હસ્તક આવી ગયું તે પછી તેના જીર્ણોદ્ધારની વ્યવસ્થા કેવી રીતે આગળ વધી રહી હતી તેનું સુરેખ શબ્દચિત્ર શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ એ તેમના તા. ૭-૩-૧૯૭૬ના નિવેદનમાં (પૃ. ૧૧ થી ૧૩ માં) આપ્યું હતું જે અહીં રજૂ કરવું ઈષ્ટ લાગે છે. તેઓએ કહ્યું હતું કે—

"રાણકપુરનો વહીવટ જ્યારે લીધો ત્યારે ત્યાંનાં મંદિરોની આસપાસની જગ્યા બિસ્માર હાલતમાં હતી. ઝેરી જનાવરો તથા પંખીઓના માળા પણ મંદિરોમાં નજરે પડતાં હતાં. આ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાનું તા. ૧૬-૧-૩૬ની મીટિંગમાં નક્કી થયું. આ માટે સ્થાપત્યના વિદ્વાન અને નિષ્ણાત શિલ્પી ગ્રેગસન બેટલી તથા પેઢીના શિલ્પીઓ (૧) શ્રી ભાઈશંકર, (૨) શ્રી પ્રભાશંકર, (૩) શ્રીજગન્નાથભાઈ અને (૪) શ્રી દલછારામને લઈ હું તા. ૧૩-૩-૩૩ના રોજ રાણકપુર ગયો. તે વખતે ત્યાંની ધર્મશાળા કાંઈ પણ સગવડ વિનાની અને માત્ર પડાળીઓની જ હતી. અમે ખુલ્લામાં ચાર દિવસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહ્યા. આગલા દિવસે આ જગ્યાએ વાઘ આવ્યો હતો અને કૂતરું લઈ ગયો હતો. આ દિવસોમાં ત્યાંનો પૂરેપૂરો સરવે કરી, જીર્ણોદ્ધાર કેવી રીતે કરવો ને શા શા સુધારા-વધારા કરવા તે વિચાર્યું. શ્રીયુત બેટલીએ તેમનો રિપોર્ટ તા. ૩૦-૩-૩૩ના રોજ આપ્યો, જે હાલ પેઢીમાં મોજૂદ છે.

આ કામ કરાવવા માટે કૉન્ટ્રાક્ટ આપ્યો. ત્રણ મહિના પછી મેં તથા ટ્રસ્ટીઓએ ત્યાં જઈ કામ જોયું તો તે બિલકુલ સારું નથી તેમ જણાયું. મેં તેમને જણાવ્યું કે આ કામ નિસ્તેજ છે અને મૂળ કામની સાથે સુસંગત થાય તેવું નથી. તેથી કરેલું કામ રદ કરી નવેસરથી ડિપાર્ટમેન્ટલી કામ કરાવવું એમ મેં જણાવ્યું. મારા સાથીઓ તેમ કરવા કબૂલ થયા. જે કામ થયેલું હતું તેનો ખર્ચ રૂ. ૬૧૦૦.૦૦ થઈ ચૂકયો હતો, છતાં અમે તે કામ રદબાતલ કરી નવું કરાવવાનું શરૂ કર્યું. આ કામ જૂના કામને અનુરૂપ હતું, જેથી ચાલુ રાખ્યું. જીર્ણોદ્ધારનું કામ સને ૧૯૩૪માં શરૂ થયું અને ૧૧ વર્ષ કામ ચાલ્યું, અને તેમાં રૂ. ૪,૭૦,૦૦૦.૦૦ (ચાર લાખને સિત્તેર હજાર)નો ખર્ચ થયો. મિ. બેટલીએ આવીને જ્યારે એ કામ જોયું ત્યારે તેમણે પૂરો સંતોષ વ્યક્ત કર્યો, એટલું જ નહીં, પણ આવું સારું કામ કોઈ કરી શકત નહીં તેમ સર્ટિફિકેટ પણ આપ્યું.

મુખ્ય દેરાસરના ચોમુખજી ભગવાનનું આરસનું પરિઘર તદ્દન ખવાઈ ગયેલું હતું, જે નવેસર કરાવ્યું અને જૂનું પરિઘર મંદિરની બહાર દક્ષિણ બાજુએ ઊભું કરી રાખેલ છે. એ પણ જૂના સ્થાપત્યની કળાનો નમૂનો છે."

(૨) શ્રી આબુ તીર્થ :—

આ રીતે શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપદ નીચે જીર્ણોદ્ધારની શરૂઆત એક મહાન, પ્રાચીન અને કળામય તીર્થના જીર્ણોદ્ધારથી થઈ હતી. આ પછી આબુ તીર્થનો વહીવટ, પેઢી હસ્તક નહીં હોવા છતાં, એની સમૃદ્ધ શિલ્પકળાની સાચવણીની દૃષ્ટિએ એનો નમૂનેદ્ધાર જીર્ણોદ્ધાર પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જ કરાવ્યો હતો. આ અંગે શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પોતાના તા. ૭-૩-૭૬ના નિવેદનમાં (પૃ. ૧૪થી ૧૬માં) જે રજૂઆત કરી હતી તે અહીં ઉધ્ધૃત કરવામાં આવે છે.

દેલવાડાનાં મંદિરો

"દેલવાડાનાં આપણાં મંદિરો જગવિખ્યાત છે અને તેમાં ઘણી ભાંગતોડ થયેલી હોવાથી તેનો જીર્ણોદ્ધાર કરાવવો જરૂરી છે એમ અમે વિચાર્યું. તેનો વહીવટ શિરોહીના ટ્રસ્ટીઓ કરે છે. તેમની સાથે કરાર કર્યો કે જે જીર્ણોદ્ધાર આપણે કરીએ તેમાં તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફેરફાર કરે નહિ. તેમણે તેમના એક ટ્રસ્ટીને આપણી સાથે રાખી કામ કરાવવું એમ સૂચવ્યું. આપણે ના પાડી. છેવટે તેઓએ આપણી શરત કબૂલી.

દેલવાડાનાં દેરાસરોના જીર્ણોદ્ધારનું જે કામ કરાવવાનું હતું તેમાં પ્રથમ આપણે એમ નક્કી કર્યું કે દસમા સૈકામાં કે બારમા સૈકામાં જે આબુનો આરસ વાપર્યો હોય તે જ આબુમાંથી આરસ કઢાવી જીર્ણોદ્ધાર કરાવવો. તે આબુ શોધી કાઢવા આપણા બે મિસ્ત્રીઓને છ મહિના સુધી રોકયા. તેઓ ત્યાંના આસપાસના પહાડોમાં ફર્યા. છ મહિનાને અંતે તેઓએ શોધી કાઢયું કે અંબાજી પાસેની આબુમાંથી આરસ કાઢી દેલવાડાનાં મંદિરો બંધાવવામાં આવ્યાં છે. એ આબુમાંથી પથ્થર મેળવવા અમે એક મિસ્ત્રી પાસે, ઢાંતા દરબારને અરજી કરાવી. ઢાંતા દરબારે તે આબુમાંથી આરસ કાઢવાની ના પાડી. તેથી હું તે વખતના ચીફ મિનિસ્ટર શ્રી મોરારજીભાઈને મળ્યો અને તેમને જણાવ્યું કે જગવિખ્યાત દેલવાડાનાં જૈન મંદિરોનો અમારે જીર્ણોદ્ધાર કરાવવો છે અને તેના આરસની આબુ અંબાજીના મંદિરની પાસે છે; પણ ઢાંતા દરબાર તેમાંથી આરસ લેવા દેવાની ના પાડે છે. મોરારજીભાઈએ કહ્યું કે હું આઠ દિવસ પછી અંબાજી જવાનો છું. તમારા મેનેજરને તે દિવસે ત્યાં મોકલો. પેઢીના મેનેજર નાગરદાસને અમે ત્યાં મોકલ્યા. ઢાંતાના દરબાર સાહેબ ત્યાં હાજર હતા. મોરારજીભાઈએ તેમને પૂછયું કે આરસ લેવા દેવા કેમ ના પાડો છો ? દરબારે કહ્યું કે તે મારી પર્સનલ મિલકત છે. મોરારજીભાઈએ નાગરદાસને, તેમના દેખતાં જ કહ્યું કે તમે આરસ કઢાવવા માંડો. હું જોઉં છું કે તમને કોણ રોકે છે ?

એ રીતે અમે અંબાજી નજીકના પહાડમાંથી આરસ કઢાવી દેલવાડાનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવા નક્કી કર્યું. અને નક્કી કરતાં પહેલાં જીર્ણોદ્ધારમાં કેટલો ખર્ચ થશે તેનો એસ્ટીમેટ બે મિસ્ત્રીઓ પાસે તૈયાર કરાવ્યો. મિસ્ત્રીઓએ ત્રણ મહિનામાં એસ્ટીમેટ તૈયાર કર્યો. તે એસ્ટીમેટ રૂ. ૨૩ લાખનો હતો. અમારી સમિતિમાં મંજૂરી માટે તે રજૂ કર્યો. તે વખતના હિસાબે એસ્ટીમેટની રકમ ઘણી મોટી હતી. પણ મંદિરો જગ-વિખ્યાત હોઈ તેમ જ તેમાં કારીગરી ઘણી જ સુંદર હોઈ અમારી સમિતિએ તે મંજૂર કરી કામ કરવાનું અમૃતલાલ મિસ્ત્રીને સોંપ્યું. કામ શરૂ થયા બાદ બેએક મહિના પછી હું આબુ ગયો. તેમણે જે કામ ત્યાં સુધીમાં કર્યું હતું તે જોઈ મેં મિસ્ત્રીને કહ્યું કે કામ ઘણું સંતોષકારક છે, મિસ્ત્રી કહે, સાહેબ ! કામ તો સારું છે, પણ અમે જે એસ્ટીમેટ તમોને આપ્યો છે તેમાં અમે ઘનકૂટે રૂ. ૫૦-૦૦ ખર્ચ આવશે એમ ગણી એસ્ટીમેટ આપ્યો છે, જ્યારે આ કામ રૂ. ૨૦૦-૦૦ (બસો રૂપિયે) ઘનકૂટ પડવા જાય છે, એટલે ચારગણું ખર્ચ આવે છે, મેં કીધું કે ફિકર નહિ, પણ કામ તો આવા ઊંચા પ્રકારનું જ થવું જોઈએ. તે પ્રમાણે અમે આબુનાં મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખ્યું. તમને જાણીને વિસ્મય થશે કે અમે તે કામ ૧૪ લાખ રૂપિયામાં પૂરું કર્યું !

બન્યું એમ કે મિસ્ત્રીઓએ જે રૂ. ૨૩ લાખનો એસ્ટીમેટ આપેલો તેમાં મુખ્ય મંદિર ઋષભદેવ ભગવાનનું, જે કાળા પથ્થરનું છે, તે નવું આરસનું કરાવવાનો એસ્ટીમેટ કરેલો; તે ઉપરાંત પાછળ અને આગળની પાગથીમાં ત્રણ નવાં મંદિરો બનાવવાનો પ્લાન કરેલો. અમે મુખ્ય મંદિર કાળા પથ્થરનું બદલ્યું નહિ, તેમજ બીજાં ત્રણ મંદિરો મિસ્ત્રીઓએ જણાવેલાં તે પણ બાંધ્યાં નહિ; ફક્ત તૂટેલા ભાગો જ સમરાવ્યા. આ રીતે દેલવાડાનાં મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચૌદ વર્ષ ચાલ્યું. એમાં ૧૧૦૦૦૦ (એક લાખ દસ હજાર) કારીગરના દિવસો લાગ્યા અને કુલ ૧૪ લાખ રૂપિયામાં કામ પૂરું થયું. અમે મુખ્ય બે મંદિરો–આદીશ્વર ભગવાન તેમ જ નેમનાથ ભગવાનનાં મંદિરોના જીર્ણોદ્ધાર ઉપરાંત બીજાં બે મંદિરોમાં જે મરામત કરાવવાની હતી તે બધી કરાવી લીધી હતી. આ મંદિરોનો જીર્ણોદ્ધાર જોવા ઘણા નામાંકિત શિલ્પીઓ તેમ જ શિલ્પનું કામ સમજનાર આવી ગયા અને તે બધાએ એકીઅવાજે એવી નોંધ લખી છે કે મરામત ઘણી જ સુંદર થઈ રહી છે.

ભારતના રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણન્ તથા પંતપ્રધાન શ્રી પંડિત નેહરુ પણ જીર્ણોદ્ધારને જોઈને તેનાં મુક્ત કંઠે વખાણ કરી ગયા છે."

(૩) શ્રી કુંભારિયાજી તીર્થ

આ તીર્થ હિંદુઓના સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજીની નજીકમાં આવેલું છે. આના જીર્ણોદ્ધારની વાત કરતાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ તા. ૭–૩–૭૬ ના પોતાના નિવેદનમાં (પૃ. ૧૬ માં) કહ્યું હતું કે—

"કુંભારિયાજીમાં આપણાં પાંચ મંદિરો છે. તેમાંના એક મંદિરનો થોડાં વર્ષો ઉપર જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ. તેમાં પાશ્ચિમાત્ય શિલ્પ દાખલ કરેલું, તે મેં કઢાવી નાખી આપણા જૈન શિલ્પના જેવું કરાવ્યું. તે ઉપરાંત બીજાં મંદિરોમાં જે મરામતની જરૂર હતી તે પૂરી કરાવી, કમ્પાઉન્ડમાં ઝાડો વવરાવ્યાં. આપણી મિલકતમાં ભવિષ્યમાં કોઈ ડખલ કરતું ના આવે તે સારુ કોટ બંધાવી લીધો. એક છેડા ઉપર શિવમંદિર હતું તે આપણી મિલકત ન હતી, જેથી એને કોટની બહાર રાખી લીધું. તેનું કામ બે વર્ષ ચાલ્યું અને તેમાં ૧,૩૩,૦૦૦.૦૦ રૂપિયા ખર્ચ થયો."

(૪) શ્રી મૂછાળા મહાવીર તીર્થ

આ તીર્થના જીર્ણોદ્ધારની તથા તેની પ્રતિષ્ઠાની કથની કરતાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પોતાના તા. ૭–૩–૭૬ ના નિવેદનમાં (પૃ. ૧૬ માં) એમ કહ્યું હતું કે—

"મૂછાળા મહાવીર તીર્થનો જીર્ણોદ્ધાર સને ૧૯૫૪માં ઘાણેરાવના એક આગેવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી માંગીલાલજીની માગણી ઉપરથી શરૂ કરેલો. પ્રથમનો અંદાજ રૂ. ૫૦,૦૦૦.૦૦ ની આસપાસનો હતો, જેમાં તેમણે રૂપિયા ૨૫,૦૦૦.૦૦ આપેલા પરંતુ કામ હાથ પર લીધા પછી એ વધુ નીકળતાં ખર્ચ લગભગ સવા લાખ રૂપિયા જેટલું થયેલું. શ્રી માંગીલાલજીએ બીજા રૂપિયા ૨૫,૦૦૦.૦૦ આપેલા. આ જીર્ણોદ્ધારનું કામ સને ૧૯૫૮ માં પૂરું થયું હતું, પરંતુ ધાણેરાવ સંઘના ઝઘડાને લીધે એની પ્રતિષ્ઠા થઈ શકી ન હતી. સંઘના આગેવાનો અવારનવાર આ તીર્થનો વહીવટ લઈ લેવા શેઠ આણંદજી કલ્યાણજીને વિનંતી કરતા હતા. શેઠ આણંદજી કલ્યાણજીની નીતિ નવા કોઈ તીર્થનો વહીવટ ન લેતાં ત્યાંના વહીવટદારોને મદદ કરવાની હોવાથી પેઢીએ એનો વહીવટ લીધેલો નહિ. જીર્ણોદ્ધાર થઈ ગયેલ હોવા છતાં પણ, અંદર અંદરના ઝઘડાને લઈને, પ્રતિષ્ઠા થઈ નહિ, એટલે છેવટે સને ૧૯૬૫ માં પેઢીએ એ તીર્થનો વહીવટ સંભાળી લીધો અને સને ૧૯૬૬ માં પ્રતિષ્ઠા કરાવી. જીર્ણોદ્ધાર અંગે પેઢીને પોણો લાખ રૂપિયા ખર્ચ થયો હતો, જ્યારે પ્રતિષ્ઠામાં આપણને સવા બે લાખ રૂપિયા જેટલી ઉપજ થઈ હતી."

(૫) શ્રી તારંગા તીર્થ :

તારંગા તીર્થના જીર્ણોદ્ધારની બાબતમાં શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પોતાના તા. ૭-૩-૭૬ના નિવેદનમાં (પૃ. ૧૭ માં) આ પ્રમાણે કહ્યું હતું કે—

"તારંગા તીર્થનું મંદિર પ્રાચીન સ્થાપત્યનો એક અજોડ નમૂનો છે. સમયાનુસાર તેમાં ઘણા ફેરફાર થયા હતા, મંદિર ઊભું તો રાખ્યું, પણ તેનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. મેં અને મારા સાથીઓએ મંદિરના એક ભાગ ઉપરનો ચૂનો ઉખડાવીને જોયું તો નીચે ઊંચા પ્રકારનું શિલ્પ માલૂમ પડ્યું. જેથી તેનો જીર્ણોદ્ધાર સને ૧૯૬૩ માં શરૂ કર્યો. અત્યાર સુધીમાં એમાં રૂ. ૧૨,૬૦,૦૦૦ ખર્ચ થયો છે, અને હજુ દોઢેક લાખ રૂપિયા ખર્ચ થવા સંભવ છે. મુખ્ય દરવાજાનું કામ પણ હાથ ઉપર લેવામાં આવ્યું છે."

શેઠશ્રી કસ્તૂરભાઈના ઉપર્યુક્ત નિવેદનમાં જણાવ્યા મુજબ શ્રી તારંગા તીર્થના જીર્ણોદ્ધારમાં બાર પંદર લાખ રૂપિયા જેટલું જંગી ખર્ચ થયું છે પણ એ તીર્થનાં દર્શન કરનારને એની શિલ્પકળા જોયા પછી એમ લાગ્યા વગર રહેતું નથી કે આ ખર્ચ પૂરેપૂરું લેખે લાગ્યું છે. આ ઉપરાંત શિખરના ભાગમાં ચઢવાની સીડીના સ્થાનમાં પણ ફેરફાર કરીને એને નવું રૂપ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ તીર્થ વધુ શોભાયમાન બને એ માટે પણ જરૂરી પગલાં લેવાઈ રહ્યાં છે અને એ માટે આવશ્યક ખર્ચ કરવામાં આવે છે.

(૬) શ્રી શત્રુંજય તીર્થમાં થયેલ જીર્ણોદ્ધાર :—

શ્રી શત્રુંજય મહાતીર્થમાં કરવામાં આવેલ જીર્ણોદ્ધાર અંગેની માહિતી ૧૨ મા પ્રકરણમાં પૃ. ૧૩૭ થી ૧૩૮ માં વિસ્તારથી આપવામાં આવી છે એટલે એને અહીં બેવડા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવાની જરૂર નથી. એનું "શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ" એ નામે સ્વતંત્ર પુસ્તક પણ મેં લખ્યું છે, જે પેઢી તરફથી બહાર પડયું છે.

શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢવા માટે નવાં પગથિયાં પણ બની ગયાં છે.

(૭) શ્રી ગિરનાર તીર્થ :—

ગિરનાર તીર્થના જીર્ણોદ્ધારની બાબતમાં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પોતાના તા. ૭-૩-૭૬ના નિવેદનમાં (પૃ. ૧૧માં) આ પ્રમાણે કહ્યું હતું કે—

"ગિરનારનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો જરૂરી હતો, જેથી તે કામ અમે સંવત ૨૦૨૧માં હાથમાં લીધું. જ્યાં નેમનાથ ભગવાનની મૂર્તિ છે, ત્યાં ઘણો અંધકાર હતો એટલે આજુબાજુ બારીઓ મુકાવી પૂરતો પ્રકાશ કરાવ્યો. ભગવાનની મૂર્તિને લેપ કરાવવાની જરૂર હતી તે પણ કરાવ્યો. અમીઝરા પાર્શ્વનાથના દેરાસરમાં પણ ખૂબ જ અંધકાર હતો, જેથી ઉપરના ભાગે સુરક્ષિત કાચ બેસાડી મંદિર પ્રકાશિત કરાવરાવ્યું. પ્રવેશદ્વાર નાનું હતું તે પણ મોટું કરાવ્યું. બીજાં મંદિરોમાં પણ રંગો લગાડી કોતરણીને વિકૃત કરી નાખવામાં આવી હતી, તે તમામ ભાગો ધોવરાવી નાંખ્યા, જરૂર પ્રમાણે ઘસાવી સરખા કરાવ્યા અને જ્યાં જ્યાં આરસ હતો તેને ઘસાવી, કેટલાંક મિશ્રણો લગાવડાવી સફેદ કર્યો.

આ જીર્ણોદ્ધાર પાછળ અત્યાર સુધીમાં રૂ. ૩,૬૦,૦૦૦-૦૦ (ત્રણ લાખ સાઇઠ હજાર) જેટલો ખર્ચ થયો છે. હજુ કામ ચાલુ છે ને એમાં બીજા રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) થવા સંભવ છે."

ગિરનારના જીર્ણોદ્ધારનું કામ અત્યારે પણ ચાલુ છે અને એના પહાડ ઉપર ચઢવાનાં પગથિયાંનું સમારકામ પણ થઈ ગયું છે, જેમાં રૂ. ૧,૭૦,૦૦૦ ખર્ચ થયું છે.

જીર્ણોદ્ધાર માટે સહાય આપવામાં પેઢીએ અપનાવેલ વ્યાપક દૃષ્ટિ :—

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એ ભારતભરના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું પ્રતિનિધિત્વ ધરાવે છે એ વાતની ખાતરી પેઢીએ જીર્ણોદ્ધારને માટે સહાય આપવામાં જે વ્યાપક દૃષ્ટિનો ઉપયોગ કર્યો છે તે ઉપરથી પણ થઈ શકે છે. તેના કેટલાક દાખલા નીચે મુજબ છે.

— તા. ૨-૯-૧૮૮૭ના રોજ તળાજાના જીર્ણોદ્ધારમાં રૂ. ૪૦૦/ ખરચવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— તા. ૧૨-૪-૧૮૯૮ના રોજ તળાજાની પાસે ગામ કાળમેરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૩૦-૬-૧૯૦૩ના રોજ ક્ષત્રિય કુંડ અને કાકંદીના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦૧/ની મદદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૪-૮-૧૯૦૪ના રોજ ખંભાતમાં જીરાલા પાડાના શ્રી જીરાલા પારસનાથનું મંદિર છે તેમાં બીજાં દેરાસરોમાં પ્રભુજી પધરાવી ૧૯ દેરાસરનું એક દેરાસર બંધાતું હતું તેમાં જીર્ણોદ્ધાર ખાતેથી રૂ. ૭૦૦૦/ની મદદ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૮-૧૯૦૮ના રોજ મોટી ટૂકમાં ઓધલશાના દેરાસરમાં જીર્ણોદ્ધાર કરવા રૂ. ૨૦૦૦/ શા. વેણીચંદ કસ્તૂરચંદ આપવા માંગે છે તો તેનો સ્વીકાર કરવો અને એમની માંગણી મુજબ એમના નામનું પાટિયું ચોડવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૧-૧૨-૧૯૦૯ના રોજ દુવડ ગામના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦ ગ્રોમીસરી નોટ + રોકડા રૂ. ૨૭૬/ તેમની માંગણી પ્રમાણે શ્રી શંખેશ્વરના કારખાના મારફત પહોંચ લઈને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૫-૩-૧૯૧૧ના રોજ સિદ્ધપુરના મેત્રાણાજી દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૪૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૭-૧૦-૧૯૧૧ના રોજ ઈડરના ગઢના જીર્ણ દેરાસરને રીપેર કરાવવા સારુ રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— ૧૩-૬-૧૯૧૨ના રોજ દેકાવાડાના દેરાસર માટે રૂ. ૧૦૦૦/ ઓસીયાના દેરાસર માટે રૂ. ૧૦૦૦/ થા નીંગાળાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૩૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૦-૮-૧૯૧૨ના રોજ દેવાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૧-૧૦-૧૯૧૨ના રોજ વડાલ ગામે દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— તા. ૧૧-૧૦-૧૯૧૨ના રોજ લીમડીના મોટા દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવા માટે રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— સને ૧૯૧૨માં ઈડરના ભાવન જિનાલયના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૬૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૦-૬-૧૯૧૩ના રોજ આંબેગામના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૫૦૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૨૬-૪-૧૯૧૪ના રોજ સાઠમ્બાના દેરાસરને માટે રૂ. ૧૫૦૦/, ખેડના દેરાસરને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે રૂ. ૧૨૦૦ ત્થા માંડવગઢના દેરાસરને માટે રૂ. ૧૦૦૦/ જીર્ણોદ્ધાર માટે મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૩-૧૦-૧૯૧૪ના રોજ કુકડીયાના દેરાસરના જીર્ણોદ્ધારના કામ માટે રૂ. ૫૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૮-૧૦-૧૯૧૪ના રોજ સુઠામડાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૧૦-૧૯૧૪ના રોજ અંભાતના ધર્મનાથજીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૭-૧૦-૧૯૧૪ના રોજ ખુટવડાના દેરાસરને જીર્ણોદ્ધારના કામમાં રૂ. ૫૦૦/ મદદ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૩-૧૧-૧૯૧૪ના રોજ ઉવારસદ ગામના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ મદદ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૦-૧૧-૧૯૧૪ના રોજ નામલી ગામના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧-૧૨-૧૯૧૪ના રોજ ભરુચમાં કબીરપુરાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ ત્થા શાંતિનાથજીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૭૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧-૧૨-૧૯૧૪ના રોજ ગામ સાજાપુરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ લખમીચંદ ધીયાને હથુ ખાતે લખીને મદદ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૮-૧૨-૧૯૧૪ના રોજ ગામ ડુવડના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૫-૧૨-૧૯૧૪ના રોજ પાલીતાણામાં શ્રી ગોડી પાર્શ્વનાથજી મહારાજનું દેરાસર જીર્ણ થઈ જવાથી નવું કરાવવા જેવું છે તે વાસ્તે ભંડાર ખાતે લખીને રૂ. ૩૦,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૯-૧૨-૧૯૧૪ના રોજ શ્રી ઓશિયાજી મહાવીર સ્વામીજી મહારાજના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૧૦૦૦/ મદદ માટે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૨-૧-૧૯૧૫ના રોજ માણસાના મહાજન તરફથી શા. ગોપાલદાસ હેમચંદની અરજી આવી અને ત્યાંના દેરાસરના જીર્ણોદ્ધાર માટે તાંદુલી પથ્થરનાં પાટિયાં નંગ ૧૫૦ અથવા ફૂટ ૬૦૦ અપાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૨૮-૩-૧૯૧૫ના રોજ ભદ્રાવતીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦૦/, ઈડરગઢના ભાવન જીનાલયના દેરાસરમાં રૂ. ૩૦૦/, ખંભાત ચિંતામણી પાર્શ્વનાથના દેરાસરમાં રૂ. ૫૦૦/ તથા સારંગપુર દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૩-૪-૧૯૧૫ના રોજ વરલ ગામના દેરાસરના જીર્ણોદ્ધારમાં મદદ તરીકે રૂ. ૫૦૦/ તથા નવા ગામ નાયકાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૭-૬-૧૯૧૫ના રોજ ગામ ભાલેજના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૪૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૭-૬ ૧૯૧૫ના રોજ જેસરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૬૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૦-૬-૧૯૧૫ના રોજ ઈડરગઢના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૫૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૩-૯-૧૯૧૫ના રોજ પડાસલીના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૬૨૫/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૭-૬-૧૯૧૫ના રોજ ઉનાના શ્રી અંજરા પાર્શ્વનાથજી પંચતીર્થીનાં દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧-૮-૧૯૧૬ના રોજ વળાદના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૦-૭-૧૯૧૬ના રોજ નીચે લખેલ ગામોનાં દેરાસરોના જીર્ણોદ્ધારો માટે નીચે આપેલી રકમો મંજૂર કરવામાં આવી હતી.

ગામ	રકમ	ગામ	રકમ
પાળિયાદ –	રૂ. ૭૦૦	હસ્તીનાપુર –	રૂ. ૨૦૦૦
બાજણા –	રૂ. ૭૦૦	કેરુ –	રૂ. ૭૦૦
વણા –	રૂ. ૫૦૦	એલાપુર –	રૂ. ૭૦૦
મોટી આદરજ –	રૂ. ૭૦૦	વેડ –	રૂ. ૩૦૦
ઝોયણા –	રૂ. ૭૦૦	છાલા –	રૂ. ૨૫૦
ભાત –	રૂ. ૭૦૦	નાયકા –	રૂ. ૫૭૦
		કુલ –	રૂ. ૮૪૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૭-૧૨-૧૯૧૬ના રોજ સારંગપુરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે વધારાના રૂ. ૩૦૦/ આપવા મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૪-૬-૧૯૧૭ના રોજ અડકીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે શેઠ કંકુચંદ મૂલચંદના હસ્તે ખાતે લખી રૂ. ૬૦૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૨૧-૨-૧૯૧૮ના રોજ આપણા હસ્તકના રાજપુરના દેરાસરનો જીર્ણોદ્ધાર કરવા માટે એસ્ટીમેટ મુજબ રૂ. ૨૭૫/ ત્યાંના સંઘ તરફથી આવેલા હતા તેમાંથી રૂ. ૨૫૦/ ખર્ચ કરી બાકીનો વધારાનો ખર્ચ આપણા તરફથી કરવો એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૮-૭-૧૯૧૮ના રોજ શેઠ દલપતભાઈ મગનભાઈ હઠીસીંગનાં શેઠાણી લક્ષ્મીબાઈએ રૂ. ૨૫૦૦/ થી શ્રી પવિત્ર શેત્રુંજય ઉપર મોટી ટૂકમાં હાથી પોલની બહાર જગત શેઠના નામથી ઓળખાતા દેરાસરની સામે એક દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવાની માંગણી કરી જે મંજૂર કરવામાં આવી હતી તેમાં શરત રાખવામાં આવી કે તેમને દેરાસરમાં બહારની ચોકીમાં ત્રણ પ્રતિમાજી વગરનકરે પધરાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૩-૧-૧૯૧૯ના રોજ હસ્તીનાપુરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૫૦૦/, બહાનપુરના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૦૦૦/ તથા મહુડીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૦-૧-૧૯૧૯ના રોજ જખનાવધના દેરાસરના જીર્ણોદ્ધારના કામ માટે રૂ. ૪૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૮-૧૨-૧૯૧૯ના રોજ જુનાજલનાના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૧૦૦૦/ની મદદ મંજૂર કરવામાં આવી હતી.

— તા. ૧૭-૯-૧૯૨૦ના રોજ ખેમલી વગેરે ગામોનાં દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૧-૭-૧૯૨૦ના રોજ વરસોડાના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૧૦૦૦/ મદદ તરીકે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૨૨-૫-૧૯૨૦ના રોજ માદાના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવાને માટે રૂ. ૬૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— જુદા જુદા સ્થાને જીર્ણોદ્ધાર માટે આપેલી મદદ નીચે મુજબ છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામ	રકમ	ગામ	રકમ
ઓગણજ –	રૂ. ૫૦૦	મુઢેરા –	રૂ. ૫૦૦
વાસવાડા –	રૂ. ૫૦૦	ચોકરણ –	રૂ. ૫૦૦
મહેરવાડા –	રૂ. ૫૦૦	વરીઆવ –	રૂ. ૧૦૦૦
બાવડી –	રૂ. ૫૦૦	ખંભાત –	રૂ. ૩૦૦૦
સલુંબર –	રૂ. ૫૦૦	સમની –	રૂ. ૫૦૦
કડી –	રૂ. ૫૦૦	ઈડર –	રૂ. ૨૦૦૦
ઓડુ –	રૂ. ૫૦૦	આબજ –	રૂ. ૫૦૦
રામસણ –	રૂ. ૧૦૦૦	રંભાપુર –	રૂ. ૫૦૦
		બદનાપુર –	રૂ. ૧૦૦૦
		કુલ	રૂ. ૧૪,૩૦૦

— તા. ૧૩-૬-૧૯૨૧ના રોજ શ્રી કુંભારિયાજીના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦૦/ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૩૦-૯-૧૯૨૩ના રોજ શેઠ હેમાભાઈની ટૂકમાં ઉત્તર તરફનો ગઢ જીર્ણ થયેલો હોઈ તેને ઉતરાવી નવો કરાવવાનો ખર્ચ રૂ. ૨૮૮૩૬-૮-૦ મંજૂર કરવામાં આવ્યો હતો.

— તા. ૨૩-૭-૧૯૨૩ના રોજ ઈડરગઢના બાવન જિનાલયના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૯-૬-૧૯૨૬ના રોજ ચારુપથી પાર્શ્વનાથજીના દેરાસરના જીર્ણોદ્ધારમાં મદદ માટેની અરજી આવી. શ્રી ચારુપ પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના જીર્ણોદ્ધારમાં તે દેરાસર ખાતે લખીને રૂ. ૧૦,૦૦૦ આપવાની મંજૂરી આપવામાં આવી હતી, તેમાં શરત રાખવામાં આવી કે ઝવેરી ચુનીલાલ મગનચંદ વગેરે ટીપ કરીને પૈસા પૂરા કરી આપે કે ઉપજમાંથી આપે.

— તા. ૧૦-૨-૧૯૨૭ના રોજ સાર્થલ અત્રે પ્રાચીન અને વિશાળ છે એના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૦-૧૧-૧૯૨૯ના રોજ લેરાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩૧-૫-૧૯૨૯ના રોજ શ્રી મથુરાજીના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૧-૬-૧૯૨૯ના રોજ શ્રી મહાવીર સ્વામીજીના દેરાસર (અમદાવાદ)ના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૪૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૨૦-૨-૧૯૩૦ ના રોજ બનારસ રામઘાટ ઉપર શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર આવેલું છે, તે જીર્ણ થયેલ છે તેની ટીપ થયેલ છે. રૂ. ૫૬૫૦/ જમા થયેલ છે. તે શેઠ દામજીભાઈ ધારસી તથા બાબુ ગુલાબચંદને પહોંચ લઈ રૂ. ૫૬૫૦/ આપવા તથા મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૧૧-૧૯૩૦ ના રોજ અંભાતના સુખસાગર પારસનાથજીના દેરાસરના જીર્ણો-માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૦-૭-૧૯૩૧ ના રોજ નાગદાના દેરાસરનાં જીર્ણોદ્ધારમાં રૂ. ૧૫૦ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૭-૩-૧૯૩૨ ના રોજ જીર્ણોદ્ધારના કામકાજ માટે અચલગઢ કારખાનાવાળા શેઠ અચલસી અમરસીને ૪½%નાં વ્યાજે રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ ધીરવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૪-૧૧-૧૯૩૪ ના રોજ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈને ઝવેરીવાડ વાઘણપોળમાં આવેલ શ્રી ચક્રેશ્વરી માતાજીની દેરીનો તેમને ખર્ચે જીર્ણોદ્ધાર કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૯-૧-૧૯૩૯ ના રોજ મોટા પોશીનાજી દેરાસરના ચાલુ ખર્ચ તથા જીર્ણોદ્ધાર માટે રૂ. ૧૫૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૦-૧૧-૧૯૩૯ ના રોજ સાદડી દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૯૦૦૦/ ઉપરાંત બીજા વધારે રૂ. ૧૫૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૫-૮-૧૯૪૦ ના રોજ ઈડરગઢનાં બાવન જિનાલયમાં મૂળ નાયકમાં જીર્ણોદ્ધારના કામમાં રૂ. ૨૦૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૦-૨-૧૯૪૦ ના રોજ અલવરથી શ્રી શ્વેતાંબર સંઘનો પત્ર આવ્યો છે કે જીર્ણોદ્ધારનું કામ જલ્દી શરુ કરવાનું છે તો રૂબરૂ નક્કી થયેલા પ્લાન મુજબ દેરા-સરનો જીર્ણોદ્ધાર કરાવવા તેઓ બીજેથી રૂ. ૪૦૦૦ ટીપ કરી ભેગા કરે તે શરતે રૂ. ૩૦૦૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૨૨-૨-૧૯૪૧ ના રોજ સાદરી ગામના મુખ્ય દેરાસરના ગભારા ઉપરનું શિખર અને તેની નીચેનો મંડોવર વગેરેના જીર્ણોદ્ધારના કામ માટે રૂ. ૩૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૦-૨-૧૯૪૨ ના રોજ માંડવગઢ તીર્થના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૨૮-૬-૧૯૭૬ ના રોજ ખંભાતના શ્રી સ્તંભન પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના જીર્ણોદ્ધારમાં રૂ. ૭૦,૦૦૦/ દેરાસર ખાતે લખી આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— સને ૧૯૭૬માં અયોધ્યાથી આઠ ગાઉ દૂર આવેલ શ્રી રત્નપુરીજી તીર્થનો જીર્ણોદ્ધાર કરવાના કામમાં રૂ. ૧૦૦૦/ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

ઉપર આપેલી પેઢીએ જીર્ણોદ્ધાર માટે આપેલ સહાયનો ખ્યાલ આપતી માહિતી ઉપરથી જિનમંદિરોને જીર્ણોદ્ધારની બાબતમાં પેઢીએ કેવી ઉદારતા અને વિશાળ દૃષ્ટિ દાખવી હતી તેનું આહ્લાદકારી અને રળિયામણું ચિત્ર આપમેળે જ ઉપસી આવે છે. જે બાબત બીજાઓને માટે અનુકરણીય બની રહે તેવી છે.

જીર્ણોદ્ધારમાં થયેલ ખર્ચ સંબંધી વિશેષ માહિતી :—

પેઢીના પ્રમુખશ્રીએ વિ. સં. ૨૦૪૧ની સાલની જનરલ મીટિંગમાં અમદાવાદમાં તા. ૧૪-૪-૧૯૮૫ના રોજ પ્રમુખપદેથી જે વક્તવ્ય રજૂ કર્યું હતું તેમાં જીર્ણોદ્ધાર સંબંધી નીચે મુજબ માહિતી આપવામાં આવી હતી.

"જીર્ણોદ્ધારનાં કામો કારીગરોની અછતને કારણે એક સરખાં ચાલતાં નથી. સંવત ૨૦૩૭માં રૂ. ૭,૨૨,૭૫૧ મંજૂર કર્યા હતા. જ્યારે ખર્ચ માત્ર રૂ. ૨,૯૪,૧૭૦ થયો હતો. સંવત ૨૦૩૮માં રૂ. ૪,૯૧,૫૦૦/ મંજૂર કર્યા હતા અને ખર્ચ રૂ. ૭,૪૬,૯૮૦ થયો હતો. સંવત ૨૦૩૯માં રૂ. ૩,૪૫,૦૦૦ મંજૂર કર્યા હતા અને ખર્ચ રૂ. ૫,૪૦,૫૦૫ થયો હતો. અહેવાલના વર્ષ દરમ્યાન રૂપિયા ૮,૨૪,૦૦૦ મંજૂર કર્યા હતા અને ખર્ચ રૂ. ૮,૪૩,૦૦૦ થયો છે."[૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬ મા પ્રકરણની પાદનોંધો

૧. આ માટે એક પ્રાચીન શ્લોકમાં કહ્યું છે કે—

नवीन जिन गेहस्य, विधाने यत्फलं भवेत् ।
तस्माद्दष्टगुणं पुण्यं, जीर्णोद्धारेण जायते ॥

૨. શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનો અમૃત મહોત્સવ અમદાવાદમાં તા. ૧૦-૫-૧૯૭૦ના રોજ અખિલ ભારતીય ધોરણે ઉજવવામાં આવ્યો તે પ્રસંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય મિત્રી સોમપુરાશ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદીએ લખેલ અને શ્રી અમૃત મહોત્સવ સમિતિ તરફથી પ્રગટ કરવામાં આવેલ 'શત્રુંજય-રાણકપુર-દેલવાડા' નામે પુસ્તિકામાં (પૃ. ૩૩ થી ૩૮માં) શ્રી રાણકપુર તીર્થના જીર્ણોદ્ધારને લગતી જે આધારભૂત માહિતી રજૂ કરવામાં આવી છે તે અહીં આપવી ઉચિત લાગે છે જે આ પ્રમાણે છે—

પુરાણો તો કહે છે કે, દૈવી સત્ત્વો પર દાનવીય તત્ત્વો વિજય મેળવે ત્યારે સ્વર્ગનું પણ પતન થાય છે. પૃથ્વી પરના આ સ્વર્ગનું પણ એક કાળે એમ જ બન્યું. આ નલિની-ગુલ્મવિમાન તથા શ્રી નેમનાથ ભગવાન અને પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરો તથા જગતને જીવન બક્ષી રહેલા પ્રકાશના દેવ ભગવાન સૂર્યનારાયણના મંદિર સિવાયનું સારુંયે રાણકપુર ગામ ઉજ્જડ બની ગયું છે.

રાજકીય અસ્થિરતા અને અંધાધૂંધીના જમાનામાં સહુ પોતપોતાની સલામતીની ચિંતામાં પડ્યા હોય ત્યાં એકલા-અટૂલા પડી ગયેલાં અને નિર્જન સ્થાનોમાં રહેલાં દેવસ્થાનોની સંભાળ લેવાનું કોને સૂઝે? છતાં આવું સ્વર્ગીય સ્થાન તદ્દન વિસ્મૃત તો કેમ જ થાય? તેના સૌંદર્યે તેને તીર્થ બનાવી દીધું. સાદડી ગામના સંઘે તેની સારસંભાળ લેવા માંડી. પરંતુ વ્યવસાયી શ્રેષ્ઠીઓ ધંધામાં એટલા ગળાબૂડ બન્યા હતા કે મંદિર દિવસે દિવસે દુરવસ્થાને પ્રાપ્ત કરતું ગયું.

સમય પલટાયો, શ્રેષ્ઠીઓમાં કળિયુગ પેઠો, અને ધર્મનું સ્થાન અંગત મહત્ત્વાકાંક્ષાઓએ લીધું. ધર્મમાં વાડા પડ્યા. તેમાં પેટા પડ્યાં અને સમાજ ખંડ ખંડ થઈ ગયો. સમાજમાં પડેલા આ તડાઓએ અંગત મહત્ત્વ અને માનાપમાનની આગળ ધર્મની સેવાઓને ગૌણ ગણી, અને મંદિરની દુરવસ્થા વધતી ચાલી. દુંદુભિઓ અને મંત્રોચ્ચારોથી ગુંજતું આ સ્થાન ચામાચીડિયાં અને કબૂતરોનું નિવાસસ્થાન બન્યું! જ્યાં ધૂપ, કેસર અને પુષ્પોની સુગંધ આજુબાજુના વાતાવરણને ભરી દેતી હતી, ત્યાં ચામાચીડિયાં અને કબૂતરોની હગારની દુર્ગંધ ફેલાવા લાગી. નકશીદાર સ્તંભો, દ્વારો અને પાટડાઓ એટલા મેલા થઈ ગયા કે તે સફેદ આરસના છે, તેમ માનવું મુશ્કેલ પડવા લાગ્યું.

સેંકડો કલાત્મક પથ્થરોના સાંધાઓમાં મજબૂતી માટે જડેલા લોખંડના ખૂંટાઓનું આયુષ્ય પૂરું થયું હતું. દેહમાંથી બહાર નીકળવા ઇચ્છતા યોગીના પ્રાણ જેમ બ્રહ્મરંધ્રને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તોડી નાખે છે તેમ કાટથી ફૂલેલા આ ખૂંટાઓએ મંદિરનાં પથ્થરોના તાળવાં તોડી બહાર નીકળવા માંડ્યું, અને ઠેર ઠેર ગાબડાં પડ્યાં. ઘુંમટો અને છતોનાં ધાબાંઓમાંથી અનેક જગ્યાએ પાણી પડવા લાગ્યું. જમીન ઉપરની લાદી ઊખડીને ઊંચીનીચી થઈ ગઈ. કોઈ કોઈ સ્તંભો અને પાટડાઓમાં ચિરાડો પડી અને નલિનીગુલ્મવિમાનનો આધાર ખળભળવા લાગ્યો. નવ્વાણુ લખપતિઓ ધરાવતો સાદડીનો સંઘ હવે જાગ્યો હતો. પરંતુ એને માર્ગ સૂઝતો ન હોતો. કામ શક્તિ બહારનું લાગવા માંડ્યું હતું; ધનથી તો કદાચ પહોંચી શકાય પરંતુ આવા મહાન કાર્ય માટે જોઈતી સૂઝ કયાંથી લાવવી ? બહુ વિચારને અંતે જાણે મંદિરના અધિષ્ઠાયક શાસન દેવતાએ માર્ગ સુઝાડ્યો હોય તેવો પ્રકાશ પંચોના હૃદયમાં પડ્યો. અને ક્ષેત્રિય સંકુચિતતા છોડીને ભારતના સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ એવી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ તેમણે દૃષ્ટિ દોડાવી. પછી તો સાદડી સંઘ અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે વાટાઘાટો ચાલી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માટે પણ આ કાંઈ નાનુંસૂનું કામ ન હોતું, પરંતુ તેની પાસે સમર્થ નેતૃત્વ હતું : ગમે તે કાર્ય પ્રત્યે મૂલગામી પકડ ધરાવતી દૃષ્ટિવાળા પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની સબળ રાહબરી તેને સાંપડેલી હતી. ધરણાશાની ધગશનો શેઠ કસ્તૂરભાઈમાં આવિર્ભાવ થયો અને શેઠ આણંદજી કલ્યાણજીએ રાણકપુરનાં મંદિરોનો વહીવટ સંભાળી લીધો, પરંતુ કાર્ય ભગીરથ હતું. ધનની નહિ પણ મનની દૃષ્ટિએ શું કરવું અને કેમ કરવું ? આ મહાન મંદિરની દુરવસ્થા દૂર કરી તેનો કાયાકલ્પ કરે તેવા વૈદ્યો કયાં શોધવા ? પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈના મનમાં તેનો એક આખો નકશો હતો.

મહાન પ્રભાવક શાસનસમ્રાટ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજીની સલાહ અને આજ્ઞા લઈને આ ધર્મકાર્યની શરૂઆત તેમણે કરી; એ સમયના ઉત્તમ શક્તિ ધરાવતા શિલ્પીઓની સલાહ લેવા માંડી, અને આધુનિક સ્થાપત્યવિજ્ઞાનના ઉત્તમ જાણકારની બુદ્ધિનો લાભ લેવાનું નહિ ચૂકવાનું પણ નક્કી કરવામાં આવ્યું. અને તે મુજબ શિલ્પી ભાઈશંકર ગૌરીશંકર, પ્રભાશંકર ઓઘડભાઈ, જગન્નાથ અંબારામ અને દલછારામ ખુશાલદાસ એમ ચાર શિલ્પીઓના જૂથને જીર્ણોદ્ધારનો અહેવાલ આપવાનું સોંપાયું. બીજી બાજુ આધુનિક સ્થાપત્યવિજ્ઞાનના નિષ્ણાત ગ્રેગસન બેટલી એન્ડ કંપનીને પણ તે કામ સોંપવામાં આવ્યું. અને વિક્રમ સંવત ૧૯૮૯ માં શ્રી બેટલી અને શિલ્પીઓના અહેવાલો મળી ગયા. ઉપરોક્ત ચાર શિલ્પીઓ પૈકીના ધ્રાંગધ્રાના વતની શ્રી દલછારામ ખુશાલદાસને આ ભગીરથ કાર્યની જવાબદારી સોંપવામાં આવી. જે ખાણોના પથ્થરથી મંદિર બંધાયું હતું, તે સોનારાની ખાણોના પથ્થરો આવવા લાગ્યા અને બસો કારીગરોનાં ટાંકણાંઓની સરગમ ગૂંજવા લાગી. અનેક મારવાડી સોમપુરા કલાકારો પણ તેમના પૂર્વજોએ રચેલા આ અપૂર્વ સ્થાપત્યના ઉદ્ધારમાં લાગી ગયા. આજુબાજુનાં ગામડાંઓના સેંકડો મજૂરો ઊતરી પડ્યા અને જંગલમાં મંગલ બની રહ્યું. મનુષ્યો હોય ત્યાં કૂતરાંઓ પણ આવે જ. આ કૂતરાની લાલચે વાઘ અને દીપડા કોટ ઠેકીને ધર્મશાળાના ચોકમાં પડવા લાગ્યા. શરૂ શરૂમાં ભયભીત બનતા માનવીઓ ધીમે ધીમે જંગલી જનાવરોથી ટેવાઈ ગયા અને કામ ધમધોકાર ચાલવા લાગ્યું.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાદડીમાં અને શિલ્પીનો પડાવ રાણકપુરમાં રાખવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો. શિલ્પી દલછારામ કાર્યકુશળ, વહેવારુ બુદ્ધિવાળા પ્રવીણ પુરુષ હતા, અને પોતાના કાર્ય માટે સ્વતંત્ર બુદ્ધિ ધરાવતા હતા. શરૂ શરૂમાં સાદડી પેઢીના મુનીમો તેમની સાથે કદમ મિલાવી શકયા નહીં, પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈએ શ્રી દલછારામની શક્તિ પિછાની લીધી હતી. એટલે શિલ્પની અને કામની સરળતાની ખાતર શેઠ આણંદજી કલ્યાણજીએ એક પછી એક એમ બે મુનીમો બદલ્યા. છેવટે બોટાદના શ્રી હરગોવિંદદાસ મુનીમ તરીકે આવ્યા. તેમણે શિલ્પીના મિજાજને, કામના રંગને અને સાદડીના સંઘને પણ પારખી લીધા. સહુની સાથે સ્નેહભીનું વર્તન રાખી સૌરાષ્ટ્રીય મીઠાશનો પરિચય આપી કુનેહથી કામ લીધું. શેઠશ્રી કસ્તૂરભાઈના આ ભગીરથ કાર્યમાં મુનીમ અને શિલ્પી બન્ને તેમના ડાબા-જમણા હાથ બની રહ્યા.

જીર્ણોદ્ધારના કામની ઝડપ વધારવામાં આવી. મથુરા, આગ્રા, જયપુર, અલવર અને મારવાડનાં નાનાં-મોટાં ગામોના તથા ગુજરાત અને સૌરાષ્ટ્રના કારીગરોના સમૂહો જુદા જુદા મિસ્ત્રીઓના હાથ નીચે મૂકવામાં આવ્યા અને કામ વહેંચી આપવામાં આવ્યું.

ઘુંમટોની પદ્મશિલાઓનાં ઝુમ્મરો કાનુડા નામથી ઓળખાતી કાળી ચકલીઓએ પીછાં ચોડીને કરેલા માળાઓથી છવાઈ ગયા હતા. ઉત્તર મેઘનાદમંડપના ત્રણ માળ જેટલા ઊંચા ઘુંમટની પદ્મશિલાને સાફ કરતી વખતે ઘુંમટના છેલ્લા થર અને પદ્મશિલાની વચ્ચેની ઘસીમાં પક્ષીઓએ બાંધેલા મુસીબતે ઉખાડી શકાય તેવા સખ્ત માળાઓ ઉપર તેમનો જ શિકાર કરવા સુખેથી નિવાસ કરી રહેલા સાત ફૂટ લાંબા સોનેરી પટ્ટાઓવાળા સાપે તે માળા ઉખેડીને સાફ કરવા સામે સખ્ત વિરોધ કર્યો હતો. તે ગમે તેટલો વિરોધ કરે તોપણ પક્ષીઓએ કાયદા વિરુદ્ધ વગર પરવાનગીએ બાંધેલાં ઝૂંપડાંઓ તોડાવી નાંખી પદ્મશિલા સાફ કરાવવાની શ્રી દલછારામભાઈની મ્યુનિસિપાલિટી-મંદિરપાલિકા-ની ફરજ હતી. એટલે ત્રણ માળ ઊંચા પાલખ ઉપર ઊભા રહીને માળાઓની પાછળ સંતાકુકડી રમતા તે સાપને જેટલી મુસીબતે પોલીસો બહારવટિયાને પકડે તેટલી મુસીબતે પકડીને જંગલમાં મૂકી આવવો પડયો હતો. ત્યાર પછી જ કાનુડાનાં ઝૂંપડાં ઉખાડી શકાયાં હતાં; ત્રણ માળ ઊંચા ઘુંમટમાં તે કેમ ચડયો હશે તે આશ્ચર્યચકિત કરે તેવું છે.

ઉત્તર બલાનકનો શંખ-વલયાકૃતિ ઘુંમટ પહેલી નજરે જોનારના ખ્યાલમાં આવે નહિ, પરંતુ ધ્યાનથી જૂએ તો તેની ખૂબી તરત સમજાય તેવી છે. પથ્થરોની ગોળાઈને ચઢતા ક્રમથી ગોઠવીને એક સળંગ ગોળ રેખા ઉપજાવવી તે બુદ્ધિચાતુર્ય માગી લે છે. સ્કુના આંટાની જેમ આ ઘુંમટના થરો ગોઠવાયેલા છે. આવી બધી ખૂબીઓ જીર્ણોદ્ધાર વખતે મહાર આવી અને સ્પષ્ટ સ્વરૂપ ધારણ કરી રહી.

મેઘનાદ મંડપોના ત્રણ માળ ઊંચા સ્તંભો ઉપરના તૂટેલા પાટડાઓ ત્યાંથી કાઢી નાખી તેના જેવા જ બીજા નવા પાટડાઓ બેસાડવા અને ઉપરનો બધો બોજો એમ ને એમ જ રહેવા દેવો તે કામ શિલ્પીની બુદ્ધિની કસોટી કરે તેવું હતું. પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈ તરફથી પૂરતું, પ્રોત્સાહન પામી ચૂકેલા શિલ્પી દલછારામે આવું બધું કામ સહજ રીતે પાર ઉતાર્યું.

કોઈ સ્વરૂપવાન પુરુષને દુરવસ્થામાં આવી પડયા પછી મહિનાઓ સુધી સ્નાન કરવાનો સમય મળે નહીં, ગંદાં થઈ ફાટી ગયેલાં કપડાં શરીર પર ચીટકી ગયાં હોય, ગુમડાં નીકળ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય અને શરીર દુર્ગંધ મારતું હોય, તથા દાઢી અને માથાના વાળ વધી ગયા હોય ત્યારે તેની સુંદરતાના હાલ કેવા દેખાય ! તેવા જ હાલ આ અદ્‌ભુત દેવવિમાન જેવા ત્રૈલોક્ય-દીપકપ્રાસાદના જીર્ણોદ્ધાર પૂર્વે હતા, તેવી કલ્પના કરીએ તો તે કાંઈક યોગ્ય સરખામણી ગણાશે.

હાલ જો એક કારીગરનું એક દિવસનું વેતન ૧૦) રૂપિયા અપાતું હોય તો આ જીર્ણોદ્ધાર વખતે તે રૂ. ૧–૫૦ અપાતું હતું, તેવા સમયમાં આ મંદિરના જીર્ણોદ્ધારમાં શેઠ આણંદજી કલ્યાણજીએ રૂ. ૪,૭૦,૦૦૦ ખર્ચ્યા છે. તે ઉપરથી કામના પરિમાણનો ખ્યાલ આવે તેમ છે. આ તો બધી મંદિરના જીર્ણોદ્ધારની ઝીણવટભરી સૂક્ષ્મ વાતો થઈ, પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈની વિશાળ દૃષ્ટિ ફક્ત આટલી સુધારણાથી સંતોષ માને તેમ નહોતી. તેમને શ્રી ધરણાશાની આ અમૂલ્ય ભેટની કલાનું રસાસ્વાદન કરવા સમસ્ત ભારત અને સમસ્ત વિશ્વના સૌંદર્યપ્રેમીઓ અહીં આવી દેવાર્પણ કરાયેલી કલા દ્વારા, માનસિક શાન્તિ અને આનંદ પ્રાપ્ત કરે, તેમ કરવું હતું, અને તે માટે મંદિરની બહાર પણ દૃષ્ટિ દોડાવ્યા વિના ચાલે તેવું ન હોતું.

મંદિરની દીવાલોને લાગીને નાની નાની ઓરડીઓવાળી ધર્મશાળા બનાવવામાં આવેલી હતી. તેનો મંદિરની સાથે લાગેલો ભાગ શક્ય તેટલો મંદિરથી દૂર હઠાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. મંદિરની આજુબાજુ આવેલી સમસ્ત જમીનને ફરતો કોટ બનાવવામાં આવ્યો અને તે જમીનમાં પ્લોટો પાડી સુંદર વિશાળ પચાસ અને સાઠ ફીટ પહોળા રસ્તાઓ ફૂટપાથની કિનારીઓ બાંધીને બનાવવામાં આવ્યા. રસ્તાઓ ઉપર વૃક્ષો ઉછેરાવવામાં આવ્યાં. નવી અદ્યતન ઢબની બે ધર્મશાળાઓ બનાવવામાં આવી. અને છેલ્લી ઢબનાં દરેક સાધનો ત્યાં વસાવવામાં આવ્યાં. યાત્રીઓને ભોજન બનાવવાની કડાકૂટમાંથી ઉગારી લેવા માટે સુંદર ભોજનશાળાનું નિર્માણ કરવામાં આવ્યું.

આબુતીર્થના દેવમંદિરોનાં જીર્ણોદ્ધારની કહાણી રસમય અને માહિતીપૂર્ણ ભાષામાં મિત્રો અમૃતલાલભાઈ ત્રિવેદીએ પાદનોંધ નં. ૨ માં જણાવેલ પુસ્તિકામાં રસમય રીતે આપી છે. જિજ્ઞાસુઓને એ પુસ્તિકા જોવા ભલામણ છે. એ પુસ્તિકાની નકલ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની અમદાવાદની મુખ્ય શાખામાંથી મળી શકે એમ છે.

૪. પેઢી તરફથી જેમ પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર માટે સહાય આપવામાં આવે છે તેમ સમયને પારખીને નવાં જિન મંદિરો માટે પણ સહાય આપવામાં આવે છે જે અંગે પેઢીના પ્રમુખ શેઠ શ્રી કેશુભાઈએ વિ. સં. ૨૦૪૧ ની જનરલ મીટિંગમાં નીચે મુજબ રજૂઆત કરી હતી:

"નૂતન જિનાલયો માટે પણ સંવત ૨૦૩૨ થી ૨૦૪૦ ની સાલ સુધીમાં રૂ. ૨૩,૭૮,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા છે. અને તે પૈકી રૂ. ૧૭,૬૯,૦૦૦ ચુકવી દેવામાં આવ્યા છે.',

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરવણી

શ્રી અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટીની કામગીરી

જીર્ણ થતાં કે થયેલાં જિનમંદિરોના જીર્ણોદ્ધાર દ્વારા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની માફક એની સાચવણી કરવાની વિશિષ્ટ કામગીરી બજાવી રહેલ શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટીનો સંક્ષિપ્ત પરિચય આ પ્રકરણને અંતે અહીં જ આપી દેવો ઉચિત લાગે છે.

આ સંસ્થાનું પોતાનું આગવું બંધારણ છે. આ બંધારણમાંની નીચે મુજબની માહિતી ધ્યાન આપવા લાયક છે.

આ સંસ્થાની સ્થાપના (૫૦ વર્ષ પહેલાં) સને ૧૯૩૫ના અરસામાં કરવામાં આવી હતી.

(૧) સ્થળ :—

આ કમિટીની ઑફિસ હાલ તુરત માટે અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં રાખવી, ભવિષ્યમાં કમિટીને યોગ્ય લાગતાં બીજા કોઈ સ્થળે પણ ફેરવવી. (કલમ નં. ૩).

(૨) ઉદ્દેશ :—

ભારતભરનાં દેરાસરોના જીર્ણોદ્ધાર માટે માંગણીઓ આવતાં તેની જરૂરિયાતો તપાસી તે દેરાસરોનો પૂરેપૂરો જીર્ણોદ્ધાર કરાવવા વ્યવસ્થા કરવી અગર કરાવવી અને ખાસ કારણે ફક્ત યોગ્ય મદદ કરવી. (કલમ નં. ૨).

(૩) કમિટી યા સામાન્ય કમિટીના સભ્યો :—

(૧) સ્વપ્નની બોલી અથવા બીજી કોઈ યોગ્ય રીતિએ જીર્ણોદ્ધારમાં વાપરવામાં આવતી ઉપજ કમિટીને સુપ્રત કરનાર અગર કમિટીના ઉદ્દેશમાં સહાનુભૂતિ ધરાવનાર દરેક ઉપાશ્રય તરફથી બે સભ્યો.

(૨) રૂપિયા ૫૦૦/ થી રૂ. ૨૦૦૦/ સુધી વાર્ષિક રકમ આપનાર દેરાસર, સંસ્થા અગર પેઢી તરફથી મોકલવામાં આવતા એક આજીવન તે વર્ષ માટે.

(૩) **અ** રૂપિયા ૧૦૧/ અગર તેથી વધુ રકમ આપનાર કોઈ પણ ગૃહસ્થ તે વર્ષ માટે.

બ રૂપિયા ૧૦૦૧/ એકી સાથે આપનાર ગૃહસ્થ 'આજીવન' સભ્ય ગણાશે.

ક રૂપિયા ૨૦૦૧/ અગર તેથી વધુ એકી સાથે આપનાર ગૃહસ્થ આ સંસ્થાના 'દાતા' ગણાશે.

નોટ :—

ઉપર ૧, ૨ અને ૩ માં જણાવેલ દેરાસર, સંસ્થા કે પેઢી રૂ. ૨૦૦૦/ કે તેથી વધારે વાર્ષિક મદદ આપનાર બે સભ્યો અને રૂ. ૫૦૦૦/ કે તેથી વધારે વાર્ષિક મદદ આપનાર ચાર સભ્યો મોકલી શકશે. કમિટી યા સામાન્ય કમિટી ઉપરના સદ્‌ગૃહસ્થોની બનશે. (કલમ નં. ૫).

સંસ્થાના અડતાલીસમા રિપોર્ટમાં જણાવ્યા મુજબ આ સંસ્થાનાં નીચે મુજબ બે ઓનરરી સેક્રેટરી છે. (૧) રા. અમૃતલાલ વાડીલાલ શાહ (૨) રા. હિંમતલાલ ચીમનલાલ ચોકસી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંસ્થાની સ્થાપના થયે લગભગ અડધી સદી વીતી જવા છતાં એનું કાર્યાલય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં જ રાખવામાં આવ્યું છે. તે ઉપરથી તેમજ આ સંસ્થાની નીચે જણાવેલ જિનમંદિરોના જીર્ણોદ્ધારની કામગીરી ઉપરથી એમ જરૂર કહી શકાય કે આ સંસ્થા જીર્ણોદ્ધારની બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની એક પૂરક સંસ્થા તરીકે કામગીરી બજાવી રહી છે. જે પ્રશંસનીય તેમજ અનુકરણીય છે.

કામગીરી :—

કમિટીના ૪૯ મા રીપોર્ટમાં પૂ. આચાર્ય મહારાજને તથા પૂ. મુનિ મહારાજોને સહાય મોકલવા માટે જે વિનંતી કરવામાં આવી છે તેમાં કમિટીની અત્યાર સુધીની કામગીરીનો ખ્યાલ નીચેના શબ્દોમાં આપવામાં આવ્યો છે.

"અત્યાર સુધીમાં કમિટીએ ૫૦૧ દેરાસરોના જીર્ણોદ્ધારનાં કામ મંજૂર કરેલાં તે પૈકી ૪૯૩ દેરાસરોના જીર્ણોદ્ધારનાં કામ પૂરાં થયાં છે. અને ૮ દેરાસરોનાં કામ ચાલુ છે તે માટે કમિટીએ મંજૂર કરેલાં રૂ. ૪૪,૨૨,૦૬૫–૭૪ માંથી રૂ. ૪૪,૦૨,૦૬૫–૭૪ ખર્ચાયા છે અને રૂ. ૨૦,૦૦૦–૦૦ ચાલુ કામો માટે ખર્ચવાના છે.

કમિટી તરફથી ખૂબ જ વ્યવસ્થિત રીતે કામ થાય છે. નાણાંનો કોઈ પ્રકારનો ગેરવ્યય થતો અટકે એટલું જ નહિ પણ કરકસરથી ચોકસાઈપૂર્વક દેખરેખ નીચે કામ કરવામાં આવે છે. ઘણાં ગામના સંઘોએ કમિટીના કામથી સંપૂર્ણ સંતોષ દાખવ્યો છે. મુનિ મહારાજને પણ યથાશક્તિ મદદ અપાવે છે."

ઉપરના લખાણ ઉપરથી જોઈ શકાશે કે 'અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી અને ફંડ' નામે સંસ્થા દેશભરનાં દેરાસરોના જીર્ણોદ્ધાર માટે કેવી ઉપયોગી કામગીરી બજાવી રહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

છાપરિયાળી ગામ અને પેઢીની જીવદયાની કામગીરી

જીવદયા એ જૈનધર્મનો પ્રાણ છે અથવા એના વ્યાપક અર્થમાં એમ પણ કહી શકાય કે અહિંસા ત્યા જીવદયા એ બધાં ધર્મોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. [૧] ભગવાન તીર્થંકરોએ ઉદ્‌બોધેલ વિશ્વમૈત્રીની ભાવનાને ચરિતાર્થ કરવાનું એક માત્ર સાધન અહિંસા ત્યા કરુણા છે. અર્થાત અહિંસા અને કરુણાના વિચારની ઉપેક્ષા કરવાથી કયારેય વિશ્વમૈત્રીની ભાવના જીવન સાથે એકરૂપ ન બની શકે. આમ હોવાનું કારણ એ છે કે સર્વ જીવો જીવવાની અને સુખી થવાની લાગણી સેવતા હોય છે. અને મરવું કે દુઃખી થવું કોઈને ગમતું હોતું નથી. [૨] જીવદયાના પાલનમાં એ જાણવું જરૂરી હોય છે કે જીવોની ઉત્પત્તિ કયાં કયાં થાય છે અને એમના સંહાર અને દુઃખથી બચવા માટે કેટલી બધી જાગૃતિ રાખવી પડે છે, એ તીર્થંકર ભગવંતોની શોધ છે કે એમણે પોતાના વિશિષ્ટ જ્ઞાનના બળે એ જોયું કે, એ પૃથ્વી, પાણી, વાયુઓ અને અગ્નિ પણ સજીવ તત્ત્વો છે એટલે આ બધાંને કોઈ પણ રીતે દુઃખ ન પહોંચે એવી રીતે જીવવું જરૂરી છે. પણ આમ જીવનનિર્વાહ કરવો એ શકય લાગતું નથી, એટલા માટે માનવીએ અહિંસાની ધર્મ-ભાવનાને સમજીને પોતાનું જીવન એવી રીતે ગોઠવવું જોઈએ કે જેથી ઓછામાં ઓછા જીવોનો સંહાર થાય અથવા તો એમને ઓછામાં ઓછું દુઃખ પહોંચે એ રીતે પોતાના જીવનવ્યવહારની ગોઠવણ કરવી જોઈએ. અહિંસા અને કરૂણાની વ્યાપક ભાવનાને જીવન સાથે વણી લેવાનો આ જ રાજમાર્ગ છે.

આથી એ સમજવું મુશ્કેલ નથી કે, જૈન ધર્મનાં તીર્થસ્થાનોની સારસંભાળ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે જીવદયાની પ્રવૃત્તિ કરવાનું જુદું ખાતું હોય. પાલીતાણા પાસેનું છાપરિયાળી ગામ એ જીવદયા માટે ભાવનગર રાજય પાસેથી પહેલાં વાર્ષિક રૂ. ૨૫૧નાં ઈજારેથી લીધેલું અને પાછળથી લેટ મળેલું ગામ છે, જે નીચે મુજબના એક દસ્તાવેજ ઉપરથી જાણી શકાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી દરબાર મહારાજ શ્રી અખેરાજજી વાં !

શેઠ આણંદજી કલ્યાણજી જત છાપરીઆલી પ્રગણે મહુવાનું ગામ તમને દરબારે પરથમ રૂ. ૨૫૧/ની રકમથી ઈજારે આપેલ પણ હાલમાં વડીલ મહારાજ શ્રી વિજયસંઘજી દેવ થાતાં એ ગામ ખોડાઢોરમાં ધરમાદા આપુ છે. માટે હવેથી તે રકમનાં રૂપીઆ લીધામાં નહીં આવે ને એ ગામનો વહીવટ તમામ તમો કરજો તેમાં કોઈ દિવસ કશી વાતે હરકત થાશે નહીં એ ગામ તમને આપ્યું છે તે વંસ પરંપરા પાલામાં આપશે.

સંવત ૧૯૦૮ના ચૈત્ર વદ- ૧૧. ૩ (તારીખીયા મુજબ આ તિથીએ તા. ૧૫-૪-૧૮૫૨ હતી.)

(નોંધ :—આ દસ્તાવેજ શુદ્ધ રૂપમાં પૂરેપૂરો વાંચી શકાયો નથી. એટલે જેઓએ સાચે સાચું લખાણ વાંચવાની ઇચ્છા હોય તેઓએ આ દસ્તાવેજની છબી આ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવી છે તે જોવી).

આ દસ્તાવેજ ઉપરથી એટલું તો જાણી શકાય છે કે પેઢીએ છાપરીયાળી ગામ જીવદયાના કામ માટે વાર્ષિક રૂ. ૨૫૧/ ઠરાવીને ભાવનગર રાજ્ય પાસેથી ઈજારે રાખ્યું હતું. પરંતુ એ જાણી શકાયું નથી કે આ ઈજારાની શરૂઆત કઈ સાલથી થઈ હતી.

ક્ષેત્રફળ :- આ છાપરિયાળી ગામ તથા સીમની મળીને કુલ જમીન ૩૬૦૪ એકર અર્થાત ૯૦૧૦ વીઘા થાય છે. આટલી જમીન એના ગામ સાથે વિ. સં. ૧૯૧૧ની સાલમાં ભાવનગર રાજ્ય તરફથી પેઢીને દાનમાં મળી હતી અને એ ગામ જીવદયાની પ્રવૃત્તિ માટે ભેટ આપેલું હોવાથી એના ઉપર કોઈ પણ જાતની મહેસુલ ભાવનગર રાજ્ય તરફથી વસુલ કરવામાં આવતી ન હતી, પરંતુ સ્વરાજ્યની પ્રાપ્તિ બાદ રાજ્યોનું વિલીનીકરણ થયું તેમાં કાયદા પ્રમાણે બારબલી ધારો લાગુ પડ્યો. એટલે સાડાપાંચસો વીઘા જમીન ખેડૂતોના તાબામાં હતી તે તેમને આપી દેવામાં આવી. આ સિવાયની જમીન પેઢી પાસે છે. આ જમીનમાંથી છસો વીઘા જમીનમાં વાવેતર થાય છે અને બાકીની જમીનમાં બીડ છે જેનું કાયદેસર મહેસુલ પેઢી ભરે છે. ખેડૂતોને આપેલી જમીનોનું વળતર સરકાર પેઢીને આપે છે.

શ્રીકૃષ્ણકુમારસિંહજીનો નિયમ :-અહીં એક વાતની ખાસ નોંધ લેવી જોઈએ કે ભાવનગરના છેલ્લા ત્યાગમૂર્તિ રાજવી શ્રીકૃષ્ણકુમારસિંહજી જ્યારે જ્યારે છાપરિયાળી ગામ આવતા ત્યારે એ ગામનું પાણી સુદ્ધાં પીતા ન હતા, કારણકે એ ગામ જીવદયાના કામ માટે ભેટમાં આપવામાં આવેલું ધર્માદા કરેલું ગામ હતું. (ગામની જમીનના આંકડા સાથેની અહીં સુધીની હકીકત સને ૧૯૮૦ની સાલમાં પાલીતાણા પાસે આવેલ શેત્રુંજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમના દેરાસરના મેનેજર શ્રી લાભશંકરભાઈ જેઠાલાલ પાઠક પાસેથી જાણવામાં આવી છે તેની અહીં સાભાર નોંધ લેવામાં આવે છે.)

દેરાસર :- છાપરિયાળી ગામ પાસે આવેલી એક નાની ટેકરી ઉપર ભગવાન ઋષભદેવનું નાનું સરખું જિનાલય છે જેમાં નીચે મુજબ શિલાલેખ કોતરવામાં આવેલો છે :

"સં. ૧૯૨૧ મહાવદી ૩, સોમવાર રાજનગર નિવાસી ઓસવાલજ્ઞાતીય વૃદ્ધ શાખાના દોશી (અહીં નામ વંચાતું નથી) **રવચંદ પત્ની દોલબાઈના પુત્ર શાહ માહાભાઈના શ્રેયાર્થે પમના પત્ની ધેલીબાઈએ.....પ્રતિષ્ઠાપક મટ્ટારક શાન્તિસાગરસૂરિ..."**

વિશાળ વડલો :- આ ગામથી થોડે દૂર સીમના ભાગમાં એક ખૂબ વિશાળ વડલો આવેલો છે. એને "વિઘોવડ" (વિઘા જેટલો વિશાળ વડ) નામે એની વિશાળતાને કારણે ઓળખવામાં આવે છે, જે જોવાલાયક છે. આ વડલાનો ઉપયોગ ઉનાળામાં પશુઓ છાયામાં બેસવા માટે કરે છે.

કૂવો :- આ ગામની સીમમાં એક 'ધોળો કૂવો' જેને 'નવો કૂવો' પણ કહેવામાં આવે છે, તેની બેડે બન્ને બાજુ અવેડા બનેલા છે. આ કૂવો વિ. સં. ૧૯૯૪ની સાલમાં અમદાવાદના શેઠ માણેકલાલ ચુનીલાલ શાહે આપેલ રૂ. ૨૪૦૦/ની સખાવતથી બંધાયેલ છે એવો ત્યાં લેખ છે.

આ ગામમાં જે પાંજરાપોળ આવેલી છે તેમાં ઘાયલ પશુઓ અને અપંગ પશુઓ તથા ઘરડાં થયેલાં જાનવરોને રાખવામાં આવે છે ને એમની પૂરેપૂરી દાકતરી સારવાર થતી રહે, તેમ જ એમને ખોરાક-પાણી બરાબર મળતાં રહે એનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે છે. આથી અહીં પશુઓની સંખ્યા વધારે પ્રમાણમાં રહે અને ખર્ચમાં દર વર્ષે તાણ પડતી રહે એ સ્વાભાવિક છે.[૪] કયારેક તો આ બાબ અથવા તાણ એટલા મોટા પ્રમાણમાં વધી જાય છે કે જ્યારે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓને એની ચિંતા કરીને ખર્ચ પૂરું કરવાનો પ્રયત્ન કરવો પડે છે.

અહીં એ કહેવાની જરૂર નથી કે આ પાંજરાપોળમાં આવતાં પશુઓનું ઘાસ નિયમિત અને પ્રમાણસર મળતું રહે એ માટે ઘાસની ગાંસડીઓ સારા પ્રમાણમાં વસાવવી પડે છે.

વિશાળ કારોબાર :- આ સ્થાનના રક્ષણ માટે એક ગામના વહીવટ જેટલો વિશાળ કારોબાર ચલાવવો પડે છે અને એ માટે મેનેજર અર્થાત મુનીમ, હિસાબખાતાના માણસો, પોલીસપટેલ, જમાદાર, ઢોરના ડોકટર વગેરે માણસોનો નિભાવ કરવો પડે છે, સાથે સાથે ચમારો વગેરેને ભામનો ઈજારો સમયે સમયે આપવો પડે છે તેમ જ વખત આવે એડૂતોને તગાવી પણ આપવી પડે છે. અહીં એ જાણવું રસપ્રદ થઈ પડશે કે કોઈકે વાર ભામના ઈજારદાર ચમારો પાસે રૂ. ૬૪૮૭ જેટલી મોટી રકમનું લેણું પડ્યું હતું. જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસૂલ કરવા માટે એમને રજીસ્ટર નોટીસ આપવી પડી હતી. આ બનાવ ઈ. સ. ૧૮૮૯ની આસપાસ બન્યો હતો.

છાપરિયાળી ગામ પાસે કૂલવાડી છે. એને વાર્ષિક રૂ. ૭૫/ થી ઈજારે આપવાનું નક્કી થયું હતું. તેમ જ તે કૂલવાડીની સાચવણી માટે ગઢ ચણવા માટે રૂ. ૩૭૫/ નું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું.

કેટલીક જાણવા જેવી કામગીરી :- એક વાર ગઢડાના ઠાકોરે એ પ્રમાણે લખ્યું હતું કે દર વર્ષે અમુક રકમ લઈને એમનાં ઢોર છાપરિયાળીમાં રાખવાં, આ કામ ખાસ જીવદયાનું હોવાથી પેઢીએ આ વાત મંજૂર રાખી હતી. કયારેક એવો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો કે શ્રી સંઘને છાપરિયાળી પાંજરાપોળના જીવદયા ખાતાના હિસાબનો ખ્યાલ આવે એટલા માટે એનો રિપોર્ટ છપાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કયારેક લીમડીના મહાજને પોતાની પાંજરાપોળમાંનાં ત્રણસો ઢોર પોતાની પાસે આર્થિક સગવડ ન હોવાથી, વગર ફીએ છાપરિયાળીમાં રાખવાની માંગણી કરી હતી જે જીવરક્ષાની દૃષ્ટિએ મંજૂર રાખવામાં આવી હતી. પાલીતાણા પાસે આવેલ ભંડારિયા ગામમાં ઘાસની ગંજી હતી, તે ઘાસ સારું હોય તો છાપરિયાળીથી છસો-સાતસો ઢોરને લઈ જઈને તે ખવરાવી દેવું અને ઢોરને રાખવા અંગેની વ્યવસ્થા માટે રૂ. ૨૦૦/ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

છાપરિયાળીમાં ખર્ચની હંમેશાં તંગી રહેતી હતી. તે પૂરી કરવા પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ સદા ચિંતિત અને જાગૃત રહેતા હતા તે નીચેના દાખલાઓ ઉપરથી જોઈ શકાય છે.

— ઈ. સ. ૧૮૯૨ની સાલમાં છાપરિયાળીનાં ઢોરોને રાખવાનું છાપરું દુરસ્ત કરવા માટે રૂ. ૨૨૨૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— એક વાર ધોરાજીના મહાજનને એમ લખવાની ફરજ પડી હતી કે ફી લીધા વગર છાપરિયાળીમાં ઢોર રાખી શકાશે નહિ. છાપરિયાળીમાં અપંગ કૂતરાં વગેરેની સાચવણી બરોબર થઈ શકે તે માટે રોટલા કરનારી બે બહેનોને રાખવામાં આવી હતી.

— કયારેક છાપરિયાળી પાંજરાપોળમાં ઢોરોનો ભરાવો થઈ જવાથી વધુ ઢોર ન મોકલાવવાની છાપરિયાળીથી માંગણી કરવામાં આવી હતી જેનો જીવદયાની દૃષ્ટિએ ઇન્કાર કરવામાં આવ્યો હતો.

— કયારેક એવું પણ બન્યું કે છાપરિયાળીના ખેડૂતો પોતાની જમીન મૂકીને ભાગી ગયા એટલે સીમમાંની ખેતીલાયક જમીન નિયમિત ખેડાતી રહે એટલા માટે તગાવી આપીને પણ બીજા ખેડૂતોને વસાવવાની ફરજ ઊભી થઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-- ઈ. સ. ૧૮૯૭ની સાલમાં ખેડૂતોની ઉપજ ઓછી થવાને લીધે એમને મહેસૂલમાં રાહત આપવી પડી હતી.

— ઈ. સ. ૧૮૯૯ની સાલમાં ખેડૂતોની વિઘોટી માફ કરવી પડી હતી.

— ઈ. સ. ૧૯૦૦ની સાલમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે છાપરિયાળી ખાતે બળદ તથા સાંઢડા છે તેથી એ સાલમાં નોકરોને રાખી તેમની પાસે વાવેતર કરાવવું અથવા તો આપણા બળદ રાખી કોઈ ખેડ કરવા માંગે તો તેમને તેમ કરવા કહેવું, પણ આ વર્ષે તગાવી વગેરે આપીને વાવેતર કરાવવું નહિ.

— ઈ. સ. ૧૯૦૦ માં મહુવામાં બંદરના કસાઈઓ ઢોરની કતલ કરવા વેચાતાં લઈ જાય છે તેવાં ઢોર તેઓ ન લઈ જાય તે માટે મહુવા મહાજન તે ખરીદી લે છે અને તેવાં ઢોર તેઓ વગર કીએ છાપરિયાળી મોકલવા માંગે છે, એટલે ઠરાવ કરવામાં આવ્યો કે મહુવા મહાજન આવાં ઢોર ખરીદી મોકલે તે ૨૦૦ જીવ સુધી વગર કીએ છાપરિયાળી રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

— ઈ. સ. ૧૯૦૩ની સાલમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે છાપરિયાળી ગામમાં આગ બુઝાવવાનો એક બંબો વસાવવો તથા પાંજરાપોળનાં મકાનોનો વીમો ઉતરાવવો અને છાપરિયાળીના જે ખેડૂતોની ઉપજ ઓછી થઈ હોય તેમનાં પાસેથી અધો વેરો લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૦૬ માં છાપરિયાળીના નવા ખેડૂતોને વરસાદ થયા પછી બી તથા નિંદામણ માટે રૂ. ૭૫ આપવાનું ઠરાવવામાં આવ્યું.

— છાપરિયાળીની ફૂલવાડી એક વર્ષને માટે જેસરના ખોજા આસમ જસરાજને રૂ. ૧૩૧/માં આપવાનું ઠરાવવામાં આવ્યું. એ ભાઈ જો છાપરિયાળીમાં મકાન કરાવે તો તેને પંદરથી વીસ રૂ. કાટ અને નળિયા માટે રોકડા આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— છાપરિયાળીના ખેડૂતોને રહેવા માટે સત્તર ખોરડા કરાવવાને રૂ. ૪૨૫/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— છાપરિયાળીમાં રાખવામાં આવેલ ઘોડાઓમાં વાળ ખરવાનો રોગ થયો હોવાથી તેમને પાવા માટે તેલ ખરીદવા માટે રૂ. ૧૦૫/ની મંજૂરી આપવામાં આવી હતી.

— ખાતર માટે છાપરિયાળીનાં ઘેટાં, ચોકના રહીશ શ્રી ગરાસીયા દાજીભાઈ મલુભાઈને આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— છાપરિયાળીનાં ઢોરો માટે ઘાસની તંગી ન પડે એટલા માટે દસ ગાડી જેટલું ઘાસ આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— છાપરિયાળીના જમાદાર તથા પોલીસપટેલને રૂ. પાંચનું તેમજ રબારી બેચર મેઘાને માસિક રૂ. ૨નું પેન્શન આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૦૯માં પાલીતાણા ઢોરને પાવા માટે તેલ મણ ૧૫ રૂ. ૧૧૦નું લેવા મંજૂરી આપવામાં આવી હતી.

— ઈ. સ. ૧૯૦૯માં પાલીતાણા પાસે આવેલ ઈથાવેજ ગામમાં ઢોરને પાણી પાવા માટેનો હવાડો કરવા સારુ રૂ. ૬૫/ સાધારણ ખાતે લખી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— છાપરિયાળીમાં આવેલું બોડા ઢોરનું કારખાનું નભી શકે માટે બીજી પાંજરાપોળ કે બીજાં બહારગામનાં મહાજન પાસેથી જાનવર દીઠ આ પ્રમાણે રકમ લેવાનું નક્કી કરવામાં આવ્યું. બે રૂપિયા મોટા ઢોરના, એક રૂપિયો નાના ઢોરનો અને અડધો રૂપિયો દરેક બોકડા અથવા ઘેટાનો.

— છાપરિયાળી પાંજરાપોળની ઘાસની ગંજીઓ ઉપર છાપરા કરાવવા માટે રૂ. ૧૧૬૯૩-૧૫-૦નું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૨માં ગુજરાતના પાનસર તીર્થ માટે ત્રણ બળદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૩માં છાપરિયાળીનાં મુનિમે કોઈક કસૂર કરવાથી એના પગારમાં રૂ. પાંચનો ઘટાડો કરવાનું ઠરાવવામાં આવ્યું.

— બહારવટીયાઓએ કયારેક ભાવનગર રાજ્યનું લેરા ગામ ભાંગ્યું એ ઉપરથી ચિંતિત થઈને છાપરિયાળી ખાતે રૂ. ૭૫ની કિંમતની ત્રણ બંદુકો વસાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— સૌરાષ્ટ્રમાં આવેલ સોનગઢ ગામ નજીક આવેલ નરસિંહ મહેતાના હવાડાને જોડવા માટે છાપરિયાળીથી એક બળદ આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૩ના જાન્યુઆરી માસમાં છાપરિયાળીમાં રાખવામાં આવેલ જનાવરના ડોકટરે પોતાને ત્યાં આવેલ જાનવરની દવા ફ્રી લીધા વગર કરવી પણ જાનવરને જોવા માટે બહારગામ ન જવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૩માં છાપરિયાળી પાંજરાપોળમાં આખુ ગાડું તોલાય તેવો કાંટો ખરીદવા માટે રૂ. ૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા.

— ઈ. સ. ૧૯૧૫માં મિ. પી. એસ. કંસારાની છાપરિયાળીના ઢોરના ડોકટર તરીકે માસિક રૂપિયા બાવીસના પગારથી નિમણુક કરવામાં આવી અને એમને મદદ કરવા માટે માસિક રૂ. ૬ના પગારથી એક માણસ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— ઈ. સ. ૧૯૧૫માં વઢવાણનું મહાજન તેમની પાસે લેણા નીકળતા રૂ. ૬૦૦૦/ આપે તો તે રૂપિયા મળ્યા પછી ચાલુ સાલથી દર સાલ તેઓ રૂ. ૭૫૧/ આપીને સો ઢોર સુધી મોકલે તો છાપરિયાળીની પાંજરાપોળમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૬ માં છાપરિયાળીનાં ખેડૂતને કુલ રૂ. ૨૦૦/ની તગાવી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૧૬ની સાલમાં દુષ્કાળ હોવાથી છાપરિયાળીના વાડીવાળા ખેડૂત પાસેથી બાર આની ફારમ લેવાનું અને બાકીની ચાર આની ફારમ આવતી સાલ લેવાનું, તેમજ જે ખેડૂતો વાડી વગરના છે, તેમની પાસેથી હાલ આઠ આની ફારમ લેવાનું, ચાર આની ફારમ આવતી સાલ લેવાનું અને ચાર આની ફારમ માફ કરવાનું ઠરાવવામાં આવ્યું.

— ઈ. સ. ૧૯૧૭માં એવો ઠરાવ કરવામાં આવ્યો કે છાપરિયાળીના સિપાહી કરીમખાં અજીતખાંનું ખૂન થયું હોવાથી તેની માતા બાઈ સમીને રૂ. બે મળતા હતા તેમાં રૂ. એકનો વધારો કરી આપવો.

— કચારેક ગામ ઓરપાડના રહીશ શા. હકમજી મેઘજીના રૂ. ૫૦૦ જમા કરી તેના નોટ કે બોન્ડ લેવા અને તેનું જે વ્યાજ આવે તે છાપરિયાળીમાં વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું.

— કચારેક મુંબઈના શા. અંદરજી અલેચંદ તરફથી આવેલ રૂ. ૧૦૦૦/ની સાડા ત્રણ ટકાની પ્રોમીસરી નોટો લઈ તેનું જે વ્યાજ આવે તે છાપરિયાળીની પાંજરાપોળમાં ઘાસચારા માટે વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું.

— ઈ. સ. ૧૯૧૮માં છાપરિયાળીના મુનિમ શ્રી ત્રાજજી જાદવજીએ સંસ્થાની સિલકનો પોતાના અાનગી કામમાં ઉપયોગ કર્યો હોવાથી તેમનો રૂ. પાંચનો દંડ કરવાનું ઠરાવવામાં આવ્યું.

— ઈ. સ. ૧૯૧૮ના રોજ ત્રણ કામો અંગેના ખર્ચની મંજૂરી આપવામાં આવી. છાપરિયાળીમાં હવાડો બાંધવા માટે રૂ. ૧૧૪૦/, નવા છાપરાની આસપાસ વંડો કરાવવા માટે રૂ. ૧૩૦૦/ તથા બંધારિયુ તળાવ ખોદાવવાના કામના મહેનતાણા તરીકે સરકારે નક્કી કરેલ રાહત પ્રમાણે અનાજ વગેરે આપવાનું નક્કી કરવામાં આવ્યું.

— સને ૧૯૧૯માં ચીરોડા ગામને રૂ. ૩૦૦/ ખર્ચ કરી હવાડો કરાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

— ઈ. સ. ૧૯૨૦માં છાપરિયાળીના મુનિમ તરીકે શ્રી પ્રભુદાસ લક્ષ્મીદાસની માસિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂ. ૭૫થી કામચલાઉ નિમણૂક કરવામાં આવી હતી. આ નિમણૂક તા. ૩૧-૭-૧૯૨૦ ના ઠરાવથી રદ કરવામાં આવી હતી.

— ઈ. સ. ૧૯૨૦માં છાપરિયાળીમાં સખત વરસાદ અને વાવાઝોડાના તોફાનથી ઘણું જ નુકસાન થયું છે અને લોકો નિરાધાર થઈ ગયા છે એટલા માટે પેઢીના જે જે મકાનને નુકસાન થયું હોય તે સરખુ કરાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૨૦માં છાપરિયાળીનાં દુધિયા ઢોરના રક્ષણ માટે રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા.

— ઈ. સ. ૧૯૨૨માં અંજારના ૧૦૦-૧૫૦ ઢોર દરેક ઢોરના રૂ. ૧૫/ અથવા એકાદ ઓછો લઈ છાપરિયાળી રાખવામાં આવશે અને ૫૦૦ ઢોર રાખવાનું ભવિષ્યમાં થશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઈ. સ. ૧૯૨૨માં પાલીતાણા શાખા પેઢીના વંડામાંના તથા છાપરિયાળી પાંજરા-પોળમાંના ઉપયોગમાં નહી લેવાતા ઘોડાઓ તથા ઘોડીઓ તથા આખલાઓ જે અશક્ત હોય તેવા વેચી નાખવાની પરવાનગી આપવામાં આવી હતી.

-- ઈ. સ. ૧૯૨૨માં પાલીતાણાથી છાપરિયાળી જઈ આવી શકાય એટલા માટે એક ઊંટ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું.

— ઈ. સ. ૧૯૪૨માં છાપરિયાળી ગામના જુદા જુદા ખેડૂતો પાસેથી રૂ. ૧૦૪૮-૮-૦ જેટલું મહેસૂલ લેવાનું બાકી છે. આ લેણું જે તે ખેડૂત ખાતે ઉધારીને સારું વરસ થયે એ રકમ વસૂલ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

ભામના ઇજારાની વાત:- છાપરિયાળીની પાંજરાપોળમાં અપંગ, ઘરડાં અને માંદાં પશુઓ જ મોટે ભાગે રખાતાં હોવાથી ત્યાંનાં પશુઓનું મરણપ્રમાણ વધારે હોય તે સ્વાભાવિક છે. એટલે દર વર્ષે ભામનો (પશુઓને દાટવાની જગ્યાનો) ઇજારો આપવાનો થતો. આવા ઇજારા દર વર્ષે આપવામાં આવતા. ઇજારા લેનારાઓને ધારણા પ્રમાણે ઉપજ ન થવાથી કયારેક નુકસાન પણ થતું હોય એવા પણ કેટલાક દાખલા બનેલા છે. આવા પ્રસંગમાં ચમાર, કસાઈ જેવા માણસો સાથે કામ પડતું હોવાથી એમની સાથે કુનેહથી કામ લેવું પડતું હતું. આવા પણ કેટલાક દાખલા છાપરિયાળીની પાંજરાપોળના કારોબારમાં નોંધાયેલા હશે. સાથે સાથે એવું પણ બન્યું હોય કે એથી ઇજારાની પૂરેપૂરી રકમ મળી જવા પામી હોય. ભામના ઇજારા અંગેના કેટલાક દાખલા નીચે મુજબ છે :

-- તા. ૩૧-૧૨-૧૮૮૫ના રોજ એવું ઠરાવવામાં આવ્યું હતું કે જીવા મોમનનો કાગળ આવે એટલે જામવાળીના ચમારોને ભામનો ઇજારો આપવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૬-૧૧-૧૮૯૨ના રોજ જામવાળીના ચમાર જગા જેઠા વગેરેને રૂ. ૧૫૨૫ માં છાપરિયાળી ભામનો ઇજારો આપવાનું ઠરાવવામાં આવ્યું અને એ પેટે રૂ. ૫૦૦/ લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— સને ૧૮૯૪ની સાલમાં ભામનો ઇજારો જામવાળીના ચમાર જગા જેઠા વગેરેને રૂ. ૩૧૦૧/માં અને રૂ. ૭૭૫/ ડીપોઝીટ તરીકે લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨૦-૧-૧૮૯૫ના રોજ છાપરિયાળી ભામના ઇજારદારને રહેવા માટે મકાન કરાવી આપવા માટે રૂ. ૧૦૦/ મંજૂર કરવામાં આવ્યા.

— તા. ૭-૧૦-૧૮૯૭ના રોજ છાપરિયાળી ભામનો ઇજારો જામવાળીના ચમાર જગા જેઠા તથા કરસન હરજી વગેરેને આપવાનું ઠરાવવામાં આવ્યું.

— તા. ૨૨-૧૦-૧૮૯૯ના રોજ છાપરિયાળી ભામનો ઇજારો જામવાળીના ઉપર જણાવેલ શખ્શોને રૂ. ૫૭૦૦/માં આપવાનું ઠરાવ્યું અને વધારામાં એમની પાસેથી કોસ માટે ચામડાં નંગ ૨૦ વગર કિંમતે લેવાનું ઠરાવવામાં આવ્યું.

— ઇ. સ. ૧૯૦૦માં ભામનો ઇજારો પાલીતાણાવાળાએ જેસરના ચમાર બુધા લાખા વગેરેને આપ્યો તે મંજૂર કરવામાં આવ્યો.

— તા. ૧૯-૧૨-૧૯૦૦ના રોજ ઉપર આપેલા રૂ. ૯૦૧/નાં ઇજારામાંથી રૂ. ૩૨૧/ ઓછા આવ્યા તે માંડી વાળવાનું અને સંવત ૧૯૫૮નો ઇજારો એમને રૂ. ૩૫૦/ થી આપવાનું ઠરાવવામાં આવ્યું.

— તા. ૯-૧૧-૧૯૦૨ના રોજ ભામનો ઇજારો સંદરણ ગામના ચમાર વિરા કાંધા વગેરેને રૂ. ૧૧૫૧/થી પાલીતાણાએ આપવો એવું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨-૧૦-૧૯૦૩ના રોજ ભામનો ઇજારો જેસરના વોરા અબ્દુલ કરીમ મહુવાના મેમણ સુલેમાન ઇસ્માઇલને રૂ. ૧૭૫૧ થી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૧૨-૧૯૦૪ના રોજ ભામનો ઇજારો રૂ. ૫૪૦૧/ થી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩૧-૧-૧૯૦૬ના ઠરાવ મુજબ ભામનો ઇજારો રૂ. ૩૮૦૦/માં જામવાળીના ચમાર લુણા જગા તથા મોરસણ ગામના ચમાર ભોજા મેઘાને આપવાનું ઠરાવ્યું પણ તેઓએ રકમ ન ભરતાં બીજા કોઈને રૂ. ૩૬૦૦ થી માગણી કરનારને તે આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— સને ૧૯૦૭નો ભામનો ઇજારો રૂ. ૬૦૦૧/માં મહુવાના ખોજા પીરભાઈ કુરજી તથા ખોજા નજરઅલી નાનજીને આપવામાં આવ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— સને ૧૯૧૦માં આ ઇજારો રૂ. ૩૫૫૫/માં ગારિયાધારવાળા કચેસમજી મુસાજીને આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— સને ૧૯૧૨ની સાલનો ભામનો ઇજારો રૂ. ૧૧૫૦૧/માં ખોજા હસનઅલ્લી વગેરેને આપવાનું ઠરાવ્યું. ભામના ઇજારાના બાકી રહેતા રૂ. ૧૫૦૦/ માંડી વાળવાનું ઠરાવ્યું અને ઇજારદારને છૂટા કરવામાં આવ્યા.

— સને ૧૯૩૧ની સાલનો ઇજારો ઘેટી ગામવાળા ચમાર ઉગા જેઠા વગેરેને આપવામાં આવ્યો.

આ ઉપર આપ્યા દાખલા ઉપરથી જોઈ શકાય છે કે ભામના ઇજારાની રકમમાં વર્ષોવર્ષ સંજોગ પ્રમાણે ફેરફાર થતો રહ્યો છે અને એ ફેરફાર કેવા પ્રકારનો હતો તે બતાવવા માટે ઉપર આપેલી માહિતી પૂરતી લાગે છે.

વધારાના ખર્ચને પહોંચી વળવાના ઉપાયો :– આ વાતનો ચિતાર તા. ૩-૧૨-૧૮૮૮ની વહીવટદાર પ્રતિનિધિઓની મીટિંગના નીચે મુજબ લખાણ ઉપરથી સ્પષ્ટરૂપે આવી શકે છે :

" છાપરિયાળી ખાતે ખોડાં ઢોરનું જે કારખાનું ઉઘાડવામાં આવેલું છે તેના ખરચને સારુ મદદ તરીકે કાઠિયાવાડનાં તમામ ગામોનાં મહાજનો તરફથી ઉમરા દીઠ અમુક રકમ આપવા કબુલ કરેલી તે ઉઘરાવવા ખાસ માણસ રાખેલો. તે ઉપર મુજબ નાણા ઉઘરાવવા ઠેકાણે ઠેકાણે ગયા હતા. છતાં મહાજનો તરફથી મદદ મળતી નથી બલકે રાખેલ ગુમાસ્તાના પગાર વગેરે ખરચ જેટલાં પણ વખતે નાણાં ભેગાં થતાં નથી. એટલું જ નહીં પણ ભાવનગર મધેના સંઘ તરફથી સં. ૧૯૨૬ની સાલથી ખોડા ઢોર ખાતે ચોથ આપવા કરાર લખી આપ્યા છતાં તે પ્રમાણે હજુ સુધી તેમની તરફથી વરતવામાં આવ્યું હોય તેમ જણાતું નથી. આ અને બીજા કારણોને લીધે છાપરિયાળીનાં ખોડા ઢોર ખાતે ખરચ કરતાં દર વરસે ઉપજમાં સુમારે રૂપૈયા આઠ-દસ હજારનો તોટો પડે છે અને તે કારણથી જીવદયા ખાતે સુમારે બે લાખ રૂપૈઆનું કરજ થઈ ગયેલું છે. માટે ઉપજ કરજનો સુમાર સરખો લાવવાના હેતુથી એવો ઠરાવ કરવામાં આવે છે કે કાઠિયાવાડના દરેક ઠેકાણે ઠેકાણેના મહાજન તરફથી હવે પછી જે ઢોર મોકલવામાં આવશે તે બાબત નીચે પ્રમાણેના ઢોર દીઠ રકમ લેવામાં આવશે.

" રૂ. ૨/ દરેક મોટા ઢોરના, ૧/ રૂ. દરેક નાના ઢોરનો તથા ૦॥/ રૂ. દરેક મોટા બોકડા તથા ઘેટાનો.

" ઉપર પ્રમાણે ઢોર દીઠ રકમ ગણી મહાજનો તરફથી ઢોર ઉપર બતાવેલ દર પ્રમાણેની રકમ સાથે મોકલવામાં આવશે તે ઢોરોને જ ફક્ત દાખલ કરવામાં આવશે. "

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરાંત તા. ૧૦-૧૨-૧૮૯૫ ની વહીવટદાર કમિટીની મીટિંગમાંનું નીચે મુજબનું લખાણ પણ પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની છાપરિયાળીના વહીવટમાં પડતી બાધ અંગેની ચિંતાનો ખ્યાલ આપે એવો હોવાથી અહીં એને રજૂ કરવો ઉચિત લાગે છે.

"છાપરિયાળીના (જીવદયા) ખાતે સુમારે બે લાખ રૂપૈઆનું દેવું થઈ ગયું છે તે અદા કરવા સંબંધી શો ઈલાજ કરવો તે વીગેરે બાબતમાં દેશાવરથી આવેલા ઉપરના ગૃહસ્થોની સૂચનાથી અમદાવાદનો સંઘ સંવત ૧૯૫૦ ના કારતક વદ અમાસ વાર શુક્રના રોજ એકઠો થયો. તેમાં ઠરાવ થયો છે કે, "અમદાવાદ શહેર સિવાય આખા હિન્દુસ્તાનમાં જે જે ઠેકાણે જૈન બંધુઓની વસ્તી છે તે તે ગામોમાં દરેક લાયક ઘર દીઠ રૂ. ૧/ એકથી રૂ. ૫/ પાંચ સુધી એક વખત જીવદયા ખાતે લેવા અને ખુશીથી કોઈ તેથી વધારે આપે તો તેટલા લેવા" વીગેરે મતલબનો ઠરાવ સંઘે કર્યો છે. વાસ્તે તે ઠરાવના આધારે જે જે કાગળ વીગેરે લખવું પડે તે કામ આપણે કરવું."

આ ઉપરાંત છાપરિયાળી પાંજરાપોળના વહીવટમાં આવતી જતી બાધ અંગે તા. ૫ મી ઓગસ્ટ ૧૯૩૦ ના રોજ નીચે મુજબ પરિપત્ર લાગતી વળગતી વ્યક્તિઓને પાઠવવામાં આવ્યો હતો.

"વિશેષ લખવાનું કે શ્રી પાલીતાણા શત્રુંજય તાબાની અમારા હસ્તકની છાપરિયાળી પાંજરાપોળની ઉપજના પ્રમાણમાં ઢોરોની સંખ્યા ઘણી મોટી હોવાથી સદરહુ કરજ દિવસે દિવસે વધતું જાય છે તે અટકાવવા માટે પાલીતાણા મુકામે તા. ૨૪-૪-૧૯૩૦ ના રોજ આ સંસ્થાના વહીવટદાર પ્રતિનિધિઓ તથા કાઠિયાવાડના સ્થાનિક પ્રતિનિધિઓ તથા છાપરિયાળી પાંજરાપોળમાં જે જે ગામો તરફથી ઢોરો મોકલવામાં આવે છે તે ગામની પાંજરાપોળના વહીવટદારો તથા મહાજનના આગેવાનોની એક મીટિંગ ભરવામાં આવી હતી. સદરહુ મીટિંગમાં સૂચન થયા અનુસાર આપને લખવાનું કે-છાપરિયાળી પાંજરાપોળમાં ત્રિશુળ વગેરેથી આંકેલાં ઢોરોને રાખવામાં આવશે નહિ, માટે આપ આપની પાંજરાપોળ તરફથી કોઈ પણ તેવાં ઢોરોને ત્યાં મોકલશો નહિ.

વિશેષ ઉપર જણાવ્યા મુજબ છાપરિયાળી પાંજરાપોળની કરજવાન સ્થિતિને લીધે બીજાં ઢોરો રાખવાનું પણ હાલ બંધ કરવામાં આવ્યું છે તેની આપ નોંધ લેશો તા. સદર."

જૈન સંઘ જોગ કરવામાં આવેલી એક અપીલ :—

પેઢીના દફ્તરમાંથી જાણવા મળે છે કે તા. ૧૨-૮-૧૯૩૪ના રોજ જૈન સંઘને ઉદ્દેશીને નીચે મુજબ અપીલ કરવામાં આવી હતી :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વિશેષ સિદ્ધક્ષેત્ર શ્રી પાલીતાણા તાબે છાપરિયાળી ગામે અમારા તરફથી એક મોટી પાંજરાપોળ ચલાવવામાં આવે છે અને તેમાં લગભગ પંદરસો જાનવરો રહે છે. સદરહુ પાંજરાપોળને વાર્ષિક લગભગ ૪૫,૦૦૦ રૂ.નું ખર્ચ થાય છે ને જ્યારે ઉપજમાં શ્રી શત્રુંજયની જાત્રાએ આવનાર જૈન ભાઈઓ જે થોડી ઘણી રકમ આપે છે તે તથા અમદાવાદની અમુક જ્ઞાતિઓ તરફથી મરણ પાછળ ચોથની અમુક રકમ આપવામાં આવે છે તે મળી આશરે રૂપીઆ બાર હજારની છે, આ સ્થિતિમાં સદરહુ પાંજરાપોળને નિભાવતાં આશરે રૂપિયા બે લાખનું કરજ થઈ ગયેલ છે.

"સદરહુ પાંજરાપોળના વહીવટમાં નોકર આદિ ખર્ચમાં બને તેટલું ઓછું કરવા અમોએ તજવીજ કરી છે પરંતુ જાનવરોની મોટી સંખ્યાને લીધે ઉપજ ખર્ચ પુરતી નહીં હોવાથી કરજની રકમ દિવસે દિવસે વધતી જાય છે. સદરહુ કરજમાંથી જેટલે અંશે બને તેટલે અંશે મુક્ત થવા માટે આપને વિનંતિ કરવાની કે હાલમાં આપણા પવિત્ર પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ આવે છે; અને તે પવિત્ર દિવસોમાં આપ સૌ યથાશક્તિ દાન કરો છો તો સદરહુ પવિત્ર દિવસોમાં આપને ત્યાંનો સંઘ એકઠો કરી છાપરિયાળી પાંજરાપોળની કરજવાન સ્થિતિ સંઘ સમસ્તને જણાવી મુંગાં પ્રાણીઓને નિભાવ અર્થે જેટલી બને તેટલી વધારે નાણાની મદદ કરવા પ્રયત્ન કરશો, અને આપના ગામને શોભે તેવી મોટી રકમ એકઠી કરી અમારી અમદાવાદની પેઢીને અગર સિદ્ધક્ષેત્ર શ્રી પાલીતાણાની પેઢીએ મોકલી આપી આભારી કરશો. આવા મહાન કામ માટે આપને વિશેષ લખવાની અમને જરુર લાગતી નથી.

આપના તરફથી નાણા આવ્યે તેની છાપેલી નંબરવાળી પહોંચ મોકલવામાં આવશે."

સીં. દે.
મેનેજર,

"ભગુભાઈ ચુનીલાલ
ચીમનલાલ લાલભાઈ
વહીવટદાર પ્રતિનિધિ"

આ અપીલ ઉપરથી એટલું તો જાણી શકાય છે કે છાપરિયાળીની પાંજરાપોળમાં પંદરસો જેટલાં પશુઓ રાખવામાં આવતાં હતાં અને એના નિભાવ માટે રૂ. ૪૫,૦૦૦ જેટલું ખર્ચ થતું હતું.

આ પહેલાં તા. ૩૦-૧-૧૯૩૧ના રોજ પણ આનાથી થોડીક 'મોટી' પણ લગભગ આ જ મતલબની જૈન સંઘ જોગ અપીલ શેઠ શ્રી પ્રતાપસિંહ મોહોલાલભાઈ તથા શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ બે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની સહીથી ઠેર ઠેર મોકલવામાં આવી હતી તે ઉપરથી એટલું જાણી શકાય છે કે છાપરિયાળી પાંજરાપોળમાં આવક કરતાં ખર્ચમાં કેટલો બધો વધારો થયો હતો અને એ માટે પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ કેટલા ચિંતિત અને સક્રિય હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાપરિયાળીમાં સાંઢડા રાખવા બાબત :— જ્યાં નર માદા પશુઓને રાખવામાં આવતાં હોય ત્યાં માદા પશુઓના પ્રજનન કાર્ય માટે સાંઢડા રાખવાની જરુર પડે એ સ્વાભાવિક છે. પેઢીના તા. ૨૩-૯-૧૯૩૦નાં એક પત્રમાંથી એવી માહિતી સાંપડે છે કે ચાલીસ-પચાસ જેટલા સાંઢડાને વગર ફીએ રાખવાની ભલામણ એક ભાઈએ કરેલ તે મંજૂર રાખવામાં આવી હતી.

નાના બોકડાને બચાવવાની કામગીરી :—નવા જન્મેલા જે બોકડાની મા બીજા ટોળામાં ભળી જવાને કારણે અથવા તો મરી જવાને કારણે એમને માતાનું ધાવણ મળવાનું બંધ થઈ ગયું હોય અને તેથી તેઓ કમજોર થઈને મરી જવાના ભયમાં આવી પડ્યા હોય તેમને બહારનું દૂધ ખરીદીને પાઈને બચાવવાની હિલચાલનો જીવદયામાં સમાવેશ થાય છે. એટલે છાપરિયાળીની પાંજરાપોળને આવી પ્રવૃત્તિ ચલાવવાની અથવા તો એવી પ્રવૃત્તિને સહાય આપવાની જરુર પડતી હતી. આવી જીવરક્ષાની પ્રવૃત્તિમાં ભાવનગરના શાસ્ત્રોના અભ્યાસી ધર્માત્મા શેઠ શ્રી કુંવરજી આણંદજી ઘણું જ ધ્યાન આપતા રહેતા હતા. એમની પ્રેરણાથી આ દિશામાં જે કંઈ પ્રવૃત્તિ થઈ છે તેની વિગત આ પ્રમાણે છે. આવી જીવરક્ષાની પ્રવૃત્તિમાં બીજા ગામોનાં મહાજનોનો તથા સદ્‌ગૃહસ્થોનો પણ ફાળો મળતો રહ્યો છે એ કહેવાની જરુર નથી. કારણ કે આવી પ્રવૃત્તિને કરુણાપ્રેરિત જીવદયાની પ્રવૃત્તિ લેખવામાં આવે છે. આના થોડાક દાખલા નીચે પ્રમાણે છે—

— તા. ૬-૮-૧૮૮૦ના રોજ શિહોરના મહાજનની અરજીથી એમના તરફથી આવતા બોકડા પરનો કર માફ કરવામાં આવ્યો હતો અને ઉચક રૂ. ૧૫ લેવામાં આવ્યા હતા.

— તા. ૧૮-૧-૧૮૮૬ના રોજ ઘોઘામાં રાખવામાં આવેલ બોકડાના ખર્ચ અંગેનું બીલ મંજૂર કરવામાં આવ્યું હતું અને આગળ ઉપર એમ ન કરતાં પાલીતાણે બોકડા મોકલી આપવાનું સૂચવવામાં આવ્યું હતું.

— સને ૧૮૯૩માં પાલીતાણે ઘણા બોકડા મરી જાય છે તો એના બચાવની રીત અંગે મુંબઈની પાંજરાપોળમાં સેક્રેટરીને પૂછવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૬-૮-૧૮૯૪ના રોજ તળાજા મહાજને પોતાનાં ઢોર ત્થા બોકડા વગર ફીએ રાખવાની માંગણી કરી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

— તા. ૨૨-૫-૧૯૦૫ના રોજ વીંછીયાના મહાજનની ફી લીધા વગર પોતાના બોકડા ત્થા ઢોર રાખવાની માંગણી નામંજૂર કરવામાં આવી. આ જ રીતે વીંછીયાના મહાજનની આવી માંગણીઓ તા. ૧૪-૧૧-૧૯૦૬ ત્થા ૧-૭-૧૯૧૧ના રોજ નકારવામાં આવી હતી.

— સને ૧૯૦૬માં પાલીતાણાની આસપાસનાં ગામડાંમાં બોકડા મોટા કરવાનો ઉપદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવા માટે એક ગુમાસ્તો રૂ. ૧૨ થી અને એક સિપાહી રૂ. ૬ થી બે માસ માટે રોકવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૯-૧૨-૧૯૧૨ના રોજ ભાવનગરના શેઠ શ્રી કુંવરજી આણંદજીની માંગણી પ્રમાણે એમણે મોકલેલી યાદી મુજબનાં ૨૪ ગામના દુધિયા બોકડાના ખર્ચના રૂપિયા વ્હેંચવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨૦-૧૧-૧૯૧૪ના રોજ શેઠ શ્રી કુંવરજીભાઈ એ રૂ. ૨૦૦૦/ની માંગણી દુધીયા બોકડાં માટે કરી હતી પણ જીવદયા ખાતામાં ઘટાડો હોવાથી રૂ. ૧૫૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા અને તા. ૨-૧૧-૧૯૨૫ના રોજ શેઠ કુંવરજીભાઈની માંગણી ઉપરથી દુધીયા બોકડા માટે રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૦-૯-૧૯૧૫ના રોજ દુધિયા બોકડાને દૂધ પાવા માટે રૂ. ૩૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા અને એની વ્હેંચણી શેઠ કુંવરજી આણંદજી દ્વારા પેઢીના ગુમાસ્તા મારફત કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૧૦-૧૧-૧૯૧૬ના રોજ દુધીયા બોકડા માટે રૂ. ૩૦૦૦/ શેઠ શ્રી કુંવરજીભાઈ તથા પેઢીના ગુમાસ્તા મારફત વ્હેંચણી કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૧૦-૧-૧૯૧૮ના રોજ શેઠ કુંવરજી આણંદજીની માંગણીથી અમુક રૂપિયા દુધિયા બોકડા માટે મંજૂર કરવામાં આવ્યા હતા પણ વિશેષમાં એવી નોંધ કરવામાં આવી હતી કે આ મદદ પાંજરાપોળોને એક સાલ પૂરતી જ છે, કારણ કે પાંજરાપોળમાં ઓટ છે અને કાઠિયાવાડમાંથી જે લાગો મળતો હતો, તે મળતો બંધ થઈ ગયો છે, અને આ માટે શેઠ કુંવરજીને આ લાગો ચાલુ કરવા લખવું આમ છતાં તા. ૭-૧૧-૧૯૧૮ના ઠરાવ પ્રમાણે રૂ. ૩૦૦૦/ દુધિયા બોકડા માટે શેઠ શ્રી કુંવરજીભાઈ મારફત તથા પેઢીના ગુમાસ્તા મારફત વ્હેંચવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨૨-૧૨-૧૯૧૯ના રોજ પણ દુધિયા બોકડા માટે શેઠ શ્રી કુંવરજી આણંદજીની ભલામણથી મંજૂર કરવામાં આવ્યા હતા, અને આવતી સાલથી આ મદદ બંધ કરવાનું સૂચવવામાં આવ્યું હતું.

— તા. ૮-૧૨-૧૯૨૧ના રોજ શેઠ કુંવરજી આણંદજીએ દુધિયા બોકડા માટે રૂ. ૨૦૦૦/ કે રૂ. ૩૦૦૦/ આપવાની માંગણી કરી હતી તે ઉપરથી રૂ. ૨૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૦-૧૧-૧૯૨૨ના રોજ શેઠ કુંવરજી આણંદજીની માંગણીથી દુધિયા બોકડા માટે રૂ. ૨૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૩-૩-૧૯૨૭ના રોજ શેઠ શ્રી કુંવરજીભાઈના કહેવાથી રૂ. ૧૦૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

બીડ ભાડે રાખવા સંબંધી :—બીડ ભાડે રાખવા સંબંધી કેટલાક દાખલા નીચે મુજબ છે.

— ભાવનગર સ્ટેટ પાસેથી વીરાવડલીનું બીડ માસુદભાઈ તાજુભાઈએ રૂ. ૩૨૫/થી ઇજારે રાખેલ છે તે બીડ રૂ. ૬૦૦/માં છાપરિયાળી પાંજરાપોળ માટે ઇજારે રાખવામાં આવ્યું હતું.

— તા. ૩-૯-૧૯૪૦ના રોજ છાપરિયાળી પાંજરાપોળનાં જનવરો માટે ઘાસનો સ્ટોક કરવાનો હોવાથી મહુવા મહાલનાં કુલ આઠ બીડ રૂ. ૩૮૮૨/થી ઇજારે રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૮-૧૦-૧૯૪૧ના રોજ છાપરિયાળી પાંજરાપોળ માટે રૂ. ૫૦૦/થી નાળનું બીડ રૂ. ૧૩૦૨/થી, કરજાળાનું બીડ રૂ. ૪૩૧/થી ઇજારે રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૧૭-૮-૧૯૪૨ના રોજ છાપરિયાળી પાંજરાપોળનાં જનવરો માટે ગલ્લાનું બીડ રૂ. ૧૩૦૧/માં એક વર્ષ માટે ઇજારે રાખવામાં આવ્યું હતું.

— તા. ૨-૯-૧૯૪૨ના રોજ છાપરિયાળી પાંજરાપોળ માટે નીચે મુજબનાં બીડો કુલ રૂ. ૨૩૭૮/થી ઇજારે રાખવામાં આવ્યાં હતાં.

ભાયાગાળો – રૂ. ૧૭૫-૦૦, જડકલા – રૂ. ૬૦૧-૦૦ માં
રાણીગાળો – રૂ. ૫૦૧-૦૦, વીરાવડલી – રૂ. ૩૦૧-૦૦ માં
ઠાંગ્રોડી – રૂ. ૩૨૫-૦૦ અને કરજાળા રૂ. ૩૭૫-૦૦ માં રાખવામાં આવ્યાં હતાં.

— તા. ૨૨-૯-૧૯૪૨ના રોજ જડકલાનું બીડ રૂ. ૧૨૫/થી તે ગામના ગરાસિયાને એકવીસ હજાર પૌંડ ઘાસ આપવાની શરતે રાખવામાં આવ્યું હતું.

— તા. ૨૨-૯-૧૯૪૨ના રોજ રબારિકાનું બીડ રૂ. ૧૫૦/ના ઇજારેથી રાખવામાં આવ્યું હતું.

ઘાસના સ્ટોક સંબંધી :—ઘાસના સ્ટોક સંબંધી કેટલાક દાખલા નીચે મુજબ છે.

— તા. ૧૩-૪-૧૮૯૫ના રોજ છાપરિયાળીમાં પાંચ લાખ ઘાસના પૂળાની બીજી ગંજી ઉત્પન્ન કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૩-૧૮૯૫ના રોજ છાપરિયાળીમાં દસ લાખ પૂળાનો સંગ્રહ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૯-૧૦-૧૯૧૯ના રોજ રાણકપુરજીનાં ઢોરો માટે રૂ. ૧૭૪-૬-૦ ઘાસ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૧-૫-૧૯૪૦ નો એક ઠરાવ જણાવે છે કે મક્ષીજીના ઘાસનું બજેટ રૂ. ૭૫/ હતું પણ ઘાસની અછતના કારણે રૂ. ૧૨૫/ ખર્ચ થવા સંભવ છે માટે બીજા વધારાના રૂ. ૪૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૩૧-૧૧-૧૯૪૦ના રોજ એવી દુરંદેશી દાખવવામાં આવી હતી કે ચાલુ સાલે દુષ્કાળ હોવાથી છાપરિયાળીમાં ઢોરોની સંખ્યા વધારે છે, તેમજ આજુબાજુનાં ગામડાંમાંથી વધુ ઢોરો આવવાનો સંભવ છે માટે સ્ટોકમાં વીસ લાખ પાઉન્ડ ઘાસ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

જીવદયા માટે મળેલું દાન :—જીવદયા માટે મળેલા દાનના દાખલા નીચે મુજબ છે.

— તા. ૧૧-૨-૧૯૧૩ના રોજ જીવદયાના દેવાના રૂ. ૭૪૧૩૬/ ભરપાઈ કરી શકાય એટલું દાન સ્વ. શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈના નામે આપવાની અમદાવાદના શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈએ દરખાસ્ત કરેલી છે એનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

— તા. ૧૩-૬-૧૯૨૧ના રોજ અમદાવાદના શાહ મૂલચંદ સાંકળચંદ પાસેથી ધી અમદાવાદ જીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લી. ના સાત શેરો ભેટ લેવા અને દર વર્ષે જે વ્યાજ આવે તે એમને તથા એમની દીકરી કાન્તાને આપવું અને એ બન્નેની હયાતી બાદ છાપરિયાળી પાંજરાપોળનાં જનવરોને ઘાસ તથા દાણો આપવામાં વાપરવું એવું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨૫-૧૧-૧૯૨૧ના રોજ એવો ઠરાવ કરવામાં આવ્યો કે શ્રી વાલજીભાઈ વેણીરાવ નામના સદ્‌ગૃહસ્થે રૂ. ૨૧૦૦/ જમા કરાવ્યા તેનું સાડા છ ટકાની લોનમાં રોકાણ કરી જે વ્યાજ આવે તે દર આસો સુદ પૂનમના રોજ છાપરિયાળીનાં ઢોરોને ઘાસ તથા કપાસીયા ખવડાવવામાં વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૪-૫-૧૯૨૩ના રોજ વઢવાણના મહાજને ૨૫૦ જેટલાં ઢોરને રાખવા માટે પાંચ વર્ષ માટે વાર્ષિક રૂ. ૧૫૦૦/ ચૂલાવેરો છાપરિયાળી પાંજરાપોળમાં આપવાનું કહ્યું હતું તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

— તા. ૧૫-૯-૧૯૨૩ના રોજ લીમડીના મહાજન પાસેથી એમની માંગણી મુજબ દર વર્ષે રૂ. ૧૫૦૦ લઈ એમની પાંજરાપોળનાં ૨૦૦ ઢોર છાપરિયાળીમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— અમદાવાદના શેઠ લાલભાઈ હીરાચંદ રતનચંદે રૂ. ૧૦૦૧/ ભર્યા છે. તે સાડા ત્રણ ટકાની લોનમાં રોકવા અને તેનું જે વ્યાજ આવે તે રકમ દર વર્ષે માગસર સુદ ૩ ના રોજ છાપરિયાળી પાંજરાપોળનાં જાનવરોને ઘાસચારો ખવડાવવામાં વાપરવી એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— ઉજ્જૈનના જૈન શ્વેતાંબર સંઘે-સંઘવી શ્રી વાડીલાલ છગનલાલ હસ્તક રૂ. ૧૦૦૧/ ભર્યા છે તે સાડા ત્રણ ટકાની લોનમાં રોકીને તેનું જે વ્યાજ આવે તે રકમ દર વર્ષે વૈશાખ સુદી ૧૩ ના રોજ છાપરિયાળીનાં ઢોરોને ઘાસચારો નાખવામાં વાપરવી એવું નક્કી કરવામાં આવ્યું હતું.

પરચૂરણ બાબત :—

— તા. ૨૩-૫-૧૮૮૯ના રોજ છાપરિયાળીમાં માંદા કૂકડા અને કબૂતરને રાખી શકાય એવું મકાન બાંધવાના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૨૦-૧-૧૮૯૫ના રોજ એમ ઠરાવ કરવામાં આવ્યો કે સંસ્થાને મોટું દેવું થઈ ગયું હોવાથી ઢોર બે વર્ષ માટે વગર ફીએ રાખી શકાય એવી સ્થિતિ નથી.

— તા. ૩૧-૧-૧૯૦૦ના રોજ મહુવાના કસાઈઓ ઢોરોની કતલ કરવા માટે વેચાતાં લઈ જાય છે, તેવાં ઢોરોને તેઓ ન લઈ જાય તે માટે મહુવા મહાજન ખરીદી લે છે અને તેવાં ઢોરોને છાપરિયાળીમાં રાખવાની તેઓની માંગણી છે, આવાં ઢોરો જ્યારે મહુવાથી છાપરિયાળી આવે ત્યારે એને એક પશુ દીઠ રૂ. ૨૦૦/ લઈને છાપરિયાળીમાં રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨-૧-૧૯૦૦ના રોજ ઇન્દોર રાજ્યના હોલ્કર મહારાજા માંગે એટલાં ગાય વગેરે ઢોરો આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૫-૧૧-૧૯૦૫ના રોજ ભાવનગર તાબાના રોહીશાલા ગામમાં રહેતા લખા ભગત આ ગામે કારતક વદ ૧૦ ના રોજ જીવદયા બાબતનો બંદોબસ્ત કરવા મેળો ભરવાના છે, તે વખતે તેમને રૂ. ૧૦ થી ૧૫ સુધીની શાલ ઓઢાડવાનું ઠરાવવામાં આવ્યું હતું.

— તા. ૨૦-૩-૧૯૦૭ના રોજ ઢીંઢોડા ગામના રબારી લોકોના ગુરુને જીવદયાના લાભ માટે શાલ ઓઢાડવાનું ઠરાવવામાં આવ્યું.

— તા. ૧૧-૪-૧૯૦૯ના રોજ છાપરિયાળીના બળદોને ગોળ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— મુંબઈની જૈન શ્વેતાંબર કોન્ફરન્સની જીવદયા કમિટીએ મદદની માંગણી કરેલી પણ માંગણીની રકમ વધારે મોટી હોવાથી તે નામંજૂર કરવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૧૩-૬-૧૯૧૧ના રોજ ભાવનગરથી શેઠ કુંવરજી આણંદજીએ ૨૫૦ ઢોર ઓછી ફી લઈને છાપરિયાળીએ રાખવાનું લખ્યું છે, તો એમને જણાવવું કે ઢોરો મૂકી જવા તથા પાછાં લઈ જવાનું જે ખર્ચ થાય તે આપવા તેઓ તૈયાર થાય તો બે માસ માટે ઢોર રાખવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩૦-૧૨-૧૯૧૫ના રોજ વઢવાણનું મહાજન તેમની પાસે લહેણા નીકળતા રૂ. ૬૦૦૦/ આપે તો તે રૂપિયા મળ્યા પછી દર સાલ રૂ. ૭૫૧/ આપે તો તેમનાં ૧૦૦ ઢોર છાપરિયાળી પાંજરાપોળમાં રાખવાં એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૦-૧-૧૯૧૬ના રોજ સાદડી પાસેની બકિસર સાલ પાંજરાપોળને ચાલુ સાલ ઘાસ-પાણીની તંગી વર્તાતી હોવાથી તેને રૂ. ૧૦૦/ જીવદયા ખાતેથી આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૫-૧૨-૧૯૧૮ના રોજ પાળિયાદ પાંજરાપોળનાં ૧૦૦ ઢોર વગર ફીએ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૫-૯-૧૯૨૨ના રોજ અંજારનાં સોથી દોઢસો ઢોર, એક ઢોર દીઠ રૂ. ૧૪ કે ૧૫ લઈ ૫૦૦ સુધી સંખ્યાનાં ઢોર છાપરિયાળીમાં રાખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

ઢોરોને રાખવાનું આ પાંજરાપોળનું સંખ્યાબળ :—

છાપરિયાળી પાંજરાપોળમાં કેટલાં ઢોર રાખી શકાય છે તેનો ખ્યાલ નીચે આપેલ આંકડા ઉપરથી પણ આવી શકશે :

ઢોરની જાત	વિ. સં. ૨૦૩૧	વિ. સ. ૨૦૩૪
બળદ	૧૦૨૮	૪૩૭
ગાય	૨૦૫૨	૮૮૫
ભેંસ	૧૦૦	૫૫
પાડા	૮	૬
વાછડી	૬૭૮	૧૪૭
વાછડા	૨૧૪	૧૧૯
પાડી	૧૧	૧
પાડા	૫૭૨	૧૦૪૩
મોટાં ઘેટાં	–	–
બકરા બકરી	–	–
ઘેટા ઘેટી	૮૨૭	૧૨૮૨
બકરા બકરી	૧૫૮	૩૬૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢોરની જાત	વિ. સં. ૨૦૩૧	વિ. સં. ૨૦૩૪
નાના પાનચરા		
દુ. બોકડા	–	–
પાનચરા	૩૧૮	૫૧૪
દુ. બોકડા	૫૧૦	૫૭૯
ઘોડા–ઘોડી	૧૭	૧૫
વછેરા	–	–
હરણ, ગધેડાં	૧	૧
વાંદરા–ઊંટ	૧	૨
સસલાં	૭	૨
કૂકડા	૧	૪
	૬૮૬૩	૫૪૫૪

નમૂનારૂપ આપેલા આ આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે કે આ પાંજરાપોળ નાનાં પશુઓ વગેરે મળીને ૬ થી ૭ હજાર પ્રાણીઓને રાખી શકે છે. આટલી મોટી સંખ્યામાં જીવોને રાખવા એ એક વાત છે અને એ બધાંની રીતસર માવજત વગેરેની વ્યવસ્થા કરવી અને એ માટે થતા જંગી ખર્ચને પહોંચી વળી શકે એવું વ્યવસ્થાતંત્ર તથા અર્થતંત્ર ઊભું કરવું એ બીજી વાત છે જે ઘણી જ અઘરી છે.

ઉપર આપેલા આંકડામાં દર વર્ષે થોડોઘણો ફેરફાર થતો જ રહે છે. આ બધી વ્યવસ્થાને સરખી રીતે પહોંચી વળવા માટે પેઢીને કેટલું બધું ખર્ચ કરવું પડતું હશે તે માટે વધારે કહેવાની જરૂર નથી.

આની સામે આવક માટેનાં ખાતાં આ પ્રમાણે છે :

આવક ખાતાનું નામ	વિ. સં. ૨૦૩૧	વિ. સં ૨૦૩૪
(૧) જીવદયાલેટ ખાતું	૧૦૮૭-૭૦	૧૫૫૩-૦૧
(૨) ઉન તથા બકરાવાળ આવકખાતું	૨૪૬૧-૩૮	૨૩૯૦-૦૦
(૩) ભામની ઉપજખાતું	૮૯૬૨૧-૦૨	૬૭૬૦૩-૦૧
(૪) ખાતર છાણનું આવકખાતું	૨૮૪૦૯-૦૦	૨૬૧૩૫-૦૦
(૫) વાછડી વાછડા નકરાખાતું	૩૭-૫૦	૩૫-૦૦
(૬) જનવરો ખોરાકી ખાતું	૬૪૦-૦૦	૩૭-૦૦
(૭) જનવરો ફી ખાતું	૫૫૨૭-૫૦	૩૨૬૧-૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવક ખાતાનું નામ	વિ. સં. ૧૯૩૧	વિ. સં. ૧૯૩૪
(૮) પાંજરાપોળ દૂધ વેચાણખાતું	-	-
(૯) ગાડી ઘોડા નકરાખાતું	૨૮-૦૦	-
(૧૦) ઘીડના ઘાસ નુકસાની આવકખાતું	૩૯૭-૦૦	૭૧૪-૫૦
(૧૧) જાનવરો વી. ફી આવકખાતું	-	-
	કુલ ૧૨૮૨૦૯-૧૦	૧૦૧૭૫૯-૦૨

આની સામે કયા કયા ખાતામાં ખર્ચ થાય છે તે આ પ્રમાણે છે :

ખર્ચ ખાતાનું નામ	વિ. સં. ૨૦૩૧	વિ. સં. ૨૦૩૪
(૧) જાનવરો દવા ખર્ચ ખાતું	૧૯૨૭-૭૦	૧૨૩૮-૯૨
(૨) મકાન મરામત ખર્ચ ખાતું	૩૩૧૧-૧૩	૫૬૨-૦૫
(૩) ઓકડા દૂધ ખર્ચ ખાતું	૯૬૫-૭૫	૧૮૯૫-૯૫
(૪) જીવદયા પરચૂરણ ખર્ચ ખાતું	૭૬૧૨-૦૮	૪૭૫૨-૪૫
(૫) નોકર પગાર કાયમી તથા હંગામી પાંજરાપોળ ખર્ચ ખાતું	૩૨૮૬૪-૩૫	૫૧૬૮૫-૫૭
(૬) બાજરાનું ખાતું	૨૨૭૧-૧૪	૪૫૬૧-૦૦
(૭) જુવારનું ખાતું	૧૩૫૭-૧૩	૭૬૪-૯૦
(૮) ચણાનું ખાતું	૩૪૮૦-૮૩	૨૧૦-૨૫
(૯) .....નું ખાતું	૩૦૬૦-૫૦	૪૧-૨૫
(૧૦) તલનું ખાતું	૬૭-૮૮	-
(૧૧) અડદનું ખાતું	૧૨૨-૦૦	૩૦૫-૨૫
(૧૨) કળથીનું ખાતું	૨૫૭-૫૦	-
(૧૩) કપાસિયાનું ખાતું	૪૨૩૬૨-૨૫	૭૬૧-૬૦
(૧૪) કેટલ કુડ ખાણનું ખાતું	-	-
(૧૫) ખોળ રોડાનું ખાતું	૨૩૪૬૦-૬૧	૨૧,૨૬૪-૩૮
(૧૬) મીઠા તેલનું ખાતું	૮૪૭-૦૦	૭૩૦-૦૦
(૧૭) ખોપરેલનું ખાતું	૧૧૬-૫૦	૫૩-૦૦
(૧૮) ગોળનું ખાતું	૪૭૨-૧૩	૨૩૪૬-૫૦
(૧૯) સુકા ઘાસનું ખાતું	૧૨૨૦૮૧-૨૫	૪૦૦૮૯-૯૨
(૨૦) બાજરાની કડબ ખાતું	૫૦૬૨૩-૭૫	૨૦૮૦-૦૦
(૨૧) .....નું ખાતું	૧૦૦-૦૦	-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ આતાનું નામ	વિ. સં. ૨૦૩૧	વિ. સં. ૨૦૩૪
(૨૨) સૂકાં મરચાંનું ખાતું	૭૪-૫૦	૫૨-૦૦
(૨૩) તલરેડનું ખાતું	૩૭૫-૦૦	-
(૨૪) જુવારની કડબ ખાતું	૧૨૧૦૨-૮૨	૪૫૫-૦૦
(૨૫) લીલી જુવાર કડબ મકાઈનું ખાતું	૧૦૦૦-૦૦	૪૭૮૦-૦૦
(૨૬) લીલું ઘાસ ખેતરનું ખાતું	૧૨૨૫-૦૯	-
(૨૭) ઘઉંનું કુવળનું ખાતું	૧૮૫૭૧-૩૫	-
(૨૮) શેરડીનું ખાતું	૭૦૯૩૦-૨૫	-
(૨૯) કપાસી કોફીનું ખાતું	-	-
(૩૦) રાજદાણનું ખાતું	-	-
	૪૦૧૯૪૫-૭૯	૧૩૮૬૨૯-૯૬

પાંજરાપોળ ચલાવવી એનો અર્થ આવક વધારવાનું સાધન ઊભું કરવું એવો નહિ પણ આવક કરતાં વધુ જે કંઈ ખર્ચ થાય તેને ધર્મબુદ્ધિથી પહોંચી વળવાની આર્થિક જવાબદારી સ્વીકારવી તેવો થાય છે. જે વાત ઉપર આપેલા આવક, ખર્ચના આંકડાઓ ઉપરથી પણ સમજી શકાય છે. ઉપર આપેલા બે વર્ષના આવક, ખર્ચનાં આંકડા એ તો માત્ર નમૂનારૂપ છે. એમાં સામાન્ય પરિસ્થિતિ પ્રમાણે તથા ઢોરોની સંખ્યામાં તથા સંઘ તરફથી મળતી મદદના પ્રમાણમાં થતી વધઘટના પ્રમાણમાં ફેરફાર થતો રહે તે સ્વાભાવિક છે. એકંદર જોઈએ તો આ ખૂટતા ખર્ચને પહોંચી વળવાનો ધર્મપુરુષાર્થ કરવાનો વ્યવસાય છે જે સતત લાગવગ અને મહેનત માંગી લે છે.

કાયમી તિથિની યોજના :—

બીજી પાંજરાપોળોની જેમ છાપરિયાળીની પાંજરાપોળમાં પણ દર વર્ષે આવક કરતાં વધારે ખર્ચ થતું હોવાથી એને પહોંચી વળવાની પેઢીના ટ્રસ્ટીઓને સતત ચિંતા રહ્યા કરે છે. આ ચિંતામાંથી રૂ. ૧૦૦૧/ની કાયમી તિથિની યોજના કેટલાંક વર્ષ પહેલાં તૈયાર કરવામાં આવી છે. એટલે જે ભાઈ બહેન અથવા સંસ્થા તરફથી રૂ. ૧૦૦૧/ જે તિથિ માટે ભેટ આપવામાં આવે તે તિથિએ પાંજરાપોળનાં પ્રાણીઓને એમના નામથી રૂ. ૧૦૦૧/નું જે વ્યાજ આવ્યું હોય તેમાંથી ઘાસચારો નીરવામાં આવે છે. તા. ૩૧-૧૦-૧૯૮૫ સુધીમાં આવી તિથિઓ ૮૭૮ નોંધાઈ છે અને હજુ પણ આ માટે પેઢીના ટ્રસ્ટીઓ પ્રયત્ન કરતા રહે છે. આવો જ એક પ્રયત્ન પ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખર-વિજયજી મહારાજની પ્રેરણાદાયક નિશ્રામાં શેઠ શ્રી ઋષિકભાઈ કસ્તૂરભાઈ એ મુંબઇમાં કર્યો હતો. એનો અહેવાલ 'કોન્ફરન્સ સંદેશ'ના માર્ચ-એપ્રિલ ૮૪ના સંયુક્ત અંકમાં છપાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયમી તિથિની આ યોજના કરવામાં આવી તે અગાઉ ૫૦-૬૦ વર્ષ પહેલાં પણ કેટલીક કાયમી તિથિઓ નોંધવામાં આવી હતી તેની હકીકત નીચે મુજબ છે.

— સને ૧૯૨૧માં રૂ. ૨૧૦૦ શા. વાલજી વેણીરાવે જમા કરાવ્યા હતા. સાડા છ ટકાની લોન લઈને જે વ્યાજ આવે તે આસો સુદ ૧૫ના દિવસે છાપરિયાળીનાં ઢોરોને અનાજ તથા કપાસિયા ખવરાવવામાં વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૪૦માં સુભદ્રાબ્હેન માણેકલાલ તરફથી રૂ. ૧૦૦૦/ આવ્યા હતા. ૩½% લોન લઈ તેના વ્યાજમાંથી દર સાલ અષાઢ સુદ-૧૪ના રોજ છાપરિયાળી પાંજરાપોળનાં જાનવરોને ઘાસચારો નાખવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

— સને ૧૯૪૧માં ઊંઝા જૈન શ્વેતાંબર સંઘના સંઘવી વાડીલાલ છગનલાલે રૂ. ૧૦૦૧/ ભર્યા છે. ૩½% લોન લઈ તેનું જે વ્યાજ આવે તે વૈશાખ સુદી ૧૩ના રોજ છાપરિયાળી પાંજરાપોળમાં જાનવરોને ઘાસચારો નાખવામાં વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— શેઠ લાલભાઈ હીરાચંદ રતનચંદે રૂ. ૧૦૦૧/ ભર્યા છે. ૩½% લોન લઈ જે વ્યાજ આવે તે માગસર સુદ ૩ના રોજ છાપરિયાળી પાંજરાપોળનાં જાનવરોને ઘાસચારો નાખવામાં વાપરવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

ચોટિલાની નેસના માથાભારે ચારણો :—

છાપરિયાળી ગામની એક સીમના છેડે ચોટિલા નેસના ચારણોનો વસવાટ આવેલો છે. આ વસવાટ સાથે કેટલીક ખેડી શકાય અથવા પશુઓને ચરાવી શકાય એવી કેટલીક જમીન પણ આવેલી છે. આ જમીનની માલિકી છાપરિયાળી ગામની એટલે કે શેઠ આણંદજી કલ્યાણજીની છે આમ છતાં જૂના વખતમાં કયારેક (આશરે એકાદ સૈકા પહેલાં) આ નેસના ચારણોએ પોતાના નેસની આસપાસની જમીનનો કબજો આપમેળે લઈ લીધો અને તેમાં ખેતી કરવાની શરૂઆત કરી દીધી. આમ થવાને લીધે આ જમીન ઉપરના શેઠ આણંદજી કલ્યાણજીના માલિકી હક્કનો ભંગ થતો જ હતો અને તેથી આ માથાભારે ચારણો એ જમીન ખાલી કરી જાય એવાં કાયદેસરનાં તથા સમજૂતિના પગલાં ભરવાનું ચાલુ જ હતું. કયાંક મારા વાંચવામાં એવું પણ આવ્યું હતું કે આ નેસ ખાલી કરવા માટે આ માથાભારે ચારણોને રૂ. ૪૨૦૦/ જેટલી રકમ આપવામાં આવી હતી. આ વાતનો ઉલ્લેખ કયાં કરવામાં આવ્યો છે તે અત્યારે ખ્યાલમાં આવતું નથી. આ સમાધાનને કારણે ચોટીલાના માથાભારે ચારણોએ થોડાંક વર્ષ માટે પોતાનો નેસ અને તેની આસપાસની જમીન ખાલી કર્યો હતા પણ તે પછી થોડાંક વર્ષમાં જ પાછા ત્યાં આવીને વસી ગયા હતા અને આસપાસની જમીનનો કબજો પણ લઈ લીધો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના માટે પેઢી તરફથી અનેક વાર જાતજાતના પ્રયત્નો કરવામાં આવ્યા હતા એમ એના દફ્તરમાંથી જાણવા મળે છે. અત્યારે આ કોમ રંજાડતી નથી.

શિંગડાવેરો અને તેની નાબુદી :—

જીવદયાના છાપરિયાળીમાં કરવાં પડતાં કામોને પહોંચી વળવાને ઘણું જ ખર્ચ કરવું પડતું અને તેથી આવક તથા ખર્ચના આંકડાની વચ્ચે ઘણું અંતર રહેતું. આ અંતરને સરખું કરવા પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓ તથા જીવદયા પ્રેમીઓને ઘણી જ ચિંતા રહ્યા કરતી. આ ચિંતાને હલ કરવાના એક ઉપાય તરીકે ભાવનગરના સુપ્રસિદ્ધ નાગરિક શેઠ શ્રી જગજીવનદાસ અમરચંદે છાપરિયાળીના ખીડનો લાભ લેતાં નાના મોટા દરેક જાનવર દીઠ માસિક રૂ. ૨ નો શિંગડાવેરો લેવાનું સૂચન કર્યું હતું.

આની સામે છાપરિયાળીના નાનાં-મોટાં પશુ ધરાવતા ખેડૂતોએ મોટો હોબાળો ઊભો કર્યો હતો અને એ માટે અમદાવાદની પેઢીને એક વિસ્તૃત અરજી પણ કરી હતી. મુખ્યત્વે આ અરજીમાં એમણે સ્પષ્ટરૂપે શિંગડાવેરા સામે જે વિરોધ વ્યક્ત કર્યો હતો તેને લીધે આ વેરો લેવાનું પેઢીએ બંધ રાખ્યું હતું અને એ મતલબનો પત્ર પાલીતાણા તથા ભાવનગર શેઠ શ્રી જગજીવનદાસ અમરચંદને લખ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭ મા પ્રકરણની પાદનોંધો

૧. એટલા માટે જ—

अहिंसा परमो धर्मः । એ વાકય સર્વત્ર પ્રચલિત બનેલું છે.

૨. એટલા માટે આપણાં પવિત્ર આગમસૂત્રોમાં કહ્યું છે કે,

१. सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवह घोरं, निग्गंथा वज्जयंति णं ॥

—दश. अ. ध. गा. १०

२. सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा ।
पियजीविणो, जीविउकामा, सव्वेसिं जीवियं वियं ।

—શ્રી આચારાંગ સૂત્ર.

૩. ભાવનગરના દરબાર શ્રી અખેરાજજીએ આ બાબતમાં કરી આપેલ દસ્તાવેજની છબી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે.

૪. વર્ષે વર્ષે વધતી જતી આ બાદની રકમને કઈ રીતે પહોંચી શકાય તેનો વિચાર કરવા માટે કયારેક સ્થાનિક પ્રતિનિધિઓમાંથી કેટલાક સભ્યોની એક સબકમિટી નિમવામાં આવી હતી.

૫. જો કે છાપરિયાળી પાંજરાપોળ કઈ સાલમાં શરૂ કરી તે જાણી શકાયું નથી. આમ છતાં આ ઉપરથી એમ જાણી શકાય છે કે છાપરિયાળી ગામ ભાવનગર રાજ્ય તરફથી વિ. સં. ૧૯૦૮ માં ભેટ મળ્યું તેના ત્રેવીસ વર્ષ પહેલાં ત્યાં પાંજરાપોળ કામ કરી રહી હતી. આ સંવતને આખરી માનવાની જરૂર નથી.

૬. ઘેટાંબકરાંનાં જે બચ્ચાંઓને માતાનું દૂધ ન મળવાને કારણે દૂધ પાઈને ઉછેરવા પડે તે દુધિયા બોકડા કહેવાતા હતા અને તેમાં ઘેટાનાં બચ્ચાંનો પણ સમાવેશ થાય છે.

૭. ગામમાં આવેલ દરેક ચૂલાદીઠ એટલે કે દરેક ઘરદીઠ ઉઘરાવવામાં આવતો વેરો તે ચૂલાવેરો કહેવાતો.

૮. આ અહેવાલ શ્રીસંઘની જાણ માટે નીચે આભારપૂર્વક આપવામાં આવે છે જે આ પ્રમાણે છે :

શ્રી છાપરિયાળી પાંજરાપોળ માટે થયેલ નિધિ:—

"સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના પાલીતાણા નજીક, જેસર પાસે છાપરિયાળી ગામમાં અબોલ જનવરો માટે એક વિશાળ પાંજરાપોળ ચાલે છે. આ પાંજરાપોળનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક છે. આ પાંજરાપોળમાં અબોલ જનવરોને સાચવવા અને પાંજરાપોળને વધુ સારી રીતે ચલાવવા માટે એક ભંડોળ ઊભું કરવા મુંબઈ જૈનસંઘોના ટ્રસ્ટીઓ, આગેવાનો તથા કાર્યકરોની એક સભા શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી, શ્રીપાલનગર જૈન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી લાલચંદજી છગનલાલ અને જીવદયાપ્રેમી શ્રી રાયચંદ નાનચંદ દોશીએ પૂજ્યપાદ મુનિવર શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની નિશ્રામાં બુધવાર તા. ૧૮-૪-૮૪ના સવારના ૧૧-૦૦ કલાકે શ્રી ગિરધરલાલ જીવનલાલના નિવાસસ્થાન ગિરિકુંજ, મરીનડ્રાઇવ ઉપર આયોજન કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ પ્રસંગે આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી ઐણિકભાઈ કસ્તૂરભાઈ શેઠ ખાસ પધાર્યા હતા અને છાપરિયાળી પાંજરાપોળની આર્થિક સ્થિતિની વિગતો આપી પાંજરાપોળનો વિકાસ ચાલુ રાખવા માટે નિધિની જરૂર ઉપર ભાર મૂકયો હતો.

"છાપરિયાળી પાંજરાપોળના સંનિષ્ઠ કાર્યકર શ્રી શાંતિલાલ કપૂરચંદ મહેતા જેસરથી ખાસ પધાર્યા હતા અને તેઓએ જીવદયાના કાર્યમાં સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

"શ્રી જે. આર. શાહ, શ્રી પ્રાણલાલ કે. દોશી, શ્રી રાયચંદ નાનચંદ દોશી, શ્રી બાબુભાઈ જ. પટેલ, શ્રી નગીનદાસ વાવડીકર, શ્રી કાંતિલાલ દલીચંદ વિ.એ મૂંગાં જનવરોને અભયદાન આપવા અનુરોધ કરતાં પ્રાસંગિક વક્તવ્યો કર્યાં હતાં.

"આ પ્રસંગે જૈનસંઘોના ટ્રસ્ટીઓએ તથા વ્યક્તિગત ફાળો નોંધાવતાં એકાદ લાખનો નિધિ થયો હતો.

"પર્યુષણના દિવસોમાં જૈનસંઘોમાં જીવદયાની જે ટીપ આવક થાય છે, તેમાંથી અડધી રકમ છાપરિયાળી પાંજરાપોળને મોકલી આપવાનું જુદા જુદા સંઘોના ટ્રસ્ટીઓએ સ્વેચ્છાએ સ્વીકાર્યું છે."

છાપરિયાળી પાંજરાપોળના ખર્ચને પહોંચી વળી શકાય તે માટે પેઢીના પ્રમુખ શ્રી ઐણિકભાઈ કસ્તૂરભાઈ કેટલા પ્રયત્નશીલ અને ચિંતિત હતા જે, 'ધોધારી જૈનદર્શન'ના સને જુલાઈ ઓગસ્ટ ૧૯૮૪ના પૃ. ૮ પર છપાયેલા અહેવાલ પરથી જાણી શકાય છે.

શેઠ શ્રી ઐણિકભાઈ કસ્તૂરભાઈની છાપરિયાળી પાંજરાપોળ માટે અપીલ :—

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત પાંજરાપોળ છાપરિયાળી ગામે (જેસર પાસે) ચાલે છે. આ પાંજરાપોળમાં મૂંગાં, અશકત, બીમાર જનવરોને કસાઈવાડે જતાં અટકાવીને નિભાવવામાં આવે છે આ પાંજરાપોળનો નિભાવખર્ચ વધતો જાય છે. છેલ્લાં બે વર્ષમાં અનુક્રમે રૂ. ૩,૬૩,૭૮૫ની ખોટ સંવત ૨૦૩૮માં આવેલી જે વધીને સં. ૨૦૩૯માં ૫,૫૪,૧૮૨ની થયેલ છે. ચાલુ સાલે ૮ લાખ જેટલું નુકસાન એકત્ર થયું છે. છેલ્લાં ચાર વરસોથી બાધને પહોંચી વળવા તથા ચાલુ નિભાવખર્ચ માટે હજુ રૂ. ૨૦ લાખનું ભંડોળ એકત્ર કરવું જરૂરી છે. આ રકમ બે રીતે સ્વીકારવામાં આવે છે. ૧. જીવોના કાયમી નિભાવ માટે રૂ. ૧૦૦૧ની મૂડી કાયમ રાખી તેના વ્યાજમાંથી મૂંગા જીવોને એક ટંક ઘાસ નીરવાની તિથિ નોંધવામાં આવે છે. ૨. જીવદયામાં નાનીમોટી તમામ રકમ સ્વીકારવામાં આવે છે.

હાલ આ પાંજરાપોળમાં ૨૫૦૦ થી ૩૦૦૦ જીવો નિભાવવામાં આવે છે. દાનની રકમનો ચેક/ડ્રાફ્ટ 'શેઠ આણંદજી કલ્યાણજી' નામની અમદાવાદની પેઢી ઉપર અગર શ્રી રાયચંદ નાનચંદ દોશી (દેવલાવાળા) ૪૭, શાંતિનગર, B-વીંગ, વાલકેશ્વર, મુંબઈ ૪૦૦૦૦૬ યા શ્રી નગીનદાસ વાવડીકરને મોકલવા શેઠ શ્રી ઐણિકભાઈ કસ્તૂરભાઈએ વિનંતી કરી છે."

છાપરિયાળીના વહીવટમાં આવતી ખાદ પૂરી કરવા અંગે આશરે અડધી સદી પહેલાં પણ જૈન સંઘ જોગ અપીલ બ્હાર પાડવામાં આવી હતી તે માટે જુઓ પ્રકરણનું પૃ.નં. ૨૨૫.

(૯) આ અંગે બેડૂતોએ તા. ૧૨-૮-૧૯૩૦ના રોજ જે વિસ્તૃત અરજીપત્ર લખ્યો હતો તેમાંનો કેટલોક ભાગ આ પ્રમાણે છે :

"...આ સિવાઈ આડોડીયા ડફેર જે લોકો શિકાર અને ચામડા ઉપરથી જ તેઓનું ગુજરાન ચાલે છે તેઓ ટોળાબંધ વખતોવખત આવી ચડે છે અને જીવતાં મોટાં જનવરોને મારી તેના ચામડા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરત જ ઉતારી લ્યે છે તે વખતે પણ તમારા નોકરવર્ગની સાથે અમો ઉભા તથા ખેડૂતવર્ગ સહકાર કરી જઈએ છીએ અને હાંકી કાઢીએ છીએ. આ કામ અમારાં બાલબચ્ચાં તરફ ખ્યાલ નહીં કરતાં જનને જોખમે કરીએ છીએ અને હીંસા થવા દેતા નથી. દાખલા તરીકે ત્રીજી સાલ ઉપર તમારા સીપાઈઓની સાથે જઈ ડફેર લોકોની સાથેનાં તોફાનમાં મારામારી થતાં ડફેર લોકોની ફીંમતી બંધૂક જે પડાવી લીધી હતી તે વખતના તોફાનમાં અમે સામેલ હતા.

છાપરિયાળીની વસ્તી ખેડૂત–નોકર અને ઉભડ એમ ત્રણમાં ઓતપ્રોત ગુંથાયેલી છે કેમકે અમે ખેતી કરતાં હોઈએ તો અમારો દીકરો અગર કુટુંબી આપનો નોકર હોય અને કોઈપણ ઉભડ તરીકે હોય પણ એકંદર અમોને ગામની ખેતી નોકરી અને મજૂરીના કામ માટે જ વસાવેલા છે જે પ્રકાર મૂળ છાપરીઆલી સ્થપાઈ તે ત્યારથી જ શરુ છે. હવે આ જૂલમ અમારા ઉપર શા કારણે થાય છે તે સમજી શકાતુ નથી. આપને ગામ ખાલી કરાવવાની ઇચ્છા જ હોય તો અમોને ખેતીના ટાઇમ પહેલાં કહ્યું હોત તો તેમ કરી આપત અને હજુ પણ આપની ઇચ્છા ન હોય તો આવા જુલમ અમારી લાંબી જીંદગીમાં નથી જોયા તેવા સહેવા કરતાં અમે કરેલ ખેતી મુકી દઈને પણ આખું ગામ ઉભડ નોકરવર્ગ અને ખેડૂત ચાલ્યા જવા ખુશી છીએ પણ તેમાં ઉતાવળું પગલું ભરતાં પહેલાં અમારા માલીકને અમારે જણાવવું જોઈએ કે જેમાં અમારી અને આપની બન્નેની શોભા છે. આમ કરવાને માટે અમોને આસપાસનાં ગામેતી ગરાસીયાઓ તથા સ્ટેટ પણ અમને આવકાર આપવા તૈયાર જ છે પણ એક વખત બગડ્યા પછી ફરી સુધરે તેમ નથી. એ વાત આસ ખ્યાલમાં રાખી અમે આપનું પેઢી દર પેઢીનું લુણ ખાધેલું છે, હજી મોઢામાં છે એટલે આમ કરવું અમને વ્યાજબી લાગતું નથી અને તેથી જ આ સવિસ્તર હકીકતવાળી અરજી કરવી પડે છે.

જોકે ત્યાંના મુનીમ ગવરીશંકરે તો ધમકી ભરેલા શબ્દોમાં અમને ખુલ્લે ખુલ્લું કહ્યું છે પણ આપને વિનંતી કરવાની કે આવા નોકરો આવે ને જાય તેમ થયા જ કરે છે. તેથી તેના બોલવા ઉપર ઉશ્કેરાઈ નહીં જતાં આપને અરજ કરવી પડે છે તો આવો જોહુકમી બેહુમદો હુકમ મોકુફ કરી ગરીબ રૈયતને રાહત આપશો એવી આશા છે.

અમે અત્યાર સુધી છાપરીઆલી મુનીમને એક ગામેતી (ધણી)માની તેમની તરફ માનની દૃષ્ટિથી જોઈ વર્તતા આવ્યા છીએ અને મુનીમો પણ અમો રૈયતને પોતાની જ ગણી માન આપતા આવ્યા છે. તેમાં કોઈ પોતાના અંગત સ્વાર્થ અને ઇર્ષાનો ખાતર ધણીને તેમજ બીનવાકેફ વહીવટદારને ઉંધાં ચત્તુ સમજાવી ભલમાં ફસાવી પોતાનો સ્વાર્થ સાધવા જુના ત્રણ ચાર પેઢીના નોકરોને હદપાર કરાવવા પ્રયત્ન કરે તે આપ જો ઊંડા ઉતરી તપાસો તો સમજી શકો. આવો તપાસ નિષ્પક્ષપાત લાગવગ વગરનો જોવાય તો ખરેખર વસ્તુસ્થિતિ જાણી શકાય. બાકી તો અર્થ કમી કરવો અને ઉપજ વધારવાનું બાનુ કાઢી સ્વાર્થ સાધવા પૂરતી જ આ બધી હીલચાલ છે.

આ ઉપર જણાવેલ દરેક હકીકત અમે પ્રતિજ્ઞાપૂર્વક સાચેસાચી લખી છે તો તે નિગાહમાં લઈ યોગ્ય લાગે તેમ ગોઠવણ કરવા મે. કરશો.

ઉપર જણાવ્યા મુજબ છાપરીઆલી મુનીમે અમને દી. ૮ની મુદત આપી હતી પરંતુ તેમાં ચાર દીવસ ગયા છે ફક્ત હવે ચાર દીવસ બાકી રહ્યા છે તો તેટલી મુદતમાં જો કાંઈ નિર્ણય નહીં થશે તો હું શિંગડાભેરો લઈશ નહિ તો તમારાં ઢોર ડબામાં પૂરી ડબો વસુલ લઈશ. આ પ્રમાણે મુનીમે ધમકી આપી માટે મહેરબાની કરી આ બાબતના ખબર ચાર દિવસમાં અમને પાલીતાણા પેઢીએ આપવા મે. કરશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અરજી બાબત આપનો છેવટનો ખુલાસો લીધા બાદ અમારે ભાવનગર કાઉન્સીલમાં અરજ કરવી કે શી રીતે કરવું તેની સમજ પડે. અમારા મનમાં એમ કે જો આપ અમારા માલીક છો તેથી આપ જે નિર્ણય કરી યોગ્ય કરતા હો તો (સ્ટેટ કાઉન્સીલમાં) અરજ કરવી ન પડે.

એ જ અરજ તા. ૬-૮-૧૯૩૦."

૧. આયર માલામયાની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ

૧. આયર અમરા લખમણની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ

૧. આયર નાકારાહાની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ

૧. કોળી કાણ સાદુલની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ

૧. કોલી સામતહમીરની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ.

૧. રબારી આપા માંડણની સહી તેના કહેવાથી
ઇ : શાંતિલાલ વલ્લભદાસ.

છાપરિયાળીના ખેડૂતોની આ વાંધા અરજી મળ્યા પછી પેઢીએ બે પત્ર લખ્યા હતા (૧) પેઢીની પાલીતાણા શાખાને અને બીજો શેઠ શ્રી જગજીવનદાસ અમરચંદને જે આ પ્રમાણે છે :

શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ તા. ૧૫-૮-૩૦

શેઠ આણંદજી કલ્યાણજી મુ. છાપરીયાળી

"બી. વી. છાપરીયાળી ગામના કેટલાક ખેડૂતો તરફથી અમોને અરજ મળી છે કે ત્યાંના મુનીમે દરેક ખેડુતના કનેથી તેમના ઢોર આપણી સીમમાં ચરાવતા હોય તેમના ઉપર માસીક શીંગડાવેરા તરીકે રૂપિયા બે લેવા હુકમ કર્યો છે આ પ્રમાણે છાપરિયાળી ગામની હસ્તી જ ભયમાં આવી પડે તેવા હુકમો કહાડતા પહેલા અમારી મંજુરી લેવી જોઈએ તેથી આ સંબંધમાં વધુ બીજો હુકમ ન કરવામાં આવે ત્યાં સુધી શીંગડાવેરા લેવાનું મોકુફ રાખવું ને હવેથી આવા હુકમનો અમલ કરવા પહેલાં અમોને તેમજ પાલીતાણા મુનીમને પણ ખબર આપી તેનો જવાબ મળેથી અમલ કરવાનું ધ્યાનમાં રાખશો."

પાલીતાણા શેઠ આણંદજી કલ્યાણજી મારફત
15-8-30

(૨) શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ તા. ૧૫-૮-૩૦
શેઠ જગજીવનદાસ અમરચંદ
મુ. ભાવનગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વિશેષ અમોને સમાચાર મળ્યા છે કે છાપરીઆળીના આપણા ખેડૂતો જે તેમના ઢોરને આપણી સીમમાં ચરાવે તેની પાસેથી શીંગડા દીઠ માસિક રૂપિયા બે લેવાનું ફરમાન આપે કહાડ્યું છે તો આ હકીકત સાચી છે કેમ તે તરત જણાવશો.

છાપરિયાળી ગામમાં ખેડૂતોને આપણે લાવીને વસાવેલા છે. ને તેમાંના કેટલાક તો ત્રણ પેઢીના માણસો છે ત્યાં હરહંમેશ ટંટાફીસાદ થતા રહે છે તે વખતે આપણા ખેડૂતો હંમેશાં આપણી સાથે જ સહકાર કરતા રહેલ છે. આપણે ગામની વસ્તી નભાવવાની છે ભાંગવાની નથી તેથી જો આ પ્રમાણે માસીક રૂપીયા બે લેવાના ઠરાવવામાં આવતા હોય તો તે ઘણું જ કહેવાય આવા કોઈ પણ જાતના હુકમો કહાડવાના હોય કે જેથી ગામની હસ્તી જ ભયમાં આવી પડે તેમ હોય તેવા હુકમો કહાડતાં પહેલાં અમોને અગર પાલીતાણા મુનીમની સલાહ લેવામાં આવે તે વ્યાજબી થઈ પડશે તેથી અમોએ હાલ તો છાપરિયાળા લખ્યું છે કે બીજો હુકમ ન કરવામાં આવે ત્યાં સુધી તેનો અમલ કરવો મોકુફ રાખશો ને આપ આ સંબંધમાં સત્વર ખુલાસો લખી મોકલશો. તા–સદર."

15–8–30.

આ રીતે ખેડૂતોએ શીંગડાવેરા સામે કરેલો વિરોધ સફળ થયો હતો અને શેઠ આણંદજી કલ્યાણજીની અમદાવાદ શાખાએ એ વેરો લેવાનું બંધ રાખવાનું પોતાની પાલીતાણા શાખાને તથા શેઠ શ્રી જગજીવનદાસ અમરચંદને લખી જણાવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરવણી

(પાલીતાણા પાંજરાપોળની વિગતો)

જીવદયાની પ્રવૃત્તિને વેગ આપવા માટે અને સાકાર કરવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પાલીતાણામાં પણ એક નાની સરખી પાંજરાપોળ નિભાવવામાં આવે છે. આ પાંજરાપોળનો વંડો પાલીતાણા શહેરમાં આવેલ વર્ષીતપનાં વંડાની સામે આવેલ છે. તા. ૩૦–૧–૧૯૦૨ ના એક સરકારી કાગળમાં જણાવ્યા પ્રમાણે આ વંડાનું ક્ષેત્રફળ ૧૩૦૧-૨૧ ચો. મી. જેટલું ઓછું છે. આનો સર્વે નંબર ૧૩૩૫ છે. તેથી એમાં તત્કાલ બહારથી આવેલાં ૩૦–૪૦ પશુઓને રાખી શકાય છે અને જ્યારે પશુઓની સંખ્યા કોઈ કારણસર વધી જવા પામે છે ત્યારે વધારાનાં પશુઓને ટ્રક મારફત છાપરિયાળી પાંજરાપોળમાં મોકલી આપવામાં આવે છે.

શરૂઆત :—

આ પાંજરાપોળની શરૂઆત કઈ સાલમાં કરવામાં આવી તે અંગેનો કોઈ દસ્તાવેજ પેઢીના દફ્તરમાંથી મળી શકયો નથી પણ એટલું તો ચોક્કસ છે કે ઉપર સૂચવેલ સરકારી કાગળમાં તા. ૩૦–૧–૧૯૦૨ નોંધવામાં આવી છે. તે ઉપરથી એમ કહી શકાય કે, પાલીતાણાની આ પાંજરાપોળ સને ૧૯૦૨ પહેલાં અસ્તિત્વમાં આવી ગઈ હતી. અને તેનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની પાલીતાણા શાખા હસ્તક હતો.

નવું ટ્રસ્ટડીડ :—

ગુજરાત રાજ્યના સને ૧૯૬૦ ના 'લેન્ડ સીલીંગ એક્ટ'માં સને ૧૯૭૪માં જે સુધારો કરવામાં આવ્યો હતો તેનો અમલ ગુજરાત રાજ્યમાં થતા છાપરિયાળી પાંજરાપોળ માટે એક જુદું ટ્રસ્ટ કરવાની શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની પાલીતાણા શાખાને ફરજ પડી હતી એટલે નવા ટ્રસ્ટનું નામ **'શેઠ આણંદજી કલ્યાણજી છાપરિયાળી પાંજરાપોળ ટ્રસ્ટ'** એ રાખીને એક સ્વતંત્ર ટ્રસ્ટ ડીડ તા. ૨૬–૬–૧૯૭૬ના રોજ અમદાવાદની ચેરિટી કમિશ્નરની કચેરીમાં રજીસ્ટર કરાવવામાં આવ્યું અને ટ્રસ્ટડીડમાં જણાવ્યા પ્રમાણે, આ ટ્રસ્ટડીડનો અમલ કરવાની સત્તા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ૬ ટ્રસ્ટીઓ (વહીવટદાર પ્રતિનિધિ)ને આપવામાં આવી. આનો ભાવાર્થ એ સમજવો કે આનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક જ રહ્યો. આ નવા ટ્રસ્ટનો રજિસ્ટ્રેશન નંબર પાલીતાણા એ–૧૫૮૧ છે અને એનો હિસાબ દર વર્ષે તપાસાવીને પેઢીના હિસાબ સાથે મૂકવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮

પેઢીના કાર્યક્ષેત્રનો થયેલો વિસ્તાર

સંયોગાનુસંયોગ કહો કે જૈન ધર્મે પ્રરૂપેલ સૂક્ષ્મ અહિંસાની દૃષ્ટિએ કહો, એ વાતને એક સુભગ સંયોગ જ ગણવો જોઈએ કે પેઢીના કાર્યક્ષેત્રનો વિસ્તાર લગભગ દોઢસો વર્ષ પહેલાં અહિંસા અને કરુણાપ્રેરિત જીવદયા તથા પ્રાણીરક્ષાના પરમોપકારી કાર્યથી છાપરિયાળી ગામમાં પેઢીએ સ્થાપેલ કાર્યાલયથી થયો હતો. આ માટે સવિસ્તર માહિતી ૧૭મા પ્રકરણમાં આપવામાં આવી છે. પેઢીને માટે આ એક મંગળમય એંધાણ જ ગણાય. આ રીતે પેઢીના કાર્યક્ષેત્રના વિસ્તારની શરૂઆત થયા પછી એનો ક્રમે ક્રમે કેટલો વિકાસ થતો રહ્યો છે તે અંગે 'શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ' નામે પુસ્તકના ૧૬મા પાને નીચે મુજબ નોંધવામાં આવ્યું છે—

"શરૂઆતમાં પેઢીને કેવળ શ્રી શત્રુંજય તીર્થનો જ વહીવટ સંભાળવાનો હતો. પણ પેઢીએ શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ સંભાળવાની તેમ જ જરૂર જણાતાં શ્રીસંઘનાં તીર્થો વગેરેના હક્કોની સાચવણી કરવાની કામગીરી એવી સંતોષકારક રીતે સંભાળી કે જેથી શ્રીસંઘમાં એની ખૂબ નામના અને પ્રતિષ્ઠા થઈ અને એના પરિણામે, છેલ્લાં બેંશી વર્ષ દરમ્યાન, નીચે જણાવેલ આઠ તીર્થસ્થાનોનો વહીવટ, જે તે તીર્થના કાર્યવાહકોએ, પેઢીને સુપરત કરી દીધો.

(૧) શ્રી રાણકપુર-સાદડી તીર્થ, વિ. સં. ૧૯૫૩માં.

(૨) શ્રી જૂનાગઢ-ગિરનાર તીર્થ, વિ. સં. ૧૯૬૩માં.

(૩) શ્રી કુંભારિયા તીર્થ, વિ. સં. ૧૯૭૭માં.

(૪) શ્રી તારંગા તીર્થ, વિ. સં ૧૯૭૭માં.

(૫) શ્રી મક્ષીજી તીર્થ, વિ. સં ૧૯૭૭માં.

(૬) શ્રી શેરિસા તીર્થ, વિ. સં. ૧૯૮૪માં.

(૭) શ્રી મૂછાળા મહાવીર તીર્થ, વિ. સં. ૨૦૨૦માં.

(૮) શ્રી ચિત્તોડગઢ ઉપરનાં જિનમંદિરો, વિ. સં. ૨૦૨૪માં."

ઉપર આપેલી યાદી ઉપરાંત શ્રી સમ્મેતશિખરજીના પવિત્ર પહાડના માલિકીહક્કનો દસ્તાવેજ પણ પેઢીના નામે કરવામાં આવ્યો છે વળી અમદાવાદના શેઠ અંબાલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી રાણકપુર તીર્થ (જુઓ પૃ. ૨૪૫).

૨૧. શ્રી ગિરનાર તીર્થ (જુઓ ૨૪૭).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી મક્ષીજી તીર્થ (જુઓ પૃ. ૨૫૨).



બનારસની કોઠી (જુઓ પૃ. ૨૬૩).



શ્રી તારંગા તીર્થ (જુઓ પૃ. ૨૫૦).

સારાભાઈના દાદા શેઠ મગનલાલ કરમચંદના નામે ચાલતાં સાત ટ્રસ્ટોનો વહીવટ પણ પેઢીને કરવાનો હોય છે. વિશેષમાં અમદાવાદનાં કેટલાંક જિનાલયોનો વહીવટ પણ પેઢીને સંભાળી લેવો પડ્યો છે. આ ઉપરથી પેઢીનું કાર્યક્ષેત્ર સતત કેટલું વિસ્તરતું રહ્યું છે તેનો અછડતો ખ્યાલ રહેજે આવી જાય છે. આમ છતાં આ કાર્યક્ષેત્રના વિસ્તારની મુખ્ય મુખ્ય વિગતો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની સમક્ષ રજૂ થાય તે મને જરૂરી લાગવાથી કેટલીક મળતી માહિતીના આધારે અહીં રજૂ કરવામાં આવે છે.

(૧) શ્રી રાણકપુર તીર્થ-રાજસ્થાન :

આશરે સાડા પાંચસો વર્ષ જૂનાં અને રાજસ્થાનના સાદડી ગામથી છએક માઈલ દૂર આવેલા આ તીર્થના કથળેલા વહીવટ અંગે સાદડીના સંઘના બે પક્ષોએ અમદાવાદના બે વગદાર પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો શેઠ શ્રી મગનલાલ સરૂપચંદ તથા શેઠ શ્રી લલ્લુભાઈ સુરચંદ ઉપર પોતપોતાના પક્ષના આગેવાનોની સહીઓથી જે બે પત્રો લખ્યા હતા તે નીચે મુજબ છે—

પહેલો પત્ર :— " શ્રી પાર્શ્વનાથાય નમઃ

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પૂજ્યારાધે સર્વ ઉપમા લાયેક શેઠજી સાહેબ મગનલાલ સરૂપચંદ તથા શેઠજી લલ્લુભાઈ સુરચંદ વિગેરે યોગ્ય શ્રી સાદ્રીથી લી. સાદ્રીનાં પંચોનાં અમારા બેઉ તડવાળાના જુહાર વાંચજો. જત બીજું આપને ઘણા દિવસ થયા રાણપરાજીના નામની દુકાનની લેણદેણ તથા ઘરેણું ગાંઠું જંગમ સ્થાવર જે જે મીલકતો છે તે કોઈનું અમારા બેઉ તડમાંથી સંભાલવાય છે નંઈ માટે ખગાડ થાય છે ને અમારા બેઉ તડમાં વીખવાદ વધે છે માટે વીઆજે આપેલા રૂપીઆ વિગેરેના નામા સદરહુ દુકાનો બંધ રેવાથી થતા નથી. ચોમાસુ પુરુ થવા પણ આવ્યું તો સાધુ પણ વિહાર કરશે. પછે અમારા માઝનમાં સંતોષ થવો મુશકેલ છે. તો આપ સાહેબ અમારા સાદ્રીના સંઘ ઉપર મહેરબાની કરી કાગળ દેખત અત્રે પધારશો. આપ આવેથી આ તીર્થનું કામ સુધરી જશે અને આપ આવી જે રીતે અમારો સંઘનો બંદોબસ્ત કરશો તે કબુલ છે. તે વિષે બિલકુલ સંકા રાખશો નઈ. આપ આવી રીતે અમોને ફરમાવશો તેમાં કોઈ જાતનો અમારે તકરાર કરવો નઈ. અમે બેઉ તડવાલા ભેગા થઈ ઉપરનો વીચાર કરી ખુશીથી તમને આ તીર્થનું સંભાલવું ભલાવી દઈએ છીએ. તમે રતનચંદ મગનલાલને મોકલેલ પણ તેનું શરીર ઘણું નરમ થઈ જવાથી રોગ વધવાથી તમારી તરફ મોકલેલ છે. માટે આ કાગળ દેખત આપ કોઈ પણ જરૂર શેઠીયામાંથી આવજો. ફરી લખવું પડે નઈ. આપના.....આ તીર્થ.....નથી માટે જે ધર્મી.....વળી આ.... સરત.....ભેગો થવાનો છે તો ઘણા.....આવશે. આપ પણ આવશો. તીર્થનું કામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. થોડું લખ્યું ઘણું કરી વાંચજો. એ જ વિનંતી. સંવત ૧૯૫૩ કે (૧૯૫૫ ?)ના આસો સુદ ૯ની રાત્રે કલાક ૧૦ વાગતે."

(**નોંધ** :—આ કાગળ નીચે લગભગ તેત્રીસ જણાની સહી છે અને ૩૧-૮-૧૯૦૦ વંચાય છે, સંવત, ઈ. સ.માં કંઈક ગોટાળો લાગે છે.)

બીજો પત્ર :—" અમો નીચે સઈઓ કરનાર સાદરીના રહેનાર રાણકપરજીનાં દેરા સરજીના ભંડાર વીગેરે બાબત સરવે બને પક્ષ તરફથી બોલાવવા સા. મગનલાલ સરૂપચંદ તથા સા. લલુભાઈ સુરચંદને સુંપી દેવા ખુશી છે અને વઈટ હવેથી સારી રીતે ચાલે તેવો બંદોબસ્ત તમો ભાઈ મગનલાલ તથા લલુભાઈ કરશો તે અમારે કબુલ છે અને હાલમાં જે મીલકત છે તે તમો તપાસી તેની નુંધ સાદરીના સાવક ભાઈઓમાંથી ચાર માણસ તમારી નજરમાં આવે તેને પાસે રાખી કરવું અને સંગાથથી તમારી નજરમાં આવે તેને વઈટ તથા કુંચીઓ સુંપવી અને સારો વહીવટ ચાલે તેવો તમો મગનલાલ તથા લલુભાઈ બંદોબસ્ત કરો. સં. ૧૯૫૩ના કારતગ સુદી ૮ (?)"

(**નોંધ** :—નીચે લગભગ સાદડીના વીસેક આગેવાનોની સહીઓ છે જે મારવાડીમાં હોવાથી વાંચી શકાતી નથી. તા. ૩૧-૮-૧૯૦૦ (?) અહીં પણ સંવત-ઈ. સ. વચ્ચે કંઈક ગોટાળો લાગે છે. આ પાનાની પાછળ પણ ઘણી બધી સહીઓ છે જે ગણી શકાતી નથી. વાંચી શકાતી નથી. આ બન્ને કાગળમાંનું કેટલુંક લખાણ ઉકેલી શકાયું નથી તેથી ત્યાં ખાલી જગ્યા રાખી છે.)

આ રીતે ઉપર આપેલ બે પત્રોમાં જણાવ્યા મુજબ સાદડી સંઘે રાણકપુર તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દેવાની કેટલીક પૂર્વભૂમિકા રચાયા પછી, સંવત ૧૯૫૯ના માગશર સુદી ૧૪ વાર શનિ (૧૪ ડીસેમ્બર સને ૧૯૦૨)ના રોજ તેની અગિયાર સુદાની યાદી તૈયાર કરીને તેનો અમલ કરવાની જવાબદારી પેઢીના મુનિમ તરીકે ધ્રાંગધ્રાના રહેવાસી ભાઈ શ્રી ઉજમશી ખેતશીભાઈને સોંપવામાં આવી તેમાં રાણકપુરનો વહીવટ સં. ૧૯૫૩ના કારતક માસમાં પેઢીને સોંપ્યાનું જણાવ્યું છે.

આ રીતે સને ૧૯૫૩થી ૧૯૫૯ના અરસામાં આ તીર્થનો પૂરેપૂરો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હસ્તક આવી ગયો. શેઠશ્રી કસ્તૂરભાઈ એ રાણકપુરમાં એમનાં પૂ. માતૃશ્રીના સ્મરણાર્થે એક ધર્મશાળા બંધાવી અને શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈના નામથી તેમનાં ધર્મપત્ની શ્રીમતી માણેકબહેને બીજી ધર્મશાળા બંધાવી, એમ એ કાળે ત્યાં બનેલી બે ધર્મશાળાઓ સંબંધી માહિતી મળે છે.

આ સ્થાને વિશ્વવિખ્યાત કળામય આ તીર્થનો પરિચય આપવાનું મન થઈ આવે છે પણ એ પરિચય જેમને મેળવવો હોય તેમણે શું શું જોવું તેનો ઉલ્લેખ આ પ્રકરણને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતે આપવામાં આવ્યો છે. આ તીર્થનો અનેક ચિત્રો સાથે બહુ ટૂંકો પરિચય મેં 'ભક્તિ અને કળાના સંગમતીર્થ રાણકપુર' એ નામની નાની પુસ્તિકામાં લખ્યો છે. (તે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં છપાયેલો છે.) આ સિવાય આ તીર્થના પરિચય માટે મારા મિત્ર પં. શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહે લખેલ 'રાણકપુરની પંચતીર્થી' એ પુસ્તક પણ જોવા જેવું છે. આ પુસ્તક ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ પ્રગટ કર્યું છે પણ ઘણાં વર્ષોથી તે અલભ્ય બની ગયું છે, એટલે એ જેમને જોવું હોય તેમણે એ કોઈ પણ પુસ્તકાલયમાંથી જોવું જોઈએ.

(૨) ગિરનાર તીર્થ :

પેઢીએ જે જે તીર્થોનો વહીવટ જે તે ગામના કે શહેરના સંઘોના કહેવાથી સંભાળી લીધો હતો તે ક્રમમાં ગિરનાર તીર્થનો વહીવટ સંભાળી લીધાની વાત બીજા નંબરે આવે છે અને તે ઘટના વિ. સં. ૧૯૬૩ની આસપાસ બની હતી.

આ તીર્થનો વહીવટ પેઢીએ જૂનાગઢ સંઘના આગેવાનોના કયા પત્રના આધારે સંભાળી લીધો હતો તે અંગે તપાસ કરતાં જણાય છે કે આ તીર્થનો વહીવટ સંભાળી લીધાને લગતા કાગળો દફ્તર નં-૨૪, ફાઈલ નં. ૫ થી પેઢીના દફ્તરખાનામાં સચવાયેલા છે તેમાંથી આ કાગળ મળતો નથી. આમ છતાં પહેલા ભાગની તૈયારી ચાલતી હતી ત્યારે આ ફાઈલ જોઈને મારી પુત્રી ચિ. માલતીએ જે કાચી નોંધ કરી રાખેલી છે તે અહીં ઉદ્ધૃત કરવી મુનાસિબ લાગે છે. એ નોંધમાં નોંધવામાં આવેલી વાત આ પ્રમાણે છે—

તા. ૧૮/૫/૧૯૦૭ના શ્રી વીરચંદ ત્રિભોવનદાસના પત્રથી (આ પત્ર કુલરકેપના એક પાનામાં લખાયેલો છે, પણ ફાટી ગયેલો છે.) જૂનાગઢના કારખાનાનું કામ પેઢીને સોંપી દેવા બાબત તેમનો વિચાર જાણવા મળે છે. તા. ૨૪/૯/૧૯૦૭ના જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પત્રમાં પણ પેઢી આ વહીવટ લે તો સારું એમ જણાવાયું છે. તા. ૨૫/૯ના બીજા એક પત્રમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી આવા શબ્દો લખાયા છે : "એક બાજુ રાજની વીરૂધતાને લીધે ડુંગરનો આપણો કબજો ભયમાં છે. બીજી બાજુ તેનો બચાવ કરવાના બાને પેઢીની આખી મિલકત ઉપડી જવાનો ભય છે. એવા અરસામાં તેના વહીવટનો બંદોબસ્ત થવાની જરૂર છે."

ઉપર આપેલ માહિતી આ તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સંભાળી લીધો તે અંગેની પૂર્વભૂમિકારૂપે ગણી શકાય. આ તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી હસ્તક કઈ સાલમાં આવ્યો તેનો નિર્દેશ કરે તેવો કોઈ પત્રવ્યવહાર કે બીજી કોઈ માહિતી આપતું સાહિત્ય હાલ ઉપલબ્ધ નથી. એટલે આવી કોઈ ચોક્કસ સાલનો નિર્દેશ અહીં કરી શકાયો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરાંત કમલવિજયજી (વિજયકમલસૂરિ)ના શિષ્ય મોહનવિજયજી (વિજય-મોહનસૂરિ) એ પણ તા. ૨૫/૧૧/૧૯૦૮ના રોજ જૂનાગઢના જેરવહીવટ અંગે કેટલીક રજૂઆત કરી હતી, જે માહિતી આ કાચી નોંધમાંથી મળે છે.

ખાસ અપવાદ :—

પેઢી હસ્તક જે જે તીર્થોનો વહીવટ છે તે બધાં સ્થાનોની પેઢીઓનાં નામ 'શેઠ આણંદજી કલ્યાણજી' જ રાખવામાં આવ્યાં છે પણ ગિરનાર તીર્થના વહીવટ અંગે એ ખાસ અપવાદરૂપ નક્કી કરવામાં આવ્યું હતું કે એ તીર્થનો વહીવટ 'શેઠ દેવચંદ લક્ષ્મીચંદ'-ની પેઢીના નામથી જ ચાલુ રાખવો અને તે શેઠ આણંદજી કલ્યાણજીએ સંભાળવો. ગિરનાર તીર્થનો વહીવટ સંભાળતી પેઢીનું નામ 'દેવચંદ લક્ષ્મીચંદ' કેવી રીતે પડ્યું તે અંગેની માહિતી પ. પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજીની ત્રિપુટીએ લખેલ અને શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ભાવનગર તરફથી સને ૧૯૮૩ની સાલમાં પ્રગટ થયેલ 'જૈન પરંપરાનો ઇતિહાસ' નામે પુસ્તકના ચોથા ભાગમાં (પૃ. ૩૯૫) નીચે મુજબ આપવામાં આવી છે.

"વડનગરના ગુર્જર શેઠ દેવચંદ જૈન અને તેની વિધવા બ્હેન લક્ષ્મીબાઈ એ જૂનાગઢ આવી નિવાસ કર્યો. બન્નેને કંઈ સંતાન નહોતું. બંનેએ પોતાની સર્વસ્વ મૂડી આપી તીર્થની વ્યવસ્થા માટે જૂનાગઢમાં શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી સ્થાપન કરી." (આ માહિતી પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ : ૩ માં પૃ. ૫૧૬, ૫૧૭ના આધારે ત્યાં નોંધવામાં આવી છે.)

(૩) શ્રી કુંભારિયાજી તીર્થ :

વિ. સં. ૧૯૭૭ પહેલાં પ્રાચીન કુંભારિયા તીર્થનો વહીવટ દાંતા ગામનો સંઘ સંભાળતો હતો પણ તે પછી એ વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દેવામાં આવ્યો તે નીચેના તા. ૧૮-૪-૧૯૨૧ના રોજ શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ તરફથી દાંતા ભવાનગઢના શ્રી વીશા પોરવાડ મહાજન સમસ્તને લખવામાં આવેલ પત્ર ઉપરથી જાણી શકાય છે—

(૧) "અમદાવાદથી લી. શેઠ આણંદજી કલ્યાણજી. વિશેષ લખવાનું છે કે તમારો પત્ર ફાગણ વદી ૬ સંવત ૧૯૭૭નો મહેતા રવચંદ તારાચંદના હાથનો આવ્યા ઉપરથી અમોએ તમોને સંવત ૧૯૭૭ના ફાગણ વદી ૮ શનિવાર તા. ૨ એપ્રિલ સને ૧૯૨૧નો પત્ર લખેલો તેની નકલ આ સાથે છે. તે પત્રમાં લખ્યા પ્રમાણે અમારી પેઢીના મુનીમ રા. જેશંકર ગીરજાશંકર શ્રી કુંભારિયાજી ગયા અને કુંભારિયાજીના ભંડારી જવાનમલજી ગુલાબચંદજી ઉપર તમારો ફાગણ વદી ૧૨ સંવત ૧૯૭૭નો સરવે મહાજનના કહેવાથી દા. મહેતા જીવા ડોસાજીના હાથનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વામજ તીર્થ (જુઓ પૃ. ૨૫૯).



શ્રી ચિત્તોડગઢ ઉપરનાં જિનમંદિરો (જુઓ પૃ. ૨૫૮).



શ્રી કુંભારિયાજી તીર્થ (જુઓ પૃ. ૨૪૮).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શેરિસા તીર્થ (જુઓ પૃ. ૨૫૩).

શ્રી મૂછાળા મહાવીર તીર્થ (જુઓ પૃ. ૨૫૬).

ભગવાન ઋષભદેવનાં પગલાંની દેરી (જુઓ ૨૬૫).

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

લખેલો પત્ર ભંડારી ઉપર આવ્યા પ્રમાણે ભંડારીએ મુનીમ જેશંકરને ચારજ સોંપ્યો અને તે પ્રમાણે અમારા તરફથી હાલ ત્યાં મુનીમ તરીકે તે જ ભંડારી જવાનમલ ગુલાબચંદને કાયમ રાખીને જેશંકરે તેમને તે જ ચાર્જ સોંપી તેમની સહી લીધેલી ને ચાર્જની યાદી અમારા તરફ મુનીમ જેશંકરે રજૂ કરી છે.

(૨) "તે ચાર્જની યાદીની નકલ ત્યાંના દફ્તરે રાખવામાં આવી છે તે તમો તપાસી જોશો અને તેમાં કંઈ કમી જાસ્તી હોય તે લખી જણાવશો."

(૩) "અમોએ તમોને સંવત ૧૯૭૭ના ફાગણ વદી ૮ શનિવારના કાગળમાં લખ્યું છે તે પ્રમાણે સદરહુ દેરાસર અને સંસ્થાનો કુલ વહીવટ અમારા તરફથી થશે અને તેની દેખરેખ રાખવાને સારુ અમો તમારા ત્યાંના નીચે લખેલા માણસોની એક કમેટી અમારા તાબા નીચે સ્થાપન કરીએ છીએ તે સદ્‌ગૃહસ્થોનાં નામ નીચે પ્રમાણે છે." (અહીં નામ લખેલાં છે પણ તે ઉકેલી શકાતાં નથી તેથી અહીં આપી શકાયાં નથી.)

આ પછી આ દેરાસરોનાં જિર્ણોદ્ધારનાં કામમાં વપરાતી વસ્તુઓ ત્થા તે માટે જતા કારીગરો વગેરે તેમ જ આ તીર્થના યાત્રાળુઓ પાસેથી રાજ્યના હક્ક મુજબ જકાત વગેરે ન લેવામાં આવે એવી વિનંતી કરતો પત્ર તા. ૩૦-૫-૨૧ના રોજ દાંતા-ભવાનગઢના મહારાજ શ્રી હમીરસંગજીને લખવામાં આવ્યો હતો તે નીચે મુજબ છે—

"અમદાવાદ મુકામેથી શેઠ આણંદજી કલ્યાણજી વિશેષ વિનંતી કરવાની કે શ્રી કુંભારિયાજીના દેરાશરોના જિર્ણોદ્ધારનું કામ અમોએ શરુ કર્યું છે. અમારા તરફથી અમલદારો, કારકુનો, મીસ્ત્રીઓ, કારીગરો, મજૂરો વીગેરેને મોકલવામાં આવે ત્થા તે જિર્ણોદ્ધારમાં કોઈ પણ જાતનો માલ મોકલવામાં આવે ત્થા તે માલ જે કંઈ ગાડાં ત્થા ઘોડાં ત્થા ઊંટ ઉપર મોકલવામાં આવે તે ઉપર રાજ્યહક્ક નહીં લેવાનો હુકમ કાઢવાની મહેરબાની કરશો. સદરહુ લોકોને અમદાવાદ અને શ્રી કુંભારિયાજીની વચ્ચે ઘણી વાર આવવું જવું પડશે માટે અમો જે માણસનું નામ લખી મોકલીએ તે માણસને ઉપરના કારણસર કોઈ પણ જાતનો અટકાવ ન થવા સારૂ આપશ્રી અંબાજી અરેડી વીગેરેના સ્થાનિક અમલદારોને લખી મોકલવાની મહેરબાની કરશો અને તે પ્રમાણે બંદોબસ્ત કર્યાનું મહેરબાનીની રાહે અમારા તરફ લખી જણાવવા હુકમ ફરમાવશો.

"અમો આશા રાખીએ છીએ કે આપનો પ્રખ્યાત ઉપકારવૃત્તિ હોઈને આ ધર્માદા-ખાતાનું કામ હોવાથી આપ રાજ્યહક્ક માફ કરશો."

તા. સદર (સહી)
હરિલાલ જેઠાભાઈ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઢીએ લખેલા આ પત્રનો દાંતાના મહારાજા તરફથી શો જવાબ મળ્યો તે તો દફ્તરમાંથી જાણી શકાતું નથી, પણ પેઢીએ લખેલ આ પત્ર એ વાતની સાક્ષી પૂરે છે કે તે પૈસાની સાચવણી માટે તથા યાત્રિકોની સુવિધાને માટે કેટલી સજાગ અને પ્રયત્નશીલ રહેતી હતી.

(૪) શ્રી તારંગા તીર્થ :

આ સુપ્રસિદ્ધ તીર્થનો વહીવટ ટીંબાના જૈન સંઘ પાસેથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સંભાળી લેવા બાબતના સૌથી પહેલા પગલા તરીકે જે કાગળ રજૂ કરી શકાય તેમ છે તે નીચે મુજબ છે :

તા. ૨૪-૨-૨૦.

"મુકામ તારંગાજીથી મુની મોતીવિજયજી દેવગુરૂભક્તિકારક શેઠ આણંદજી કલ્યાણજી જોગ ધર્મલાભ પહોંચે.

"હું બે માશથી શ્રી તારંગાજી રહેલો છું અને પહેલેથી પણ સદરહુ તીર્થ આવવાનો તથા રહેવા માટે પ્રસંગ આવેલો છે. હાલમાં રીતસર હું તમોને જણાવું છું કે, તારંગાજી જૈન શ્વેતાંબર તીર્થ કમીટી તારંગાજી તીર્થના હકકોનું રક્ષણ કરવા બીલકુલ સમર્થ નથી. આ તીર્થ ઉપર દીગંબરી ટ્રસ્ટીઓ તરફથી અત્યાચાર બહુ વધી પડયો છે. દીગંબરીઓએ સદરહુ તીર્થ ઉપર કાયદા વિરુદ્ધ અને જૈન શ્વેતાંબર તીર્થના હકો વિરુધ તેઓએ કેટલીક નવી દેરીઓ બનાવી છે અને પ્રતિમાજીઓના કંદોરા ઘસી નાખ્યા છે. જૈન શ્વેતાંબર કોમની લાગણી અઘોર રીતે દુભાવનારૂ કૃત્ય કમીટી તથા તેના નોકરોએ અટકાવ્યું નથી તેમ જ નવાં આવાં અપકૃત્યો થાય નહીં તેને માટે પણ યોગ્ય રીતે તેઓએ પગલાં લીધાં નથી અને જો આવી રીતે ચલાવી દેવામાં આવશે તો તારંગાજી તીર્થને બહુ જ નુકસાન થવાનો સંભવ છે અને તીર્થના હકોને પણ હાનિ થશે અને ભવિષ્યમાં મોટા ઝઘડા થવાનો સંભવ છે માટે તીર્થના સંરક્ષણ સારૂ તથા તેના હકોની સંરક્ષા કરવા સદરહુ તીર્થની વ્યવસ્થા તથા વહીવટ આણંદજી કલ્યાણજીના હાથમાં લેવાની જરૂર છે અને તેટલા માટે સારો માણસ મોકલવાની જરૂર છે. આ અત્યાચાર મેં જાતે જોયેલો છે અને શેઠ સારાભાઈ ડાહ્યાભાઈના સંઘમાં આવેલા સાધુ મુનિમહારાજોને તથા બીજા જૈન ગૃહસ્થોને બતાવેલો છે તેમ જ તીર્થની આસપાસનાં ગામોવાળા ગૃહસ્થોને બતાવેલો છે.

લીખીતંગ મુનિ મોતીવિજયજી પ્રતાપવિજયજીના શિષ્ય સહી દા. પોતે."

આ સહીની નીચે તારંગાજી જૈન શ્વેતાંબર તીર્થ કમીટીના સંબંધ સભ્યોની સહીઓ છે જે ઉકેલી શકાતી નથી.

આમાં પહેલી સહી કરનાર પ્રતાપવિજયજીના શિષ્ય મુનિ મોતીવિજયજી કયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુદાયના સાધુ હતા તેની તપાસ કરતાં કોઈ પણ સમુદાયમાં એમનું નામ મળતું નથી એટલે એમ લાગે છે કે તેઓ યતિપરંપરાના યતિ હશે.

આ પછી તા. ૧૧-૪-૧૯૨૨ના રોજ તારંગાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપવાનો ઠરાવ થયો તેની વિગત ચિ. માલતીની લખેલ કાચી નોંધમાંથી પ્રાપ્ત થાય છે.

અહીં એ જાણવું વિશેષ ઉપયોગી થઈ પડશે કે તારંગા તીર્થ ઉપરના આપણા સંઘના હકરક્ષણ માટે પ. પૂ. મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજી (આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી) કેટલા ચિંતીત હતા તે તેમના નીચેના પત્રથી જાણી શકાય છે :

"મુ. લોદરા લી. મુનિ બુદ્ધિસાગરજી

"અમદાવાદ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ નગરશેઠ મણિભાઈ તથા શેઠ અંબાલાલ સારાભાઈ તથા શેઠ જમનાભાઈ ભગુભાઈ તથા શેઠ વાડીભાઈ તથા વકીલ હરિભાઈ વીગેરે યોગ્ય ધર્મલાભ. વિ. લખવાનું કે તારંગાજીના કોર્ટની તકરાર બાબત ઠાકોરની સાથે જે કામ ચાલે છે તેની તપાસ કરવા માટે સાદરાના પોલિટીકલ એજંટ ફાગણ સુદ ૧ ત્યાં જવાના છે. તે મુદ્દત પર દીગંબરીઓ ત્યાં ઘણા આવવાના છે. માટે આપણા જૈન શ્વેતાંબર કોમ તરફથી પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ હાજર રહેવાની જરુર છે તેમ જ બાહોશ વકીલ તેમ જ બેરીસ્ટરોને પણ રાખવાની જરૂર છે, તારંગાજીની કમીટીએ બને તેટલી સહાય આપીને આપણા તીર્થની રક્ષા કરવા માટે ત્યાં હાજર રહેવાની જરુર છે. એ જ ધર્મસાધના કરશો. ધર્મકાર્ય લખશો."

આ રીતે વિ. સં. ૧૯૭૭માં પેઢીએ તારંગા તીર્થનો વહીવટ સંભાળી લીધા બાદ આ તીર્થ માટે નીચે જણાવેલ દિગંબરને લગતું સમાધાન શેઠશ્રી કસ્તૂરભાઈની આગેવાની નીચે થયું હતું.

દિગંબરો સાથે સમાધાન :—આ બાબતમાં પેઢીના પ્રમુખપદેથી નિવૃત્ત થતી વેળાએ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ તા. ૭-૩-૧૯૭૬ના રોજ જે હકીકત રજૂ કરી હતી તે નીચે મુજબ છે.

"તારંગામાં શ્વેતાંબરો અને દિગંબરોના માલિકીહક્કો બદલ લાંબા સમયથી તકરાર ચાલતી હતી. ઉપરાંત, ટીંબાના ભાગીદારો વચ્ચે પણ તકરારો ચાલતી હતી, જે માટે આપણા તરફથી રીપ્રેઝન્ટેશન કરીને ફરફ રજૂઆત કરવામાં આવી હતી. પરિણામે તે વખતના પોલિટીકલ એજન્ટ મેજર મીકે પેઢીના વહીવટદારોને મુંબઈ બોલાવ્યા. મુંબઈ ત્રણ દિવસ વાટાઘાટો ચાલી. તે વખતે દિગંબર મંદિરમાં જવા આવવાનું દ્વાર આપણા મંદિરમાંથી હતું. અને જે પ્રતિનિધિઓ મુંબઈ ગયેલા તેમણે દિગંબરો સાથે સમજૂતી કરી કે આપણા મંદિરમાંથી જવાનું તેમનું બારણું પૂરી નાખવું અને તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદિરનો ભાગ તેમને રહે અને આપણા મંદિરમાં તેમની કોઈ દખલ રહે નહિ. ઉપરાંત, તારંગાના પહાડ ઉપર ચાર દેરીઓ છે. જેમાં આપણી તરફની બે આપણે રાખી અને તેમની બાજુની બે ટેકરી ઉપર દેરીઓ તેમને આપી આ પ્રમાણે કરાર કરી અમે અમદાવાદ પાછા આવ્યા. આ જાતના કરાર કર્યા છે, પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને ખબર પડ્યા ત્યારે તેઓ ખૂબ જ ગુસ્સે થયેલા અને કહે કે આ કરાર હું કબૂલ નહીં રખાવું. અમે કીધું કે ખૂબ જ જહેમત ઉઠાવીને અમે આ કરાર કરી આવ્યા છીએ, માન્ય રાખવો પેઢીના હિતમાં છે.

"ટીંબાના ભાગીદારો સાથે પણ તા. ૧૦-૧૦-૧૯૨૭ના રોજ એગ્રીમેન્ટ કરાવ્યું અને તેથી તેમના હક્કો બાબત પણ નિકાલ થયો. ભાગીદારોએ વાર્ષિક રૂ. ૩૧૦૦.૦૦ લેવાની શરતે તેમના કર ઉઘરાવવાના તમામ હક્કો છોડી દીધા." (શેઠ આ. ક.ની પેઢીની પચાસ વર્ષની કાર્યવાહીની રૂપરેખા નામની પુસ્તિકા પૃ. ૧૭-૧૮)

(૫) શ્રી મક્ષીજી તીર્થ :

આ તીર્થનો વહીવટ પહેલાં ઉજ્જૈનના શ્વેતાંબર સંઘના અગ્રણી તથા ઉજ્જૈનમાં રહેતા યતિ શ્રી પ્રેમવિજયજી સંભાળતા હતા. તે પછી કોના લખવાથી આ તીર્થનો વહીવટ વિ. સં. ૧૯૭૭માં શેઠ આણંદજી કલ્યાણજીએ સંભાળી લીધો તે અંગેની જરૂરી માહિતી પેઢીના દફ્તરમાંથી મળતી નથી પણ આ તીર્થની સામગ્રીનો કબજો પેઢીએ સંભાળી લીધો તેની નોંધ વિ. સં. ૧૯૭૮ના તા. ૯-૧૨-૨૧ના એક પત્રમાંથી મળી આવે છે એટલે એમ નક્કી થાય છે કે વિ. સં. ૧૯૭૮ પહેલાં આ તીર્થનો વહીવટ પેઢી હસ્તક આવી ગયો હતો.

આ તીર્થ અંગે શ્રી દિગંબર જૈન સંઘ સાથે સારો એવો વિવાદ અને વિખવાદ છેક જૂના કાળથી ચાલ્યો આવતો હતો. આના પરિણામે કંઈક એવું સમાધાન કરવામાં આવ્યું હતું કે જેથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તથા દિગમ્બર જૈન સંઘ અમુક અમુક સમય માટે ભગવાનની પૂજા કરી શકતા હતા. આને લીધે આ સ્થિતિ એવી શોચનીય બની ગઈ છે કે દિગમ્બરોના વારામાં ભગવાનના ચક્ષુઓ ઉતારી લેવામાં આવે છે અને શ્વેતાંબર સંઘના વારામાં એ ચક્ષુઓ ફરી ચોડી દેવામાં આવે છે, એક રીતે કહીએ તો આ સ્થિતિ ન ચલાવી લેવા જેવી કરુણ છે.

શેઠશ્રી ત્રિકમલાઈની સેવાઓ :—આ તીર્થ અંગેના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના હક્કોનું સંરક્ષણ કરવા માટે તથા આ તીર્થનો જે કંઈ વધુ વિકાસ થયો છે તે માટે અમદાવાદ નિવાસી શેઠ શ્રી ત્રિકમલાલ અમૃતલાલ શાહની સતત જાગૃત અને તન-મન-ધનથી કરેલી સેવાઓ અમૂલ્ય છે. મક્ષીજી તીર્થના આપણા સંઘના હક્કોનું રક્ષણ છેલ્લાં કેટલાંય વર્ષોથી શેઠ શ્રી ત્રિકમભાઈને આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) શ્રી શેરિસા તીર્થ :

આ તીર્થનો ઉલ્લેખ પ્રાચીન તીર્થોના ઉલ્લેખ સાથે આવે છે પણ કાળક્રમે આ તીર્થ વિચ્છિન્ન થઈ ગયા પછી કેટલોક કાળ એ લુપ્ત રહ્યું હતું. તે પછી વિ. સં. ૧૯૫૫માં એક ખેતરાઉ જમીનમાંથી ભગવાન પાર્શ્વનાથની શ્યામ અને વિશાળકાય પ્રતિમા પ્રગટ થઈ હતી તેથી લોયણી અને પાનસર તીર્થોની જેમ આ જગ્યાએ પણ નવું તીર્થ ઊભું થયું હતું જે અમદાવાદથી અઢારેક માઈલની દૂરી ઉપર છે અને કલોલથી ચારેક માઈલ દૂર છે.

શરૂઆતમાં આ તીર્થના ભવ્ય જિનાલયનું બાંધકામ પેઢીના એક વગદાર અને પ્રભાવશાળી વહીવટદાર પ્રતિનિધિ શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈની પોતાની આર્થિક સહાયથી શરૂ કરવામાં આવ્યું હતું પણ પછીથી એમની આર્થિક સ્થિતિ આ દેરાસરનું બાંધકામ પૂરું કરી શકાય એવી ન રહેવાથી એમણે આ દેરાસરનો વહીવટ વિ. સં. ૧૯૮૪ની સાલમાં શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દીધો હતો. શરૂઆતમાં આ તીર્થનો વહીવટ સંભાળનાર પેઢીનું નામ પરમાનંદજી કલ્લાણજી હતું.

આ તીર્થનો વહીવટ અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપવા બાબત શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ જે પત્ર લખ્યો હતો તે નીચે મુજબ છે :

તા. ૨૪-૪-૨૮.

" શ્રી સેરીસાજીનું મહાન પ્રાચીન તીર્થ કલોલ પાસે શેરિસા ગામ મધે આવેલું છે. આ તીર્થ ઘણું પ્રાચીન હતું. તે થોડાં વર્ષો પહેલાં ત્યાં મહાન ભવ્ય પ્રતિમાજીઓએ દેખાવ દીધો હતો અને સ્મરણીય આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના સદ્પ્રયાસથી તેના ઉદ્ધારનું કામ ધર્મવીર શેઠ માણેકલાલ મનસુખભાઈથી શરુ થયું છે. ત્યાંની વ્યવસ્થાનાં બે ખાતાં પાડવામાં આવેલાં છે. એક જ્યાં પ્રભુજી બિરાજે છે તે ત્યા ધર્મશાળાઓ બંધાઈ છે તે. હાલમાં હજુ બંધાય છે તે સર્વનું મળી એક ખાતું જે તે 'શેઠ પરમાનંદજી કલ્યાણજી શ્રી શેરિસા' એ નામથી ઓળખાય છે તે ત્યા બીજું ખાતું તેમાં ફક્ત નવા બંધાતા દેરાસરજીનો સમાવેશ થાય છે તે ખાતું. બીજા ખાતામાં એટલે નવા દેરાસરજીમાં લગભગ રૂ. ૭૬,૦૦૦/ આશરે ખર્ચ અત્યાર સુધીમાં થએલો છે તેમાં હજુ કેટલોક પથ્થર આરસ વીગેરે કામનો સામાન તૈયાર પડ્યો છે. દેરાસરજીના રૂ. ૨,૫૦,૦૦૦/ સંઘના પૂન્યે ખરચવામાં આવેલા છે. જ્યારે બાકીના રૂ. ૧૭,૦૦૦/ના આશરે આપની પાસેથી તીર્થના ખાતે અમારી જવાબદારીથી ઉછીના લઈને ખરચેલા છે તેમ જ લગભગ રૂ. ૪૦૦૦/નું હાલ કારીગરો વગેરેનું દેવું છે. હાલ ૭ માસથી કામ બંધ છે. પ્રતિષ્ઠા કરવાને સારુ તૈયાર કરવા પૂરતું લગભગ રૂ. ૫૦,૦૦૦/નું કામ બાકી છે તેમ મને લાગે છે. તીર્થ ઘણું ભવ્ય થયું છે પરંતુ મારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યસંબંધી પરિસ્થિતિને લીધે હાલ મારાથી તે કામ થઈ શકે તેમ નથી. મારી અંતઃકરણની ઇચ્છા છે કે મારાથી બની શકે તો તે મારે પૂરું કરવું પરંતુ હાલ સંયોગ પ્રતિકૂળ છે. પરમાનંદજી કલાણજીવાલા ખાતામાં ધર્મશાલા મોટી તૈયાર થઈ ગઈ છે. હાલ હવે તેમાં કાંઈ વધારો કરવાની જરૂર નથી પણ થોડું કામ બાકી છે તે પૂરૂ કરવાનું છે. જ્યાંના લગભગ દરેક ઓરડા દીઠ રૂ. ૧૨૫૦/ આપી દાનવીરો પોતાનું નામ અમર કરે છે. ખરચ ઘણો વધુ થાય છે. હાલમાં ધર્મશાલા ખાતે લગભગ રૂ. ૪૨,૦૦૦/ લેણા બેંચાય છે, પરંતુ લગભગ છ ઓરડા તથા દસ નાના ઓરડા હજુ અપાયા વગરના બાકી છે તે હાલના સંજોગોમાં કોઈ લેવાને સારૂ આવતું નથી. તેમ તે બાબતનો નવો પ્રયાસ પણ કરેલો નથી. જો તે ભરાઈ જાય તો ધર્મશાલા ખાતે બેંચાતું લેણું લગભગ વસૂલ આવી જાય. ઉપર પ્રમાણેની સ્થિતિ છે. દેરાસરમાં લગભગ મહીને રૂ. ૨૦૦/નું ચાલુ ખર્ચ છે તે અત્યાર સુધી ખરચથી ઉપજ વધુ આવે છે એટલે ચાલુ ખર્ચમાં કાંઈ તોટો પડતો નથી. દેરાસર ખાતે લગભગ દસ હજારની કિંમત જેટલા દાગીના, જરજરીયાત, વાસણ-ગોઢડાં વીગેરે છે. આવા સંજોગોમાં મારી વિનંતી છે કે આપ આ બન્ને ખાતાનો વહીવટ આપના તાબામાં હંમેશના માટે લઈ લેશો ને દેરાસરનું બાકીનું કામ આપના રૂપીઆ લેણા છે ને તે વધુ લગભગ રૂ. ૫૦,૦૦૦/ ધારી હાલનું દેવું આપશો તથા બાકીનું કામ પૂરું કરાવશો. પરંતુ તેમાં મારી ખાસ વિનંતી છે કે જે સ્ટાઈલ ઉપર અત્યાર સુધીનું કામ થયું છે તે અને નવું કામ જુદાં ન પડે તે ખાસ ધ્યાનમાં રાખશો અને પ્રતિષ્ઠા થવા પૂરતું જ તૈયાર કરાવશો. પ્રતિષ્ઠા કરવા સુધીમાં હાલની લેણી પડતી રકમ તથા નવી ઉપાડ થયેલી રકમ છ ટકાના વ્યાજ સાથે હું જો આપી શકું તો આખા તીર્થમાં તમામ પ્રતિમાજીઓમાંથી મુળનાયકની શેઠ સાહેબ માણેકલાલભાઈના હાથે પ્રતિષ્ઠા કરાવવાની છે ને બાકીની બધી પ્રતિમાઓની હું અગર મારા કુટુમ્બમાંથી કોઈ પણ પ્રતિષ્ઠા કરાવે તેવો આદેશ આપશોજી. આ ઉપરથી એમ ચોકખું સમજવાનું છે કે હું કે મારાં કુટુમ્બીઓ આ રકમનાં દેવાદાર નથી પરંતુ અલબત્ત મને પ્રતિષ્ઠાનો આદેશ કયારે મલે કે હું આપના તમામ રૂપીઆ પ્રતિષ્ઠા થયા પહેલાં ભરપાઈ કરી દઉં તો અને કદાચ હું રૂપીઆ ન આપી શકું તો આપ મુલનાયકજીનો શેઠ માણેકલાલ-ભાઈના હાથે કોઈ પણ જાતનો નકરો લીધા વિના પ્રતિષ્ઠિત કરાવશો અને નાનામાં નાની પ્રતિમાજી આપને અનુકૂળ હોય તે જગ્યાએ મને અગર મારા કુટુમ્બને પ્રતિષ્ઠા કરવા સારુ આજ્ઞા આપશો તેવી વિનંતી છે. કારણકે પછી તો આપની રકમ લેણી હોય તે આપને પાછી આપવાનું સાધન તે જ છે અને આ મોટું મહાન તીર્થ છે. પ્રભુ ઇચ્છાએ મહારાજ સાહેબોની હાજરીને લઈને આવા મોટા તીર્થની પ્રતિષ્ઠા વખતે ઘણી મોટી રકમ ઉપજશે. આપની ખરચાયેલી રકમ વસૂલ થશે ને એક મહાન તીર્થ પૂરૂ થશે તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાલમાં આવેલી અગવડ દૂર થશે માટે આ બાબત આપની કમીટીમાં મૂકી યોગ્ય વિચાર કરી ઘટતું કરશો. હવેથી આ તીર્થનો વહીવટ સંબંધી મારી કોઈ જાતની દરમિયાનગીરી નથી મેરબાની કરીને જુદા રાખશો. આ પેઢીનો આવો ધર્મ જ છે કે જે તીર્થ અગવડમાં આવ્યું હોય તેને અગવડમાંથી કાઢી રસ્તેસર મૂકવું આમાં મારા લખાણમાં કાંઈ બાંધ આવતો હોય તો હું આપની મરજી પ્રમાણે લખી આપવા તૈયાર છું. મુદ્દો એટલો છે કે તીર્થનું સારું થાય સદરું કામ પ્રતિષ્ઠા પૂરતું જેમ બને તેમ તાકીદે પૂરૂ કરાવશો ને આવતી સાલમાં પ્રતિષ્ઠા થાય તેમ કરશો.

એ જ લિ. સેવક

(સહી) સારાભાઈ ડાહ્યાભાઈના પ્રણામ."

શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ વસ્તુસ્થિતિની નિખાલસ રજૂઆત કરતાં આ પત્રમાં આ તીર્થ સંબંધી પ્રવર્તમાન વાસ્તવિક સ્થિતિ એવી સારી રીતે રજૂ કરી હતી અને આ રજૂઆત એવા લાગણીભીના શબ્દોમાં કરવામાં આવી હતી કે જેથી પેઢીના મોટા વહીવટદાર પ્રતિનિધિઓએ (જેઓ અમદાવાદમાં હાજર હતા તેમણે) શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈની માંગણીનો એકી અવાજે અને સહર્ષ સ્વીકાર કર્યો હતો. આ રીતે છેવટે આ તીર્થનો વહીવટ પરમાનંદજી કલ્યાણજી પેઢીમાંથી બદલાઈ ને શેઠ આણંદજી કલ્યાણજીના નામથી ચાલવા લાગ્યો હતો. આ ઘટના પેઢીની પરંપરાગત તીર્થરક્ષાની પ્રણાલિકાને શોભા આપે એવી હતી.

અને સાચે જ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આ તીર્થનો વહીવટ સંભાળી લીધા પછી ખર્ચની કોઈ પણ જાતની ચિંતા સેવ્યા વગર તથા ખર્ચમાં કરકસર કર્યા વગર શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈની ઇચ્છા મુજબ એક આલિશાન અને ભવ્ય જિનાલય ખડું કર્યું હતું અને ધર્મશાળા વગેરેનો વહીવટ જુદો રાખ્યો હતો. આ જિનાલય તૈયાર થયા પછી વિ. સં. ૨૦૦૨ માં વૈશાખ સુદી ૧૦ના દિવસે પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ આદિની પવિત્ર નિશ્રામાં ઉલ્લાસ-પૂર્વક આ પ્રાચીનમાંથી નવીન બનેલ જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

વિશાળ ચોગાનમાં ચારેકોર ધર્મશાળાઓથી વીંટળાયેલું અને વચ્ચે આલી મેદાનથી વિશેષ શોભાયમાન બનેલું આ આલિશાન જિનાલય ખરેખર એક નમૂનેદાર અને ભવ્ય બન્યું છે એમાં મુખ્ય ગભારામાં ભગવાન શેરિસા પાર્શ્વનાથની શ્યામ રંગની વિશાળ પરિકર સાથેની મોટી નવી જિનપ્રતિમા પધરાવવામાં આવી છે અને જે પ્રતિમા જમીન-માંથી મળી આવી હતી તેની પ્રતિષ્ઠા જિનાલયના ભોંયરામાં કરવામાં આવી છે. આ રીતે શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ સ્થાપેલ પરમાનંદજી કલ્યાણજીની પેઢીના હાથમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રાચીન-અર્વાચીન તીર્થભૂમિનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાં આવી ગયો હતો.

આ છે આ તીર્થના વહીવટ બદલવાનો ટૂંકો ઇતિહાસ.

(૭) શ્રી મૂછાળા મહાવીર તીર્થ :

આ તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીએ સંભાળી લેવા માટેનો ઉલ્લેખ ધાણેરાવ સંઘના નીચેના પત્રમાં થયો હતો. આ પત્ર આ તીર્થના જીર્ણોદ્ધાર પછી કરવામાં આવેલ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી પૂરી થયા પછી શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ સાથેની વાતચીતના અનુસંધાનમાં લખવામાં આવ્યો હતો જે નીચે મુજબ છે :

13-1-63

सेवामें,

माननीय सेठसाहेब जयजिनेन्द्र

विषय : श्री मुछाला महावीरस्वामीजी के मन्दीर की व्यवस्था,

श्रीमान,

आपसे उपरोक्त विषयमें ता. १-११-६२ को श्री रानकपुरजी में विचारविमर्श हुआ था । आपने यह आश्वासन दिया कि श्री मुछाला महावीरजी तीर्थ की व्यवस्था संभालने के लिए-शेठश्री आनन्दजी कल्याणजी की पेढी के ट्रस्टीओं से विचारविमर्श कर आपको वापस उत्तर दुंगा । आपके कहनेसे हमने आपको ५, पाँच व्यक्तिओंके नाम भी दिए थे, और आपके साथ जो बातें हुई थी वो धाणेराव संघके सामने रखी थी तो सबने खुशी खुशी मंजुर की थी । लेकिन श्रीमान के बहोत कार्य होने से अगर याद नहीं रहा हो तो हम आपको पुनः याद दिलाते है कि इस तीर्थ को आ. क. की पेढी संभालने की जिम्मेदारी उठा लें तो इस तीर्थ का उद्धार हो सकेगा, कारन आज की इन विषम परिस्थितिओंमें-पंच तिर्थी के एक महान तीर्थ की व्यवस्था मजबूत हाथोंमें होना जरुरी है । जब कहीं सुन्दर व्यवस्था कायम रह सकती है और जो तीर्थ की महान-महत्ता है वो महानता कायम रह सकती है ।

अतः हम आपसे पूर्ण आशा रखते है कि आप अति शीघ्र तीर्थ की व्यवस्था शेठ श्री आनन्दजी कल्याणजी की पेढी को सुपरत करने में पूर्ण तन-मन से सहयोग देंगे ।

भवदीय

जावंतराज चावडा और अन्य

આ પત્ર પછી કેટલાક પત્રવ્યવહાર બાદ પેઢીએ આ તીર્થનો વહીવટ સંભાળી લેવા માટે ઇન્કાર કરતો પત્ર ધાણેરાવ લખ્યો હતો જે નીચે મુજબ છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'શેઠ આણંદજી કલ્યાણજી સાદરી

વિ. તમારા જા. નં. ૨૩૯. તા. ૧૯-૨-૬૩ના પત્રસંબંધમાં લખવાનું કે શ્રી મૂછાળા મહાવીરજીના મંદિરનો વહીવટ આપણી પેઢી સંભાળવા માંગતી નથી તેવો નિર્ણય લેવામાં આવેલો છે. તે બાબતના બબર અત્રેથી આપવાના છે તો તેના જે ટ્રસ્ટીને બબર આપવાના હોય તેમનું નામ તથા સરનામું અત્રે લખી મોકલશો.

મેનેજર.'

આ પત્રવ્યવહાર એમ સ્પષ્ટ સૂચન કરે છે કે પૂર્ણ પૂર્વભૂમિકા તૈયાર થયા અગાઉ પેઢી કોઈ પણ તીર્થસ્થાનનો વહીવટ લેવા ઉત્સુકતા બતાવતી ન હતી.

આ અંગે કેટલાક જરૂરી પત્રવ્યવહારને અંતે ધાણેરાવના શ્રી સંઘ સમસ્તે ફરીથી આ તીર્થનો વહીવટ સંભાળી લેવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તા. ૮-૩-૬૪ના રોજ લખ્યું હતું જે આ પ્રમાણે છે—

सेवामें, श्री आनन्दजी कल्याणजी

अहमदाबाद

विषय : श्री मु. महावीरजी का तीर्थ सुपरत करने बाबत

उक्त विषय बाबत आपसे निवेदन है कि समस्त श्रीसंघ धाणेरावने आज यह निश्चय किया है कि श्री मुछाला महावीरजी के तीर्थका वहीवट पूर्वतया श्री आनन्दजी कल्याणजी की पेढी संभाले ।

अतः आपसे पुनः श्री समस्त संघ धाणेराव सानुरोध निवेदन करता है कि आप इस कार्य को करनेमें कतई विलम्ब न कर अति शीघ्र उक्त तीर्थका हस्तांतरत करावें ।

भवदीय

(આ પત્રને અંતે ધાણેરાવ સંઘ સમસ્તના અગ્રણીઓની સહીઓ છે જે ઉકેલી શકાતી નથી.)

આ પત્ર પોતાને મળ્યા પછી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ૪-૫-૧૯૬૪ના રોજ આ મૂછાળા મહાવીર તીર્થનો વહીવટ પોતાના હસ્તક લેવા માટે તા. ૧૭-૪-૬૪ના રોજ ઠરાવ કરીને એની જાણ શ્રી ધાણેરાવ સંઘ સમસ્તને કરતો જે પત્ર લખ્યો હતો તેની નકલમાંથી જેટલો ભાગ ઉકેલી શકાયો છે તે નીચે મુજબ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ મે ૧૯૬૪

'શ્રી મહાવીરજી મહારાજ કા ભંડારકી પેઢી

શ્રી જૈન શ્વે. દેવસ્થાન કારખાના,

ધાણેરાવ (રાજસ્થાન)

વિશેષ તમારા પ્રથમ ચૈત્ર વદ ૧૦ ને.....ના પત્રસંબંધી જણાવવાનું કે શ્રી મૂછાળા મહાવીરના દેરાસરનો વહીવટ આણંદજી કલ્યાણજીની પેઢીએ સંભાળી લેવાનો નિર્ણય અત્રેના વહીવટદાર પ્રતિનિધિઓની તા. ૧૭-૪-૬૪ના ઠરાવથી લેવામાં આવ્યો છે તો તે મુજબ વહીવટ સોંપવાની વ્યવસ્થા કરશો. આ અંગે.....દેરાસરના હિસાબો આ જ તારીખ સુધી લખી સરવૈયું કાઢીને મોકલી આપશો અને સ્થાવર તથા જંગમ મિલકતની યાદી કરી તે પણ મોકલી આપશો.

મેનેજર.'

પેઢીના આ પત્રમાં લખ્યા મુજબ આ તીર્થનો વહીવટ સંભાળી લેવાની તિથિ આસો સુદ-૩ ને ગુરુવાર તા. ૮/૧૦/૬૪ના રોજનું મુહૂર્ત આવતાં પેઢીના જનરલ મેનેજર શ્રી બાપાલાલભાઈ મગનલાલ ઠાકરે આ તીર્થનો વહીવટ સંભાળી લીધો હતો. આ રીતે આ તીર્થનો વહીવટ સંભાળી લેવા અંગેના પ્રકરણનો ધાણેરાવના શ્રી સંઘની માંગણી મુજબ છેવટે સુખદ અંત આવ્યો હતો.

(૮) શ્રી ચિત્તોડગઢ ઉપરનાં જિનમંદિરો :

રાજસ્થાનના મેવાડ વિભાગમાં સુપ્રસિદ્ધ ચિત્તોડગઢ નામે ગામ અને પહાડ આવેલ છે. આ પહાડ ઉપર ગઢની અંદરના ભાગમાં ત્રણ જિનમંદિરો અને એક કીર્તિસ્તંભ આવેલ છે. ત્રણ જૈનમંદિરોનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે—

(૧) શ્રી આદેશ્વરનું મંદિર

(૨) ભંડારીજીનું મંદિર

(૩) કર્મશાનું મંદિર.

અને આ ત્રણ મંદિરો તથા એની સાથેના ૮ ઓરડાની ધર્મશાળાનો તેમ જ સ્ટેશન ઉપરની જૈન ધર્મશાળાનો વહીવટ 'શ્રી જૈન શ્વેતાંબર સાતવીસ દેવરી મંદિર - કિલ્લા ચિતોડગઢ' એ નામથી અમદાવાદનું સુતરિયા કુટુંબ સંભાળતું હતું. આના ટ્રસ્ટીઓ આ પ્રમાણે હતા : શ્રી ભોગીલાલ સુતરિયા, શેઠ માણેકલાલ મોહનલાલ, શેઠ ફકીરભાઈ સુતરિયા, શેઠ બાબુભાઈ સુતરિયા અને શેઠ હિંમતભાઈ સુતરિયા.

આ જિનાલયના ટ્રસ્ટીઓના કયા પત્રના આધારે આ તીર્થનો વહીવટ તા. ૨૬-૧૦-૬૭ (વિ. સં. ૨૦૨૪)ના રોજ સંભાળી લેવાનું નક્કી કર્યું, તે પત્ર ચિતોડગઢ સંબંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફાઇલમાંથી મળી શકયો નથી પણ છેવટે પેઢીએ એનો વહીવટ સંભાળી લેવાનું નક્કી કર્યું એ જ મુખ્ય મહત્ત્વની બાબત છે. વિશેષમાં સ્ટેશન પાસેની ધર્મશાળાની જોડે સને ૧૯૪૬ની સાલમાં ૧૮૦૦ રૂ.માં ૬૬ × ૧૮૦ ફૂટ જે જમીન ખરીદવામાં આવી હતી તે પેઢીના વહીવટમાં આવી ગઈ હતી.

(૯) શ્રી વામજ તીર્થ :

નાનું સરખું જિનાલય ધરાવતું આ તીર્થ શ્રી શેરિસાના જોડિયા તીર્થ તરીકે શેરિસા-વામજ એ રીતે ઓળખાય છે. આ તીર્થનો વહીવટ પેઢીએ સંભાળ્યા સંબંધી એવી માહિતી મળે છે કે—

તા. ૧૩-૧-૧૯૪૦ના રોજ શેરિસા પાસે આવેલ વામજ ગામમાં નવું દેરાસર કરાવવાનું કામ ઝવેરી ડાહ્યાભાઈ કપૂરચંદે શરૂ કરેલું હતું અને હાલમાં કેટલુંક કામ અધુરું હતું તે પૂરું કરાવી તેમાં પ્રતિષ્ઠા તેઓએ કરાવી સદરહુ દેરાસરનો વહીવટ સોંપે તો પેઢીએ સંભાળી લઈ વહીવટ કરવો એવું નક્કી કરવામાં આવ્યું હતું. સરતચૂકથી 'પ્રતિષ્ઠાના અહેવાલ'ની યાદીમાં પૃ. ૧૬ ઉપર આ નામ ઉમેરવાનું રહી ગયું છે.

(૧૦) સમ્મેતશિખરના પહાડનો માલિકી હક્ક ખરીદી લેવા સંબંધી :

સને ૧૮૮૦માં પેઢીનું પહેલવહેલું બંધારણ ઘડવામાં આવ્યું હતું. આ પછી એ બંધારણમાં જરૂરી સુધારો કરવા માટે તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ૧૯૧૨ના દિવસો દરમ્યાન સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની જનરલ મીટિંગ બોલાવવામાં આવી હતી. એ મીટિંગમાં પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓની તા. ૧૨ માર્ચ ૧૯૧૨ના રોજ જે મીટિંગ મળી હતી તેમાં સમ્મેતશિખરનો પહાડ ખરીદી લેવા અંગે એક ઠરાવ કરવામાં આવ્યો હતો જે આ પ્રમાણે હતો :

"તા. ૧૨ માર્ચ સને ૧૯૧૨ સંવત ૧૯૬૮ના ફાગણ વદ ૯ મંગળવારના રોજ સ્થાનિક પ્રતિનિધિઓની મળેલી મીટિંગમાં શ્રી સમ્મેતશિખરજી તીર્થ બાબતમાં નીચે પ્રમાણે ઠરાવ થયો છે.

"રાયસાહેબ બદ્રીદાસજી બહાદુર કલકત્તેથી અત્રે પધારેલા છે અને તેમણે મહાપ્રયત્ને શિખરજીના તીર્થ માટે પ્રયાસ કર્યો તે હકીકત શેઠ વલભજીભાઈ હીરજીભાઈ એ રાયસાહેબની વતી અત્રે નીચે પ્રમાણે જાહેર કરી કે પાલગંજના રાજાના શિખરજી ઉપરના તમામ હક્કનું કાયમનું લીઝ લેવા માટે રૂ. ૨,૪૨,૦૦૦/ બે લાખ બેતાલીસ હજાર એક વાર રોકડા આપવા ત્થા દર વર્ષે રૂ. ૪૦૦૦/ ચાર હજાર આપવા એવી ગોઠવણ થઈ છે અને તેમાં જે રૂ. ૧૫૦૦/ પંદરસે શ્રી શિખરજીના કારખાના તરફથી મળે છે તે લેવાના ત્થા પાલગંજના રાજાના હક્ક તરીકે ડુંગરની જે ઉપજ આવશે તે પણ આપણે લેવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ જાહેર કર્યું અને આ સંબંધે ગવર્નમેન્ટમાં મંજૂરી માટે માંગણી કરી છે, તે માંગણી મંજૂર થયેથી ઉપરની રકમ તથા તે સિવાય વકીલ વગેરે બીજા ખર્ચ માટે જરૂર પડતાં રૂ. ૧૫,૦૦૦/ પંદર હજાર સુધી જરૂર પડે તેમ છે એમ જાહેર કર્યું. આ હકીકત ઉપરથી મિ. માણેકલાલ ઘેલાભાઈ એ દરખાસ્ત કરી તથા મિ. અંબાલાલ બાપુભાઈ એ ટેકો આપ્યો કે આ કામ ઘણું જ સારું છે અને ઉપર જે રકમ જણાવી છે તે રકમ શેઠ આણંદજી કલ્યાણજીએ સમ્મેતશિખરના તીર્થ ખાતે લખીને આપવી અને તે બાબત જે જે જરૂર અને યોગ્ય કામ લાગે તે સર્વે કરવા વહીવટ કરનાર પ્રતિનિધિઓને સત્તા આપવી અને આ કામ બદલ રાયબદ્રીદાસજી બહાદુરને ધન્યવાદ આપવો.

"ઉપર પ્રમાણે સ્થાનિક પ્રતિનિધિઓની મીટિંગમાં ઠરાવ થયેલ છે તે મંજૂર કરવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે તે ઠરાવમાં જણાવેલી શરતોમાં અથવા રકમમાં કાંઈ ઓછું વધતું કરવાનું અગર ફેરફાર કરવાનું વહીવટ કરનાર પ્રતિનિધિઓને યોગ્ય લાગે તો તેમ પણ કરવાની તેમને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે. સદરહુ ઠરાવને વીજાપુરવાળા શાહ મગનલાલ કંકુચંદે ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો."

આ રીતે સમ્મેતશિખરજીનો પહાડ ખરીદી લેવા અંગેના આ ઠરાવના બંધારણમાં સુધારો-વધારો કરવા માટે મળેલ તા. ૨૮-૨૯-૩૦ ૧૯૧૨ની મીટિંગમાં બહાલી આપવામાં આવી હતી.

આ પછી પહાડ ખરીદવા અંગે કાયદાની સલાહ લેવામાં પહાડની ખરીદી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની વતી કોના નામે કરવી તે અંગે નિર્ણય કરવા માટે તથા કેટલાંક જરૂરી કામકાજમાં કલકત્તા સાથેના પત્રવ્યવહારમાં આશરે છએક વર્ષ જેટલો સમય વીતી ગયો અને છેવટે નક્કી થયા મુજબ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની વતી શેઠ શ્રી આણંદજી કલ્યાણજીના નામે તેના પ્રમુખ નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈના નામથી આ પહાડ સને ૧૯૧૮માં ખરીદી લેવાનો દસ્તાવેજ કરવામાં આવ્યો.

પહાડનો માલિકીહક્ક રદ :—સમ્મેતશિખરનો પવિત્ર પહાડ બિહાર રાજ્યમાં આવેલ છે. સને ૧૯૫૦ની આખરમાં બિહાર રાજ્યે બિહાર લેન્ડ રિફોર્મ્સ એક્ટ નામે કાયદાનો અમલ કરતાં આ પહાડનો માલિકીહક્ક રદ થઈ ગયો હતો. આ પછી બિહાર રાજ્યમાં ચીફ મિનીસ્ટર કે. બી. સહાય સાથે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિ મંડળે શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની આગેવાની નીચે મુલાકાત લીધા પછી તથા વાટાઘાટો કર્યા પછી ચીફ મિનીસ્ટરે બિહાર રાજ્યની વતી એક દસ્તાવેજ આપણી પેઢીને તા. ૫-૨-૬૫ના રોજ કરી આપ્યો. નવાઈની વાત તો એ છે કે એમણે જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણને એક દસ્તાવેજ કરી આપ્યો તેમ દિગમ્બર સંઘને પણ બીજો દસ્તાવેજ કરી આપ્યો હતો.

આપણને કરી આપેલ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ આ પહાડ ઉપરનો આપણો માલિકીહક્ક આખા પહાડનો મહિને અમુક મર્યાદામાં આવી ગયો છે અને આ પહાડ ઉપરના જંગલની આવકમાંથી ૪૦ ટકા બિહાર રાજ્યને તથા ૬૦ ટકા આપણા સંઘને મળે એવી ગોઠવણ કરવામાં આવી છે.

(૧૧) મગનલાલ કરમચંદનાં સાત ટ્રસ્ટો :

અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ મિલમાલિક શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ કેટલોક વખત માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટદાર પ્રતિનિધિ હતા, એમના દાદા મગનલાલ કરમચંદે ધર્મભાવનાથી પ્રેરાઈને જુદાં જુદાં સાત ધર્માદા ટ્રસ્ટોની સ્થાપના કરી હતી. સમય જતાં આ સાતે ટ્રસ્ટો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપી દેવાનું એ લોકોને હિતાવહ લાગતાં તે માટે નીચે મુજબ આ ટ્રસ્ટોનો સોંપણી અંગેની કાર્યવાહી કરવામાં આવી હતી. તા. ૨૪-૯-૧૯૫૬ના રોજ આ કાર્ય માટે પેઢીના વહીવટદાર ટ્રસ્ટીઓની મીટિંગ મળી હતી તેની કાર્યવાહી નીચે મુજબ છે :

"આજ રોજ તા. ૨૪-૯-૧૯૫૬ એટલે સં. ૨૦૧૨ના ભાદરવા વદી ૫ને સોમવારના રોજ બપોરના અઢી વાગતાં શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના પાનકોરનાકાના બંગલે નીચે જણાવેલાં સાત ટ્રસ્ટોના ટ્રસ્ટીઓની મીટિંગ થયેલ.

(૧) મગનલાલ કરમચંદ દેરાસર કેસર-સુખડ ફંડ.

(૨) મગનલાલ કરમચંદ પાલીતાણા ધર્મશાળા ફંડ.

(૩) પૂ. સાધુ મહારાજોને વહોરાવવાના કાપડનું ફંડ.

(૪) મગનલાલ કરમચંદ અષ્ટાપદજી અને નંદીશ્વરદ્વીપ ફંડ.
(આમાં અમદાવાદની દોશીવાડાની પોળમાં આવેલ નંદીશ્વરદ્વીપ સહિતનાં અષ્ટાપદજીનું દેરાસર સમજવું.)

(૫) મગનલાલ કરમચંદ પાલીતાણા દેરાસરનું ફંડ.

(૬) મગનલાલ કરમચંદ પાલીતાણા સદાવ્રત ફંડ.

(૭) મગનલાલ કરમચંદ ચોથાવ્રત બાધા ફંડ.

"સદરહુ ટ્રસ્ટોના નીચે લખ્યા મુજબના ટ્રસ્ટીઓ હાજર છે :

(૧) શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ – પ્રમુખ.

(૨) વકીલ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) શેઠ શ્રી નરોત્તમભાઈ પુરુષોત્તમભાઈ

(૪) શેઠ શ્રી કાંતિલાલ ભોગીલાલ નાણાવટી

(૫) શેઠ શ્રી ભોગીલાલ છોટાલાલ સુતરિયા.

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પ્રમુખસ્થાન લેતાં નીચે મુજબ કામકાજ થયું :

(૧) "ઉપર જણાવેલાં સાત ટ્રસ્ટના હાલ જે પાંચ ટ્રસ્ટીઓ છે તેમાં નીચે લખ્યા ચાર ટ્રસ્ટીઓનો ઉમેરો કરવામાં આવે છે :

૧. શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ

૨. શેઠ શ્રી નરોત્તમભાઈ મયાભાઈ

૩. શેઠ શ્રી સુમતિભાઈ પોપટલાલ

૪. શેઠ શ્રી ત્રીકમલાલ ચંદુલાલ.

(૨) "ઉપર જણાવેલ સાત ટ્રસ્ટના કામકાજની સરળતા ખાતર શેઠ આ. ક. ના પ્રતિનિધિઓ પૈકી જે વહીવટદાર પ્રતિનિધિઓની તે વખતે વારી હોય તે વહીવટદાર પ્રતિનિધિઓની તે વખત દરમ્યાન આ ટ્રસ્ટોના કામકાજનાં અંગે પણ વારી સમજવી અને તે સબકમીટીએ તે સમય દરમ્યાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટની માફક આ ટ્રસ્ટોનો પણ વહીવટ સંભાળવો અને તે અંગેનું કામકાજ સંભાળવું.

(૩) "ઉપર જણાવેલ સાત ટ્રસ્ટોની રજીસ્ટર ઓફિસનું સરનામું શેઠ આણંદજી કલ્યાણજી – ઝવેરીવાડ, પટણીની ખડકી, અમદાવાદ. રહેશે અને તેના મેનેજર તરીકે નાગરદાસ કસ્તૂરચંદ શાહ અને આસી. મેનેજર તરીકે શીવલાલ કેશવલાલ શાહ તથા ચીનુભાઈ નગીનદાસ ડોકટર કામ કરશે."

સહી. તા. ક.

સહી – કસ્તૂરભાઈ લાલભાઈ
,, ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી
,, નરોત્તમભાઈ પુરુષોત્તમભાઈ
,, કાંતિલાલ ભોગીલાલ નાણાવટી
,, ભોગીલાલ છોટાલાલ સુતરિયા
– મેનેજર શેઠ આણંદજી કલ્યાણજી.

આ સાત ટ્રસ્ટોની નાણાંકીય સ્થિતિ :—

ટ્રસ્ટોનું નામ	મૂળ રકમ
(૧) મગનલાલ કરમચંદ દેરાસર કેસર-સૂખડ ફંડ	૧૨,૦૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) મગનલાલ કરમચંદ
પાલીતાણા ધર્મશાળા ફંડ ૧૩,૦૦૦

(૩) પૂ. સાધુ મહારાજોને વહોરાવવાના
કાપડનું ફંડ –

(૪) મગનલાલ કરમચંદ અષ્ટાપદજી
અને નંદીશ્વરદ્વીપ ફંડ ૨,૦૦૦

(૫) મગનલાલ કરમચંદ
પાલીતાણા દેરાસરનું ફંડ ૫,૦૦૦

(૬) મગનલાલ કરમચંદ
પાલીતાણા સદાવ્રત ફંડ ૧૦,૦૦૦

(૭) મગનલાલ કરમચંદ
ચોથાવ્રત બાધાફંડ ૨,૫૦૦

કયા ટ્રસ્ટનો હેતુ શું હતો તે ટ્રસ્ટના નામ ઉપરથી જ જાણી શકાય છે માટે તે અંગે વિશેષ ખુલાસો લખવાની જરૂર રહેતી નથી.

(૧૨) બનારસની અંગ્રેજી કોઠી નામે પ્રસિદ્ધ ઇમારતને લગતું શેઠ વીરચંદ દીપચંદ અને શેઠ ગોકળદાસ મૂળચંદ ટ્રસ્ટ :

બનારસની ઠઠેરગલીની અંદર નંદનશાહુ મહોલ્લામાં આવેલ એક પાંચેક માળનું આલિશાન મકાન 'અંગ્રેજી કોઠી'ના નામથી અત્યારે પણ ઓળખાય છે. આ મકાનમાં મહુવાવાળા (કાશીવાળા તરીકે જાણીતા) પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ 'શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા' નામે સંસ્થા ચાલતી હતી અને તેનો હેતુ જૈન વિદ્યાના જુદા જુદા વિષયોના પંડિતો તૈયાર કરવાનો હતો. સમય જતાં આ પાઠશાળા બંધ પડી એટલે આ મકાન ખાલી પડ્યું. ગુજરાત જેટલે દૂર રહીને ઉત્તર પ્રદેશમાં આવેલ કાશી શહેરમાં જિનમંદિર ધરાવતા આ આલિશાન મકાનનો વહીવટ કરવાનું મુશ્કેલ જણાતાં તેનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દેવાનું મુનાસિબ માનવામાં આવ્યું. આ અંગે શેઠ આણંદજી કલ્યાણજીએ તા. ૨૯-૬-૪૨ ના રોજ જે ઠરાવ પસાર કર્યો તે નીચે મુજબ છે :

"ઠરાવ ૬૭ : સદ્‌ગત શેઠ વીરચંદ દીપચંદના તથા શેઠ ગોકળભાઈ મુળચંદનાં વારસો શેઠ વસંતકુમાર ભોગીલાલ વીરચંદ દીપચંદ તથા શેઠ ચીનુભાઈ મણિભાઈ ગોકળભાઈ મૂળચંદ વીગેરે તેમના તા. ૨૮-૮-૪૧ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે શહેર બનારસમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલું તેમનું અંગ્રેજી કોઠીના નામે ઓળખાતું મકાન પેઢીને સુપ્રત કરવા માંગે છે. તે પરથી પત્રવ્યવહાર થતાં તેમનો છેલ્લો તા. ૨૬-૬-૪૨ નો પત્ર તથા તે સાથે સદરહુ મકાનને લગતા ટ્રસ્ટડીડનો નીચે મુજબનો ડ્રાફ્ટ તે માંહેની ખાલી જગો પૂરી બનારસની કોર્ટમાં રજીસ્ટર કરાવવા સારૂ આવ્યો છે તે રજૂ થતાં ઠરાવ : તે પ્રમાણેનું ટ્રસ્ટડીડ સ્વીકારી લેવું. આ બાબત બનારસ જઈ મકાનનો કબજો તેઓ આપણને આપે તે સંભાળી લેવો અને આ કામને અંગે જે કાંઈ ખર્ચ થાય તે સદરહુ મકાન ખાતે ઉધારી આપવા મંજૂર કરવામાં આવે છે."

આ ઠરાવમાં સૂચવ્યા મુજબ જે ટ્રસ્ટડીડનો સ્વીકાર કરવામાં આવ્યો તેમાં નીચે મુજબ પાંચ ટ્રસ્ટીઓ નક્કી કરવામાં આવ્યા હતા.

(૧) શેઠ મનુભાઈ દલસુખભાઈ (૨) શેઠ ચીનુભાઈ મણીભાઈ ગોકળભાઈ મૂળચંદભાઈ (૩) શેઠ ચીમનલાલ લાલભાઈ (૪) વકીલ શ્રી ચંદ્રકાન્તભાઈ છોટાલાલભાઈ (૫) શેઠ નરોત્તમભાઈ પુરુષોત્તમભાઈ.

આ ટ્રસ્ટનું નામ શેઠ વીરચંદ દીપચંદને શેઠ ગોકળભાઈ મૂળચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ઉન્નતિ ટ્રસ્ટ રાખવામાં આવ્યું છે.

આ ટ્રસ્ટનો ઉદ્દેશ આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે :

"સદર મિલકતનો ઉપયોગ જૈન શ્વેતાંબર કોમના લાભાર્થે ધાર્મિક અગર વ્યવહારિક કાર્યોમાં એટલે કે ધર્મશાળા તરીકે પાઠશાળા કે શાળા તરીકે તથા છાત્રવૃત્તિ માટે અગર તે પ્રકારનું બીજું જે કાંઈ કારણ યોગ્ય જણાય તે અર્થે ઉપાશ્રય સિવાય કરવાનો છે અને સદર મિલકત જો ભાડે આપવામાં આવે તો તેનું જે ભાડું આવે તેમાંથી મીલકતના અંગેના કરવેરા દુરસ્તી ખરચ મીલકત સંભાળનાર માણસોને પગાર વીગેરે બાદ જતાં જે રકમ વધે તે ટ્રસ્ટીઓએ ઉપર જણાવ્યા પ્રમાણે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનાં હિતમાં વાપરવું."

આ ટ્રસ્ટડીડમાં આ મીલકતના વેચાણ અંગે તેની આવકના ઉપયોગ અંગે નીચે મુજબ જણાવવામાં આવ્યું છે :

"સદર મીલકત ઉપર શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ ગોકુળભાઈ મુળચંદભાઈનું નામ હંમેશ માટે કાયમ રાખવું. જો સદર મીલકત વેચવાનું ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તો વેચી નાંખી તેની જે કિંમત આવે તે કિંમતથી બને ત્યાં સુધી ગુજરાતમાં કોઈ સ્થળે અથવા સ્થળોએ નવી સંસ્થા ઊભી કરી તે સંસ્થાનો ઉપયોગ ઉપર જણાવ્યા પ્રમાણે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોમના લાભ માટે વાપરવી પરંતુ તે પ્રમાણે કરવામાં ઉપર જણાવેલ બન્ને સંસ્થાનાં નામ કાયમ રહે તે પ્રમાણે કરવું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ટ્રસ્ટના ટ્રસ્ટડીડમાં કરેલી આ જોગવાઈ મુજબ અંગ્રેજી કોઠીનો અમુક ભાગ ૫૮,૦૦૦ રૂ.માં વેચી નાખવામાં આવ્યો છે.

આ સંસ્થાનો વહીવટ પેઢીને સોંપવામાં આવ્યો તે પેઢી માટે પ્રતિષ્ઠા વધારનારું અને પેઢી ઉપરના સમાજના વિશ્વાસનું સૂચક ગણી શકાય.

(૧૩) એક નાની સરખી દેરી છે કે જેમાં ભગવાન ઋષભદેવનાં પગલાં છે તેની વિગત તથા તેનો શિલાલેખ.

શેઠ હઠીભાઈની વાડી સામે ખાડીયા એમ. વાડીલાલ પ્રેસની બાજુમાં શેઠ આ. ક. પેઢીના વહીવટની એક દેરી છે તેમાં પગલાં છે તેનો લેખ.

નાની દેરીમાં ૧૮×૧૮ ઇંચ આશરે પીળા પાષાણની ચોરસ ચોકીમાં ૯ ઇંચ લંબાઈનાં પગલાંની જોડ છે. તેના ઉપર નીચે પ્રમાણે નાગરી અક્ષરોમાં લેખ કોતરેલો છે

संवत १९०१ ना वर्षे पोसमासे कृष्णपक्षे सप्तमी तिथौ गुरुवासरे श्री अहमदाबाद वास्तव्य नगरश्रेष्ठी ओसवालज्ञातिय वृद्धशाखायां सेठ वखतचंद खुशालचंद पुत्र शेठ हेमाभाई वखतचंद तथा सुरजमलभाई तथा मनसुखभाई वगेरे भाई । श्री आदिनाथ-पादुका कारापिता श्री सागरगच्छे । श्री श्री श्री भट्टारक १०८ म० ॥ श्री शांतिसागर-सूरि विद्यमाने प्रतिष्ठिता । संवत १९०१ श्री ॥

लषीतं पं. मोतीसागर..... ।

લેખનો સાર :—વિક્રમ સંવત ૧૯૦૧ના પોષ વદી ૭ને ગુરુવારે અમદાવાદ નિવાસી વીસા ઓસવાલ નગરશેઠ વખતચંદ ખુશાલચંદના પુત્રો શેઠ હેમાભાઈ તથા શેઠ સુરજમલભાઈ વિગેરેએ આ આદિનાથના પગલાંની પ્રતિષ્ઠા સાગરગચ્છના ભટ્ટારક ૧૦૮ શ્રી શાંતિસાગરસૂરિની વિદ્યમાનતામાં કરી.

લિ. પં. મોતીસાગર.

લોકોની નજરે ભાગ્યે જ પડતી આ નાની સરખી દેરીમાંનાં પગલાં ઉપર જે શિલા-લેખ કોતરવામાં આવ્યો છે, તેમાં નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના કુટુંબનાં વંશજોનાં નામ આપ્યા છે તેના લીધે આ શિલાલેખનું મહત્ત્વ વધી જાય છે.

(૧૪) પેઢી હસ્તક અમદાવાદનાં દેરાસરો :

અમદાવાદ શહેરનાં નીચે મુજબ દેરાસરોનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે :

(૧) શ્રી અજીતનાથ ભગવાનનું દેરાસર.

(૨) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) શ્રી આદેશ્વર ભગવાનનું દેરાસર.

(૪) શ્રી મહાવીર સ્વામી ભગવાનનું દેરાસર.

ઉપર જણાવેલાં ચારે દેરાસરો ઝવેરીવાડમાં વાઘણપોળમાં આવેલાં છે.

(૫) ઘીકાંટા રોડ ઉપર નવતાડની પોળ પાસે આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું દેરાસર.

મૂળ આ દેરાસરનો વહીવટ શેઠ શ્રી મગનલાલ કરમચંદ હસ્તક હતો.

(૬) દોશીવાડાની પોળમાં આવેલું અષ્ટાપદજીનું દેરાસર.

આનો વહીવટ પણ પહેલાં શેઠ શ્રી મગનલાલ કરમચંદ હસ્તક હતો.

(૭) શ્રી રામજીમંદિરની પોળમાંનું દેરાસર.

(૮) જમાલપુર પેઢીના ઝરોકવાળા કમ્પાઉન્ડમાં આવેલું દેરાસર.

(૧૫) શ્રી શાન્તિસાગરજીનો ઉપાશ્રય :

આ ઉપાશ્રયનું મકાન અમદાવાદમાં કાળુપુર વિસ્તારમાં દેવસાના પાડાની પાસે આવેલું છે અને તે દેવસાના પાડાનો જ એક ભાગ ગણાય છે. આ ઉપાશ્રય અને એની મિલકત અંગે છેક સને ૧૮૮૮ની સાલમાં એટલે કે લગભગ એકાદ સૈકા પહેલાં એ ઉપાશ્રયના માલિક શ્રી શાંતિસાગરજીએ પોતાની સ્થાવર તથા જંગમ મિલકત અંગેનું એક વસિયતનામું પોતાની હયાતીમાં કર્યું હતું.

આ વસિયતનામાની શરૂઆતમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે :

"અમો નીચે સહી કરનાર પ્રથમ નામ સરૂપચંદ કસ્તૂરચંદ વેશ ધારણ કરાથી શાન્તીસાગરજી જ્ઞાતે ઓસવાળ શ્રાવક ઉંમર આશરે વરસ ૪૮ની કસબ ધર્મ ઉપદેશ દેવાનો રહેવાસી હાલ અમદાવાદમાં દેવસાના પાડા આગળ ચોરની ગરેસાબે (આ શબ્દનો અર્થ સમજાતો નથી) મકાનમાં રહું છું. પ્રથમ ઈડરનો રહીશ છું. મેં રવીસાગરજી પાસે માથુ મુંડાવી તેમનો વેશ ગ્રહણ કરેલો. બાદ સીધાંત જોતાં ચારીત્ર મારગની દુરંધરતા દેખીને તે પ્રમાણે પાલવાને મારી શક્તિ નહીં હોવાથી તે વેશથી મુક્ત થઈ અહીંઆ રહ્યો છું....."

વસિયતનામાની શરુઆતના આ લખાણ ઉપરથી બે વાત ફલિત થાય છે જે આ પ્રમાણે છે : એક તો શાંતિસાગરજીએ કોઈક સમયે પોતાના સાધુવેશનો પરિત્યાગ કરીને ગૃહસ્થપણું સ્વીકાર્યું હતું અને પોતાના અસલ નામ 'સરૂપચંદ કસ્તૂરચંદ' એ નામથી આ વસિયતનામું કર્યું હતું. બીજી વાત એ ફલિત થાય છે કે એમણે પ. પૂ. મુનિરાજ શ્રી રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. આ રવિસાગરજી મહારાજ તે પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના દાદાગુરુ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. પૂ. કલ્યાણસાગરજી મહારાજ સાહેબનો સંવત ૨૦૪૧ ના આસો વદ ૮ નો લખેલો આ મતલબનો પત્ર નીચે પ્રમાણે છે :

"શાન્તિસાગરજી અંગે પૂછાવ્યું. તેઓ મૂળ ઈડરના વતની હતા. પ. પૂ. પરમ ઉપકારક મુ. શ્રી રવિસાગરજી મ. સા. અત્યુત્તમ ચારિત્રપાત્ર, આદર્શ તપત્યાગ અને ઉત્તમ કોટિના ક્રિયાશીલ મુનિવર હતા. તેમની પાસે સ્વરૂપચંદભાઈએ દીક્ષા અંગિકાર કરેલ. શાસ્ત્રોનું વાંચન પણ બહોળા પ્રમાણમાં કરેલ. પાછળથી શાસ્ત્રવિપરીત પ્રરૂપણા કરવાથી તેમને સમુદાય બહાર કરવામાં આવેલ. દેવશાના પાડાની બાજુમાં રહેતા હતા. પ્રાયઃશેષ જીવન ત્યાં પૂર્ણ કર્યું હતું.

"તમોએ પૂછાવેલ પ. પૂ. મુ. શ્રી રવિસાગરજી મ. સા. પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના દાદાગુરૂજી હતા. એ જ પ. પૂ. રવિસાગરજી મ. સા. ના શાન્તિસાગરજી શિષ્ય હતા. 'યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી' લેખક જયભિખ્ખુ અને પાદરાકર પત્રાંક ૧૮૦ માં પ. પૂ. રવિસાગરજી મ. સા. અને શાંતિસાગરજી અંગેનું લખાણ છે. ત્યાંથી જોવાથી વિશેષ માહિતી મળશે."

આ પત્રમાં સૂચવ્યા પ્રમાણે 'યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી' પુસ્તકના પૃ. ૧૮૦ ઉપર આ અંગે જે માહિતી આપવામાં આવી છે તેમાંથી નોંધપાત્ર વિગત આ પ્રમાણે છે : "શ્રી સ્વરૂપચંદના પ્રથમ પત્ની ગુજરી ગયાં હતાં, ને બીજી વારનાં તેમનાં સગપણ પણ થયાં હતાં. પણ આ તીવ્ર વૈરાગી જીવે એ કમળપુષ્પની કેદને કાપીને દીક્ષાનો સ્વીકાર કર્યો.....ધીરે ધીરે તેઓનો મત એવો થયો, કે "જૈન શાસ્ત્રાનુસારે હાલતા સાધુઓ ધર્મક્રિયા બરાબર કરતા નથી' ને પછી એમની દૃષ્ટિ પરિવર્તન પામી. વિ. સં. ૧૯૩૦ માં તેઓ શ્રીમદ્ રવિસાગરજી મહારાજથી જુદા પડ્યા. દશકા બાદ એમણે સાધુનો વેશ તજી દઈ, એક ઉપાશ્રયમાં શેષ જીવન ગાળ્યું."

આવો જાહેર એકરાર કરવો તે એ એકરાર કરનારની મનની નિખાલસતા અને પારદર્શીતા સૂચવે છે એમ કહેવું જોઈએ.

આ પછી એમણે પોતાની સ્થાવર મિલકત તરીકે પોતાના ઉપાશ્રયનો ઉલ્લેખ કર્યો છે તેમ જ જંગમ મિલકત તરીકે પુસ્તકો, વાસણ-કુસણ તથા રોકડ રકમની વિગતો આપ્યા વગર કેવળ મોઘમ ઉલ્લેખ કર્યો છે. અને પોતાના વસિયતનામાના અમલ માટે આઠ ટ્રસ્ટીઓનાં નામ આપેલ છે જે નીચે મુજબ છે : (૧) શા. મૂળચંદભાઈ હઠીસીંગ (૨) શા. રણછોડભાઈ જેઠા (૩) શા. છોટાલાલ લલ્લુભાઈ (૪) શા. જેસીંગભાઈ સાંકળચંદ (૫) શા. ચુનીલાલ સાંકળચંદ (૬) શા. માલસીભાઈ ભોજરાજ (૭) શા. પીતાંબરદાસ ભોજરાજ (૮) શા. પ્રેમચંદભાઈ કેશવલાલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વસિયતનામાના સાક્ષી તરીકે સંખ્યાબંધ વ્યક્તિઓનાં નામ લખેલાં છે જે અહીં આપવાની જરૂર લાગતી નથી. આમ છતાં આ સાક્ષીઓમાં પહેલી સહી કરનાર વ્યક્તિના નામનો અહીં ઉલ્લેખ કરવો ઉચિત લાગે છે. તેઓ હતા ગુજરાતના નામાંકિત લોકસેવક શ્રી મહિયતરામ રૂપરામ. આ વસિયતનામું એમણે વિ. સં. ૧૯૪૪ના ફાગણ સુદી ૨ વાર સોમ. તા. ૧૩ ફેબ્રુઆરી સને ૧૮૮૮ના રોજ કર્યું હતું.

સમય જતાં આ વસિયતનામાના અમલ માટે ટ્રસ્ટીઓ બદલાઈ ગયા અને એનો અમલ કરવાની સત્તા નીચે મુજબ ચાર ટ્રસ્ટીઓને મળી હતી : (૧) વકીલ શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી (૨) શેઠ લોગીલાલ છોટાલાલ સુતરિયા (૩) શેઠ જેશીંગભાઇ છોટાલાલ સુતરિયા (૪) શેઠ ચંદુલાલ જમનાદાસ. આ ચારે ટ્રસ્ટીઓ કયારે નિમાયા તેની તારીખ પેઢીમાં મળતી નથી.

શાંતિસાગરજીના ઉપાશ્રયના આ ચારે ટ્રસ્ટીઓએ સને ૧૯૫૦ અને સને ૧૯૫૨ માં શાંતિસાગરનો ઉપાશ્રય અને એની સાથે સંબંધ ધરાવતી બધી મિલકત શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દેવા અંગેની મંજૂરી આપવા અમદાવાદના મહેરબાન ડીસ્ટ્રીકટ જજને અરજી કરી હતી. આ અરજીના અનુસંધાનમાં કેટલોક પત્રવ્યવહાર કરવામાં ત્રણ ચાર વર્ષનો ગાળો વીતી ગયો હશે એમ લાગે છે એટલે સને ૧૯૫૬ ની સાલની આસપાસમાં આ ઉપાશ્રયનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીએ સંભાળી લીધો હતો એમ સંબંધિત કાગળો ઉપરથી જાણી શકાય છે.

અત્યારે આ ટ્રસ્ટના ઉપાશ્રયના મકાનમાં પેઢીનો કેટલોક સામાન રાખવામાં આવ્યો છે અને તેનો વિકાસ થવો બાકી છે. જો આનો વિકાસ કરવામાં આવે તો આ મકાન ઘણું મોકાસરનું હોઈ તેનો ઘણી સારી રીતે ઉપયોગ થઇ શકે તેમ છે.

દુરંદેશીભર્યો નિર્ણય :

પેઢી હસ્તક જે જે તીર્થો વગેરેનો વહીવટ ક્રમે ક્રમે આવતો રહ્યો છે તેને લીધે પેઢીનું કાર્યક્ષેત્ર સતત વિસ્તરતું રહ્યું છે તે સહેજે સમજી શકાય એવી બાબત છે, આમ છતાં પેઢીના વહીવટની કાર્યક્ષમતાને આંચ ન આવે એવી દુરંદેશી વાપરીને હવેથી નવા તીર્થ કે જિનાલય વગેરેનો વહીવટ ન સ્વીકારવો એવો શાણપણભર્યો નિર્ણય પેઢીએ કર્યો છે, તે ધ્યાનમાં લેવાલાયક બીના છે.

તીર્થોના પરિચય બાબત :

પેઢી હસ્તકનાં શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર વગેરે તીર્થોનો આધારભૂત પરિચય આપવાનો લોભ થઈ આવે તેવી સ્થિતિ છે પણ એમ કરવા જતાં આ પ્રકરણ ઘણું વિસ્તૃત થઈ જવાની આશંકા છે એટલે એ લોભને નિયંત્રણમાં રાખીને જેમને આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થોનો પરિચય મેળવવો હોય તેઓને ઉપયોગી થાય એવાં નીચેનાં પુસ્તકોનો અહીં નિર્દેશ કરીને જ સંતોષ માનું છું.

(૧) 'જૈન તીર્થ સર્વસંગ્રહ' ભાગ ૧ થી ૩, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ત્રણેક દાયકા પહેલાં પ્રગટ કરેલ.

(૨) 'જૈન તીર્થોનો ઇતિહાસ'.

લેખકો – પ. પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી, પ. પૂ. મુનિ શ્રી જ્ઞાનવિજયજી અને પ. પૂ. મુનિ શ્રી ન્યાયવિજયજી એ ત્રિપુટી તરીકે પ્રસિદ્ધ મુનિવરો.

આ ગ્રંથનું પ્રકાશન શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા તરફથી ત્રણેક દાયકા પહેલાં થયેલ છે.

(૩) થોડાંક વર્ષ પહેલાં મદ્રાસના શ્રી મહાવીર જૈન કલ્યાણ સંઘ તરફથી 'તીર્થ-દર્શન' નામે પુસ્તક બે ભાગમાં બહાર પાડવામાં આવ્યું છે.
આ ગ્રંથની ધ્યાન ખેંચે એવી વિશેષતા એ છે કે તે આખો ગ્રંથ આર્ટ પેપર ઉપર છાપવામાં આવ્યો છે અને તેમાં દરેક જિનાલયના તેમ જ મૂળનાયકનાં બહુરંગી ફોટા આપવામાં આવ્યા છે.

(૪) આ ઉપરાંત શ્રી શત્રુંજય મહાતીર્થનો સંક્ષિપ્ત સચિત્ર પરિચય જાણીતા પુરાતત્ત્વવિદ શ્રી એમ. એ. ઢાંકીએ લખેલ 'તીર્થાધિરાજ શ્રી શત્રુંજય' નામે પુસ્તિકામાં આપવામાં આવ્યો છે જે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી પ્રગટ થયેલ છે.

વિશેષ નોંધ

આ આખાય પ્રકરણમાં જે કંઈ માહિતી આપવામાં આવી છે તેનું જે સાહિત્ય પેઢીના વિશાળ દફ્તરમાં સચવાયું છે તેની કેટલીક વિગત અત્રે આપવી જરૂરી લાગે છે. દરેક તીર્થના વહીવટ અંગેનાં કાગળીયાઓ પેઢીના દફ્તરમાં જે રીતે નંબર આપીને રાખવામાં આવ્યાં છે તેના નંબરો નીચે આપવામાં આવ્યા છે. ભવિષ્યમાં આ તીર્થ-સ્થાનોમાંથી કોઈ પણ તીર્થસ્થાન અંગે કોઈને પણ વિશેષ સંશોધન કરવું હોય તો આ માહિતી કંઈક અંશે ઉપયોગી નીવડશે.

(૧) સાદરી – કારખાનાનો વહીવટ સોંપવા બાબત બંને તડના આગેવાનોના લખાણ – તા. ૧૪-૧૨-૧૯૦૨ નો કરાર.

(૨) કુંભારીઆજી – (૧) દફ્તર નંબર ૧, ફાઇલ નં. ૭
(૨) દફ્તર નં. ૧ ફાઇલ નં. ૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) શેરિસાનો વહીવટ હસ્તક લીધો....
યાદી સંવત ૧૯૮૪ (દફ્તર ૧૫૬, ફાઇલ નં. ૨)

(૪) મક્ષીજી – (૧) દફ્તર નં. ૩૭, ફાઇલ નં. ૧
(૨) દફ્તર નં. ૩૭, ફાઇલ નં. ૨ (૩) દફ્તર નં. ૩૭, ફાઇલ નં. ૨/૨

(૫) જુનાગઢ – જુનાગઢ પેઢીનો વહીવટ લેવા બાબતના કાગળો સંવત ૧૯૬૫ થી ૭૩.

(૬) ચિત્તોડગઢ પેઢીનો વહીવટ સંભાળ્યા બાબતની ફાઇલ સંવત ૨૦૨૩.

(૭) રામજીમંદિરની પોળના દેરાસરનો વહીવટ સંભાળ્યા બાબત.
સંવત ૨૦૨૩ (દફ્તર નં. ૩૩૭, ફાઇલ નં. ૮)

(૮) તારંગા પેઢીનો વહીવટ સંભાળ્યાના કાગળોની ફાઇલ
(દફ્તર ૩૬, ફાઇલ નં. ૧)

(૯) મૂછાળા મહાવીરનો વહીવટ સંભાળી લીધો તેના કાગળો
સંવત ૨૦૨૧ ઈ. સ. ૧૯૬૫ (દફ્તર ૩૨૭, ફાઇલ નં. ૭)

(૧૦) બનારસનો વહીવટ સંભાળ્યાની ટાઇપ નકલોની ફાઇલ.

(૧૧) શેઠ મગનલાલ કરમચંદનાં સાત ટ્રસ્ટોનો વહીવટ સંભાળી લીધા બાબતની ફાઇલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯

કેટલીક જાણવા જેવી બાબતો

શેઠ આણંદજી કલ્યાણજીનો ઇતિહાસ લખવા માટેની સામગ્રી એકત્ર કરવા માટે એનું વિશાળકાય દફ્તર તપાસતાં કેટલીક જાણવા જેવી બાબતો તરફ મારું ધ્યાન ગયું છે. આ બાબતો જૈન સંઘના જાણવામાં આવે તે જરૂરી લાગવાથી એ અંગેની કેટલીક માહિતી નીચે રજૂ કરવામાં આવે છે. આ માહિતી મારા મદદનીશ ડૉ. કનુભાઈ શેઠ દ્વારા તૈયાર કરાયેલ સ્લીપોના આધારે અત્રે આપવામાં આવી છે.

— તા. ૨૨-૩-૧૮૮૬ના રોજ ડીસા કાંપ (કેમ્પ)ના જનરલ હોંગ સાહેબ તા. ૨૯-૨-૧૮૮૬ના રોજ ડુંગર ઉપર ગયા હતા અને ત્યાં બાણું લીધું હતું. તો શું વસ્તુ હતી તેનો તેમની પાસે ખુલાસો મંગાવવામાં આવ્યો ત્યા એક લખાણ એંગ્રેજીમાં કાઠિયાવાડના મહેરબાન પોલિટીકલ સાહેબને મોકલવું કે અંગ્રેજી ગૃહસ્થો ડુંગર ઉપર જોવા સારૂ જાય છે ત્યારે દરબારવાલા તરફથી બાણું મોકલે છે તેમાં અભક્ષ્ય વસ્તુ મોકલે છે એમાં અમારા ધર્મ વિરુદ્ધ છે તેથી કરીને અમારા શ્રાવક કોમની લાગણી દુભાય છે માટે ડુંગર ઉપર એવી વસ્તુ મોકલે નહીં તેવો બંદોબસ્ત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૪-૩-૧૯૨૭ના રોજ નગરશેઠ કસ્તૂરભાઈ મણીલાલ તરફથી રૂ. ૧૦,૦૦૦ની પ્રોમીસરી નોટો મોકલવામાં આવી છે તેનું વ્યાજ લાવી, તેમના પત્રમાં લખ્યા પ્રમાણેના ખાતે જમે કરી અને તેઓ લખે તે પ્રમાણે આંગેલ જમાડવાને તે ગૃહસ્થને રૂપિઆ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૪-૪-૧૯૨૦ના રોજ મુનિ મહારાજ જશવિજયજી તરફથી આપવામાં આવતાં પુસ્તકોનો સ્વીકાર કરવાની મંજૂરી આપવામાં આવી અને જ્ઞાનમંદિરનું નામ દેવદ્ધિગણિક્ષમાશ્રમણ જૈન શ્વેતાંબર જ્ઞાનમંદિર રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩-૧૨-૧૯૩૦ના રોજ મહારાજ શ્રી કાન્તિવિજયજીએ જેસલમેરની કેટલીક પ્રતિમાઓના ફોટા લેવરાવ્યા છે. તેનું ખર્ચ રૂ. ૩૦૦/ મંજૂર કરવામાં આવ્યું ત્યા આ સિવાયની જે અલભ્ય પ્રતો હોય તેના ફોટા લેવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

— તા. ૧૬-૭-૧૯૩૧ના રોજ મી. ચીમનલાલ જે. શાહને તેમના 'જૈનીઝમ ઇન નોર્થ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્ડીયા'ના બાકી રહેલાં રૂ. ૧૦૦૦/ મહેનતાણાના મોકલી આપવા મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૮-૭-૧૯૩૫ના રોજ સારાભાઈ એમ. નવાબને જૂની લિપીઓ, જૂના સિક્કાઓ, જૂનાં બાંધકામ વગેરેનું જ્ઞાન લેવા રૂ. ૨૦૦/ શ્રાવક-શ્રાવિકા ખાતેથી સબકમિટીએ અપાવ્યા છે તે મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૯-૬-૧૯૦૯ના રોજ જૂનાગઢનો વહીવટ રા. બા. ખાલાભાઈ મંછારામ તથા ઝવેરી વાડીલાલ વખતચંદે રૂબરૂ જઈને શા. વીરચંદ ત્રિભોવનદાસ પાસેથી જોઈ તપાસી લીધો ત્યારબાદ મુનિમ કેશવલાલ ત્યાંથી ચલણી નોટ, હેમની ગીનીઓ વગેરે વગેરે રૂ. ૯૦૭૮/ અત્રે લાવ્યા હતા.

— ભાવનગરથી શેઠ કુંવરજી આણંદજીનો, ભગવાનને વીંધેલાં ફુલો પાલીતાણા ચઢાવે છે. તેમ ન થવું જોઈએ એવી મતલબનો પત્ર અને હેન્ડબીલ તા. ૨૭-૩-૧૯૦૯ના રોજ આવ્યાં હતાં.

— તા. ૨૭-૫-૧૯૧૩ના રોજ શેઠ ઉમાભાઈ હઠીસીંગનાં કુટુંબીજનો તરફથી એમની ઘોઘાની ધર્મશાળા સુપરત કરવાની માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

— તા. ૧૪-૨-૧૯૧૩ના રોજ વોટસન મ્યુઝિયમ ઓફ એન્ટીકવીટીઝ રાજકોટ તરફથી જનાર કયુરેટરને તેઓ જોવા માંગે તે શિલાલેખ જોવા, વિચારવા તથા નકલ કરવા માંગે તો તે કરવા દેવાની પરવાનગી આપવાનું નક્કી કરવામાં આવ્યું (લેખો પલાસણ અગર દેરાસરની અંદરના બીજા ભાગ ઉપર હોવાથી બીજા ધર્મનો માણસ અડકે તો આશાતના થાય – તે જોવું એવી સૂચના સાથે.)

— તા. ૫-૧૦-૧૯૧૬ના રોજ ડહેલાના ઉપાશ્રયના વહીવટ સંબંધી તે વખતની સ્થિતિ જોતાં ચાર્જ લેવાની અગત્ય લાગવાથી તે વખતે તુરત છ માસ માટે ચાર્જ પેઢીએ સંભાળી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૮-૫-૧૯૧૭ના રોજ ડહેલાનાં ઉપાશ્રયનો વહીવટ વધુ છ માસ માટે સંભાળવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— તા. ૧૩-૫-૧૯૧૬ના રોજ કલકત્તા ચાહનો બગીચો રૂ. ૬૦,૦૦૦માં ખરીદવાની માંગણી રાયબદ્રીદાસજી બહાદુર તરફથી આવેલી તે મંજૂર કરવામાં આવી હતી.

— તા. ૨૦-૬-૧૯૨૦ના રોજ પાલીતાણાથી મહારાજ શ્રી ગંભીરવિજયજીના શિષ્ય અવદાતવિજયજી મહારાજ તરફથી જે રથ ભાંગેલો નકામા જેવો પડેલો છે તે ઉજ્જૈન મોકલવા માટે માંગણી આવી જે મંજૂર કરવામાં આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— તા. ૮-૩-૧૯૨૧ના રોજ બોટાદ રેલ્વે સ્ટેશન અંગે બોદકામ કરતાં ધંધુકાના પાદરમાં કેટલાક જૂના ચણતરના પથ્થર નીકળ્યા હતા ત્યાં આગળ જૂનું જૈન દેરાસર હોય એમ લાગતાં આ માટે તપાસ કરવાને રૂ. ૧૦૦/ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૧૯-૨-૧૯૨૨ના રોજ શ્રી માંડવગઢ તીર્થનો વહીવટ સંભાળી લેવા સારૂ અમદાવાદથી યોગ્ય માણસને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૩-૪-૧૯૨૨ના રોજ અમલનેરથી શા. રૂપચંદ મોહનચંદનો માંડવગઢનો વહીવટ સંભાળી લેવા બાબતનો પત્ર આવતાં તે તીર્થનો વહીવટ સંભાળી લેવાનું ઠરાવવામાં આવ્યું હતું

(**નોંધ :** આ તીર્થનો વહીવટ અત્યારે પેઢી હસ્તક નથી.)

— તા. ૨૪-૧૦-૧૯૨૯ના રોજ અમરેલી દેરાસર તથા તેને લગતી ધર્મશાળા વગેરે જે મિલકત હોય તેનો વહીવટ સંભાળી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો. (નોંધ : આ સ્થાનોનો વહીવટ અત્યારે પેઢી હસ્તક નથી.)

— તા. ૧૨-૧૦-૧૯૩૦ના રોજ શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજવાળાની માંગણી પ્રમાણે જે જે સાહિત્ય આપણી પાસે હોય તે આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૫-૨-૧૯૩૧ના રોજ શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજ તરફથી શેઠ ભગુભાઈના વંડામાં જૈન સાહિત્ય પ્રદર્શનમાં એક દિવસ આદીશ્વર ભગવાનનો હીરાનો મુગટ આપવાની મંજૂરી આપવામાં આવી અને બંદોબસ્ત માટે એક જમાદાર અને સિપાઇ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૮-૪-૧૮૮૯ના રોજ મુંબઈ વિદ્યાશાળાના ઓનરરી સેક્રેટરી વર્ધીચંદ પૂનમચંદ તરફથી આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે મુંબઈમાં 'વિદ્યાશાળા' હોવાનો ઉલ્લેખ છે.

— તા. ૧-૧૦-૧૮૯૩ના રોજ, પાલીતાણાના શેત્રુંજા દરવાજા બહાર તળાવ ઉપર પગલાં હતાં ત્યાં આશાતના થતી હોવાથી પાલીતાણા પેઢી ઉપર લખવું કે, શેઠ જેસંગભાઈ તથા બીજા ગૃહસ્થોની સલાહ પ્રમાણે આશાતના દૂર કરવાને સારૂ જે રીતે તજવીજ કરવાની જરૂર પડે તેવી કરવી અને તેમાં જે ખરચ થાય તે કરવાનું લખવું એમ નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧-૧૦-૧૮૯૩ના રોજ ડુંગર ઉપરની મગનભાઈ કરમચંદની ટુંકના ગોઠીઓનાં પેસાબપાણી રસ્તામાં જાત્રાળુઓના પગ નીચે આવવાથી આશાતના થતી હોઇ તે, દૂર કરવા માટે અન્ય દેરાસરની આશાતના ન થાય તે રીતે નીક કરવાનો અને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કમિટીના કોઇ મેમ્બરે જાતે પાલીતાણા જઈ તે અંગે યોજના કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

—તા. ૧૦-૧૨-૧૮૯૩ના રોજ પાટણના અંબાલાલ ચુનીલાલ પોતાની પાસેનાં ધાર્મિક પુસ્તકો પાલીતાણા કારખાને સોંપવા માંગતા હોવાથી તે સ્વીકારવા અને આ પુસ્તકોને જાળવવા માટે જાળી વગેરે કરાવવા તથા અન્ય સદ્‌ગૃહસ્થો તરફથી આ પ્રમાણે પુસ્તકો આપવામાં આવે તો તે પણ પાલીતાણા કારખાનામાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૨-૭-૧૯૦૬ના રોજ શત્રુંજય ડુંગર ઉપર શેઠજી હીમાભાઈ વખતચંદની ઐન બાઈ ઉજમબાઈની નંદીશ્વરદ્વીપની ટૂંકનો વહીવટ સંભાળી લેવાનું અને ગોઠી વગેરે નોકરો પેઢીએ રાખવા એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૭-૯-૧૮૯૫ના રોજ અંબાલા ગયેલા રાજેશ્રી વીરચંદ રાઘવજીને તેઓ ત્યાંથી પાછા આવે ત્યારે તેમને પાલીતાણાના કામ સારૂ પગાર ઠરાવી રાખવાની તજવીજ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૩-૬-૧૮૯૮ના રોજ પિલવાઇ ગામના દેરાસરની પ્રતિમા ખંડિત થઈ અને ત્યાંની ધાતુની પ્રતિમાઓ તથા બીજી વસ્તુઓ ચોરાઈ ગઈ. તેની માહિતી મેળવવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો. (આ બનાવ જૂની પિલવાઇનો ગાયકવાડ સરકાર તરફથી નાશ કરવામાં આવ્યો તે અરસામાં બન્યો હોવો જોઇએ એમ લાગે છે.)

— તા. ૩-૧૧-૧૮૯૭ના રોજ ગાંઠીયાતાવ (પ્લેગ)ના ઉપદ્રવને કારણે પાલીતાણામાં યાત્રાળુ ન આવે એવી જાહેરાત કરવાને લગતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— તા. ૨૬-૮-૧૯૦૫ના રોજ ખંભાતથી શેઠ પોપટલાલ અમરચંદે કાવી ગંધારના દેરાસરનો વહીવટ સંભાળી લેવા પેઢી ઉપર લખ્યું. પેઢીએ તેની ના કરીને તે વહીવટ પોપટલાલ અમરચંદ તથા ભરુચના શેઠ અનોપચંદ મલુકચંદને સંભાળી લેવા સૂચવ્યું હતું.

— તા. ૧૩-૬-૧૯૦૪ના રોજ એજન્ટ ટુ ધી ગવર્નર શ્રી કેનેડીના ઠરાવ ઉપર પેઢીએ મુંબઈ સરકારમાં જે અપીલ કરી તેની નકલની 'જૈન'ના તંત્રી શ્રી ભગુભાઈ ફતેચંદ કારભારીએ માંગણી કરી તેને નકારવામાં આવી હતી.

— તા. ૩-૮-૧૯૧૨ના રોજ પાનસરમાં શ્રી મહાવીર સ્વામીજીનાં પ્રતિમા નીકળી છે અને દેરાસર બંધાવવાનું છે તો એના માટે વહીવટ કરવા એક કમિટી નીમવામાં આવી જે આ પ્રમાણે હતી : શેઠ મણિભાઈ દલપતભાઈ, શેઠ મોહનલાલ લલ્લુભાઈ, ઝવેરી વાડીલાલ વખતચંદ, વકીલ હરિલાલ મંછારામ, શા. જેશંગભાઈ, શેનાભાઈ ચુનીલાલ, શા. જમનાદાસ સવચંદ, વકીલ મોહનલાલ ગોકળદાસ અને શા. ભોગીલાલ સાંકલચંદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કમિટીના મેમ્બરો પાનસરના કારખાનાનું બધું કાર્ય સંભાળશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૫-૫-૧૯૧૨ના રોજ ભાવનગરના મહારાજાને ત્યાં કુંવરના જન્મપ્રસંગે બુશાલીમાં પોશાક રૂ. ૧૨૫/ સુધીનો મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

— તા. ૯-૯-૧૯૧૧ના રોજ પાલીતાણામાં મુનીમ પાસે પારસી માણેકજીએ દેરાસરમાં પૂજા કરવા જતાં પોતાને કેમ અટકાવવામાં આવે છે તે અંગે ફરિયાદ કરતાં તેમને મુંબઈ, સુરત, વડોદરા, ભાવનગર, પાટણ વગેરે જૈનોની મોટી વસ્તીવાળા ગામોના સંઘોની મંજૂરી વગર આવું અગાઉ ન બનેલું પગલું ભરવાની અત્રેથી મંજૂરી આપી શકાય નહીં એમ જણાવવામાં આવ્યું, એ સાથે જ, તેમ છતાં તેઓ જો પૂજા કરવાની તજવીજ કરે તો મે. એડમીનીસ્ટ્રેટર સાહેબને શ્રી માણેકજીના આ પગલાથી થશે, તે થતો સુલેહભંગ અટકાવવાની અરજી કરવામાં આવી (નોંધ : આ માણેકશાએ પારસી હોવા છતાં જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. તે મુંબઈવાસી હતા.)

— તા. ૧૫-૮-૧૯૧૦ના રોજ પાનસરમાં શ્રી મહાવીર સ્વામી મહારાજની પ્રતિમા નીકળી હતી એનો વહીવટ પેઢીએ સંભાળી લેવો અથવા લોંયણીની કમિટીને સોંપવો એ મતલબનો પત્ર આવતાં એ અંગે ઠરાવ કર્યો કે તે વહીવટ શ્રી લોંયણીના કારખાનાને સંભાળી લેવા ભલામણ કરવી અને તેઓ તે અંગે સંમતિ ન બતાવે તો આપણે સંભાળી લેવું એવું નક્કી કરવામાં આવ્યું હતું. (નોંધ : આ તીર્થનો વહીવટ અત્યારે પેઢી હસ્તક નથી.)

— તા. ૧૩-૬-૧૯૧૦ના રોજ પાલીતાણાથી આવેલાં લુગડાં અમદાવાદમાં હરરાજ થતાં હતા. તેમાં બાંટ વગેરે કીમતી વસ્ત્રો હલકી કિંમતે હરરાજ થતાં હોવાથી તે હવે તેવી રીતે હરરાજ ન કરતાં તે તીર્થોમાં જરૂર પ્રમાણે સબકમિટીએ મોકલવાં એવું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૫-૧૨-૧૮૯૫ના રોજ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (મહુવા) પાલીતાણા ખાતે નોકરીએ રહેવાની ના પાડતા હોવાથી મગનલાલ ભાઈશંકર અને શ્રી લાલાજી રૂગનાથને આ પૂછી જોવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
(નોંધ : શ્રી વીરચંદભાઈ ગાંધીની વિશેષ વિગત માટે જુઓ પ્રકરણ ૧૧ની પાદનોંધ નં - ૩૯)

શ્રી શત્રુંજય સાધારણ ખાતાની કાયમી તિથિની યોજના :

આ યોજના તા. ૨૩-૫-૮૧ના રોજ તૈયાર કરવામાં આવી હતી. તેનો હેતુ એ હતો કે તિથોધિરાજ શત્રુંજય ઉપર આરથા ધરાવનાર ભાઈઓ-બહેનો ખાતાની અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો આંગીની કાયમી તિથિ મેળવી ન શકે તેઓ એક પ્રકારે આ તીર્થ નિમિત્તે કાયમી લાભ મેળવી શકે. આ યોજના મુજબ જે વ્યક્તિ રૂ. ૫૦૦૧ની સાધારણ ખાતાની કાયમી તિથિ નોંધાવે તેની મૂળ રકમ કાયમ રાખી તેના વ્યાજનો તે તિથિએ શત્રુંજય તીર્થ નિમિત્તે સાધારણ ખાતામાં થનાર ખર્ચમાં ઉમેરો કરી દેવામાં આવે. સને ૧૯૮૪ની આખર સુધીમાં આવી કાયમી તિથિઓ ૧૦૧ નોંધાયેલી છે.

માધુપુરાની સ્થાપનાનો ઇતિહાસ :

અમદાવાદના નગરશેઠ શ્રી ખુશાલશા શેઠનું ઇ. સ. ૧૭૪૮ માં અવસાન થતાં તેમના સૌથી મોટા દીકરા નથુસા શેઠને અમદાવાદની શેઠાઈ મળી. તેમના વખતમાં પેશ્વાના પ્રતિનિધિ તરીકે ત્ર્યંબક નારાયણ હતા, જ્યારે ગાયકવાડના ફત્તેસિંહરાવ હતા. મોગલાઈ વખતનો રાહદારીનો અમલ બંધ થયો હતો તેથી સરકારને ઘણું નુકસાન થતું હતું. આ કારણે ઉપર જણાવેલ બંને હાકેમોએ રાહદારીના પરાનો બંદોબસ્ત કરવા જુદા જુદા કોલપત્રો નથુસા શેઠને કરી આપ્યા.

આ કોલપત્રમાં ત્ર્યંબક નારાયણનો કરી આપેલો કોલપત્ર તા. ૧૦ માહે રમજાન સંવત ૧૮૨૫ની સાલનો છે.

ફત્તેસિંહરાવ ગાયકવાડે કરી આપેલ કોલપત્ર તા. ૧૬ જીલકાદ સંવત ૧૮૨૬ની સાલનો છે.

નથુસાએ રાહદારી મારગ ચલાવવાનો બંદોબસ્ત કર્યો તેથી સંવત ૧૮૨૭ના આસો સુદ – ૭ના રોજ જગન્નાથ, શંકર વગેરે વેપારી સમસ્તે નથુસા શેઠને લખાણ કરી આપ્યું. વ્હેપારીઓનો માલ બારોબાર તરી ગામ લંવાર તા. આંબલીઆલા ઉપર થઈ જતો તે માર્ગ શહેર નજીક લાવી માધવરાવસવાઈના નામનું પરું બાંધ્યું. આ પરામાં રાહદારી જકાતનો રૂ. ૧/ આવે તે ઉપર બે આના નથુસા શેઠને મળે એમ મુકરર થયું હતું.

આ અંગેની સનદો શેઠ કુલાસા દીપાસા પાસે આજે મોજૂદ છે.

આ માધુપુરા ઘણી મહેનતથી નથુસા શેઠે વસાવેલું અને રાહદારી માર્ગ ચાલુ કરેલો. આના બદલામાં પેશ્વા તરફથી બાગ કરવા પાંચ વીઘા જમીન ઈનામ આપવામાં આવી હતી. આમાંથી જે નીપજ થાય તેને માફી બક્ષવા અંગેનો કોલપત્ર પણ ત્ર્યંબક નારાયણે કરી આપેલ.

(દફ્તર નં – ૧૨, ફાઇલ નં – ૬૭)

ઉપર જેની સ્થાપનાની વિગતો આપવામાં આવી છે તે માધુપુરા અત્યારે જેને જૂનું માધુપુરા કહે છે તે હોવું જોઈએ તેમ મને લાગે છે અને એના સ્થાપક શેઠ શ્રી નથુસા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરશેઠ શાંતિદાસ ઝવેરીની ચોથી પેઢીએ થઈ ગયા અને નગરશેઠપણું એમને મળ્યું હતું એમ પણ ઉપરની હકીકત પરથી જાણી શકાય છે.

શત્રુંજયનો પહાડ ખરીદી લેવા સંબંધી અસફળ વાતચીત :

'જૈન પરંપરાનો ઇતિહાસ'ના ત્રીજા ભાગમાં શ્રી શત્રુંજય તીર્થનો પહાડ ખરીદી લેવા સંબંધી જે વાત છપાઈ છે તે ધ્યાનમાં લેવા જેવી હોવાથી અહીં રજૂ કરવી ઉચિત લાગે છે.

"મુંબઈના શેરબજારનો મોટો વેપારી શેઠ પ્રેમચંદ રાયચંદ શત્રુંજયની યાત્રાએ આવ્યો, તે અને ઠાકોર માનસિંહજી વચ્ચે સાધારણ વાત ચાલતી હતી. એ વખતે શેઠ મુંબઈના શેરબજારના બેતાજ બાદશાહ મનાતા હતા. શેઠે ઠાકોરને જણાવ્યું કે, 'આ તીર્થનો ઝઘડો કાઢી નાખો' ઠાકોરે જવાબમાં કહ્યું કે, 'તમે કહો તો શત્રુંજય તીર્થ તમને ભેટ આપી દઉં.'

"શેઠે કહ્યું : 'શેઠો અને સોદાગરો ભેટ લેવા ઇચ્છે નહીં, તે તો રાજા-મહારાજાઓનાં માન-સન્માન ઇચ્છે, તો મારે આ ભેટ ન જોઈએ, પણ જેટલી જોઈએ તેટલી રકમ માંગો. રકમ તમારી અને તીર્થ મારું.'

"આ પ્રમાણે મૈત્રીભાવે વાતચીત ચાલી, પણ કંઈ નિર્ણય થયો નહીં. શેઠને એકાએક મુંબઈ જવું પડયું અને તે વાત માત્ર વાતરૂપે જ બની રહી."

—જૈન પરંપરાનો ઇતિહાસ – ભાગ – ૩ પૃ. ૨૬૫

"ઠા. માનસિંહ સને ૧૮૮૫માં પાલીતાણાની ગાદીએ બેઠા. તે વખતે જૈનોએ પાલીતાણા આવીને ઠાકોરનો સારો સત્કાર કર્યો, અને ગાદી બેસવાના ઉત્સવમાં પૂરો ભાગ લીધો, આ પ્રસંગે શેઠાણી હરકોરબાઈએ ઠાકોરની સામે રૂ. ૨૫,૦૦૦/ની થેલી ધરી અને અમદાવાદ તેમ જ મુંબઈનાં જૈનોએ પણ મોટી રકમ આપી.

"ઇજારાના વખતમાં જે જૈન ધર્મશાળાઓ બની હતી તેની જમીન રાવળી હોય કે રાવણી ન હોય પણ રાજ્યને તેની રકમ મળવી જોઈએ, આ બાબતમાં ઠાકોરને અસંતોષ હતો. 'માત્ર રૂપિયાની જ વાત છે ને!' એમ કહી શેઠ મનસુખભાઈએ ઠાકોરના મનને સંતુષ્ટ કરવા રાજ્યાભિષેકના પ્રસંગે રૂ. ૨૫,૦૦૦/ની રકમ આપી અને તે બાબતે સમાધાન કર્યું. ઠાકોરે પણ શેઠ મનસુખભાઈની વાતનો સ્વીકાર કર્યો છતાં સંભવ છે કે આથી યે પણ ઠાકોરને સંતોષ થયો ન હોય."

—જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ – ૩ પૃ, ૨૬૨, ૨૬૩.

જ્ઞાનવૃદ્ધિની કાર્યવાહી :

જ્ઞાન અને ક્રિયા વચ્ચેનો સંબંધ એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ છે. એને કોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમોલાથી સમજાવવો હોય તો તે સંબંધ આંધળા અને પાંગળાની વચ્ચેના સંબંધ જેવો છે, એટલે કે આંધળાને આગળ વધવું હોય તો પાંગળાની નજરનો ઉપયોગ કરવો જોઈએ અને પાંગળાને આગળ વધવું હોય તો આંધળાની ચાલવાની શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. જ્ઞાન અને ક્રિયા વચ્ચેના સંબંધને આવી રીતે ઉપયોગી બનાવી શકાય. જ્ઞાનની ઉપાસનાના અંતે ક્રિયા એટલે કે ચારિત્ર્ય આવે તો તે જ્ઞાન ચરિતાર્થ થઈ શકે અને ક્રિયા જ્ઞાને વેરેલા પ્રકાશને સહારે સહારે આગળ વધે તો તે ચરિતાર્થ થઈ શકે. મતલબ કે, ક્રિયા-ચારિત્ર્ય વિનાનું જ્ઞાન કંઈ ફળ આપી શકતું નથી અને જ્ઞાન વિનાની ક્રિયા એ સાચી દિશામાં સાધકને સિદ્ધિ અપાવી શકતી નથી. આનો અર્થ સાદી રીતે કહેવો હોય તો એમ કહી શકાય કે પહેલાં મંજીલની દિશાનું જ્ઞાન મેળવવું અને પછી મંજીલની દિશામાં પગલાં માંડવાં, એ જ મંજીલે પહોંચવાનો સાચો ઉપાય છે એટલા માટે જ જૈન શાસનમાં ज्ञानक्रियाभ्यां मोक्षः । એમ અનેક સ્થાને કહેવામાં આવ્યું છે.

આ રીતે જૈન પરંપરામાં (અને બીજી પરંપરાઓમાં પણ) જ્ઞાનનો મહિમા સ્વીકારવામાં આવ્યો છે. 'પહેલું જ્ઞાન ને પછી ક્રિયા' (पढमं नाणं तओ दया ।) એમ જે કહેવામાં આવ્યું છે તે ભારે મહત્વનું કથન છે. જ્ઞાનનો આવો મહિમા સ્વીકારીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તીર્થસ્થાનો અને જિનમંદિરોની સાચવણી સાથે સાથે જ્ઞાન પ્રવૃત્તિને પણ પોતાની 'મર્યાદા પ્રમાણે' પ્રોત્સાહન આપતી રહી છે જે નીચેની માહિતી ઉપરથી જાણી શકાય છે.

(અ) પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકો :-

(૧) સિદ્ધહેમચંદ્રવ્યાકરણ :-

સંપાદક - પ. પૂ. મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી મહારાજ, ન્યાયકાવ્યતીર્થ (સ્વ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ કાશીવાળાના સમુદાયના) પ્રકાશન સાલ-વિ: સં. ૨૦૨૬, કિંમત રૂ. ૧૬.૦૦.

(૨) જૈન તીર્થસર્વસંગ્રહ - ભાગ - ૧, ૨, ૩.
સંપાદક - પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, પ્રકાશન સાલ - વિ. સં. ૨૦૧૦.

(૩) ભક્તિ અને કલાના સંગમનું તીર્થ શ્રી રાણકપુર (સચિત્ર ટૂંક પરિચય)
લેખક :- શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ.

આ પુસ્તિકા ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષામાં પ્રગટ કરવામાં આવી છે. ગુજરાતીની બીજી આવૃત્તિ સને ૧૯૮૨માં, હિંદીની બીજી આવૃત્તિ સને ૧૯૮૨માં અને અંગ્રેજીની બીજી આવૃત્તિ સને ૧૯૮૨માં આ પુસ્તિકાની ત્રણે ભાષાની છેલ્લી આવૃત્તિની કિંમત રૂ. ૨.૭૦છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) શ્રી શત્રુંજય મહાતીર્થ (સચિત્ર ટૂંક પરિચય)
લેખક :- શ્રી મધુસૂદન અમૃતલાલ ઢાંકી (એમ. એ. ઢાંકી)
વિ. સં. ૨૦૩૧ કિંમત રૂ. ૨.૦૦

(૫) શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાનો અહેવાલ (સચિત્ર પુસ્તક)
લેખક :- શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
પ્રકાશન સાલ - વિ. સં. ૨૦૩૪, કિંમત રૂ. ૧૫.૦૦

(૬) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ - ભાગ ૧ (સચિત્ર પુસ્તક)
લેખક :- શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
પ્રકાશન સાલ - વિ. સં. ૨૦૩૯ કિંમત રૂ. ૫૦.૦૦

(જ) **તીર્થોનો નકશો :—**

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનાં તીર્થો દર્શાવતા પહેલી આવૃત્તિના નકશાની સુધારેલી, વધારેલી અને મોટી સાઇઝની બીજી આવૃત્તિ સને ૧૯૮૫ કિંમત રૂ. ૧૫.૦૦

(ક) **ચિત્રસંપુટો :—**

પેઢી તરફથી કેટલાંક તીર્થોના ચિત્રોનો સંપુટ બહાર પાડવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

(૧) આબુ-દેલવાડાનાં બાર ચિત્રોનો સંપુટ (સ્વીત્ઝરલેન્ડમાં તૈયાર થયેલ અને શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને ભેટ મળેલ ચિત્રો) કિંમત એક સેટની રૂ. ૧૫.૦૦.

(૨) રાણકપુર તીર્થનાં બાર ચિત્રોનો સંપુટ (સ્વીત્ઝરલેન્ડમાં તૈયાર થયેલ અને શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને ભેટ મળેલ ચિત્રો) કિંમત એક સેટની રૂ. ૧૫.૦૦.

(૩) આબુ-દેલવાડાનાં હિંદુસ્તાનમાં છપાયેલ ૧૧ ચિત્રોનો સંપુટ. કિંમત એક સેટની રૂ. ૧૦.૦૦.

(૪) રાણકપુરના (હિંદુસ્તાનમાં છપાયેલ) ૯ ચિત્રોનો સંપુટ. કિંમત રૂ. ૧૦.૦૦

(૫) શ્રી શત્રુંજય તીર્થની ૧૨ છબીઓનો સંપુટ.
કિંમત રૂ. ૨૦.૦૦ છબીકાર શ્રી કાંતિલાલ રાંકા - સાઇડી.

(૬) શ્રી તારંગાજી તીર્થની ૧૨ છબીઓનો સંપુટ.
કિંમત રૂ. ૨૦.૦૦ છબીકાર શ્રી કાંતિલાલ રાંકા - સાઇડી.

(૭) શ્રી રાણકપુર તીર્થની ૧૫ છબીઓનો સંપુટ.
કિંમત રૂ. ૧૫.૦૦ છબીકાર શ્રી કાંતિલાલ રાંકા - સાઇડી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) પુસ્તકો વગેરે માટે સંપૂર્ણ અથવા પૂરક સહાય :—

પ. પૂ. સાધુ-સાધ્વીજીઓ માટે, પાઠશાળા ચલાવવા માટે કેટલીક સહાય આપ્યાની વિગત ૧૬ મા પ્રકરણમાં આપવામાં આવી છે તે ઉપરાંત પુસ્તક વગેરે માટે પેઢી તરફથી જે સહાય આપવામાં આવી છે તેની વિગત નીચે મુજબ છે :

— તા. ૨૪-૪-૧૯૨૦ના રોજ કલકત્તામાં પંડિત શ્રી હરગોવિંદદાસે તૈયાર કરેલો પ્રાકૃત કોષ (પાઇયસદ્દમહણ્ણવો) છપાઈ રહ્યો હોઈ તેમાં જ્ઞાનખાતામાંથી રૂ. ૧૦૦૦ની મદદ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૧૩-૧૨- ૧૯૨૯ના રોજ 'જૈનીઝમ ઈન નોર્થ ઇન્ડિયા' નામની ચોપડી મી. ચીમનલાલ જે. શાહે લખી હતી તેના માલિકી હક્ક (કોપીરાઈટ) પેઢીને મળે એવી શરતે ઓક્સફર્ડ પ્રેસમાં એક હજાર નકલો છપાવવાને રૂ. ૫૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૯-૫-૧૯૩૦ના રોજ પ્રો. એન. જી. સુરાનો પત્ર અર્ધમાગધી ગ્રંથો ક્રિટીકલી ઓડીટ કરાવવા બાબત આવ્યો. યુનિવર્સીટીએ નિર્માણ કરેલ સૂત્રોમાંથી એક સૂત્ર ગ્રંથ નોટ સાથે પેઢી તરફથી પ્રકાશિત કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૨-૧-૧૯૩૧ના રોજ પંજાબના ભંડારોનાં કિંમતી જૈન શાસ્ત્રનાં પુસ્તકોનું લીસ્ટ તૈયાર કરવાના કામને માટે રૂ. ૧,૦૦૦ જ્ઞાન ખાતે લખીને પંજાબ આત્માનંદ જૈન સભાને મોકલી આપવાની મંજૂરી આપવામાં આવી હતી.

— તા. ૧૬-૨-૧૯૩૩ના રોજ 'જૈન ચિત્રકલ્પદ્રુમ' સચિત્ર છપાવવા માટે રૂ. ૫,૦૦૦ની માંગણી નવાબ સારાભાઈ મણિલાલે કરી. આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ તે પુસ્તક છાપવું ઉપયોગી છે તેવું જણાવે તો તે પુસ્તક છપાવવા માટે રૂ. ૫,૦૦૦ ધીરવાનું અને જામીન થનાર શેઠ બકુભાઈ મણિલાલ પાસે ત્રણ વર્ષની મુદતથી નાણાં પાછાં આપવાના જામીન લખાવી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૮-૩-૧૯૩૫ના રોજ શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિની ૫૦૦ નકલો છપાવવાના રૂ. ૧૪૩૪ મંજૂર કરવામાં આવ્યા હતા.

— તા. ૨૮-૩-૧૯૩૮ના રોજ મહારાજ શ્રી વિદ્યાવિજયજીની સૂચના મુજબ સિદ્ધહેમચંદ્રની લઘુવૃત્તિની ટીકાની બીજી આવૃત્તિની પાંચસો નકલો છપાવવા માટે રૂ. ૮૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા અને એ ૫૦ નકલ વીરતત્ત્વ પ્રકાશન મંડળને ભેટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— તા. ૨૮-૧૨-૧૯૩૯ના રોજ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મપ્રચારક સમિતિને ધર્મપ્રચાર માટે માળવા, મેવાડ, યુ.પી., બંગાળ વગેરે ઠેકાણે પાઠશાળાઓ માટે તથા પુસ્તકો માટે રૂ. ૧૨૦૦ મદદ તરીકે આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી પ્રગટ થતી 'જૈન આગમમાળા'ના બીજા પુસ્તક 'સૂત્રકૃતાંગસૂત્ર' માટે પૂરું ખર્ચ રૂ. ૪૫,૦૦૦ સને ૧૯૭૮માં આપવામાં આવ્યું હતું. તેના સંપાદક પ. પૂ. મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ હતા.

— પ પૂ. મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજની પ્રેરણાથી જેસલમેરની તાડપત્રીય પ્રતોની માઈક્રોફિલ્મ લેવાના ખર્ચ પેટે રૂ. ૫૦,૦૦૦ સને ૧૯૮૩માં આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

— 'ટેમ્પલ્સ ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા' (અંગ્રેજી પુસ્તક) લેખક ડો. હરીહરસિંહ, પ્રકાશક : પાર્શ્વનાથ વિદ્યાશ્રમ બનારસ, કિંમત રૂ. ૨૦૦. માટે રૂ. ૧૫,૦૦૦ પૂરક સહાયરૂપે સને ૧૯૮૨માં આપવામાં આવ્યા હતા.

(૬) પ્રોત્સાહન માટે પુસ્તકોની ખરીદી :—

પ્રોત્સાહન માટે ખરીદવામાં આવેલ પુસ્તકોની યાદી નીચે મુજબ છે :

(૧) 'શિલ્પરત્નાકર.'
લેખક તથા પ્રકાશક – નર્મદાશંકર મૂળજીભાઈ સોમપુરા, ભ્રાંગભ્રા. સને ૧૯૩૯
કિંમત રૂ. ૧૦-૦૦ નકલ – ૨૭.

(૨) 'ઉત્તર હિન્દુસ્તાનમાં જૈન ધર્મ'
લેખક – શ્રી ચીમનલાલ જેચંદ શાહ
સને ૧૯૩૭ નકલ – ૪.

(૩) 'આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ.'
લેખક – મુનિ પુણ્યવિજયજી મહારાજ
પ્રકાશક – શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.
સને ૧૯૫૬ કિંમત રૂ ૧૭-૫૦ નકલ – ૫.

(૪) 'Jain Miniature Paintings from Western India.'
લેખક – ડો. મોતીચંદ્ર.
પ્રકાશક – સારાભાઈ મણિલાલ નવાબ.
સને ૧૯૪૯. કિંમત રૂ. ૧૦૦-૦૦ નકલ – ૪.

(૫) 'Jainism in North India'
લેખક – શ્રી ચીમનલાલ જે. શાહ નકલ – ૪.

(૬) 'જૈન ચિત્રકલ્પદ્રુમ.'
સંપાદક તથા પ્રકાશક–શ્રી સારાભાઈ નવાબ
સંવત – ૧૯૯૨ કિંમત રૂ. ૨૫-૦૦ નકલ ૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) 'શ્રી કેસરિયાજી તીર્થ કા ઇતિહાસ.'
સંપાદક – શેઠ ચંદનલાલજી નાગોરી.
પ્રકાશક – સદ્‌ગુણ પ્રસારક મિત્રમંડળ, પાલી.
સં ૧૯૯૦ કિંમત રૂ. ૦–૭૫ પૈસા નકલ – ૧૧

(૮) 'પ્રાચીન ભારતવર્ષ'
લેખક – ત્રિભોવનદાસ લ. શાહ વડોદરા.
સને ૧૯૩૫ કિંમત રૂ. ૨૦–૦૦ નકલ – ચાર ભાગના ૨ સેટ.

(૯) હિસ્ટ્રી ઓફ ધી કેનોનીકલ લીટરેચર ઓફ ધી જૈન્સ.
લેખક તથા પ્રકાશક – એચ. આર. કાપડિયા, સુરત.
સને ૧૯૪૧ કિંમત ૫–૨૫ નકલ – ૮.

(૧૦) મધ્ય એશિયા ઔર પંજાબ મેં જૈન ધર્મ.
લેખક – પં. હિરાલાલ દુગડ, પ્રકાશક – જૈન પ્રાચીન સાહિત્ય પ્રકાશન મંદિર, દિલ્હી.
કિંમત રૂ. ૮૫–૦૦ તથા ખરીદ કિંમત રૂ. ૭૦–૦૦ નકલ – ૫૦.

(૧૧) વેસ્ટર્ન ઇન્ડીયન આર્ટ (Journal of the Indian Society of oriental art નો વિશેષાંક)
સંપાદકો :– શ્રી ઉમાકાંત પી. શાહ, શ્રી કલ્યાણ કે. ગાંગુલી.
પ્રકાશક – શ્રીમતી ઇન્હેન ટાગોર, કલકત્તા.
સને ૧૯૬૬ કિંમત રૂ. ૨૫–૦૦ નકલ – ૧૦૦.

(૧૨) 'પન્નવણાસૂત્તમ' ભાગ – ૨
જૈન આગમમાળા પુસ્તક – ૯
સંપાદકો – આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, પં. દલસુખભાઈ માલવણીયા, પં. અમૃતલાલ મોહનલાલ ભોજક.
પ્રકાશક – શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ.
સને ૧૯૭૧ કિંમત રૂ. ૪૦–૦૦ નકલ – ૧૦

(૧૩) 'નંદિસૂત્તમ તથા અણુઓગદ્દારાઈં સૂત્ર.'
જૈન આગમમાળા પુસ્તક – ૧
સંપાદકો – આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, પં. શ્રી દલસુખભાઈ માલવણીયા, પં. શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક.
સને ૧૯૬૮ કિંમત રૂ. ૪૦–૦૦ નકલ – ૧૦.

(૧૪) 'પ્રાકૃત ટેકસ સીરીઝ નંબર – ૨ અંગવિજ્જા'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદક – પ. પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ
પ્રકાશક – પં. શ્રી દલસુખભાઈ માલવણીયા.
સને ૧૯૫૭ કિંમત રૂ. ૨૧–૦૦ નકલ – ૨૨.

(૧૫) 'પાઈઅ સદ્દ મહન્નવો' (પ્રાકૃત હિન્દી કોષ)
પ્રકાશક – પં. હરગોવિંદદાસ ટી. શેઠ, કલકત્તા.
સને – ૧૯૨૮, નકલ – ૨૨.

(૧૬) 'બિહાર દિગદર્શન'
લેખક – પ. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરવિજયજી મહારાજ
પ્રકાશક – શા. સોમચંદ જેસીંગદાસ (મહેસાણા)
સં ૧૯૯૨ કિંમત રૂ. ૧–૧૦ આના નકલ – ૪૦

(૧૭) 'તીર્થંકર મહાવીર' ભાગ ૧, ૨.
લેખક – પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક – શ્રી કાશીનાથ સરાફ મુંબઈ
ભાગ – ૧ ૧૯૬૦ માં નકલ – ૨૦૦.
ભાગ – ૨ ૧૯૬૨ માં નકલ – ૨૦૦.
દરેક ભાગની કિંમત રૂ. ૧૦–૦૦

પેઢીની જ્ઞાનવૃદ્ધિની કાર્યવાહીની વિગતો અહીં પૂરેપૂરી આવી જાય એ માટે બનતો પ્રયત્ન કર્યો છે. આમ છતાં કોઈક વિગત નોંધવી રહી ગઈ હોય એવું પણ બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦

પેઢીનાં પ્રમુખશ્રીઓ, વહીવટદાર પ્રતિનિધિઓ તથા પ્રાદેશિક પ્રતિનિધિઓ

પેઢીના પ્રમુખશ્રીઓ :—

(૧) શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ (તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૩૧-૧૦-૧૮૮૭)
(૨) શેઠ મયાભાઈ પ્રેમાભાઈ (તા. ૨-૧૧-૧૮૮૭ થી તા. ૩-૮-૧૯૦૨)
(૩) શેઠ લાલભાઈ દલપતભાઈ (તા. ૧૮-૧-૧૯૦૩ થી તા. ૫-૬-૧૯૧૨)
(૪) શેઠ ચીમનલાલ લાલભાઈ (તા. ૧૩-૬-૧૯૧૨ થી તા. ૨૧-૮-૧૯૧૨)
(૫) શેઠ કસ્તૂરભાઈ મણીભાઈ પ્રેમાભાઈ (તા. ૧-૧-૧૯૧૩ થી તા.૧૨-૧૦-૧૯૨૮)
(૬) શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ (તા. ૨૫-૧૦-૧૯૨૮ થી તા. ૮-૩-૧૯૭૬)
(૭) (વર્તમાન પ્રમુખશ્રી) શેઠ શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ (તા. ૮-૩-૧૯૭૬ થી)

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ પેઢીના પ્રમુખપદે કાયદેસર રીતે તા. ૨૫-૧૦-૧૯-૨૮ના રોજ ચૂંટાયા હતા, કારણકે તે પહેલાં તેઓ પેઢીના પ્રાદેશિક પ્રતિનિધિ તરીકે કામગીરી બજાવતા હતા.પણ તેઓ કાયદેસર પ્રમુખ ચૂંટાયા તે પહેલાં નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈની ગેરહાજરીમાં મોટે ભાગે વહીવટદાર પ્રતિનિધિઓની સભાનું પ્રમુખપદ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ જ સંભાળતા હતા.

કેટલાક પ્રમુખશ્રીઓની વિશિષ્ટ કામગીરી :—

(૧) નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈના સમયમાં પેઢીનું સૌથી પહેલવહેલું બંધારણ ૧૮૮૦માં ઘડાયું. તેઓ મુંબઈ ઇલાકાનાં ગવર્નરની લેજીસ્લેટીવ કાઉન્સિલના એક સભ્ય પણ હતા. ઈ. સ. ૧૮૮૬માં પાલીતાણા રાજ્ય સાથેનો રબોપાનો ચોથો કરાર પણ એમના સમયમાં થયો હતો. પાલીતાણા ગયેલ એક સંઘના કેટલાક યાત્રિકોની માલમિલ્કતની લૂંટ એમની ચઢવણીથી બીજાઓએ કરી હતી, એવા પાલીતાણા રાજ્યે એમના ઉપર મૂકેલ આક્ષેપ સામે એમણે મુંબઈ સરકારમાં એવી સજ્જડ રજૂઆત કરી હતી કે જેથી મુંબઈ રાજ્યના લખવાથી પાલીતાણા રાજ્યે પોલી. એજન્ટ પાસે નગરશેઠ પ્રેમાભાઈ ઉપર આવો આક્ષેપ મૂકવા બદલ દિલગીરી બતાવવી પડી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) સરદાર લાલભાઈ દલપતભાઈએ સમ્મેતશિખર ઉપર બંગલા બનાવવાની પરવાનગી સરકારે આપી હતી તેથી એ તીર્થની ઘણી આશાતના થાય એવું હતું એટલે બંગલા બનતા અટકાવવાની ખાસ જરૂર હતી આ માટે તેઓ જાતે જ સમ્મેતશિખર ગયા હતા અને બંગલા બનતા અટકાવવાની કામગીરી સફળ રીતે બજાવી હતી. તેઓ જેમ રાજ્યમાન્ય તેમ પ્રજામાન્ય નેતા પણ હતા અને સરકારે એમને 'સરદાર'નું બિરુદ પણ આપ્યું હતું.

(૩) નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈના સમયમાં સને ૧૯૧૨માં પેઢીના બંધારણમાં પહેલી વારનો સુધારો થયો. ઉપરાંત શ્રી સમ્મેતશિખર મહાતીર્થના પહાડની ખરીદી પણ સને ૧૯૧૮માં પેઢીની વતી એમના પ્રયત્નથી અને એમના નામથી પાલગંજના રાજા પાસેથી કરવામાં આવી હતી. તેઓ બહુ બાહોશ હતા અને કયું કામ કેવી રીતે પાર પાડવું તે બરાબર જાણતા હતા. તેઓ પેઢીના પ્રમુખ તરીકે નિવૃત્ત થયા પછી તેઓના પ્રયત્નથી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મુનિઓનું પહેલું મુનિ સંમેલન વિ. સં. ૧૯૯૦ની સાલમાં (ઇ. સ. ૧૯૩૪માં) અમદાવાદમાં મળ્યું હતું.

(૪) શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના સમયમાં નીચે મુજબ નોંધપાત્ર કામો થયાં હતાં.

(૧) કેટલાક પેઢી હસ્તકનાં તથા બીજાં આપણાં તીર્થોનાં નમૂનેદાર જીર્ણોદ્ધાર, જે શિલ્પ નિષ્ણાતોની પ્રશંસા મેળવી શક્યા હતા.

(૨) શ્રી શત્રુંજય તીર્થની દાદાની ટુંકનો જીર્ણોદ્ધાર તથા એનાં પાંચ પ્રવેશદ્વારોનું કલામય નવીનીકરણ.

(૩) શ્રી શત્રુંજય ગિરીરાજ ઉપર ચઢવા માટે નવાં અને સહેલાઈથી ચઢી શકાય એવાં પગથિયાં અને ગિરનારનાં પગથિયાનું સમારકામ.

(૪) બિહાર રાજ્ય સાથે સમ્મેતશિખરજી તીર્થ અંગે સમાધાન સને ૧૯૬૫માં.

(૫) જુનાગઢ (ગિરનાર)ના બારોટો સાથે સને ૧૯૫૭ની સાલમાં ભગવાનને મુકાતી ભેટ-સોગાદો નહીં લેવા સંબંધી સમાધાન અને પાલીતાણા (શત્રુંજય)ની બારોટ કોમ સાથે ભગવાનને ધરાતી ભેટ-સોગાદો નહીં લેવા અંગે સને ૧૯૬૨માં સમાધાન.

(૬) પેઢીના સને ૧૯૧૨માં સુધારેલા બંધારણમાં સને ૧૯૬૫ થી ૧૯૬૯ દરમ્યાન બીજીવાર સુધારો-વધારો કરાવ્યો અને બંધારણનો આ સુધારો-વધારો ૫૩ કલમનો છે અને તે નિયમાવલીના નામે ઓળખાય છે. એનો અમલ વિ. સં. ૨૦૨૫ના દ્વિતીય અષાઢ સુદી બીજથી કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) કંકુ વિરોધી વાતાવરણમાં દાદાની ટુંકમાં બનાવવામાં આવેલ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા.

(૮) સને ૧૯૫૫માં બાર પૂર્વભવ સહિત ભગવાન ઋષભદેવના પંચકલ્યાણકનાં પ્રાચીન કલ્પસૂત્રોનાં ચિત્રોની ઢબનાં આશરે ૬ × ૪ ફૂટના માપનાં મોટાં છ ચિત્ર શ્રીમતી શ્રીમતીબ્હેન ટાગોર તથા કલકત્તાના શ્રી ગોપેનરાય પાસે દોરાવ્યાં. આ ચિત્રો અત્યારે પાલીતાણામાં તળેટી પાસે પેઢીએ બનાવેલ મ્યુઝીયમમાં મૂકવામાં આવેલાં છે.

આ ઉપરાંત સને ૧૯૬૩માં એપ્રિલ મહિનાની ૧૩-૧૪ તારીખે અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘોનું સંમેલન સાધુ સંસ્થામાં પ્રસરેલા તથા પ્રસરતા શિથિલાચારને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી અમદાવાદમાં એમણે બોલાવ્યું હતું. આ કાર્ય બરેબર ભગીરથ હતું, પણ એ પોતાનો ઉદ્દેશ પૂરો પાડી ન શકયું. તેથી બે-એક વર્ષ બાદ એને વિસર્જીત કરવામાં આવ્યું હતું. આમ કરવામાં પણ શેઠશ્રીની ન્યાયબુદ્ધિનું દર્શન થાય છે. આ સંમેલનમાં ઠરાવોનો અમલ કરવા માટે સાત સભ્યોની એક કમિટી નીમવામાં આવી હતી તેનું પણ આની સાથે જ વિસર્જન થઈ ગયું હતું.

વહીવટદાર પ્રતિનિધિઓ :—

પેઢીનો વહીવટ જેમને સોંપવામાં આવ્યો છે તે વ્યવસ્થાપક કમિટી ૯ વહીવટદારની બનેલી છે જેમાંથી એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવે છે. પ્રમુખ શ્રી ઉપરાંત જે આઠ વ્યક્તિઓએ જુદા જુદા સમયે વહીવટદાર પ્રતિનિધિઓ તરીકે કામ કર્યું છે તેની યાદી નીચે મુજબ છે :

(૧) શેઠ ઉમાભાઈ હઠીસીંગ – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૨-૩-૧૮૮૭

(૨) શેઠ જેશંગભાઈ હઠીસીંગ – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૧૩-૧૦-૧૯૦૧
બીજી વાંર તા. ૧૮-૧-૧૯૦૩ થી તા. ૩૧-૭-૧૯૦૮

(૩) શેઠ મગનલાલ કરમચંદ તરફથી ત્રીકમદાસ નથુભાઈ
તા. ૧૯-૯-૧૮૮૦ થી ૧૮-૧૧-૧૮૮૩ પહેલાં કયારેક.

(૪) શેઠ દલપતભાઈ ભગુભાઈ – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૧૫-૩-૧૮૮૭

(૫) શેઠ મનસુખભાઈ ભગુભાઈ – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૨-૩-૧૮૮૭
બે વાર તા. ૨૨-૧૧-૧૯૦૧ થી તા. ૪-૧-૧૯૧૩

(૬) શેઠ મંછારામ ગોકળદાસ – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૧૮-૧૧-૮૩
પહેલાં કયારેક.

(૭) શેઠ પરસોત્તમદાસ પુંજાસા – તા. ૧૯-૯-૧૮૮૦ થી તા. ૨-૩-૧૮૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) શેઠ બાલાભાઈ મંછારામ – તા. ૧૫-૧૨-૧૮૮૩ થી તા. ૧૫-૩-૧૮૮૭ તથા તા. ૨૧-૩-૧૯૦૩ થી તા. ૩૦-૧-૧૯૧૧

(૯) શેઠ ચુનીલાલ કેશરીસંઘ – તા. ૧૫-૧૨-૧૮૮૩ થી તા. ૨-૩-૧૮૮૭

(૧૦) શેઠ ત્રીકમલાલ વાડીલાલ – તા. ૨-૩-૧૮૮૭ થી તા. ૧૩-૧૦-૧૯૦૧ પહેલાં કચારેક

(૧૧) રા. ચુનીલાલ લખમીચંદ – તા. ૨-૩-૧૮૮૭ થી તા. ૨૦-૪-૧૮૯૩.

(૧૨) રા. હઠીસીંગ રાયચંદ – તા. ૨-૩-૧૮૮૭ થી તા. ૧૩-૧૦-૧૯૦૧ પહેલાં કચારેક

(૧૩) વકીલ હીરાચંદ પીતાંબરદાસ – તા. ૨-૩-૧૮૮૭ થી તા. ૧૩-૧૦-૧૯૦૧ પહેલાં કચારેક.

(૧૪) વકીલ સાંકળચંદ રતનચંદ – તા. ૨૩-૨-૧૮૯૦ થી તા. ૫-૧૦-૧૯૧૯

(૧૫) ઝવેરી વાડીલાલ વખતચંદ – તા. ૨૩-૨-૧૮૯૦ થી તા. ૧૩-૧૦-૧૯૧૯.

(૧૬) શેઠ ચમનભાઈ નગીનદાસ – તા. ૨૨-૧૧-૧૯૦૧ થી ૨૭-૨-૧૯૦૯ પહેલાં કચારેક.

(૧૭) શેઠ લાલભાઈ દલપતભાઈ – તા. ૨૨-૧૧-૧૯૦૧ થી તા. ૫-૬-૧૯૧૨ પછી પ્રમુખ થયા.

(૧૮) વકીલ હરીલાલ મંછારામ – તા. ૨૨-૧૧-૧૯૦૩ થી તા. ૨૧-૯-૧૯૨૭.

(૧૯) નગરશેઠ ચીમનલાલ લાલભાઈ પ્રેમાભાઈ તા. ૧૬-૧૦-૧૯૦૫ થી, તા. ૧૧-૨-૧૯૦૬ તથા તા. ૩૧-૮-૧૨ થી તા. ૧૨-૧૦-૨૮ પછી પ્રમુખ થયા

(૨૦) શેઠ દલપતભાઈ મગનભાઈ હઠીસીંગ – તા. ૮-૯-૧૯૦૮ થી તા. ૧૨-૧૧-૧૯૧૪

(૨૧) શેઠ લાલભાઈ ત્રીકમલાલ – તા. ૧૦-૯-૧૯૦૮ થી તા. ૧૨-૧-૧૯૨૬

(૨૨) શેઠ અંબાલાલ સારાભાઈ – તા. ૧૪-૧૧-૧૯૧૧ થી તા. ૪-૧-૧૯૨૨

(૨૩) નગરશેઠ કસ્તૂરભાઈ મણીભાઈ પ્રેમાભાઈ તા. ૩૧-૮-૧૨ થી તા. ૧૨-૧૦-૧૯૨૮ પછી પ્રમુખ થયા

(૨૪) શેઠ મણીભાઈ દલપતભાઈ – તા. ૫-૧-૧૯૧૩ થી તા. ૩૧-૭-૧૯૨૪

(૨૫) શેઠ માણેકલાલ મનસુખલાલ – તા. ૮-૪-૧૯૧૫ થી તા. ૨૦-૭-૧૯૫૧

(૨૬) શેઠ પ્રતાપસીંહ મોહોલાલ – તા. ૯-૧૨-૧૯૧૫ થી તા. ૨૨-૬-૩૮

(૨૭) રા. રા. હરીલાલ જેઠાભાઈ – તા. ૧૩-૧૦-૧૯૧૯ થી તા. ૮-૧૧-૧૯૨૬

(૨૮) શા. ચુનીલાલ ભગુભાઈ – તા. ૧૩-૧૦-૧૯૧૯ થી તા. ૩૦-૧-૧૯૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૯) શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ - તા. ૪-૧-૧૯૨૨ થી તા. ૨૨-૬-૧૯૩૮.
(૩૦) શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ - તા. ૨૨-૧૧-૧૯૨૫ થી
તા. ૮-૩-૧૯૭૬ પછી પ્રમુખ થયા.
(૩૧) વકીલ કેશવલાલ પ્રેમચંદ - તા. ૨૪-૬-૧૯૨૬ થી તા. ૨૫-૬-૧૯૩૨.
(૩૨) શા. ભગુભાઈ ચુનીલાલ - તા. ૩૧-૧૦-૧૯૨૭ થી તા. ૨-૭-૧૯૫૫.
(૩૩) શેઠ શીવાભાઈ હરીભાઈ તા. ૩૧-૧૦-૧૯૨૭ થી
તા. ૨૬-૧-૧૯૩૩ પહેલાં કચારેક.
(૩૪) શેઠ અમૃતલાલ કાળીદાસ - તા. ૧૧-૪-૧૯૨૮ થી તા. ૬-૭-૧૯૩૮
(૩૫) શા. ચીમનલાલ લાલભાઈ - તા. ૪-૩-૧૯૩૦ થી તા. ૮-૧-૧૯૪૫.
(૩૬) વકીલ ચંદ્રકાન્ત છોટાલાલ - તા. ૧૬-૩-૧૯૩૩ થી (અત્યારે ચાલુ)
(૩૭) શેઠ મયાભાઈ સાંકળચંદ - તા. ૧૬-૩-૧૯૩૩ થી તા. ૫-૭-૫૦.
(૩૮) શેઠ નરોત્તમભાઈ પુરુષોત્તમદાસ - તા. ૨૧-૨-૩૯ થી તા. ૧૮-૫-૧૯૬૩.
(૩૯) શેઠ કાંતિલાલ ભોગીલાલ નાણાવટી - તા. ૨૧-૨-૩૯ થી તા. ૧૩-૨-૧૯૬૫
(૪૦) શેઠ ભોગીલાલ છોટાલાલ સુતરીયા - તા. ૨૧-૨-૧૯૩૯ થી
તા. ૨૫-૬-૧૯૫૭
(૪૧) શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી - તા. ૨૬-૩-૧૯૪૫ થી
તા. ૧૩-૨-૧૯૭૯
(૪૨) શેઠ શ્રી નરોત્તમદાસ મયાભાઈ - તા. ૨૩-૬-૧૯૫૦ થી તા. ૬-૮-૧૯૮૩
(૪૩) શેઠ શ્રી સુમતિલાલ પોપટલાલ - તા. ૧૨-૧-૧૯૫૨ થી તા. ૧-૩-૮૨
(૪૪) શેઠ શ્રી ત્રીકમલાલ ચંદુલાલ - તા. ૧૭-૧-૧૯૫૬ થી તા. ૧૩-૭-૧૯૫૯
(૪૫ શેઠ શ્રી ચંદ્રકાન્ત બકુભાઈ - તા. ૩૦-૧૧-૧૯૫૭ થી અત્યારે ચાલુ.
(૪૬) શેઠ શ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા
તા. ૩૦-૧-૧૯૬૦ થી અત્યારે ચાલુ
(૪૭) શેઠ શ્રી સુરોત્તમભાઈ પી. હઠીસીંગ - તા. ૨૭-૩-૧૯૬૩ થી
તા. ૨-૪-૧૯૭૪
(૪૮) શેઠ શ્રી મનુભાઈ લલ્લુભાઈ - તા. ૨૭-૩-૧૯૬૫ થી અત્યારે ચાલુ
(૪૯) શેઠ શ્રી રસિકલાલ મોહનલાલ - તા. ૧૫-૬-૭૪ થી અત્યારે ચાલુ
(૫૦) શેઠ શ્રી ગૌરવભાઈ અનુભાઈ - તા. ૭-૪-૭૯ થી અત્યારે ચાલુ
(૫૧) શેઠ શ્રી કલ્યાણભાઈ પુરુષોત્તમદાસ ફડિયા - તા. ૩૧-૫-૮૨ થી
અત્યારે ચાલુ
(૫૨) શેઠ શ્રી ચારુચંદ્ર ભોગીલાલ વકીલ - તા. ૧૦-૩-૮૪ થી અત્યારે ચાલુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનિક અર્થાત પ્રાદેશિક પ્રતિનિધિઓની યાદી :

આ બાબતમાં જે માહિતી પેઢીના દફ્તરમાંથી મળી શકી છે તે નીચે મુજબ છે. આ બાબતમાં ખાસ જણાવવાનું એ રહે છે કે, આ યાદી સંપૂર્ણ અને માહિતીપૂર્ણ ત્યારે જ થઈ ગણાય કે જ્યારે દરેક સ્થાનિક અથવા પ્રાદેશિક પ્રતિનિધિના નામ સાથે એનો કાર્યકાળ તથા જે શહેર અથવા પ્રદેશનું પ્રતિનિધિત્વ તેઓએ કર્યું હોય તેની નોંધ જે તે નામ સાથે આપવામાં આવે, પણ આમ કરવું બે કારણોસર શક્ય નથી :

(૧) સને ૧૮૮૦માં જે ૩૨ સ્થાનિક પ્રતિનિધિઓ નિમાયા તે પછી સને ૧૮૮૦ થી ૧૯૦૮ સુધીનાં અઠ્ઠાવીસ વર્ષ દરમ્યાન આ નામોમાં કયારે શો ફેરફાર થયો તે જાણવાનું કોઈ સાધન પેઢીના દફ્તરમાંથી ઉપલબ્ધ થયું નથી, કારણકે સને ૧૮૮૦ થી સને ૧૯૦૮ સુધીના પ્રોસીડીંગના એક કે બે જે કંઈ ચોપડા હોવા જોઈએ તે પેઢીમાં ઉપલબ્ધ થઈ શક્યા નથી.

(૨) બીજું કારણ એ છે કે સને ૧૯૬૯માં નિયમાવલીનો અમલ થયો તે પહેલાંના સ્થાનિક અથવા પ્રાદેશિક પ્રતિનિધિઓની નામાવલી સાચવતા બે રજિસ્ટરોનો દસેક વર્ષ પહેલાં પેઢીના બીજા બિનજરૂરી રેકર્ડ સાથે સરતચૂકથી નાશ કરવામાં આવ્યો છે એટલે આ બધી માહિતી અહીં આપવી શક્ય નથી. તેથી મેં આસપાસના સંજોગો જોતાં એમ નક્કી કર્યું છે કે સને ૧૮૮૦ પછી જે મહાનુભાવોએ પ્રાદેશિક અથવા તો સ્થાનિક પ્રતિનિધિ તરીકેની કામગીરી બજાવી છે તેની કેવળ નામોલ્લેખ પૂરતી યાદી આપીને સંતોષ માનવો. આમ છતાં સને ૧૯૮૫ની સાલમાં પ્રાદેશિક કે સ્થાનિક પ્રતિનિધિઓનો દરજ્જો ધરાવતાં નામો અને જે શહેર કે પ્રદેશનું તેઓ પ્રતિનિધિત્વ કરતા હતા તેની નોંધ આપવામાં આવી છે. પૂરતી સામગ્રીના અભાવે આ યાદીમાં બને તેટલા વધુ પ્રાદેશિક પ્રતિનિધિઓનાં નામ આવી જાય તે માટે તેના નીચે મુજબ ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે :

(અ) સને ૧૮૮૦ના સમય દરમ્યાન બંધારણ ઘડાયું તે વખતે નિમાયેલ માત્ર બત્રીસ પ્રતિનિધિઓની યાદી જે નિયમાવલીના પૃ. ૩૯ ઉપર આપવામાં આવી છે તેમની નામાવલી. (આ પછીથી ૧૮૮૧ થી ૧૯૦૮ સુધીના સ્થાનિક પ્રતિનિધિઓની યાદી મળતી નથી.)

(બ) સને ૧૯૦૯ થી સને ૧૯૬૮ સુધીના પ્રોસીડીંગના આધારે જે જે સ્થાનિક પ્રતિનિધિઓ જનરલ મીટિંગમાં હાજર હતા તેમના નામોલ્લેખ ઉપરથી તૈયાર કરેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદી. આ યાદી તૈયાર કરવામાં સને ૧૯૩૨, ૧૯૩૬, ૧૯૪૫, ૧૯૪૮, ૧૯૫૪, ૧૯૫૮ની પ્રાદેશિક પ્રતિનિધિઓની છાપેલી યાદીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

(ક) નિયમાવલીનો અમલ તા. ૧૬-૭-૧૯૬૯ના રોજ શરૂ થયો તે અનુસાર નિમાયેલ સ્થાનિક પ્રતિનિધિઓની યાદી.

આ યાદી બે રજિસ્ટરોને આધારે તૈયાર કરવામાં આવી છે અને તે પૂરેપૂરી હોય એમ લાગે છે.

યાદી અ

સને ૧૮૮૦માં બંધારણ ઘડાયું તે વખતે એ બંધારણની સાથે જોડવામાં આવેલ સ્થાનિક અર્થાત પ્રાદેશિક પ્રતિનિધિઓની યાદી નીચે મુજબ છે—

(૧) રાયબહાદુર લક્ષ્મીપતસીંઘજી પ્રતાપસીંઘજી

(૨) રાયબહાદુર ધનપતસીંઘજી પ્રતાપસીંઘજી
(ઉપર જણાવેલ બન્ને વ્યક્તિઓને મુરશીદાબાદ તથા તેની આસપાસનાં ગામો તરફથી નીમવામાં આવી હતી.)

(૩) રાયબહાદુર બદ્રીદાસ કાળકાદાસ
(કલકત્તા અને તેની આસપાસનાં ગામો તરફથી નિમણૂક કરવામાં આવી હતી.)

(૪) શેઠ ખીમચંદભાઈ મોતીચંદ તરફથી દયાચંદ મલુકચંદ

(૫) શેઠ કેશવજીભાઈ નાયક

(૬) શા. તલકચંદ માણેકચંદ

(૭) શા. મોતીચંદ હરખચંદ
(ઉપર જણાવેલ ચારે વ્યક્તિઓને મુંબાઈ તથા તેની આસપાસનાં ગામો તરફથી નીમવામાં આવી હતી.)

(૮) શા. નેમચંદ મેલાપચંદ

(૯) શા. સરુપચંદ કલ્યાણજી

(૧૦) શા. કીકાભાઈ પરભુદાસ
(ઉપર જણાવેલ ત્રણે વ્યક્તિઓને સુરત તથા તેની આસપાસનાં ગામો તરફથી નીમવામાં આવી હતી.)

(૧૧) શા. અમરચંદ જસરાજ

(૧૨) શા. નારણજી ભાણાભાઈ
(ઉપર જણાવેલ બે વ્યક્તિઓને ભાવનગર તથા તેની આસપાસનાં ગામો તરફથી નીમવામાં આવી હતી.)

(૧૩) ઝવેરી પનાલાલ પુનમચંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૪) શા. ઉત્તમચંદ માણેકચંદ
(ઉપર જણાવેલ બે વ્યક્તિઓને પાટણ તથા તેની આસપાસનાં ગામો તરફથી નીમવામાં આવી હતી.)

(૧૫) શા. મંગળજીભાઈ ઈશ્વરભાઈ
(પાલનપુર તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૧૬) શા. પાનાચંદ આસકરણ
(કચ્છ, માંડવી તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૧૭) શા. મગનભાઈ કપુરચંદ
(પુના તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૧૮) શા. કરમચંદ લવજી
(ઘોઘા તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૧૯) શા. અનોપચંદ મલુકચંદ
(ભરુચ તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૦) શા. પ્રેમજી કપુરચંદ
(માંગરોળ તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૧) શા. કરસનાજી રંગજી
(મારવાડ તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૨) શેઠ લલ્લુભાઈ અનોપસી
(ખેડા તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૩) શા. ત્રીકમજી સામજી
(જામનગર તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૪) સંઘવી કુલચંદ કમળશી
(થાન – લખતર તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૫) શા. ફતેચંદ અમીચંદ ઝવેરી
(વડોદરા તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૬) શા. ખોડીદાસ મોરારજી
(ધોરાજી તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૭) શા. સિરચંદભાઈ સાંકળચંદ
(રાધનપુર તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૨૮) મૂળચંદ વેલસી
(ધોલેરા તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૯) શા. લખમીચંદ કેશવજી

(રાજકોટ તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૩૦) શા. મદનજી સુંદરજી

(પોરબંદર તથા તેની આસપાસનાં ગામો માટે નીમવામાં આવ્યા હતા.)

(૩૧) શા. ચુનીલાલ કેસરીસંધ

(૩૨) વકીલ કસ્તૂરભાઈ પ્રેમચંદ

(ઉપર જણાવેલ બે વ્યક્તિઓને અમદાવાદ તરફથી નીમવામાં આવી હતી.)

સને ૧૮૮૦ માં પેઢીનું બંધારણ પહેલી વાર ઘડાયું તે વખતે ઉપર સૂચવેલ બત્રીસ વ્યક્તિઓને જ જે તે પ્રદેશના સ્થાનિક અથવા પ્રાદેશિક પ્રતિનિધિ તરીકે નીમવામાં આવ્યા હતા.

આ પછી ઈ. સ. ૧૮૮૧ થી ૧૯૦૮ સુધીના સ્થાનિક પ્રતિનિધિઓની યાદી ઉપલબ્ધ થઈ શકી નથી.

યાદી બ

આ યાદી જોતાં પહેલાં જે તે સ્થળના સભ્યોની સંખ્યા નક્કી કરવા માટે જે કાર્યવાહી કરવામાં આવી હતી તેની માહિતી મેળવીએ.

સને ૧૯૧૨ ના બંધારણના પહેલા સુધારા મુજબ નિમાયેલ સ્થાનિક પ્રતિનિધિઓ :—

સને ૧૯૧૨ની ૨૮-૨૯-૩૦ ડિસેમ્બરે બંધારણમાં પહેલી વાર સુધારો-વધારો કરવામાં આવ્યો તે વખતે નવા સ્થાનિક પ્રતિનિધિઓની નિમણુકને લગતો પાંચમો ઠરાવ નીચે મુજબ લખવામાં આવ્યો હતો.

"સદરહુ પેઢીના હાલના જે સ્થાનિક પ્રતિનિધિઓ છે તેમને આજથી રદ કરવામાં આવે છે અને તેમને બદલે નીચે લખેલા સ્થળોના સંઘો તરફથી તેમનાં નામ સામે જણાવેલી સંખ્યામાં હવે પછી ચૂંટાઈ આવે તેમને સ્થાનિક પ્રતિનિધિઓ ગણવામાં આવશે અને તેઓની સદરહુ કામકાજમાં મદદ લેવાની વહીવટ કરનાર પ્રતિનિધિઓની ખાએશ જણાય તો તેઓ મદદ આપે અને જ્યારે જ્યારે આગળ બતાવ્યા પ્રમાણે જરૂર પડે ત્યારે તેઓએ એટલે વહીવટ કરનાર પ્રતિનિધિઓએ સદરહુ સ્થાનિક પ્રતિનિધિઓની મીટિંગની મેજોરિટીના વિચાર ઉપર ધ્યાન આપવું.

"સદરહુ સ્થળોના સંઘોએ પોતાના સ્થાનિક પ્રતિનિધિઓને મુકરર કરી માસ ત્રણની મુદતમાં તેમનાં નામ વહીવટ કરનાર પ્રતિનિધિઓ ઉપર લખી મોકલવાં. પરંતુ જો તે મુદતમાં સદરહુ સ્થળોના સંઘો તેમના તરફના સ્થાનિક પ્રતિનિધિઓ તેમના નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામે લખેલી સંખ્યામાં નીમી નહીં લખી મોકલે તો તે સ્થળોના સંઘોએ તેમના તરફના સ્થાનિક પ્રતિનિધિઓ નીમવાનો હક ખોયો છે એમ ગણી જે જે સ્થાનિક પ્રતિનિધિઓ ચૂંટાઈ લખી મોકલવામાં આવશે તેટલા જ સ્થાનિક પ્રતિનિધિઓ મુકરર થયા છે એમ ગણવામાં આવશે.

"આ ઉપરાંત વહીવટ કરનાર પ્રતિનિધિઓ તેમના હોદ્દાની રૂએ સદરહુ પેઢીના સ્થાનિક પ્રતિનિધિઓ ગણાશે."

આ લખાણમાં જે તે સ્થળના સ્થાનિક પ્રતિનિધિઓની સંખ્યાની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી :

સ્થાનિક પ્રતિનિધિઓની સંખ્યાની ફાળવણી :—

અંક	સ્થળ		સંખ્યા
(૧)	મુંબઈ અને તેની આસપાસ		– ૫
(૨)	અમદાવાદ	,,	– ૨
(૩)	સુરત	,,	– ૪
(૪)	પાટણ	,,	– ૩
(૫)	ભાવનગર	,,	– ૩
(૬)	ભરૂચ	,,	– ૧
(૭)	વડોદરા	,,	– ૧
(૮)	ખેડા	,,	– ૨
(૯)	ખંભાત	,,	– ૨
(૧૦)	કપડવંજ	,,	– ૧
(૧૧)	વિરમગામ	,,	– ૧
(૧૨)	સાણંદ	,,	– ૧
(૧૩)	મહેસાણા	,,	– ૧
(૧૪)	માંડલ	,,	– ૧
(૧૫)	રાધનપુર	,,	– ૧
(૧૬)	પાલનપુર	,,	– ૨
(૧૭)	ધોધા	,,	– ૧
(૧૮)	રાજકોટ	,,	– ૧
(૧૯)	જૂનાગઢ	,,	– ૧
(૨૦)	માંગરોળ	,,	– ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	સ્થળ		સંખ્યા
(૨૧)	પોરબંદર	,,	- ૧
(૨૨)	જામનગર	,,	- ૧
(૨૩)	ધોરાજી	,,	- ૧
(૨૪)	મોરબી	,,	- ૧
(૨૫)	ધોલેરા	,,	- ૧
(૨૬)	મુરશીદાબાદ	,,	- ૨
(૨૭)	કલકત્તા	,,	- ૨
(૨૮)	લીંબડી	,,	- ૧
(૨૯)	ભુજ	,,	- ૧
(૩૦)	અંજાર	,,	- ૧
(૩૧)	મુંદ્રા	,,	- ૧
(૩૨)	જખૌ	,,	- ૨
(૩૩)	પુના	,,	- ૨
(૩૪)	માંડવી (કચ્છ)	,,	- ૧
(૩૫)	યેવલા	,,	- ૧
(૩૬)	માલેગામ	,,	- ૧
(૩૭)	સાંગલી	,,	- ૧
(૩૮)	બાલાપુર	,,	- ૧
(૩૯)	અમલનેર	,,	- ૧
(૪૦)	બેલગામ ધારવાડ	,,	- ૧
(૪૧)	મદ્રાસ	,,	- ૧
(૪૨)	નિઝામ હૈદ્રાબાદ	,,	- ૧
(૪૩)	શિવગંજ	,,	- ૧
(૪૪)	સાદરી	,,	- ૧
(૪૫)	મડાર	,,	- ૧
(૪૬)	સિરોહી	,,	- ૧
(૪૭)	દેલદર	,,	- ૧
(૪૮)	મંડવારીયા	,,	- ૧
(૪૯)	બોટાદ	,,	- ૧
(૫૦)	પાલીતાણા	,,	- ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અં	સ્થળ		સંખ્યા
(૫૧)	મહુવા	,,	- ૧
(૫૨)	સિહોર	,,	- ૧
(૫૩)	વાવ	,,	- ૧
(૫૪)	જોધપુર	,,	- ૧
(૫૫)	બિકાનેર	,,	- ૧
(૫૬)	ફલોધી	,,	- ૧
(૫૭)	ઉદેપુર	,,	- ૧
(૫૮)	મીયાગામ	,,	- ૧
(૫૯)	લાહોર	,,	- ૧
(૬૦)	રંગુન	,,	- ૧
(૬૧)	દમણ	,,	- ૧
(૬૨)	જુનેર	,,	- ૧
(૬૩)	ગુજરાનવાલા	,,	- ૧
(૬૪)	અમૃતસર	,,	- ૧
(૬૫)	અંબાલા	,,	- ૧
(૬૬)	ગ્વાલિયર	,,	- ૧
(૬૭)	અજમેર	,,	- ૧
(૬૮)	રતલામ	,,	- ૧
(૬૯)	દિલ્હી	,,	- ૧
(૭૦)	આગ્રા	,,	- ૧
(૭૧)	જેસલમેર	,,	- ૧
(૭૨)	ઊંઝા	,,	- ૧
(૭૩)	વેરાવળ	,,	- ૧
(૭૪)	પ્રભાસપાટણ	,,	- ૧
(૭૫)	વડનગર	,,	- ૧
(૭૬)	વીસનગર	,,	- ૧
(૭૭)	માણસા	,,	- ૧
(૭૮)	પેથાપુર	,,	- ૧
(૭૯)	વિજાપુર	,,	- ૧
(૮૦)	ઈંદોર	,,	- ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	સ્થળ		સંખ્યા
(૮૧)	ખેરાળુ	,,	– ૧
(૮૨)	વલસાડ	,,	– ૧
(૮૩)	નવસારી	,,	– ૧
(૮૪)	પ્રતાપગઢ	,,	– ૧
(૮૫)	પ્રાંતીજ	,,	– ૧
(૮૬)	પ્રાંચ્રા	,,	– ૧
(૮૭)	રાણપુર	,,	– ૧
(૮૮)	વઢવાણ	,,	– ૧
(૮૯)	લખતર	,,	– ૧
(૯૦)	સાયલા	,,	– ૧
		કુલ	૧૧૦

(જુઓ નિયમાવલી પૃ. ૩૧)

સ્થાનિક પ્રતિનિધિઓ

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧)	શેઠશ્રી કાલીદાસ ઉમાભાઈ	૮-૪-૧૯૦૯	અમદાવાદ
(૨)	શેઠશ્રી કીકાભાઈ સુરચંદ વકીલ	૮-૪-૧૯૦૯	સુરત
(૩)	શેઠશ્રી અમરચંદ જસરાજ ઝવેરા	૮-૪-૧૯૦૯	ભાવનગર
		૫-૩-૧૯૧૧	,,
		૧૦-૩-૧૯૧૨	,,
		૨૮-૪-૧૯૧૪	,,
		૫-૨-૧૯૧૬	,,
		૧૫-૨-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
(૪)	શેઠશ્રી અનોપચંદ મલુકચંદ	૮-૪-૧૯૦૯	ભરૂચ
(૫)	શેઠશ્રી મણિલાલ મૂળચંદ	૮-૪-૧૯૦૯	ધોલેરા
		૧૯-૯-૧૯૧૨	,,
(૬)	શેઠશ્રી ફત્તેભાઈ અમીચંદ ઝવેરી	૮-૪-૧૯૦૯	વડોદરા
(૭)	શેઠશ્રી સાંકળચંદ મોહોલાલ	૮-૪-૧૯૦૯	અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૫-૩-૧૯૧૧	,,
		૧૦-૩-૧૯૧૨	,,
		૨૮-૪-૧૯૧૪	,,
		૫-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
(૮)	શેઠશ્રી હીરાચંદ મોતીચંદ ઝવેરી	૮-૪-૧૯૦૯	સુરત
(૯)	શેઠશ્રી નેણશીભાઈ કૂલચંદ સંઘવી	૮-૪-૧૯૦૯	લખતર
		૫-૩-૧૯૧૧	,,
		૧૦-૩-૧૯૧૨	,,
		૨૯-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૧૭-૧૨-૧૯૨૧	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૧૦)	શેઠશ્રી છોટાલાલ પ્રેમજીભાઈ	૫-૩-૧૯૧૧	માંગરોળ
		૧૦-૩-૧૯૧૨	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩-૧-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૧૧)	શેઠશ્ર ચમ્પનલાલ મંગળજીભાઈ મહેતા	૫-૩-૧૯૧૧	પાલનપુર
		૫-૨-૧૯૧૬	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		ઈ. સ. ૧૯૩૨	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૨)	શેઠશ્રી મુલાખચંદ દેવચંદ ઝવેરી	૫-૩-૧૯૧૧	સુરત
		૧૦-૩-૧૯૧૨	,,
		૩-૧-૧૯૨૬	,,
(૧૩)	શેઠશ્રી ભાઈલાલ અમૃતલાલ	૫-૩-૧૯૧૧	ખેડા
		૧૦-૩-૧૯૧૨	,,
		૨૮-૪-૧૯૧૪	,,
		૫-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૬-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
(૧૪)	શેઠશ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી	૫-૩-૧૯૧૧	મુંબઈ
		૧૦-૩-૧૯૧૨	,,
(૧૫)	શેઠશ્રી મોતીચંદ હરખચંદ	૫-૩-૧૯૧૧	મુંબઈ
(૧૬)	શેઠશ્રી રતનજીભાઈ વીરજી	૬-૩-૧૯૧૧	ભાવનગર
(૧૭)	શેઠશ્રી ચુનીલાલ રાયચંદ	૧૦-૩-૧૯૧૨	ભરુચ
		૨૮-૪-૧૯૧૪	,,
		૫-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૬-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૩-૧-૧૯૨૬	,,
		૮-૧-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		ઇ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૫-૮-૧૯૩૬	,,
		૨૨-૫-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૧-૧-૧૯૪૧	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
		૭-૩-૧૯૪૯	,,
		૧-૪-૧૯૫૦	,,
		૮-૧-૧૯૫૧	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૪-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૩-૩-૧૯૬૨	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
(૧૮)	શેઠશ્રી જેઠાભાઈ નરસીભાઈ	૧૦-૩-૧૯૧૨	મુંબઈ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૧૯)	શેઠશ્રી અંબાલાલ બાપુભાઈ	૧૦-૩-૧૯૧૨	મુંબઈ
(૨૦)	રાયબહાદુર બદ્રીદાસજી કાલકાદાસજી	૧૨-૩-૧૯૧૨	કલકત્તા
		ઈ. સ. ૧૯૩૨	,,
(૨૧)	શેઠશ્રી વલ્લભભાઈ હીરજીભાઈ	૧૨-૩-૧૯૧૨	પોરબંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૨૨)	શેઠશ્રી ભગુતમલજી ચતરાજી	૨૦-૯-૧૯૧૨	દેલદર
		ઇ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૨૩)	શેઠશ્રી પરસોત્તમદાસ મંછારામ મહેતા	૨૮-૪-૧૯૧૪	સાણંદ
		૫-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
(૨૪)	શેઠશ્રી મોહનલાલ જેઠાભાઈ	૨૮-૪-૧૯૧૪	વિજાપુર
		૩૧-૭-૧૯૨૧	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		ઇ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૨૫)	શેઠશ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ	૨૮-૪-૧૯૧૪	વીરમગામ
		૬-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૫-૩-૧૯૩૧	,,
		ઇ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૩-૧-૧૯૪૨	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૮૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
		૭-૩-૧૯૪૯	,,
		૧-૪-૧૯૫૦	,,
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૨૧-૬-૧૯૬૯	,,
(૨૬)	શેઠશ્રી નેમચંદ પીતામ્બરદાસ	૨૮-૪-૧૯૧૪	મીયાગામ
		૫-૨-૧૯૧૬	,,
		૬-૨-૧૯૧૬	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૩-૧-૧૯૨૬	,,
(૨૭)	શેઠશ્રી નાગરદાસ પરસોત્તમદાસ	૨૮-૪-૧૯૧૪	રાણપુર
		૫-૨-૧૯૧૬	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૮-૭-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
(૨૮)	શેઠશ્રી ટીલચંદ ખેતશીભાઈ	૨૮-૪-૧૯૧૪	વાવ
		૩-૧-૧૯૨૬	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૨૯)	શેઠશ્રી લલ્લુભાઈ ભાઈચંદ બગડીયા	૨૮-૪-૧૯૧૪	બોટાદ
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૩૦)	શેઠશ્રી વાડીલાલ જમનાદાસ	૨૮-૪-૧૯૧૪	કપડવંજ
		૫-૨-૧૯૧૬	,,
(૩૧)	શેઠશ્રી વાડીલાલ ઓઘડભાઈ	૨૮-૪-૧૯૧૪	લીંબડી
		૫-૨-૧૯૧૬	,,
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
(૩૨)	શેઠશ્રી હાથીભાઈ મૂળચંદ	૨૮-૪-૧૯૧૪	માણસા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
(૩૩)	શેઠશ્રી સોમચંદ રાજપાલ ગાંધી	૨૮-૪-૧૯૧૪	ધ્રાંગધ્રા
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૮-૭-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૩૪)	શેઠશ્રી નરસીંહદાસ નથુભાઈ	૨૯-૪-૧૯૧૪	સાયલા
		૨૯-૭-૧૯૧૭	,,
		૧૫-૯-૧૯૧૮	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		૨૪-૪-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
(૩૫)	શેઠશ્રી કુંવરજી આણંદજી	૫-૨-૧૯૧૬	ભાવનગર
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૫-૬-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૩-૧-૧૯૨૬	,,
		૨૪-૪-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
(૩૬)	શેઠશ્રી કેશવલાલ ત્રિકમલાલ	૫-૨-૧૯૧૬	પ્રાંતીજ
		૮-૧-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૩૭)	શેઠશ્રી ચંદુલાલ સોભાગચંદ કોઠારી	૫-૨-૧૯૧૬	પાલનપુર
		૩૦-૩-૧૯૨૬	,,
(૩૮)	શેઠશ્રી ચીમનલાલ કુબેરદાસ	૫-૨-૧૯૧૬	ખેડા
		૨૮-૭-૧૯૧૭	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૩૯)	શેઠશ્રી જેસંગભાઈ મોહનલાલ પરીખ	૫-૨-૧૯૧૬	રાધનપુર
		૩૦-૩-૧૯૨૬	,,
		ઇ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૪૦)	શેઠશ્રી વેણીભાઈ દીપચંદ	૫-૨-૧૯૧૬	ખંભાત
		ઈ. સ. ૧૯૩૨	,,
(૪૧)	શેઠશ્રી ડાહ્યાભાઈ હુકમચંદ	૫-૨-૧૯૧૬	પેથાપુર
		૨૮-૭-૧૯૧૭	,,
		૧૭-૧૨-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
(૪૨)	શેઠશ્રી નગીનદાસ અવેરચંદ	૬-૨-૧૯૧૬	સુરત
(૪૩)	શેઠશ્રી મોહનલાલ લલ્લુભાઈ	૨૮-૭-૧૯૧૭	અમદાવાદ
		૧૫-૯-૧૯૧૮	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૪૪)	શેઠશ્રી વેણીચંદ સુરચંદ શાહ	૬-૨-૧૯૧૬	મહેસાણા
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૩-૧૨-૧૯૨૩	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૪૫)	શેઠશ્રી પોપટભાઈ અમરચંદ	૨૮-૭-૧૯૧૭	ખંભાત
(૪૬)	શેઠશ્રી લીલાધરભાઈ લક્ષ્મીચંદ	૨૮-૭-૧૯૧૭	રાજકોટ
		૧૫-૯-૧૯૧૮	,,
		૩૧-૭-૧૯૨૧	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૪૭)	શેઠશ્રી ઓઘડભાઈ ઠાકરશીભાઈ	૨૮-૭-૧૯૧૭	વઢવાણ
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૪૮)	શેઠશ્રી ચુનીલાલ છગનચંદ શરાફ	૨૮-૭-૧૯૧૭	સુરત
		૩૧-૭-૧૯૨૧	,,
(૪૯)	શેઠશ્રી મનસુખલાલ દોલતચંદ ઝવેરી	૧૫-૯-૧૯૧૮	રંગુન
		૩૧-૭-૧૯૨૧	,,
(૫૦)	શેઠશ્રી કાનજીભાઈ સુંદરજીભાઈ	૧૫-૯-૧૯૧૮	મોરબી
(૫૧)	શેઠશ્રી કેશવલાલ વીરચંદ	૩૧-૭-૧૯૨૧	જુન્નેર
		૩-૧-૧૯૨૬	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૫૨)	શેઠશ્રી કરસનભાઈ લક્ષ્મીચંદ	૩૧-૭-૧૯૨૧	માંડલ
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
(૫૩)	શેઠશ્રી નરોત્તમદાસ ભાણજીભાઈ	૩૧-૭-૧૯૨૧	ભાવનગર
(૫૪)	શેઠશ્રી કસ્તૂરભાઈ અમરચંદ	૩૧-૭-૧૯૨૧	ખંભાત
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩૦-૩-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૫૫)	શેઠશ્રી પ્રેમચંદ રતનચંદ	૧-૮-૧૯૨૧	કપડવંજ
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
(૫૬)	શેઠશ્રી અમીચંદ છગનલાલ ડોકટર	૧-૮-૧૯૨૧	સુરત
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૩-૧-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧-૧-૧૯૪૧	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૫૭)	શેઠશ્રી દલીચંદ વીરચંદ	૧૭-૧૨-૧૯૨૧	સુરત
		૨૩-૧૨-૧૯૨૩	,,
		૬-૧-૧૯૨૬	,,
		૮-૭-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૧-૧-૧૯૪૧	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૨૫-૨-૧૯૬૧	,,
(૫૮)	શેઠશ્રી બાલાભાઈ ભાઈલાલ	૨૩-૧૨-૧૯૨૩	ખેડા
		૩-૧-૧૯૨૬	,,
		૨૬-૧-૧૯૨૮	,,
		૨૫-૧-૧૯૩૦	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૧૫-૨-૧૯૪૭	,,
(૫૯)	શેઠશ્રી ગોપાળદાસ છગનલાલ	૨૩-૧૨-૧૯૨૩	એરાળુ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૬૦)	શેઠશ્રી જુઠાભાઈ સાંકળચંદ	૨૩-૧૨-૧૯૨૩	ભાવનગર
		૩૦-૩-૧૯૨૬	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
(૬૧)	શેઠશ્રી ખૂબચંદ ધરમચંદ	૨૪-૧૨-૧૯૨૩	દમણ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૬૨)	શેઠશ્રી ભોગીલાલ વીરચંદ	૨૫-૧૨-૧૯૨૩	મુંબઈ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
(૬૩)	શેઠશ્રી નગીનદાસ જીવણજી	૩૦-૩-૧૯૨૬	નવસારી
		ઈ સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
(૬૪)	શેઠશ્રી જગજીવનદાસ વાડીલાલ	૩૦-૩-૧૯૨૬	લીંબડી
		૮-૭-૧૯૨૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૫-૧-૧૯૩૦	,,
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૭-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૧-૧-૧૯૪૧	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
		૬-૩-૧૯૫૧	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૬૫)	શેઠશ્રી બાબુસાહેબ શ્રીયતસિંહજી	૩૦-૨-૧૯૨૬	મુરશીદાબાદ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૬૬)	શેઠશ્રી મહાસુખભાઈ ચુનીલાલ	૨૬-૧-૧૯૨૮	વીસનગર
		૨૫-૧-૧૯૩૦	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
(૬૭)	શેઠશ્રી રવજીભાઈ સોજપાલ	૮-૭-૧૯૨૮	મુંબઈ
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૬૮)	શેઠશ્રી ત્રિભોવનદાસ પીતામ્બરદાસ	૨૫-૧-૧૯૩૦	ઊંઝા
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૭-૩-૧૯૪૯	,,
(૬૯)	શેઠશ્રી ઉમેદચંદ ચવાઈચંદ	૨૫-૧-૧૯૩૦	વડોદરા
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૨૨-૫-૧૯૩૭	,,
		૧-૧-૧૯૪૧	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૭૦)	શેઠશ્રી જગજીવનદાસ અમરચંદ વ્હોરા	૨૫-૧-૧૯૩૦	ભાવનગર
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૭૧)	શેઠશ્રી લક્ષ્મીચંદ ભાણજીભાઈ ધામી	૨૪-૪-૧૯૩૦	મહુવા
		ઈ. સ. ૧૯૩૨	,,
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૭૨)	શેઠશ્રી સુરચંદભાઈ પુરુષોત્તમદાસ બદામી	૨૪-૪-૧૯૩૦	સુરત
		૧૪-૩-૧૯૩૧	,,
		ઈ. સ. ૧૯૩૨	,,
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૭૩)	શેઠશ્રી મોહનલાલ પદમશીભાઈ	ઈ. સ. ૧૯૩૨	સાણંદ
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૨૫-૫-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૧-૧-૧૯૩૯	સાણંદ
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૦	,,
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૭૪)	શેઠશ્રી મોહનલાલ મનસુખરામ	ઈ. સ. ૧૯૩૨	અમદાવાદ
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૧૬-૬-૧૯૪૫	,,
(૭૫)	શેઠશ્રી પુરુષોત્તમભાઈ ઓઘડભાઈ	૧-૧૨-૧૯૩૪	વઢવાણ
		૫-૮-૧૯૩૬	,,
(૭૬)	શેઠશ્રી પ્રભાશંકરભાઈ લીલાધરભાઈ	૧-૧૨-૧૯૩૪	રાજકોટ
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
(૭૭)	શેઠશ્રી ન્યાલચંદભાઈ વસ્તાચંદ	૧-૧૨-૧૯૩૪	પાટણ
		૫-૮-૧૯૩૬	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૩૧-૧-૧૯૩૭	પાટણ
		૯-૧-૧૯૩૮	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
(૭૮)	શેઠશ્રી ન્યાલચંદભાઈ લક્ષ્મીચંદ	ઈ. સ. ૧૯૩૨	ધોધા
		૧-૧૨-૧૯૩૪	,,
		૩-૧૨-૧૯૩૪	,,
		૧૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૩-૧-૧૯૪૨	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૭૯)	શેઠશ્રી નગીનદાસ સાંકળચંદ વકીલ	ઈ. સ. ૧૯૩૨	પેથાપુર
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૩-૧-૧૯૪૨	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૮૦)	શેઠશ્રી હીરાચંદભાઈ વસનજીભાઈ	ઈ. સ. ૧૯૩૨	પોરબંદર
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
(૮૧)	શેઠશ્રી ઝવેરચંદ નેમચંદભાઈ	ઈ. સ. ૧૯૩૨	મીયાંગામ
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૨૨-૫-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧-૧-૧૯૪૧	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૦	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૮૨)	શેઠશ્રી ચીમનલાલ મોહનલાલ	ઈ. સ. ૧૯૩૨	વડનગર
		૧-૧૨-૧૯૩૪	,,
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૩-૧-૧૯૪૨	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૧૧-૩-૧૯૪૪	વડનગર
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
(૮૩)	શેઠશ્રી રમણલાલ મણીલાલ	ઈ. સ. ૧૯૩૨	કપડવંજ
		૫-૮-૧૯૩૬	,,
		૩૧-૧-૧૯૩૭	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૮૪)	શેઠશ્રી રતિલાલ કેશવલાલ	૫-૮-૧૯૩૬	પ્રાંતીજ
		૩૧-૧-૧૯૩૭	,,
		૯-૧-૧૯૩૮	,,
		૨૧-૧-૧૯૩૯	,,
		૬-૧-૧૯૪૦	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૧-૧-૧૯૪૧	પ્રાંતીજ
		૪-૧-૧૯૪૨	,,
		૨૩-૧-૧૯૪૩	,,
		૧૧-૩-૧૯૪૪	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨૩-૩-૧૯૪૬	,,
		૧૫-૨-૧૯૪૭	,,
		૨-૩-૧૯૪૮	,,
		૭-૩-૧૯૪૯	,,
		૧-૪-૧૯૫૦	,,
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૮૫)	શેઠશ્રી ચુનીલાલ મણીલાલ	ઈ. સ. ૧૯૩૨	ધોલેરા
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૮૬)	શેઠશ્રી મૂળચંદ વાડીલાલ	૧૬-૬-૧૯૪૫	માણસા
		૨૬-૩-૧૯૪૬	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨-૩-૧૯૪૮	માણસા
		૮-૧-૧૯૫૧	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
(૮૭)	શેઠશ્રી ગુલાબચંદ આણંદજી	૧૫-૨-૧૯૪૭	ભાવનગર
		૨-૩-૧૯૪૮	,,
		૭-૩-૧૯૪૯	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૮૮)	શેઠશ્રી કેશવલાલ કચરાભાઈ	૭-૩-૧૯૪૯	પેથાપુર
		૧-૪-૧૯૫૦	,,
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૩-૩-૧૯૬૨	,,
(૮૯)	શેઠશ્રી રાજેન્દ્રકુમાર માલાભાઈ	૧-૪-૧૯૫૦	ખેડા
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૮-૨-૧૯૬૪	ખેડા
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૬૦)	શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ	૮-૧-૧૯૫૧	ખંભાત
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૬૧)	શેઠશ્રી ભોગીલાલ હરેચંદ	૮-૧-૧૯૫૧	મુંબઈ
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૨૫-૨-૧૯૬૧	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૧૯-૧-૧૯૬૩	મુંબઈ
		૬-૩-૧૯૬૫	,,
(૬૨)	શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ	૮-૧-૧૯૫૧	મુંબઈ
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૬૩)	શેઠશ્રી જિરધરલાલ છોટાલાલ	૮-૧-૧૯૫૧	અમદાવાદ
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
(૬૪)	શેઠશ્રી અકુભાઈ મણિલાલ	૮-૧-૧૯૫૧	અમદાવાદ
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૯૫)	શેઠશ્રી હઠીસીંગ પુરુષોત્તમદાસ	૮-૧-૧૯૫૧	મહેસાણા
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૮-૨-૧૯૬૪	,,
(૯૬)	શેઠશ્રી ચિમનલાલ ચુનીલાલ	૮-૧-૧૯૫૧	પાટણ
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૯૭)	શેઠશ્રી જેઠાલાલ કલ્યાણચંદ સંઘવી	૨-૩-૧૯૪૮	રાજકોટ
		૮-૧-૧૯૫૧	,,
		૨૯-૩-૧૯૫૨	,,
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૫-૨-૧૯૬૧	રાજકોટ
		૨૭-૨-૧૯૬૭	,,
(૯૮)	શેઠશ્રી ન્યાલચંદ નાગરદાસ	૨-૩-૧૯૪૮	રાણપુર
		૨૯-૩-૧૯૫૨	,,
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
(૯૯)	શેઠશ્રી મણિલાલ મોહનલાલ	૨૯-૩-૧૯૫૨	મુંબઈ
		૧૬-૩-૧૯૫૩	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૪-૧૯૫૪	વિજાપુર
		૨૬-૩-૧૯૫૫	મુંબઈ
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧-૧-૧૯૫૮	વિજાપુર
		૬-૩-૧૯૫૯	,,
		૬-૩-૧૯૫૯	મુંબઈ
		૧૧-૧-૧૯૬૦	,,
		૧૧-૧-૧૯૬૦	પાટણ
		૧૧-૧-૧૯૬૦	વિજાપુર
		૨૫-૨-૧૯૬૧	પાટણ
		૨૫-૨-૧૯૬૧	મુંબઈ
		૬-૩-૧૯૬૫	,,
(૧૦૦)	શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી	૨૯-૩-૧૯૫૨	મુંબઈ
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૫-૨-૧૯૬૧	મુંબઈ
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૦૧)	શેઠશ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ	૨૯-૩-૧૯૫૨	ઊંઝા
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૩-૪-૧૯૬૨	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૧૦૨)	શેઠશ્રી જમનાદાસ હીરાલાલ	૧૬-૩-૧૯૫૩	ખેડા
		૧-૪-૧૯૫૪	,,
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૧૭-૧-૧૯૬૮	ખેડા
		૮-૨-૧૯૬૯	,,
(૧૦૩)	શેઠશ્રી પુરુષોત્તમભાઈ સુરચંદ	૧૬-૩-૧૯૫૩	ભાંગડા
		૧-૧-૧૯૫૮	,,
(૧૦૪)	શેઠશ્રી રતિલાલ જીવણલાલ	૧-૪-૧૯૫૪	વઢવાણ
		૨૬-૩-૧૯૫૫	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૩-૩-૧૯૬૨	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૨૧-૬-૧૯૬૯	,,
(૧૦૫)	શેઠશ્રી મોહનલાલ હરીચંદ	૧-૪-૧૯૫૪	શિહોર
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૦૬)	શેઠશ્રી ફકીરચંદ કરસનદાસ વ્હોરા	૫-૮-૧૯૩૬	માંડલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૧૬-૬-૧૯૪૫	માંડલ
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૦૭)	શેઠશ્રી ધરમદાસ રૂગનાથજી	૧-૪-૧૯૫૪	પોરબંદર
		૭-૪-૧૯૫૬	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૬-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૦૮)	શેઠશ્રી રાયચંદ હરચંદ	૧-૪-૧૯૫૪	વલસાડ
		૭-૪-૧૯૫૬	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૮-૨-૧૯૬૯	વલસાડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧૦૯)	શેઠશ્રી ભોગીલાલ ગોપાળદાસ	૧-૪-૧૯૫૪	ખેરાળુ
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૧૦)	શેઠશ્રી હરખચંદ હેાંશીલાલ	૫-૮-૧૯૩૬	બાલાપુર
		૧-૪-૧૯૫૪	,,
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૧૧)	શેઠશ્રી દામજીભાઈ ધારશીભાઈ	૧-૪-૧૯૫૪	અંજાર
		૧૭-૩-૧૯૫૭	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૧૨)	શેઠશ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ	૧-૧-૧૯૫૮	ભાવનગર
		૬-૩-૧૯૫૯	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૧૩)	શેઠશ્રી રતિલાલ લીલાધરભાઈ	૧૬-૬-૧૯૪૫	માંગરોળ
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૬-૩-૧૯૫૯	માંગરોળ
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૨૭-૨-૧૯૬૭	,,
(૧૧૪)	શેઠશ્રી પોપટલાલ મણિલાલ	૬-૩-૧૯૫૯	સાંગલી
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૧૫)	શેઠશ્રી વિનયચંદ હરખચંદ	૧-૪-૧૯૫૪	રંગુન
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૨૭-૨-૧૯૬૭	,,
(૧૧૬)	શેઠશ્રી રાજેન્દ્રસિંગજી	૧-૪-૧૯૫૪	કલકત્તા
		૧-૧-૧૯૫૮	,,
		૬-૩-૧૯૫૯	,,
(૧૧૭)	શેઠશ્રી કાંતિલાલ વીરચંદ	૬-૩-૧૯૫૯	માલેગામ
(૧૧૮)	શેઠશ્રી મોતીલાલ વીરચંદ	૬-૩-૧૯૫૯	માલેગામ
		૧૧-૧-૧૯૬૦	,,
		૩-૧-૧૯૬૨	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૧૯)	શેઠશ્રી ચારુચંદ્ર લોગીલાલ	૬-૩-૧૯૫૯	અમદાવાદ
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૬-૩-૧૯૬૫	અમદાવાદ
		૧૩-૨-૧૯૬૬	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૨૦)	શેઠશ્રી નરેશચંદ્ર મનસુખરામ	૬-૩-૧૯૫૯	અમદાવાદ
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૧૯-૧-૧૯૬૩	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૧૨૧)	શેઠશ્રી અમરચંદજી જ્ઞાનચંદજી કોચર	૧૧-૧-૧૯૬૦	ફલોદી
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૧૨૨)	શેઠશ્રી કેસરીમલ હીરાચંદ	૧૧-૧-૧૯૬૦	વડોદરા
		૧૯-૧-૧૯૬૩	,,
		૧૪-૭-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૧૨૩)	શેઠશ્રી ચોપટલાલ જેઠાલાલ	૧-૪-૧૯૫૪	પોલેરા
		૧-૧-૧૯૫૮	,,
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૧૪-૭-૧૯૬૪	ધંધુકા
		૬-૩-૧૯૬૫	પોલેરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૭-૨-૧૯૬૭	ધોલેરા
		૨૧-૬-૧૯૬૯	,,
(૧૨૪)	શેઠશ્રી ભોગીલાલ મગનલાલ	૧૧-૧-૧૯૬૦	ભાવનગર
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૨૫)	શેઠશ્રી રતિલાલ ડામરશીભાઈ	૧-૧-૧૯૫૮	સાયલા
		૧૧-૧-૧૯૬૦	,,
		૮-૨-૧૯૬૪	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૨૬)	શેઠશ્રી ચુનીલાલ પદમશીભાઈ	૧-૧-૧૯૫૮	સાણંદ
		૧૧-૧-૧૯૬૦	,,
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૨૭)	શેઠશ્રી ચંદુલાલ ચુનીલાલ	૧-૧-૧૯૫૮	વડનગર
		૨૫-૨-૧૯૬૧	,,
		૮-૨-૧૯૬૪	,,
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૨૮)	શેઠશ્રી લાલચંદજી ઢઢ્ઢા	૧-૧-૧૯૫૮	મદ્રાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨૫-૨-૧૯૬૧	મદ્રાસ
		૮-૨-૧૯૬૪	,,
		૬-૩-૧૯૬૫	,,
		૨૭-૨-૧૯૬૭	,,
(૧૨૯)	શેઠશ્રી ચંદુલાલ મોહનલાલ	૧૯-૧-૧૯૬૩	પાટણ
		૧૩-૨-૧૯૬૬	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૩૦)	શેઠશ્રી પ્રભુરામ હરખચંદ	૧૯-૧-૧૯૬૩	જામનગર
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
(૧૩૧)	શેઠશ્રી વનેચંદજી ખેમચંદજી	૮-૨-૧૯૬૪	મંડવારીઆ
		૧૩-૨-૧૯૬૬	,,
(૧૩૨)	શેઠશ્રી ભાઇચંદ અમરચંદ	૮-૨-૧૯૬૪	ભાવનગર
		૬-૩-૧૯૬૫	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૧૭-૧-૧૯૬૮	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૩૩)	શેઠશ્રી કાંતિલાલ મણિલાલ ડોકટર	૧-૪-૧૯૫૪	વીસનગર
		૧-૧-૧૯૫૮	,,
		૧૪-૭-૧૯૬૪	,,
(૧૩૪)	શેઠશ્રી છબીલદાસ મોહનલાલ સંઘવી	૬-૩-૧૯૬૫	મોરબી
		૧૩-૨-૧૯૬૬	,,
		૨૭-૨-૧૯૬૭	,,
		૮-૨-૧૯૬૯	,,
(૧૩૫)	શેઠશ્રી ઉત્તમચંદ ગિરધરલાલ	૬-૩-૧૯૬૫	જુનાગઢ
		૮-૨-૧૯૬૯	,,
(૧૩૬)	શેઠશ્રી રીખવચંદ ચુનીલાલ દોશી	૬-૩-૧૯૬૫	વિજાપુર
		૧૩-૨-૧૯૬૬	,,
		૧૭-૧-૧૯૬૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૮-૨-૧૯૬૯	વિજાપુર
(૧૩૭)	શેઠશ્રી કેસરીમલ હીરાલાલ	૧૩-૨-૧૯૬૬	વડોદરા
(૧૩૮)	શેઠશ્રી પન્નાલાલ ભીખાલાલ	૧૩-૨-૧૯૬૬	પાટણ
(૧૩૯)	શેઠશ્રી હીરાલાલ હાલચંદ	૨૭-૨-૧૯૬૭	પાલનપુર
(૧૪૦)	શેઠશ્રી ચંદુલાલ બાપુલાલ	૫-૮-૧૯૩૬	ખંભાત
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
		૧૭-૧-૧૯૬૮	,,
(૧૪૧)	શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ	૧૭-૧-૧૯૬૮	કલકત્તા
		૮-૨-૧૯૬૯	,,
(૧૪૨)	શેઠશ્રી ચંપકલાલ પ્રભુદાસ	૨૧-૬-૧૯૬૯	મહેસાણા
(૧૪૩)	શેઠશ્રી કેશવલાલ કચરાદાસ	૧-૪-૧૯૫૪	પોરબંદર
(૧૪૪)	શેઠશ્રી કાલીદાસ કકલભાઈ	૫-૮-૧૯૩૬	વાવ
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૪૫)	શેઠશ્રી કેશવજી માણેકચંદ	૫-૮-૧૯૩૬	જામનગર
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૪૬)	શેઠશ્રી ખેમચંદજી સીંધી	ઈ. સ. ૧૯૩૨	શિરોહી
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧૪૭)	શેઠશ્રી ગાંડાભાઈ ગુલાબચંદ કોઠારી	ઈ. સ. ૧૯૩૨	વલસાડ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૪૮)	શેઠશ્રી ગીગાભાઈ ભેચરભાઈ	ઈ. સ. ૧૯૩૨	શિહોર
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૪૯)	શેઠશ્રી બાબુ ગોપીચંદજી	ઈ. સ. ૧૯૩૨	અંબાલા
(૧૫૦)	શેઠશ્રી બાબુ ચાંદમલજી	ઈ. સ. ૧૯૩૨	આગ્રા
(૧૫૧)	શેઠશ્રી ચુનીલાલ વીરચંદ	૧-૪-૧૯૫૪	દમણ
		૧-૧-૧૯૫૮	,,
(૧૫૨)	શેઠશ્રી ચીમનલાલ જેચંદભાઈ	૫-૮-૧૯૩૬	પાટણ
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૫૩)	શેઠશ્રી ચંદનમલજી ધીયા	૫-૮-૧૯૩૬	પ્રતાપગઢ
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૫૪)	શેઠશ્રી ચંદુલાલ ચીમનલાલ	ઈ. સ. ૧૯૩૨	અમદાવાદ
(૧૫૫)	શેઠશ્રી છગનલાલ લલ્લુભાઈ	૨-૩-૧૯૪૮	નવસારી
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૫૬)	શેઠશ્રી જેસંગભાઈ મનસુખલાલ	ઈ. સ. ૧૯૩૨	રંગુન
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૫૭)	શેઠશ્રી જીવણલાલ નેણશીભાઈ સંઘવી	૫-૮-૧૯૩૬	લખતર
		૧૬-૬-૧૯૪૫	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨-૩-૧૯૪૮	લખતર
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૫૮)	શેઠશ્રી દોલતચંદજી અમીચંદજી ઝવેરી	૫-૮-૧૯૩૬	પાટણ
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૫૯)	શેઠશ્રી ઝઝાજી દેવીચંદજી સંઘવી	ઈ. સ. ૧૯૩૨	મંડવારીયા
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૬૦)	શેઠશ્રી દામોદરદાસ બાપુશા	ઈ. સ. ૧૯૩૨	યેવલા
		૫-૮-૧૯૩૬	,,
(૧૬૧)	શેઠશ્રી બાબુ દયાળચંદજી ઝવેરી	૫-૮-૧૯૩૬	આગ્રા
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૬૨)	શેઠશ્રી નરોત્તમદાસ જેઠાભાઈ	ઈ. સ. ૧૯૩૨	કલકત્તા
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૬૩)	શેઠશ્રી નાનચંદ દેવચંદ શાહ	૫-૮-૧૯૩૬	સાંગલી
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
(૧૬૪)	શેઠશ્રી નાનાલાલ ચંદુલાલ કોઠારી	ઈ. સ. ૧૯૩૨	પાલનપુર
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૨-૩-૧૯૪૮	પાલનપુર
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૬૫)	શેઠશ્રી પાનચંદભાઈ કીરચંદભાઈ સંઘવી	ઈ. સ. ૧૯૩૨	મોરબી
(૧૬૬)	શેઠશ્રી પરસોત્તમભાઈ અમરસી મહેતા	ઈ. સ. ૧૯૩૨	માંડવી
(૧૬૭)	શેઠશ્રી પરસોત્તમદાસ સુરચંદ વ્હોરા	૧-૪-૧૯૫૪	ધ્રાંગધ્રા
(૧૬૮)	શેઠશ્રી પોપટલાલ રૂપચંદ પટણી	૧-૪-૧૯૫૪	ચેવલા
		૧-૧-૧૯૫૮	,,
(૧૬૯)	શેઠશ્રી પ્રભુદાસ ત્રિભોવનદાસ	ઈ. સ. ૧૯૩૨	જુનાગઢ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૭૦)	શેઠશ્રી પોપટલાલ લક્ષ્મીચંદ મહેતા	૫-૮-૧૯૩૬	માંડવી
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૭૧)	શેઠશ્રી બાલાભાઈ હીરાચંદ શાહ	ઈ. સ. ૧૯૩૨	માલેગામ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૭૨)	શેઠશ્રી બાબુમહારાજ બહાદુરસિંહજી ડુગડ	ઈ. સ. ૧૯૩૨	મુરશીદાબાદ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
(૧૭૩)	શેઠશ્રી બાલુભાઈ વીરચંદ ઝવેરી	૧-૪-૧૯૫૪	સુરત
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧૭૪)	શેઠશ્રી એલ. આણુરાવ જૈન	૫-૮-૧૯૩૬	અંબાલા
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૭૫)	શેઠશ્રી ભોગીલાલ મગનલાલ	૧-૧-૧૯૫૮	ભાવનગર
(૧૭૬)	શેઠશ્રી ભોગીલાલ લાલચંદ શાહ	૧-૪-૧૯૫૪	માલેગામ
		૧-૧-૧૯૫૮	,,
(૧૭૭)	શેઠશ્રી મોતીચંદ પાનાચંદ મહેતા	ઈ. સ. ૧૯૩૨	જામનગર
(૧૭૮)	શેઠશ્રી મોહનલાલ લાલચંદ સંઘવી	૫-૮-૧૯૩૬	મોરબી
		૧૬-૬ ૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૭૯)	શેઠશ્રી મોહનલાલ લલ્લુભાઈ	૧-૪-૧૯૫૪	કલકત્તા
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૦)	શેઠશ્રી મનાલાલ વસંતલાલ ઘીયા	૧-૪-૧૯૫૪	પ્રતાપગઢ
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૧)	શેઠશ્રી લાલા મોહનલાલ જૈન	ઈ. સ. ૧૯૩૨	અમૃતસર
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૨)	શેઠશ્રી મોહનલાલ નાગજીભાઈ ચિનાઈ	ઈ. સ. ૧૯૩૨	ધોરાજી
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧૮૩)	શેઠશ્રી લક્ષ્મીચંદજી ઘીયા	ઈ. સ. ૧૯૩૨	પ્રતાપગઢ
(૧૮૪)	શેઠશ્રી લાલચંદ દેવચંદ	ઈ. સ. ૧૯૩૨	સાંગલી
(૧૮૫)	શેઠશ્રી રામજીભાઈ રવજીભાઈ	૧-૪-૧૯૫૪	મુંબઈ
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૬)	શેઠશ્રી સાંકળચંદ નારાયણજી વકીલ	ઈ. સ. ૧૯૩૨	જામનગર
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૭)	શેઠશ્રી સુખલાલ હેાંશીલાલ	ઈ. સ. ૧૯૩૨	બાલાપુર
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૮૮)	શેઠશ્રી સિદ્ધરાજજી ધારીવાલ	૧-૪-૧૯૫૪	ગ્વાલિયર
		૧-૧-૧૯૫૮	,,
(૧૮૯)	શેઠશ્રી સાંકળચંદ પાનાચંદ નગરશેઠ	ઈ. સ. ૧૯૩૨	ભુજ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૯૦)	શેઠશ્રી સાંકળચંદ તલકચંદ	ઈ. સ. ૧૯૩૨	મદ્રાસ
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૯૧)	શેઠશ્રી સેામચંદ ધારસીભાઈ	ઈ. સ. ૧૯૩૨	અંજાર
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
(૧૯૨)	શેઠશ્રી હરકીસનદાસ મેાહનલાલ	૨-૩-૧૯૪૮	પેારબંદર
(૧૯૩)	શેઠશ્રી અમરચંદ ગેાપાળજી ધામી	૧-૪-૧૯૫૪	મહુવા
		૧-૧-૧૯૫૮	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
(૧૯૪)	શેઠશ્રી અમીચંદ ગોવિંદજી શાહ	ઈ. સ. ૧૯૩૨	સુરત
		૫-૮-૧૯૩૬	,,
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,
(૧૯૫)	શેઠશ્રી ઈંદ્રમલજી લુણીયા	૫-૮-૧૯૩૬	હૈદ્રાબાદ
		૧૬-૬-૧૯૪૫	,,
		૨-૩-૧૯૪૮	,,
		૧-૪-૧૯૫૪	,,
		૧-૧-૧૯૫૮	,,

યાદી ક

પેઢીનું બંધારણ સને ૧૮૮૦માં ઘડવામાં આવ્યું. તેમાં બીજી વારનો સુધારો-વધારો સારા પ્રમાણમાં કરવામાં આવ્યો છે અને તે નિયમાવલીનાં નામે તા. ૧૬-૭-૧૯૬૯ના રોજ તૈયાર કરવામાં આવ્યો છે જે છપાયેલ છે અને અત્યારે આ નિયમાવલીને અધિન રહીને પેઢીનો વહીવટ કરવામાં આવી રહ્યો છે.

આ નિયમાવલીની આઠમી કલમ પ્રાદેશિક પ્રતિનિધિઓને લગતી છે, જે આ પ્રમાણે છે :

(૧) "અખિલ ભારતના જુદા જુદા પ્રાદેશિક વિભાગોનું પ્રમાણસર પ્રતિનિધિત્વ સચવાય તે હેતુથી સામાન્યપણે વસ્તીના ધોરણે તે તે પ્રાદેશિક વિભાગનું પ્રતિનિધિત્વ રાખવામાં આવશે. આ પ્રમાણે વસ્તીના ધોરણે પ્રતિનિધિઓની નિમણૂકની સંખ્યા નીચે પ્રમાણે રહેશે :—

(અ) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વસ્તી ૧૦,૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૧

(બ) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વસ્તી ૧૦,૦૦૧ થી ૨૦,૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૨

(ક) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વસ્તી ૨૦,૦૦૧ થી ૩૦,૦૦૦ સુધીની હશે તે માટે પ્રતિનિધિ-૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) કોઈ શહેર વગેરે અને તેની આસપાસનો વિભાગ કે જેની જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક વસ્તી ૩૦,૦૦૧ થી વધારે હશે તે માટે પ્રતિનિધિ-૪

(૨) કોઈ સંજોગોમાં પેઢી તરફથી નક્કી કરેલ પ્રાદેશિક પ્રતિનિધિની નિમણુકની સંખ્યાની બાબતમાં ત્યાંના પ્રાદેશિક સંઘને મતભેદ જણાય તો તે બાબત પ્રતિનિધિની સાધારણ સભામાં રજૂ કરવી અને તેમાં જે નિર્ણય કરવામાં આવે તે છેવટનો ગણાશે.

(૩) વસ્તીના ધોરણે કોઈ પ્રાદેશિક વિભાગને પૂરતું પ્રતિનિધિત્વ મળી શકતું ન હોય તો તે હકીકત પ્રતિનિધિઓની સાધારણ સભામાં રજૂ કરવાથી તે અંગે જે નિર્ણય લેવામાં આવશે તે પ્રમાણે તે પ્રાદેશિક વિભાગ માટે પ્રતિનિધિઓની નિમણુક કરી શકાશે.

(૪) ઉપર પ્રમાણેના પ્રાદેશિક પ્રતિનિધિઓ ઉપરાંત પ્રતિનિધિઓની સાધારણ સભા, જરૂર જણાયે દસ પ્રતિનિધિઓ સુધી કોઓપ્ટ કરી શકાશે.

(૫) અખિલ ભારતમાંથી આ પ્રકારે પ્રતિનિધિઓની વધારેમાં વધારે સંખ્યા ૧૩૦ની રાખવામાં આવે છે.

(૬) આ પ્રમાણે નિમાયેલા પ્રતિનિધિઓની મીટિંગને "પ્રતિનિધિ સભા" કહેવામાં આવશે.

(૭) ઉપર જણાવ્યા પ્રમાણે પ્રતિનિધિઓની નિમણુકોની જાહેરાત ટ્રસ્ટીઓની સમિતિ તરફથી કરવામાં આવે નહિ ત્યાં સુધી હાલના પ્રતિનિધિઓ પ્રતિનિધિ તરીકે ચાલુ રહેશે.

(૮) ઉપર જણાવેલા વસ્તીના ધોરણ પ્રમાણે જે તે પ્રાદેશિક વિભાગના પ્રતિનિધિઓનું પ્રમાણ આ સાથેના પરિશિષ્ટ 'ક'માં જણાવ્યા મુજબનું હાલ રાખવામાં આવે છે."

નિયમાવલીની ઉપર નોંધેલ કલમમાં ૧૩૦ સ્થાનિક પ્રતિનિધિઓ નીમી શકાય એવી જોગવાઈ કરવામાં આવેલ હોવા છતાં નિયમાવલીના અમલ વખતે (એટલે કે તા. ૧૬-૭-૧૯૬૯ના રોજ) પરિશિષ્ટ 'ક'માં જણાવ્યા મુજબ ૧૧૭ સ્થાનિક પ્રતિનિધિઓની નિમણુક જે તે શહેર અથવા પ્રદેશવાર નીચે મુજબ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

અંક	રાજ્યનું નામ	બેઠકની સંખ્યા	શહેરનું નામ	ફાળવણી લીસ્ટ
૧.	આંધ્ર	૧	હૈદ્રાબાદ (નિઝામ)	"ઈ"
૨.	આસામ	–	–	–
૩.	બિહાર	૧	ઝરીયા	"ઈ"
૪.	ગુજરાત	૪૯	–	'એ + બી'
૫.	જમ્મુ કાશ્મીર	–	–	–
૬.	કેરાલા	–	–	–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	રાજ્યનું નામ	બેઠકની સંખ્યા	શહેરનું નામ	ફાળવણીનું લીસ્ટ
૭.	મધ્યપ્રદેશ	૭	–	"ઈ"
૮.	મદ્રાસ (તામિલનાડુ)	૧	મદ્રાસ	"ઈ"
૯.	મહારાષ્ટ્ર	૩૧	–	"સી"
૧૦.	મૈસૂર (કર્ણાટક)	૨	બેંગ્લોર	"ઈ"
૧૧.	ઓરિસ્સા	–	–	–
૧૨.	ઈસ્ટ પંજાબ (હરિયાણા)	૧	લુધિયાણા	"ઈ"
૧૩.	રાજસ્થાન	૧૯	–	"ડી"
૧૪.	ઉત્તર પ્રદેશ	૨	આગ્રા ઝાંસી	"ઈ"
૧૫.	વેસ્ટ બંગાલ	૨	કલકત્તા (કેનીંગ સ્ટ્રીટ)	"ઈ"
			,, (તુલાપટી)	
૧૬.	આંદામાન	–	–	–
૧૭.	દિલ્હી	૧	દિલ્હી (રુપનગર)	"ઈ"
૧૮.	હિમાચલ પ્રદેશ	–	–	–

કુલ ૧૧૭ (જુઓ નિયમાવલી પૃ. ૨૨)

કલમ ૮નાં આ પરિશિષ્ટ 'ક' મુજબ સને ૧૯૮૫ સુધીમાં જે તે સ્થાનના પ્રાદેશિક પ્રતિનિધિઓ નિમાયા તેની યાદી નીચે મુજબ છે.

નિયમાવલીની કલમ-૮ મુજબ નિમાયેલ સ્થાનિક (પ્રાદેશિક) પ્રતિનિધિઓની યાદી :—

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧.	શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી	૭–૨–૭૦	જામનગર	નિ.
		૧–૪–૭૨		
૨.	શેઠશ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ શેઠ	૧૭–૧૨–૬૯	જામખંભાળિયા	
		૧–૪–૭૨		
		૧૭–૪–૭૬		
૩.	શેઠશ્રી જયંતીલાલ જેઠાલાલ દોશી	૧૭–૧૨–૬૯	રાજકોટ	
		૩૧–૮–૭૬		
		૧–૪–૭૨		
		૧૮–૭–૮૧		

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૪.	શેઠશ્રી છબીલાલ મોહનલાલ સંઘવી	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૮-૭-૮૧	મોરબી	
૫.	શેઠશ્રી રતિલાલ જીવણલાલ	૧૭-૧૦-૭૦	વઢવાણ, સુરેન્દ્ર-નગર, જોરાવરનગર	
૬.	શેઠશ્રી જગજીવનદાસ વાડીલાલ વોરા	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	લીંમડી	
૭.	શેઠશ્રી મણિલાલ મગનલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	ધ્રાંગધ્રા	
૮.	શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	ભાવનગર	
૯.	શેઠશ્રી ભાઈચંદભાઈ અમરચંદ વકીલ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	ભાવનગર	
૧૦.	શેઠશ્રી ચુનીલાલ વનમાળીદાસ નગરશેઠ	૭-૨-૭૦ ૧-૪-૭૨	પાલીતાણા	નિ.
૧૧.	શેઠશ્રી કુલચંદ છગનલાલ સલોત	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૭-૪-૭૬ ૧૮-૭-૮૧	બોટાદ	
૧૨.	શેઠશ્રી મોહનલાલ હરિચંદ શાહ	૧૭-૧૨-૬૯	શિહોર	
૧૩.	શેઠશ્રી ખાંતીલાલ લક્ષ્મીચંદ ધામી	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૭-૪-૭૬ ૩-૧૦-૮૧	મહુવા (બંદર)	
૧૪.	શેઠશ્રી ગુલાબચંદ પોપટલાલ મહેતા	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૯-૬-૭૬ ૨૩-૫-૮૧	જુનાગઢ	
૧૫.	શેઠશ્રી ધરમદાસ રઘનાથજી	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૨૭-૧-૭૭	પોરબંદર	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૬.	શેઠશ્રી માધવલાલ ત્રિભોવનદાસ શાહ	૧૭-૧૨-૬૯ ૧૭-૪-૭૬ ૨૨-૮-૮૧	માંગરોળ	
૧૭.	શેઠશ્રી રમણલાલ પ્રભુદાસ શાહ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	વેરાવળ	
૧૮.	શેઠશ્રી મોનીલાલ ગોપાળજી શાહ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૭-૪-૭૬	ભુજ	
૧૯.	શેઠશ્રી ગુખમલાલ લક્ષ્મીચંદ મહેતા	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૨૦-૧૧-૭૬ ૩-૧૦-૮૧	માંડવી	
૨૦.	શેઠશ્રી ચંદુલાલ ચુનીલાલ વોરા	૧૭-૧૨-૬૯	અંજાર	
૨૧.	શેઠશ્રી નાનાલાલ મોતીચંદ સંઘવી	૧૭-૧૨-૬૯	મુંદરા	
૨૨.	શેઠશ્રી કેશવલાલ ભવાનભાઈ શાહ	૧૭-૧૨-૬૯	પાલનપુર	
૨૩.	શેઠશ્રી હીરાલાલ નરપતલાલ ઝોટા	૭-૨-૭૦ ૧-૪-૭૨ ૧૬-૬-૭૭	રાધનપુર	નિ.
૨૪.	શેઠશ્રી છોટાલાલ નાગરદાસ દેસાઈ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૬-૬-૭૬ ૨૩-૫-૮૧	થરાદ	
૨૫.	શેઠશ્રી રતિલાલ કેશવલાલ શાહ	૧૭-૧૨-૬૯	પ્રાંતીજ	
૨૬.	શેઠશ્રી ચંપકલાલ પ્રભુદાસ મણિયાર	૧૭-૧૨-૬૯ ૮-૭-૭૨	મહેસાણા	
૨૭.	શેઠશ્રી ભોગીલાલ ચુનીલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૮-૭-૭૨	પાટણ	
૨૮.	શેઠશ્રી કાંતિલાલ મણીલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૮-૭-૭૨ ૧૬-૬-૭૭ ૨૪-૫-૮૦	વીસનગર	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૨૯.	શેઠશ્રી વસંતલાલ ઉત્તમચંદ શાહ	૧૭-૧૨-૬૯	ઊંઝા	
		૧૪-૧૦-૭૨		
		૧૬-૬-૭૭		
		૨૪-૪-૮૨		
૩૦.	શેઠશ્રી રીખવદાસ ચુનીલાલ દોશી	૧૭-૧૨-૬૯	વીજાપુર	
૩૧.	શેઠશ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ	૧૭-૧૨-૬૯	વડનગર	
		૧-૪-૭૨	ત્થા ખેરાળુ	
		૧૬-૬-૭૭		
૩૨.	શેઠશ્રી નરેશભાઈ મનસુખલાલ	૧૭-૧૨-૬૮	અમદાવાદ	
		૧-૪-૭૨		
૩૩.	શેઠશ્રી ચારુચંદ્ર ભોગીલાલ	૧૭-૧૨-૬૯	અમદાવાદ	
		૧-૪-૭૨		
		૩૦-૭-૭૭		
		૮-૩-૮૩		
૩૪.	શેઠશ્રી કાંતિલાલ વાડીલાલ વોરા	૧૭-૧૨-૬૯	વીરમગામ	
		૧-૪-૭૨		
		૧૬-૬-૭૭		
		૨૭-૨-૮૨		
૩૫.	શેઠશ્રી ચુનીલાલ પદમશીભાઈ મહેતા	૧૭-૧૨-૬૯	સાણંદ	
		૧-૪-૭૨		
		૧૬-૬-૭૭		
		૧૯-૬-૮૨		
૩૬.	શેઠશ્રી અમરતલાલ હરખચંદ શાહ	૧૭-૧૨-૬૯	માંડલ	
		૮-૭-૭૨		
૩૭.	શેઠશ્રી પોપટલાલ જેઠાલાલ ગાંધી	૧૭-૧૨-૬૯	ધ ધુકા, ધોલેરા,	
		૧-૪-૭૨	બરવાળા, રાણપુર.	
૩૮.	શેઠશ્રી રમણલાલ ફલસુખભાઈ શ્રોફ	૧૭-૧-૭૦	ખંભાત	
		૧-૪-૭૨		
		૨૭-૨-૮૨		
૩૯.	શેઠશ્રી જ્યંતીલાલ ભોગીલાલ પરીખ	૧૭-૧-૭૦	ખંભાત	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૪૦.	શેઠશ્રી રાજેન્દ્રકુમાર બાલાભાઈ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧-૧૦-૭૭ ૨૭-૨-૮૨	ખેડા	
૪૧.	શેઠશ્રી રમણભાઈ મણિભાઈ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૧૬-૬-૭૭	કપડવંજ	
૪૨.	શેઠશ્રી કેસરીમલ હીરાચંદ સંઘવી	૧૭-૧૨-૬૯	વડોદરા	
૪૩.	શેઠશ્રી બાલચંદ જેઠાલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨	ડભોઈ	
૪૪.	શેઠશ્રી ઝવેરચંદ નેમચંદ શેઠ	૧૭-૧૨-૬૯ ૧-૪-૭૨ ૩૦-૭-૭૭ ૨૭-૨-૮૨	મીયાગામ	
૪૫.	શેઠશ્રી જગદીશચંદ્ર બાબુભાઈ નગરશેઠ	૧૭-૧૨-૬૯ ૩૦-૭-૭૦ ૨૪-૪-૮૨	સુરત	
૪૬.	શેઠશ્રી મોહનલાલ મગનલાલ બદામી	૬-૨-૭૦	સુરત	નિ.
૪૭.	શેઠશ્રી ચુનીલાલ જે. શાહ	૧૭-૧૨-૬૯ ૩૦-૬-૭૩	નવસારી	
૪૮.	શેઠશ્રી રાયચંદ હરચંદ શાહ	૧૭-૧૨-૬૯	વલસાડ	
૪૯.	શેઠશ્રી કેસરીમલ દલીચંદજી	૧૭-૧૨-૬૯ ૧-૧૦-૭૭ ૨૪-૪-૮૨	ભરુચ	
૫૦.	શેઠશ્રી કેશવલાલ ખુલાખીદાસ	૧૭-૧૨-૬૯	મુંબઈ (પાયધુની)	
૫૧.	શેઠશ્રી ગુલાબચંદ દીપચંદ ગુલેછા	૧૭-૧૨-૬૯	મુંબઈ (પાયધુની)	
૫૨.	–	–	મુંબઈ (ભીંડી બજાર)	
૫૩.	શેઠશ્રી પ્રતાપ ગોવિંદજી શાહ	૧૫-૯-૭૯ ૮-૩-૮૩	,, (બંદર)	
૫૪.	શેઠશ્રી નવીનચંદ્ર સી. કંપાણી	૧૭-૧૨-૬૯	,, (કોટ)	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
		૩૦-૬-૭૩	મુંબઈ (કોટ)
		૨૫-૨-૮૪	
૫૫.	શેઠશ્રી અનુભાઈ ચીમનલાલ ઝવેરી	૨૦-૩-૭૦	,, (સેન્ડહર્સ્ટ રોડ)
		૩-૧-૭૬	
૫૬.	શેઠશ્રી પનાલાલ ભીખાલાલ શાહ	૩૦-૬-૭૩	,, (વાલકેશ્વર)
૫૭.	શેઠશ્રી શાંતિલાલ ઉજમશી શ્રોફ	૧૭-૧૨-૬૯	,, (ભાયખલા, નાયગામ)
૫૮.	શેઠશ્રી રમણલાલ ડાહ્યાભાઈ શાહ	૩૦-૬-૭૩	મુંબઈ (વિલેપાર્લે)
૫૯.	શેઠશ્રી વાડીલાલ ચતુરભુજ ગાંધી	૧૭-૧૨-૬૯	,, (ઘાટકોપર)
		૨૨-૧૨-૭૩	
૬૦.	શેઠશ્રી હરિચંદ માણેકચંદ શાહ	૧૭-૧૨-૬૯	,, (માટુંગા)
૬૧.	શેઠશ્રી તેજરાજજી ભભુતમલજી બોહરા	૧૭-૧૨-૬૯	,, (લાલબાગ, શીવરી, પરેલ, દાદર)
૬૨.	શેઠશ્રી પૂનમચંદ મૂળચંદ શાહ	૧૫-૬-૭૯	,, (બોરીવલી,
		૨૩-૫-૮૧	કાંદીવલી, મલાડ)
		૮-૩-૮૩	
૬૩.	શેઠશ્રી રુપચંદ હજારીમલ શાહ	૧૭-૧૨-૬૯	થાણા
૬૪.	શેઠશ્રી મોતીલાલ વીરચંદ શાહ	૧૭-૧૨-૬૯	માલેગાંવ
		૮-૭-૭૮	
૬૫.	શેઠશ્રી હીરાલાલ મોતીલાલ નગરશેઠ	૧૭-૧૨-૬૯	ધુળિયા
૬૬.	શેઠશ્રી નેમીચંદ લખીચંદ કોઠારી	૧૭-૧૨-૬૯	અમલનેર, પાંચોરા
૬૭.	શેઠશ્રી ખાણુલાલ કેશવલાલ શાહ	૧૭-૧૨-૬૯	સંગમનેર
		૩૦-૬-૭૩	(જિ. અહમદનગર)
૬૮.	શેઠશ્રી પોપટલાલ રાયચંદ શાહ	૧૭-૧૨-૬૯	પૂના
૬૯.	શેઠશ્રી કાંતિલાલ ચીમનલાલ શાહ	૧૭-૧૨-૬૯	પૂના
		૩૦-૬-૭૩	
૭૦.	શેઠશ્રી ભોગીલાલ મોતીચંદ શાહ	૧૭-૧૨-૬૯	જુન્નેર (જિ. પૂના)
૭૧.	શેઠશ્રી રતનશીભાઈ જેઠાભાઈ	૧૭-૧૨-૬૯	સાંગલી
		૩૦-૬-૭૩	
		૮-૭-૭૮	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૭૨.	શેઠશ્રી સંપતલાલજી લક્ષ્મીલાલ લુકડ	૧૭-૧૨-૬૯ ૩૦-૬-૭૩	સોલાપુર	
૭૩.	શેઠશ્રી બાબુભાઈ માસીંગજી પરમાર	૧૭-૧૨-૬૯	કોલ્હાપુર	
૭૪.	શેઠશ્રી દેવચંદ છગનલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૮-૭-૭૮ ૮-૩-૮૩	નિયાણી (જિ. બેલગામ)	
૭૫.	શેઠશ્રી હરખચંદ હોંશીલાલ	૧૭-૧૨-૬૯	બાલાપુર (જિ. અકોલા)	
૭૬.	શેઠશ્રી દેવીચંદજી બુલાખીદાસજી બુચ્ચા	૧૭-૧૨-૬૯ ૩૦-૬-૭૩ ૮-૭-૭૮	અમરાવતી	
૭૭.	શેઠશ્રી કલ્યાણભાઈ મગનલાલ	૧૭-૧૨-૬૯ ૩૦-૬-૭૩	નાગપુર	
૭૮.	શેઠશ્રી એચ. એસ. નાણાવટી	૧૭-૧-૭૦ ૩૦-૬-૭૩ ૮-૭-૭૮ ૧-૬-૮૪	જલાના (જિ. ઔરંગાબાદ)	
૭૯.	શેઠશ્રી બંસીલાલજી કોચર	૧૭-૧૨-૬૯	હીંગનઘાટ (જિ. વર્ધા)	
૮૦.	શેઠશ્રી અગરચંદજી નાહટા	૧૭-૧૨-૬૯	બીકાનેર	
૮૧.	શેઠશ્રી હીરાચંદ ચૌધરી	૧૭-૧૨-૬૯ ૨૩-૧૧-૭૪ ૧૫-૬-૭૬ ૨૮-૬-૮૪	જયપુર	
૮૨.	શેઠશ્રી રતનચંદજી સાહેબ સચેતી	૧૭-૧૨-૬૯ ૨૩-૧૧-૭૪ ૧૫-૬-૭૬ ૨૮-૬-૮૪	અજમેર	
૮૩.	શેઠશ્રી શંકરલાલ મુણોત	૧૭-૪-૭૬ ૧૫-૬-૭૬	બીયાવર	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૮૪.	શેઠશ્રી હીરાલાલજી સુરાણા	૧૭-૧૨-૬૯	જોધપુર	
૮૫.	શેઠશ્રી સંપતલાલજી પદમચંદજી કોચર	૧૭-૧૨-૬૯ ૨૩-૧૧-૭૪ ૧૫-૯-૭૯	ફલોધી	
૮૬.	શેઠશ્રી સંપતલાલ મુરર	૧૭-૧૨-૬૯	નાગૌર	
૮૭.	શેઠશ્રી માંગીલાલ કોકા	૧૭-૧૨-૬૯	પાલી	
૮૮.	શેઠશ્રી પુખરાજજી કેસરીમલજી	૧૭-૧૨-૬૯	શીવગંજ	
૮૯.	શેઠશ્રી લક્ષ્મીચંદજી દીપચંદજી	૧૭-૧૨-૬૯ ૨૫-૪-૮૧ ૨૯-૬-૮૪	સાદડી	
૯૦.	શેઠશ્રી ચુનીલાલજી થાનમલજી	૩૧-૧-૭૦	ગાલોર	
૯૧.	શેઠશ્રી ભંવરલાલજી મહેતા	૧૭-૧૨-૬૯	ભીનમાલ	
૯૨.	શેઠશ્રી મેઘરાજજી મોદી	૧૭-૧૨-૬૯ ૧-૨-૭૫	શીરોહી	
૯૩.	શેઠશ્રી દેવીચંદજી સુરચંદજી શાહ	૧૭-૧૨-૬૯ ૧-૨-૭૫	પીંડવાડા	
૯૪.	શેઠશ્રી સંઘવી રાજમલજી બોરદીયા વકીલ	૧૭-૧૨-૬૯	ભીલવાડા	
૯૫.	–	–	ઉદેપુર	
૯૬.	–	–	ઉદેપુર	
૯૭.	શેઠશ્રી વસંતલાલજી જૈન	૧૭-૧૨-૬૯	પ્રતાપગઢ	
૯૮.	શેઠશ્રી નાનચંદ ફીરપાચંદ દાવડા	૧૭-૧૨-૬૯ ૧૫-૯-૭૯ ૨૮-૬-૮૪	ડુંગરપુર	
૯૯.	–	–	ગ્વાલિયર	
૧૦૦.	શેઠશ્રી ચંદ્રકુમારજી સંઘવી	૧૭-૧૨-૬૯	મંદસૌર	
૧૦૧.	શેઠશ્રી ધરમચંદજી પારેખ	૧૭-૧૨-૬૯	રાયપુર	
૧૦૨.	શેઠશ્રી હીરાલાલ ડાહ્યાભાઈ શાહ	૧૭-૧૨-૬૯	રતલામ	
૧૦૩.	શેઠશ્રી ત્રીકમલાલ અમરતલાલ શાહ	૧૭-૧૨-૬૯ ૨-૮-૭૫	ઉજ્જૈન	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૦૪.	શેઠશ્રી હુકમચંદજી પારેખ	૧૭-૧૨-૬૯ ૨૦-૩-૭૬	ઈન્દોર	
૧૦૫.	શેઠશ્રી ગેંદમલજી છોગમલજી	૧૭-૧-૭૦	સાંગાપુર	
૧૦૬.	શેઠશ્રી કપુરચંદજી શ્રીમાલ	૧૭-૧૨-૬૯ ૧૬-૬-૮૦	હૈદ્રાબાદ (નિઝામ)	
૧૦૭.	શેઠશ્રી દેવસીભાઈ માણેકચંદ વોરા	૧૭-૧૨-૬૯ ૨૪-૧૦-૭૫	ઝરીયા	
૧૦૮.	શેઠશ્રી બચરાજજી મેઘરાજજી	૧૭-૧૨-૬૯	મદ્રાસ	
૧૦૯.	શેઠશ્રી રવિલાલ લવજીભાઈ પારેખ	૫-૬-૭૧ ૨-૮-૭૫ ૨૮-૧-૮૧	બેંગ્લોર	
૧૧૦.	શેઠશ્રી ધર્મપાલ ઓશવાલ	૩૧-૧-૭૦	લુધીયાણા	
૧૧૧.	શેઠશ્રી રોશનલાલજી વકીલ	૧૭-૧-૭૦	આગ્રા	
૧૧૨.	–	–	ઝાંસી	
૧૧૩.	શેઠશ્રી સવાઈલાલ કે. શાહ	૩૧-૧-૭૦	કલકત્તા (કેનીંગ સ્ટ્રીટ)	
૧૧૪.	–	–	કલકત્તા (તુલાપટ્ટી)	
૧૧૫.	શેઠશ્રી સુંદરલાલ જૈન	૧૭-૧૨-૬૯ ૨-૮-૭૫	દિલ્હી (રૂપનગર)	
૧૧૬. કોઓપ્ટ	શેઠશ્રી ભોગીલાલ લહેરચંદ	૨૩-૨-૭૦	–	
૧૧૭. કોઓપ્ટ	શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ	૨૩-૨-૭૦ ૧૬-૩-૭૫	–	
૧૧૮. કોઓપ્ટ	વકીલશ્રી છોટાલાલ ત્રિકમલાલ	૨૩-૨-૭૦	–	
૧૧૯. કોઓપ્ટ	શેઠશ્રી રતિલાલ દામોદર શાહ	૨૩-૨-૭૦	–	
૧૨૦. કોઓપ્ટ	શેઠશ્રી શાંતિલાલ સોમચંદ	૨૩-૨-૭૦	–	
૧૨૧. કોઓપ્ટ	શેઠશ્રી નારણજી શામજી મોમાયા	૨૩-૨-૭૦ ૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	–	
૧૨૨. કોઓપ્ટ	શેઠશ્રી ઋષિકભાઈ કસ્તૂરભાઈ	૨૩-૨-૭૦ ૧૬-૩-૭૫	–	
૧૨૩.	શ્રી હરિશ્ચંદ્ર સકરચંદ દોશી	૧૬-૬-૭૧	વિજાપુર	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૨૪.	શેઠશ્રી રમણલાલ નગીનદાસ	૩૧-૩-૭૩ ૮-૩-૮૩	મુંબઈ (પાયધુની)	
૧૨૫.	શેઠશ્રી રવીન્દ્રલાલ હરખચંદ	૩૧-૩-૭૩ ૩૦-૬-૭૬ ૮-૭-૭૯	બાલાપુર (જિ. અકોલા)	
૧૨૬.	શેઠશ્રી બાબુલાલ મગનલાલ ગાંધી	૩૧-૩-૭૩	મુંબઈ (સેન્ડહર્સ્ટ રોડ)	
૧૨૭. કોઓપ્ટ	શેઠશ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી	૧૩-૪-૭૪ ૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	-	
૧૨૮.	શેઠશ્રી મનસુખલાલ ચુનીલાલ મહેતા	૮-૭-૭૨	સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર	
૧૨૯.	શેઠશ્રી જયંતીલાલ થોભણદાસ શાહ	૧-૪-૭૧ ૧૭-૪-૭૬ ૧૮-૭-૭૮	શિહોર	
૧૩૦.	શેઠશ્રી રતિલાલ લીલાધર	૧-૪-૭૧	માંગરોળ	
૧૩૧.	શેઠશ્રી નેમીદાસ હરખચંદ વોરા	૧-૪-૭૧	અંજાર	
૧૩૨.	શેઠશ્રી ગોપાળજી વર્ધમાન	૮-૭-૭૨	મુંદરા	
૧૩૩.	શેઠશ્રી છનાલાલ કકલભાઈ શાહ	૧-૪-૭૧	પાલનપુર	
૧૩૪.	શેઠશ્રી લક્ષ્મીકાંત દેકાદાસ પારેખ	૨૨-૧૨-૭૩	માંગરોળ	
૧૩૫.	શેઠશ્રી મૂળચંદભાઈ રાયસી વોરા	૪-૫-૭૪	અંજાર	
૧૩૬.	શેઠશ્રી ભાલચંદ્ર રતિલાલ શાહ	૧-૪-૭૨ ૧૬-૬-૭૭ ૨૭-૨-૮૨	પ્રાંતીજ	
૧૩૭.	શેઠશ્રી નવીનચંદ્ર રીખવદાસ	૧૩-૫-૭૨ ૧૬-૬-૭૭	વિજાપુર	
૧૩૮.	શેઠશ્રી અનુભાઈ ચીમનલાલ	૩-૧-૭૬ ૩૦-૭-૭૭ ૮-૩-૮૩	અમદાવાદ	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૩૯.	શેઠશ્રી કેશવલાલ ખુલાખીદાસ	૧-૪-૭૨	ખંભાત	
૧૪૦.	શેઠશ્રી રસિકલાલ છગનલાલ	૮-૭-૭૨	વડોદરા	
		૩૦-૭-૭૭		
૧૪૧.	શેઠશ્રી ઉજમશીભાઈ ત્રીભોવનદાસ	૧-૪-૭૨	સુરત	
	શાહ	૩૦-૭-૭૭		
૧૪૨.	શેઠશ્રી નગીનચંદ્ર હરચંદ	૧-૪-૭૨	વલસાડ	
		૧૬-૬-૭૭		
		૨૪-૪-૮૨		
૧૪૩.	શેઠશ્રી સકરચંદ ચુનીલાલ	૧-૪-૭૨	ભરૂચ	
૧૪૪.	શેઠશ્રી જીવણલાલ ઝવેરચંદ ઝવેરી	૩૦-૬-૭૩	મુંબઈ	
		૮-૩-૮૩	(પાયધુની)	
૧૪૫.	શેઠશ્રી કરમશી લખમશી શાહ	૩૦-૬-૭૩	ભાયખલા (નાયગામ)	
૧૪૬.	શેઠશ્રી વિનયચંદ હરખચંદ શેઠ	૨૨-૧૨-૭૩	માટુંગા	
૧૪૭.	શેઠશ્રી રાજમલજી આર.	૨૨-૧૨-૭૩	લાલબાગ, પરેલ,	
	રાણાવતજી		શીવરી, દાદર.	
૧૪૮.	શેઠશ્રી પોપટલાલ જેચંદલાલ શાહ	૩૦-૬-૭૩	થાણા	
		૧૫-૬-૭૬		
		૮-૩-૮૩		
૧૪૯.	શેઠશ્રી ઓંકારમલજી પૂનમચંદજી	૩૦-૬-૭૩	અમલનેર પાંચોરા	
૧૫૦.	શેઠશ્રી શાંતિલાલ તારાચંદજી પરમાર	૩૦-૬-૭૩	પુના	
૧૫૧.	શેઠશ્રી ખેમચંદ ગેમાજી ગાંધી	૩૦-૬-૭૩	કોલ્હાપુર	
૧૫૨.	શેઠશ્રી રવીન્દ્રલાલ હરખચંદ શાહ	૩૦-૬-૭૩	બાલાપુર	
		૮-૭-૭૮		
૧૫૩.	શેઠશ્રી પ્રેમરાજજી કોઠારી	૩૦-૬-૭૩	હીંગનઘાટ (જિ. વર્ધા)	
૧૫૪.	શેઠશ્રી ઝવેરચંદ પૂનમચંદજી	૬-૪-૭૭	અમલનેર	
	પાંચોરા		પાંચોરા	
૧૫૫.	શેઠશ્રી ઉમરશી ખીમશી પોલડીયા	૧૨-૩-૭૭	મુંબઈ (ભાયખલા,	
			નાયગામ)	
૧૫૬.	શેઠશ્રી રામજીભાઈ મેઘજીભાઈ	૧-૧૦-૭૭	ઘાટકોપર	
	શાહ		(મુંબઈ)	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ
૧૫૭.	શેઠશ્રી શીખરચંદજી કોચર	૨૩-૧૧-૭૪ ૧૫-૯-૭૯	બીકાનેર
૧૫૮.	શેઠશ્રી શીવરાજજી જૈન	૧-૨-૭૫ ૧૬-૯-૮૦	જોધપુર
૧૫૯.	શેઠશ્રી ગુલાબચંદ ધનરૂપજી ચોપડા	૨૩-૧૧-૭૪	પાલી
૧૬૦.	શેઠશ્રી કપુરચંદજી કસ્તૂરચંદજી સાઠીયા	૨૩-૧૧-૭૪	શીવગંજ
૧૬૧.	શેઠશ્રી માંગીલાલજી ધનરાજજી બદામીયા	૨૩-૧૧-૭૪	સાદડી
૧૬૨.	શેઠશ્રી કસ્તૂરચંદજી ચોપડા	૧-૨-૭૫	ભીનમાલ
૧૬૩.	શેઠશ્રી ઉમેશચંદ્રજીસાહેબ ઘીયા	૧-૨-૭૫ ૨૫-૪-૮૧ ૨૯-૯-૮૪	પ્રતાપગઢ
૧૬૪.	શેઠશ્રી મેઘરાજજી બેગાની	૨-૮-૭૫ ૨-૮-૮૦	રાયપુર
૧૬૫.	શેઠશ્રી ડૉ. પ્રેમસિંહજી રાઠોડ	૩૧-૮-૭૬	રતલામ
૧૬૬.	શેઠશ્રી અમૃતલાલ ડી. શાહ	૩૧-૮-૭૬	મદ્રાસ
૧૬૭.	શેઠશ્રી કુન્દનમલ ધનરાજજી સંઘવી	૨૪-૧૦-૭૫	બેંગ્લોર (મારવાડી સમાજ)
૧૬૮.	શેઠશ્રી જોરાવરસિંહ કુગડ	૨૦-૧૧-૭૬ ૨-૮-૮૦	આગ્રા
૧૬૯. કોઓપ્ટ	શેઠશ્રી નાનુભાઈ જમનાદાસ ઝવેરી	૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	–
૧૭૦. કોઓપ્ટ	શેઠશ્રી સુમતિલાલ ચંદુલાલ શાહ	૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	–
૧૭૧. કોઓપ્ટ	શેઠશ્રી સોહનલાલ કોઠારી	૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	–
૧૭૨. કોઓપ્ટ	શેઠશ્રી હીરાચંદ વૈદ્ય	૧૬-૩-૭૫ ૨૨-૩-૮૦	–
૧૭૩. કોઓપ્ટ	શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ	૨૬-૩-૭૭	–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૭૪.	કોઓપ્ટ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ	૧૮-૩-૭૮ ૨૨-૩-૮૦	-	
૧૭૫.	શેઠશ્રી ધરમદાસ ત્રીકમદાસ દોશી	૧૬-૬-૭૭ ૨૮-૧૧-૮૧	જામનગર	
૧૭૬.	શેઠશ્રી કાંતિલાલ રતિલાલ શાહ	૧૭-૪-૭૬	સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર.	
૧૭૭.	દોશી દલસુખભાઈ ચત્રભુજભાઈ	૧૭-૪-૭૬ ૨૨-૮-૮૧	લીંમડી	
૧૭૮.	ગાંધી જ્યંતીલાલ મોહનલાલ	૧૭-૪-૭૬	ધ્રાંગધ્રા	
૧૭૯.	શેઠશ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ	૧૭-૪-૭૬ ૨૩-૫-૮૧	ભાવનગર	
૧૮૦.	શેઠશ્રી પરમાનંદદાસ નરોત્તમદાસ વોરા	૧૯-૬-૭૬ ૨૩-૫-૮૧	ભાવનગર	
૧૮૧.	ગાંધી નગીનદાસ ઓધવજી	૧૯-૬-૭૬ ૨૩-૫-૮૧	પાલીતાણા	
૧૮૨.	શેઠશ્રી હીરાલાલ વર્ધમાન	૧૯-૬-૭૬ ૨૩-૫-૮૧	વેરાવળ	
૧૮૩.	વોરા ખુશાલભાઈ દામજીભાઈ	૧૭-૪-૭૬	અંજાર	
૧૮૪.	શેઠશ્રી પ્રેમજીભાઈ કોરસીભાઈ	૩૦-૭-૭૭	મુંદરા	
૧૮૫.	શેઠશ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી	૩૧-૮-૭૬ ૨૨-૮-૮૧	પાલનપુર	
૧૮૬.	શેઠશ્રી બાબુલાલ નાનાલાલ શાહ	૧૬-૬-૭૭ ૨૪-૪-૮૨	પાટણ	
૧૮૭.	શેઠશ્રી રમણિકલાલ બાલચંદ શાહ	૨૧-૪-૭૯ ૨૭-૨-૮૨	માંડલ	
૧૮૮.	શેઠશ્રી કસ્તૂરચંદ પ્રેમચંદ	૨૧-૪-૭૯	ખંભાત	
૧૮૯.	શેઠશ્રી શાંતિલાલ કેશવલાલ ઝવેરી	૨૧-૪-૭૯	ખંભાત	
૧૯૦.	શેઠશ્રી મફતલાલ ત્રીકમલાલ	૧૬-૬-૭૭	ડભોઈ	
૧૯૧.	શેઠશ્રી બાબુલાલ હરચંદ શાહ	૨૫-૨-૭૮	નવસારી	
૧૯૨.	શેઠશ્રી વિક્રમભાઈ છોટાલાલ શાહ	૧૫-૯-૭૯	મુંબઈ (સેન્ડહર્સ્ટ રોડ)	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૧૯૩.	શેઠશ્રી સુમેરમલજી મીશ્રીમલજી બાફનાજી	૧૫-૯-૭૯ ૧-૯-૮૩	મુંબઈ (ભાયખલા, નાયગામ)	
૧૯૪.	શેઠશ્રી જગુભાઈ વાડીલાલ શાહ	૨૧-૧-૭૯ ૨૫-૨-૮૪	મુંબઈ (વીલેપાર્લે)	
૧૯૫.	શેઠશ્રી દલીચંદ લક્ષ્મીચંદ કોઠારી	૧૫-૯-૭૯	મુંબઈ (ઘાટકોપર)	
૧૯૬.	શેઠશ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ	૧૫-૯-૭૯ ૨૮-૧૦-૮૩	મુંબઈ (માટુંગા)	
૧૯૭.	શેઠશ્રી મૂળચંદજી હુકમચંદજી બાફણા	૧૫-૯-૭૯	મુંબઈ (લાલબાગ, શીવરી, પરેલ, દાદર)	
૧૯૮.	શેઠશ્રી મીશ્રીલાલ લખીચંદ કોઠારી	૮-૭-૭૮ ૧૪-૫-૮૩	અમલનેર, પાંચોરા	
૧૯૯.	શેઠશ્રી વાલચંદ સેસમલજી છાજેડ	૨૨-૭-૭૮ ૧૪-૫-૮૩	પુના	
૨૦૦.	શેઠશ્રી ચંદુલાલ સ્વરૂપચંદ શાહ	૨૨-૭-૭૮ ૧૪-૫-૮૩	પુના	
૨૦૧.	શેઠશ્રી ભોગીલાલ વાલચંદ શાહ	૮-૭-૭૮ ૧૪-૫-૮૩	પુના (કેમ્પ)	
૨૦૨.	શેઠશ્રી ચીમનલાલ કેશવલાલ	૧૫-૯-૭૯	ગુજ્જેર	
૨૦૩.	શા. પ્રાણલાલભાઈ નાનચંદભાઈ દલાલ	૨૬-૪-૮૦	કોલ્હાપુર	
૨૦૪.	શેઠશ્રી અશ્વીનકુમાર જયંતીલાલ શાહ	૮-૭-૭૮	નાગપુર	
૨૦૫.	શેઠશ્રી દેવીચંદજી ચતરભાણુજી	૨-૮-૮૦	શીવગંજ	
૨૦૬.	શેઠશ્રી ભાગચંદજી સંપતલાલજી કોચર	૧૬-૯-૮૦	ફલોધી	
૨૦૭.	શેઠશ્રી ચુનીલાલજી શીવલાલજી ભાટીયા	૩-૧૦-૮૧	પીંડવાડા	
૨૦૮.	શેઠશ્રી સુભાષચંદ્રજી માનમલજી ડાંગરીયા	૨-૮-૮૦	ઉજ્જૈન	
૨૦૯.	શેઠશ્રી માનમલજી તાંતેડ	૧૬-૯-૮૦	ઈન્દોર	
૨૧૦.	શેઠશ્રી ત્રિકમલાલ અમૃતલાલ	૨-૮-૮૦	સાબુપુર	
૨૧૧.	શેઠશ્રી એસ. મોહનચંદ ઢઢ્ઢા	૨-૮-૮૦	મદ્રાસ	
૨૧૨.	શેઠશ્રી પરેશભાઈ ડી. જૈન	૨૨-૮-૮૧	બેંગ્લોર	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૨૧૩.	શેઠશ્રી દિનેશચંદ્ર વિઠલજી વોરા	–	કલકત્તા	
૨૧૪.	શેઠશ્રી રાજકુમાર જૈન	૨૮–૧–૮૧	દિલ્હી	
૨૧૫. કોઓપ્ટ	શેઠશ્રી પોપટલાલ રામચંદ	૨૨–૩–૮૦	–	
૨૧૬.	શેઠશ્રી મહેશકુમાર રતિલાલ શાહ	૩–૧૦–૮૧	સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર	
૨૧૭.	શેઠશ્રી કાંતિલાલ મૂળચંદ શાહ	૨૩–૫–૮૧	ધ્રાંગધ્રા	
૨૧૮.	શેઠશ્રી રસિકલાલ ધરમદાસ પારેખ	૨૩–૫–૮૧	પોરબંદર	
૨૧૯.	શેઠશ્રી મહેતા પ્રાણજીવન સાકરચંદ	૧૮–૭–૮૧	ભુજ	
૨૨૦.	શેઠશ્રી હીરાલાલ પ્રેમચંદ સંઘવી	૨૨–૮–૮૧	અંજાર	
૨૨૧.	શેઠશ્રી મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	–	વડનગર, બેરાળુ	
૨૨૨.	શેઠશ્રી તેજરાજજી ચેનાજી રાઠોડ	૧૫–૯–૭૯ ૮–૩–૮૩	ધુળિયા	
૨૨૩.	શેઠશ્રી નરેન્દ્રકુમાર રવીન્દ્રલાલ શાહ	૯–૮–૮૪	બાલાપુર	
૨૨૪.	શેઠશ્રી બાબુમલજી જતનમલજી જુત્તા	૯–૮–૮૪	શીરોહી	
૨૨૫.	શેઠશ્રી લાલચંદજી છગનલાલજી	૧૫–૯–૭૯ ૨૮–૬–૮૪	પીંડવાડા	
૨૨૬.	શેઠશ્રી દીપચંદ ભીખનચંદજી ગાંધી	૨૮–૬–૮૪	ભીલવાડા	
૨૨૭.	શેઠશ્રી લક્ષ્મીચંદજી હજારીમલજી કોઠારી	૩–૭–૮૨	બેંગ્લોર (મારવાડી)	
૨૨૮.	શેઠશ્રી પરેશભાઈ ડી. જૈન	૨૨–૮–૮૧	લુધીયાણા	
૨૨૯.	શેઠશ્રી જોરાવરસિંહ દુગડ	૨–૮–૮૦	આગ્રા	
૨૩૦.	શેઠશ્રી દિનેશચંદ્ર વીઠલજી વોરા	૧૭–૧–૮૧	કલકત્તા (કેનીંગ સ્ટ્રીટ)	
૨૩૧.	શેઠશ્રી દેવકુમારજી સિંધી	૨૭–૨–૮૨	કલકત્તા (તુલાપટી)	
૨૩૨.	શેઠશ્રી વેલજીભાઈ કચરાભાઈ શાહ	૨૭–૨–૮૨	નાનમ્ભાળિયા	
૨૩૩.	શેઠશ્રી પ્રભુદાસ પ્રાણલાલ શાહ	૮–૧–૮૩	વેરાવળ	
૨૩૪.	શેઠશ્રી ચંદ્રકાન્ત દામજીભાઈ શાહ	૮–૧–૮૩	મુંદરા	
૨૩૫.	શેઠશ્રી રમેશચંદ્ર કાંતિલાલ શાહ	૨૭–૨–૮૨	વીસનગર	
૨૩૬.	શેઠશ્રી સૂર્યકાન્તભાઈ વાડીલાલ શાહ	૨૪–૪–૮૨	વિજાપુર	
૨૩૭.	શેઠશ્રી રસિકલાલ ગુલાબચંદ શાહ	૩૧–૭–૮૨	વડનગર, બેરાળુ	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંક	પ્રતિનિધિનું નામ	નિમણૂકની તારીખ	પ્રદેશ	રિમાર્ક
૨૩૮.	શેઠશ્રી પ્રવીણચંદ્ર નંદલાલ પરીખ	૨૭-૨-૮૨	ખંભાત	
૨૩૯.	શેઠશ્રી ધનવંતલાલ ચંદુલાલ ગાંધી	૧-૯-૮૩	કપડવંજ	
૨૪૦.	શેઠશ્રી ગાંધી શાંતિલાલ નહાલચંદ વકીલ	૯-૮-૮૪	વડોદરા	
૨૪૧.	શેઠશ્રી કાકુભાઈ છગનલાલ શાહ	૨૯-૯-૮૪	ડભોઈ	
૨૪૨.	શેઠશ્રી કુલચંદભાઈ જેકીશનદાસ વખારીયા	૨૮-૪-૮૨	સુરત	
૨૪૩.	શેઠશ્રી જવાહરભાઈ મોતીલાલ	૮-૩-૮૩	મુંબઈ (સેન્ડહર્સ્ટ રોડ)	
૨૪૪.	શેઠશ્રી શુકનરાજજી જીવરાજજી	૬-૮-૮૩	મુંબઈ (લાલબાગ, પરેલ, શીવરી, દાદર)	
૨૪૫.	શેઠશ્રી વસંતલાલ ભોગીલાલ શાહ	-	માલેગાંવ	
૨૪૬.	શેઠશ્રી શાહ સોમચંદ સાંકળચંદ ગાંધી	૮-૩-૮૩	કોલ્હાપુર	
૨૪૭.	શેઠશ્રી પ્યારેલાલ બુચ્ચા	૨૯-૯-૮૪	અમરાવતી	
૨૪૮.	શેઠશ્રી ભોગીલાલ રાયચંદ દોશી	૨૫-૨-૮૪	નાગપુર	
૨૪૯.	શેઠશ્રી જોહરીમલજી કાસ્ટીયા	૯-૮-૮૪	જોધપુર	
૨૫૦.	શેઠશ્રી પ્રતાપમલજી ભુરમલજી શાહ	૨૯-૯-૮૪	શીવગંજ	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧. ઉપસંહાર

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો બીજો ભાગ અહીં પૂરો થાય છે તે અંગે હવે કંઈ વિશેષ લખવાનું બાકી રહ્યું હોય એમ મને ભાગ્યે જ લાગે છે.

બે ભાગમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસ અંગેની જે કંઈ અલ્પ-સ્વલ્પ માહિતી રજૂ કરવાનું મારાથી બની શકયું છે તે પેઢીના વિશાળકાય દફ્તરને આધારે જ બની શકયું છે એમાં શક નથી.

પેઢીનું દફ્તર જંગી કહી શકાય એટલું બહોળું છે અને તે સારી રીતે સચવાયેલું છે અને એને આધારે કેટલાય વિષયો સંબંધી માહિતી મળી શકે એમ મને એ દફ્તર તપાસતાં ચોક્કસ લાગ્યું છે. જેમ કે, પ્રાચીન ભાષા અને લિપિ સંબંધી માહિતી, જે તે કાળનાં ચલણી નાણાં તથા હુંડિયામણ સંબંધી ચોપડામાં સંગ્રહાયેલી માહિતી, સામાજિક કે રાજકીય ઘટનાઓ સંબંધી કેટલીક માહિતી, કેટલીક યાદગાર ઘટનાઓ સંબંધી માહિતી–એમ અનેક વિષયોને લગતી માહિતી આમાં સચવાયેલી છે. ભારતીય પરંપરાના સંદર્ભમાં જૈન પરંપરામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તેમ જ એ પરંપરામાં બનેલી વિશિષ્ટ ઘટનાઓને લગતી માહિતી આ દફ્તરમાં સચવાયેલી છે. મતલબ કે જે દૃષ્ટિએ અભ્યાસ કરવો હોય તે દૃષ્ટિને પુષ્ટિ મળે એવી વિવિધ પ્રકારની માહિતી આ દફ્તરમાં સંગ્રહાયેલી છે.

આ બધી સામગ્રીનું આકલન કરવામાં આવે તો એને આધારે અનેક વિષયના ગ્રંથો તૈયાર થઈ શકે એમ મને લાગે છે પણ આવું મહેનત અને મથામણનું કામ કોણ માથે લે એ જ સવાલ છે. મારામાં તો એમ કરવાની કોઈ શક્તિ જ રહી નથી.

વર્તમાન જૈન સમાજને મારી નજર સમક્ષ રાખીને તેની પેઢી સમક્ષ રજૂ કરવા જેવી જે આધારભૂત માહિતી આ દફ્તરમાંથી હું તારવી શકયો એટલી જ રજૂ કરી શકયો છું એ મારે કબૂલ કરવું જોઈએ, આ માહિતી રજૂ કરવામાં મારું દૃષ્ટિબિંદુ એ જ રહ્યું છે કે જૈન સંઘની વર્તમાન પેઢી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસ મારફત જૈન પરંપરાની કેટલીક ઉત્તમ અને ધ્યાનમાં લેવા લાયક તેમ જ અનુકરણ કરવા લાયક ઘટનાઓથી માહિતગાર બને.

જેને આધારે આ ઇતિહાસ લખી શકાયો છે તે મુખ્યત્વે પેઢીનું વિશાળકાય દફ્તર છે એ સારી રીતે સચવાયું ન હોત તો આ રીતે ઇતિહાસ લખવાનું કામ હું ન કરી શકત તેથી એક વાતનો અહીં નિર્દેશ કરવો ઉચિત લાગે છે કે મેં આ સામગ્રીની તપાસણી કરી તે દરમ્યાન જુદા જુદા દફ્તરોમાં સચવાયેલી સામગ્રી ઠીક ઠીક પ્રમાણમાં આડી-પાછી કે આડી-અવળી થઈ જવા પામી છે એટલે પેઢીના સંચાલકોને મારી વિનંતી છે કે તેઓ પેઢીનાં દફ્તરની સુવ્યવસ્થિત રીતે ફરીથી ગોઠવણી કરવાની કૃપા કરે. આ પુસ્તક લખતાં મારાથી જે કંઈ ભૂલચૂક થવા પામી હોય તે માટે હું ક્ષમાયાચના કરું છું.

—રતિલાલ દીપચંદ દેસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जावडि बिंबुद्धारे
अणुवमसरमाजियचेइअट्ठाणे ।
जर्हि होहि जयउ तयं
सिरि सित्तुंजय महातित्थं ॥

શ્રી જાવડશાહે જ્યાં બિંબ (તથા તીર્થ)નો ઉદ્ધાર કરાવ્યો, અને શ્રી અજિતનાથ જિનપ્રાસાદના સ્થાને શ્રી અનુપમાદેવીએ કરાવેલું અનુપમ સરોવર થશે (થયું), તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો !

તપાગચ્છાધીશ્વર આચાર્ય શ્રી
ધર્મઘોષસૂરિ વિરચિત
'सित्तुंजकप्पो'

સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૨૦	દળદાળ	દળદાર
૩	૨૩	આધકૃત	અધિકૃત
૩	૨૮	ઉધૃત	ઉધ્ધૃત
૫	૩	ઈ. સ. ૧૬૫૦	ઈ. સ. ૧૬૫૧
૬	૧૬	રૂપ	રૂપે
૮	૧૧	જ છે.	છે જ.
૧૧	૭	સાંકળચંદ	સાકળશા
૧૧	૩૦	મુદ્દા	મુદ્દો
૧૬	૧૫	૧૯૭૫	૧૮૭૫
૧૭	૨	હીરાભાઈ	હેમાભાઈ
૧૭	૬	ક.મની	કામની
૩૫	૧૭	(સને ૧૯૭૩માં)	(સને ૧૮૭૪માં)
૪૨	૧૪	આરોંપ	આરોપ
૪૫	૬	પ્રકરણનો	પ્રકરણનો
૪૭	૮	અંગ્રજ	અંગ્રેજ
૪૯	૧૨	જૂનનાં	જૂનના
૫૧	૨૫	ફોઈડાઈસ	ફોરડાઈસ
૬૧	૨૧	હતું	હતું
૬૩	૨૦	ફિટ્ઝલાંડ	ફિટઝિરાલ્ડ
૬૫	૮	હતો	હતો
૭૦	૨	ઊતરવાર્નુ	ઊતરવાનું
૭૧	૧૪	વિકોમ્ટે ટેર્સક	વિકોમ્ટે-દ-ટેર્સક
૭૧	૧૭	(દુલભજી	(દુર્લભજી
૭૩	૧૪	તેમની પાલીતાણા	તેમની સાથે પાલીતાણા
૭૫	૭	દુઃભાઈ	દુભાઈ
૭૬	૧	ચત્રી	ચૈત્રી
૭૬	૪	પઢીએ	પેઢીએ
૭૬	૧૮	ટડર	ટચૂડર
૭૬	૨૨	ટડર	ટચૂડર
૭૭	૨૬	પાલાતાણા	પાલીતાણા
૭૮	૨૪	પઢીના	પેઢીના
૭૮	૨૯	સેક્રટરી	સેક્રેટરી
૮૦	૨૫	આપલ	આપેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮૦	૩૦	હતી	હતી
૮૧	૪	ડુંગર	ડુંગરે
૮૩	૩૦	ગોહલવાડ	ગોહિલવાડ
૮૪	૭	બાપન	બાપના
૮૪	૧૦	માજીસ્ટ્રેટ્	માજીસ્ટ્રેટે
૮૪	૧૩	માજીસ્ટ્રેટ્	માજીસ્ટ્રેટે
૮૭	૧	હીમાભાઈ	હેમાભાઈ
૮૭	૨૨	સ.	સં.
૮૮	૧૪	થયું	થયું
૮૮	૧૯	આફ	ઓફ
૯૨	૨૧	મુસદ્દા	મુસદ્દો
૯૩	૯	મુદ્દા	મુદ્દો
૯૫	૧૦	દુલભજી	દુર્લભજી
૯૭	૪	મુસદ્દા	મુસદ્દો
૧૦૨	૫	સીબે	સીલે
૧૦૩	૯	છેલ્લો	છલ્લો
૧૦૫	૫	મુદ્દા	મુદ્દો
૧૦૭	૧૩	she	sha
૧૦૮	૬	gtound	ground
૧૦૮	૮	Thakorc	Thakore
૧૦૮	૨૦	thc	the
૧૦૮	૨૮	iewels	jewels
૧૧૦	૨૧	HONBLE	HON'BLE
૧૧૦	૨૮	memarial	memorial
૧૧૦	૩૧	Tou	you
૧૧૧	૨	them	then
૧૧૫	૧૬	shravaks	shrawaks
૧૩૭	૨૨	બેંછી	બેંચી
૧૪૫	૨૩	અસ્તિત્વ	અસ્તિત્વ
૧૭૫	૨	એક ૨૭૬·૫	એકર ૭૬·૫
૧૭૭	૨૧	કસ્તૂરભાઈ	કસ્તૂરભાઈ
૧૮૩	૧૬	શીરસ્તો	શિરસ્તો
૧૮૬	૨૭	આથિક	આર્થિક
૨૦૬	૮	પુસ્તિકા	પુસ્તિકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૪૩	૨૫	પાલીતાણા એ-૧૫૯૧	પાલીતાણા ઈ-૨૯૧૪
૨૬૧	૩	મહિને	મટીને
૨૬૧	૧૨	કરવામાં	કરવામાં
૨૮૪	૧૧	૮-૩-૭૬	૯-૩-૭૬
૨૮૪	૧૩	પ્રાદેશિક પ્રતિનિધિ	વહીવટદાર ટ્રસ્ટી
૨૮૬	૧૩	વહીવટદાર પ્રતિનિધિઓ	વહીવટદાર ટ્રસ્ટીઓ
૨૮૭	૧૬	પછી પ્રમુખ થયા	આ લખાણ રદ સમજવું
૨૮૭	૨૦	,, ,,	,, ,, ,,
૨૮૭	૨૬	,, ,,	,, ,, ,,
૨૮૮	૩	,, ,,	,, ,, ,,
૨૮૮	૨૭	આ લીટી પછી ઉમેરો	(૪૯ A) શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ—તા. ૨-૩-૭૬થી તા. ૮-૩-૭૬
૧૦	૬	સમજ્યો. "	સમજ્યો."[૩]
૧૧	૨૨	ન હતી.	ન હતી.[૪]
૧૨	૪	માગી હતી.	માગી હતી.[૫]
૧૨	૨૦	જણાવ્યું હતું.	જણાવ્યું હતું.[૬]
૧૩	૨૬	જણાવ્યું કે	જણાવ્યું કે[૭]
૧૪	૮	આ પ્રમાણે છે :	આ પ્રમાણે છે[૮] :
૧૬	૧૬	સોંપ્યું.	સોંપ્યું.[૯]
૧૬	૨૦	હતો :	હતો[૧૦] :
૧૭	૧	આવે છે.	આવે છે.[૧૧]
૨૫	૧૨	કેશરીઆજી	કેશરીઆજી[૧૨]
૨૬	૨૦	લેતા હતા.	લેતા હતા.[૧૩]
૨૭	૨૩	કરી હતી :	કરી હતી[૧૪] :

પૃ. ૧૪૫ ની સામેના પાનાનાં ફરમાનની નીચે ઉમેરો :
"ફરમાન નં. ૪ B"

પૃ ૧૪૯ ની સામેના પાનાના ફરમાનની નીચે ઉમેરો :
"ફરમાન નં. ૫ B"

પૃ. ૧૫૨ પછીના બીજા પાનાનાં ત્રણ ફરમાનમાં છેલ્લા ફરમાન માટે ઉમેરો :
"ફરમાન નં. ૬ B"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છબીઓની યાદી

૧. શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી
૨. શેઠશ્રી વખતશા શેઠ
૩. શેઠશ્રી હેમાભાઈ વખતચંદ

પેઢીના પ્રમુખો અને વર્તમાન ટ્રસ્ટીમંડળ

૪. શેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈ
૫. શેઠશ્રી મયાભાઈ પ્રેમાભાઈ
૬. શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ
૭. શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ
૮. શેઠશ્રી કસ્તૂરભાઈ મણિભાઈ પ્રેમાભાઈ
૯. શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ
૧૦. વર્તમાન પ્રમુખ
શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ
૧૧. પેઢીનું વર્તમાન ટ્રસ્ટીમંડળ

બાદશાહી ફરમાનો

૧૨. ફરમાન નં.–૧ જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહ ગાઝીનો ફરમાન.
૧૩. ફરમાન નં.–૨ નુરુદ્દીન મોહમ્મદ જહાંગીર બાદશાહ ગાઝીનું ફરમાન.
૧૪. ફરમાન નં.–૩ અબુલ મુઝફ્ફર મોહમ્મદ શાહબુદ્દીન બાદશાહ ગાઝી સાહેબ કિરાનેસાનીનું ફરમાન.
૧૫. ફરમાન નં.–૪ અને ૪B અબુલ મુઝફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહે ગાઝી સાહેબ કિરાનસાનીનું ફરમાન.
૧૬. ફરમાન નં.–૫ અને ૫B અબુલ મુજફ્ફર મહમ્મદ શાહબુદ્દીન શાહજંહા બાદશાહ ગાઝી સાહેબ કિરાનસાનીના હુકમથી.
૧૭. ફરમાન નં.–૬ અને ૬B અબુલ મુજફ્ફર મોહમ્મદ મુરાદબક્ષ બાદશાહ ગાઝીનો ફરમાન.
૧૮. ફરમાન નં.–૭ ઔરંગઝેબ બાદશાહનું ફરમાન.
૧૯. ફરમાન નં.–૮ અબુલ મુઝફ્ફર સુલતાન શાહ સલીમ (શાહજંહા)નું ફરમાન.
૨૦. ફરમાન નં.–૯ બાદશાહ ઔરંગઝેબનું ફરમાન.
૨૧. છાપરિયાળી ગામ ભેટ મળ્યા અંગેનો દસ્તાવેજ.

તીર્થસ્થાનો

૨૨. શ્રી રાણકપુર તીર્થ.
૨૩. શ્રી ગિરનાર તીર્થ.
૨૪. શ્રી કુંભારિયાજી તીર્થ.
૨૫. શ્રી તારંગા તીર્થ.
૨૬. શ્રી મક્ષીજી તીર્થ.
૨૭. શ્રી શેરિસા તીર્થ.
૨૮. શ્રી મૂછાળા મહાવીર તીર્થ.
૨૯. શ્રી ચિત્તોડગઢ ઉપરનાં જિનમંદિરો.
૩૦. શ્રી વામજ તીર્થ.
૩૧. બનારસની કોઠી.
૩૨. ભગવાન ઋષભદેવનાં પગલાંની દેરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org